પ્રશ્નો અને ઉત્તરો

૧૯૨૯ - ૩૦ - ૩૧

અને

ધમ્મપદ

શતાબ્દી ગ્રંથ

૩

શ્રી મા

જન્મ

ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

ભારતમાં આગમન

માર્ચ ૨૯, ૧૯૧૪

—

મહાસમાધિ

નવમ્બર ૧૭, ૧૯૭૩

—

જન્મશતાબ્દી

ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮





શ્રી માતૃવાણી

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૨૯ – ૩૦ – ૩૧

અને

ધમ્મપદ

શ્રી માતાજી

●

અનુવાદક :

શ્રી અંબુભાઈ પુરાણી

શ્રી જયંતીલાલ આચાર્ય

●

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)

અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર', પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

o

શતાબ્દી ગ્રંથ ૩

પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) મે ૧૯૭૮

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. ૨૩.૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

: પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર, પહેલો ઢાળ,
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.
૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા
૩ SABDA, SRI AUROBINDO ASHRAM
PONDICHERRY 605 002.

મુદ્રણસ્થાન :
રાજરતન પ્રેસ, રખિયાલ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૨૧.

પ્રકાશકની નોંધ

પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯

ઈ. સ. ૧૯૨૯માં શ્રી માતાજી શિષ્યોના એક નાના વર્તુળને તેમનામાંના કોઈ એકને ત્યાં દર રવિવારના દિવસે મળતાં. ધ્યાન પછી સાધકો જે પ્રશ્નો પૂછે તેના જવાબ તેઓ આપતાં. આ રીતે જે સાપ્તાહિક વાર્તાલાપો થતા તેમાંના પંદર જેટલા અંગ્રેજી વાર્તાલાપોને હાજર રહેલાઓમાંથી એક જણ તેની શૉર્ટહેન્ડમાં નોંધ કરી લેતા. તે લખેલી નકલ તેમાં ભાગ લેતા બીજા એક સાધકે ઝીણવટપૂર્વક તૈયાર કરી, આખરે શ્રી અરવિંદે તે જોઈ—તપાસીને તેના પ્રકાશન માટે સુપરત કરી.

આ વાર્તાલાપો, જેનું નામ 'Conversations of the Mother' રાખવામાં આવ્યું હતું, તે ઈ. સ. ૧૯૩૧ની આખરે ખાનગી વિતરણ માટે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૯૪૦માં આ વાર્તાલાપ "Words of the Mother' પુસ્તકના મુખ્ય ભાગ તરીકે સૌ કોઈને ઉપલબ્ધ થાય તે માટે પ્રકટ કરવામાં આવ્યા હતા. પછી તેનું ઈ. સ. ૧૯૪૩, '૪૬ અને '૪૯માં એમ ત્રણ વાર પુનર્મુદ્રણ કરવામાં આવ્યું. ઈ. સ. ૧૯૫૬માં શ્રી માતાજીના નાના પ્રસ્તાવ સાથે એ વાર્તાલાપો ફરી અલગ રીતે પ્રકટ કરવામાં આવ્યા અને એનું પુનર્મુદ્રણ ઈ. સ. ૧૯૬૫, '૬૬, '૭૧ અને '૭૩માં કરવામાં આવ્યું. આ ગ્રંથમાં તે 'પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯' (Questions and Answers : 1929) ના નામે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૩૦—૩૧

ઈ. સ. ૧૯૩૦ થી '૩૧ દરમિયાન શ્રી માતાજી આશ્રમના 'પ્રોસ્પેરિટી' નામના ખંડમાં સાધકોના વર્તુળને મળતાં, તેમાંના કેટલાક વાર્તાલાપો જે અંગ્રેજીમાં આપવામાં આવતા તે બધા લૉંગહેન્ડમાં સંક્ષેપમાં ઉતારી લેવામાં આવતા અને તે પરથી તેને ફરી તૈયાર કરવામાં આવતા.

એમાંના ઘણાખરા વાર્તાલાપો શ્રી માતાજીની સંમતિથી 'મધર ઇન્ડિયા'

અંગ્રેજી માસિકમાં તેમ જ 'શ્રી અરવિંદ સર્કલ'ના વાર્ષિક અંકમાં ઈ. સ. ૧૯૪૯માં પ્રથમ વાર પ્રકટ કરવામાં આવ્યા. ત્યાર પછી 'વર્ડ્સ ઑફ ધી મધર' (થર્ડ સીરીઝ) નામનો મોટો સંગ્રહ પુસ્તક રૂપે ઈ. સ. ૧૯૫૧ અને ૧૯૬૬માં પ્રકટ થયો. 'યોગમાં ગુરુકેલી' એ નામે વધારાનો એક વાર્તાલાપ આ ગ્રંથમાં મૂકવામાં આવ્યો છે. એ વાર્તાલાપોને 'પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૩૦—૩૧' (Questions and Answers : 1930—31) એ નામે રજૂ કરવામાં આવ્યો.

ધમ્મપદ

ઈ. સ. ૧૯૫૭ના ઑગસ્ટ માસથી ઈ. સ. ૧૯૫૮ના સપ્ટેમ્બર સુધી શ્રી માતાજી આશ્રમની શાળાના વિદ્યાર્થીઓની સમક્ષ સાપ્તાહિક વર્ગમાં 'ધમ્મપદ'માં આપેલો બુદ્ધનો ઉપદેશ વાંચી સંભળાવતાં અને તે પર પોતે પોતાનું મંતવ્ય કહેતાં. મૂળ પાલિ ભાષામાં લખાયેલ 'ધમ્મપદ'ના ફ્રેન્ચ ભાષામાં થયેલા અનુવાદને આધારે શ્રી માતાજી પોતાનું વકતવ્ય (ભાષા) રજૂ કરતાં. ફ્રેન્ચ ભાષામાં આપેલી તે વાણી તે સમયે ટેઈપ કરી લેવામાં આવતી.

શ્રી સુઝાને કારપેલસ (Mme Suzanne Karpele's) જેમનું આશ્રમનું નામ 'ભારતી દિ' ' છે તેમણે 'ધમ્મપદ'ના ફ્રેન્ચ અનુવાદને ફરીથી જોઈ-તપાસીને તૈયાર કર્યો અને તેનો પાઠ અને વિવરણ ઈ. સ. ૧૯૬૦માં ફ્રેન્ચમાં પ્રથમ વાર 'Commentares Sur le Dhammapada'ના નામે પ્રકાશિત કરવામાં આવ્યો. તેની બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૭૪માં થઈ અને તેનું પ્રથમ અંગ્રેજી ભાષાંતર ઈ. સ. ૧૯૬૦ ના નવેમ્બરથી ૧૯૬૫ના ફેબ્રુઆરી સુધી 'એડવેન્ટ' (અંગ્રેજી ત્રિમાસિક)માં ક્રમશ : પ્રકટ થયું. ભારતી દિ'એ કરેલા ભાષાંતરિત પાઠનું **એ** અંગ્રેજી અનુકરણ છે. મૂળ પાઠયપુસ્તકના પ્રકાશમાં રહીને તેમાં કેટલાક જરૂરી ફેરફાર કરવામાં આવ્યા છે.

પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯નું પરિશિષ્ટ

આ પરિશિષ્ટમાં શ્રી માતાજીના 'Questions and Answers : 1929' પુસ્તકમાં આવતા અમુક શબ્દસમૂહો અને ફકરાઓ પર શ્રી અરવિંદે આપેલી સમજૂતી છે. ઈ. સ. ૧૯૩૩થી ૧૯૩૭ સુધી જુદા જુદા સાધકોને પત્રો દ્વારા તે વિષે લખી જણાવ્યું છે. એ પત્રોમાંનો મોટો ભાગ ઈ. સ. ૧૯૩૭ના જાન્યુઆરીમાં એક સાધકને ઉદ્દેશીને લખેલો છે. બધો' સંગ્રહ ઈ. સ. ૧૯૭૨માં અંગ્રેજીમાં પ્રકટ થયેલા 'શ્રી અરવિંદ બર્થ સેન્ટેનરી લાયબ્રેરી'ના 'ધી મધર' નામના પચીસમા ગ્રંથનાં પૃષ્ઠ ૩૯૦—૪૦૧ નો ભાગ છે.

શ્રી માતાજીના જન્મશતાબ્દી પ્રસંગે મૂળ અંગ્રેજીમાં પ્રકટ થઈ રહેલા પંદર ગ્રંથોમાંના ગ્રંથ નંબર ૩નો આ ગુજરાતી અનુવાદ 'શ્રી માતૃવાણી' શિર્ષક હેઠળ પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. આ પુસ્તકનો પ્રથમ ભાગ 'પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯'ની 'શ્રી માતાજીની વાણી' શિર્ષક હેઠળ અત્યાર સુધીમાં છ આવૃત્તિઓ પ્રકટ થઈ ચૂકી છે. 'પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૩૦-૩૧' તથા 'ધમ્મપદ' પરનાં શ્રી માતાજીનાં વિવરણની કેટલીક સામગ્રી 'દક્ષિણા'માં છૂટક છૂટક પ્રસિદ્ધ થઈ ગઈ છે. પુસ્તક-આકારે આ તેનું પ્રથમ સંસ્કરણ છે. 'પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯' નું પરિશિષ્ટ ગુજરાતીમાં અત્રે પ્રથમવાર પ્રકટ થાય છે.

શકિત, પ્રેરણા, પ્રકાશ અને અમૃતનું પ્રદાન કરતી શ્રી માતાજીની અંગ્રેજી ગ્રંથોમાં પ્રસિદ્ધ થઈ રહેલી સઘળી વાણી ગુજરાતી ભાષામાં પ્રકટ કરવાની અમારી નમ્ર અભિલાષા છે.

અનુક્રમ

પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૨૯

વાર્તાલાપ પહેલો : ૭ એપ્રિલ ૧૯૨૯ ૧

યોગનું લક્ષ્ય, યોગનો અધિકાર, યોગ અને માનવજાતિ, આપણું મિલન.

વાર્તાલાપ બીજો : ૧૪ એપ્રિલ ૧૯૨૯ ૫

યોગનાં જોખમો, યોગ અને પશ્ચિમના લોકો, પિંડમાં એકસૂરતા, કામનાની પૂર્તિ, યોગના આરંભમાં.

વાર્તાલાપ ત્રીજો : ૨૧ એપ્રિલ ૧૯૨૯ ૧૫

સૂક્ષ્મ દર્શનો, સ્વપ્નો, સ્વપ્ન વિનાની નિદ્રા, સ્વપ્નમાં મળતાં માણસો, ખોટાં દર્શનો, જોન ઑફ આર્કનાં દર્શનો, સમર્પણ અને નિયમન, ધ્યાન, આધ્યાત્મિક વાસ્તવિકતાની ઝાંખી.

વાર્તાલાપ ચોથો : ૨૮ એપ્રિલ ૧૯૨૯ ૨૫

યોગ અને સમર્પણ, આગળ વધેલા સાધકો, પ્રભુની વિસ્મૃતિ, પુસ્તકો, ભૂતકાળની યથાર્થતા, ઘટનાઓનું પૂર્વનિર્માણ, પ્રારબ્ધવાદ, સૃષ્ટિનું લક્ષ્ય.

વાર્તાલાપ પાંચમો : ૫ મે ૧૯૨૯ ૩૬

બુદ્ધિનું કાર્ય, વિરોધી શક્તિઓ, બાહ્ય અને આંતર, શ્રદ્ધા, મૃત્યુ, પ્રકૃતિની ઊથલપાથલો અને મનુષ્ય, પૂર્વજન્મની સ્મૃતિ.

વાર્તાલાપ છઠ્ઠો : ૧૨ મે ૧૯૨૯ ૪૬

ભૂતયોનિ, પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વો અને આધ્યાત્મિકતા, — અને ધન, વ્યક્તિની તપઃશક્તિ, પ્રાણમય સત્ત્વોનો ભેટો, સ્થૂળ શરીરની ઢાલ, પ્રાણમય સત્ત્વોનું વ્યક્તિત્વ.

વાર્તાલાપ સાતમો : ૧૯ મે ૧૯૨૯ ૫૪

વિચારની શક્તિ, યોગ અને અંતરાયો, શારીરિક વ્યાધિઓ, આરોગ્ય અને સ્વચ્છતા.

વાર્તાલાપ આઠમો : ૨૬ મે ૧૯૨૯ ૬૩

આપણી અને વિરાટની તપઃશક્તિ, આરંભસામર્થ્ય, મનોમય ભૂમિકા અને વિરોધી શક્તિઓ, ચૈત્ય લોક અને વિરોધી શક્તિઓ, આધ્યાત્મિક અને ચૈત્ય ભૂમિકા, વિરોધી શક્તિઓનો વિલય.

વાર્તાલાપ નવમો : ૨ જૂન ૧૯૨૯ ૭૫

માનુષી પ્રેમ અને દિવ્ય પ્રેમ, દિવ્ય પ્રેમનો આવિર્ભાવ અને પ્રાણમય સત્તા.

વાર્તાલાપ દસમો : ૯ જૂન ૧૯૨૯ ૮૩

ધર્મ અને આધ્યાત્મિક જીવન.

વાર્તાલાપ અગિયારમો : ૧૬ જૂન ૧૯૨૯ ૯૩

શારીરિક વ્યાધિઓ અને માનસિક અવ્યવસ્થા.

વાર્તાલાપ બારમો : ૨૩ જૂન ૧૯૨૯ ૧૦૧

યોગી અને સર્વજ્ઞતા, ભૌતિક વિદ્યાઓ અને પ્રેરણા, વિજ્ઞાનમય ચેતના અને માનસિક પ્રવૃત્તિઓ, એકાગ્રતા કે શ્રદ્ધા, ધ્યાનમાં પ્રવર્તતાં બળો.

વાર્તાલાપ તેરમો : ૩૦ જૂન ૧૯૨૯ ૧૧૦

ઘૃણાની લાગણી, અનિષ્ટનો ઉદય, આપણી સૃષ્ટિ.

વાર્તાલાપ ચૌદમો : ૨૮ જુલાઈ ૧૯૨૯ ૧૧૪

યોગ અને કલા, કલાની પ્રેરણા, કલાકારનું ચારિત્ર્ય, યોગીઓનાં કલાસર્જનો.

વાર્તાલાપ પંદરમો : ૪ ઑગસ્ટ ૧૯૨૯ ૧૨૬

સમર્પણ અને આત્મબલિદાન.

પ્રશ્નો અને ઉત્તરો : ૧૯૩૦-૩૧

સામાન્ય જીવન અને સાચો અંતરાત્મા ૧૩૭
શરણાગતિ, આત્મનિવેદન અને સમર્પણ ૧૪૦
ત્યાગ ૧૪૨

દૈહિક ચેતનામાં ભાગવત પ્રેમની અભીપ્સા ૧૪૪
છોડમાં અભીપ્સા ૧૪૬
દિવ્ય ચેતના અને તપસ્ સાથે ઐકય ૧૪૭
તિતિક્ષા—પ્રશંસા માટે પ્રાણની ભૂખ—રૂપાંતર પામેલા પ્રાણની નિશાનીઓ ૧૫૦
જૂઠાણા પર વિજય ૧૫૫
યોગમાં મુશ્કેલીઓ ૧૫૭
પ્રાણનું રૂપાંતર—પુનર્જન્મ અને વ્યકિતગત પુનર્જીવન ૧૫૮
પુનરુત્થાન ૧૬૧
પુનરવતરણ--અતીત જિંદગીઓની સ્મૃતિ ૧૬૨
ચૈત્ય-પ્રત્યક્ષતા અને ચૈત્ય-સત્તા--જાતિની ઉત્કૃષ્ટતાનું ખરું મૂળ ૧૬૪
શ્રદ્ધા ૧૬૬
સાચા મનોવલણની શકિત ૧૬૮
કલ્પનાશકિત ૧૭૦
નિ:સ્વાર્થ અહોભાવ ૧૭૨
હટી જવું ૧૭૪
વૈજ્ઞાનિકનું અને યોગીનું જ્ઞાન ૧૭૫
આકસ્મિકતા ૧૭૭
દિશા અને કાળના ભિન્ન પ્રકારો—પ્રાણમય ભૂમિકામાં નિર્ભયતા ૧૭૯
દિવ્યની સાથે ઐકયને લઈને જ્ઞાન-જગતમાં દિવ્ય તપસ્ (ઇચ્છાશકિત) ૧૮૧
અતિમનસ્ અને અધિમનસ્ ૧૮૭
સાચી વિનમ્રતા—અતિમાનસિક નમનીયતા--આધ્યાત્મિક પુનર્જન્મ ૧૮૯
અતિમાનસિક સિદ્ધિ ૧૯૨
અતિમાનસિક અવતરણ ૧૯૪

ધમ્મપદ

યમકવર્ગ ૧૯૭
જાગૃતિ (અપ્રમાદવર્ગ) ૨૧૭
ચિત્ત (ચિત્તવર્ગ) ૨૨૬
ફૂલો (પુષ્પવર્ગ) ૨૨૯
મૂર્ખ (બાલવર્ગ) ૨૩૨
સાધુપુરુષ (પંડિતવર્ગ) ૨૩૬
અરહંત (અરહંતવર્ગ) ૨૪૦

સહસ્ત્ર (સહસ્ત્રવર્ગ) ૨૪૪
પાપ (પાપવર્ગ) ૨૪૮
દંડ (દંડવર્ગ) ૨૫૨
ઘડપણ (જરાવર્ગ) ૨૫૭
અહં (આત્મવર્ગ) ૨૬૦
દુનિયા (લોકવર્ગ) ૨૬૫
બુદ્ધ (બુદ્ધવર્ગ) ૨૬૮
સુખ (સુખવર્ગ) ૨૭૪
પ્રિયવૃત્તિ (પ્રિયવર્ગ) ૨૭૭
ક્રોધ (ક્રોધવર્ગ) ૨૮૦
મળ (મલવર્ગ) ૨૮૩
ધર્મસ્થ (ધર્મસ્થવર્ગ) ૨૮૮
માર્ગ (માર્ગવર્ગ) ૨૯૩
પ્રકીર્ણ (પ્રકીર્ણવર્ગ) ૨૯૮
નિરય (નરકવર્ગ) ૩૦૨
હાથી (નાગવર્ગ) ૩૦૬
તૃષ્ણા (તૃષ્ણાવર્ગ) ૩૧૦
ભિક્ખુ (ભિક્ષુવર્ગ) ૩૧૪
બ્રાહ્મણ (બ્રાહ્મણવર્ગ) ૩૧૮

પરિશિષ્ટ ૩૨૫

શબ્દસૂચિ ૩૩૭

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૨૯

૭ એપ્રિલ ૧૯૨૯

'યોગ વિષે આમને કાંઈક કહેશો ?'

તમે યોગ શા માટે કરવા માગો છો ? શકિત પ્રાપ્ત કરવા માટે ? અક્ષુબ્ધતા અને શાંતિ મેળવવા માટે ? માનવજાતિની સેવા કરવા માટે ?

જો તમારો હેતુ એમાંનો કોઈ હશે તો તેટલા ઉપરથી તમે આ માર્ગ માટે લાયક છો, અધિકારી છો એમ ફલિત થતું નથી. તમારે જેનો ઉત્તર આપવાનો છે તે ખરો પ્રશ્ન તો આ છે :

'તમે ભગવાનને ખાતર જ યોગ કરવા માગો છો ? ભગવાનને તમારા જીવનના અંતિમ લક્ષ્ય તરીકે તમે સ્વીકારો છો ? અને તે પણ તેના વિના તમે રહી શકો તેમ નથી એટલે સુધી તમને તેની ધગશ લાગી છે ? તમારી જીવન-યાત્રાનો એકમાત્ર હેતુ ભગવાન છે ? અને તેના વિના તમને જીવન નિરર્થક, અસાર લાગે છે ?' જો એ પ્રમાણે લાગતું હોય, અને એમ લાગતું હોય તો જ, યોગસાધના માટે તમે અધિકારી છો એમ કહી શકાય.

એટલે પહેલી વસ્તુ છે ભગવાનને પ્રાપ્ત કરવાની ધગશ, અભીપ્સા. ત્યાર પછી બીજી વસ્તુ તમારે એ અભીપ્સાને સંભાળવાની છે, સદા જાગ્રત રાખવાની છે, જીવંત અને જવલંત બનાવવાની છે. એને માટે એકાગ્રતાની, એટલે કે

ભગવાનના ઉપર અંત:કરણની એકાગ્રતાની જરૂર છે, જેથી કરીને ભગવાનની તપ:શક્તિને તથા હેતુને સંપૂર્ણ અને અનન્ય રૂપે આત્મસમર્પણ થાય.

તમારી ચેતનાને તમારા હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઊતરો, એમાં જેટલા અંદર જવાય તેટલા ઊંડા ઊતરો, જ્યાં સુધી જઈ શકો ત્યાં સુધી તેમાં ડૂબકી મારો. તમારા ચૈતન્યની ક્રિયાના જે તાંતણાઓ અંતરમાંથી ચારે બાજુ પ્રસરી રહ્યા છે તે સર્વને એકત્ર કરો અને પછી તમારા અંતરાત્માની નીરવતામાં ભૂસકો મારો, તેમાં ડૂબી જાઓ.

ત્યાં, અંતરના ઊંડાણની ગહન શાંતિમાં એક અગ્નિ ચેતે છે. તે તમારા અંતરમાં રહેલો ભગવાનનો દિવ્ય અંશ છે. એ તમારી સાચી સત્-તા છે. તેનો સાદ સાંભળો, તેના આદેશને અનુસરો.

ચેતનાની એકાગ્રતા (ધ્યાન) કરવા માટે બીજાં કેન્દ્રો પણ છે. ઉદાહરણ તરીકે, મસ્તકની ટોચ ઉપર, તથા ભ્રૂકુટિની વચ્ચે. દરેક કેન્દ્રની પોતાની જુદી જુદી શક્તિ હોય છે અને તેની એકાગ્રતાનું પરિણામ પણ જુદું જુદું હોય છે. પરંતુ અંતરાત્માનું એટલે ચૈત્ય પુરુષનું કેન્દ્ર હૃદય છે, તથા ત્યાંથી જ માનવ-ચૈતન્યની મુખ્ય ક્રિયાઓ, સઘળી ક્રિયાશીલતા, પ્રકૃતિનું રૂપાંતર કરવાની પ્રેરણા, તથા સાક્ષાત્કાર કરવાની શક્તિ જન્મે છે.

'યોગસાધના કરવા માટે અધિકારી થવું હોય તેણે શું કરવું જોઈએ ?'

પ્રથમ તો તેણે સચેતન એટલે કે ચૈતન્યમાં જાગ્રત થવું જોઈએ. અત્યારે આપણે આપણા અંત:કરણના એક અતિ ક્ષુદ્ર અને મર્યાદિત અંશ વિષે જ માત્ર સચેતન છીએ. તેના બાકીના ઘણા મોટા પ્રદેશ વિષે આપણે અજ્ઞાન છીએ, અચેતન છીએ. એ અચેતનતા આપણને આપણી અજ્ઞાનભરી પ્રકૃતિ જોડે બાંધી રાખે છે, અને તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કે તેનું રૂપાંતર થવા દેતી નથી. અચેતનતાના છિદ્રમાં થઈને ભગવદ્‌વિરોધી શક્તિઓ આપણામાં પ્રવેશ કરે છે, અને આપણને પોતાના ગુલામ બનાવે છે. તમારી જાતને વિષે તમારે સચેતન થવાનું છે. તમારી પ્રકૃતિ વિષે તથા તમારી ગતિ અને ક્રિયાઓ પ્રત્યે તમારે જાગ્રત થવાનું છે. તમે શા માટે અને કેવી રીતે ક્રિયામાં પ્રવૃત્ત થાઓ છો, શા માટે અને કેવી રીતે તમને વસ્તુઓનું ભાન થાય છે, શા માટે અને કેવી રીતે તમે વિચાર કરો છો તે તમારે જાણવું જોઈએ. કયો ઉદ્દેશ, કઈ પ્રેરણા, કઈ ગુપ્ત વા પ્રગટ શક્તિ તમને ક્રિયામાં યોજે છે તે તમારે જાણવું જોઈએ. ખરું જોતાં તમારા ચિત્તતંત્રના એક એક અંગને

યંત્રના એકેએક ભાગની પેઠે તમારે છૂટું પાડવું જોઈએ. એક વાર તમે સચેતન થયા એટલે તમે વિવેક કરી શકશો, સાચું જૂઠું પારખી શકશો, કઈ શક્તિઓ તમને અધોમાર્ગે ખેંચી રહી છે અને કઈ તમને ઊર્ધ્વ માર્ગમાં સહાયક છે તે પણ તમે જાણી શકશો. સાચા જૂઠાનો, ઈષ્ટ અને વર્જ્યનો, દૈવી અને આસુરી તત્ત્વનો ભેદ જ્યારે તમે પારખી લો ત્યારે એકનિષ્ઠ થઈને તમારા એ જ્ઞાન પ્રમાણે જ તમારે કર્મ કરવાં જોઈએ, એટલે કે નિશ્ચયપૂર્વક તમારે એકનો સ્વીકાર અને અન્યનો ઈનકાર કરવો જોઈએ. આ દિવ્ય અને અદિવ્ય, સત્ય અને મિથ્યા વગેરેનાં જોડકાં ડગલે ને પગલે હંમેશાં તમારી સાધનામાં આગળ આવીને ઊભાં રહેશે અને દરેક પગલે તમારે પસંદગી કરવી પડશે. તમારે આ માર્ગમાં ધીર, ખંતીલા અને જાગ્રત,—મર્મજ્ઞો કહે છે તેમ 'સદા આતંદ્ર' રહેવું જોઈએ. ભગવાનની દિવ્ય શક્તિ અને તેની વિરોધી અદિવ્ય શક્તિઓ એ બેના ઝઘડામાં દિવ્યની સામે અદિવ્ય વસ્તુને ફાવી જવાની એક પણ તક તમારે ન આપવી જોઈએ.

'યોગસાધના માનવજાતિને ખાતર કરવાની છે?'

ના. સાધના ભગવાનને ખાતર કરવાની છે. આપણે માનવજાતિનું કલ્યાણ નહિ, પરંતુ ભગવાનનો આવિર્ભાવ માગીએ છીએ. આપણે અહીં ભગવાનની તપઃશક્તિને મૂર્ત કરવા માટે, અથવા વધારે સાચી રીતે કહેતાં, ભગવાનની દિવ્ય તપઃશક્તિ દ્વારા સંચાલિત થવા માટે આવ્યા છીએ, કે જેથી કરીને પરમ તત્ત્વને આપણામાં ક્રમેક્રમે અંતર્ગત કરવામાં અને પૃથ્વી ઉપર તેનું શાસન સ્થાપવામાં આપણે તેનાં કરણરૂપ બનીએ. માનવજાતિનો જે ભાગ ભગવાનના સાદને સાંભળશે, તેનો સ્વીકાર કરશે તે જ ભગવત્કૃપાને પ્રાપ્ત કરશે.

વળી માનવજાતિને આ યોગસાધનાથી પ્રત્યક્ષ રૂપે નહિ તો પરોક્ષ રીતે પણ લાભ થશે કે નહિ તેનો આધાર માનવજાતિની પોતાની સ્થિતિ ઉપર રહેલો છે. વર્તમાન સ્થિતિ જોતાં તો બહુ આશા હોય એમ દેખાતું નથી. માનવજાતિના પ્રતિનિધિનું—એટલે કે સામાન્ય મનુષ્યનું વલણ કેવું હોય છે? સાચેસાચી દિવ્યતાનો અંશ જેનામાં હોય તેવી કોઈ પણ વ્યક્તિનો કે વસ્તુનો સંપર્ક થતાં તે ગુસ્સે થઈને તેની સામે બળવો કરી ઊઠતો નથી વારુ? ભગવાનનો વિજય એટલે માનવે અત્યાર સુધી પોતાની વહાલી ગણેલી સઘળી પૂંજીનો, પોતાના અતિપ્રિય અધિકારોનો સંપૂર્ણ વિનાશ એવું એને નથી લાગતું? ભગવાનનો જે ઉદ્દેશ છે અને જેને માટે તેની દિવ્ય તપઃશક્તિ કાર્ય કરી રહી છે તેનો ધસીને ઈનકાર કરીને તેની સામે શું માનવ સતત બુમરાણ નથી કરી મૂકતો? ભગવાનના આવિર્ભાવનો લાભ માનવજાતિ લેશ પણ લેવા માગતી હોય તો તે પૂર્વે તેણે ઘણુંઘણું રૂપાંતર સાધવું પડશે.

'આપણે સઘળા અહીં એકઠા મળ્યા છીએ તેનો અર્થ શો છે ?'

આપણે સઘળા પૂર્વે અનેક જન્મોમાં એકઠા મળ્યા છીએ, નહિ તો આ જીવનમાં આપણે ભેગા થાત નહિ. આપણે સઘળા એક કુટુંબના છીએ અને પાર્થિવ ભૂમિકા ઉપર ભગવાનનો આવિર્ભાવ અને તેનો વિજય સ્થાપન કરવા માટે આપણે અનેક યુગોમાં કાર્ય કરેલું છે.

૧૪ એપ્રિલ ૧૯૨૯

'આ યોગસાધનામાં કયાં જોખમો આવી રહેલાં છે? પશ્ચિમના લોકો માટે આ યોગસાધના ખાસ કરીને વધારે જોખમવાળી છે ? એમ કહેવાય છે કે યોગસાધના કરવી એ પૂર્વના લોકોને અનુકૂળ છે, પરંતુ સાધના કરવા જતાં, પશ્ચિમના લોકોના મનમાં અવ્યવસ્થા થવાનો અને તેનું સમતોલપણું ગુમાવવાનો ભય હોય છે. આ સાચું છે?'

યોગસાધના પૂર્વના લોકોને માટે છે તેના કરતાં પશ્ચિમના લોકોને માટે કાંઈ વધારે જોખમભરેલી નથી. એનો આધાર કયા દૃષ્ટિબિંદુથી અને કેવા ભાવ સાથે તમે યોગસાધનામાં પ્રવેશ કરો છો તેના ઉપર રહેલો છે. જો તમે કેવળ પોતાને માટે, કોઈ અંગત ઉદ્દેશ પાર પાડવા માટે સાધના કરવા માગતા હો તો યોગ જરૂર જોખમભરેલો નીવડે. પરંતુ એથી ઊલટું, જો તમે તેને એક પવિત્ર કાર્ય તરીકે સ્વીકારો અને નિરંતર યાદ રાખો કે ભગવત્પ્રાપ્તિ એ જ તેનો હેતુ છે, તો યોગસાધના જેવી આબાદ સલામતી અને બાંહેધરી બીજી છે જ નહિ.

જ્યારે ભગવાનને ખાતર સાધના કરવાને બદલે માણસો અમુક વિશિષ્ટ શકિતઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે તેનું અનુસરણ કરે છે અને સાધનાના બહાના હેઠળ પોતાની મહત્ત્વાકાંક્ષાને સંતોષવાનો પ્રયત્ન આરંભે છે ત્યારે ખાસ કરીને જોખમો અને મુશ્કેલીઓ ઊભી થાય છે. તમારી પ્રકૃતિમાંથી જો તમે મહત્ત્વાકાંક્ષાને દૂર ન કરી શકો તો સાધનાને અડકતા જ નહિ. એ તો અગ્નિ છે, બાળી નાખશે.

યોગસાધના કરવાના બે રસ્તા છે : એક તપસ્યાનો અને બીજો આત્મસમર્પણનો. તપસ્યાનો માર્ગ અઘરો છે. એ માર્ગમાં તમારે તમારી જાત ઉપર જ આધાર રાખીને ચાલવાનું છે. જેટલી તમારી શકિત તેટલું તમે પ્રાપ્ત કરશો, તેટલા તમે ઊંચે ચઢશો. એ રસ્તે ડગલે ને પગલે પતન થવાનો સંભવ હમેશાં રહેલો જ હોય છે. અને એક વાર જો પતન થયું તો ઊંડી ખાઈને તળિયે જઈ પડવાના અને એની અંદરથી વિરલા જ પાછા બહાર આવી શકે છે. પરંતુ સમર્પણનો માર્ગ ખાતરીભર્યો અને સલામત છે. પરંતુ આ માર્ગે જ પશ્ચિમના લોકોને મુશ્કેલી

નડે છે. પશ્ચિમના લોકોને પોતાની અંગત સ્વતંત્રતા લઈ લે એવી સઘળી વસ્તુ-ઓનો ભારે ભય હોય છે, અને એવી વસ્તુઓથી દૂર ભાગવાનું તેઓને શિક્ષણ મળેલું હોય છે. માના ધાવણ સાથે જ પશ્ચિમના લોકો પોતાના વ્યક્તિત્વની ચેતના પીએ છે. અને આત્મસમર્પણ એટલે તો એ બધું છોડી દેવું. અર્થાત્, રામકૃષ્ણ કહેતા તે પ્રમાણે તમે વાંદરાના બચ્ચા પેઠે યા તો બિલાડીના બચ્ચા પેઠે સાધનાનો માર્ગ લઈ શકો છો. વાંદરાનું બચ્ચું મા પોતાને લઈ જાય તેટલા માટે તેને વળગે છે. તેણે પોતાની પકડ મજબૂત રાખવી જોઈએ. કારણ કે જો તેની પકડ નરમ પડે યા તો છૂટી જાય તો તે નીચે પટકાવાનું. પરંતુ બિલાડીના બચ્ચાની વાત જુદી છે. તે પોતાની માને વળગતું નથી, ઊલટું તેની મા તેને લઈને હેરવેફેરવે છે. બચ્ચાને નથી હોતો ભય કે નથી હોતી તેને માથે જવાબદારી. તેને પોતાને કાંઈ જ કરવાનું હોતું નથી. મા પોતાને લઈ જાય ત્યાં તેને લઈ જવા દેવી અને 'મા' 'મા' પોકારવું એ જ એનું કામ રહે છે.

જો આ સમર્પણનો માર્ગ તમે સંપૂર્ણપણે અને પૂરેપૂરી સહૃદયતાથી સ્વીકારો તો યોગસાધનામાં જોખમો યે નથી, તેમ ગંભીર મુશ્કેલીઓ યે રહેતી નથી. મુખ્ય વાત દિલના સાચા થવું, એ છે. જો તમારામાં એવી સહૃદયતા — સાચા — દિલી — ન હોય તો યોગસાધના શરૂ જ ન કરશો. માણસો સાથેના વ્યવહારમાં અસત્ય અને છેતરપિંડીને સફળતા મળવાની થોડી પણ શકયતા હોઈ શકે, પણ ભગવાનના સંબંધમાં છેતરપિંડીને લેશ માત્ર સ્થાન નથી. દિલના નિખાલસ અને અંતઃકરણના ઊંડાણ સુધી ખુલ્લા હશો અને સાધના કરવાનો એકમાત્ર હેતુ ભગવત્-પ્રાપ્તિ અને ભગવત્-સાક્ષાત્કાર કરવો એ જ કેવળ હશે, તથા ભગવાનની પ્રેરણાથી જીવનમાં સંચાલિત થવાનો તમારો આદર્શ હશે તો તમે આ માર્ગમાં આગળ વધી શકશો.

યોગસાધનામાં બીજું એક જોખમ રહેલું છે. એ જોખમ કામવાસના સંબંધી છે. આ યોગસાધના શુદ્ધિની ક્રિયા કરતાં કરતાં તમારી અંદર ઊંડાણમાં જે કામનાઓ અને વાસનાઓ છુપાઈ રહી હશે તે સર્વને ખુલ્લી કરશે તથા તેમને સપાટી ઉપર લાવી નાખશે. એવી વસ્તુઓ છુપાવવાની કે તેમને બાજુ પર મૂકી દેવાની વૃત્તિને દૂર કરી દેતાં શીખી જવું જોઈએ. તમારે તેમની સામે નજર માંડીને જોતાં, તેમના ઉપર વિજય મેળવતાં અને તેમનું રૂપાંતર કરતાં શીખવાનું છે. પરંતુ યોગસાધના શરૂ કરવાની પહેલી અસર એ થાય છે કે માનવમાં જે માનસિક સંયમ હોય છે તે દૂર થઈ જાય છે, એટલે કે જે ક્ષુધિત વાસનાઓ માનવના માનસમાં સુપ્ત દશામાં પડેલી હોય છે, તે એકદમ જાગ્રત અને મુકત

થઈ જાય છે. તેઓ ઉપર ધસી આવે છે. અને સમગ્ર ચેતના ઉપર આક્રમણ કરે છે. માનવના માનસિક સંયમને ઠેકાણે ભગવાનનો દિવ્ય સંયમ જ્યાં સુધી સ્થાપન થાય નહિ ત્યાં સુધી એ વચગાળાનો કાળ સાધકે વટાવવાનો હોય છે, અને એ કાળમાં તમારી સહૃદયતા—અંતરની સચ્ચાઈ અને સમર્પણ એ બંનેની કસોટી થશે. કામવાસના અને એવી બીજી વાસનાઓનું બળ, ઘણું ખરું, લોકો તેમને જોઈએ તે કરતાં વધારે અગત્ય આપે છે, તેમાં રહેલું છે. લોકો અતિશય ઉગ્રતાપૂર્વક તેમનો વિરોધ કરે છે, તથા નિગ્રહ દ્વારા તેમને વશ કરવા મથે છે. તેઓ તેમને પોતાની અંદર જ પકડી રાખે છે, અને તેમને દબાવી દેવા મથે છે. પરંતુ કોઈ પણ વસ્તુનો વિચાર આવતાં તમે કહો કે 'મારે તે નહિ જોઈએ, નહિ જોઈએ,' તેમ તેમ તમે તેનામાં વધારે બંધાતા જાઓ છો. એ વસ્તુને તમારે તમારાથી દૂર રાખવી જોઈએ. તમારે તેનાથી છૂટા પડી જવું જોઈએ. અને તેને બને તેટલી ઓછી અગત્ય આપવી જોઈએ. અને કદાચ તમને તેના વિષે વિચાર આવે તોપણ તમારે ઉદાસીન અને નિઃસંગ રહેવું જોઈએ.

સાધનાની પ્રક્રિયાના દબાણને પરિણામે જે વૃત્તિઓ, વાસનાઓ, કામનાઓ ચૈતન્યની સપાટી ઉપર તરી આવે તેમની સામે અનાસકતપણે અને શાંત સ્વસ્થતા-પૂર્વક થવું જોઈએ. એવું એવું જે જે આવે તે સઘળું તમારા સ્વરૂપથી જુદું છે,—વિદેશી છે, અને બાહ્ય જગતમાંથી તમારામાં આવેલું છે એ તમારે સમજવું જોઈએ. એવું સઘળું તમારે ભગવાનને સમર્પણ કરી દેવું જેથી કરીને ભગવાન તેને પોતાના હાથમાં લઈ લે અને તમારી અંદર તેનું રૂપાંતર કરે.

જો એક વાર તમે પ્રભુ પ્રત્યે ઉન્મુખ અને ખુલ્લા થયા, એક વાર તમારામાં દિવ્ય ભાગવત શકિતનું અવતરણ થવા માંડયું અને તે છતાં જૂની શકિતઓ જોડેનો તમારો સંબંધ ચાલુ રાખ્યા કરશો, તો તમે જાતે જ અડચણોને, મુશ્કેલીઓને અને સર્વ પ્રકારનાં જોખમોને આમંત્રણ આપી રહ્યા છો એમ જાણવું. તમારે સાવધાન રહીને એ જોવું જોઈએ કે તમારી ઈચ્છાઓને સંતોષવાના બહાના તરીકે તમે ભગવાનનો ઉપયોગ કદી ન કરો. ઘણા જાતે થઈ પડેલા ગુરુઓ એવા હોય છે જેઓ આવું જ કરતા હોય છે. એ પ્રમાણે જ્યારે તમે યોગ-સાધનાનો રાજમાર્ગ મૂકીને આડે માર્ગે ચઢી ગયા હો અને તમારું જ્ઞાન અને શકિત ઘણાં અલ્પ હોય, ત્યારે અમુક પ્રકારની શકિતઓ કે સૂક્ષ્મ સત્તાઓ તમને પોતાના સકંજામાં લઈ લે છે, તમે તેમના હાથમાં અંધ હથિયાર જેવા થઈ રહો છો અને છેવટે તેઓ તમને પૂરેપૂરા ભરખી જાય છે. જ્યાં જ્યાં દંભ હશે ત્યાં ત્યાં જોખમ રહેલું છે. ભગવાનને તમે છેતરી નહિ શકો. પ્રભુ પાસે જતાં તમે

જો મોઢેથી એમ કહેતા હો કે 'મારે તારી સાથે એકતા સાધવી છે,' અને તમારા અંતરમાં એમ હોય કે 'મારે સિદ્ધિઓ અને ભોગવિલાસો જોઈએ છે,' — તો સાવધાન ! તમે સીધેસીધા પર્વતની ધાર ભણી ધસી રહ્યા છો. અને છતાં આ સઘળી આફતોને ટાળવી એ કેટલું બધું સહેલું છે ? બાળકના જેવા થઈ જાઓ. તમારી જાતને માના હાથમાં સોંપી દો, તે જ્યાં લઈ જાય ત્યાં લઈ જવા દો, ત્યાર પછી તમારે માથે જોખમો નહિ રહે.

એનો અર્થ એવો નથી થતો કે તમારે કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓ સામે થવાનું જ નહિ રહે, યા તો તમારે અંતરાયો સામે ઝૂઝવાનું કે તેમના ઉપર તમારે વિજય મેળવવાનો રહેશે નહિ. સમર્પણ કરવાથી કાંઈ સાધનામાં સતત, અવ્યાહત અને સરળ પ્રગતિની બાંહેધરી મળી જતી નથી. એનું કારણ એ છે કે તમારા સમગ્ર પિંડમાં હજી એકતા સ્થાપન થઈ નથી. અને તમારું સમર્પણ પણ નિરપેક્ષ અને સંપૂર્ણ થયેલું હોતું નથી. પ્રથમ તો તમારા માનસનો — અંતઃકરણનો — એકાદ ભાગ જ સમર્પણ કરે છે, અને આજે એક, તો કાલે વળી બીજો, એ પ્રમાણે બને છે. યોગસાધનાનું સમગ્ર લક્ષ્ય એ છે કે આ સઘળા છૂટા વહેંચાયેલા, વિખરાઈ ગયેલા ભાગોને એકત્ર કરવા અને તેમને એક અવિભક્ત એકરૂપતાના આકારમાં ઢાળવા. જ્યાં સુધી એ પ્રમાણે ન બને ત્યાં સુધી મુશ્કેલીઓથી — જેવી કે શંકાશીલતા, નિરુત્સાહ, દ્વિધાચિત્ત, સંદિગ્ધતા વગેરેથી — મુક્ત થવાની આશા તમારે રાખવી નહિ. આખું જગત એ ઝેરથી ભરેલું છે. તમારા એકેએક શ્વાસ સાથે તમે તે ઝેર તમારી અંદર લઈ રહ્યા છો. કોઈ અનિષ્ટ માણસ જોડે થોડી વાતચીત કરો, અથવા તો, એવો માણસ ફક્ત તમારી પાસે થઈને પસાર થાય તોપણ તમને તેનો ચેપ લાગી જશે. પ્લેગના હુમલાનો ભોગ બનવા માટે જ્યાં વ્યાધિનો ઉપદ્રવ હોય તે જગાએ જવું એટલું જ બસ છે. ચેપી રોગનો વાવર છે કે નહિ તે જાણવાની જરૂર હોતી નથી. મહિનાઓના મહિનાની મહેનતને અંતે પ્રાપ્ત કરેલી વસ્તુ તમે થોડી જ મિનિટમાં ગુમાવી દઈ શકો છો. જ્યાં સુધી તમે સામાન્ય માનવ પેઠે રહેતા હો અને જ્યાં સુધી તમે સામાન્ય જીવન ગાળતા હો ત્યાં સુધી તમે સંસારના લોકોમાં હળોમળો તેની કશી ખાસ અગત્ય નથી હોતી. પરંતુ જો તમારે દિવ્ય જીવન પ્રાપ્ત કરવું હોય તો તમારી સોબત અને તમારી પરિસ્થિતિ વિષે તમારે ઘણા સાવચેત રહેવું પડશે.

'પોતાના સમગ્ર પિંડમાં એકતા અને એકસૂરતા કેવી રીતે સ્થાપન કરી શકાય ?'

તપઃશક્તિને નિશ્ચળ બનાવો. તમારી અંદરના ઉદ્ધત અને તોફાની ભાગોને

મનસ્વી બાળક જેવા ગણો. તેમના ઉપર સતત ધીરજપૂર્વક કાર્ય કર્યે રાખો; તેઓ ભૂલ કરે છે તે વિષે તેમને ખાતરી કરી આપો.

એક વાર ચૈત્ય પુરુષનું — અંતરાત્માનું — ચૈતન્ય તથા તેની અભીપ્સા તમારામાં જાગ્રત થશે એટલે આ બધા સંશયો અને મુશ્કેલીઓનો વિનાશ થઈ જશે. તેમ થતાં થોડો સમય લાગે છે, પણ અંતે તમારો વિજય જરૂર થવાનો છે. એક વાર ભગવાન પ્રત્યે તમારું અંતર વળ્યું અને તેને તમે કહ્યું કે 'હું તારો થવા માગું છું,' અને ભગવાને તમારો સ્વીકાર કર્યો, ત્યાર પછી આખી દુનિયા પણ તમને તેની જોડે એક થતાં અટકાવી શકશે નહિ. અંતરાત્માએ પોતાનું સમર્પણ કર્યું એટલે મુખ્ય મુશ્કેલી દૂર થઈ સમજવી. માનવનું બહિર્મુખ વ્યકિતત્વ બહારના એક પડ જેવું છે. સામાન્ય માણસોમાં એ પડનું જડ આવરણ એવું તો કઠણ અને જાડું હોય છે કે પોતાનામાં રહેલા પ્રભુત્વ વિષે તેઓ બિલકુલ સચેતન — જાગ્રત — હોતા નથી. જો એક વાર, અને તે પણ ફકત એક જ ક્ષણ માટે, અંતરાત્મા કહે કે, 'હું આ રહ્યો, હું તારો છું,' તો માનવ અને પ્રભુ વચ્ચે એક પ્રકારનો સેતુ બંધાય છે અને ધીમે ધીમે અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થર પાતળા પડીને લય પામતા જાય છે. છેવટે બન્ને ભાગ પૂરેપૂરા જોડાઈ જાય છે અને આંતર તથા બાહ્ય વ્યકિતત્વ જુદાં મટીને એક થઈ રહે છે.

મહત્ત્વાકાંક્ષા એ ઘણા ઘણા યોગીઓના પતનનું કારણ થયેલી છે. એ એષણાનો કીડો ઘણા લાંબા સમય સુધી ગુપ્ત રહી શકે છે. સાધકો આધ્યાત્મિક જીવનની યાત્રાની શરૂઆતમાં તેના વિષે તદ્દન અજાણ હોય છે, પરંતુ કેટલીક શકિતઓ — સિદ્ધિઓ — આવે છે કે તરત જ તેમનામાં મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠે છે, અને શરૂઆતમાં જ તેને નિર્મૂળ કરવામાં આવેલી હોતી નથી તે કારણે તે ઓર જુસ્સાભેર ધસારો કરે છે.

એક યોગીની વાત છે કે તેણે આશ્ચર્ય પમાડે એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એક વાર તેના એક શિષ્યે મોટી ઉજાણી કરીને તેને ભોજન આપ્યું. એક નીચા લાંબા ટેબલ ઉપર ખાવાનું પીરસવામાં આવ્યું હતું. કોઈક રીતે પોતાની શકિતનો પરચો બતાવવા માટે શિષ્યોએ ગુરુ પાસે માગણી કરી. ગુરુને ખબર હતી કે, 'મારે આ પ્રમાણે કરવું ન જોઈએ.' પરંતુ મહત્ત્વાકાંક્ષાનું બીજ તેની ચેતનામાંથી નિર્મૂળ થયું ન હતું. એટલે તેણે વિચાર કર્યો કે, 'આખરે એવો પ્રયોગ બતાવવો એ તદ્દન નિર્દોષ બાબત છે. આવી આવી બાબતો શકય છે એમ શિષ્યોને ખાતરી પણ થશે અને ભગવાનનો મહિમા તેમને સમજાશે.' એટલે તેણે કહ્યું, 'આ ટેબલને ખસેડી લો. તેની ઉપરનું કપડું તથા તેની ઉપરની વસ્તુઓ વગેરે જેમનું

તેમ રહેવા દેજો.' શિષ્યો બોલી ઊઠયા, 'અરે, એ તો અશકય છે. બધું જ નીચે પડશે !' પરંતુ ગુરુએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને શિષ્યોએ કપડાની નીચેથી મેજને ખસેડી લીધું. કેવો ચમત્કાર ! કપડું અને તેની ઉપર જે જે મૂકેલું હતું તે સઘળું જાણે ટેબલ ઉપર હોય તે પ્રમાણે જ રહ્યું ! પરંતુ ગુરુ ઓચિંતો એ મંડળીની બહાર કૂદીને નાઠો અને બૂમ પાડી ઊઠયો કે, 'હવેથી કોઈ દિવસ હું શિષ્ય નહિ કરું, કદી નહિ. અરે, હું અભાગી ! મેં ભગવાનનો દ્રોહ કર્યો.' તેના હૃદયમાં આગ લાગી હતી. તેણે અંગત હેતુ સાધવાને ભગવાનની શકિતનો ઉપયોગ કર્યો હતો.

દેખાવ માટે આધ્યાત્મિક શકિતનો પ્રયોગ કરવો એ હમેશાં ખોટું છે. એનો અર્થ એમ નથી થતો કે તે શકિતઓનો કશો ઉપયોગ છે જ નહિ. પરંતુ જે માર્ગે તે શકિતઓ આવે છે તે જ માર્ગે તેમનો ઉપયોગ કરવો જોઈએ. ભગવાન સાથે એકતા કરવાથી તેઓ આવે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઇચ્છા સફળ કરવામાં થવો જોઈએ, વધારે કે ઓછી ગુપ્ત મિથ્યાભિમાનની લાગણીને પોષવા માટે નહિ. ઉદાહરણ તરીકે, તમારામાં આંધને દેખતો કરવાની શકિત છે એમ ધારો અને રસ્તે જતાં કોઈ આંધ તમારા જોવામાં આવે છે. હવે જો તેને દેખતો કરવાની ભગવાનની મરજી હશે તો ફકત 'દેખતો થઈ જા,' એમ તમે કહેશો કે તે દેખતો થઈ જશે; પરંતુ તમારે તેનો રોગ મટાડવો છે એવી તમારી પોતાની ઇચ્છાને પૂરી કરવા માટે, કે તમે રોગ મટાડી જાણો છો એવો દેખાવ કરવા માટે તમે તેને દેખતો કરવાની ઇચ્છા કરો તો તમારી મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે તમે તે શકિતનો ઉપયોગ કરો છો એમ કહેવાય. એવો પ્રયોગ કરતાં તમે ઘણું-ખરું એ શકિત ગુમાવો એ સંભવિત છે. એટલું જ નહિ, પણ ઘણી વખત જે માણસનો વ્યાધિ તમે મટાડો છો તે માણસમાં તમે ભારે ક્ષોભ ઉત્પન્ન કરી મૂકો એવું પણ બને. અને છતાં બહારથી જોતાં એ બન્ને રીતે એકસરખી દેખાય છે. પરંતુ એકમાં તમે ભગવાનની તપઃશકિતથી પ્રેરાઓ છો અને બીજામાં કોઈ અંગત હેતુને લીધે.

ભગવાનની ઇચ્છા આપણી પાસે કાર્ય કરાવે છે એ કેવી રીતે જાણવું એમ તમે મને પૂછશો. ભગવાનની તપઃશકિતને ઓળખી કાઢવાનું કામ મુશ્કેલ નથી. તેના વિષે ભૂલમાં પડી શકાય તેમ નથી. યોગસાધનાના માર્ગમાં બહુ આગળ વધ્યા સિવાય પણ તમે તેને જાણી શકો છો પરંતુ તેને માટે તેના અવાજને, અંતરની નીરવતામાં થતા ઝીણા પ્રશાંત સાદને તમારે સાંભળવો જોઈએ. એક વાર તમે તે સાદને સાંભળતાં શીખશો ત્યાર પછી ભગવાનની તપઃશકિત વિરુદ્ધ

કાંઈ પણ કરશો તો તરત જ તમને એક પ્રકારની બેચેની લાગશે. ઓ લાગણી થવા છતાં ખોટા રસ્તે ચાલ્યા કરવાનો આગ્રહ રાખશો તો તમે ઘણા જ ક્ષુબ્ધ થઈ જશો. પરંતુ તમારી બેચેનીના કારણ તરીકે તમે કોઈ બહારનાં સ્થૂલ કારણોને ગણશો અને ખોટે માર્ગે ચાલ્યા જ કરશો તો હૃદયના સાદને પારખવાની એ શક્તિ ધીમે ધીમે જતી રહેશે, અને છેવટે લેશ પણ બેચેની થયા વગર સર્વ પ્રકારનાં અનિષ્ટ કાર્યો તમે કરી શકશો, પરંતુ અંતરમાં જરા પણ ક્ષોભ થાય કે તરત તમે અટકો અને તમારા અંતરાત્માને પૂછો, 'આમ થવાનું કારણ શું છે?' તો તમને સાચો ઉત્તર જરૂર મળશે અને આખી બાબત દીવા જેવી સ્પષ્ટ થઈ જશે. જરા નિરુત્સાહ કે થોડી બેચેની થાય એટલે તેનાં સ્થૂલ કારણો આપવા ન માંડો. વળી જ્યારે તમે અટકીને કારણની શોધ કરતા હો ત્યારે તદ્દન ઋજુ અને દિલના સાચા બનો. શરૂઆતમાં તો તમારું મન સાચી લાગે તેવી અને પોતાને મનગમતી સુંદર સમજૂતી તૈયાર કરશે. તેનો સ્વીકાર ન કરશો. તેની પેલી પાર દૃષ્ટિ કરો અને પૂછો, 'આ આખી ક્રિયાની પાછળ શું રહેલું છે? અમુક કાર્ય હું શા માટે કરી રહ્યો છું?' છેવટે વલણની થોડી જેટલી વક્રતા, કોઈ સ્થળે વલણમાં ગૂંચ યા આમળો — નાની સરખી લહેરના જેટલો — અંતરના કોઈ ખૂણામાં ભરાઈ રહેલો જણાશે કે જે આખી અશાંતિ યા ક્ષોભનું કારણ હશે.

માનવજાતિની સેવા કરવાનો વિચાર એ મહત્ત્વાકાંક્ષાનું એક સૌથી વધારે પ્રચલિત સ્વરૂપ છે. એવી સેવાની કે એની પ્રવૃત્તિ ઉપરની આસક્તિ એ અંગત મહત્ત્વાકાંક્ષાની નિશાની છે. માનવજાતિને કોઈ મહાન સત્યનો બોધ કરવાનો છે એવું જે ગુરુ માને છે તથા જેને ઘણા શિષ્યો જોઈએ છે અને શિષ્યો ચાલ્યા જાય ત્યારે જેને અસંતોષ થાય છે, યા તો જે કોઈ પણ નવા આવનારને ઝડપીને શિષ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે તે ગુરુ ખુલ્લી રીતે પોતાની મહત્ત્વાકાંક્ષાનો ગુલામ છે. ભગવાનના આદેશને અનુસરવાને તમે તૈયાર હો તો જે કાર્ય તમારા હાથમાં આપવામાં આવે — મહાન અને મુશ્કેલી ભરેલું કાર્ય પણ — તે ઉપાડી લેવાની તૈયારી તમારામાં હોવી જોઈએ અને જેટલી શાંતિપૂર્વક તેને હાથમાં લીધું તેટલી જ શાંતિપૂર્વક બીજે દિવસે તેને છોડી દેવાની તત્પરતા પણ હોવી જોઈએ, અને છતાં જવાબદારી તમારી છે એવું ભાન ન થવું જોઈએ. કોઈ પદાર્થ ઉપર યા તો જીવનની કોઈ પણ રીતિ ઉપર કોઈ પણ પ્રકારની આસક્તિ હોવી ન જોઈએ, તમારે સંપૂર્ણપણે મુક્ત થઈ જવું જોઈએ, જો તમારે સાચું યૌગિક વલણ ધારણ કરવું હોય તો ભગવાન તરફથી જે કાંઈ આવે તેનો સ્વીકાર કરવાને, અને સહેલાઈથી, બિલકુલ વિરોધ કે દિલગીરી વગર તેને જતું કરવાને તૈયાર રહેવું જોઈએ. 'મારે કાંઈ પણ જોઈતું નથી', એમ કહેનાર ત્યાગી અને 'મારે આ વસ્તુ જોઈએ

છે,' એમ કહેનાર સંસારી એ બંનેનું વલણ સરખું છે. સંસારીને તેની માલિકીની વસ્તુ પ્રત્યે જેટલી આસકિત હોય તેટલી જ આસકિત ત્યાગીને તેની ત્યાગવૃત્તિ પ્રત્યે પણ હોઈ શકે.

ભગવાન તરફથી આવે તે સર્વે, અને તેટલી જ વસ્તુઓનો તમારે સ્વીકાર કરવાનો છે. કારણ કે છૂપી કામનાઓને લીધે પણ વસ્તુઓ તમારામાં આવી શકે છે. કામનાઓ તમારી અચેતનામાં કાર્ય કરતી હોય છે, અને તમારી આગળ પદાર્થો લાવે છે જેનું મૂળ તમે ઓળખી શકો નહિ એમ પણ બને. તોપણ તેઓ ભગવાન તરફથી નહિ પરંતુ તમારી ઇચ્છાઓ તરફથી જ વેશ બદલીને આવતી હોય છે.

ભગવાન તરફથી આવતી વસ્તુને તમે સહેલાઈથી પારખી શકો છો. તે વસ્તુ આવતાં તમે મુકત છો એવી લાગણી તમને થાય છે. તમે આરામ અનુભવો છો, શાંતિ અનુભવો છો. પરંતુ કોઈ પદાર્થ તમારી પાસે આવે અને તમે તેની ઉપર કૂદી પડો અને બોલી ઊઠો, 'આહ! આખરે મને મળી ખરી,' તો તમારે ખાતરીથી જાણવું કે તે ભગવાન તરફથી આવતી નથી. અંતરાત્માની સમતા એ ભગવાન સાથેની એકતાની અને આપલેની આવશ્યક શરત છે.

'માનવ જેની કામના કરે છે તે વસ્તુ કેટલીક વાર ભગવાન પૂરી પાડતો નથી ?'

જરૂર પાડે છે. એક યુવાન યોગસાધના તરફ આકર્ષાયો. પરંતુ તેનો બાપ ઘણો નીચ અને ક્રૂર હતો. એ તેને ઘણું દુ:ખ દેતો હતો. અને તેની આધ્યાત્મિક અભીપ્સાનો સર્વ પ્રકારે વિરોધ કરતો હતો. તે યુવાને પોતાના બાપની આડખીલીથી બચવા માટે ખરા અંતરથી વાંછના કરી. થોડા જ વખતમાં તેનો બાપ ગંભીર માંદગીનો ભોગ થઈ પડયો, અને મરવાની અણી પર આવી લાગ્યો. આ પરિસ્થિતિમાં તે યુવાનની પ્રકૃતિની બીજી બાજુ જાગ્રત થઈ અને તે પોતાની કમનસીબી માટે શોક કરવા લાગ્યો. 'અરે! મારા બાપા બિચારા કેટલા બધા માંદા છે! ઘણું માઠું થયું. અરેરે, હવે હું શું કરું ?' તેનો બાપ સાજો થઈ ગયો. તે યુવાન ખુશ થઈ ગયો અને ફરીથી યોગસાધના તરફ વળ્યો. અને તેના બાપે પણ ફરીથી તેનો વિરોધ કરીને બમણા જોરથી તેને દુ:ખ દેવા માંડયું. તે યુવાન અત્યંત નિરાશ થઈ પોતાના વાળ પીંખતો પીંખતો બોલ્યો, 'હવે તો મારા બાપ પહેલાં કરતાં પણ મને વધારે વિઘ્ન કરે છે!' પોતાને શું જોઈએ છે તે સ્પષ્ટપણે જાણવું એ ખાસ જરૂરનું છે.

ભગવાન પોતાની સાથે સંપૂર્ણ અક્ષુબ્ધતા અને શાંતિ લાવે છે. પરંતુ

વિશિષ્ટ પ્રકારના 'ભકતો' તદ્‌ન જુદા જ રૂપમાં દેખાય છે. તેઓ કહેવાતી ભકિતના આવેશમાં આમતેમ કૂદે છે, રડે છે, હસે છે, ગાન કરે છે. ખરું જોતાં આવા લોકો ભગવાનમાં જીવતા હોતા નથી. મોટે ભાગે તો તેઓ પ્રાણમય જગતમાં જ રહેતા હોય છે.

રામકૃષ્ણ પરમહંસ પણ ભાવના આવેશમાં કદી કદી આવી જતા હતા, હાથ ઊંચા કરીને ગાતા અને નાચતા હતા એમ તમે કહો છો ? એ બાબતમાં સત્ય આ પ્રમાણે છે. અંતરમાં થતી ભકિતની લાગણી બરાબર શુદ્ધ હોઈ શકે, પરંતુ તમારું બાહ્ય સ્વરૂપ જો નિર્બળ હોય કે રૂપાંતર પામેલું ન હોય તો ભકિતનો ભાવાવેશ તમને એક એવી પરિસ્થિતિમાં મૂકે છે જેમાં તમે અમુક શકિતઓ પ્રત્યે ખુલ્લા થઈ જાઓ છો અને તે શકિતઓ તમને અતિ તીવ્ર લાગણીઓનો ઉન્મત્તતાથી ભરી દે છે. જયારે જયારે તમારું બાહ્ય સ્વરૂપ અંતરાત્માનો વિરોધ કરે છે, યા તો આનંદની સમગ્રતાને ધારણ કરી શકતું નથી, ત્યારે ત્યારે તેની અભિવ્યકિતમાં અવ્યવસ્થા અને અરાજકતા આવે છે.

તમારું શરીર અને નાડીઓ મજબૂત હોવાં જોઈએ. તમારી બહિર્મુખ સત્‌-તામાં સમતાનો મજબૂત આધાર હોવો જોઈએ. જો એ પાયો તમારી પ્રકૃતિમાં હોય તો ભાવની એક આખી સૃષ્ટિ તમારી અંદર ડોલતી હોય, છતાં તેને બુમાટા પાડીને દર્શાવવાની જરૂર નહિ પડે. આનો અર્થ એવો નથી થતો કે એ ભાવને તમે પ્રકટ જ ન કરી શકો. પરંતુ તે સુંદર રીતે અને સંવાદપૂર્વક પ્રકટ થઈ શકે છે. આંસુ પાડવાં, યા તો નાચી ઊઠવું એ કાં તો પ્રાણની, કે મનની કે સ્થૂળ પ્રકૃતિની નિર્બળતાની નિશાની છે. કારણ કે એ ભૂમિકાઓ ઉપર જે ક્રિયા થાય છે તે આત્મસંતોષને માટે હોય છે. જે માણસ નાચે-કૂદે છે અને બૂમો પાડે છે તે 'મારો ભાવોન્માદ કાંઈક અસાધારણ છે,' એમ માનતો હોય છે, અને તેનાં પ્રાણમય પ્રકૃતિ એ માન્યતામાં ઘણો આનંદ લે છે.

ભાગવત ચેતનાના અવતરણનું દબાણ સહન કરવા માટે તમારે બહુ મજબૂત અને શકિતશાળી થવું જોઈએ, નહિ તો તમારા ટુકડા થઈ જશે. કેટલાક લોકો પૂછે છે, 'ભગવાન હજુ સુધી કેમ આવતા નથી ?' કારણ કે તમે તૈયાર નથી. એક નાનું સરખું બિંદુ આવી પડતાં તમે ગાવા, નાચવા કે કૂદવા મંડી પડો છો. જો એ સમગ્ર વસ્તુ આવી પડે તો શું નું શું થઈ જાય ?

એટલા માટે જેમનો શારીરિક, પ્રાણમય અને મનોમય પાયો મજબૂત, દૃઢ અને વિશાળ નથી હોતો તેમને અમે એમ કહીએ છીએ, 'ખેંચો નહિ' એટલે કે

ભગવાનની દિવ્ય શક્તિઓનું ચેષ્ટાપૂર્વક તમારી અંદર આકર્ષણ કરો નહિ, પરંતુ શાંતિપૂર્વક સ્વસ્થ રહીને વાટ જુઓ.' કારણ કે તેઓ ભાગવત ચેતનાના અવતરણને સહન કરવાને સમર્થ હોતા નથી. પરંતુ જે સાધકોમાં એ જરૂરી પાયો તૈયાર હોય છે તેમને અમે ઊલટું કહીએ છીએ કે, 'અભીપ્સા કરો, ખેંચો.' કારણ કે તેઓ ભગવાનની શક્તિઓના સંતાપને સહન કરી શકશે, અને તેનાથી અસ્તવ્યસ્ત નહિ થઈ જાય.

કેટલાક માણસોની બાબતમાં એવું બને છે કે જેવા તેઓ ભગવાન પ્રત્યે વળે છે કે તુરત તેમના ટેકા રૂપ દરેક સ્થૂલ આધાર, યા તો તેમને પ્રિય હોય તે દરેક વસ્તુ તેમની પાસેથી જતી રહે છે. તેવો માણસ કોઈ વ્યક્તિને ચાહતો હોય છે તો તેને પણ લઈ લેવામાં આવે છે.

એવું બધાની બાબતમાં નથી બનતું. જેમને ભગવાને તેડું મોકલ્યું હોય છે તેમની બાબતમાં જ એવું બને છે.

આધ્યાત્મિક જીવનના સંબંધમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ગમે તે ભેદ હોય પરંતુ તે ભેદ આંતર સત્તા કે પ્રકૃતિના બંધારણ પરત્વે નથી. કારણ કે એ ચૈતન્ય માનવ માત્રમાં અવિકારી અને ધ્રુવ હોય છે. એ ભેદ રહ્યો છે વ્યક્તિની કેળવણી, વાતાવરણ અને બીજી બાહ્ય પરિસ્થિતિને લીધે ઉત્પન્ન થતી માનસિક ટેવોમાં, અને વસ્તુને વ્યકત કરવાની બાહ્ય રીતિમાં. બધા માણસો, પછી તે પૂર્વના હો કે પશ્ચિમના, ગંભીર લાગણીઓને એકસરખી રીતે જ અનુભવે છે, જો કે તેમની વિચાર કરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે. ઉદાહરણ તરીકે, અંતરની સચ્ચાઈનો યાને સહૃદયતાનો ગુણ સર્વત્ર એક જ પ્રકારનો છે. જેઓ દિલના સાચા છે — પછી ગમે તે પ્રજાના કે જાતિના હોય — તેઓ એક જ પ્રકારે સહૃદયતા અનુભવે છે. દિલની એ સચ્ચાઈને જે બાહ્ય રૂપ આપવામાં આવે છે તેમાં જ ફકત ભેદ હોય છે. જુદી જુદી પ્રજાઓનું મન જુદી જુદી રીતે કાર્ય કરે છે, પરંતુ હૃદય તો સર્વત્ર એકસરખું જ હોય છે. અને હૃદય એ ઘણી વધારે સાચી વાસ્તવિકતા છે. ભેદોનું સ્થાન માત્ર બહારનાં કારણોમાં જ રહેલું છે. તમે અંતરના ઊંડાણમાં પૂરતા ઊતરશો કે તરત સર્વમાં એક જ રૂપે રહેલા એક તત્ત્વને તમે પામશો. ભગવાનમાં સર્વ એક થાય છે, ભેગા મળે છે. સ્થૂળ પ્રકૃતિમાં સૂર્યનારાયણ એ ભગવાનનું પ્રતીક છે. વાદળાને લીધે તેના દેખાવમાં ફેર પડે, પરંતુ વાદળો દૂર થઈ જતાં તમે જોશો કે સદા અને સર્વત્ર એક જ સૂર્ય પ્રકાશે છે.

કોઈ માનવની સાથે તમે એકતા ન અનુભવી શકો એનો અર્થ એ છે કે તમે તમારી ભાવનાની શક્તિમાં હજુ પૂરતા ઊંડા ઊતર્યા નથી.

૨૧ એપ્રિલ ૧૯૨૯

'એક એવો વિચાર પ્રચલિત છે કે સાધકને સૂક્ષ્મ ભૂમિકા ઉપરનાં દૃશ્યો દેખાય એ ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિકતાની નિશાની છે. એ માન્યતા ખરી છે?'

તે એવી નિશાની છે જ એમ ન કહી શકાય. વળી સૂક્ષ્મ ભૂમિકા ઉપરનાં દૃશ્ય જોવાં એ એક વાત છે, પરંતુ જે જોવામાં આવે તેને સમજવું અને તેનો બરાબર અર્થ બેસાડવો એ તદ્દન જુદી અને ઘણી વધારે મુશ્કેલ વાત છે.

ઘણું ખરું જેઓ એ દૃશ્ય જોતા હોય છે તેઓ ભૂલ કરી બેસે છે; કારણ કે પોતાની કામનાઓ, આશાઓ અને પૂર્વગ્રહો અનુસાર તેઓ પોતાનાં દૃશ્યોનો મનપસંદ અર્થ કરે છે, તેમાં વળી દૃશ્યો પણ જુદીજુદી ભૂમિકા ઉપર દેખાય છે. મનોમય દૃશ્ય એ એક પ્રકાર છે, પ્રાણમય દૃશ્ય એ બીજો છે. સૌથી વધારે જડતાવાળી અન્નમય ભૂમિકાની છેક નજીક જે ભૂમિકા રહેલી છે તેના ઉપર પણ સાધકને દૃશ્યો દેખાય છે અને એ ભૂમિકા ઉપરનાં દૃશ્યોનાં આકાર અને પ્રતીકો એવાં તો સ્પષ્ટ અને વાસ્તવિક હોય છે કે તે સંગીન અને ઘનતાવાળા પદાર્થ હોય એમ આપણને લાગે છે, અને તમે તેનો બરાબર અર્થ બેસાડી શકો તો સંજોગો વિષે તથા લોકોની આંતર અવસ્થા વિષે તમને ઘણી ચોક્કસ સૂચના મળી શકે.

એક ઉદાહરણ લઈએ. એક સાધકને પોતાને સાચોસાચ એક દૃશ્ય દેખાયેલું તે આ પ્રમાણે છે : ઊભી અને સીધા ચઢાણવાળી એક ટેકરી પર સૂર્યના ઝળહળતા તેજથી પ્રકાશિત એક રસ્તો ઉપર જાય છે. તે રસ્તા ઉપર એક ઘણી ભારે ગાડી મહા મુશ્કેલીથી આગળ વધે છે. એને જોડેલા છ ઘોડા એને ખેંચી રહ્યા છે, ગાડી ધીમેથી પણ નિયમિત રીતે આગળ વધી રહેલી છે. એટલામાં એક માણસ આવે છે, તે પરિસ્થિતિ ધ્યાનમાં લે છે, અને ગાડીની પાછળ જઈને તેને ધકેલે છે, અથવા તો તેને ધકેલવાનો પ્રયત્ન કરે છે. એટલામાં કોઈ સમજુ માણસ આવી પહોંચેછે, અને તેને કહે છે, 'તું નકામી મહેનત શા માટે કરે છો ?

તારા પ્રયત્નની અસર થઈ શકે એમ તું માને છે ખરો? એ કાર્ય તારે માટે અશકય છે. ઘોડાઓને પણ એ કામ ભારે પડે છે.'

હવે આ દૃશ્યના ઉકેલની ચાવી 'છ ઘોડાઓના' પ્રતીકના અર્થમાં રહેલી છે. 'ઘોડો' એ શકિતનો પ્રતીક છે. 'છ'ની સંખ્યા એ દિવ્ય સર્જનનું સૂચન છે. આ પ્રમાણે છ ઘોડા દિવ્ય સર્જનની શકિતઓ સૂચવે છે. 'ગાડી' એટલે 'સાક્ષાત્કાર' —છેવટે પ્રાપ્ત કરવાની વસ્તુ—જેને પર્વતની ટોચે લઈ જવાની છે, જેને જ્યોતિર્મય શિખરો પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરવાની છે, સર્જન કરનારી શકિતઓ દિવ્ય છે તે છતાં તેમને પણ એ કાર્ય, સાક્ષાત્કારને સિદ્ધ કરવાનું કાર્ય ઘણું જ મુશ્કેલ પડે છે; કારણ કે તેમને મહાન વિરોધો સામે કાર્ય કરવાનું છે, પ્રકૃતિના સમગ્ર અધોગામી આકર્ષણની સામે જઈને તેમને એ કાર્ય કરવું પડે છે. એટલામાં અજ્ઞાન અને ગર્વભર્યો માનવી પોતાની જરા જેટલી માનસિક શકિતઓનું ભંડોળ લઈને આવે છે, અને તે પોતે 'હું પણ કાંઈક છું, હું પોતે કાંઈક કરી શકું એમ છું,' એમ ધારે છે. એને માટે સૌથી સારામાં સારો રસ્તો એ છે કે ગાડીમાં ચઢી જવું, આરામથી બેસવું અને ઘોડાઓને ગાડી ખેંચવા દેવી.

સ્વપ્નો એ તદ્દન જુદી જ વસ્તુ છે. પ્રત્યેક વ્યકિતનું પોતપોતાનું કલ્પનાસર્જિત મૂર્તિઓનું અને રૂપોનું બનેલું સ્વપ્નજગત હોય છે. તેથી સ્વપ્નોની સમજૂતી મેળવવી યા તો તેમનો અર્થ બેસાડવો એ વધારે મુશ્કેલ હોય છે. અલબત્ત, એવાં ઘણાં સ્વપ્ન હોય છે જેમનો કશો ખાસ અર્થ નથી હોતો. ઘણાંખરાં ચેતનાની છીછરી અને છેક સ્થૂલ સપાટી ઉપરનાં હોય છે, યા તો રખડતા વિચારોને, રઝળતા સંસ્કારોને અને યાંત્રિક પ્રતિકાર્ય અથવા તો પ્રતિબિંબ રૂપે થતી ક્રિયાને આભારી હોય છે, એ સઘળાં સ્વપ્નને વ્યવસ્થિત રૂપ, આકાર કે અર્થ હોતાં નથી. તેઓ યાદ પણ ભાગ્યે જ રહે છે અને ચેતનામાં તેમની કશી પણ અસર મૂકી જતાં નથી. પરંતુ જે સ્વપ્નોનું મૂળ ચેતનાના ઊંડાણમાં હોય છે તે પણ અસ્પષ્ટ અને આવરણથી આચ્છાદિત હોય છે, કારણ કે તેઓ કેવળ અંગત હોય છે,—એટલે કે વ્યકિતના અનુભવો અને તેની વિચિત્રતાભરી ખાસિયતોના ઉપર જ ઘણુંખરું એ સ્વપ્નોના ઘડતરનો આધાર હોય છે. વળી સૂક્ષ્મ ભૂમિકાઓ પર થતાં દર્શનો પણ દુનિયામાં સર્વત્ર સર્વસામાન્ય ગણાય એવાં પ્રતીકોનાં જ બનેલાં હોય છે એવું નથી હોતું. એ પ્રતીકો (symbols) જાતિ, પરંપરાગત સંસ્કાર તથા ધર્મ પ્રમાણે બદલતાં રહે છે. એક પ્રતીક ખ્રિસ્તી ધર્મનું ખાસ હોય, બીજું હિંદુ ધર્મનું, ત્રીજું પૂર્વના સર્વ દેશોમાં સામાન્ય તથા ચોથું પશ્ચિમના દેશોમાં સામાન્ય હોય એમ બને, પરંતુ સ્વપ્નો તો ખાસ અંગત હોય છે. નિત્યના

બનાવો અને બાહ્ય જગતના માત્રાસ્પર્શો ઉપર તેમનો આધાર હોય છે, બીજા કોઈનું સ્વપ્ન સમજવાનું યા તો તેનો અર્થ કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પરંતુ દરેક માણસ પોતાનાં સ્વપ્નોનો અભ્યાસ કરી શકે તથા તેમનો કોયડો ઉકેલી શકે.

હવે સ્વપ્નો અને સ્વપ્નપ્રદેશ વિષે શું અને કેમ કરવું તે વિચારીએ. પ્રથમ તો સચેતન-જાગ્રત-થાઓ, એટલે કે તમારાં સ્વપ્ન વિષે સચેતન થાઓ. તમારી જાગ્રત અવસ્થામાં બનતી ઘટનાઓ અને તમારાં સ્વપ્ન વચ્ચે સંબંધની સાંકળ તપાસો. જો તમને તમારી રાત્રિની સ્થિતિ બરાબર યાદ હશે તો તમારી દિવસની અવસ્થા અને રાત્રિની અવસ્થા વચ્ચે તમને સંબંધ જણાશે. નિદ્રામાં તમારી ચેતનાની મનોમય, કે પ્રાણમય કે બીજી કોઈ ભૂમિકા પર કાંઈ ને કાંઈ કાર્ય તો ચાલુ રહેલું હોય છે જ, ત્યારે આગળ બનતી ઘટનાઓ તમારા જાગ્રત દશાના જીવનનું નિયમન કરે છે. દાખલા તરીકે, કેટલાક લોકો પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ઘણા આતુર હોય છે અને દિવસના સમયમાં તેઓ ઘણો જ પ્રયત્ન કરે છે. પછી તેઓ ઊંઘી જાય છે, અને બીજે દિવસે જ્યારે પાછા ઊઠે છે ત્યારે આગલા દિવસના તેમના પ્રયત્નનું નામનિશાન પણ તેમને જણાતું નથી. ફરીને તેમને એની એ મહેનત કરવી પડે છે. એનો અર્થ એ છે કે જે પ્રયત્ન થયેલો અને તેનું જે કંઈ પરિણામ આવ્યું હતું તે વ્યકિતની ચેતનાની છેક છીછરી સપાટી ઉપર, અથવા તો કેવળ જાગ્રત ભાગ પૂરતું જ આવ્યું હતું. પરંતુ ઊંડા અને સુષુપ્ત એવા ભાગોને તેનો જરા પણ સ્પર્શ થયો ન હતો, નિદ્રામાં તમે એ અચેતનતાવાળા પ્રદેશોના કબજામાં જઈ પડો છો અને જાગ્રત સ્થિતિમાં તમે મહામહેનતે જે કાંઈ પ્રાપ્તિ કરી હોય તેને તે પ્રદેશો ચૂસી લે અને ગળી જાય છે.

સચેતન થાઓ. દિવસના જાગ્રત જીવન પેઠે રાત્રિના જીવન વિષે પણ સચેતન થઈ જાઓ. પ્રથમ સચેતનતા પ્રાપ્ત કરવાની છે, ત્યાર પછી કાબૂ મેળવી શકશો. તમને તમારાં સ્વપ્નો યાદ રહેતાં હશે, તો સાથે સાથે એ પણ યાદ રહેતું હશે કે સ્વપ્નમાં પણ 'આ સ્વપ્ન છે' એવું તમે કેટલીક વાર અનુભવો છો. તમને ત્યાં પણ ખબર હોય છે કે એ અનુભવ આ સ્થૂળ પાર્થિવ જગતનો નથી. એક વાર તમને એ જ્ઞાન થાય એટલે પછી આ પાર્થિવ ભૂમિકા પેઠે ત્યાં પણ તમે કાર્ય કરી શકો છો. સ્વપ્નાવસ્થામાં પણ તમે જાગરૂક તપઃશકિતનો પ્રયોગ કરી શકો છો. અને આખાય સ્વપ્નમાં બનતી ઘટનાની દિશા બદલી નાખી શકો છો.

જેમ જેમ તમે વધારે ને વધારે સચેતન થતા જશો, તેમ તેમ દિવસના સમયમાં હોય છે તેવો જ, કદાચ તેથી પણ વધારે સંયમ તમે રાત્રે પણ પ્રાપ્ત કરશો.

કારણ કે નિદ્રામાં શરીરની યાંત્રિકતાથી તમે કાંઈ નહિ તો થોડે અંશે મુકત થઈ ગયેલા હો છો, શારીરિક ચેતનાની ક્રિયાઓ ઉપર કાબૂ મેળવવો એ માનસિક અને પ્રાણમય ક્રિયાઓના ઉપર કાબૂ મેળવવા કરતાં વધારે મુશ્કેલ હોય છે; કારણ કે તે ક્રિયાઓ વધારે અક્કડ, સ્થિતિસ્થાપકતા વિનાની હોઈ પોતાનામાં ફેરફાર થવા દેવા માટે સહેલાઈથી તત્પર હોતી નથી.

રાત્રે મન અને પ્રાણ, ખાસ કરીને પ્રાણ, ઘણાં સક્રિય હોય છે. દિવસના જાગ્રત સમયમાં પ્રાણની ગતિ ઉપર કાબૂ હોય છે. એટલે માનવની સ્થૂળ શારીરિક ચેતના તેના પ્રાણની સ્વતંત્ર લીલાને આપોઆપ જ અટકાવે છે. પરંતુ નિદ્રામાં એ નિયંત્રણ દૂર થઈ જાય છે અને તેમની નિર્બંધ ક્રિયાઓ સાહજિક રીતે પ્રગટ થાય છે.

'સ્વપ્ન વિનાની નિદ્રા કેવા પ્રકારની હોય છે ?'

સામાન્ય રીતે, તમે જેને સ્વપ્ન વિનાની નિદ્રા કહો છો તે બેમાંથી એક હોય છે : કાં તો તે દશામાં સ્વપ્ન આવે છે તે તમને યાદ રહેતાં નથી, અથવા તો તમે કેવળ અચેતનતામાં જઈ પડો છો જે લગભગ મૃત્યુ જેવી—મૃત્યુના અનુભવ જેવી હોય છે. પરંતુ એવી નિદ્રા પણ શકય છે કે જેમાં તમારાં સર્વે કરણોમાં નીરવતા, નિષ્ક્રિયતા તથા શાંતિ તમે અનુભવી શકો અને તમારી ચેતના સચ્ચિદાનંદમાં મગ્ન થઈ જાય, એ અવસ્થાને નિદ્રાનું નામ આપવું એ બરાબર નથી, કારણ કે તે ઘણી જ સચેતન હોય છે. એ સ્થિતિમાં તમે થોડી મિનિટો સુધી જ રહો પરંતુ એ થોડી મિનિટો કલાકો સુધીની સામાન્ય નિદ્રા કરતાં તમને ઘણો વધારે આરામ અને તાજગી બક્ષે છે. પરંતુ એ સ્થિતિ આકસ્માત નથી મળી શકતી. તેને માટે ઘણા લાંબા અભ્યાસની જરૂર પડે છે.

'સ્વપ્નમાં કેટલાક લોકો આપણને મળે છે તથા તેમને આપણે ઓળખીએ છીએ, જેમને સામાન્ય જીવનમાં મળવાનું તથા ઓળખવાનું પછીથી બની આવે છે. એમ કેમ ?'

મનોમય તથા પ્રાણમય સૃષ્ટિમાં બે વ્યકિતઓ વચ્ચે રહેલા સામ્યને લીધે અર્થાત્ સ્વભાવમાં રહેલા કેટલાક સરખાપણાને લીધે લોકો પરસ્પર મળે છે. આપણી પાર્થિવ ભૂમિકા ઉપર મળવાનું થાય તે પહેલાં એવા લોકો ઘણી વાર એ સૂક્ષ્મ ભૂમિકાઓ ઉપર મળે છે. તેઓ એ ભૂમિકાઓ ઉપર એકબીજાને મળે, એકબીજા સાથે બોલે, અને શારીરિક જીવનમાં જેવા સંબંધો બંધાય છે તેવા

સઘળા સંબંધો બાંધે એ શક્ય છે. કેટલાક લોકો એવા સંબંધોને જાણે છે, કેટલાક જાણતા નથી. કેટલાક લોકો, ખરું જોતાં માનવોનો મોટો ભાગ, પોતાની આંતર સત્-તા વિષે તથા અંતરના સંબંધો વિષે અચેતન હોય છે. અને છતાં બાહ્ય જગતમાં કોઈ અજાણ્યા માણસને જોઈને તેનું મુખ પોતાને ઘણું જ સુપરિચિત, ખરેખર જાણીતું હોય, એવું તે માણસને લાગી જાય છે.

'ખોટાં દર્શનો નથી થતાં ?'

ખોટાં કહી શકાય એવાં દર્શનો થાય છે ખરાં. દાખલા તરીકે, 'ક્રાઈસ્ટને અમે જોયા છે' એવો દાવો કરનાર સેંકડો બલ્કે હજારો માણસો મળી આવે છે. આ બધામાંથી ક્રાઈસ્ટને સાચોસાચ જોનારા એક ડઝન કરતાં પણ ઓછા હશે. અને તે ડઝનની બાબતમાં પણ તેમને થયેલ દર્શન વિષે ઘણું કહેવાનું રહે છે. બાકીના બીજા લોકોએ જે કાંઈ જોયું હોય, તે કોઈ પ્રકારનો પ્રાદુર્ભાવ હોય, યા તો વિચારનું રૂપ હોય કે, પછી મનની સ્મૃતિમાંથી જાગ્રત થતી મૂર્તિ હોય. વળી ક્રાઈસ્ટમાં પુષ્કળ શ્રદ્ધાવાળા કેટલાક લોકો હોય છે તેમને અતિ તેજસ્વી એવી કોઈ સત્તાનું, કોઈ શક્તિનું યા તો સ્મરણમાં રહેલા કોઈ સ્વરૂપનું દર્શન થાય છે. અને તેમના માનસ ઉપર તેની ઘણી ઊંડી છાપ પડે છે. આ પાર્થિવ જગત સિવાયના અન્ય જગતની કોઈ વસ્તુને પોતે જોઈ, પારલૌકિક સત્તાનું પોતાને દર્શન થયું એવું તમને લાગે છે, અને તેને પરિણામે તેમને ભયની, આશ્ચર્યની કે આનંદની લાગણી થાય છે. હવે તેમને ક્રાઈસ્ટમાં અત્યંત શ્રદ્ધા હોય છે એટલે તેઓ બીજા કશાનો વિચાર કરી શકતા નથી અને કહે છે કે તેમણે ક્રાઈસ્ટને જ જોયા છે, પરંતુ એનું એ જ દર્શન જો કોઈ હિંદુ કે મુસલમાન કે બીજા કોઈ ધર્મના માનનારને થાય તો તે દર્શન જુદાં જ નામ અને રૂપ ધારણ કરશે. આમાં જે વસ્તુનું દર્શન થાય છે, યા તો જેની અનુભૂતિ મળે છે તે વસ્તુ મૂળમાં તો એક જ હોય છે, પરંતુ ગ્રહણ કરનાર વ્યકિતના મનના જુદા જુદા બંધારણ પ્રમાણે તે જુદું જુદું રૂપ ધારણ કરે છે. જે લોકો માન્યતાઓ, સંપ્રદાયો, પૌરાણિક કથાઓ અને પરંપરાપ્રાપ્ત રિવાજોથી પર થઈ શકે તેઓ જ 'તે વસ્તુ ખરેખર શું છે' તે કહી શકે છે. પરંતુ એવા લોકો થોડા, બહુ જ થોડા હોય છે. તમારે સર્વ પ્રકારનાં માનસિક કલ્પનાથી, બંધારણોથી મુકત થઈ જવું જોઈએ, અમુક મર્યાદિત સ્થળ કે કાળને લગતું હોય તે સઘળું દૂર ફેંકી દેવું જોઈએ; તો જ જેનું દર્શન થાય તેનું સાચું જ્ઞાન તમે મેળવી શકો.

આધ્યાત્મિક સાક્ષાત્કાર એટલે પોતાની અંદર (અથવા બહાર, પરંતુ એ પ્રદેશમાં એનો અર્થ એક જ થાય છે,) ભગવાનના ચૈતન્યનો સ્પર્શ. અને સર્વ

દેશોમાં, સર્વ પ્રજાઓમાં અને સર્વ કાળમાં પણ ભગવાનનો સાક્ષાત્કાર તો એક-સરખો જ હોય છે. ભગવાન સાથે તમારી ચેતનાનો સ્પર્શ થાય તો તે હમેશાં એક જ પ્રકારે થાય છે. પછી તે ગમે તે સ્થળે કે ગમે તે કાળે હોય. ભગવાનને તમારી ચેતના સ્પર્શ કરતી હશે તો તેની રીત સદાસર્વદા, અને સર્વત્ર એકસરખી જ હોય છે. અને છતાં ભેદ ઉપસ્થિત થાય છે તેનું કારણ એ છે કે આધ્યાત્મિક સાક્ષાત્કાર અને તેની વાણીમાં રજૂઆત એ બેની વચ્ચે એક ઊંડી ખીણ આવી રહેલી હોય છે. જેવો તમને એક આધ્યાત્મિક સાક્ષાત્કાર થયો—(એ અનુભવ હમેશાં તમારી આંતર ચેતનામાં થાય છે,) કે તુરત જ તમારી કેળવણી, તમારી માન્યતાઓ, તથા માનસિક વલણોને અનુસાર તે સાક્ષાત્કારનું તમારા બહિર્મુખ ચૈતન્યમાં અનુસ્વરૂપ ખડું થઈ જાય છે, અને એક કે બીજે રૂપે તે આકાર ધારણ કરે છે. સત્ય એક જ છે, તત્ત્વ એક જ છે. પરંતુ જે સ્વરૂપોમાં તે પ્રગટ થાય છે તે અસંખ્ય હોઈ શકે છે.

'જોન ઑફ આર્કને જે દૃશ્યો દેખાતાં હતાં તે કેવા પ્રકારનાં હતાં ?'

આપણે જેને દેવલોક કહીએ છીએ તે ભૂમિકાની કેટલીક સત્તાઓ સાથે જોન ઑફ આર્ક દેખીતી રીતે સંબંધમાં હતી, (અથવા તો રોમન કૅથોલિક લોકો જેને સંતોની સૃષ્ટિ કહે છે તેની જોડે તે સંબંધમાં હતી. જો કે એ બંને એક નથી.) જે સ્વરૂપોને તે જોતી હતી તેમને તે આર્કેન્જલ—મુખ્ય દેવદૂત—કહેતી હતી, એ સ્વરૂપો વિજ્ઞાન અને ઊર્ધ્વ માનસ (Highermind) એ બેની વચ્ચે આવેલી અધિમાનસની અંતરાળ સૃષ્ટિમાં રહે છે. એ સ્રષ્ટાઓનું, રૂપના ઘડનારાઓનું જગત છે.

જે બે સ્વરૂપો જોન ઑફ આર્કને સતત દર્શન આપતાં હતાં તથા તેની સાથે વાર્તાલાપ કરતાં હતાં તે કોઈ હિંદુને દેખાત તો તેનું સ્વરૂપ તદ્દન જુદું જ હોત. કારણ કે માણસ જ્યારે કોઈ પણ સ્વરૂપનું દર્શન કરે છે ત્યારે પોતાના જ મનમાં રૂપોને તે પ્રક્ષિપ્ત કરે છે. તમે જે જુઓ છો તેને તમે જે જોવાની આશા રાખતા હો છો તેનું જ રૂપ આપો છો. ખ્રિસ્તી, બુદ્ધ, હિંદુ અને શિન્ટો જેવા જુદા જુદા ધાર્મિક મતના લોકોના બનેલા ટોળામાં એક જ સ્વરૂપ એકી વખતે દેખા દે, તો તેને તદ્દન જુદેજુદાં નામ આપવામાં આવે એ નકકી છે. તે સ્વરૂપના દેખાવ વિષે દરેક માણસ 'તે આવું છે' 'તેવું છે' એ પ્રમાણે કહેશે, અને દરેક માણસ બીજાથી જુદો પડશે છતાં તે આવિર્ભાવ તો એક જ સત્તાનો હોય છે. હિંદુસ્તાનમાં તમે જેને 'પરાશકિત', 'મહાશકિત', 'દિવ્ય માતા' કહો છો, રોમન કૅથોલિકો તેને જ 'કુમારિકા મેરી' કહે છે, જાપાનીઝ લોકો તેને 'કેવાનોન'—

'દયાની દેવી' કહે છે. અને બીજા લોકો કદાચ બીજાં નામ પણ આપે. તે શકિત એક છે. પરંતુ જુદા જુદા ધર્મમાં તેનું જે વર્ણન કરવામાં આવે છે તે જુદું જુદું હોય છે.

'સમર્પણની ક્રિયામાં નિયમનને કયું સ્થાન છે ? કોઈ વ્યકિત સમર્પણ કરે તો પછી તે શિસ્ત વગર શું ચલાવી ન શકે ? કેટલીક વાર શિસ્ત બાધા રૂપ નથી હોતી ?'

આ બની શકે. પરંતુ વિકાસની પદ્ધતિ કિંવા નિયમન અને સંકલ્પજન્ય કર્મ એ બે વચ્ચે ભેદ કરવો જોઈએ. નિયમન એ જુદી વસ્તુ છે. હું સંકલ્પજન્ય કર્મની વાત કરું છું. તમે સમર્પણનો માર્ગ સ્વીકારો તો તમારે પ્રયાસ છોડી દેવાનો છે. પરંતુ એનો અર્થ એવો નથી થતો કે સર્વ પ્રકારનાં કર્મોમાં તમારે તપઃશકિતનો પ્રયોગ જ ન કરવો. એથી ઊલટું, તમારી તપઃશકિત ભગવાનની તપઃશકિતના હાથમાં સોંપવાથી તમે સાક્ષાત્કાર પ્રત્યેની ગતિનો વેગ વધારો છો. એ પ્રમાણે કરવું એ પણ, જુદા રૂપમાં, સમર્પણ જ છે. તમે પથ્થર જેવા જડ નિશ્ચેષ્ટ બની જાઓ એવું નિષ્ક્રિય સમર્પણ કરવાની માગણી તમારી પાસે કરવામાં આવતી નથી. પરંતુ તમારી તપઃશકિતને ભગવાનની દિવ્ય તપઃશકિતની સેવામાં હાજર કરવાની માગણી કરવામાં આવે છે.

'પરંતુ ભગવાન સાથે એકતા સિદ્ધ થયા પહેલાં કોઈ પણ માણસ એ પ્રમાણે કેવી રીતે કરી શકે ?'

તમારી પાસે તપઃશકિત છે. તમે તે તપઃશકિત સમર્પણ કરી દઈ શકો છો. તમારી રાત્રિઓ વિષે સચેતન થવાના સવાલનું જ ઉદાહરણ લઈએ. જો તમે નિષ્ક્રિય સમર્પણનું વલણ ધારણ કરશો તો તમે કહેશો કે, 'હું સચેતન થાઉં એવી ભગવાનની ઇચ્છા જ્યારે થશે ત્યારે હું સચેતન થઈશ.' પરંતુ એથી ઊલટું, જો તમે તમારી તપઃશકિત ભગવાનને સમર્પણ કરશો તો તમે પોતે તમારી તપઃશકિતને સક્રિય કરશો અને કહેશો કે, 'હું મારી રાત્રિઓ વિષે સચેતન થઈશ.' આ બીજી રીતમાં એ કાર્ય થાય એવું તમારી પોતાની તપઃશકિત માગતી હોય છે. તમે આળસુ થઈને વાટ જોયા કરતા નથી. જ્યારે તમે એવું વલણ અખત્યાર કરો કે, 'હું મારી તપઃશકિત ભગવાનને અર્પણ કરું છું, હું મારી રાત્રિઓ વિષે સચેતન થવા માગું છું. પરંતુ મને જ્ઞાન નથી. ભગવાનની તપઃશકિત મારામાં તે કાર્ય કરો.' આ વલણમાં સમર્પણ સક્રિય થયું ગણાય. તમારી તપઃશકિત અમુક કાર્યની પસંદગી કરીને, યા તો કોઈ ચોક્કસ વસ્તુની માગણી કરીને, કોઈ કાર્ય કે વસ્તુ ઉપર

નહિ પરંતુ છેવટે પ્રાપ્ત કરવાના અંતિમ લક્ષ્ય ઉપર એકાગ્ર થયેલ તીવ્ર અભીપ્સા તરીકે નિયમિત રીતે કાર્ય કરે એ જરૂરનું છે. એ પહેલું પગલું છે. જો તમે સાવધાન હશો, જો તમારું મન જાગ્રત હશે, તો 'શું કરવું જોઈએ' તેનું કંઈક જ્ઞાન પ્રેરણારૂપે તમને જરૂર મળશે, અને તે પ્રમાણે તત્કાલ તમારે આચરણ કરવું જોઈએ. ફકત તમારે યાદ રાખવું જોઈએ કે સમર્પણ એટલે તમારા કર્મનું જે કંઈ ફળ આવે, જે પરિણામ આવે તેનો સ્વીકાર. પછી તે પરિણામ ભલે ને તમે આશા રાખી હોય તેથી તદ્દન જુદું જ હોય ! પરંતુ તમારું સમર્પણ નિષ્ક્રિય હશે તો તમે કશો સંકલ્પ કરશો નહિ અને પ્રયત્ન પણ નહિ કરો. તમે માત્ર ઊંઘ્યા કરશો અને તમારે માટે કોઈ ચમત્કાર થવાની વાટ જોયા કરશો.

તમારી તપઃશકિત યા તો તમારી કામના ભગવાનની તપઃશકિત કે દિવ્ય કામના સાથે બંધબેસતી, એકસૂરતામાં છે કે નહિ તે જાણવા માટે તમારે નિરીક્ષણ કરવું જોઈએ અને તમારા અંતરના ગહન ઊંડાણમાં, તમારા હૃદયમાં નિત્ય રહેલ અંતરાત્માનો,—મન, પ્રાણ કે અન્નનો નહિ—તમને પ્રત્યુત્તર મળે છે કે નહિ, તમને ટેકો આપે છે કે તે તમારો વિરોધ કરે છે, એ તપાસવું જોઈએ.

'શું ધ્યાન કરવાનો પ્રયત્ન વધારવાની જરૂર હોતી નથી ? અને જેટલા વધારે કલાક ધ્યાન કરવામાં આવે તેટલી વધારે પ્રગતિ થાય એ સાચું નથી ?'

ધ્યાનમાં ગાળેલા કલાકોની સંખ્યા આધ્યાત્મિક પ્રગતિની નિશાની નથી. જ્યારે તમારે ધ્યાન કરવાનો પ્રયત્ન ન કરવો પડે ત્યારે તમારી પ્રગતિની સાબિતી ગણાય.

એવી અવસ્થા આવે છે જ્યારે ધ્યાન થતું અટકાવવા માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર પડે છે. એટલે કે ધ્યાન ન કરવું મુશ્કેલ થઈ પડે છે, ભગવાન વિષે ચિંતન બંધ કરવું અઘરું લાગે છે. ચેતનાની સામાન્ય અવસ્થામાં આવી પડવું કપરું લાગે છે. જ્યારે ભગવાન ઉપર એકાગ્રતા કરવી, તેનું ધ્યાન કરવું એ તમારા જીવનની જરૂરિયાત જ થઈ પડે. જ્યારે તેના વિના તમે ચલાવી લઈ શકો નહિ અને તમે ગમે તે કાર્યમાં, ધ્યાન કરવાના કે બીજા કોઈ પણ પ્રકારના કાર્યમાં રોકાયા હો તોપણ સવારથી સાંજ સુધી ધ્યાન સહજ રીતે ચાલ્યા જ કરે, ત્યારે તમારી પ્રગતિ થયા વિષે તમે ખાતરી રાખી શકો. ત્યારે જ તમે ખરી પ્રગતિ કરી ગણાય, તમે ધ્યાન કરવા બેસો કે પછી હરોફરો અને કામકાજ કરતા રહો, પણ એ બધી સ્થિતિમાં તમારે એક જ વસ્તુ મેળવવાની છે, —સચેતનતા, ભગવાનની ચેતનાની અખંડ અનુભૂતિ.

'પણ બેસીને ધ્યાન કરવું એ એક પ્રકારનું અનિવાર્ય નિયમન નથી? અને તેને પરિણામે ભગવાન સાથે વધારે ઊંડી અને ગાઢ એકતાનો સાક્ષાત્કાર થતો નથી વારું ?'

તે હોઈ શકે. પરંતુ આપણે કાંઈ નિયમનને ખાતર નિયમન માગતા નથી. આપણે તો આપણાં સર્વ કાર્યોમાં ભગવાન ઉપર આપણી ચેતનાને એકાગ્ર કરવાનું માગી રહ્યા છીએ. અર્થાત્, સર્વ કાળમાં, આપણાં સર્વે કર્મોમાં, આપણી એકે-એક ગતિમાં આપણી ચેતનાતે ના ઉપર એકાગ્ર થવી જોઈએ એમ આપણે ઇચ્છીએ છીએ, અહીં કેટલાક સાધકો એવા છે કે જેમને ધ્યાન કરવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ કેટલાક એવા પણ છે જેમને ધ્યાન કરવા માટે કદી પણ કહેવામાં આવ્યું નથી. પરંતુ એટલા ઉપરથી એમ નથી ધારી લેવાનું કે તેઓ પ્રગતિ કરતા નથી. તેઓ પણ નિયમન તો પાળતા હોય છે, પરંતુ તે જુદા પ્રકારનું હોય છે. કામ કરવું, ભક્તિપૂર્વક અને અંતરની સમર્પણવૃત્તિ જાગ્રત રાખીને કર્મ કરવાં એ પણ આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ છે. કેવળ ધ્યાનમાં જ નહિ, પરંતુ સર્વ સંજોગોમાં અને સઘળા સક્રિય જીવનમાં ભગવાન સાથે સતત અદ્વૈત અનુભવવું એ અંતિમ લક્ષ્ય છે.

કેટલાક લોકો જ્યારે ધ્યાન કરવા બેસે છે ત્યારે તેઓ એક એવી અવસ્થામાં પહોંચી જાય છે જે તેમને બહુ સુંદર અને આનંદદાયી લાગે છે. આત્મસંતોષી બનીને તેઓ એ સ્થિતિમાં બેસી રહે છે, અને જગતને ભૂલી જાય છે. તેમના ધ્યાનમાં ખલેલ થતાં તેઓ ગુસ્સે થઈને અશાંત સ્થિતિમાં બહાર આવે છે, કારણ કે તેમને ધ્યાનમાં ભંગ થયેલો હોય છે. આ કાંઈ આધ્યાત્મિક પ્રગતિની કે નિયમનની નિશાની ન ગણાય, પ્રવૃત્તિમય જીવન ગુજારનારા કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ ચોક્કસ સમયે ધ્યાન કરવું એ જાણે ભગવાનને આપવાનું દેવું ન હોય એમ માનતા જણાય છે. દર અઠવાડિયે એક વાર દેવળમાં જઈને પોતે ભગવાનનું દેવું ચૂકવી આપ્યું એમ માનનારા જેવા જ આ લોકો પણ છે.

જો તમારે ધ્યાન કરવા માટે પ્રયત્ન કરવો પડતો હોય તો આધ્યાત્મિક જીવનથી હજી તમે ઘણા દૂર છો એમ સમજવું. ઊલટું, જ્યારે તમારે ધ્યાનમાંથી બહાર આવવા માટે પ્રયત્ન કરવો પડે તો જાણવું કે તમે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરી ચૂકયા છો.

હઠયોગ અને રાજયોગ જેવા યોગસાધનાના માર્ગો છે જેમનો અભ્યાસ કરવા છતાં આધ્યાત્મિક જીવન સાથે સાધકનો કશો જ સંબંધ હોય નહિ. હઠયોગ

એ શરીર ઉપર સંયમ પ્રાપ્ત કરાવે છે. રાજયોગ મનનો સંયમ કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવો એટલે તો દરિયામાં તમે જેમ ઝંપલાવો છો તેમ ભગવાનમાં ઝંપલાવવું, ભગવાનમાં જીવન ધારણ કરતાં શીખવું. 'તે કેવી રીતે કરવું ?' 'હું કયાં પડીશ ?' 'મારું શું થશે ?' વગેરે વિચારો કરવા થોભ્યા વગર સીધેસીધા ઝંપલાવી દેવાનું છે. તમારા મનનો સંકોચ તમને રોકી રાખે છે. તમારી જાતને કેવળ છૂટથી ઝંપલાવી દો. સમુદ્રમાં તમારે ભૂસકો મારવો હોય અને બધો વખત તમે વિચાર કર્યા કરો કે 'અહીં ખડક હશે તો ?', તો તમે ઝંપાપાત કરી શકશો જ નહિ.

'પરંતુ સમુદ્ર તો આપણે જોઈએ છીએ અને તેમાં સીધેસીધા ભૂસકો મારી શકીએ છીએ. પરંતુ આધ્યાત્મિક જીવનમાં આપણે કેવી રીતે ઝંપલાવી શકીએ ?'

અલબત્ત, જેમ દરિયામાં ઝંપલાવતાં પહેલાં તમે દરિયો જોયો હોવો જોઈએ, તથા તેને વિષે કાંઈક જાણવું પણ જોઈએ. તેમ આધ્યાત્મિક વાસ્તવિકતાની કાંઈક ઝાંખી તમને થયેલી હોવી જોઈએ. એ ઝાંખી ઘણું ખરું ચૈત્ય પુરુષની જાગૃતિ રૂપે થાય છે. કોઈ પણ પ્રકારનો સાક્ષાત્કાર થવો જરૂરી છે,— ભલે પછી તે ઊંડો આંતરાત્માનો, કે સમગ્ર ચેતનાને લગતો ન હોય. પરંતુ તે કોક પ્રબળ મનોમય યા તો પ્રાણમય પ્રકારનો હોવો જ જોઈએ, તમારી અંદર કે તમારી આજુબાજુ ભગવાનની હાજરી તમે અનુભવેલી હોવી જોઈએ. ભગવાનની દિવ્ય ભૂમિકાની હવાનો તમને સ્પર્શ થયેલો હોવો જોઈએ. અને તેની વિરુદ્ધ, સામાન્ય જીવનની ગૂંગળાવી નાખતી હવાનું દબાણ પણ તમે અનુભવ્યું હોવું જોઈએ, અને એ ભારે વાતાવરણમાંથી બહાર નીકળવા માટે પ્રયત્ન કરવા માટે તમને પ્રેરણા થયેલી હોવી જોઈએ. જો તમે તે અનુભવ્યું હોય તો પ્રભુની દિવ્ય વાસ્તવિકતામાં તમારે અનન્ય ભાવે માત્ર શરણ લેવાનું છે. અને તેની, કેવળ તેની જ સહાય તથા રક્ષણમાં તમારે જીવન ગાળવાનું છે. તમારા સામાન્ય જીવનમાં તમે જે સમર્પણ કાંઈક અંશે અને અપૂર્ણપણે કરેલું હોય, યા તો તમારી પ્રકૃતિના કોઈ એક કે વધારે અંગોમાં કરેલું હોય, યા તો કોઈક વખતે અને વિશિષ્ટ સંજોગોમાં કરેલું હોય, તે તમારે સંપૂર્ણપણે અને સદાને માટે કરવાનું છે. એ ઝંપાપાત તમારે પોતે કરવાનો છે. તે કર્યા વિના તમે વર્ષો સુધી સાધના કર્યા કરો છતાં સાચા આધ્યાત્મિક જીવન વિષે તમને કાંઈ પણ જ્ઞાન ન મળે એ બનવા જોગ છે. સંપૂર્ણ ભાવે અને સમગ્ર ભાવે ઝુકાવો. આ બાહ્ય જગતની અવ્યવસ્થિતતાથી તમે મુકત થઈ જશો, અને સાચા આધ્યાત્મિક જીવનનો અનુભવ મેળવશો.

૨૮ એપ્રિલ ૧૯૨૯

'યોગસાધનામાં પ્રગતિ કરવા માટે સાધકે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી દેવું જોઈએ, પોતાની પાસે હોય તે નાનામાં નાની વસ્તુ સુધ્ધાં તથા છેક નજીવાં ગણાય તેવાં કર્મો પણ. આનો ચોક્કસ અર્થ શો છે?'

યોગ એટલે પ્રભુ સાથે એકતા. એ એકતા આત્મસમર્પણ દ્વારા સિદ્ધ થાય છે. પ્રભુને થતા તમારા આત્મસમર્પણ ઉપર એવી એકતાનો પાયો રચાય છે, શરૂઆતમાં એ સમર્પણની ક્રિયા તમે એક સામાન્ય ભાવે કરો છો, એટલે કે હંમેશને માટે અને એકી વખતે તમો કહો છો કે 'હું પ્રભુનો દાસ છું. મારું જીવન અનન્ય ભાવે કેવળ ભગવાનને જ માટે છે. મારા સર્વે પ્રયત્નો ભગવાનની પ્રાપ્તિ કરવા માટે છે. વગેરે વગેરે' પરંતુ એ તો ફક્ત પહેલું પગથિયું થયું ગણાય. એ કાંઈ પૂરતું નથી. તમારું સમગ્ર જીવન ભગવાનને અર્પણ કરવાનો તમે સંકલ્પ કર્યો કે પછી પ્રત્યેક ક્ષણે તેને તમારે સ્મરણમાં રાખવાનો રહે છે, તથા જીવનની ઝીણીઝીણી ઘટનાઓમાં તેનો અમલ કરવાનો બાકી રહે છે. ડગલે ને પગલે, પ્રતિ ક્ષણે, તમને લાગવું જોઈએ કે તમે ભગવાનના જ છો. તમે જે કાંઈ વિચારો યા તો કરો તે કર્મ દ્વારા ભાગવત ચેતના જ તમારામાં કાર્ય કરી રહી છે એવો સતત અનુભવ તમને થયા કરવો જોઈએ. 'મારું' કહી શકો એવું કશું પણ તમારે માટે હોવું ન જોઈએ. સઘળું ભગવાન પાસેથી આવે છે એવો અનુભવ તમને થવો જોઈએ. અને એ રીતે તમને જે મળેલું હોય તે તેના મૂળ માલિકને જ અર્પણ કરવું જોઈએ. જ્યારે આ સત્યને તમે સમજી શકશો તથા તેનો સાક્ષાત્કાર કરી શકશો, ત્યારે જે જે વસ્તુ તમે સામાન્ય રીતે નજીવી યાને અગત્ય વિનાની ગણી કાઢતા હતા એ નજીવી બાબત પણ નજીવી અને અર્થ વગરની નહિ લાગે. એ સઘળી તમને ઘણી અર્થપૂર્ણ જણાશે. એ નજીવી વસ્તુ પણ તમારી દૃષ્ટિ આગળ અજ્ઞાતના વિશાળ પ્રદેશોને ખોલી આપશે.

ઉપર જણાવેલા સમર્પણના સામાન્ય ભાવને જીવનની વિગતોમાં ઉતારવા માટે તમારે નીચે પ્રમાણે કરવું જોઈએ. આખો વખત ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં

રહેતાં શીખો. પ્રભુની એ પ્રત્યક્ષ હાજરી જ તમને હલાવીચલાવી રહી છે તથા તમે કરો છો તે સઘળું તમારી અંદર તે જ કરી રહી છે એવું સતત અનુભવી તેમાં જીવન ધારણ કરો. તમારી સર્વ ક્રિયાઓ તેને સમર્પણ કરો. તમારી કેવળ માનસિક ક્રિયાઓ જ નહિ—પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવ માત્ર જ નહિ, પરંતુ તદ્દન સામાન્ય અને બહિર્મુખ ગણાતી ક્રિયાઓ, જેવી કે ખાવાપીવાની પણ તેને જ સમર્પણ કરો. જ્યારે ખાઓ ત્યારે પણ ભગવાન તમારા દ્વારા ભાગ લે છે એવો ભાવ અનુભવો. જ્યારે તમારી સઘળી ક્રિયાઓ, એટલે કે પ્રવૃત્તિઓ, આ એક અખંડ જીવનપ્રવાહમાં એકત્ર કરી શકશો ત્યારે તમારામાં અત્યારે જે ભેદ છે, બેવડું જીવન છે, તેને ઠેકાણે અભેદ યાને એકતા સ્થાપન થશે. ત્યાર પછીથી તમારા જીવનનો એક ભાગ ભગવાનને અર્પણ થયેલો અને બીજા બધા ભાગો સામાન્ય જીવનના હેતુઓને વરેલા તથા સામાન્ય વસ્તુઓમાં ગૂંચાયેલા, એવી દ્વિધા વિભકત સ્થિતિ ટકી નહિ રહે. તમારું સમગ્ર જીવન યોગસાધનામાં ભાગ લેવા માંડે છે, અને તમારી અંદર પ્રકૃતિનું સમગ્ર રૂપાંતર ક્રમે ક્રમે થવા માંડે છે.

પૂર્ણયોગની સાધનામાં આપણે સમગ્ર જીવનનું છેક નાનામાં નાની વિગત સુધી રૂપાંતર સાધવાનું છે, તેને દિવ્યતામાં પરિણત કરવાનું છે. એ કાર્યમાં કશું પણ 'નજીવું', કશું પણ 'નકામું' કે એમ ને એમ રહેવા દેવાનું છે જ નહિ. 'જ્યારે હું ધ્યાન કરીશ, કે તત્ત્વજ્ઞાનનું પુસ્તક વાંચીશ, યા તો આ વાર્તાલાપ સાંભળું છું તે દરમિયાન હું ભગવાનની જ્યોતિ પ્રત્યે મારી જાતને ખુલ્લી રાખીશ, અને તેને માટે હૃદયમાં અભીપ્સા જાગ્રત કરીશ. પરંતુ જ્યારે હું ફરવા માટે યા તો મારા મિત્રોને મળવા માટે જાઉં ત્યારે એ બાબત તદ્દન ભૂલી જાઉં તો પણ ચાલી શકે.' એ પ્રમાણે તમે આ યોગસાધનામાં કહી શકતા નથી. આ જાતની વૃત્તિ કે વલણને કાયમ રાખવું એનો અર્થ તો એ થાય કે તમે રૂપાંતર પામ્યા વિનાના રહેશો, અને ભગવાન જોડે કદી પણ સાચી એકતા નહિ સાધી શકો. તમારી પ્રકૃતિમાં હમેશને માટે બે ભાગ પડેલા જ રહેવાના. એ પ્રમાણે કરવાથી બહુ બહુ તો તમને ઊંચા આધ્યાત્મિક જીવનની ફકત ઝાંખી જ થવાની. કેટલીક અનુભૂતિઓ અને સાક્ષાત્કારો તમે ધ્યાન કરતા હો ત્યારે, યા તો તમારી આંતર ચેતનામાં, તમે અનુભવો એ બનવાજોગ છે. પરંતુ તમારી સ્થૂળ શારીરિક ચેતના અને તમારું બહિર્મુખ જીવન બદલાયા વિનાનું રહી જવાનું. જે આંતર સાક્ષાત્કાર યા તો આંતર જ્ઞાનજ્યોતિનો અનુભવ સ્થૂળ દેહનો તથા બહિર્મુખ જીવનનો સ્વીકાર કરતો નથી તે કશા ઉપયોગનો નથી. કારણ કે તેથી જગત જેવું છે તેવું ને તેવું જ, રૂપાંતર થયા વગરનું રહે છે. અત્યાર સુધી એ જ પ્રમાણે સતત

બનતું આવેલું છે. જેઓને ઘણા જ મહાન અને સમર્થ સાક્ષાત્કારો થતા તેવા સાધકો પણ પોતાની આંતર શાંતિમાં અક્ષુબ્ધપણે રહેવા માટે જગતથી દૂર થઈ જતા. અને જગત પોતાની ઘરેડમાં ચાલ્યા કરતું, દુઃખ અને મૂઢતામાં પડયું રહેતું. જીવનની આ સ્થૂલ પાર્થિવ ભૂમિકા ઉપર મૃત્યુનું અને અજ્ઞાનનું સામ્રાજ્ય નિષ્કંટકપણે ચાલુ રહેતું. જેઓ એ પ્રમાણે સંસારથી દૂર થઈ જાય છે તેમને માટે એ આપત્તિઓમાંથી ઊગરી જવું, મુશ્કેલીથી પરાઙ્મુખ થવું, અને કોઈ બીજી અપાર્થિવ ભૂમિકામાં સુખી સ્થિતિ પ્રાપ્ત કરી તેમાં મગ્ન રહેવું એ વધારે આનંદદાયી હોય એ બનવા જોગ છે. પરંતુ સંસાર અને જીવનને તેઓ પલટાયા વિનાનાં જ મૂકે છે. વળી એવા સાધકોની પોતાની બહિર્મુખ ચેતના તથા તેમની સ્થૂળ શારિરીક ચેતના પણ જેવી હોય છે તેવી જ અસંસ્કૃત, અરૂપાંતરિત રહે છે. પોતાની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાંથી જ્યારે તેઓ આ સ્થૂલ ભૂમિકા ઉપર પાછા ફરે છે ત્યારે ઘણું ખરું તેમનું વર્તન સામાન્ય માણસો કરતાં પણ ઊતરતા પ્રકારનું હોવાનું સંભવે છે. કારણ કે તેમણે પાર્થિવ વસ્તુઓ ઉપરનો કાબૂ ગુમાવી દીધેલો હોય છે. સ્થૂલ જીવન સાથેનો તેમનો વ્યવહાર કઢંગો અને નિર્બળ બની જાય છે. પ્રત્યેક ક્ષણે ગમે તે બળો તેમના વ્યવહાર ઉપર અસર કરી જાય છે.

જે સાધકોને એ પ્રકારનો આદર્શ માન્ય હોય તેમને માટે તે લાભદાયી પણ નીવડે. પરંતુ આપણી યોગસાધનાનો માર્ગ એ નથી. આપણે તો આ જગત ઉપર, જીવનની સઘળી ક્રિયાઓ ઉપર પ્રભુનો વિજય થાય એવું માગીએ છીએ. આપણે ભગવાનને અહીં, આ પાર્થિવ જગતમાં પ્રાપ્ત કરવા માગીએ છીએ. અને સમગ્ર જીવનમાં જો આપણે ભગવાનનું જ સામ્રાજ્ય વાંછતા હોઈએ તો આપણી પાસે જે કાંઈ હોય, આપણી પોતાની સમગ્ર જાત, અને આપણે જે જે કરતા હોઈએ તે સઘળું આપણે ભગવાનને સમર્પણ કરવું જોઈએ. કોઈ પણ બાબત 'નજીવી છે, નાની છે' એમ માનવાનો, યા તો 'બહિર્મુખ જીવન અને તેની પાર્થિવ જરૂરિયાતો કાંઈ દિવ્ય ભાગવત જીવનનો ભાગ નથી' એમ કહેવાનો કશો અર્થ નથી. એ પ્રમાણે જો માનીશું તો અત્યારે આપણે જ્યાં છીએ ત્યાં ને ત્યાં જ રહીશું. અને પાર્થિવ જગત ઉપર પ્રભુનો વિજય પ્રાપ્ત નહિ કરી શકાય, પાર્થિવ ભૂમિકા ઉપર કશું ચિરસ્થાયી સ્થાપિત કરી નહિ શકાય.

'જે સાધકો સાધનામાં આગળ વધેલા હોય છે તેઓ આ પાર્થિવ ભૂમિકા ઉપર પાછા આવે છે ખરા ?'

હા, આ ભૂમિકાનું રૂપાંતર કરવાનો સંકલ્પ તેમનામાં હોય તો. અને એ સંકલ્પવાળો સાધક જેમ વધારે આગળ ગયેલો તેમ તે પાછો ફરવાની વકી પણ

વધારે સમજવી. વળી જેઓ સંસારમાંથી દૂર જતા રહેવાની ઇચ્છા રાખે છે તેમને પણ જ્યારે તેઓ પેલી પાર જાય છે ત્યારે માલૂમ પડે છે કે સંસારમાંથી દૂર નાસી જવાથી તેમને આખરે કાંઈ બહુ લાભ થયો નથી.

'હું ઘણી ઉચ્ચ ભૂમિકામાં જઈને પાછો ફર્યો છું, એવું સ્મરણ ઘણા જણને રહે છે ખરું ?'

જ્યારે તમે ચેતનાની અમુક અવસ્થાને પ્રાપ્ત કરો ત્યારે તે સ્મૃતિ રહે છે. થોડાક સમય માટે, થોડે અંશે ચેતનાની એ સ્થિતિનો સ્પર્શ કરવો એ કાંઈ એટલું બધું અઘરું નથી. સુષુપ્તિની અવસ્થામાં, સ્વપ્નમાં યા તો ધ્યાનમાં કેટલીક વાર સાધકને લાગે છે કે પોતે આ પૃથ્વી ઉપર પૂર્વે હતો, તથા પોતાને અમુક સાક્ષાત્કાર થયો હતો, અને અમુક સત્યો પોતે જાણે છે. પરંતુ એ સાક્ષાત્કાર કાંઈ સંપૂર્ણ નથી હોતો. એનો સંપૂર્ણ સાક્ષાત્કાર થવા માટે આપણી અંદર જે ચિરસ્થાયી ચેતના છે અને જે આપણા ભૂત, વર્તમાન અને ભાવિ જીવનને એક સૂત્રમાં બાંધી રાખે છે તેને આપણે પ્રાપ્ત કરવી જોઈએ.

'જ્યારે મનની પ્રવૃત્તિઓમાં, યા તો બૌદ્ધિક વિષયોમાં આપણે એકાગ્ર થઈ જઈએ છીએ ત્યારે કેટલીક વાર શા માટે ભગવાનની વિસ્મૃતિ થઈ જતી હશે, યા તો તેની સાથેનો સંબંધ છૂટી જતો હશે ?'

એ પ્રમાણે ભગવાનનું વિસ્મરણ થવાનું યા તો તેનો સંબંધ છૂટી જવાનું કારણ એ છે કે હજુ તમારી ચેતના બે ભાગમાં વહેંચાયેલી છે. તમારી મનોમય ભૂમિકામાં હજી ભગવાનની પ્રતિષ્ઠા થઈ નથી. તમે હજી સુધી દિવ્ય જીવનને પૂર્ણપણે સમર્પિત થયા નથી. નહિ તો, તમે માનસિક પ્રવૃત્તિઓમાં ગમે તેટલી એકાગ્રતા કરો તોપણ ભગવાન તમને સહાય કરી રહ્યો છે, તે તમને ધારણ કરી રહ્યો છે એવી લાગણી થયા વગર નહિ રહે.

પ્રત્યેક પ્રવૃત્તિમાં, પછી ભલેને તે બુદ્ધિની હોય કે ક્રિયાત્મક હોય તોપણ તમારું તો 'સ્મરણ કર અને સમર્પણ કર,' એ જ સૂત્ર હોવું જોઈએ. તમે જે કાંઈ કરતા હો તે ભગવાનને આહુતિ તરીકે અર્પણ કરો. એ ક્રિયા તમારે માટે ઘણી સરસ નિયમન રૂપ પણ નીવડશે. કારણ કે ઘણાં મૂર્ખાઈભરેલાં અને નકામાં કાર્યો કરતાં તે તમને અટકવાશે.

'ઘણી વાર કર્મની શરૂઆતમાં તમે કહ્યું તે પ્રમાણે થઈ શકે છે. પરંતુ જેમ જેમ સાધક કામમાં એકાગ્ર થતો જાય છે તેમ તેમ તે ભૂલતો જાય છે. પ્રભુનું સ્મરણ અસ્ખલિત રાખવા માટે શું કરવું જોઈએ ?'

ખરું જોતાં જે અંતિમ સ્થિતિ આપણે મેળવવાની છે, જે સ્થિતિ યોગસાધનાની વાસ્તવિક સિદ્ધિ અને અંતિમ પૂર્ણતા રૂપે છે, અને જેને માટે બાકીની બધી અવસ્થાઓ કેવળ તૈયારી રૂપે ગણી શકાય તે સ્થિતિ એટલે એક એવી ચેતનાવસ્થાની પ્રાપ્તિ કે જેમાં ભગવાન વિના કશું પણ કરવું તમારે માટે અશકય થઈ પડે. કારણ કે, તમે જો ભગવાનથી વિખૂટા થઈ જાઓ તો તમારા કર્મનું મૂળ જ લુપ્ત થઈ જાય છે, જ્ઞાન, શકિત સઘળું ચાલ્યું જ જાય. પરંતુ જ્યાં સુધી તમે વાપરો છો તે શકિત તમને તમારી પોતાની આગવી જ લાગતી હોય ત્યાં સુધી ભગવાનની સહાયની ખોટ તમને સાલશે નહિ.

સાધનાની શરૂઆતમાં સાધક ભગવાનને વારે વારે ભૂલી જાય એ બનવા જોગ છે. સતત જાગ્રત અભીપ્સા વડે પ્રભુનું સ્મરણ વધારી શકાય છે અને વિસ્મૃતિને ઘટાડી શકાય છે. પણ એ અભીપ્સા જાગ્રત રાખવાનું કામ કઠિન નિયમન, કે કડક ફરજ તરીકે કરવાનું નથી. પ્રેમથી અને આનંદથી એ ક્રિયા થવી જોઈએ. એમ થયા પછી થોડા સમયમાં એવી સ્થિતિ આવશે કે જો તમે પ્રતિ ક્ષણે, ગમે તે કાર્ય કરતાં પણ ભગવાનની હાજરી નહિ અનુભવો તો તમે નિર્જનમાં હો એવું તમને લાગવા માંડશે, તમે શોકાતુર થઈ જશો, દુ:ખમાં ડૂબી જશો.

જો તમે ભગવાનની હાજરી વિના કાંઈ પણ કાર્ય કરી શકો, અને છતાં કશી બેચેની ન અનુભવો તો જાણવું કે તમારી પ્રકૃતિનો તે ભાગ તમે ભગવાનને સમર્પણ કર્યો નથી. સામાન્ય માનવ એ જ રીતે જીવે છે. તેને ભગવાનની કશી જરૂર જણાતી નથી. પરંતુ દિવ્ય જીવન ગાળવાની અભીપ્સાવાળા સાધકની બાબત તદ્દન જુદી જ હોય છે. ભગવાન જોડે સંપૂર્ણપણે એકતા સિદ્ધ કરી લીધા પછી જો ભગવાન તમારાથી એક વિપળ માટે પણ દૂર થઈ જાય તો તમારું મૃત્યુ જ નીપજે. કારણ કે એ અનુભવ પછી ભગવાન તમારા પ્રાણનો પણ પ્રાણ, તમારું સમગ્ર જીવન, તમારું એક અને અનન્ય શરણ, તમારો એક અને સંપૂર્ણ આશ્રય બની રહે છે. ભગવાન ન હોય તો તમારે માટે કશું જ રહેતું નથી.

'સાધનાના આરંભમાં સામાન્ય પુસ્તકો વાંચવાથી સાધકને લાભ થાય ખરો ?'

તમે પવિત્ર અને ધાર્મિક પુસ્તકો વાંચતા હો અને તે છતાં ભગવાનથી ઘણા ઘણા દૂર હો એમ બની શકે. અને કેવળ અર્થ વગરનાં પુસ્તકો વાંચતા હો છતાં પણ તમે ભગવાન જોડે સંબંધ જાળવી શકો. જેનામાં રૂપાંતર સિદ્ધ થયેલું છે એવી ચેતના અને તેની ક્રિયા કેવા પ્રકારની હોઈ શકે તેનો ખ્યાલ

જાતઅનુભવ વિના આવવો અશકય છે. ભગવાન સાથે ચેતનાની એકતાવાળી એક એવી અવસ્થા છે જેમાં તમે જે કાંઈ, તદ્દન નકામી ચોપડી પણ વાંચો, તેમાં આનંદ લઈ શકો છો. તમે જે કાંઈ અવલોકો, (પછી તે તદ્દન નજીવું દૃશ્ય હોય તોપણ) તેમાં આનંદ લઈ શકો છો. તમે તદ્દન માલ વગરનું, ક્ષુદ્ર સંગીત સાંભળો, એવું કે જેનાથી માણસો દૂર ભાગવાનું કરે, અને છતાં તેમાં આનંદ લઈ શકો છો. અલબત્ત તે આનંદ સંગીતના બાહ્ય સ્વરૂપમાં નહિ, પરંતુ તેની પાછળ તેને પ્રેરી રહેલ વસ્તુમાં હશે. એનો અર્થ એવો નથી કે સારા અને નઠારા સંગીત વચ્ચેનો વિવેક તમે ગુમાવી દેશો. પરન્તુ એ બન્નેથી પર થઈને તેમના દ્વારા જે વસ્તુ પ્રગટ થાય છે તેને તમે સાંભળી શકશો. કારણ કે ભગવાનમાં જેનો અંતિમ આશ્રય અને છેવટનું સત્ય ન હોય એવી એક પણ ચીજ આ જગતમાં છે જ નહિ. એટલે જો તમે વસ્તુના સ્થૂળ, નૈતિક કે કલાપ્રધાન સ્વરૂપ આગળ અટકી ન જાઓ, પરંતુ તેનાથી પર થઈને બાહ્ય સ્વરૂપની પાછળ તેનો જે રસાત્મા છે, વસ્તુ માત્રમાં રહેલ જે ભગવદ્-અંશ છે તેનો સ્પર્શ કરો તો સામાન્ય ઇન્દ્રિયોને જે દૃશ્ય દુ:ખકર અને તાલ વિનાનુ, બેસૂરું લાગે છે તેના દ્વારા પણ તમે સૌન્દર્ય, રસ તથા આનંદને પ્રાપ્ત કરી શકો.

'કોઈ માણસના ભૂતકાળની સમજૂતી આપતાં એમ કહી શકાય ખરું કે તેના ભૂતકાળમાં જે કાંઈ બન્યું તે બનવાનું હતું યા તો બનવું જોઈતું હતું?'

એ તો દેખીતું જ છે કે જે કાંઈ બન્યું તે બનવાનું હતું. જો તે નિર્માણ ન હોત તો બની આવત નહિ. આપણે જે ભૂલો કરી છે, આપણા ઉપર જે વીતકો વીત્યાં છે તે પણ બનવાનાં હતાં, કારણ કે તેમ થવાની જરૂર હતી, આપણા જીવન માટે તેમની કોઈ ઉપયોગિતા હતી. પરંતુ, ખરી રીતે આવી બાબતો બુદ્ધિથી સમજાવી શકાય તેવી હોતી નથી, અને તેમ કરવું પણ ન જોઈએ. કારણ કે જે કાંઈ બન્યું તે 'જરૂરનું' હતું એ ખરું, પરંતુ તે કાંઈ માનવની બુદ્ધિને ગમ્ય એવા કોઈ માનસિક કારણને લઈને 'જરૂરનું' ન હતું. માનવનું મન કલ્પના કરી શકે તેનાથી પણ પર રહેલી કોઈ વસ્તુ પ્રત્યે આપણને દોરી જવા માટે તે બનેલું છે. અને આખરે જોવા જાઓ તો એવા પ્રકારની સમજૂતીની જરૂર હોય છે ખરી? આખું વિશ્વ પ્રતિ ક્ષણે સઘળી બાબતોની સમજૂતી આપી જ રહેલું છે. વિશ્વ સમસ્ત અમુક પ્રકારનું છે તે કારણને લઈને જ અમુક એક વિશિષ્ટ ઘટના બનવા પામે છે. પણ પાછો એનો અર્થ એ નથી થતો કે પ્રકૃતિના અનુલ્લંઘ્ય નિયમોને અંધ ભાવે અનુમતિ આપવાને આપણે બંધાયેલા છીએ. તમે

ભૂતકાળને એક નિશ્ચિત ઘટના તરીકે સ્વીકારી શકો છો તથા તેમાં રહેલી આવશ્યકતાને જોઈ શકો છો, અને છતાં એ રીતે મળેલા અનુભવનો તમારા વર્તમાનને અને ભાવિને જ્ઞાનપૂર્વક દોરવાની અને ઘડવાની શકિત ઊભી કરવામાં ઉપયોગ કરી શકો છો.

'કોઈ પણ ઘટનાનો કાળ પણ ભગવાનની મહાન યોજનામાં આગળથી નિશ્ચિત થયેલો હોય છે ખરો?'

એ પ્રશ્નના ઉત્તરનો આધાર માણસ કઈ ભૂમિકા ઉપરથી જુએ છે અને બોલે છે તેના ઉપર રહેલો છે. ચેતનાની એક એવી ભૂમિકા છે કે જ્યાં સર્વ જ્ઞાન સંપૂર્ણપણે વિદ્યમાન હોય છે, જ્યાં આખા વિશ્વની યોજના આગળથી જાણવામાં તથા નિર્મિત કરવામાં આવે છે. એ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે વિજ્ઞાનની છેક ઉચ્ચતમ ભૂમિકાઓમાં. એ દૃષ્ટિ એટલે સ્વયં ભગવાનની જ ઈશ્વરી દૃષ્ટિ. પરંતુ જ્યારે આપણે એ ચેતનામાં જીવન ધારણ કરતા હોઈએ નહિ ત્યારે તે ભૂમિકામાં યા તો તે સ્થિતિ પૂરતું જે સાચું અને વાસ્તવિક હોય તેને લગતા કેવળ શબ્દો વાપરવા નકામા છે. ચેતનાની નિમ્ન ભૂમિકામાં કશું પણ આગળથી તૈયાર કે નક્કી કરવામાં આવતું જ નથી. ત્યાં તો સઘળું સર્જનની પ્રક્રિયામાં હોય છે. એ ભૂમિકામાં આગળથી નક્કી કરી મૂકેલી એવી ઘટના છે જ નહિ. ત્યાં તો શકયતાઓની લીલા ચાલતી હોય છે. અનેક શકયતાઓની અથડાઅથડી-માંથી પસાર થતાં થતાં જે બનવાનું હોય છે તેનો સાક્ષાત્કાર થાય છે. આ ભૂમિકા પર આપણી મરજીને, પસંદગીને સ્થાન છે. એક શકયતાનો ઇન્કાર કરીને બીજાનો આપણે સ્વીકાર કરી શકીએ છીએ. આપણે એક માર્ગ સ્વીકારીને બીજાને છોડી દઈ શકીએ છીએ. અત્યારે બની રહેલી ઘટના ઉચ્ચતર ભૂમિકામાં પહેલેથી જોવામાં આવી હોય, નિર્માણ થઈ ચૂકી હોય, તે છતાં આપણે એ પ્રમાણે કરી શકીએ છીએ.

પરમ ભાગવત ચેતના, પુરુષોત્તમની ચેતના, આગળથી બધું જ જાણે છે, કારણ કે તેની સનાતનતામાં સઘળું સિદ્ધ થયેલું હોય છે. પરંતુ પોતાની લીલાને ખાતર અને તેના પોતાના પરમ દિવ્ય સ્વરૂપમાં જે નિર્માણ થઈ ચૂકેલું છે તેનો સ્થૂલ પાર્થિવ ભૂમિકા ઉપર અમલ કરવા ખાતર તે આ પાર્થિવ ભૂમિકા ઉપર જાણે કે પોતાને આખી વાતની ખબર જ ન હોય તેમ, અજાણ્યાની પેઠે વર્તે છે. પોતે જાણે કોઈ તદ્દન નવો અને નહિ અજમાવેલો તાણો લઈને પટ વણતી હોય એ પ્રમાણે તે કાર્ય કરે છે. ચેતનાની ઊર્ધ્વ ભૂમિકામાંના પોતાના પૂર્વજ્ઞાનનું આ બાહ્ય વિસ્મરણ થવાથી જ જીવનવ્યવહારમાં વ્યકિતમાં પોતાની સ્વાધીનતા,

સ્વતંત્રતા અને નવીન આરંભો કરવાની શકિતનું ભાન પ્રગટે છે. વ્યકિતમાં રહેલાં એ તત્ત્વો દિવ્ય ચેતનાએ પોતાના વ્યવહાર માટે ઉપજાવેલાં સાધનો છે. અને બીજી ભૂમિકાઓ પર પહેલેથી યોજાયેલી અને જોવાયેલી વસ્તુઓ આ જ સાધનો દ્વારા અહીં સિદ્ધ થાય છે.

જો તમે નાટકના નટનું ઉદાહરણ લેશો તો આ વિષય સમજવામાં તમને મદદ થશે. પોતાને ભજવવાનો બધો પાઠ તેને માલૂમ હોય છે. રંગભૂમિ ઉપર શું બનવાનું છે તેનો યથાર્થ ક્રમ પણ તેના મનમાં હોય છે. પરંતુ જ્યારે તે રંગભૂમિ ઉપર આવે છે, ત્યારે જાણે પોતે કશું જ જાણતો નથી એ પ્રમાણે તેને દેખાવ ધારણ કરવાનો હોય છે. પોતે જાણે પહેલી વાર જ બધી બાબતો અનુભવતો હોય એવી રીતે તેણે ભાવ અનુભવવાનો હોય છે, તથા તેવી જ રીતે અભિનય કરવાનો હોય છે. જાણે કે કોઈ અણધારી શકયતાઓથી ભરેલો, હવે શું થશે, શું નહિ થાય, એવા પ્રશ્નોની આશ્ચર્યકારક અનિશ્ચિતતાથી ભરેલો કોઈ તદ્દન નવી દુનિયાનો પટ પોતાની દૃષ્ટિ આગળ ખૂલતો હોય તે પ્રમાણે તેણે વર્તવાનું હોય છે.

'તો પછી ખરેખર સાચી સ્વતંત્રતા શું છે જ નહિ ? સઘળું આગળથી જ નિર્માણ થઈ ચૂકેલું હોય છે, આપણી સ્વતંત્રતા સુધ્ધાં ? તો પછી પ્રારબ્ધવાદ જ શું ઉચ્ચમાં ઉચ્ચ રહસ્ય છે ?'

સ્વતંત્રતા અને પ્રારબ્ધ, સંપૂર્ણ સ્વતંત્રતા અને નિર્મિત પ્રારબ્ધ એ બંને ચેતનાની જુદી જુદી ભૂમિકા ઉપર આવી રહેલાં સત્યો છે. અને માનવ-મનનું અજ્ઞાન જ એ બંનેને એક ભૂમિકા ઉપર મૂકે છે, તથા એકની સામે બીજાનો વિરોધ જુએ છે. ચેતના કાંઈ એક અખંડ અને એકરૂપ વાસ્તવિકતા નથી, એ ઘણી સંકુલ વસ્તુ છે. તે આપણી સીધી સપાટ દિશા જેવી એક જ દિશામાનવાળી હોતી નથી, એ તો અનેક દિશામાં પ્રસરેલી છે. ચેતનાની નિસરણીના સૌથી ઉચ્ચ સોપાન ઉપર પુરુષોત્તમ, સ્વયં ભગવાન છે, અને છેક નિમ્નતામાં, ઊંડાણમાં જડ પદાર્થતત્ત્વ રહેલું છે અને એ બેની વચ્ચે ચેતનાની અનંત ભૂમિકાઓની ચઢતી-ઊતરતી શ્રેણીઓ આવી રહેલી છે.

પાર્થિવ ભૂમિકામાં અને ચેતનાની સામાન્ય દશામાં તમે પ્રકૃતિથી બધી રીતે બંધાયેલા છો, મુકત નથી. પ્રકૃતિની યાંત્રિક રચનાના ગુલામ હોઈ તમે એ ભૂમિકામાં કર્મની સાંકળથી જકડાયેલા છો. એ કર્મની સાંકળમાં તો જે કાંઈ

બને છે તે આગળ કરેલાં કર્મોના અચૂક અને અપરિહાર્ય પરિપાક રૂપે હોય છે. એમાં તમે સ્વતંત્ર ગતિ કરો છો એવી ભ્રમણા હોય છે ખરી. પરંતુ ખરું જોતાં બીજાં બધાં કરતાં હોય છે તે જ પ્રવૃત્તિ તમે પણ ફરી ફરીને કરતાં હો છો. તમે માત્ર વિરાટમાંથી થતી પ્રકૃતિની ગતિનો પડઘો પાડતા હો છો. સર્વને કચરતા પ્રકૃતિના વિરાટ ચક્રના પર તમે અવશપણે, નિરાધારપણે, આરૂઢ થઈને ગોળ ગોળ ફરતા હો છો.

પણ એમ થવું જ જોઈએ એમ નથી. તમે ધારો તો તમારું સ્થાન બદલી શકો છો. નિમ્ન ભૂમિકામાં રહીને પ્રકૃતિના યંત્રમાં ચગદાવાને બદલે, યા તો કેવળ પૂતળાની પેઠે તેની જોડે ગોળ ગોળ ફરવાને બદલે તમે તેનાથી ઊંચે થઈ જઈ શકો છો, પર થઈ શકો છો; અને ઊર્ધ્વમાં જઈ ઉપર રહ્યા રહ્યા તેની પર દૃષ્ટિ કરી શકો છો, અને તમારી ચેતનામાં પરિવર્તન કરો તો તેને પરિણામે દેખીતી રીતે અનિવાર્ય ગણાતા એવા સંજોગોને પલટાવી શકે, તથા સ્થિર થઈ ચૂકેલી પરિસ્થિતિને બદલી શકે એવી કોઈ કળ પણ તમે હાથ કરી શકો છો, પ્રકૃતિના વંટોળમાંથી એક વાર તમારી જાતને ખેંચી લઈને તેનાથી પર ભૂમિકામાં સ્થિર થતાં તમને માલૂમ પડશે કે તમે મુકત છો, સર્વ પ્રકારનાં બંધનની ગુલામીમાંથી મુકત છો. ત્યાર પછી તમે કેવળ નિષ્ક્રિય કરણ રૂપ નહિ, પરંતુ સક્રિય માધ્યમ બનો છો. ત્યાર પછી તમારાં કર્મનાં ફળ તમને બંધનકર્તા થતાં નથી. એટલું જ નહિ, પણ તમે તે ફળને પણ બદલી શકો છો. જીવનમાં આવી રહેલી વિધવિધ શકિતઓની લીલાને તમે જોઈ લો અને તમારી ચેતનાને એ શકિતઓનું જ્યાં ઉદ્‌ભવસ્થાન છે તે ભૂમિકા ઉપર એક વાર ઊંચે લઈ જાઓ, તથા તે વિશ્વસર્જક ઉદ્‌ભવસ્થાનો સાથે તમારી ચેતનાની એકતા સાધો એટલે પછી તમે સંચાલિતની ભૂમિકામાંથી નીકળી જઈને સંચાલકની ભૂમિના બની રહેશો.

કર્મના ચક્રમાંથી નીકળી ભગવાનની દિવ્ય ગતિમાં પ્રવેશ કરવો એ જ યોગસાધનાનો એક માત્ર હેતુ છે. તમે જેમાં અજ્ઞાન ગુલામ અને નિરાધાર તથા દયાજનક કરણ રૂપ છો એવી પ્રકૃતિની યાંત્રિક ગતિમાંથી યોગસાધના વડે તમે બહાર નીકળી જાઓ છો, અને ચેતનાની એવી ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરો છો કે જેમાં તમે ઉચ્ચતર ભાવિને મૂર્ત કરવામાં એક સજ્ઞાન ભાગીદાર તથા સક્રિય માધ્યમ બનો છો. ચેતનાની એ ગતિ બે પ્રકારનું રૂપ લે છે. પ્રથમ તો તે આરોહણ સાધે છે, એટલે કે સ્થૂલ પાર્થિવ ભૂમિકામાં બદ્ધ થયેલ અવસ્થા-માંથી તમે તમારી ચેતનાને મુકત કરીને ઊર્ધ્વ ભૂમિકાઓમાં લઈ જાઓ છો.

નિમ્ન ચેતનાના એ આરોહણના પ્રત્યુત્તર રૂપે ઊર્ધ્વ ભૂમિકામાં રહેલી દિવ્ય ચેતના નિમ્નમાં અવતરણ કરે છે. જ્યારે તમે પાર્થિવ ભૂમિકાથી પર જાઓ છો ત્યારે ઉપરની ભૂમિકામાંથી પણ તમે કાંઈક સાથે લઈને, થોડી જ્ઞાનજ્યોતિ, યા તો રૂપાંતર કરી શકે એવી શકિત, યા તો પાર્થિવ પ્રકૃતિના જૂના સ્વરૂપમાં રૂપાંતર કરવાનું દબાણ કરે એવી કાંઈક શકિત લઈને પાછા ફરો છો. ત્યાર પછી તમારામાં એકબીજાથી ભિન્ન, સંબંધ વિનાની, અને જુદી જુદી પ્રકૃતિવાળી ઊર્ધ્વ અને નિમ્ન વસ્તુઓ, એટલે કે તમારી ચેતનાના આંતર અને બહિર્મુખ સ્તર બન્ને એકબીજાને મળે છે, ધીમે ધીમે જોડાઈ જાય છે, એકસૂર થઈ રહે છે અને આખરે ઓગળીને એકરૂપ અને એકરસ થઈ જાય છે.

માણસો જેને ચમત્કાર કહે છે તે પણ આ રીતે બને છે. આ જગત ચેતનાની અનંત ભૂમિકાઓનું બનેલું છે, અને પ્રત્યેક ભૂમિકા પર તેના પોતાના વિશિષ્ટ નિયમો કાર્ય કરી રહેલા હોય છે. એક ભૂમિકાના નિયમો બીજીમાં લાગુ પડી શકતા નથી. ચમત્કાર એટલે આપણી પાર્થિવ ભૂમિકા ઉપર કોઈ બીજી ભૂમિકા ઉપરની ચેતનાનું તથા તેની શકિતનું ઓચિંતું અવતરણ. ઘણુંખરું એ શકિતઓ પ્રાણમય ભૂમિકાની હોય છે. આપણી પાર્થિવ ભૂમિકાની કાર્યકારણતામાં ઉપરની ભૂમિકાની કોઈ કાર્યકારણતા ઊતરી આવે છે. આપણી સામાન્ય ચેતનાનાં વાદળાં ચીરીને વીજળીના કડાકો થાય અને તેમાં બીજી શકિતઓ, બીજી ગતિઓ અને જુદાં પરિણામો સરરર કરતાં ઊતરી આવે તેના જેવું એ કાર્ય હોય છે. એવા કાર્યના પરિણામને આપણે ચમત્કાર કહીએ છીએ; કારણ કે આપણી સામાન્ય ભૂમિકામાં કાર્ય કરી રહેલા નિયમોમાં ઓચિંતો ફેર પડેલો આપણને જણાય છે, કોઈએ અણધારી દખલ કરી હોય એમ લાગે છે, પણ એ પરિણામનો અનુક્રમ કે તેનું કારણ આપણે જાણતા નથી કે જોઈ પણ શકતા નથી. કેમ કે તે ચમત્કારનું મૂળ બીજી જ ભૂમિકામાં રહેલું હોય છે. આપણી પાર્થિવ ભૂમિકા ઉપર એ પ્રમાણે ઊર્ધ્વ ભૂમિકાઓના હુમલા તદ્દન વિરલ યા તો અજાણ્યા નથી. ઘણુંખરું તો એવી ઘટનાઓ સતત બન્યા જ કરતી હોય છે અને આપણને દૃષ્ટિ હોય, તથા કેવી રીતે જોવું તે આપણે જાણતા હોઈએ તો આપણને પુષ્કળ ચમત્કારો બનતા જણાશે. અહીં નીચે પૃથ્વીની ચેતનામાં ઊર્ધ્વ ચેતનાનું અવતરણ કરવાનો પ્રયત્ન કરતા હોય તેવા સાધકોના જીવનમાં તો એવી ચમત્કારિક ઘટનાઓ ખાસ કરીને સતત બનતી રહે છે.

'આપણી સૃષ્ટિનું કોઈ નિશ્ચિત લક્ષ્ય છે ખરું? સઘળું વિશ્વ જેના પ્રત્યે ગતિ કરી રહેલું હોય એવું કોઈ અંતિમ ધ્યેય છે ખરું ?'

ના. વિશ્વ છે પોતાની જાતને અનંત કાળથી પ્રકટ કરી રહેલી એક ગતિ, તેમાં છેવટનું ગણાય એવું કોઈ માત્ર લક્ષ્ય નક્કી કરી શકાય તેમ નથી. પરંતુ કર્મ કરવા પૂરતા આપણે વિશ્વની ગતિન વિભાગ કરવા પડે છે, જો કે ગતિ પોતે તો અનંત જ છે, અને આપણું લક્ષ્ય 'આ' છે કે 'તે' છે એવું આપણે કહેવું પડે છે. કારણ કે કર્મોની અંદર આપણું ધ્યાન સ્થિર કરવા માટે કોઈ નિશ્ચિત બિંદુની, ધ્યેયની આપણને જરૂર રહે છે. કોઈ પણ ચિત્ર કરવા માટે રંગ અને વિભાગોની વહેંચણીવાળી નિશ્ચિત યોજનાની જરૂર પડે છે, ચિત્રમાં મર્યાદાઓ મૂકવી પડે છે. આખું ચિત્ર એક ચોક્કસ ફ્રેમમાં, ચોકઠામાં, મૂકવું પડે છે. પરંતુ એ મર્યાદાઓ અવાસ્તવિક છે, અને ફ્રેમ પણ કેવળ સગવડ ખાતર અને રૂઢિને લઈને હોય છે. વિશ્વરૂપી ચિત્ર ઘણું વિસ્તીર્ણ છે. એટલું જ નહીં, પરંતુ સનાતન કાળમાં સતત ગતિમાન હોઈ કોઈ પણ ચોકઠા કરતાં તે વિશાળ જ રહેવાનું. એટલે તે ચિત્રપટના દરેક ભાગને અનંત તખ્તી-ઓની શ્રેણીમાં મૂકીને આપણો હેતુ 'આ' છે કે 'તે' છે એમ આપણે કહીએ છીએ ખરા, છતાં આપણે જાણીએ છીએ કે એ તો માત્ર તેનાથી પર રહેલા બીજા ચિત્રનો આરંભ માત્ર જ છે. એ પ્રમાણે વિશ્વની ચિત્રશ્રેણી હમેશાં આગળ ને આગળ વિકસતી જ જાય છે, તે કદી અટકતી જ નથી.

૫ મે ૧૯૨૯

'બુદ્ધિનું પોતાનું ચોકકસ કાર્ય શું છે? સાધનામાં બુદ્ધિ સહાયક છે કે બાધક?'

બુદ્ધિ સહાયક બને કે બાધક તેનો આધાર વ્યકિતના ઉપર તથા બુદ્ધિનો જે રીતે ઉપયોગ કરવામાં આવે છે તેના ઉપર રહેલો છે. બુદ્ધિની એક પ્રકારની ગતિ સાચી છે, અને બીજા પ્રકારની ગતિ ખોટી પણ છે. એક મદદ કરે છે. બીજી બાધા કરે છે. બુદ્ધિ પોતાનું મહત્ત્વ જોઈએ તે કરતાં વધારે આંકે છે, તથા ફકત પોતાની ખાતર જ આત્મસંતોષ શોધે છે તે બુદ્ધિ ઉચ્ચમાં ઉચ્ચ સાક્ષાત્કાર થવામાં બાધક નીવડે છે.

પરંતુ આ સત્ય કેવળ બુદ્ધિને જ લાગુ પડે છે એમ સમજવાનું નથી, માનવની બધી જ શકિતઓ માટે સામાન્ય રીતે સાચું છે. દાખલા તરીકે, સામાન્ય જીવનમાં પ્રાણની કામનાઓની યા તો પાશવ વાસનાઓની સર્વતોમુખી અંધ તૃપ્તિમાં રચ્યાપચ્યા રહેવાની વૃત્તિને માણસો સદ્‌ગુણ તરીકે ગણતા નથી, તેમાં નીતિની ભાવનાને શાસક તરીકે સ્વીકારવામાં આવે છે. એટલે કે કામનાઓની કે વાસનાઓની તૃપ્તિમાં માનવે કઈ સીમાઓ ન ઉલ્લંઘવી જોઈએ એ નીતિ નક્કી કરે છે. પરંતુ બુદ્ધિની પ્રવૃત્તિઓને અંગે એવા કોઈ શાસક કે નિયામક તત્ત્વની કશી પણ જરૂર નથી એમ માણસ માની લે છે.

માનવના અંતરનું કોઈ પણ કરણ પોતાને ઉચિત સ્થાને રહે અને પોતાનો નિર્મિત ધર્મ બજાવે તો તે સહાયક થાય છે. પરંતુ પોતાના વાજબી કાર્યક્ષેત્રની મર્યાદાની બહાર તે એક પગલું પણ મૂકે કે તરત જ તે વિકૃત, અને પરિણામે અસત્ય બની જાય છે. ચેતનાની કોઈ પણ શકિત દિવ્ય ભાગવત હેતુ સાધવા માટે સંચાલિત થાય છે ત્યારે, અને તેટલા પૂરતી, તે સાચી હોય છે. પરંતુ જયારે પોતાના આત્મસંતોષને ખાતર તે પ્રવૃત્તિ આદરે છે ત્યારે તેની ગતિ અસત્ય બને છે.

બુદ્ધિનું સાચું સ્વરૂપ જોવા જાઓ તો એ જીવનમાં આભિવ્યકિતનું અને કર્મનું કરણ છે. મનસાતીત, ઉરચ ભૂમિકામાં આવી રહેલ સત્ય જ્ઞાન અને અહીં નીચે પાર્થિવ ભૂમિકામાં તેનો સાક્ષાત્કાર એ બેની વચ્ચે કાંઈક સંબંધ સ્થાપનાર

એક માધ્યમ જેવી બુદ્ધિ છે. બુદ્ધિ એ સત્ય માટે આકાર તૈયાર કરે છે, પ્રાણ તેમાં જીવનશકિત, સક્રિયતા પૂરે છે, સ્થૂલ તત્ત્વ તેમાં છેવટે આવે છે અને તેને દેહ રૂપે ધારણ કરે છે.

'અદૃશ્ય છતાં તદ્દન જીવંત અને વાસ્તવિક એવી, સાધનાનો વિરોધ કરનારી શકિતઓનો સામનો સાધકે કેવી રીતે કરવો જોઈએ?'

તમારી ચેતનાના વિકાસની ભૂમિકા ઉપર આ બાબતનો ઘણો આધાર રહેલો છે. શરૂઆતમાં જો તમારામાં કોઈ ખાસ ગૂઢ વિદ્યા અને શકિત ન હોય તો સૌથી ઉત્તમ રસ્તો એ છે કે બની શકે તેટલા શાંત અને અક્ષુબ્ધ રહેવું. તમારા ઉપરનો વિરોધી શકિતઓનો હુમલો વિરોધી સૂચના રૂપે આવતો હોય તો શાંતિથી તેને પાછો ધકેલી મૂકવા યત્ન કરવો, જેમ કોઈ જડ વસ્તુને તમે ધકેલતા હો તે જ પ્રમાણે. જેટલા પ્રમાણમાં તમે વધારે સ્થિર તેટલા તમે વધારે બળવાન થશો. સર્વ પ્રકારની આધ્યાત્મિક શકિતનો દૃઢ પાયો સમતા છે. તમારે કશાથી પણ તમારી સમતાની ધારણાનો ભંગ થવા દેવો ન જોઈએ. કારણ કે એ પ્રમાણે સમતા જાળવી શકો તો હરેક પ્રકારના હુમલાનો તમે પ્રતિકાર કરી શકશો. વળી તમારામાં જો વિવેકશકિત પૂરતી ખીલી હશે, અને વિરોધી સૂચના તમારામાં પ્રવેશ કરે તેની સાથે જ તમે તેને જોઈને પકડી શકતા થશો તો તેમને દૂર ધકેલી દેવાનું કાર્ય ઘણું સરળ થઈ પડશે. પરંતુ કેટલીક વાર એ સૂચનાઓ અજાણતાં જ, આપણી અચેતન અવસ્થામાં જ આપણામાં પ્રવેશ કરી જાય છે, અને એવે વખતે તેમનો સામનો કરવો ભારે થઈ પડે છે. જ્યારે એ પ્રમાણે થાય ત્યારે તમારે શાંત થઈને બેસવું અને ઊર્ધ્વ ભૂમિકામાંથી શાંતિનું અને ગંભીર, સ્થિર, આંતર અક્ષુબ્ધતાનું આવાહન કરવું. તમારી જાતને દૃઢ રાખો, અને સહાયતા માટે વિશ્વાસ તથા શ્રદ્ધાપૂર્વક પ્રભુને સાદ કરો. જો તમારી અભીપ્સા શુદ્ધ અને સ્થિર હશે તો તમને જરૂર સહાય મળશે.

વિરોધી શકિતઓના હુમલા અનિવાર્ય છે. તમારે તેમને માર્ગમાં આવતી કસોટી તરીકે લેખીને હિમતભેર તેમાંથી પસાર થવાનું છે. સંગ્રામ વિકટ પણ હોય, પરીક્ષા ઘણી કપરી પણ નીવડે, પરંતુ જ્યારે તમે તેને વટાવીને બહાર આવશો ત્યારે તમે કાંઈક મેળવ્યું હશે, તમે એક પગલું આગળ વધ્યા હશો. વિરોધી શકિતઓની પાછળ ચોક્કસ જરૂર કુંઠિત હશે. ને લીધે તમારો સંકલ્પ વધારે દૃઢ અને તમારી અભીપ્સા વધારે તીવ્ર બની હશે. આમ તો આ બધું તમારામાં હતું, અને તેનો પ્રયોગ પરંતુ એ પણ ખરું છે કે તમે તેમને કંઈક કારણ આપ્યું હોવાને લીધે જ શકિતઓ ઉત્પન્ન થયેલી હોય છે. જ્યાં સુધી

વિરોધી શક્તિઓને પ્રત્યુત્તર આપનાર એવો એક પણ ભાગ તમારી પોતાની પ્રકૃતિમાં રહેલો હશે ત્યાં સુધી એ શક્તિઓની દખલગીરી રહે એ તદ્દન સ્વાભાવિક છે. તમારી પ્રકૃતિમાંથી તેમને કશો પણ પ્રત્યુત્તર ન મળે, તમારી પ્રકૃતિના કોઈ પણ ભાગ ઉપર તેમનો કોઈ પણ પ્રકારનો કાબૂ ન હોય તો તેઓ જરૂર પાછી ફરી જશે, અને તમારો કેડો મૂકી દેશે. ગમે તેમ પણ તમારી આધ્યાત્મિક પ્રગતિને તેઓ અટકાવે યા તો બાધા કરી જ શકે એમ બનવું જરૂરી નથી.

વિરોધી શક્તિઓ જોડેના યુદ્ધમાં પરાજય પામવાનો કોઈ એકમાત્ર ભય હોય તો તે ભગવાનની સહાયમાં સાચા વિશ્વાસની ખામીને લીધે ઊભો થાય છે. અભીપ્સાની સહૃદયતા હમેશાં જરૂરી સહાયને ખેંચી લાવે છે. સ્થિરતા સહિત અને લાગણીપૂર્વક ભગવાનને સાદ કરવાથી અને સાક્ષાત્કાર પ્રત્યે આરોહણના કાર્યમાં તમે તદ્દન અસહાય અને અટૂલા નથી એવી ખાતરી રાખવાથી, તથા જ્યારે જરૂર હશે ત્યારે ભગવાનની સહાય અચૂક હાજર છે એવી શ્રદ્ધા વડે તમે સહેલાઈથી અને ખાતરીપૂર્વક વિજયને સર કરી શકશો.

'એ વિરોધી શક્તિઓ સાધારણ રીતે આપણી અંદરથી આવે છે કે બહારથી ?'

જો તમને એમ લાગે કે એ શક્તિઓ તમારી પોતાની અંદર આવે છે તો તમે તમારી જાતને તેમના પ્રત્યે કદાચ ખુલ્લી કરી હશે, અને તમારી અજાણમાં જ તેમણે તમારામાં ઘર કર્યું હશે. જગત એના સાચા સ્વરૂપે એક સંવાદપૂર્ણ રચના છે. પરંતુ કેટલીક સૃષ્ટિઓ એવી છે કે જ્યાં એક પ્રકારની વિકૃતિ દાખલ થવાને પરિણામે સ્વભાવનો વ્યુત્ક્રમ અને ભગવાન પ્રત્યે વિરોધ જન્મે છે. જો તમારી પ્રકૃતિમાં આ વિકૃત જગતો સાથે કોઈ પ્રકારનું સામ્ય હશે તો એ વિકૃત જગતમાં વસતાં સત્ત્વો જોડે તમે મૈત્રી કરી શકશો, અને તેમની અસરનો પૂરેપૂરો પ્રત્યુત્તર પણ આપશો. એ પ્રમાણે કેટલીક વાર બને છે પણ ખરું. પરંતુ એ સ્થિતિ બહુ સુખદ તો નથી જ હોતી. સાધકની ચેતના એકદમ આંધળી થઈ જાય છે, અને સાચાખોટાનો, સત્યાસત્યનો વિવેક તે ભૂલે છે. એવી અવસ્થામાં શું જૂદાણું છે અને શું નથી તે પણ કહી શકાતું નથી.

ગમે તેમ હોય, પરંતુ જ્યારે જ્યારે વિરોધી શક્તિઓના હુમલા આવે ત્યારે ત્યારે તે તમારી બહારથી આવે છે એવું વલણ ધારણ કરવું એ જ સૌથી વધારે ડહાપણભર્યું છે. એવે સમયે સાધકે પોતાની જાતને કહેવું, 'આ વિરોધી શક્તિ તે હું નથી. મારે ને એને કશો પણ સંબંધ નથી.' તમારી અંદર રહેલા નિમ્ન સ્તરોના આવેશો એને કામનાઓ વગેરે પ્રત્યે તથા બુદ્ધિના ઉત્પન્ન થતી

શંકાઓ તથા પ્રશ્નો પ્રત્યે પણ આ પ્રકારનું વલણ ધારણ કરવું જોઈએ. જો તેમની સાથે તમે તર્કૂા થઈ જશો તો તેમની સામે લઢવાની મુશ્કેલી ઘણી જ વધી જશે. કારણ કે તમે તમારી પોતાની જ પ્રકૃતિના એક ભાગ ઉપર વિજય મેળવવાનું મહા કપરું કાર્ય કરી રહ્યા છો એવી સતત લાગણી તમને થયા કરશે. પરંતુ એક વાર તમે કહી શકો કે, 'ના, આ વૃત્તિ તે હું નથી, મારે ને તેને કાંઈ પણ સંબંધ નથી,' તો પછી તેને વિખેરી નાખવાનું કાર્ય ઘણું સહેલું થઈ પડે છે.

'આપણી 'અંદર' અને આપણી 'બહાર' એ બે વચ્ચેના ભેદની રેખા ક્યાં આગળ આવેલી છે ?'

એ બે વચ્ચેની ભેદરેખા ઘણી બદલાતી હોય છે. તે તમારી છેક પાસે યે હોય, અને તમે ઇચ્છો તેટલી તમારાથી દૂરદૂર, અતિ દૂર પણ હોઈ શકે. તમે એ બધી વસ્તુઓ તમારા પોતાના પર ઓઢી લઈને તમારા વાસ્તવિક અંતરાત્માનો જ તે એક ભાગ છે એમ પણ માની લઈ શકો છો, યા તો બિલકુલ અસ્પૃષ્ટ રહીને વાળ કે નખની પેઠે તમે તેને દૂર પણ ફેંકી શકો છો.

એવા ધર્મો પણ જગતમાં પ્રવર્ત્યા છે જેના અનુયાયીઓ પોતાના વાળ કે નખનો ટુકડો પણ પોતાનાથી દૂર કરતા નહિ, કારણ કે એમ કરવાથી પોતાના વ્યકિતત્વનો કોઈ અંશ નષ્ટ થઈ જવાની તેમને બીક લાગતી. જેઓ પોતાની ચેતનાને વિશ્વ જેટલી વિશાળ કરી શકે છે તેઓ વિરાટ રૂપ થાય છે. પરંતુ જેઓ પોતાના નાનકડા શરીરમાં અને મર્યાદિત લાગણીઓમાં પુરાયેલા રહે છે તેઓ ત્યાં જ અટકી જાય છે; એમનો દેહ અને એમની ક્ષુદ્ર લાગણીઓ જ એમને માટે પોતાનું આખું સ્વરૂપ બની રહે છે.

'શ્રદ્ધા, એકલી શ્રદ્ધા, સઘળું ઉત્પન્ન કરી શકે? સર્વના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે ?'

હા, પરંતુ એ શ્રદ્ધા સમગ્ર હોવી જોઈએ, નિરપેક્ષ હોવી જોઈએ. વળી તે સાચા પ્રકારની હોવી જોઈએ, નહિ કે કેવળ મનોમય વિચાર કે સંકલ્પ, પરંતુ એથી પણ કંઈક વધુ મહાન અને વધુ ઊંડી વસ્તુ હોવી જોઈએ. મન દ્વારા રચાતા સંકલ્પોમાંથી ઊલટા સ્વરૂપનાં પ્રતિકાર્યો ઊભાં થાય છે, તેઓ પોતાની સામે વિરોધ જન્માવે છે. એમીલ કૂએ નામના દાકતરની વ્યાધિ મટાડવાની પદ્ધતિ વિષે તમે સાંભળ્યું હશે. આ શ્રદ્ધાની શકિતનું રહસ્ય કાંઈક અંશે એના જાણવામાં હતું, અને તેનો પ્રયોગ કરીને તેણે ઘણાં ધ્યાન ખેંચે તેવાં પરિણામો મેળવ્યાં હતાં. પરંતુ એ શકિતને તે 'કલ્પના' કહેતો હતો. શ્રદ્ધાની જે

શકિત તે જાગ્રત કરતો હતો તેને એની પદ્ધતિએ અતિશય માનસિક સ્વરૂપ આપ્યું હતું. કેવળ માનસિક શ્રદ્ધા પૂરતી નથી. એ શ્રદ્ધાને પૂર્ણ અને બળવાન કરવા માટે પ્રાણમાં અને શરીરમાં પણ શ્રદ્ધા પ્રકટાવવી જોઈએ. શરીરને પોતાને પણ એક પ્રકારની દૈહિક શ્રદ્ધા પ્રાપ્ત થવી જોઈએ. તમારા સમગ્ર આધારમાં જો તમે આ પ્રકારનું એક સર્વવ્યાપી શ્રદ્ધાબળ પ્રકટાવી શકો તો તેનો વિરોધ કરી શકે એવી કોઈ વસ્તુ નથી. પરંતુ તમારે છેક અવચેતનાના સ્તર લગી પહોંચવું જોઈએ, તમારા દેહના ઠેઠ આણુઓમાં તમારે એ શ્રદ્ધાને સ્થાપન કરવી જોઈએ. ઉદાહરણ તરીકે, આજકાલ ભૌતિકશાસ્ત્રવેત્તાઓમાં 'મૃત્યુ' જરૂરી નથી એવું જ્ઞાન પ્રગટવા માંડયું છે. પરંતુ સમગ્ર માનવજાતિ મૃત્યુમાં દૃઢપણે માને છે. મૃત્યુ એ માનવતામાં રહેલી, લાંબા સતત અનુભવ ઉપર બંધાયેલી એક સર્વસામાન્ય થઈ પડેલી માન્યતા જ છે એમ કહી શકાય. આ માન્યતાને પ્રથમ સચેતન મનોમય ભૂમિકામાંથી, ત્યાર પછી પ્રાણની ભૂમિકામાંથી અને છેવટે સ્થૂળ દેહના અવચેતન સ્તરોમાંથી દૂર કરવામાં આવે તો મૃત્યુ અનિવાર્ય નહિ રહે.

'પરંતુ કેવળ મનુષ્યના મનમાં જ મૃત્યુનો વિચાર રહેલો છે એમ નથી. મનુષ્યની પૂર્વે પ્રાણીસૃષ્ટિને પણ મૃત્યુનો ખ્યાલ તો હતો જ.'

પૃથ્વી ઉપર જીવન માત્રની જોડે મૃત્યુ એક હકીકત તરીકે સંકળાયેલું છે. પરંતુ મૃત્યુમાં પ્રકૃતિનો જે મૂળ હેતુ રહેલો છે તેથી તદ્દન જુદી જ રીતે મનુષ્ય તેને સમજે છે. મનુષ્યમાં તથા એની સમીપની કક્ષાનાં પ્રાણીઓમાં મૃત્યુની આવશ્યકતાએ તેમની ચેતના માટે એક વિશિષ્ટ રૂપ અને અર્થ ધારણ કર્યાં છે. પરંતુ આ નિમ્ન પ્રકૃતિમાં રહેલી અવચેતના મૃત્યુને જે જ્ઞાન વડે ટેકો આપી રહી છે તે તો છે રૂપાંતરની, પરિવર્તનની, પુનર્જીવનની આવશ્યકતાનું એક પ્રકારનું સંવેદન.

પૃથ્વી ઉપર જડ તત્ત્વની જે પરિસ્થિતિ હતી તેને લઈને જ મૃત્યુ અનિવાર્ય બન્યું. જડ તત્ત્વની ઉત્ક્રાંતિની દિશા અચેતનાની પ્રાથમિક દશામાંથી ક્રમે ક્રમે વધતી જતી ચેતના પ્રત્યે રહી છે. વસ્તુસ્થિતિ વિકાસ પામતી ગઈ તે મુજબ, વિકાસની આ પ્રક્રિયામાં આકારો (રૂપો) નો વિલય એક અનિવાર્ય આવશ્યકતા બની રહ્યો. કારણ કે વ્યકિતરૂપ બનેલી ચેતનાને સ્થિર આધાર મળે એટલા માટે કોઈ સ્થિર રૂપની (આકારની) આવશ્યકતા તો હતી જ. અને છતાં રૂપના એ નિશ્ચિત ઘાટને લીધે જ મૃત્યુ અનિવાર્ય બન્યું. જડ તત્ત્વો રૂપે તો ધારણ કરવાનાં હતાં જ. તે વિના પ્રાણશકિતઓ અને ચિત્-શકિતઓનું વ્યકિતરૂપે મૂર્ત બનવું, મૂર્ત દેહ ધારણ કરવો એ અશકય હતું. આ મૂર્ત

આકાર વિના સ્થૂલ ભૂમિકા ઉપર વ્યવસ્થિત જીવનની પ્રથમ અવસ્થા જ ઊભી થઈ ન શકત. પરંતુ નિશ્ચિત અને સઘન બનેલો આકાર જોતજોતામાં કઠણ, પ્રાણહિન, જડ થઈ જવાનું વલણ લે છે. એક વાર ઘડાઈ ચૂકેલો આકાર વખત જતાં એક ઘણો બંધનકારક ઘાટ બની જાય છે. અન્ય બળોની ગતિને તે અનુસરી શકતો નથી, વિશ્વની શક્તિઓ વિકાસ પામતી પામતી જે પલટા લે છે તેની સાથે મેળ જાળવીને તે પોતે પલટાઈ શકતો નથી. કુદરત એવા આકાર પાસે જે કાર્યશક્તિ માગે છે, પોતાની સાથે સાથે ગતિ કરવાની જે આશા રાખે છે તે હરહંમેશ તે પૂરી પાડી શકતો નથી. તેનામાં વિકાસની શક્તિ રહેતી નથી. આ પ્રમાણે થતાં એક એવી પરિસ્થિતિ આવે છે કે જ્યારે આકાર અને તેના ઉપર દબાણ કરી રહેલ શક્તિ એ બંને વચ્ચેની અસમાનતા અને વિસંવાદ એટલાં તો વધી જાય કે આકારના વિલય અનિવાર્ય બને છે, કોઈ નવીન આકારની રચના, કોઈ નવીન સંવાદ અને સમતુલાની શક્યતા આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. મૃત્યુનો વાસ્તવિક અર્થ અને પ્રકૃતિમાં તેનો ઉપયોગ તે આ છે. પરંતુ જો આકાર વધારે ગ્રહણશીલ, વધારે સ્થિતિસ્થાપક અને સંસ્કારગ્રાહી બની શકે, તથા ચેતનામાં થતા પરિવર્તનની સાથે સાથે પરિવર્તન પામવાની શક્તિ સ્થૂળ દેહના આણુઓ પર્યંત જાગ્રત કરી શકાય તો પછી એવા સમૂળગા લયની આવશ્યકતા નહિ રહે અને મૃત્યુ અનિવાર્ય પણ નહિ બને.

'કોઈકે એમ કહ્યું છે કે પ્રકૃતિમાં જે ઝંઝાવાતો, ધરતીકંપો, જલપ્રલયો વગેરે થાય છે, જમીનના ખંડોના ખંડો ડૂબી જાય છે તે બધું પાપી અને કલેશપૂર્ણ માનવજાતિને આભારી છે. માનવજાતિ જેમ જેમ પ્રગતિ અને વિકાસ સાધતી જશે તેમ તેમ સ્થૂળ પ્રકૃતિમાં પણ તેને અનુકૂળ ફેરફારો બની આવશે. આમાં કેટલું સત્ય છે ?'

આ પ્રચંડ ઉત્પાતો અને વિનાશોથી ભરેલી પ્રકૃતિમાં અને કલેશથી ઊભરાતી માનવજાતિમાં એક જ ચેતનાની ક્રિયા વ્યકત થાય છે, એમ કહેવામાં કદાચ વધારે સત્ય રહેલું છે. એટલે કે પ્રકૃતિ અને મનુષ્ય એ બે વચ્ચે કાર્યકારણનો સંબંધ નથી, પરંતુ તે બન્ને એક જ ભૂમિકા ઉપરની વસ્તુઓ છે. એમનાથી ઊર્ધ્વમાં એક એવી ચેતના આવી રહેલી છે જે પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ કરવા, અહીં દેહ ધારણ કરવા ઇચ્છે છે. સ્થૂળ પાર્થિવ તત્ત્વમાં અવતરણ કરવા જતાં તેને મનુષ્યમાં અને સ્થૂળ પ્રકૃતિમાં સર્વત્ર એક જ પ્રકારનો વિરોધ નડે છે. પૃથ્વી ઉપર આપણે જે અવસ્થા અને વિસંવાદ નિહાળીએ છીએ તે સઘળું આ વિરોધનું પરિણામ છે. સંકટો, હોનારતો, ઝઘડાઓ અને ક્રૂરતા, અજ્ઞાન

વગેરે સઘળાં દુરિતોનું મૂળ એક જ છે. બાહ્ય પ્રકૃતિનું કારણ માનવ નથી, તેમ માનવનું કારણ બાહ્ય પ્રકૃતિ નથી. એ બન્ને આધાર તરીકે તેમની પાછળ આવી રહેલી અને તેમનાથી મહત્તર, બંનેને સામાન્ય એવી એક ઊર્ધ્વ ચેતના છે. એ ઊર્ધ્વ ચેતનાને પ્રકટ કરવા માટે આ પાર્થિવ સૃષ્ટિમાં ક્રમે ક્રમે વધતા પ્રમાણમાં અસ્ખલિતપણે એક ક્રિયા ચાલી રહી છે. અને મનુષ્ય અને પ્રકૃતિ એ ક્રિયાના અંશ રૂપે આવેલા છે.

હવે જો પૃથ્વી ઉપર કોઈક સ્થળે પણ, આ દિવ્ય ચેતનાના એકાદ અંશને પણ વિશુદ્ધ રૂપે લાવી શકે તેવી ગ્રહણશક્તિ અને ઉન્મુખ જાગ્રત થયેલી વિદ્યમાન હોય તો સ્થૂલમાં થઈ રહેલું પેલું અવતરણ અને આવિર્ભાવ મનુષ્યના કેવળ આંતર જીવનને જ નહિ, પણ સ્થૂળ પરિસ્થિતિને મનુષ્ય અને પ્રકૃતિમાં થતા તેના સ્થૂલ આવિર્ભાવને પણ પલટી શકે છે. એવા અવતરણનો આધાર માનવ જાતિની સમગ્ર તરીકેની સામુદાયિક સ્થિતિ ઉપર રહેલો નથી. જીવનમાં જ્ઞાન-જ્યોતિને ઊર્ધ્વમાંથી ઉતારી લાવી શકે તથા સ્થૂળ પ્રકૃતિની પરિસ્થિતિને અને પ્રકૃતિ ગતિને બદલી નાખી તેમનું રૂપાંતર કરી શકે એવી બળવાન અભીપ્સા, એકતા અને સંવાદવાળી સ્થિતિને માનવજાતિનો મોટો ભાગ પ્રાપ્ત કરે ત્યાં સુધી આપણે વાટ જોવાની હોય તો આપણે માટે ઘણી જ ઓછી આશા છે એમ કહી શકાય. પણ એ સંભવિત છે કે એક વ્યકિત, યા તો નાનો સમુદાય અથવા અમુક સંખ્યાએ અવતરણને સિદ્ધ કરી શકે. આ વિષયમાં જથ્થો કે વિસ્તારનું મહત્ત્વ નથી. દિવ્ય ચેતનાનું એકબિંદુ માત્ર પણ પૃથ્વીની ચેતનામાં પ્રવેશ કરે તેની સાથે અહીંની સઘળી વસ્તુઓને બદલી નાખી શકે છે.

ચેતનાના ઉચ્ચ અને નિમ્ન સ્તરોના મિલનની અને તેમના સંમિશ્રણની અગમ્ય ઘટનામાં જ રૂપાંતરનું પરમ રહસ્ય રહેલું છે, એમાં જ છૂપી ચાવી રહી છે. એ મિલન અને એ યોગમાં રૂપાંતર કરવાની શકિત હમેશાં રહેલી છે; પણ ભાગવત ચેતનાનું અવતરણ થાય તો તે રૂપાંતર વિશાળ પાયા ઉપર બની શકે અને તે વધારે ઊંચી કોટિએ પહોંચી શકે. પૃથ્વી ઉપર જો કોઈ એવી વ્યકિત હોય જે હજી સુધી અહીં પ્રગટ ન થયેલ ચેતનાની ભૂમિકા સાથે જ્ઞાનપૂર્વક સંસર્ગમાં આવવાને સમર્થ હોય અને પોતાની ચેતના વડે તેમાં આરોહણ સાધીને પેલી ઊર્ધ્વ ભૂમિકા અને આ પાર્થિવ ભૂમિકાનું મિલન રચી શકે અને તેમની વચ્ચે સંવાદ સ્થાપી શકે તો પ્રકૃતિમાં હજી સુધી અસિદ્ધ રહેલા રૂપાંતરની મહાન નિર્ણયાત્મક ઘટના અવશ્ય બની આવે. પૃથ્વી ઉપર એક નવી શકિત અવતરશે અને પૃથ્વી ઉપરના જીવનની પરિસ્થિતિને બદલી નાખશે.

અત્યારની સ્થિતિનું અવલોકન કરતાં પણ આપણને જણાય છે કે જ્યારે જ્યારે કોઈ મહાન આત્મા અહીં આવ્યો છે અને તેણે જીવનમાં સત્યના પ્રકાશનું કંઈક દર્શન કરાવ્યું છે, યા તો પૃથ્વી ઉપર તેણે નવી શક્તિ પ્રકટાવી છે, ત્યારે ત્યારે પાર્થિવ ભૂમિકાની પરિસ્થિતિમાં ફેરફાર થયેલો છે, પછી ભલે ધાર્યા પ્રમાણે કે આશા રાખેલી તે પ્રમાણે હૂબહૂ બન્યું ન હોય. ઉદાહરણ તરીકે, ચેતના અને જ્ઞાનની અમુક ભૂમિકાને તથા આધ્યાત્મિક અનુભૂતિઓને પ્રાપ્ત કરેલી હોય તેવો માણસ આવીને કહે છે કે, 'હું તમને શાંતિ આપું છું.' હવે એવી વ્યક્તિની આજુબાજુના લોકોએ કદાચ એમ માન્યું પણ હશે કે એ વચનની સાર્થકતા કોઈ સ્થૂલ સ્વરૂપે થવાની છે, પરંતુ એમને જ્યારે જણાયું કે પોતે ધાર્યા પ્રમાણે કંઈ બન્યું નથી ત્યારે તે વ્યક્તિ શું કરી ગઈ તે તેઓ સમજી શકયા નહિ. પેલી વ્યક્તિઓએ ચેતનામાં એક પ્રકારનો ફેરફાર કરવામાં સફળતા સાધી છે. અત્યાર સુધી અજ્ઞાત એવી શાંતિ પ્રાપ્ત કરવાની શકયતા, યા તો તેમની પૂર્વે કદી પણ ન હતી એવી મુક્તિ મેળવવાની શક્તિ તેમણે જીવનમાં સ્થાપન કરી છે. પરંતુ એ બધી ક્રિયાઓ માનવના આંતર જીવનને લગતી હતી અને તેને પરિણામે પ્રત્યક્ષ બાહ્ય એવો કશો ફેરફાર જણાયો ન હતો. કદાચ જગતના બાહ્ય સ્વરૂપમાં રૂપાંતર કરવાનો તેમનો ઇરાદો નહિ હોય, કે કદાચ તેમ કરવા માટે પૂરતું જ્ઞાન પણ તેમનામાં નહિ હોય. છતાં આવા આદ્ય માર્ગદર્શકોના કાર્યને પરિણામે કાંઈક તો જરૂર પ્રાપ્ત થયું છે.

વસ્તુસ્થિતિ તદ્દન વિપરીત દેખાતી હોય છતાં પણ એમ હોઈ શકે કે ક્રમે ક્રમે પૃથ્વી કોઈ વિશિષ્ટ પ્રકારના સાક્ષાત્કાર માટે તૈયાર થઈ રહી છે. માનવની સંસ્કૃતિમાં અને કુદરતમાં પરિવર્તન થયું છે. જો એ દેખાતું ન હોય તો એનું કારણ એ છે કે આપણે માત્ર બાહ્ય દૃષ્ટિથી જોઈએ છીએ. વળી દિવ્ય જીવન પ્રકટાવવાના દૃષ્ટિબિંદુથી હજી પાર્થિવતત્ત્વ અને તેની મુશ્કેલીઓને ગંભીરપણે કે પૂરેપૂરી રીતે હાથ પર લેવામાં આવી નથી. છતાં આંતરિક ક્ષેત્રમાં પ્રગતિ થયેલી છે, આંતર ચેતનામાં દિવ્ય જ્યોતિનું અવતરણ થયેલું છે. પરંતુ બાહ્ય સ્થૂળ પદાર્થ-તત્ત્વમાં કોઈ પણ પ્રકારને સાક્ષાત્કાર સ્થાપિત થયો છે કે નહિ એ વિષે ખાતરીપૂર્વક કાંઈ પણ કહેવું મુશ્કેલ છે. કારણ કે એ ભૂમિકામાં પૂર્વે વાસ્તવિક રીતે કેટલી પ્રાપ્તિ થયેલી તેનો આપણને ચોક્કસ ખ્યાલ નથી.

દૂરના ભૂતકાળમાં મહાન અને સુંદર સંસ્કૃતિઓ થઈ ગઈ છે. અને તેમણે આપણા જ જેટલી આધિભૌતિક પ્રગતિ પણ કદાચ સાધી હશે. એક દૃષ્ટિબિંદુથી જોતાં સૌથી અર્વાચીન સંસ્કૃતિ પણ પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃતિના માત્ર પુનરાવર્તન જેવી દેખાય અને છતાં બિલકુલ પ્રગતિ જ થઈ નથી એમ

પણ નહિ કહી શકાય. કાંઈ નહિ તો, આંતર પ્રદેશમાં પ્રગતિ સધાયેલી છે, અને સ્થૂળ પાર્થિવ ભૂમિકામાં ઊર્ધ્વ ચેતના પ્રત્યે પ્રતિકાર્ય કરવાની તત્પરતા પણ ઘણી વધેલી છે. એકની એક વસ્તુને ફરીફરીને કરવી પડી છે, કારણ કે જે કાર્ય કરવાનો પ્રયત્ન હતો તે કાર્ય કદી પૂરતા પ્રમાણમાં સારી રીતે થયું જ નથી; પરંતુ પ્રત્યેક પ્રયત્ન અંતે તે કાર્ય તેના ઈષ્ટ સ્વરૂપની નજીક પહોંચતું ગયું છે. જ્યારે આપણે ભણવાના પાઠનું ફરીફરીને પુનરાવર્તન કરીએ છીએ ત્યારે આપણે એની એ વસ્તુની જ હંમેશાં પુનરુક્તિ કરીએ છીએ એમ આપણને લાગે છે. પણ એવા અભ્યાસનું સમગ્ર પરિણામ જોતાં ચમત્કારક પ્રગતિ સધાયેલી જણાય છે.

આ બધી વસ્તુઓને માનવચેતનાનાં પરિણામો અને દિશામાનો વડે માપવી એ જ ભૂલ છે. કારણ કે, એ પ્રમાણે જોઈને એ ગહન અને વિશાળ ગતિની આપણે સમજૂતી આપી શકીએ તેમ નથી. મર્યાદિત મનોમય બુદ્ધિ વડે તેમને સમજવાનો કે સમજાવવાનો પ્રયત્ન જોખમભરેલો છે. આ કારણને લઈને જગતનું અંતિમ રહસ્ય ઉકેલવામાં તત્ત્વ-મીમાંસા હંમેશાં નિષ્ફળ ગઈ છે, વિશ્વને તેણે માનવબુદ્ધિના માપમાં જ ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે.

'આપણામાંથી કેટલાને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ રહે છે ?'

દરેક માણસમાં તેની ચેતનાના કોઈક ભાગમાં તો એવું પૂર્વજન્મનું સ્મરણ રહેલું હોય છે જ. પરંતુ આ વિષય જોખમભર્યો છે. કારણ કે માનવમનને કલ્પના વિલાસનો અતિશય શોખ હોય છે. પુનર્જન્મના સત્ય વિષે જરાતરા પણ ખબર પડે છે કે તરત જ તેની આસપાસ તે સુંદર વાર્તાઓ રચી કાઢવા ઈચ્છે છે. આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ ? ભાવિમાં તે કઈ દિશામાં ગતિ કરશે ? ભૂતકાળમાં તમે કયાં અને કેવી રીતે જન્મ લીધો હતો ? હવે પછી તમે શું થશો ? તમારા ભૂતકાળના જન્મો અને ભાવિમાં થનારા જન્મો વગેરે વગેરે વિષે તમને માહિતી આપનારા ઘણા લોકો આવી મળશે. આ બધાને આધ્યાત્મિક જીવન સાથે કાંઈ પણ લેવાદેવા નથી. પૂર્ણ જ્ઞાનમાં પૂર્વજન્મોની સ્મૃતિને જરૂર સ્થાન હોઈ શકે, પરંતુ કાલ્પનિક તરંગોના ફુક્કા ઉડાવવાથી તે મળતું નથી. એ જ્ઞાન એકબાજુએ પદાર્થગત—બહિર્લક્ષી છે, અને બીજી બાજુએ એ વ્યકિત ઉપર આધાર રાખતું હોઈ આત્મલક્ષી અનુભૂતિ ઉપર પ્રતિષ્ઠિત છે. એ આત્મલક્ષી અનુભૂતિની પ્રદેશમાં કેવળ બનાવટને, સત્યની વિકૃતિને તથા અસત્યની તદ્દન ખોટી ઈમારત ચણવાને પણ ઘણું વિશાળ સ્થાન રહે છે, આવી બાબતનું સત્ય જાણવા માટે એ અનુભવ લેનારી તમારી ચેતના સ્ફટિક જેવી શુદ્ધ અને નિર્મળ તથા બુદ્ધિની યા તો પ્રાણની દખલગીરીથી મુકત હોવી જોઈએ. તમારા અંગત

વિચારો અને લાગણીઓથી પણ તે મુકત હોય, તથા પોતાની રીતે સમજૂતી આપવાની યા અર્થ ઘટાવવાની મનને પડેલી ટેવથી પણ તે વિમુકત હોય એ જરૂરનું છે. ભૂતકાળમાં થયેલાં જન્માંતરોનો અનુભવ સાચો હોય પરંતુ તમને થયેલ અનુભૂતિ અને તમારી બુધ્ધિ તેની જે સમજૂતી આપે, યા તો તેના ઉપરથી જે માનસિક ચણતર રચે તે બે વચ્ચે ઘણું ઘણું અંતર હોય એ તદ્દન બનવાજોગ છે. જ્યારે તમે સઘળી માનવ લાગણીઓથી પર થઈ જાઓ, અને તમારા મનથી પણ પર થાઓ ત્યારે જ તમે એ સત્યને પ્રાપ્ત કરી શકો.

૧૨ મે ૧૯૨૯

'કેટલાંક માણસો ભૂતના જેવાં હોય છે. તેઓ કોણ છે ? અને એવાં કેમ હશે ?'

એવાં માણસો મનુષ્ય નથી હોતાં; તેઓનો ફકત દેખાવ અથવા શરીર જ માત્ર માણસોનું હોય છે. આપણી સ્થૂળ ભૂમિકાની તદ્દન નજીકના સૂક્ષ્મ લોકમાં રહેતાં સત્ત્વો—આપણે જેને 'પ્રાણમય લોક' કહીએ છીએ તે ભૂમિકા ઉપર રહેતાં સત્ત્વોનો તેઓ અવતાર હોય છે. એ ભૂમિકા એટલે સર્વ પ્રકારની ઇચ્છાઓ, કામનાઓ, આવેગો અને આવેશોની ભૂમિકા. એમાં ક્રૂરતા, લોભ, લુચ્ચાઈ, દંભ તથા સર્વ પ્રકારનાં અજ્ઞાન હોય છે. પરંતુ સર્વ પ્રકારની કાર્યશકિતઓ, સર્વ પ્રકારની જીવનશકિતઓ, તથા સર્વ સામર્થ્યની ભૂમિકા પણ એ જ છે. એ ભૂમિકામાં વસતાં સત્ત્વો પોતાના સ્વાભાવિક બળથી જ પાર્થિવ સૃષ્ટિ ઉપર એક પ્રકારનો વિચિત્ર કાબૂ ધરાવે છે અને તેના ઉપર પોતાનો અનિષ્ટ પ્રભાવ પાડી શકે છે. એ સત્ત્વોમાંનાં કેટલાંક તો માણસના મરણ પછી પાર્થિવ ભૂમિકા નજીકના પ્રાણમય વાતાવરણમાં તેના જે અવશેષ ટકી રહે છે તેમાંથી રચાય છે. મૃત માનવીની કામનાઓ અને અતૃપ્ત ક્ષુધિત વાસનાઓ એ પ્રાણમય ભૂમિકામાં હજી તરતી હોય છે, અને દેહના વિલય પછી પણ તેમનું રૂપ ટકી રહે છે. ઘણી વાર એ વાસનાઓ પ્રગટ થવાને અને પોતાની તૃપ્તિ શોધવાને પ્રેરાય છે. પરિણામે પ્રાણમય ભૂમિકાનાં એ સત્ત્વોનો જન્મ થાય છે. પરંતુ એ સત્ત્વો ગૌણ પ્રકારનાં હોય છે. તેઓ ઘણો ઉપદ્રવ કરી શકે છે, છતાં તેમને પહોંચી વળવું તદ્દન અશકય નથી. પરંતુ બીજાં કેટલાંક વધારે ભયંકર સત્ત્વો હોય છે, જેમણે સ્થૂળ દેહમાં અવતરણ કરેલું જ નથી હોતું. સ્થૂળ ભૂમિકામાં જન્મ લેવાનો જ તેઓ ઘણે ભાગે ઈન્કાર કરે છે. કારણ કે એમ કરતાં સ્થૂળ તત્ત્વની ગુલામી તેમને સ્વીકારવી પડે છે. એટલે, જન્મ લેવાને બદલે તેઓ પોતાની સૂક્ષ્મ પ્રાણમય ભૂમિકામાં જ રહેવાનું પસંદ કરે છે અને ત્યાં આગળ રહ્યાં રહ્યાં એ સમર્થ અને તોફાની સત્ત્વો પૃથ્વીનાં પ્રાણીઓ ઉપર પોતાનો કાબૂ જમાવે છે. તેમને સ્થૂળ દેહ ધારણ કરવાની ઇચ્છા તો નથી હોતી એ ખરું, પરંતુ સ્થૂળ પ્રકૃતિની ભૂમિકામાં બંધાઈ ગયા વિના, તેની સાથે તેઓ પોતાનો સંબંધ બાંધવા જરૂર ઈન્તેજાર હોય છે. એમની કાર્યપદ્ધતિ એવી છે કે પ્રથમ તો તેઓ માણસ ઉપર પોતાનો પ્રભાવ પ્રસારવાનો

પ્રયત્ન કરે છે. ત્યાર પછી ધીમે ધીમે તેઓ તેના વાતાવરણમાં દાખલ થાય છે અને અંતે તેનામાં જે વાસ્તવિક માનવ આત્મા તથા વ્યકિત રહેલી હોય છે તેને હાંકી કાઢીને તેના ઉપર સંપૂર્ણ કાબૂ જમાવી દે છે. એવાં સત્ત્વોએ જ્યારે પૃથ્વી ઉપર દેહ લીધો હોય ત્યારે તેઓ દેખાવે તો માણસ જેવાં હોય, પરંતુ તેમની પ્રકૃતિ માણસની હોતી નથી. માનવની પ્રાણશકિતને ચૂસી લેવી એ તેમનો સ્વભાવ હોય છે. જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં તેઓ પ્રાણશકિતના ઉપર હુમલો કરે છે, અને તેને વશ કરી તેના ઉપર પોતાનો નિર્વાહ કરે છે. એવાં સત્ત્વો જો તમારા વાતાવરણમાં આવે તો તરત જ તમને એકદમ નિરાશા કે થાક લાગે છે, એવા કોઈની પાસે તમે થોડા વખત હો તો તમે માંદા પડી જાઓ, એવા કોઈની સાથે તમારે રહેવાનું થાય તો તે તમારો જીવ પણ લઈ લે.

'પરંતુ એવાં સત્ત્વો જો એક વાર આપણા વાતાવરણમાં પ્રવેશ કરી ચૂકે તો પછી તેમને દૂર કેવી રીતે કરવાં?'

એ જાતનાં પ્રાણમય સત્ત્વોમાં જે પ્રાણશકિત હોય છે તે ઘણી જ સ્થૂળ પ્રકારની હોય છે, અને તેની અસર થોડે સુધી જ પહોંચે છે. સાધારણ રીતે તમે એક જ ઘરમાં ન રહેતા હો, યા તો તેમની સોબતમાં ન હો તો તમને તેમની અસર નહિ પહોંચી શકે, પરંતુ તમે કોઈ પણ પ્રકારે તેમની જોડે સંબંધની યા તો વ્યવહારની કોઈ બારી ખોલો, તેમના પ્રત્યે ખુલ્લા થાઓ, દાખલા તરીકે પત્ર-વ્યવહાર દ્વારા, તો તમે તેમની સાથે પરસ્પર શકિતનો વિનિમય શકય કરો છો, અને દૂર દૂરથી પણ તેમની અસર તમારા ઉપર કાર્ય કરી શકે છે. એ જાતનાં સત્ત્વો સાથેના વ્યવહારમાં ઉત્તમોત્તમ રસ્તો એ છે કે તેમની સાથેનો સર્વ સંબંધ તોડી નાખવો, તેમની સાથે કશી પણ આપલે કરવી નહિ, સિવાય કે તમારી પાસે ગૂઢ વિદ્યા અને વિપુલ શકિત હોય અને તમારી જાતનું રક્ષણ કરતાં તમે શીખ્યા હો. અને એમ હોય તોપણ, એવાં માણસો જોડે સંબંધ રાખવો એ ઘણું જોખમભરેલું તો હોય છે જ. કેટલાક લોકો એવાં સત્ત્વોનું રૂપાંતર કરવાની આશા સેવે છે. પણ એ નર્યો ભ્રમ છે. એ સત્ત્વો પોતાનામાં કશું પણ રૂપાંતર થવા દેવાને ઇચ્છતાં નથી હોતાં એટલે એ દિશામાં કરેલા સર્વ પ્રયત્નો વ્યર્થ છે.

આ સત્ત્વો જ્યારે માનવદેહમાં રહેતાં હોય છે ત્યારે તેમને તેમના સત્ય સ્વરૂપનું ભાન ભાગ્યે જ હોય છે. કેટલીક વાર એમને એક પ્રકારની અસ્પષ્ટ લાગણી હોય છે કે પોતે સામાન્ય માણસ જેવાં માણસ નથી. પરંતુ એવા દાખલા પણ મળી આવે છે કે જેમાં તેઓ પોતાના વિષે સભાન, ઘણાં જ સભાન હોય છે. પોતે માણસજાતિના નથી એમ તેઓ જાણતા હોય છે, એટલું જ નહિ,

પરંતુ પોતે કોણ છે તે પણ તેઓ જાણે છે. એ જ્ઞાનને આધારે તેઓ કાર્ય કરે છે, પોતાના હેતુઓને સાધવા તેઓ ખૂબ ભાનપૂર્વક પ્રયત્નો કરે છે. પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વો સ્વભાવે જ બળવાન હોય છે. જ્યારે એમની શક્તિ જોડે જ્ઞાન મળે છે ત્યારે તો તેઓ બમણાં ભયંકર બને છે. આવાં સત્ત્વો જોડે કોઈ પણ રીતે કામ પાડવા જેવું નથી. તમારે તેમની સાથે હરકોઈ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જોઈએ, સિવાય કે તેમને કચડી નાખવાની, તેમનો નાશ કરવાની શક્તિ તમારામાં હોય. જો તમારે તેમની જોડે સંસર્ગમાં આવવાની ફરજ પડે તો તેમની મોહિનીથી ચેતતા રહો, પ્રાણમય ભૂમિકાનાં એ સત્ત્વો જ્યારે સ્થૂળ ભૂમિકા ઉપર આવિર્ભાવ પામે છે ત્યારે હમેશાં તેમનામાં વશીકરણ કરવાની એક સમર્થ શક્તિ હોય છે. કારણ કે એમની ચેતનાનું કેન્દ્ર સ્થૂળ પાર્થિવ ભૂમિકામાં નહિ, પરંતુ પ્રાણમય ભૂમિકામાં હોય છે. મનુષ્યની ચેતના તેના સ્થૂળ દેહને લીધે કુંઠિત થયેલી હોય છે. તેના પર એક આવરણ આવી ગયેલું હોય છે. પેલાં સત્ત્વોની બાબતમાં તેમ નથી હોતું.

'ઉપર જણાવ્યાં એવાં સત્ત્વો કોઈ વિચિત્ર આકર્ષણ વડે આધ્યાત્મિક જીવન પ્રત્યે ખેંચાય છે, એ શું સાચું છે ?'

હા, કારણ કે તેમને લાગે છે કે પોતે આ પૃથ્વી ઉપરનાં નહિ પરંતુ બીજા કોઈ લોકનાં નિવાસી છે. વળી તેમને એમ પણ લાગે છે કે એમની પાસે કેટલીક શક્તિઓ છે, પણ તે અડધીપડધી ચાલી ગયેલી છે. અને તેમને પાછી મેળવવાને તેઓ ખૂબ આતુર હોય છે, એટલે તેમને અદૃશ્ય, સૂક્ષ્મ ભૂમિકાઓનું જ્ઞાન આપી શકે એવી કોઈ પણ વ્યકિત મળી આવતાં તેઓ એકદમ તેના તરફ વળે છે. પરંતુ તેઓ પ્રાણમય ભૂમિકાને ભૂલથી આધ્યાત્મિક ભૂમિકા ગણી લે છે, એમના હેતુઓ પણ પ્રાણમય હોય છે, આધ્યાત્મિક નહિ. અથવા કદાચ તેઓ જાણીબૂઝીને આધ્યાત્મિકતાને ભ્રષ્ટ કરવા માગતાં હોય છે અને પોતાની પ્રકૃતિ પ્રમાણે આધ્યાત્મિકતાની નકલી સૃષ્ટિ ઊભી કરવા ઇચ્છતાં હોય છે. જોકે એમ કરવામાં પણ તેઓ આધ્યાત્મિકતાની સર્વોપરિતાનો તો સ્વીકાર જ કરે છે, તેમની પોતાની રીતે, આધ્યાત્મિકતાનું ઋણ ફેડવાનો પણ તેઓ પ્રયત્ન કરે છે. વળી આધ્યાત્મિક જીવનમાં રહેલું એક પ્રકારનું આકર્ષણ પણ તેમને બળાત્કારે ખેંચે છે. તેમણે ભગવાનના દિવ્ય શાસનની વિરુદ્ધ બળવો કરેલો હોય છે તે છતાં, અથવા એમ પણ કહી શકાય કે બળવો કર્યો છે તેટલા જ માટે ભગવાનની ચેતના જોડે પોતે કોઈક રીતે બંધાયેલાં છે એમ તેમને લાગે છે અને તેના સાંનિધ્યથી પ્રબળ રીતે આકર્ષાય છે.

પૃથ્વી ઉપર આધ્યાત્મિક જીવન સિદ્ધ કરવાને નિર્માયેલી વ્યકિતઓનો સંયોગ કરી આપવામાં કેટલીક વાર એવાં સત્ત્વો સાધન તરીકે પ્રયોજાતાં દેખાય છે, તે પણ આ રીતે જ બને છે. આ હેતુ સિદ્ધ કરવામાં એ સત્ત્વો કંઈ બુદ્ધિપૂર્વક ભાગ લેતાં નથી, પણ તેમ કરવાની તેમને ફરજ પડતી હોય છે. એક રીતે તેઓ આમ પોતાનું ઋણ ચૂકવી આપે છે. ઉપરની ભૂમિકામાંથી અવતરતી જ્યોતિનું દબાણ તેઓ અનુભવે છે. અને તેમને લાગવા માંડે છે કે તેમને કાં તો પોતાનું રૂપાંતર યા તો વિલય એ બેમાંથી એક વસ્તુ પસંદ કરવાનો સમય આવી લાગ્યો છે, યા તો જલદી જ આવશે. એટલે કે ભગવાનની મહાશકિતને શરણે જવું, અને ભગવાનની મહાન યોજનામાં પોતાનો ભાગ ભજવવો, યા તો અચેતનામાં ડૂબી જવું એ બેમાંથી એક વસ્તુ તેમને પસંદ કરવાની છે એમ તેઓ જોઈ લે છે. સત્યના સાધક જોડે સંસર્ગ થવાથી એવા સત્ત્વને રૂપાંતર પામવાની તક મળે છે. એ તકનો લાભ તે કેવી રીતે ઉઠાવે છે તેના ઉપર સઘળો આધાર છે. જો તે બરાબર લાભ લે તો જે તત્ત્વોમાંથી એ સત્ત્વો ઉત્પન્ન થયેલાં છે તે તત્ત્વો—એટલે કે અસત્ય, તમસ અને ક્લેશમાંથી તેની મુકિતનો માર્ગ ખુલ્લો થાય છે, અને તેઓ પુનર્જીવન અને નવજીવન પામે છે.

'એ જાતનાં સત્ત્વો ધન ઉપર ઘણી સત્તા ધરાવતાં નથી હોતાં?'

હા. હયાણાં ધનની શકિત પ્રાણની ભૂમિકાની શકિતઓના અને સત્ત્વોના હાથમાં છે, યા તો તેમની અસર તળે છે. એ અસરને લીધે સત્યને ખાતર બહુ મોટા પ્રમાણમાં પૈસો અપાતો કદી જોવામાં આવતો નથી. પૈસો હમેશાં આડે રસ્તે ખર્ચાતો રહે છે. તે વિરોધી શકિતઓના કબજામાં છે અને પૃથ્વી ઉપર પોતાનો કાબૂ કાયમ રાખવા માટે તેમનું તે એક મુખ્ય સાધન છે. ધન ઉપર વિરોધી શકિતઓએ પોતાનો કાબૂ અત્યંત પ્રબળ રીતે, પૂરેપૂરો વ્યવસ્થિત રીતે જમાવેલો છે. એમના મજબૂત સકંજામાંથી કોઈ પણ વસ્તુ મેળવવી એ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. આજે જેમને હવાલે ધન રહ્યું છે તેમની પાસેથી થોડુંક ધન પણ કઢાવવા માટે તમારે હર વખતે દારુણ યુદ્ધ કરવું પડે છે.

અને છતાં ધન ઉપર પ્રભુત્વ ધરાવતી આ શકિતઓ ઉપર એકાદ સ્થળે જો સફળ રીતે વિજય મેળવાય તો બીજાં સર્વે સ્થળોમાં તેમના પર વિજય મેળવવાની શકયતા ઓછી વત્તે અંશે આપોઆપ વધી શકે છે. જો એક સ્થળે પણ તેઓ શરણે થાય તો અત્યારે જેમને સત્યના કાર્યમાં ધન આપતાં આનાકાની થાય છે અને અશકયતા લાગે છે તેઓની ઓચિંતી દાન કરવાની તીવ્ર વૃત્તિ થઈ આવશે. પ્રાણમય શકિતઓના હાથમાં ઘણે ભાગે રમકડાં જેવા, યા તો

હથિયાર રૂપે થઈ રહેલા એ ધનિકો ધન ખર્ચવાના વિરોધી હોય છે એવું નથી, જ્યારે એમની પોતાની કામનાઓ અને વાસનાઓ જાગ્રત નથી હોતી ત્યારે જ એમની લોભવૃત્તિ પ્રકટ થાય છે. જેને તેઓ પોતાની ગણતા હોય છે એવી ઇચ્છાઓને સંતોષવાને માટે તો તેઓ ઘણી જ સહેલાઈથી ધનનો વ્યય કરે છે. પણ જ્યારે તેમને પોતાની સુખસગવડો અને ધનના લાભોમાં બીજાઓને સહભાગી કરવાનું કહેવામાં આવે છે ત્યારે પૈસાનો ત્યાગ કરવો તેમને કઠણ થઈ પડે છે. ધનના ઉપર કાબૂ રાખનાર પ્રાણમય સત્તાઓ પોતાનું ધન ખૂબ સાવધાનીથી કોઈ મોટી તિજોરીમાં પૂરી રાખનાર રક્ષકના જેવી છે. એમની અસર નીચે જ માણસો હોય છે તેમની પાસે ધનની માગણી કરવામાં આવે છે ત્યારે કોથળીનું મોઢું છોડવાને તૈયાર થતાં પહેલાં તેઓ હરેક જાતના ઝીણવટભરેલા સવાલો પૂછે છે. પરંતુ તેમના પ્રાણમાં કોઈ આવેશ જાગે તો તેને સંતોષવા માટે એ ધનના રખેવાળો રાજીખુશીથી પોતાની તિજોરીનાં બારણાં ખુલ્લાં મૂકી દે છે, અને તેમાંથી જોઈએ તેટલો પૈસો છૂટથી વહે છે. સામાન્ય રીતે, પ્રાણની જે વાસનાઓને તેઓ વશ થાય છે તેમનો સંબંધ કામવૃત્તિ જોડે હોય છે. પણ ઘણી વાર તેઓ કીર્તિ યા તો માન કે જિહ્વાની લોલુપતા, યા તો એવી જ બીજી કોઈ પ્રાણની વાસનાને પણ વશ થતાં હોય છે, આવી પ્રાણની વાસનાઓ સિવાયની બીજી કોઈ પણ બાબત આવે કે તુરત જ તેઓ ખૂબ બારીક તપાસ કરવા લાગે છે, ખૂબ ઊલટપાલટ તપાસ શરૂ કરે છે અને બહુ જ આનાકાનીપૂર્વક તેનો સ્વીકાર કરે છે, અને અંતે તો ઘણું ખરું તેને સહાય આપવામાં નકાર જ ભણે છે. જે લોકો એ પ્રાણમય સત્ત્વોના ગુલામો છે તેમના અંતરમાં આધ્યાત્મિક સત્ય જ્યોતિ અને સાક્ષાત્કાર માટેની અભીપ્સાનો લેશ પણ ઉદય થાય છે ત્યારે પણ તે વૃત્તિ તેમની ધન માટેની વાસના જેટલી બળવાન હોતી નથી. એવાના હાથમાંથી ભગવાન માટે ધન લેવું એટલે તેમનામાં રહેલી આસુરી સત્તા સાથે યુદ્ધ આદરવું. એ માટે પ્રથમ તો તમારે જે પ્રાણમય સત્ત્વના તેઓ દાસ હોય છે તેના ઉપર વિજય મેળવવાનો, યા તો તેનું પરિવર્તન કરવાનું રહે છે, અને એ કાર્ય કંઈ સહેલું નથી, જે માણસો પ્રાણમય સત્ત્વોની ચૂડમાં હોય છે તેઓ પોતાના એશઆરામી જીવનનો પલટો કરી શકે છે, ભોગવિલાસો છોડી દઈ શકે છે, અને તીવ્ર વૈરાગ્યવૃત્તિ પણ ધારણ કરી શકે છે. અને છતાં તેઓ પહેલાંના જેવા જ દુષ્ટ રહે છે. કોઈ કોઈ વાર તો એવા પરિવર્તનને અંતે તેઓ પહેલાંના કરતાં પણ વધારે દુષ્ટ બને છે.

'એક વ્યક્તિને પોતાની તપઃશક્તિ બીજા ઉપર શા માટે વાપરવા દેવામાં આવતી હશે ?'

ખરું જોતાં અમુક એક વ્યક્તિને બીજાના ઉપર પોતાની તપઃશક્તિ વાપરવા

દેવામાં આવે છે એમ નથી. પરંતુ વિશ્વમાં એક વિરાટ તપઃશક્તિ કામ કરી રહેલ છે, અને જે લોકો એ શક્તિનો વધારે કે ઓછો આવિર્ભાવ પોતાનામાં કરી શકે તેઓની તપઃશક્તિ વધારે બળવાન હોય છે એમ લાગે છે. એ શક્તિ પણ પ્રાણશક્તિના જેવી, યા તો પ્રકાશ કે વિદ્યુતની શક્તિના જેવી, યા તો પ્રકૃતિની કોઈ પણ બીજી શક્તિના જેવી જ છે. કેટલાક માણસો એ શક્તિનું ઉત્તમ વાહન હોય છે જ્યારે બીજાઓ કનિષ્ઠ વાહન હોય છે. એમાં નીતિઅનીતિનો પ્રશ્ન જ નથી. પ્રકૃતિમાં બનતી એ એક હકીકત માત્ર છે, વિશ્વની મહાન લીલાનો એક નિયમ છે.

'પ્રાણમય સત્ત્વોને તેમની પોતાની પ્રાણમય ભૂમિકામાં મળી શકાય ખરું ?'

પ્રાણમય સત્ત્વો સ્થૂળ ભૂમિકાથી પર એવા જગતમાં વસતાં હોય છે, અને એ ભૂમિકામાં માનવ જો અજાણ્યે દાખલ થાય તો તદ્દન ભૂલા પડયા જેવો, નિરાધાર અને રક્ષણ વિનાનો થઈ પડે છે. સ્થૂળ દેહમાં માણસ નિશ્ચિત અને સુરક્ષિત છે. તેનો પાર્થિવ દેહ તેનું રક્ષણ છે. કેટલાક લોકોને પોતાના દેહ પ્રત્યે ભારે તિરસ્કાર હોય છે. તેઓ એમ માને છે કે મૃત્યુ પછી સ્થૂલ દેહની ગેર-હાજરીમાં બધું સરસ થઈ જશે અને સાધના પણ સહેલી બનશે, પરંતુ ખરું જોતાં સ્થૂલ દેહ તમારો કિલ્લો છે, તમારું આશ્રયસ્થાન છે. જ્યાં સુધી તમે સ્થૂલ દેહમાં હો છો ત્યાં સુધી પ્રાણમય લોકનાં વિરોધી સત્ત્વોને તમારા ઉપર સીધેસીધી પકડ મેળવવામાં મુશ્કેલી રહે છે. રાત્રે બિહામણાં સ્વપ્ન આવે છે તે શું હોય છે ? પ્રાણની સૂક્ષ્મ ભૂમિકામાં માનવ રખડવા નીકળે છે તેના પરિણામ રૂપે એવાં સ્વપ્ન આવે છે. અને એવા બિહામણા સ્વપ્નમાં, ઓથારમાં, સૌથી પ્રથમ તમે શું કરો છો? તમે તમારા શરીરમાં ધસી આવો છો, અને સ્થૂલ ચેતનાની સામાન્ય જાગ્રત અવસ્થામાં આવી જાઓ છો. પરંતુ પ્રાણમય ભૂમિકામાં તમે અજાણ્યા જેવા હો છો, કશા હોકાયંત્ર અને સુકાન વિના તમે પ્રાણના અફાટ સાગરમાં અથડાતા હો છો. કેવી રીતે મુસાફરી કરવી, કયાં જવાનું છે તે પણ તમે જાણતા નથી. ડગલે ને પગલે તમે ન કરવાનું જ કરી બેસો છો. એ પ્રાણમય જગતના કોઈ પણ પ્રદેશમાં તમે પ્રવેશ કરો કે તુરત જ એ જગતનાં સત્ત્વો તમારી આજુબાજુ ભેગાં થઈ જાય છે, અને તમને ઘેરી લઈને તમારી પાસે જે કંઈ હોય તે પડાવી લેવા, તમને ચૂસીને ભરખી જવા માગે છે. તમારી પાસે કોઈ પ્રખર જ્ઞાન યા શક્તિ નહિ હોય તો સ્થૂળ દેહ વિનાની એ અવસ્થામાં તમને એવું લાગશે કે જાણે તમે કોઈ બરફના મુલકમાં જઈ ચડયા છો. તમારી

પાસે રક્ષણ માટે ઘર નથી, શરીર પર વસ્ત્ર નથી, અરે, જાણે તમારા શરીર પર ચામડી પણ રહી નથી, તમારી નાડીઓ ખુલ્લી પડી ગયેલી છે. કેટલાક કહે છે કે 'હાય, આ શરીર કેટલું બધું દુ:ખ આપે છે?' અને મૃત્યુને તેઓ મુક્તિનું દ્વાર માને છે. પરંતુ મૃત્યુ પછી તમારી આસપાસ એનું એ જ પ્રાણમય વાતાવરણ હોય છે. અને જીવન દરમિયાન તમારાં દુ:ખોને સર્જનારાં જે તત્ત્વો હતાં તેનાં તે જ તત્ત્વોનો ભય ત્યાં પણ મોજૂદ હોય છે. સ્થૂળ દેહનો વિલય થતાં તમે પ્રાણમય સૃષ્ટિના ખુલ્લા પ્રદેશમાં જઈ પડો છો. ત્યાં તમારી પાસે રક્ષણ માટે કશું સાધન હોતું નથી. ભયના પ્રસંગે દોડીને જેનું તમે શરણ લેતા હતા તે તમારો દેહ પણ ત્યાં હોતો નથી.

આ પૃથ્વીની ભૂમિકા ઉપર, અને ખુદ સ્થૂળ દેહમાં વસતા હો તે દરમિયાન જ તમારે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ અને સંપૂર્ણ શક્તિનો પ્રયોગ કરતાં શીખવું જોઈએ. જ્યારે તમે એ પ્રમાણે કરી શકશો ત્યારે જ બીજી સર્વ ભૂમિકાઓમાં સંપૂર્ણ સલામતી સાથે ગતિ કરી શકશો. જ્યારે તમને ભયનો સ્પર્શ પણ થઈ શકે નહિ, જ્યારે તમે સખત બિહામણા સ્વપ્નમાં પણ અક્ષુબ્ધ રહી શકો ત્યારે તમે કહી શકો કે, 'હવે હું પ્રાણમય જગતમાં જવાને તૈયાર છું.' પરંતુ એનો અર્થ તો એ થાય છે કે પ્રાણમય પ્રકૃતિની કામનાઓ અને આવેશોના ઉપર સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપન કરવાને પરિણામે જ જે જ્ઞાન અને શક્તિ મળી શકે તેમ છે તે પ્રભુત્વની પ્રાપ્તિ કરવી. અજ્ઞાની તમોગુણી સત્ત્વોને તમારામાં આકર્ષે એવી દરેક વસ્તુથી, તથા જેના વડે તમારા ઉપર કાબૂ જમે એવી દરેક વાસનામાંથી તમારે તદ્દન મુકત થઈ જવું જોઈએ. જો મુકત ન થયા હો તો, સાવધાન!

કોઈ પણ પ્રકારની આશકિત, કોઈ પણ ઇચ્છા, કોઈ પણ આવેશ કે પસંદગીને લેશ પણ સ્થાન આપો નહિ. સંપૂર્ણ સમતા, અચળ શાંતિ, ભગવાનના રક્ષણમાં પરમ શ્રદ્ધા, તમારામાં એટલાં વાનાં હશે તો તમે સલામત છો, તેના વિના તમે જોખમમાં છો. અને જ્યાં સુધી તમે સલામત નથી, ત્યાં સુધી મરઘીનાં બચ્ચાંની પેઠે 'મા'ની પાંખોમાં રક્ષણ લેવું એ જ વધારે સારું છે.

'આપણું સ્થૂળ શરીર કેવી રીતે આપણું રક્ષક નીવડે છે?'

આપણા સ્થૂળ દેહમાં જે સ્થૂળતા અને જડતા રહેલી છે તે જ તેને આપણો રક્ષક બનાવે છે. એટલે કે આપણે જે બાબતમાં તેનો દોષ કાઢીએ છીએ તે જ તેને આપણો રક્ષક બનાવે છે. સ્થૂલ દેહ મંદ અને સંવેદનરહિત

છે, તે જડ છે, સખત તથા કઠણ છે. એ પ્રકારનો આપણો સ્થૂલ દેહ એક મજબૂત જાડી દીવાલોવાળા કિલ્લા જેવો છે. પ્રાણમય જગત પ્રવાહી છે. એમાં વસ્તુઓ છૂટથી એકબીજામાં ભળી જાય છે, પ્રસરી જાય છે. એકબીજામાં સતત રીતે ઘસ્યે જતાં, ભળી જતાં અને બદલાતાં રહેતાં સમુદ્રનાં મોજાં જેવી આ સૃષ્ટિ છે. તમારા પોતાનામાં ઘણી જ સમર્થ જ્ઞાનજ્યોતિ કે શક્તિ ન હોય તો પ્રાણમય જગતની એ પ્રવાહિતા સામે તમે નિરુપાય જ થઈ પડો. તમારામાં એવું સામર્થ્ય ન હોય તો એ પ્રવાહ તમારી અંદર ઊતરી આવે છે, અને એના આક્રમણ કરતા પ્રભાવને રોકવા તમારી પાસે કાંઈ હોતું નથી. પરંતુ સ્થૂળ દેહ એ પ્રવાહની વચમાં આવે છે, અને પ્રાણમય જગતથી તમને એકદમ છૂટા પાડી આપે છે, તથા તેની ભરતી સામે તે બંધ બની ઊભો રહે છે.

'પ્રાણમય જગતનાં સત્ત્વો જો આટલાં બધાં પ્રવાહી હોય છે તો તેમનામાં વ્યકિતત્વ શી રીતે હોઈ શકે ?'

વ્યકિતત્વ તો તેમનામાં હોય છે જ. ફકત તેનાં સ્વરૂપો આપણી સ્થૂળ ભૂમિકાના પદાર્થોની જેમ નિશ્ચળ અને કઠણ હોય છે તેવાં હોતાં નથી. વ્યકિતત્વનો અર્થ આકારની જડતા કે અચળતા નથી. પથ્થરનું રૂપ અને આકાર ઘણાં જ કઠિન, કદાચ સૌથી વધારે કઠિન છે પરંતુ તેનામાં વ્યકિતત્વ ઘણું જ ઓછું છે. દસ કે વીસ પથ્થરો ભેગા કરો અને પછી તેમની વચ્ચેનો ભેદ પારખવો હશે તો ઘણી જ સાવચેતી રાખવી પડશે. પરંતુ પ્રાણમય ભૂમિકાના સત્ત્વોના ભિન્નાભિન્ન વ્યકિતત્વને તમે પહેલી નજરે જ ઓળખી શકશો. એમના રૂપની જે રીતે આકૃતિ બંધાઈ હોય છે તે ઉપરથી તમે તેને ઓળખી શકો છો. તેની આજુબાજુ જે વાતાવરણ હોય છે, તે જે રીતે બોલેચાલે છે તથા વર્તે છે તે ઉપરથી પણ તેને જુદું પાડી શકાય છે. માણસો પ્રસન્ન હોય કે ક્રોધમાં હોય તે પ્રમાણે તેમની મુદ્રામાં જેમ ફેરફાર થાય તે જ પ્રમાણે પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વોની મુદ્રામાં પણ તેમના મનોભાવો પ્રમાણે ફેરફારો થાય છે. ફકત, પ્રાણમય જગતમાં એ વિકારો ઘણા જ તીવ્ર હોય છે એટલું જ. એમાં કેવળ મુદ્રા જ નહિ, પરંતુ આખું સ્વરૂપ જ કેટલીક વાર તો બદલાઈ જાય છે.

૧૯ મે ૧૯૨૯

'વિચારમાં કઈ જાતની શક્તિ રહેલી છે ? મારા પોતાના જગતનો હું કેવી રીતે અને કેટલે અંશે કર્તા છું ?'

બુદ્ધના ઉપદેશ પ્રમાણે દરેક માણસ તેના પોતાના વિશિષ્ટ જગતમાં વિચરે છે. એ જગત અન્ય માનવોના જગતથી તદ્દન જુદું જ હોય છે. જ્યારે એવી સૃષ્ટિઓ વચ્ચે સંવાદ જામે છે ત્યારે તેઓ પરસ્પર ઓતપ્રોત થાય છે. અને ત્યાર પછી માણસો એકબીજા જોડે મળી શકે છે અને એકબીજાને સમજી શકે છે. આ વિચાર મનોમય ભૂમિકા પૂરતો સાચો છે, કારણ કે દરેક માણસ તેના પોતાના જ મનોમય જગતમાં વિચરતો હોય છે, તથા એ જગત તેણે પોતાના વિચારો વડે જ રચેલું હોય છે. આ વાત એટલી બધી સાચી છે કે જ્યારે કાંઈ કહેવામાં આવે છે ત્યારે દરેક માણસ પોતપોતાના મનોમય બંધારણ પ્રમાણે તેનો જુદો જુદો અર્થ સમજે છે. કારણ કે જે બોલવામાં આવે છે તે નહિ પણ પોતાના મગજમાં જે ભરેલું હોય છે તે જ માણસો સમજે છે. આ સત્ય મનોમય ભૂમિકાનું હોઈ તેના પૂરતું જ સાચું છે.

કારણ કે મન એ કર્મ કરવા માટેનું અને સંકલન કરવાનું કરણ છે, જ્ઞાનપ્રાપ્તિનું નહિ. પ્રતિ ક્ષણે તે સંકલનાઓ કર્યા જ કરતું હોય છે, વિચારોને પણ રૂપ હોય છે, અને એના સ્રષ્ટાથી તદ્દન સ્વતંત્ર એવું વ્યક્તિગત અસ્તિત્વ પણ તેમને હોય છે. તેમને ઉત્પન્ન કરનાર સ્રષ્ટા કનેથી છૂટીને તેઓ જગતમાં વિચરે છે, અને પોતાના અસ્તિત્વના હેતુઓ સિદ્ધ કરવા પ્રત્યે તેઓ ગતિ કરે છે. જ્યારે તમે કોઈના વિષે વિચાર કરો છો ત્યારે તમારો વિચાર એક રૂપ ધારણ કરીને તેને શોધી કાઢવા નીકળી પડે છે. અને તમારા વિચારની પાછળ જો તપઃશક્તિ રહેલી હોય તો તમારામાંથી પ્રસરતા વિચારોનું રૂપ વ્યવહારમાં પોતાને સાકાર કરવાનો પ્રયત્ન પણ કરે છે. એક ઉદાહરણ લઈએ. ધારો કે અમુક માણસ તમને મળવા આવે એવી તીવ્ર ઇચ્છા તમારા મનમાં છે. અને પ્રાણની એ વૃત્તિની સાથેસાથે એક પ્રબળ કલ્પનાશક્તિ પણ તમે ઉત્પન્ન કરેલા વિચારના રૂપમાં ઉમેરાય છે. તમે કલ્પના કરો છો કે, 'જો તે આવે તો આ પ્રમાણે થશે યા તો તે પ્રમાણે થશે.' થોડા વખત પછી તમે તે વિચારને છેક પડતો મૂકો છો. પણ તમે એ

જાણતા નથી હોતા કે તમે તેને ભૂલી ગયા પછી પણ તેનું અસ્તિત્વ ટકી રહેલું છે. કારણ કે એ રીતે વિચાર ખરેખર હયાત રહે છે અને તમારાથી સ્વતંત્ર રીતે તે પોતાનું કાર્ય કરતો રહે છે. એને પાછો ખેંચી લેવો હોય તો તે માટે ઘણી સમર્થ શકિતની જરૂર પડે. હવે જે વ્યકિતના સંબંધમાં એ વિચાર થયો હશે તેના વાતાવરણમાં તે કાર્ય કરે છે, અને તમને મળવા આવવાની ઇચ્છા તેનામાં ઉત્પન્ન કરે છે. તમે ઉત્પન્ન કરેલ એ વિચાર-રૂપ બરાબર ઘડાયેલું હશે અને તેનામાં પૂરતું મનોબળ હશે તો તે વ્યવહારમાં સિદ્ધ થશે. પરંતુ વિચારનો જન્મ અને તેની સિદ્ધિની વચ્ચે કાળનો અમુક ગાળો રહે છે, અને એ વચલા ગાળામાં તમારું મન કોઈ બીજા જ કામમાં રોકાઈ ગયું હોય તો તમારા પોતાના ભુલાઈ ગયેલ વિચારનો સાક્ષાત્કાર થાય ત્યારે તમે પોતે જ તેને એક વખત જન્મ આપ્યો હતો એ હકીકત પણ તમે ભૂલી ગયા હો એમ બને. પરંતુ એ વિચારો પ્રેરેલા કાર્યના ઉત્પાદક અને તેના પરિણામે જે કાંઈ બન્યું છે તેના કારણ રૂપ તમે પોતે જ હતા એ વસ્તુ તમે જાણતા નથી હોતા. અને ઘણીખરી વાર એમ પણ બને છે કે જ્યારે વિચારનું ફળ તેની સિદ્ધિ રૂપે આવે છે ત્યારે તમને તેને માટે ઇચ્છા, કે પરવા રહેલી હોતી નથી.

કેટલાક માણસોમાં આ જાતની વિચાર રચવાની ઘણી સમર્થ સંકલનશકિત હોય છે, અને તેઓ પોતાનાં વિચાર-રૂપોને હમેશાં વ્યવહારમાં સિદ્ધ થતાં જુએ છે. પરંતુ તેમનું મનોમય અને પ્રાણમય સત્ બરાબર નિયંત્રણમાં ન હોવાને પરિણામે તેઓ ઘડીમાં એક અને ઘડીમાં બીજી વસ્તુ માટે ઇચ્છા કરતા રહે છે. એ વિધવિધ, અને કેટલીક વાર તો વિરોધી પ્રકારનાં સંકલનો અને તેમનાં પરિણામો પરસ્પર અથડાય છે અને એકબીજા સાથે ઝઘડે છે. એ લોકોને આશ્ચર્ય થાય છે કે આટલી બધી અવ્યવસ્થા અને વિસંવાદ પોતાના જીવનમાં કયાંથી આવી ચડયાં ? પણ તેઓ સમજી નથી શકતા કે તેમની આજુબાજુના જે અવ્યવસ્થિત અને વિરોધપૂર્ણ વાતાવરણને લઈને તેમનું જીવન અસહ્ય થઈ પડયું છે તેના કારણ રૂપે તેમના પોતાના જ વિચારો અને કામનાઓ છે.

આ ઘણું જ મહત્ત્વનું જ્ઞાન છે, જો તે તેનો સાચો ઉપયોગ કઈ રીતે કરવો તેના રહસ્ય સાથે આપવામાં આવે તો. એ રહસ્ય રહેલું છે આત્મસંયમમાં, પોતાના ઉપરના પ્રભુત્વમાં. એ રહસ્ય એટલે કે સત્યનું આદિમૂળ પોતાની અંદર શોધી કાઢવું, અને ભગવાનની તપઃશકિત દ્વારા સતત પોતાનું સંચાલન થવા દેવું. આ ભાગવત તપઃશકિત જ દરેક વિચારને તેનું સંપૂર્ણ બળ આપે છે અને તેના સમગ્ર અને સંવાદપૂર્ણ સાક્ષાત્કાર પ્રતિ લઈ જાય છે. વિચારો કઈ રીતે

ગતિ અને કાર્ય કરે છે તે જાણ્યા વિના જ સામાન્ય રીતે માણસો વિચારો રચે છે. એવી અજ્ઞાનભરી અને અવ્યવસ્થિત દશામાં રચાયેલા વિચારો પરસ્પર ભટકાય છે, અને તમારામાં પરિશ્રમ પ્રયત્ન અને થાકની લાગણી જન્માવે છે. તમને થાય છે કે જાણે તમે અસંખ્ય વિરોધો વચ્ચે થઈને માર્ગ કાપી રહ્યા છો. આ અજ્ઞાન અને અસંગતિ એક ઘણો સંકુલ સંઘર્ષ ઊભો કરે છે અને તેમાં જે વિચાર સૌથી વધુ બળવાન અને ટકી રહે તેવો હોય છે તે બીજા વિચારો ઉપર વિજય મેળવે છે.

મન અને તેની ક્રિયાઓ વિષે એક વાત તો નક્કી છે. તે એ છે કે તમારા અંતરાત્મામાં જે કાંઈ તમે જાણતા હો છો તે જ તમે સમજી શકો છો. કોઈ પુસ્તકમાં તમને જે કાંઈ વિશિષ્ટતા દેખાય છે તે તમે તમારા અંતરાત્મામાં અનુભવી ચૂકેલા હો છો. કોઈ પુસ્તક યા તો ઉપદેશ માણસોને ઘણો જ અદ્‌ભુત લાગે છે, અને ઘણી વાર તેઓ કહે છે કે, 'આમાં લખ્યું છે તેવું જ મારા પોતાના અનુભવમાં અને જાણવામાં આવેલું છે. પણ આટલી સરસ રીતે હું તે દર્શાવી શકતો નથી.' જ્યારે સાચા જ્ઞાનનું કોઈ પુસ્તક માણસોના હાથમાં આવે છે ત્યારે દરેક માણસને તેમાં પોતાનું જ સ્વરૂપ દેખાય છે, અને જેટલી વાર તે વાંચે છે તેટલી વાર તેને આગળ નહિ જાણાયેલાં એવી વસ્તુઓ તે પુસ્તકમાં મળી આવે છે. દરેક વખતે તે ગ્રંથ તેના વાંચનાર આગળ તેણે પ્રથમ નહિ જોયેલ એવું જ્ઞાનનું નવું ક્ષેત્ર ખુલ્લું કરે છે. એમ થવાનું કારણ એ છે કે વાંચનારની અચેતનામાં બહાર પ્રકટ થવાની વાટ જોઈ રહેલાં જ્ઞાનનાં સ્તરોને તે જ્ઞાન સ્પર્શ કરે છે. એ જ જ્ઞાનને હવે બીજા કોઈએ શબ્દોમાં રજૂ કર્યું છે, અને તે પોતે કરી શકત તેના કરતાં ઘણી જ સારી રીતે. પરંતુ એક વાર શબ્દબદ્ધ થયા પછી માણસ તેને તરત જ ઓળખી લે છે, અને અનુભવે છે કે આ જ સત્ય છે. તમને જે જ્ઞાન બહારથી આવતું દેખાય છે તે તમારા અંતરમાં રહેલા જ્ઞાનને જ બહાર લાવવાનું એક નિમિત્ત છે.

આપણે કાંઈ પણ કહ્યું હોય તેને વિષે ગેરસમજૂતી થાય એ અનુભવ ઘણો સામાન્ય છે. તેનું મૂળ પણ ઉપરના જેવું જ છે. આપણે દીવા જેવી સ્પષ્ટ વાત કહીએ છીએ પરંતુ જે રીતે સમજવામાં આવે છે તે આપણને આશ્ચર્યચકિત કરી નાખે એવી હોય છે. બોલનારનો ઇરાદો હોય તેના કરતાં કાંઈ જ જુદું દરેકને તેમાં દેખાય છે. અથવા તો કેટલીક વાર તેના અર્થથી તદ્‌ન જ વિરોધી અર્થ પણ તેમાં અધ્યારોપિત થાય છે. જો તમારે વસ્તુને બરાબર સમજવી હોય અને આ જાતની ભૂલના ભોગ ન બનવું હોય તો શબ્દના

અવાજ અને શબ્દની ગતિની પાછળ જઈને કેવળ મૌનમાં સાંભળવાનો અભ્યાસ પાડવો જોઈએ. જો તમે એ પ્રમાણે મૌનમાં શ્રવણ કરશો તો તમે બરાબર સાંભળશો અને સાચું જ સમજશો. પરંતુ જ્યાં સુધી તમારા પોતાના મગજમાં કોઈ બીજી બાબત ભમતી હશે અને અવાજ કર્યા કરતી હશે ત્યાં સુધી તમે તમને કહેવામાં આવ્યું હશે તે નહિ, પણ તમારા પોતાના મગજના અવાજને જ સમજશો.

'યોગસાધનાનો પ્રથમ પરિચય થતાં ઘણી વાર અસાંખ્ય વિરોધી સંજોગો સાધકના ઉપર હુમલો કરે છે તેનું શું કારણ હશે ? એમ કહેવાય છે કે, 'યોગસાધનાનું દ્વાર તમે ખોલો કે તુરત જ તમને અંતરાયોનું ટોળું સામું ઊભેલું જણાય છે, આ ખરું છે ?'

એ કંઈ અબાધિત નિયમ નથી. એમાં વ્યકિતના ઉપર ઘણો આધાર રહે છે. ઘણા માણસોને એમની પ્રકૃતિમાં રહેલી નિર્બળતાની કસોટી તરીકે જ વિરોધી સંજોગો પ્રાપ્ત થાય છે. યોગસાધનાનો અનિવાર્ય પાયો સમતા છે. તમે સાધનાના માર્ગમાં છૂટથી પ્રગતિ કરી શકો તે પહેલાં તમારે સમતાની પ્રતિષ્ઠા દૃઢ કરવી જોઈએ. સ્વાભાવિક રીતે આ દૃષ્ટિબિંદુથી જોતાં દરેક પ્રકારની અગવડ કે ક્ષોભને તમારે કસોટી તરીકે સમજી તેમાંથી પસાર થવાનું રહે છે. વળી તમારી આજુબાજુ તમારાં માનસિક ઘડતરોએ જ્યોતિ અને સત્ય પ્રત્યે તમને ખુલ્લા થતાં અટકાવનારી જે મર્યાદાઓ ઊભી કરી છે તેમને તોડવા માટે પણ આ વિઘ્નો જરૂરી છે. તમે જેમાં જીવો છો તે આખું માનસિક જગત ઘણું મર્યાદિત છે. પછી ભલે તમને તેની મર્યાદાઓનું જ્ઞાન કે ભાન ન હોય, તમારું મન જે મર્યાદાઓની ભીંતોમાં પુરાઈ રહેલું છે તેમને બહારથી કોઈ વસ્તુ આવીને ભાંગી આપે અને તમારા મનને મુકત કરી આપે એ જરૂરનું છે. ઉદાહરણ તરીકે તમે કેટલા અચળ નિયમો, વિચારો કે સિદ્ધાંતો બાંધી બેઠા હો છો અને તેમને તમે પારાવાર મહત્ત્વ આપતા હો છો. ઘણું ખરું તો એમાં કેટલાક નૈતિક સિદ્ધાંતોનું કે ઉપદેશોનું જ અનુસરણ હોય છે, જેમ કે 'તારાં માતાપિતાને માન આપ,' 'તું કોઈની હિંસા મા કર,' વગેરે વગેરે, દરેક માણસના મનમાં કોઈ ને કોઈ વિચારનું ભૂત હોય છે, અથવા તો અમુક વિચારો વધારે માનીતા હોય છે. દરેક જણ માને છે કે બીજા લોકો જે પૂર્વગ્રહોમાં સપડાયેલા છે તે પોતામાં નથી. એવા વિચારોને તે તદ્દન ખોટા ગણવા પણ તૈયાર હોય છે. પણ તે એમ પણ માને છે કે મારા વિચાર કંઈ બીજાના જેવા નથી. પોતાને માટે એ તો સત્ય જ છે, કેવળ સત્ય છે.

મનના ઘડેલા કોઈ પણ નિયમને માટે આશકિત હોવી એ માનવામાં હજી કોઈ સ્થળે છુપાઈ રહેલા અજ્ઞાનની નિશાની છે. દાખલા તરીકે, 'સંન્યાસ અને

આધ્યાત્મિકતા બંને એક જ વસ્તુ છે,' એ પ્રકારે આખી દુનિયામાં પ્રચલિત બનેલા વહેમ વિષે વિચાર કરો. તમે કોઈ પુરુષને કે સ્ત્રીને આધ્યાત્મિક વ્યકિત તરીકે વર્ણવો એટલે ખાધાપીધા વિના રહેનાર, આખો દિવસ બોલ્યાચાલ્યા વિના સ્થિર બેસી રહેનાર, તદ્દન કંગાલ હાલતમાં ઝૂંપડામાં વસનાર, પોતાનું સર્વસ્વ ત્યાગી દેનાર અને પોતાને માટે કાંઈ પણ ન રાખનાર માણસનું ચિત્ર સોમાંથી નવ્વાણું લોકોના મનમાં એકદમ ખડું થાય છે. એ બિચારાઓને મન આધ્યાત્મિકતાની એક માત્ર સાબિતી ગરીબાઈ અને પ્રિય લાગે તેવી કે આરામ આપે એવી સઘળી વસ્તુથી દૂર રહેવું એમાં જ રહેલી હોય છે. હવે જો તમારે આધ્યાત્મિક સત્યનું દર્શન અને અનુસરણ કરવું હશે તો આ માનસિક વિચારને નાબૂદ કરવો પડશે, તમે આધ્યાત્મિક જીવન પ્રત્યે સાચી અભીપ્સાથી પ્રેરાયા હશો તથા તમારી ચેતનામાં અને તમારા જીવનમાં ભગવાનનો ભેટો અને સાક્ષાત્કાર કરવાની તમારી ઈચ્છા પણ હશે. પરંતુ બને એમ કે ભગવાનની શોધ કરતાં કરતાં તમે એવી જગાએ જઈ પહોંચો છો કે જે ઝૂંપડી જેવી બિલકુલ નથી. અને ત્યાં તમને એક દિવ્ય વ્યકિતનો ભેટો થાય છે. એ વ્યકિત આરામભર્યું જીવન ગાળતી હોય છે, છૂટથી ખાતીપીતી હોય છે, તેની આજુબાજુ સુંદર અથવા તો એશ-આરામની વસ્તુઓ હોય છે. વળી એ પોતાની પાસે જે કાંઈ છે તે ગરીબોને વહેંચી આપતી પણ નથી હોતી, પરંતુ લોકો જે કાંઈ આપે છે તે સર્વનો પોતે સ્વીકાર અને ઉપભોગ કરતી હોય છે. તમારા માનસિક પૂર્વગ્રહને કારણે તમે એકદમ મૂંઝાઈ જાઓ છો, અને બોલી ઊઠો છો કે, 'અરે! આ શું? હું તો એક આધ્યાત્મિક માણસને મળવા આવ્યો હતો.' આ ખોટી માન્યતાને તોડી પાડવાની અને તેને નિર્મૂળ કરવાની જરૂર છે. એક વાર એ તૂટી એટલે તમારા સંન્યાસ-પરાયણ સંકુચિત વિચાર કરતાં એક ઘણી વધારે ઉચ્ચ વસ્તુ તમને મળી આવશે. તમારા આખા અંતરને મુકત કરી દે એવી અંતરની સંપૂર્ણ નિર્બંધતા તમે અનુભવશો. એ મુકત સ્થિતિમાં જો તમને કોઈ વસ્તુ મળી આવે તો તેનો તમે સ્વીકાર કરી લેશો, અને એ જ વસ્તુનો તમારે ત્યાગ કરવાનો આવે તો તે પણ એટલી રાજીખુશીથી તમે કરશો. વસ્તુઓ આવે છે, તમે સ્વીકારો છો; વસ્તુઓ જાય છે, તમે જવા દો છો. અને એ સ્વીકાર કરતાં કે ત્યાગ કરતાં તમારામાં સમતાનું સ્મિત એકસરખું જ રહે છે.

અથવા તો 'કોઈની હિંસા મા કર' એ વિચાર લો. તમે તેને તમારા સોનેરી સૂત્ર તરીકે સ્વીકાર્યો છે. તમને ક્રૂરતા તથા ખૂનામરકી પ્રત્યે ઘણી ઘૃણા રહે છે. એવી સ્થિતિમાં જો તમે હિંસા ભરેલા વાતાવરણમાં મુકાઈ જાઓ તો તમે આશ્ચર્ય ન પામતા. અને આવું એક વાર નહિ પણ

ફરી ફરીને બનશે. તમે સ્વીકારેલો આદર્શ કેવળ એક માનસિક સિદ્ધાંત છે, કોઈ સનાતન સત્ય નથી, આધ્યાત્મિક સત્યના જિજ્ઞાસુઓ કોઈ પણ પ્રકારના મને બાંધેલા નિયમ પ્રત્યે આસકિત રાખવી જોઈએ નહિ એ જ્ઞાન તમને થાય નહિ ત્યાં સુધી આમ બન્યા જ કરશે. એક વાર તમે એ બંધનમાંથી મુકત થઈ ગયા, એટલે તમને દુઃખ આપનાર સઘળાં દૃશ્યો કદાચ આશ્ચર્યકારક રીતે તમારી હાજરીમાં બનતાં અટકી જશે, ખરું જોતાં એ દૃશ્યો તમને દુઃખ આપવા ખાતર અને મનોમય બંધનમાંથી છૂટા કરવા માટે જ બનતાં હતાં.

જ્યારે ભગવાન પ્રત્યે વળો ત્યારે તમારા મનના ઘડેલા સઘળા વિચારોનો તમારે સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. પરંતુ તેમ કરવાને બદલે ઊલટા તમે તમારા માનસિક વિચારોનો ભગવાન ઉપર અધ્યારોપ કરો છો. માટીના નરમ લોચા જેવા આકારગ્રાહી થવું અને ભગવાનની ગમે તે આજ્ઞાને આધીન બની વર્તવા તૈયાર રહેવું એ યોગીને માટે સાચું વલણ છે. પોતાને કશા વિના ન જ ચાલે એવું યોગીને હોય જ નહિ. તેને પોતાને કશું બોજા રૂપ લાગે એમ પણ ન હોવું જોઈએ. જે લોકો આધ્યાત્મિક જીવન ગાળવાનો નિશ્ચય કરે છે તેમનો પ્રથમ આવેશ પોતાની પાસે જે કાંઈ હોય તેને ત્યાગ કરી દેવાનો હોય છે. પરંતુ એ આવેશનું એ કારણ હોય કે તેઓ બોજાઓમાંથી છૂટવા માગતા હોય છે. તેઓ ભગવાનને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા માગે છે એમ નથી હોતું. જે લોકો પાસે ધન હોય છે, એશઆરામ, દબદબો અને ભોગવૃત્તિને સંતોષે એવા પદાર્થો જેમની આજુબાજુ હોય છે તેઓ પ્રભુ પ્રત્યે વળે છે કે તુરત જ તેમને એ બધી વસ્તુઓથી દૂર નાસી જવાની વૃત્તિ થાય છે. એ લોકો કહે છે તે પ્રમાણે એમની ભાષામાં, 'એ બધી વસ્તુઓની ગુલામીમાંથી મુકત થવાની' વૃત્તિ તેમને પ્રથમ થાય છે. પરંતુ એ વૃત્તિ ખોટી છે. તમારી પાસે જે કાંઈ છે તે તમારું પોતાનું છે એમ તમારે ધારવું જ ન જોઈએ, સઘળી વસ્તુઓ ભગવાનની છે. તમારે અમુક વસ્તુનો ભોગ કરવો જોઈએ એવી ભગવાનની ઇચ્છા હોય તો તેને ભોગવો; પણ બીજી જ ક્ષણે, હસતાં હસતાં તેનો ત્યાગ કરવાને પણ તૈયાર રહેજો.

'શારીરિક વ્યાધિઓ શું છે? તેઓ આપણી બહારથી આવતા વિરોધી શકિતઓના હુમલા છે!'

આ બાબતમાં બે વસ્તુઓ ધ્યાનમાં લેવાની છે. બહારથી આવનાર વસ્તુ પણ છે. તેમ જ તમારી આંતર સ્થિતિમાંથી આવનાર વસ્તુ પણ છે. જ્યારે તમારા અંતરમાં વિરોધ કે બળવો કરવાની વૃત્તિ હોય છે યા તો તમારો કોઈ

ભાગ ભગવાને આપેલું રક્ષણ લઈ શકતો નથી ત્યારે તમારી આંતર સ્થિતિ વ્યાધિનું કારણ બને છે. કેટલીક વાર સાધકમાં એવું પણ કાંઈક હોય છે જે પોતાની મરજીથી જાણીબૂજીને વિરોધી શકિતઓને બોલાવે છે, તમારી અંદર આવી ક્રિયા તદ્દન નજીવા પ્રમાણમાં હોય તોપણ માંદગી લાવવાને પૂરતી છે. વિરોધી શકિતઓ એકદમ તમારા ઉપર ચઢી આવે છે, અને તેમનો હુમલો ઘણી વાર માંદગીનું રૂપ ધારણ કરે છે.

'પરંતુ કેટલી વાર વ્યાધિનાં સૂક્ષ્મ જંતુઓને લીધે, નહિ કે યોગસાધનાની ક્રિયાના એક ભાગ તરીકે, માંદગી નથી આવતી ?'

યોગ ક્યાં શરૂ થાય છે અને ક્યાં પૂરો થાય છે? તમારું આખું જીવન જ શું યોગ નથી? વ્યાધિની શકયતા તો તમારા શરીરની અંદર અને તમારી આજુબાજુ હમેશાં આવી રહેલી જ છે. તમારી આજુબાજુ દરેક જાતની માંદગીનાં જંતુઓ ટોળાબંધ આવી રહેલાં છે. વર્ષો સુધી તમને નહિ થયેલા એવા એકાદ વ્યાધિના તમે શા માટે એકાએક ભોગ થઈ પડો છો ? તમે કહેશો કે 'પ્રાણશકિતમાં ઓટ આવવાને લીધે એ પ્રમાણે થાય છે.' પરંતુ એ ઓટ ક્યાંથી આવે છે? અંતરમાં પ્રવર્તતા એક પ્રકારના વિસંવાદમાંથી અને ભગવાનની દિવ્ય શકિતનો પોતાનામાં સ્વીકાર કરવાની આસકિતને પરિણામે તે આવે છે. તમને ટકાવી રાખનાર જ્યોતિ અને શકિતના સંસર્ગમાંથી તમે દૂર થઈ જાઓ છો ત્યારે એ પ્રાણની ઓટ આવે છે, વૈદકશાસ્ત્ર જેને 'વ્યાધિને અનુકૂળ સ્થિતિ' કહે છે તે ઉત્પન્ન થાય છે, અને અદૃશ્ય દુશ્મનો એ પરિસ્થિતિનો લાભ લઈ લે છે. શંકા, નિરાશા, વિશ્વાસની ખામી, સ્વાર્થી અહંકેન્દ્રિત વૃત્તિ વગેરે દિવ્ય જ્યોતિ અને શકિત જોડેની તમારી સંસર્ગદોરી કાપી નાખે છે, અને તમારા ઉપર થનારા હુમલાને તક આપે છે. આવા પ્રકારની આંતર સ્થિતિ તમારી માંદગીનું કારણ હોય છે, જંતુઓ નહિ.

'પરંતુ સામાન્ય જનતાનું આરોગ્ય સુધરેલી પદ્ધતિ વડે સફાઈ રાખવાથી સારું થાય છે એ ખરું છે કે નહિ ?'

સામાન્ય જીવનમાં વૈદક અને સ્વચ્છતા બંને અનિવાર્ય જરૂરિયાતો છે. પરંતુ હું સામાન્ય જનતા વિષે વાત નથી કરતી, હું સાધના કરનાર સાધક વિષે કહું છું. છતાં બધાને માટે પણ સ્વચ્છતા રાખવાની આરોગ્યની પદ્ધતિનો ગેર-ફાયદો તો છે જ. તે એ છે કે તેને લીધે રોગ થવાની તક જેમ ઓછી થાય છે

તેમ બીજી બાજુએ વ્યાધિનો વિરોધ કરવાની લોકોની સ્વાભાવિક શકિત પણ ઓછી થાય છે. હૉસ્પિટલમાં આગ્યો વખત જંતુદન દવાથી હાથ ધોનારા માણસોને ચેપ જલદી લાગે છે, તથા તેમના ઉપર જંતુઓની અસર બીજાઓ કરતાં ઘણી જલદી થાય છે. ઊલટ પક્ષે એવા લોકો પણ હોય છે કે જેઓ આરોગ્યવિદ્યા વિષે કશું જ જાણતા નથી. તેઓ જીવનમાં આરોગ્યવિદ્યાના નિયમોથી તદ્દન વિરુદ્ધ વર્તે છે અને છતાં રોગમુકત અને સાજાતાજા રહે છે. એમનું અજ્ઞાન જ તેમને મદદ કરે છે, કારણ કે વૈદકશાસ્ત્રના જ્ઞાનમાંથી જન્મતી વ્યાધિની કે માંદગીના ભયની સૂચનાઓ તેમને થતી જ નથી. તો બીજા પક્ષે આ પણ ખરું છે કે આરોગ્યના નિયમો જાળવવા જે પગલાં લો છો તે વિષેની તમારી શ્રાદ્ધા પણ એ નિયમોને સફળ બનવામાં સહાય કરે છે. તમે માનો છો કે, 'મેં જંતુનાશક દવાનો ઉપયોગ કર્યો છે એટલે હવે હું સલામત છું.' જેટલે અંશે એ વિચારોમાં તમારી શ્રાદ્ધા હોય છે તેટલે અંશે તે તમને સલામતી આપે છે.

'તો પછી ગાળેલું પાણી જ પીવું જોઈએ એવી સ્વચ્છતાની સાચેવતી આપણે બધાએ શા માટે લેવી જોઈએ ?'

તમારામાં રોગનાં સૂચનોને વશ ન થાય એવો શુદ્ધ અને બળવાન કોણ છે તે મને કહેશો ? તમે ગાળ્યા વિનાનું પાણી પીઓ અને માનો કે 'હું અશુદ્ધ પાણી પીઉં છું,' તો ઘણે ભાગે તમે માંદા પડવાના જ. અને તમારી જાગ્રત બુદ્ધિમાં એ સૂચનો તમે ન આવવા દો તોપણ તમારી સમગ્ર અવચેતના એવાં સૂચનો પ્રત્યે નિરાધારપણે ખુલ્લી પડી છે, સામાન્ય જીવનમાં અવચેતનાના કાર્યનો હિસ્સો વધારે મોટો હોય છે. ચેતનાના સચેતન ભાગો કરતાં એ અવચેતના સેંકડો ગણા વધારે સામર્થ્યથી કાર્ય કરે છે.

સાધારણ માણસની આંતરિક સ્થિતિ ભય અને બીક ભરેલી હોય છે. તમે માત્ર દસ મિનિટ પણ ઊંડા ઊતરીને તમારું સ્થૂલ મન તપાસી જોશો તો તમને જણાશે કે એ દસમાંથી નવ મિનિટ તે ભયથી વ્યાપ્ત હોય છે. નાની મોટી, નજીકની દૂરની, દૃશ્ય અદૃશ્ય એમ જુદી જુદી વસ્તુઓની બીક હોય છે. તમારી જાગ્રત અવસ્થામાં તમને તે જણાતી નથી. છતાં પણ આખો વખત તે હાજર જ હોય છે. સતત પ્રયત્ન અને આત્મનિયમનને પરિણામે જ ભયથી સંપૂર્ણ મુકિત મળી શકે છે.

નિયંત્રણ અને પ્રયત્ન વડે તમે તમારા મન અને પ્રાણને સર્વ પ્રકારના ભયથી મુકત કર્યાં હોય તોપણ સ્થૂલ દેહની પાસે એ મુકિતનો સ્વીકાર કરાવવો ઘણું મુશ્કેલ છે. પરંતુ તે પણ કરવાનું છે. એક વાર યોગસાધનાનો માર્ગ તમે

લીધો એટલે તમારે ભયનો તો ત્યાગ કરી દેવો જ જોઈએ. મનના, પ્રાણના અને શરીરના પુટેપુટમાં રૂંવેરૂંવે રહેલ સ્થૂલ શારીરિક ભયનો પણ તમારે સમૂળો ત્યાગ કરવાનો છે. યોગસાધનામાં જે જે ફટકા તમને પડે છે તેનો એક હેતુ તમારામાંથી સર્વ પ્રકારના ભયને દૂર કરવાનો પણ છે. ભયનાં કારણો ફરીફરીને તમારા પર ધસારો કરે છે. પણ તે કયાં સુધી? જ્યાં સુધી તેમની સામે તમે મુકત, ઉદાસીન, અનાસકત અને શુદ્ધ થઈને ઊભા ન રહી શકો ત્યાં સુધી જ. કોઈને દરિયાની બીક હોય છે, કેટલાકને અગ્નિનો ભય હોય છે. જેમને આગની બીક હશે તેમને ઘણી વખત જણાશે કે જ્યાં સુધી તેમના સ્થૂલ દેહનો આણુ સરખો પણ આગના ભયથી કંપે નહિ એવી સ્થિતિ તેઓ મેળવતા નથી ત્યાં સુધી તેમને આગના અનુભવો થયા જ કરે છે. તમને જેની ખુબ્કળ ઘૃણા હોય છે તે વસ્તુ તમારી ઘૃણા દૂર થાય ત્યાં સુધી તમારી સામે આવ્યા જ કરે છે. જેને પોતાની પ્રકૃતિનું રૂપાંતર કરવું છે અને સાધનાનો માર્ગ અનુસરવો છે તેણે તો સર્વથા ભયમુકત થયે છૂટકો છે. ગમે તે થઈ જાય તોપણ પોતાની પ્રકૃતિનાં સર્વે કરણોમાં અલિપ્ત રહીને તેણે અક્ષુબ્ધતા પ્રાપ્ત કરવી જ જોઈએ.

૨૬ મે ૧૯૨૯

'જો આપણી તપઃશક્તિ એ વિરાટ તપઃશક્તિનો જ આવિર્ભાવ હોય યા તો તેનો જ પડઘો હોય, તો પછી વ્યક્તિની આરંભ કરવાની શક્તિને સ્થાન ક્યાં રહે છે? વ્યક્તિ શું વિરાટની ક્રિયાઓની નોંધ લેનાર કેવળ કરણ માત્ર જ છે? એનામાં શું સર્જન કરવાની કે આરંભની કશી શક્તિ નથી?'

તમે ચેતનાની કઈ ભૂમિકા ઉપરથી જગત પ્રત્યે જુઓ છો અને ક્યાંથી બોલો છો, યા તો તમારા અંતઃકરણના કયા ભાગમાંથી તમે કાર્ય કરો છો તેના ઉપર બધું અવલંબે છે.

ચેતનાની એક ભૂમિકા ઉપરથી જોતાં વ્યક્તિ કેવળ એક હથિયાર યા તો નોંધ લેનાર યંત્ર જ કેવળ નહિ પરંતુ ઉત્પાદક વા સ્રષ્ટા પણ દેખાશે. પરંતુ ચેતનાના અન્ય અને ઉચ્ચતર સ્તર ઉપરથી વિશાળ દૃષ્ટિએ જોશો તો તમને જણાશે કે વ્યક્તિત્વ એક દેખાવ માત્ર છે, આભાસરૂપ છે. વિશ્વમાં જે કંઈ બને છે તે ભૂતકાળમાં બનેલી સઘળી ઘટનાઓના પરિણામ રૂપ હોય છે. વિરાટના આવિર્ભાવની સમગ્ર લીલામાંથી તમે એક વ્યક્તિને યા તો ગતિઓના સમગ્ર સરવાળામાંથી એક ગતિને કેવી રીતે જુદી પાડશો? કોઈ પણ વસ્તુનું મૂળ યા તો તેનો આરંભ તમે ક્યાં આગળ મૂકશો? વિશ્વની સમગ્ર લીલા એક સળંગ સાંકળ જેવી છે. તેનો એકએક અંકોડો ન દેખી શકાય તેવી રીતે બીજામાં મળી ગયેલો છે. કોઈ પણ એક ભાગને આખી સાંકળમાંથી છૂટો પાટી શકાય તેમ નથી, યા તો તે પોતે જ પોતાનું મૂળ કે આદિ હોય તે પ્રમાણે તેની સમજૂતી આપી શકાય તેમ નથી.

અને ગતિનો કે ક્રિયાનો આરંભ વ્યક્તિ કરે છે, યા તો તેને તે ઉત્પન્ન કરે છે કે સરજે છે એમ તમે કહો છો ત્યારે તમે શું કહેવા માગો છો? વ્યક્તિ જે કાંઈ ઉત્પન્ન કરે છે તે સઘળું પોતાનામાંથી, યા તો કોઈ અભાવાત્મક શૂન્યમાંથી જાણે ઊપજાવી કાઢતી હોય તે પ્રમાણે કરે છે? જો કોઈ પણ વ્યક્તિ એ પ્રમાણે એક વિચાર, એક ભાવ, એક કર્મ કે કોઈ પણ બીજી વસ્તુ ઉત્પન્ન કરી શકે તેમ હોય તો તે આખી દુનિયા પણ સરજી શકે. સર્વ પદાર્થના મૂળમાં રહેલી બૃહત્ ચેતનામાં વ્યક્તિ પોતાની આંતર ચેતનાને માર્ગે થઈને પ્રવેશ કરે

તો જ તે સ્રષ્ટા અને વિધાયક થઈ શકે. સર્વ પ્રવૃત્તિના આદિકારણ રૂપે જે એકમાત્ર સચેતન શક્તિ રહેલી છે તેની સાથે અદ્વૈત પામીને જ વ્યક્તિ સર્જન કરી શકે છે.

ચેતનાની ઘણી ભૂમિકાઓ છે, અને એક ભૂમિકાનું તંત્ર બીજી ભૂમિકાના તંત્ર જેવું જ નથી હોતું. એટલે જ્યારે તમે વ્યક્તિનો સર્જક તરીકે વિચાર કરો છો ત્યારે તેની ચેતનાનો કયો ભાગ તમારાં નજરમાં હોય છે ? વ્યક્તિ અનેક વિભાગોનું બનેલું સંકુલ તત્ત્વ છે. એમાંથી તમે વ્યક્તિના કયા અંશની વાત કરો છો ? એના ચૈત્ય પુરુષની કે મનોમય યા તો પ્રાણમય પુરુષની કે તેના સ્થૂળ દેહની ? કોઈ પણ પ્રવૃત્તિનું અદૃશ્ય આદિમૂલ અને જગતમાં તેનો આવિર્ભાવ, એટલે કે વ્યક્તિ દ્વારા સધાતી એની બાહ્ય અભિવ્યક્તિ, એ બેની વચ્ચે ઉપર જણાવેલી અને બીજી પણ ઘણી અવસ્થાઓ રહેલી છે. અને તે દરેક અવસ્થામાંથી પસાર થતાં પ્રવૃત્તિના મૂળ રૂપમાં ઘણા વિકારો અને ફેરફારો થાય છે. આ વચલી ભૂમિકાઓમાં થતા ફેરફારોને લીધે માણસને નવા સર્જનનો કે પ્રવૃત્તિના નવા પ્રસ્થાનનો ભ્રમ થાય છે. પાણીમાં તમે એક લાકડીનો થોડો ભાગ બોળો તેના જેવી એ ઘટના છે. તમે લાકડી જુઓ તો છો, પણ તેના વાસ્તવિક રૂપે સીધી નહિ પણ ખૂણો કરતી. અને છતાં એ ખૂણો કરતી લાકડી કેવળ ભ્રમ છે, તમારી દૃષ્ટિએ ઉત્પન્ન કરેલો વિકાર છે. જે ખૂણો તમે જુઓ છો તે વાસ્તવિક ખૂણો નથી.

તમે કહી શકો કે પ્રત્યેક વ્યક્તિગત ચેતના વિરાટની અનંત ગતિમાં, એક દૃષ્ટિએ જે 'તેની પોતાની તરફની વિકૃતિ' કહેવાય અથવા તો બીજી દૃષ્ટિએ, જે તેનો પોતાનો 'વિશિષ્ટ ગુણ' કહેવાય એવું કંઈક ઉમેરે છે. આ વ્યક્તિગત ક્રિયાઓ દિવ્ય ભાગવત ગતિની લીલાનાં જ અંગ હોય છે, તેઓ પોતે કાંઈ ગતિના મૂળ રૂપ નથી હોતી. એ ક્રિયાઓ વિશ્વસમગ્રમાં જેમનું મૂળ તમારે શોધવું જોઈએ તેવી ક્રિયાઓનાં બદલાયેલાં સ્વરૂપો છે.

દ્વૈતની ભાવના સર્વત્ર વ્યાપેલી છે. પરંતુ તે એક ભ્રમ છે. જો આપણે ખરેખર સાચી ચેતનામાં પ્રવેશ કરવો હશે તો એ અસત્ય ભાવમાંથી મુક્ત થવું પડશે. માનવનું મન જગતને નાના નાના ટુકડાઓમાં વહેંચી નાખે છે. મન કહે છે કે, 'અહીં આ પદાર્થ શરૂ થાય છે, પણે પેલો પૂરો થાય છે,' અને એ ટુકડા કરવાની ક્રિયાને પરિણામે વિરાટની સમગ્ર ગતિમાં તે વિકાર લાવે છે. પરું જોતાં સદા સનાતન કાળથી ઊકલી રહેલા આ વિશ્વપટ રૂપે એક સર્વગ્રાહી, વિશ્વવ્યાપી, સર્વધારક ચેતનાનો જ મહાન પ્રવાહ વહી રહેલો છે. આપણા જગતમાં જે કાંઈ છે તે સર્વની પાછળ એ સત્ય કાર્ય કરી રહેલું છે. પરંતુ જગતમાં આપણાથી

એ સત્યને ઢાંકી રાખનાર દ્વૈતનો ભ્રમ પણ વિદ્યમાન છે જ. આ જગતમાંની અનેકાનેક ગતિઓ, પ્રવાહો, વ્યકિતઓ એવી ભ્રમણા સેવે છે કે પોતે એકબીજાથી તદ્ન અલગ અલગ છે, પોતે કેવળ સ્વયંભૂ છે, પોતાનામાં જ સ્થિત છે, અને પોતાને માટે જ હસ્તીમાં છે, પોતે આખા વિશ્વથી તદ્ન જુદી અને સ્વયંપર્યાપ્ત વસ્તુ છે. એમને એવો ભાસ થાય છે કે તેમનું પરસ્પરનું કાર્ય અને પ્રતિકાર્ય કેવળ બાહ્ય ક્રિયા છે, જાણે કે તેઓ પોતે પ્રત્યેક એક સ્વતંત્ર દુનિયા છે, એક-બીજાની સામે ઊભી રહેલી છે અને અમુક અંતરે રહ્યાં રહ્યાં શકય હોય એવા બાહ્ય સંબંધ સિવાય બીજો કોઈ પણ સંસર્ગ તેમની વચ્ચે નથી. પ્રત્યેક વ્યકિત પોતાને એક જુદી વિશિષ્ટ વ્યકિત તરીકે જુએ છે, અને પોતાને સ્વતંત્ર અસ્તિત્વનો હક છે એમ માને છે, વિશ્વલીલાના એકે અંગ તરીકે આ દ્વૈતની ભાવનાને ચાલુ રહેવા દેવામાં આવી છે. અદ્વૈતાત્મક દિવ્ય ચેતના સંપૂર્ણપણે બહિર્મુખ થાય, પદાર્થ રૂપ બને અને પોતાના આવિર્ભાવ માટેનાં રૂપોને નિશ્ચિત આકાર આપે તે માટે આમ થવા દેવાની આવશ્યકતા હતી. પરંતુ દ્વૈત ભાવનાના એ ભ્રમને ભૂતકાળમાં ચાલુ રહેવા દીધો હતો તેનો અર્થ એવો નથી કે તે હમેશાં ચાલુ રહેવો જ જોઈએ.

આ વિશ્વની અનંત લીલામાં મોટા ભાગનાં મનુષ્યો જ્ઞાનહીન કરણ રૂપે જ વર્તે છે. તેમનામાં કશું જ્ઞાન હોતું નથી. યાંત્રિક પૂતળાંની માફક તેમને કર્મમાં પ્રેરવામાં આવે છે. પણ કેટલાક મનુષ્યોને પોતાના કાર્યનું જ્ઞાન હોય છે. વિશ્વને એક નાટક તરીકે સમજીને તેઓ પોતાનો પાઠ ભજવ્યે જાય છે. વળી કેટલાક એવા પણ છે કે જેમને વિશ્વની ગતિનું સંપૂર્ણ જ્ઞાન હોય છે, એ વિશ્વગતિની સાથે તથા દ્વૈતથી પર રહેલી દિવ્ય ચેતના સાથે તેમણે સંપૂર્ણ તાદાત્મ્ય સાધેલું હોય છે અને છતાં જાણે કે પોતે વિશ્વસમગ્રનો એક ખંડ હોય, કોઈ તદ્ન ભિન્ન વ્યકિત હોય તે પ્રમાણે વર્તવાનું તેમણે સ્વીકારેલું હોય છે. આ અજ્ઞાન અને પૂર્ણ જ્ઞાનની બે અવસ્થાઓ વચ્ચે વિશ્વની લીલામાં ભાગ લેવાના અનેક પ્રકાર જેવી બીજી ઘણી અવસ્થાઓ આવી રહેલી છે. અજ્ઞાનની એક એવી અવસ્થા છે કે જેમાં રહીને કર્મ કરતાં કરતાં તમને લાગે છે કે તમે પોતે જ એ કર્મનો નિર્ણય કરનાર છો. એના કરતાં ઓછા અજ્ઞાનવાળી એક બીજી અવસ્થા છે કે જેમાં તમે જાણો છો કે તમને કોઈ કર્મમાં પ્રેરી રહ્યું છે, પણ તે કેવી રીતે તથા શા માટે બને છે તે તમે જાણતા નથી હોતા. આ ઉપરાંત ચેતનાની એક એવી પણ અવસ્થા છે જેમાં તમે સંપૂર્ણ જ્ઞાન ધરાવો છો. તમારા દ્વારા કઈ વસ્તુ કાર્ય કરી રહી છે તે તમે જાણો છો. તમે માત્ર એક કરણ છો, તમારાં કાર્ય કઈ

રીતે અને શા માટે થાય છે, તેની પ્રક્રિયા અને લક્ષ્ય શું છે તેનો તમને પૂરેપૂરો ખ્યાલ રહે છે. 'હું જ મારા કર્મનો કર્તા છું,' એવી અજ્ઞાનભરી દશા તમારા વિકાસ માટે જ્યાં સુધી ઉપયોગી હોય છે ત્યાં સુધી જ ચાલે છે. પરંતુ જ્યારે ઊર્ધ્વ ચેતનાની ભૂમિકામાં જવાને તમે અધિકારી બનો છો કે તુરત તમે પેલી એકમાત્ર અદ્વૈત રૂપ દિવ્ય ચેતનાના કરણ છો એમ અનુભવો છો. તમે એક ડગલું આગળ વધો છો અને તમારી ચેતના એક વધારે સચેતન ભૂમિકામાં આરોહણ કરે છે.

'જેમ પ્રાણની ભૂમિકામાં વિરોધી શક્તિઓ હુમલા કરે છે
તેમ મનોમય ભૂમિકામાં પણ બને છે ખરું?'

એ પ્રશ્નનો ચોક્કસ ઉત્તર આપવા માટે કેટલીક સમજૂતીમાં ઊતર્યા વગર ચાલે તેમ નથી અને હાલ તુરત એ બધામાં ઊતરવું બની શકે તેમ નથી.

મન એ ચેતનાની ગતિનો એક પ્રકાર છે; પરંતુ મનની પોતાની ગતિના પાછા અનેક પ્રકારો છે, તેના ઘણા સ્તરો પણ છે તેઓ એકબીજાનો સ્પર્શ કરે છે, અને એકબીજામાં પ્રસરે છે. વળી આપણે જેને 'મન' કહીએ છીએ તેની ગતિ ચેતનાના બીજા, મન સિવાયના, સ્તરોમાં પણ પેસે છે. મનોમય જગતમાં પણ ઘણી અન્યોન્યાશ્રયી ચઢતી ઊતરતી ભૂમિકાઓ રહેલી છે. એ બધી મનોમય ભૂમિકાઓ અને મનોમય શક્તિઓ અન્યોન્યાશ્રયી છે; અને છતાં તેમની ગતિના ગુણમાં ભેદ રહેલા છે, અને કથનની સરળતા ખાતર આપણે તેમને એકબીજાથી જુદી પાડવી પડે છે. ઉદાહરણ તરીકે, આપણે મનના ઊર્ધ્વ મન, મધ્યવર્તી મન, સ્થૂલ મન અને છેક જડાત્મક-ભૌતિક મન એવા પણ વિભાગ પાડી શકીએ. એ સિવાય પણ મનોમય ભૂમિકાના બીજા ઘણા ભેદો પડી શકે તેમ છે.

હવે પ્રાણમય ભૂમિકાથી ખૂબ ઊંચે અને તેની અસરથી તદ્દન અલિપ્ત એવી મનોમય ભૂમિકાઓ છે. ત્યાં આગળ વિરોધી સત્ત્વો કે શક્તિઓ છે જ નહિ. પરંતુ બીજી એવી ભૂમિકાઓ છે, અને તે ઘણી છે, કે જેમને પ્રાણમય સત્ત્વો સ્પર્શી શકે છે તથા તેમાં પ્રવેશ કરી શકે છે. વળી આપણે જેને સ્થૂળ મન, સ્થૂળ જગતમાં આવી રહેલી મનોમય ભૂમિકા કહીએ છીએ તેનું સ્વરૂપ અને વૃત્તિ એ બંને વિશુદ્ધ મનના કરતાં વધારે પ્રમાણમાં સ્થૂળ પ્રકારનાં હોય છે. અને તેમના પર પ્રાણમય જગતનો તથા વિરોધી શક્તિઓનો પ્રભાવ પણ ઘણો રહે છે. આ સ્થૂળ મન ઘણું ખરું તો નિમ્ન પ્રાણમય ચેતનાની પ્રવૃત્તિઓના સહાયક જેવું હોય છે. જ્યારે નિમ્ન પ્રાણમાં અમુક કામનાઓ કે વૃત્તિઓ પ્રકટે છે

ત્યારે મનનો એ વિશેષ સ્થૂળ ભાગ તેમની મદદે પહોંચી જાય છે, અને અનેક વિસ્તૃત ખુલાસાઓ, કારણો અને બહાનાં આપી એ સૌને સકારણ ઠેરવે છે, ટેકો આપે છે. મનોમય ભૂમિકાનો આ ભાગ પ્રાણમય લોકમાંથી આવતી સૂચનાઓ પ્રત્યે સૌથી વધારે ખુલ્લો હોય છે; અને એના ઉપર જ વિરોધી શક્તિઓ સૌથી વધારે વખત હુમલા લાવે છે. પરંતુ આપણામાં ઊર્ધ્વ મન પણ હોય છે. એની પ્રવૃત્તિમાં વાસનાનું તત્ત્વ હોતું નથી. એની કલ્પનાઓ જ્ઞાનથી આલોકિત બનેલી હોય છે. તે નવાં રૂપોનું નિર્માણ કરે છે. આ ઊર્ધ્વ મનથી ઊંચે એક વિશુદ્ધ મન છે. એમાં વિચારો અબદ્ધ રૂપે રહેતા હોય છે. મનના આ બધા ઊર્ધ્વ પ્રદેશો પ્રાણની ગતિઓથી તથા વિરોધી શક્તિઓની અસરથી તદ્દન મુકત હોય છે. કારણ કે તેઓ તેમનાથી ઘણે ઊંચે આવી રહેલા છે. એ મનઃસ્તરોની પ્રવૃત્તિઓમાં પરસ્પર વિરોધ કે સંઘર્ષ હોઈ શકે છે. એમની પ્રવૃત્તિઓ, વિચાર-રૂપો સત્યની સાથે અથડામણમાં આવતાં પણ હોઈ શકે છે. પરંતુ ત્યાં પ્રાણજન્ય સંક્ષોભો હોતા નથી, વિરોધી કહી શકાય એવું કશું તત્ત્વ હોતું નથી. સાચું તત્ત્વ-દ્રષ્ટા મન, ચિંતક, શોધક અને વિધાયક મન, તથા આકાર પામ્યા વિનાના વિશુદ્ધ વિચારોનું મન, એ બધાં નિમ્ન પ્રાણનાં આક્રમણોથી કે પ્રભાવથી પર હોય છે. પરંતુ આનો અર્થ એમ નથી કે આ મનઃપ્રદેશોનું અનુકરણ કરનારાં કે તેમણે સર્જેલ વસ્તુઓનો દુરુપયોગ કરનારાં તત્ત્વો નથી. એમ કરી શકે તેવાં વિકૃત અનવિરોધી સત્ત્વો પણ છે. તેમનું પ્રાબલ્ય પણ પેલાં પ્રાણનાં સત્ત્વો કરતાં ઘણું વિશેષ હોય છે, તેમની ઉત્પત્તિ પણ વધારે ઉચ્ચ પ્રદેશોમાં થતી હોય છે.

'ચૈત્ય લોકની સ્થિતિ કેવી હોય છે? વિરોધી શક્તિઓ અને ચૈત્ય લોક વચ્ચે કેવા પ્રકારનો સંબંધ હોય છે?'

ચૈત્ય લોક અર્થાત્ અંતરાત્માની ભૂમિકા, એટલે ભગવાનની દિવ્ય ચેતનાની સીધે સીધી અસર તળેની ભૂમિકા, ત્યાં વિરોધી શક્તિઓની અસર રજમાત્ર પણ પહોંચી શકતી નથી. એ ભૂમિકા એટલે સંવાદમય જગત. એમાં સઘળું જ્યોતિથી જ્યોતિ પ્રત્યે, પ્રગતિથી પ્રગતિ પ્રત્યે પ્રયાણ કરે છે. ચૈત્ય ભૂમિકા એ ભગવાનની ચેતનાનું નિવાસસ્થાન છે, વ્યકિતમાં રહેલ દિવ્ય પુરુષને રહેવાનું સ્થાન છે, જ્યોતિ, સત્ય, જ્ઞાન, સૌંદર્ય અને સંવાદનું એ કેન્દ્ર છે. આપણા પ્રત્યેકની અંદર રહેલો ભગવદ્-અંશ પોતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિ દ્વારા આ તત્ત્વોનું આપણામાં ધીરે ધીરે નિર્માણ કરે છે. ચૈત્ય પુરુષ ભાગવત ચેતનાનો જ અંશ છે. તેના ઉપર કેવળ ભાગવત ચેતનાની જ અસર થઈ શકે છે. તે ભગવાનને લીધે જ અસ્તિત્વમાં આવે છે અને ગતિ કરે છે. તમારી દરેકની અંદર એ

ગહન આંતર ચેતના આવેલી છે. તમારામાં વસતા પરમાત્મા સાથે સંપર્કમાં આવવા માટે તમારે એ ચેતના શોધી કાઢવાની છે. પરમ ભાગવત ચેતના અને તમારી બાહ્ય ચેતના એ બેને જોડનારી કડી તે આ ચૈત્ય પુરુષ, અંતરાત્મા છે. તમારા આધ્યાત્મિક આંતર જીવનની રચના પણ તે જ કરે છે. બાહ્ય પ્રકૃતિમાં પ્રભુની દિવ્ય તપઃશક્તિના શાસનને તથા તંત્રને તે જ પ્રકટ કરી આપે છે. જો તમારી અંદર રહેલા આ ચૈત્ય પુરુષનું ભાન તમારી બહિર્મુખ ચેતનામાં જાગ્રત કરી શકો તથા તેની સાથે એકતા સાધી શકો તો તમે શુદ્ધ સનાતન ચેતનાને પ્રાપ્ત કરી શકશો અને તેમાં જીવન ધારણ કરી શકશો. સામાન્ય માનવીની પેઠે હમેશાં અજ્ઞાનથી પ્રેરાઈને કર્મમાં પ્રવૃત્ત થવાને બદલે તમને તમારી પોતાની અંદર એક સનાતન જ્યોતિ તથા જ્ઞાનની હાજરી આવી રહેલી જણાશે. તમે તેને આત્મસમર્પણ કરશો, સમગ્ર ભાવે તમે તેને જ નિવેદિત થશો, અને સઘળી ક્રિયામાં તેની પ્રેરણા વડે જ પ્રેરાશો.

ચૈત્ય પુરુષ એટલે ભગવાનને કયારનોયે સમર્પિત થઈ રહેલો તમારો પોતાનો અંતરાત્મા. તેનો પ્રભાવ અંદરથી ક્રમે ક્રમે બહાર પ્રસરતો છેવટે તમારી સૌથી સ્થૂળ પાર્થિવ ભૂમિકાની સીમા સુધી પહોંચી જાય છે. અંતરાત્માનો તે પ્રભાવ જ તમારી સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર સાધી આપશે. ચૈત્ય ભૂમિકામાં તમોગ્રસ્તતાને, અજ્ઞાનને સ્થાન જ નથી. એ તો તમારો જ્યોતિર્મય ભાગ છે. માનવજાતિના મોટા ભાગને આ ચૈત્ય પુરુષના અસ્તિત્વની ખબર હોતી નથી. ચૈત્ય પુરુષની ચેતના પ્રત્યે તમને જાગ્રત કરવા એ યોગસાધનાનો પ્રયત્ન હોય છે. ચૈત્ય પુરુષ જાગ્રત થતાં તમારી પ્રકૃતિનું રૂપાંતર કરવાની ક્રિયા સેંકડો વર્ષોના ગાળામાં ધીમી ધીમી ગતિએ સિદ્ધ થવાને બદલે એક જ જન્મમાં, યા તો થોડાં વર્ષોમાં પણ સિદ્ધ થઈ શકે.

મનુષ્યના મૃત્યુ પછી પણ તેનો જે અંશ ટકી રહે છે તે આ ચૈત્ય પુરુષ છે. કારણ કે એ આપણા 'હું'નું સનાતન સ્વરૂપ છે. એ ચૈત્ય પુરુષ જ ચેતનાને જન્મજન્માંતરોમાં થઈને આગળ લઈ જાય છે.

તમારી અંદર રહેલા પ્રભુના સત્ય અને દિવ્ય અંશનું ખરું વ્યકિતત્વ છે તે આ ચૈત્ય પુરુષ છે. કારણ કે તમારું વ્યકિતત્વ એટલે તમારી અભિવ્યકિતનો એક વિશિષ્ટ પ્રકાર, અને તમારો ચૈત્ય પુરુષ એટલે તમારામાં મૂર્ત થયેલ દિવ્ય ચેતનાનું એક વિશિષ્ટ સ્વરૂપ. પરંતુ આ ચૈત્ય પુરુષમાં, તમારી પ્રકૃતિના બીજા ભાગોમાં વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે હોય છે તેવો ભેદ હોતો નથી. તમને ત્યાં આગળ સમજાય છે કે તમારું વ્યકિતત્વ એટલે તમારો પોતાનો એક વિશિષ્ટ પ્રકારનો

આવિર્ભાવ. પરંતુ સાથે સાથે તમે એ પણ જાણો છો કે એ આવિર્ભાવમાં પેલી દ્વૈતાતીત વિશ્વચેતના પોતે જ સાકાર થઈ રહેલી છે. જાણે કે તમારી પોતાની અંદરથી જ એક અંશ લઈને તમે તમારી સમક્ષ મૂકયો હોય અને એ બે અંશો અન્યોન્યને જોઈ રહ્યા હોય, એકબીજા સાથે લીલા કરી રહ્યા હોય તેના જેવું એ છે. ચેતનાને ભિન્નભિન્ન રૂપોમાં મૂર્ત કરી, તેમની વચ્ચે સંબંધો રચવા માટે તથા તેમનો આનંદ લેવા માટે આવા દ્વૈતની જરૂર હતી. પરંતુ તમારા ચૈત્ય પુરુષમાં જઈને જોતાં સર્વ વસ્તુઓને એકબીજાથી જુદી પાડનાર ભેદભાવ તમને એક ભ્રમ, કેવળ આભાસ રૂપ જ જણાય છે.

'આધ્યાત્મિક અને ચૈત્ય ભૂમિકામાં ભેદ છે ખરો? એ બે ભૂમિકા જુદી જુદી છે?'

હા. ચૈત્ય ભૂમિકા વ્યકિતગત આવિર્ભાવની ભૂમિકા છે. ચૈત્ય પુરુષ એટલે વિશ્વલીલામાં એક સક્રિય તત્ત્વ તરીકે કાર્ય કરવા તમારામાં મુકાયેલો ભાગવત ચેતનાનો અંશ. પરંતુ જયારે આપણે આધ્યાત્મિક ભૂમિકા વિષે બોલીએ છીએ ત્યારે ભગવાનની પોતાની દિવ્ય ચેતનામાં કેન્દ્રીભૂત થયેલ ચેતનાનો વિચાર કરીએ છીએ, બાહ્ય જગતમાં થઈ રહેલા તેના આવિર્ભાવનો નહિ. આધ્યાત્મિક ભૂમિકા આ બાહ્ય વિશ્વલીલાની પાછળ તથા તેનાથી ઊર્ધ્વમાં આવી રહેલી, સર્વ ક્રિયા-ઓથી પર જેવી સ્થિતિ છે. પ્રકૃતિનાં કરણોને એ ભૂમિકા ટેકો આપે છે, પરંતુ પૃથ્વી ઉપરના આ બાહ્ય આવિર્ભાવમાં તે અંતર્ગત કે અનુસ્યૂત બની જતી નથી.

પરંતુ આ બધી બાબતો વિષે બોલતાં આપણે જે શબ્દોનો ઉપયોગ કરતા હોઈએ તેનાથી બંધાઈ ન જઈએ એ ધ્યાનમાં રાખવાનું છે. જયારે હું 'ચૈત્ય' કે 'આધ્યાત્મિક' ભૂમિકા વિષે બોલું છું ત્યારે શબ્દોની ઉપરછલ્લી સપાટીની પાછળ રહેલી અતિ ગહન અને વાસ્તવિક વસ્તુઓ વિષે હું વાત કરું છું. એમની વચ્ચે ભેદ છે છતાં પણ એ બંને પરસ્પર ગાઢ સંબંધથી જોડાયેલી છે. વસ્તુઓમાં રહેલા વાસ્તવિક સત્યનું ગ્રહણ કરવા માટે બુદ્ધિએ કરેલી વ્યાખ્યાઓ અને ભેદો ઘણા જ બહિર્મુખ અને જડ હોય છે. છતાં તમારે જયાં પરસ્પર વાતચીતનો વ્યહવાર ન હોય ત્યાં તમારું કથન સ્પષ્ટ કરવા માટે દરેકે દરેક શબ્દની વ્યાખ્યા કરવાની રહે છે. વાર્તાલાપ માટે આદર્શ સ્થિતિ તો એ ગણી શકાય કે જેમાં તમારાં ચિત્ત પરસ્પર એટલાં બધાં સંવાદમાં હોય કે શબ્દો તો માત્ર તમારા અંતરમાં આપોઆપ પ્રગટી આવતી સમજૂતીને વ્યકત કરવાના આલંબન જેવા જ રહે અને તમારે તમારા શબ્દોનો ડગલે ને પગલે ખુલાસો કરવાને ના રહે.

એકની એક વ્યકિતઓ સાથે તમારે વાતચીત કરવાની હોય તો તેનો લાભ આ રહે છે. તમારાં ચિત્ત વચ્ચે એક સંવાદપૂર્ણ મેળ જામી જાય છે અને બોલાયેલા શબ્દોનું રહસ્ય તરત પામી જવાય છે.

વિશુદ્ધ વિચારોની એક એવી સૃષ્ટિ પણ છે કે જેમાં વિચારોએ કશો આકાર લીધેલો હોતો નથી. તમારે જો શબ્દની પાછળ રહેલા તત્ત્વને ગ્રહણ કરવું હોય તો એ સૃષ્ટિમાં પ્રવેશ કરવો જોઈએ. જ્યાં સુધી વસ્તુને સમજવા માટે તમારે શબ્દના બાહ્ય રૂપ ઉપર આધાર રાખવો પડે છે ત્યાં સુધી સાચા અર્થ વિષે ભૂલ થવાનો ઘણો સંભવ છે; પરંતુ જે સૃષ્ટિમાંથી વિચારો નીચે ઊતરીને રૂપ ધારણ કરે છે તેમાં જો તમે ચિત્તની ગંભીર નીરવતા પ્રાપ્ત કરીને આરોહણ કરી શકો તો તરત જ સત્યનું ગ્રહણ શકય બનશે. જો તમારે એકબીજાને ખરેખર સમજવા હોય તો તદ્દન મૌનમાં સમજવાની શકિત મેળવવી જોઈએ. એવી પણ એક સ્થિતિ હોય છે જેમાં તમારાં મન પરસ્પર એટલાં બધાં સંવાદિત મેળમાં હોય છે કે એકના મનમાં આવેલો વિચાર શબ્દની જરૂર વિના જ સામાના મનમાં પ્રગટે છે. પરંતુ આ પ્રમાણેનો મન મન વચ્ચે પરસ્પર સંવાદ ન હોય તો તમારા શબ્દોના અર્થમાં કાંઈ ને કાંઈ વિકાર થઈ જવાનો સંભવ છે, કારણ કે તમે જે કાંઈ બોલો .છો તેને સામા માણસનું મન પોતાનો જ અર્થ આપીને સમજે છે. દા. ત. એક શબ્દનો પ્રયોગ હું અમુક અર્થમાં કે અર્થની અમુક છાયા દર્શાવવા કરું છું. તમને તે શબ્દનો કોઈ જુદો જ, તેની જુદી જ છાયા-વાળો અર્થ કરવાનો અભ્યાસ છે. આમ હોય તો એ શબ્દ મારા અર્થમાં સમ-જવાને બદલે તમે જે અર્થ તેમાં મૂકતા હશો તે જ સમજશો એ સ્પષ્ટ છે. આ સત્ય કેવળ વાતચીતને જ નહિ, પરંતુ વાચનને પણ લાગુ પડે છે. કોઈ ગહન જ્ઞાનથી ભરેલું પુસ્તક તમારે સમજવું હોય તો તમારે તે સંપૂર્ણ માનસિક નીરવતા રાખીને વાંચવું જોઈએ. તમે વાંચતી વેળા વચ્ચે વચ્ચે થોભી જાઓ. લેખકના કથનને તમારામાં ઊંડે ઊંડે, જ્યાં શબ્દો છે જ નહિ તે ભૂમિકા સુધી ઊંડું ઊતરવા દો. અને એ શબ્દાતીત ભૂમિમાં જઈને પછી તમે ધીમે ધીમે પાછા તમારી બાહ્ય ચેતનામાં, તમારી સ્થૂલ સપાટી પરના ચિત્તમાં આવી જાઓ પરંતુ એમ કરવાને બદલે તમે શબ્દોને કેવળ તમારા બહિર્મુખ મનમાં જ કૂદાકૂદ કરવા દેશો અને તે બેની વચ્ચે મેળ બેસાડવા પ્રયત્ન કરશો તો શબ્દોનો સાચો અર્થ અને શકિત તમે પૂરેપૂરાં ગુમાવી બેસશો. વિચારની અભિવ્યકિતના કેન્દ્રની પાછળ જે અવ્યકત ચિત્ત રહેલું છે તેની સાથે એકતા સાધ્યા વિના વસ્તુની પૂરેપૂરી સમજણ પ્રાપ્ત થવી શકય નથી.

આપણે પ્રત્યેક વ્યકિતના મનને એકબીજાથી તદ્દન જુદી અને સ્વતંત્ર એવી સૃષ્ટિ તરીકે આગળ એક વાર વર્ણવી ગયા છીએ. એ દરેક સૃષ્ટિ તેના પોતાનામાં જ સમાપ્ત થાય છે, અને બીજી કોઈ સૃષ્ટિ સાથે તેને સંબંધનું કોઈ સીધેસીધું સાધન હોતું નથી. પરંતુ મનોમય ભૂમિકાના કેવળ નીચેના પ્રદેશોમાં જ એવું બને છે. ત્યાં તમારાં પોતાનાં મનોમય રૂપો તમને પોતાની વચ્ચે પૂરી રાખે છે. એ મનોમય રૂપોમાંથી યા તો તમારી પોતાની જાતમાંથી તમે બહાર નીકળી શકતા નથી. તમે પોતાની જાતને જ, અને પદાર્થોમાં પડતા તમારા પોતાના પ્રતિબિંબને જ સમજી શકો છો. પરંતુ અવ્યકત મનની આ ઊર્ધ્વ ભૂમિકામાં અને તેના વિશુદ્ધતર ઉચ્ચ પ્રદેશોમાં તમે મુકત હો છો. તમે ત્યાં જયારે જાઓ છો, ત્યારે તમે તમારા પોતાપણામાંથી બહાર નીકળો છો, અને એક વિશ્વવ્યાપી મનોમય ભૂમિકામાં પ્રવેશ કરો છો. ત્યાં પ્રત્યેક વૈયકિત મનોમન સૃષ્ટિ જાણે કે એક વિશાળ ચિત્તસાગરમાં આવી રહી હોય તેવું લાગે છે. ત્યાં તમે બીજાના મનમાં શું ચાલી રહ્યું છે તે સંપૂર્ણપણે જાણી શકો છો. એ મન જાણે તમારું પોતાનું જ હોય તે પ્રમાણે તમે તેને જોઈ શકો છો, કારણ કે ત્યાં મન અને મન વચ્ચે કોઈ પણ પ્રકારના ભેદની દીવાલ હોતી નથી એ ભૂમિકા ઉપર જયારે તમે બીજાઓ જોડે એકતા સાધો છો ત્યારે જ તમે તેમને સમજી શકો છો, એવું ન થાય ત્યાં સુધી તમે બીજા સાથે સંવાદ પામી શકતા નથી, તેનો સ્પર્શ કરી શકતા નથી, તમારાથી જુદા મનમાં શી ક્રિયા ચાલી રહી છે તેનું બરાબર જ્ઞાન તમે મેળવી શકતા નથી. જયારે તમે બીજા માણસની હાજરીમાં હો છો ત્યારે મોટે ભાગે તો, તે માણસ શું વિચારે છે કે શી લાગણી અનુભવે છે તે વિષે તમે અજ્ઞાન જ હો છો, પરંતુ જો તમે બાહ્ય અભિવ્યકિતની આ ભૂમિકાથી પર કે ઉપર જઈ શકો, જો તમે એવી ભૂમિકામાં પ્રવેશ કરો કે જયાં નીરવ આપલે થઈ શકે છે, તો તમારા પોતાના મનની પઠે જ તમે બીજાનું મન પણ વાંચી શકશો. ત્યાર પછી અભિવ્યકિત માટે તમે જે કંઈ શબ્દો વાપરો તેમની અગત્ય ઘણી ઓછી થઈ જાય છે, કારણ કે વસ્તુનું સંપૂર્ણ અર્થગ્રહણ તો શબ્દોથી પર કોઈ બીજા તત્ત્વ દ્વારા જ બને છે, અને તમારો હેતુ પ્રકટ કરવા માટે થોડામાં થોડા શબ્દો પૂરતા થઈ પડે છે. ત્યાં આગળ લાંબી લાંબી સમજૂતી આપવાની જરૂર રહેતી નથી. કોઈ પણ વિચારને તેના સંપૂર્ણ રૂપમાં વ્યકત કરવાની તમને જરૂર દેખાતી નથી, કારણ કે તેના ભાવાર્થનું તમે પ્રત્યક્ષ દર્શન જ કરતા હો છો.

'એવો સમય આવશે ખરો કે જયારે વિરોધી શકિતઓ રહી જ નહિ હોય ?'

જ્યારે તેમનો કોઈ પણ ઉપયોગ નહિ રહે ત્યારે તેમનો વિલય થઈ જશે. એમની પાસેથી એક કસોટી તરીકેનું કામ લેવામાં આવે છે, કે જેથી કરીને માનવપ્રકૃતિના રૂપાંતરમાં કશું પણ બાકી ન રહી જાય, કંઈ પણ ભૂલાં ન જવાય. આ વિરોધી શક્તિઓ તમારા રૂપાંતરમાં એક પણ ભૂલ રહી જવા નહિ દેશે, તમારી પોતાની પ્રકૃતિમાં તમે એક નાનકડી વિગતને પણ વીસરી ગયા હશો તો તેઓ તે ભાગ ઉપર જ આવીને આંગળી મૂકશે, તે ભાગને એટલો બધો તો આગળ પડતો કરી મૂકશે કે તમે અત્યંત બેચેન બની જશો અને તમારે તેમાં ફેરફાર કરવો જ પડશે, આ કાર્યને માટે જ્યારે તેમની જરૂર નહિ રહે ત્યારે તેઓ નિરુપયોગી થઈ પડશે અને ચાલી જશે. તેમને અહીં રહેવા દેવામાં આવે છે કારણ કે પ્રભુના મહાન કાર્યમાં તેમની જરૂર છે. તેમની અગત્ય અનિવાર્ય જેવી નહિ રહે, એટલે કાં તો તેમનું રૂપાંતર થશે યા તો તેમનો વિલય થઈ જશે.

'એ થવાને ઘણો કાળ લાગશે ?'

સઘળો આધાર તમારા પોતાના દૃષ્ટિબિંદુ પર છે, કારણ કે કાળ એક સાપેક્ષ વસ્તુ છે. તમે એને બહિર્મુખ સામાન્ય માનવીની દૃષ્ટિથી, યા તો અંતરની ગહન ઊંડી ચેતનાની કે પછી ભગવાનની દિવ્ય દૃષ્ટિથી પણ વિચારી શકો છો.

ભાગવત ચેતના સાથે તમે એક રૂપ થઈ ગયા હો તો પછી જે કામ કરવાનું છે તે કરતાં માનવની ગણતરી પ્રમાણે ફક્ત એક વર્ષ લાગે કે એક હજાર વર્ષ લાગે તેનું કશું મહત્ત્વ નથી. કારણ કે તે દશામાં પછી માનવની પ્રકૃતિનો પ્રદેશ છોડીને તમે ભગવાનની દિવ્ય પ્રકૃતિની અનંતતા અને સનાતનતામાં પ્રવેશ કરો છો. તે સ્થિતિમાં પહોંચતાં, કાર્યોને સિદ્ધ થયેલાં જોવાની પ્રબળ ઇચ્છાને લઈને માનવમાં જે અતિશય અધીરાઈની લાગણી હોય છે તેનાથી તમે મુક્ત થઈ જાઓ છો. ક્ષોભ, ઉતાવળ, અશાંતિથી કશું પ્રાપ્ત કરી શકાતું નથી. એ તો દરિયા ઉપરનાં ફીણ જેવાં છે. પરિણામ વગરની નિષ્ફળ ઊથલપાથલ છે. માણસોને એવો ખ્યાલ હોય છે કે જો પોતે આખો વખત ચારે બાજુએ દોડધામ કર્યા ન કરે, પ્રવૃત્તિઓનો સનેપાત ન મચાવી મૂકે તો જાણે પોતે કશું જ કાર્ય કરતા નથી. આ બધી કહેવાતી ચળવળો જગતમાં કાંઈ પણ ફેરફાર સાધી શકે છે એમ માનવું એ એક ભ્રમણા છે. એક પ્યાલામાં પાણી ભરી તેને વલોવ્યા કરવા જેવું એ છે. એમ કરવાથી પાણી હાલે છે ખરું, પરંતુ તમારા ગમે તેટલા મંથનથી પણ તેમાં જરાકે ફેર પડતો નથી. કર્મ વિષેનો આ ભ્રમ એ માનવ સ્વભાવનો એક સૌથી મોટામાં મોટો ભ્રમ છે. તે પ્રગતિને હાનિ પહોંચાડે છે, કારણ કે હમેશાં કોઈ ને કોઈ ધાંધલિયા ક્રિયામાં ધસી જવાની તે તમને ફરજ

પાડે છે. જો તમે ફકત એ ક્રિયાઓનું મિથ્યાપણું જોઈ શકો, એ કેટલી બધી નિરર્થક છે તે તમે સમજી શકો, અને તેનાથી એક પણ વસ્તુ બદલાતી નથી તે જો તમને માલૂમ પડી જાય તો કેવું સારું ! એવું એક પણ ક્ષેત્ર નથી જેમાં આ રીતે કાર્ય કરવાથી કાંઈ પણ પ્રાપ્ત કરી શકાય. જે લોકો એ પ્રમાણે આખો વખત આમથી તેમ દોડધામ કરતા હોય છે તેઓ અમુક શકિતઓના હાથમાં રમકડાં રૂપ જ હોય છે. તે તેમને પોતાના વિનોદ ખાતર માત્ર નચાવતી જ હોય છે. અને એ શકિતઓ પણ કાંઈ ઊંચામાં ઊંચા પ્રકારની હોતી નથી.

જે થોડા લોકોમાં કર્મથી અલગ થઈને, કર્મથી ઊંચે એક શાંત સ્થિતિમાં ઊભા રહેવાની શકિત છે. તેમના દ્વારા જ જગતમાં કંઈક પણ સિદ્ધ થયેલું છે. કારણ કે તે લોકો જ ભગવાનની શકિતના કરણ રૂપ હોય છે. તેઓ પ્રભુનાં સક્રિય માધ્યમો, સચેતન કરણો હોય છે. તેઓ જગતનું રૂપાંતર કરી શકે તેવી શકિતઓને નીચે લાવે છે. એ રીતે જ કાર્યો સિદ્ધ થઈ શકે છે, અશાંત પ્રવૃત્તિ વડે નહિ. શાંતિમાં, નીરવતામાં, અક્ષોભ દશામાં સૃષ્ટિ રચાઈ હતી. અને જયારે પણ કોઈ વસ્તુ સાચી રીતે સર્જવાની હશે ત્યારે તેને શાંતિમાં, નીરવતામાં અને અક્ષુબ્ધ દશામાં જ સર્જવી પડશે. જગતને માટે કંઈક કરવા માટે તમારે સવારથી સાંજ સુધી દોડાદોડ જ કર્યા કરવી જોઈએ, અનેક પ્રકારની નિરર્થક પ્રવૃત્તિઓ આદરવી જોઈએ એમ માનવું એ કેવળ અજ્ઞાન છે.

શકિતઓનાં તોફાની વમળોમાંથી એક વાર અલગ થઈ, શાંત ભૂમિકામાં જઈને તમે ઊભા રહો અને તમને તુરત જ સમજાશે કે પ્રવૃત્તિનો આ ભ્રમ કેટલો બધો મોટો છે ! તમે જોશો કે માનવજાતિ આંધળાં પ્રાણીઓના કોઈ ટોળા પેઠે, શું કરે છે, શા માટે કરે છે તે સમજ્યા કે જાણ્યા સિવાય ચારે બાજુ દોડા-દોડ કરી રહી છે. અને ફકત પરસ્પર અથડાઈ અને ટીચાઈ જ રહી છે અને લોકો આ ક્રિયાને 'કર્મ' કહે છે, 'જીવન' કહે છે ! એ ખાલી ચળવળ જ છે, એ નથી કર્મ કે નથી સાચું જીવન.

એક વાર મેં કહ્યું હતું કે તમારે ફકત દસ મિનિટ સુધી પણ જો ઉપયોગી વાત કરવી હોય તો દસ દિવસ સુધી મૌન સેવવું જોઈએ. અહીં હું ઉમેરી શકું કે તમારે એક દિવસનું ઉપયોગી કામ કરવા માટે પણ એક વર્ષ સુધી શાંત રહેવું જોઈએ. અલબત્ત, આ કાંઈ હું નિત્ય જીવનમાં સામાન્ય કાર્યોને વિષે નથી કહેતી, કારણ કે બાહ્ય જીવનને ટકાવવા માટે તે જરૂરનાં છે. પરંતુ જેઓ જગતને ખાતર કાંઈ કરવા માગે છે યા તો જેઓ જગતને માટે પોતાને કાંઈ કરવાનું છે એમ

માનતા હોય છે તેમને માટે આ કહું છું. વળી હું જે શાંત નીરવતા વિષે કહું છું તે નીરવતા પણ અંતરાત્માની છે, આંતરિક છે. જે લોકો પોતાના કર્મ જોડે તદ્રૂપ થઈ ગયા વિના, યા તો તેના શોરબકોરથી બહેરા થઈ ગયા વિના તટસ્થ રહીને કર્મ કરી શકે છે તેઓ જ એ નીરવતાને પ્રાપ્ત કરી શકે. તમારા કર્મમાંથી છૂટા પડી જાઓ, અને કાળમાં થતી સઘળી ક્રિયાઓથી પર એવી ચેતનાની ઉચ્ચ ભૂમિ પ્રાપ્ત કરો. પ્રભુની સનાતન ચેતનામાં પ્રવેશ કરો. ત્યારે જ સાચું કર્મ શું તે તમે સમજી શકશો.

૨ જુન ૧૯૨૯

'માનુષી પ્રેમ અને દિવ્ય પ્રેમ એ બે વચ્ચે શો સંબંધ છે? પ્રભુ પ્રત્યેના પ્રેમમાં મનુષ્ય સાથેનો પ્રેમ અંતરાય બને છે ખરો? અથવા તો મનુષ્ય પ્રત્યે પ્રેમ કરવાની શકિતમાં જ શું પ્રભુ સાથે પ્રેમ કરવાની શકિતનું પ્રમાણ જણાઈ આવતું નથી? ક્રાઈસ્ટ, રામકૃષ્ણ, વિવેકાનંદ જેવા મહાન આધ્યાત્મિક પુરુષો સ્વાભાવિક રીતે જ અસાધારણ પ્રેમાળ ન હતા?'

પ્રેમ એ વિશ્વની મહાન શકિતઓમાંની એક છે. એ શકિત સ્વનિર્ભર છે, અને જે પદાર્થોમાં અને જે વ્યકિતઓ દ્વારા તે આવિર્ભાવ પામે છે તેમનાથી તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. જ્યાં જ્યાં શકયતા હોય છે, તથા જ્યાં જ્યાં તેના પ્રત્યે ઉન્મુખતા હોય છે, ત્યાં ત્યાં તે આવિર્ભાવ પામે છે. તમે જેને પ્રેમ કહો છો, અને જેને તમે વ્યકિતગત, યાને અંગત વસ્તુ માનો છો તે પ્રેમ એટલે આ વિશ્વ-શકિતને તમારામાં સ્વીકારવાની, અને તેના આવિર્ભાવ કરવાની તમારી શકિત. પરંતુ પ્રેમની શકિત વિશ્વવ્યાપી છે માટે તે અચેતન છે એવો એનો અર્થ નથી. ઊલટું, એ શકિત પરમ ચેતનામય અને જ્ઞાનયુકત હોય છે. એ શકિત આ પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર કરવા માટે જ્ઞાનપૂર્વક પ્રયત્ન કરે છે. જ્ઞાનપૂર્વક તે પોતાનાં કરણો પસંદ કરે છે. તેને પ્રત્યુત્તર આપી શકે તેવાઓમાં તે પોતાનાં આંદોલનો જાગ્રત કરે છે, તેમની અંદર પોતાનો શાશ્વત હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે કોઈ કરણ અયોગ્ય નીવડે છે ત્યારે તેને બાજુ પર મૂકી દઈ બીજા કરણની શોધ આદરે છે. માણસો એમ માને છે કે તેમનામાં એકાએક જ પ્રેમ પ્રગટી ઊઠે છે. તેઓ જુએ છે કે તેમની અંદર પ્રેમ જન્મે છે, વૃદ્ધિ પામે છે અને છેવટે કરમાઈ જાય છે. અથવા કદીક કોઈ વધારે ધારણ શકિતવાળા પાત્રમાં થોડો વધુ વખત પણ ટકી જાય છે. પણ મનુષ્ય આ લાગણીને કેવળ પોતાની અંગત અનુભૂતિ તરીકે જ સમજે છે એ એક ભ્રમ છે. વસ્તુત: તો એ પેલા વિશ્વવ્યાપી સનાતન પ્રેમસાગરની જ તેમનામાં વહી આવેલી એક લહરી છે.

પ્રેમ એક વિશ્વવ્યાપી અને સનાતન તત્ત્વ છે તે સદાસર્વદા પોતાનો આવિર્ભાવ જ કર્યા કરે છે. અને એ આવિર્ભાવમાં તેનું મૂળ તત્ત્વ હંમેશાં એક

જ પ્રકારનું હોય છે. એ એક દિવ્ય શકિત છે. એના બાહ્ય વ્યાપારોમાં આપણને જે વિકૃતિઓ દેખાય છે તે તેનાં કરણોને આભારી હોય છે. વળી પ્રેમ કેવળ મનુષ્યોમાં જ પ્રગટ થાય છે એવું નથી. એ તો સર્વત્ર રહેલો છે. વનસ્પતિમાં એની ક્રિયા વિદ્યમાન છે, એ કદાચ પથ્થરમાં પણ હશે. પશુઓમાં તો એની હાજરી સહેલાઈથી જણાઈ આવે છે. આ મહાન શકિતમાં જે કાંઈ વિકારો પ્રવેશે છે તેનું કારણ તેના માનુષી કરણની મર્યાદામાં, એ કરણમાં રહેલાં તમસ, અજ્ઞાન અને અહંતામાં રહેલું હોય છે. પ્રેમના મૂળ સનાતન તત્ત્વમાં આસકિત, વાસના, સ્વામિત્વની ભૂખ, આત્મપરાયણ લોલુપતા એ બધાંમાંનું કોઈ હોતું નથી. પ્રેમ પોતાના વિશુદ્ધ રૂપમાં મનુષ્યના અંતરાત્માની ભગવાન સાથે મિલનની ઝંખનારૂપ જ હોય છે. એ ઝંખના નિરપેક્ષ હોય છે. કોઈ પણ ગણનરીથી પર હોય છે. દિવ્ય પ્રેમ તો પોતાનું અર્પણ જ કર્યા કરે છે, તે કશું માગતો નથી. માણસોએ એ પ્રેમના કેવા હાલ કરી મૂકયા છે તે કહેવાની જરૂર નથી. એ પ્રેમને તેમણે એક ઘૃણાસ્પદ, વિરૂપ પદાર્થ બવાવી મૂકયો છે. અને છતાં મનુષ્યમાં પણ જયારે પ્રથમ વાર પ્રેમ જાગે છે ત્યારે તેમાં પ્રેમના વિશુદ્ધ દિવ્ય તત્ત્વનો કાંઈક અંશ પણ આવ્યા વિના રહેતો નથી. ક્ષણભર તો મનુષ્યમાં પોતાની જાતને ભૂલી જવાની શકિત આવે છે. પ્રેમના દૈવી સ્પર્શથી તેનામાં રહેલાં બધાં ઉદાત્ત અને સુંદર તત્ત્વો જાગ્રત બને છે, વિસ્તાર પામે છે. પરંતુ થોડા જ વખતમાં મનુષ્ય ઉપર તેની જૂની પ્રકૃતિ પાછી સવાર થઈ જાય છે. એના પ્રેમમાં મલિન માગણીઓ દાખલ થાય છે, સમર્પણના બદલાની આશા જન્મે છે. તે સોદા કરવા માંડે છે, પોતાની હલકી વૃત્તિઓની તૃપ્તિ માટે શોરબકોર કરી મૂકે છે. અને પ્રેમના દિવ્ય પદાર્થને તદ્દન વિકૃત અને મલિન કરી મૂકે છે.

દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરવા માટે તેને ધારણ કરવાની શકિત તમારામાં હોવી જોઈએ. જે લોકો તેની દિવ્ય ગતિ પ્રત્યે ખુલ્લા હશે તેઓ જ એ દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરી શકશે. દિવ્ય પ્રેમ પ્રત્યે અંતરનું ખૂલેલું દ્વાર જેટલું વધારે વિશાળ અને વિશુદ્ધ હશે, તેટલા પ્રમાણમાં દિવ્ય પ્રેમ માનવના જીવનમાં તેના મૂળ વિશુદ્ધ રૂપે વ્યકત થવાનો. એથી ઊલટું નિમ્ન સ્તરોની માનુષી વૃત્તિઓ અને વાસનાઓ જેટે જેટલે અંશે તે વધારે મિશ્ર હશે તેટલે અંશે તેમાં વધારે વિકાર અને વિરૂપતા આવવાનાં.

પ્રેમના મૂળ સ્વરૂપ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જેનું અંતર ખુલ્લું નહિ થયું હોય, તે ભગવાનની સમીપ નહિ જઈ શકે. જ્ઞાનમાર્ગના અનુયાયીઓ એક એવી ભૂમિકા ઉપર આવીને અટકે છે કે જ્યાંથી આગળ ગતિ કરવા માટે તેમણે

પ્રેમ ગયો ભૂમિકામાં પણ પ્રવેશ કરવાનો રહે છે. ત્યાં તેઓ જોશે કે પ્રેમ અને જ્ઞાન ઉભય એક જ છે. એ ભૂમિકામાં જ્ઞાન એ દિવ્ય પ્રેમના સાક્ષાત્કારનો આલોક બની રહે છે, અને પ્રેમ એ જ્ઞાનનું સાક્ષાત્ હૃદય બની રહે છે. આત્માની પ્રગતિમાં એક એવી ભૂમિકા આવે છે કે જ્યાં એ બન્ને મળી જાય છે, અને એ બે વચ્ચે કશો ભેદ કરી શકાતો નથી. પ્રારંભાવસ્થામાં તમે પ્રેમ અને જ્ઞાન વચ્ચે જે ભેદ પાડો છો તે તમારી બુદ્ધિએ ઉત્પન્ન કરેલો હોય છે. પરંતુ એક વાર તમે મનથી ઉચ્ચતર ભૂમિકામાં આરોહરણ કરશો એટલે ભેદ લય પામી જશે.

આ જગતમાં પ્રભુનો આવિર્ભાવ કરવા માટે અને પૃથ્વીના જીવનમાં રૂપાંતર લાવવા માટે અવતાર લેનારી વિભૂતિઓમાં કેટલીક એવી પણ છે કે જેમના જીવનમાં આ દિવ્ય પ્રેમ વધારે સમૃદ્ધ રૂપે થયેલો છે. કેટલાકમાં તો એનો આવિર્ભાવ એટલા બધા વિશુદ્ધ રૂપે થયેલો હોય છે કે આખી માનવજાતિ પણ તેમને સમજી શકી નથી. તેઓ દિવ્ય પ્રેમને ધારણ કરતા રહે છે તોપણ તેમના ઉપર કઠોર અને નિષ્પ્રેમ હોવાના આરોપ મુકાતા રહે છે. પરંતુ તેમનો પ્રેમ, તેનું બાહ્ય સ્વરૂપ ને આંતરિક તત્ત્વ બંને દિવ્ય હોય છે, માનુષી નહિ. માણસો જ્યારે પ્રેમ વિષે બોલે છે ત્યારે પ્રેમની સાથે લાગણી પ્રધાન ઊર્મિલ નિર્બળતાનું તત્ત્વ પણ જોડી દે છે. પરંતુ માનવજાતિ એ વાત ભાગ્યે જ જાણે છે કે દિવ્ય પ્રેમમાં તો આત્મ-વિસ્મૃતિની પરાકાષ્ઠા આવેલી હોય છે. કશી શરત કે સંકોચ વિના કશા પણ બદલાની આશા રાખ્યા વિના પોતાની જાતને અશેષપણે ન્યોછાવર કરી દેવાની શકિત તેનામાં હોય છે તેની માનવજાતિને ખબર પણ નથી. એ પ્રેમ જ્યારે નિર્બળ ઊર્મિઓથી મુકત રહીને પોતાના વિશુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે માણસોને તે શુષ્ક અને કઠોર લાગે છે. એમાં રહેલા અત્યંત ઉચ્ચ અને તીવ્ર પ્રેમસામર્થ્યને તેઓ પિછાની શકતાં નથી.

જગતમાં પ્રભુએ પોતાના પ્રેમનો આવિર્ભાવ એક પરમ બલિદાન રૂપે, પરમ આત્મસમર્પણ રૂપે કર્યો છે. એ સમર્પણ એટલે કે પ્રભુની પૂર્ણ ચેતનાએ જડ તત્ત્વની સાવ અચેતન અવસ્થામાં પહોંચી જવાનો, તેમાં નિમગ્ન થઈ જવાનો કરેલો સ્વીકાર. જડ તત્ત્વના એ અચેતન પેટાળમાં ચેતનાનો ઉદય થાય, તેનામાં ધીમે ધીમે દિવ્ય સામર્થ્ય પ્રકટ થાય અને આ અખિલ સૃષ્ટિ ભાગવત ચેતનાના તેના દિવ્ય પ્રેમના ઉચ્ચમાં ઉચ્ચ આવિર્ભાવનું કરણ બની રહે : પ્રભુના સમર્પણ, આત્મવિસર્જન પાછળ આ હેતુ હતો. ખરેખર, એ પ્રેમ ઘણો જ મહાન કહેવાય, એ પ્રેમથી પ્રેરાઈને જ ભાગવત ચેતના પોતાની પરમ દિવ્ય પૂર્ણ અવસ્થાનો, પોતાની પરમ ચેતનાનો અને આનંત જ્ઞાનનો લય થવા દઈને આ

જગતમાંના અજ્ઞાન અને તમસ વચ્ચે નિવાસ કરવા આવી છે. અને છતાંઆપણુના આ કર્મને કોઈ કદાચ પ્રેમનું નામ ન પણ આપે, કારણ કે એ પ્રેમ કોઈ છોછરી ઊર્મિ રૂપે કયાંય પ્રગટ થતો નથી, કશો બદલો માગતો નથી, પોતાના આત્મ-બલિદાનનું કશું પ્રદર્શન કરતો નથી.

જગતમાં વસી રહેલી એ દિવ્ય પ્રેમશકિત પોતાના દિવ્ય તત્ત્વને પૂર્ણ વિશુદ્ધ રૂપે ધારણ કરી શકે, તેનો આવિર્ભાવ કરી શકે એવી આધાર રૂપ ચેતનાઓ હમેશાં શોધતી રહે છે. પ્રાણી માત્રમાં પ્રેમ માટે જે તીવ્ર ઝંખના હોય છે, જગતના હૃદયમાં તેમ જ સર્વ હૃદયોમાં પ્રેમનો આ જે અદમ્ય આવેગ અને ખોજ રહ્યાં છે તે બધું માનવહૃદયની ઝંખનાની પાછળ છુપાઈ રહેલા દિવ્ય પ્રેમની પ્રેરણાને લીધે છે. એ પ્રેમ શકિત લાખો હૃદયોને સ્પર્શે છે. પોતાનાં આવિર્ભાવ માટે યોગ્ય કરણોને એ હમેશાં શોધતી રહી છે, અને હમેશાં નિષ્ફળ નીવડતી રહી છે. પરંતુ એનો આ સતત સ્પર્શ માનવચેતનાને વધુ ને વધુ તૈયાર કરતો જાય છે. અને એક દિવસ એમાં ઓચિંતી જ આત્મસમર્પણ શકિત જાગી ઊઠશે, પ્રેમસામર્થ્ય પ્રગટ થશે.

પ્રેમશકિતનું કાર્ય ફકત માનવજાતિમાં જ મર્યાદિત નથી. મનુષ્ય સિવાયની બીજી સૃષ્ટિઓમાં તેનું કાર્ય કદાચ ઓછું વિકૃત પણ હશે. પ્રકૃતિમાં પુષ્પો તરફ દૃષ્ટિ કરો. સૂર્યાસ્ત થતો હોય, સર્વત્ર ગંભીર નીરવતા છવાઈ રહી હોય ત્યારે ઘડીભર કોક વૃક્ષ નીચે જઈ બેસો, અને પ્રકૃતિ સાથે તમારા આંતરાત્માને એક કરવા પ્રયત્ન કરો. તમે અનુભવશો કે પૃથ્વીમાંથી, વૃક્ષોનાં ઊંડાં ઊંડાં મૂળ-માંથી નીકળીને, વૃક્ષના રેષાઓમાં થઈ ઠેઠ ઊંચામાં ઊંચી ડાળ સુધી પ્રેમની આ એક આર્ત ઝંખના આરોહણ કરી રહી છે, આખી પૃથ્વી જાણે અસ્ત થયેલા પ્રકાશને પાછો માગી રહી છે, કોક કલ્યાણકારક, જ્યોતિર્મય વસ્તુને ઝંખી રહી છે. એ ઝંખના એવી તો વિશુદ્ધ અને તીવ્ર હોય છે કે વૃક્ષોની આંતર ચેતના સાથે જો તમે અદ્વૈત અનુભવી શકો તો તમારો આંતરાત્મા પણ આ જગતમાં હજી અપ્રકટ રહેલી પ્રભુની દિવ્ય શકિત, દિવ્ય જ્યોતિ અને તેના પ્રેમ માટે આર્ત ભાવે પ્રાર્થના કરવા લાગશે.

તમે એક વાર પણ આ વિશાળ, વિશુદ્ધ અને સાચા દિવ્ય પ્રેમનો સ્પર્શ પામી શકો, એના એકાદ અંશનો એક ક્ષણ માટે પણ તમે અનુભવ કરી શકો તો તમને જણાશે કે મનુષ્યની વાસનાઓ એની કેવી દુર્દશા કરી મૂકી છે. માનવપ્રકૃતિમાં આવીને એ પ્રેમ, અધમ, પાશવ, સ્વાર્થી, આવેશમય અને કુરૂપ

થઈ ગયો છે, અથવા તો તે કેવળ નિર્બળ અને ઊર્મિલ, ક્ષણિક, નાનીનાની ક્ષુદ્ર લાગણીઓથી ભરેલો, છીછરો અને કૃપણ બની ગયો છે. મનુષ્યજાતિ આ નીચતા, આ પાશવતા, આ અહંપરાયણ દુર્બળતાને પ્રેમ કહે છે!

'દિવ્ય પ્રેમના આવિર્ભાવમાં આપણી પ્રાણમય સત્‌તાએ કશો ભાગ લેવાનો હોય છે ખરો? અને હોય તો તેનું સાચું અને વાસ્તવિક સ્વરૂપ કેવું હોવું જોઈએ?'

દિવ્ય પ્રેમના આવિર્ભાવને વળી કોઈ સીમા છે ખરી? શું તેણે કોઈ સૂક્ષ્મ કે અવાસ્તવિક પ્રદેશમાં જ માત્ર પુરાઈ રહેવાનું છે? દિવ્ય પ્રેમ પોતાના આવિર્ભાવને પૃથ્વી ઉપર છેક સ્થૂલમાં સ્થૂલ જડ તત્ત્વ સુધી વિસ્તારે છે. બેશક, મનુષ્યની ચેતનાની અહંભાવી વિકૃતિઓમાં તેનું દર્શન આપણને નથી થતું. વિશ્વના બીજા આવિર્ભાવોમાં પ્રાણતત્ત્વ જેટલું મહત્ત્વ ધરાવે છે તેટલું જ મહત્ત્વ તે દિવ્ય પ્રેમના આવિર્ભાવમાં પણ ધરાવે છે. પ્રાણના આશ્રય વિના કોઈ પણ ગતિ કે પ્રગતિ શક્ય બનતી નથી. પરંતુ પ્રકૃતિની એ શક્તિ એટલી તો વિકૃત થઈ ગયેલી છે કે કેટલાક લોકો તેનો સમૂળગો ઉચ્છેદ જ કરી નાખવો જોઈએ એમ માનવા લલચાય છે. પરંતુ આત્મામાં રહેલી રૂપાંતર કરનારી શક્તિ કેવળ પ્રાણ દ્વારા જ જડતત્ત્વને સ્પર્શી શકે તેમ છે. પ્રાણ જો પોતાની સક્રિયતા અને જીવનશક્તિ જડતત્ત્વમાં પૂરે નહિ તો જડતત્ત્વ અચેતન, મૃત જેવું જ રહી જાય. પ્રાણતત્ત્વ-ની સહાય વિના ઉચ્ચતર ભૂમિકામાંની ચેતના પૃથ્વી સાથે સંપર્કમાં આવી શકતી નથી, જીવનમાં સાકાર બની શકતી નથી. તે અસંતુષ્ટ થઈને પાછી ફરી જાય છે, સૃષ્ટિમાંથી અદૃશ્ય થાય છે.

હું જે દિવ્ય પ્રેમની વાત કરું છું તે આ સ્થૂલ પૃથ્વી ઉપર જડતત્ત્વમાં પોતાનો આવિર્ભાવ કરી રહેલા પ્રેમ વિષે છે. એ પ્રેમને માનવપ્રકૃતિમાં થઈ આવતી બધી વિકૃતિઓમાંથી જો મુકત રાખી શકાય તો જ તે અહીં મૂર્ત થવાનું સ્વીકારે તેમ છે. વિશ્વના સર્વ આવિર્ભાવોમાં પ્રાણતત્ત્વ જેટલું અનિવાર્ય છે તેટલું જ અનિવાર્ય તે દિવ્ય પ્રેમના આવિર્ભાવમાં પણ છે. પરંતુ દરેક બાબતમાં બન્યું છે તેમ અહીં પણ વિરોધી શક્તિઓએ આ અત્યંત કિંમતી વસ્તુ ઉપર પોતાનો કાબૂ જમાવી દીધેલો છે. જડ તથા સંવેદનવિહીન જડતત્ત્વમાં પ્રવેશ કરીને પ્રાણ તેને સંવેદનશીલ અને જીવંત બનાવે છે. પરંતુ વિરોધી શક્તિઓએ એ પ્રાણશક્તિમાં વિકારો પેદા કર્યા છે. તેમણે પ્રાણને હિંસા, ક્રૂરતા, સ્વાર્થ, કામના અને દરેક પ્રકારની કુરૂપતાનું ક્ષેત્ર બનાવી મૂકયો છે, અને દિવ્ય જીવનમાં ભાગ લેતાં તેને અટકાવી દીધો છે. એ પ્રાણની ગતિને બળજબરીથી

દબાવી દેવાની નથી, યા તો તેનો ઉચ્છેદ કરવાનો નથી, પરંતુ તેનું રૂપાંતર કરવાનું છે. કારણ કે પ્રાણ વિના કોઈ પણ ભૂમિકામાં તીવ્રતા આવવી અસંભવિત છે. આપણી ચેતનાના આ અંશમાં નૈસર્ગિક રીતે જ અત્યંત ઔદાર્યથી પોતાનું અર્પણ કરવાનું સામર્થ્ય રહેલું છે. પ્રાણમાં વસ્તુઓને પ્રાપ્ત કરવાની વૃત્તિ અને શક્તિ રહેલી છે, અને એ વૃત્તિના બળે જ અનન્ય ભાવે તે પોતાની જાતને પૂરેપૂરી અર્પણ પણ કરી દઈ શકે છે. અન્ય પદાર્થને કેવી રીતે પ્રાપ્ત કરવો એ તે જાણે છે, તેટલા જ માટે કશું પણ બાકી રાખ્યા વિના, નિઃશેષપણે તે પોતાની જાતનો ઉત્સર્ગ પણ કરી દઈ શકે છે. પ્રાણની સાચી ક્રિયા સુંદરમાં સુંદર અને ભવ્યમાં ભવ્ય હોય છે. પરંતુ તેનામાં વક્રતા પેઠી છે, અને તે એક અત્યંત કુરૂપ, વધુમાં વધુ વિકૃત અને અત્યંત ઘૃણાસ્પદ વસ્તુ થઈ પડી છે.

માનવપ્રેમની કથામાં જ્યાં જ્યાં શુદ્ધ પ્રેમનો એક પરમાણુ પણ પ્રકટ થવા પામ્યો છે, અને કાંઈ પણ વિકાર વિના તેનો આવિર્ભાવ થયેલો છે, ત્યાં ત્યાં આપણને સત્યનાં અને સૌન્દર્યનાં દર્શન થાય છે. અને જો પ્રાણની એ સુંદર અને ભવ્ય ક્રિયા અલ્પાયુ નીવડે છે તો એનું કારણ એ છે કે તેને પોતાના લક્ષ્યનું, પોતાની ઝંખનાના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું. પ્રાણતત્ત્વની પ્રવૃત્તિ મનુષ્ય મનુષ્ય વચ્ચે સંયોગ કરવા માટે નહિ, પણ ભૂત માત્રનો પરમાત્મા સાથે યોગ કરી આપવા માટે છે. પરંતુ પ્રાણમાં એ જ્ઞાન નથી.

આ ક્લેશમય, અંધકારભર્યા જગતમાં સનાતન ચેતનાએ જગતને અને પ્રાણીઓને પાછા ભગવાન પ્રત્યે લઈ જવાના હેતુથી જે પરમ શક્તિ અવતારી તેનું નામ 'પ્રેમ' છે. અંધકાર અને અજ્ઞાનમાં ડૂબેલું પાર્થિવ જગત પ્રભુને વીસરી ગયું હતું. એ અજ્ઞાનમાં પ્રભુના દિવ્ય પ્રેમે અવતરણ કર્યું, અને અંધકાર જે જે સુષુપ્ત હતાં તે સર્વને તેણે જાગ્રત કરી દીધાં. બધિર થઈ ગયેલા કાનમાં તેણે હળવેથી કહ્યું કે, 'જીવનમાં જાગીને જોવા જેવી, એને ખાતર જ જીવવા જેવી પણ એક વસ્તુ છે. એ છે દિવ્ય પ્રેમ.' અને પ્રેમભાવ જાગ્રત થતાંની સાથે જ ભગવાન પ્રત્યે પુનર્ગતિ કરવાની શક્યતા પૃથ્વીમાં ઉદ્‌ભવી. જગત ભગવાન પ્રત્યે પ્રેમ દ્વારા ગતિ કરે છે, અને તેના પ્રત્યુત્તર રૂપે, જગતને મળવા માટે ઉપરના લોકમાંથી પ્રભુનો પ્રેમ અને કરુણા નીચે ઊતરે છે. જ્યાં સુધી પૃથ્વી અને પરમાત્મા વચ્ચે આ પરસ્પર વિનિમય અને સંયોગ નથી રચાતો, જ્યાં સુધી પ્રભુ તરફથી સૃષ્ટિ પ્રત્યે અને સૃષ્ટિમાંથી પ્રભુ પ્રત્યે પ્રેમનો વ્યાપાર પ્રવૃત્ત નથી થતો ત્યાં સુધી પ્રેમ પોતાનું વિશુદ્ધ સૌન્દર્ય ધારણ કરી શકતો નથી, તેનામાં તેનું નૈસર્ગિક સામર્થ્ય અને પરિપૂર્ણતાનો તીવ્ર ઘન આનંદ પ્રગટતાં નથી.

દિવ્ય પ્રેમે આ જગતમાં પ્રવેશ કર્યો અને તેનામાં જીવનને જાગ્રત કર્યું તે પૂર્વે જગત ફકત એક નિશ્ચેતન જડતત્ત્વનો બનેલો પદાર્થ જ હતું. પોતાના પ્રારંભકાળથી જ જગત જીવનના એ દિવ્ય મૂળની શોધમાં નીકળ્યું છે. પરંતુ એ શોધમાં તેણે અનેક પ્રકારના ખોટા અને ભૂલભરેલા માર્ગ લીધા છે. રાત્રિના અંધકારમાં તે આમતેમ અથડાતું ભટકાતું રહ્યું છે. અજ્ઞાતની શોધમાં નીકળેલા અંધ જેવી આ આખી સૃષ્ટિ કંઈક કશુંક શોધતી પોતાને માર્ગે જઈ રહી છે. પણ પોતે શું શોધે છે તેનું તેને જ્ઞાન નથી.

સૃષ્ટિમાં અત્યાર સુધી પ્રેમની આ ગતિ વધુમાં વધુ જે કક્ષાએ પહોંચી છે તેમાં જ મનુષ્યો પ્રેમનું ઉચ્ચમાં ઉચ્ચ, વધુમાં વધુ વિશુદ્ધ અને સૌથી વધુ નિ:સ્વાર્થ રૂપ જુએ છે, — દાખલા તરીકે બાળક પ્રત્યે માતાનો પ્રેમ. પરંતુ મનુષ્યમાં કાર્ય કરી રહેલા આ પ્રેમની નિગૂઢ ઝંખના તો કંઈક જુદી જ છે. અત્યાર સુધીમાં મનુષ્યે જે કાંઈ અનુભવ્યું છે તેથી કોઈ અન્ય વસ્તુ જ તેનું અંતિમ લક્ષ્ય છે. પણ એ લક્ષ્ય કયાં સિદ્ધ થશે, અરે, એ અંતિમ લક્ષ્ય શું છે તેનો પણ તેને ખ્યાલ નથી. પરંતુ જે ક્ષણે મનુષ્યની ચેતના પ્રેમના સઘળા માનવ આવિર્ભાવોથી તદ્દન નિરાળા અને સ્વતંત્ર એવા વિશુદ્ધ દિવ્ય પ્રેમનો સ્પર્શ પામે છે તે જ ક્ષણે તેને ભાન થઈ આવે છે કે પોતાનું હૃદય અત્યાર સુધી કઈ વસ્તુને સાચેસાચ ઝંખી રહ્યું હતું. અંતરાત્માની અભીપ્સાનો આરંભ એ જ ક્ષણે થાય છે. તેનામાં ભગવાન સાથે મિલનની તમન્ના જાગે છે. તે જ ક્ષણથી અજ્ઞાનજન્ય સર્વ વિકારો અને બીજા આવિર્ભાવો ભૂંસાવા લાગે છે, અને પ્રભુના પ્રેમના પ્રત્યુત્તર રૂપે સૃષ્ટિના હૃદયમાંથી પ્રેમની એક અખંડ ધારા પ્રભુ પ્રત્યે વહેવા માંડે છે. એક વાર સૃષ્ટિનું હૃદય પ્રભુના પ્રેમ પ્રત્યે જાગ્રત થઈ જાય, તેને જાણતું થઈ જાય, અને તેના પ્રત્યે એ અભિમુખ બની રહે તો પછી પ્રભુ પોતાનો દિવ્ય પ્રેમ અનર્ગળપણે રેડયે જ જાય છે. પ્રેમની ગતિનું ચક્ર એમ પૂરું થાય છે. વિશ્વના બે છેડા, પરમાત્મા અને તેના આવિર્ભાવ પ્રત્યે ગતિ કરી રહેલી આ જડ સૃષ્ટિ, એ બંને પાછાં સંધાય છે, બંન્નેનું દિવ્ય મિલન રચાય છે. પૂર્ણપણે અને સદાને માટે.

અનેક મહાન આત્માઓ આ જગતમાં પ્રભુના દિવ્ય પ્રેમની વિશુદ્ધિનું, એ પ્રેમની પરમ શકિતનું અવતરણ કરવા માટે જન્મ લેતા રહ્યા છે. અથવા કહો કે, એ દિવ્ય ભાગવત પ્રેમ પોતે જ, પોતાનો સાક્ષાત્કાર સરળ અને સંપૂર્ણ થાય તે હેતુથી વ્યકિતઓનું સ્વરૂપ લઈ રહ્યો છે. એવા વ્યકિતગત આવિર્ભાવ દ્વારા ભાગવત પ્રેમનો સાક્ષાત્કાર વધારે સરળ બને છે. એ પ્રેમની અપ્રગટ અને અવૈયકિતક અવસ્થામાં તેનો સાક્ષાત્કાર વધારે મુશ્કેલ રહે છે. ભાગવત

પ્રેમને પોતામાં ધારણ કરી રહેલી વ્યકિત સાથે અંગત સંબંધ શકય બને છે, તેના પ્રત્યે મનુષ્ય તીવ્ર ભાવ અનુભવી શકે છે, અને એવો ભાવાનુભવ તેને પ્રભુના પ્રેમ પ્રત્યે જાગ્રત કરી દે છે. અને પછી વ્યકિતને પોતાના રૂપાંતરનું કાર્ય સરળ થઈ ગયેલું લાગે છે. પોતે ઝંખેલું મિલન હવે વધુ સ્વાભાવિક અને પ્રગાઢ બની રહે છે. એ મિલન, એ સાક્ષાત્કાર વધારે સમૃદ્ધ, વધારે પૂર્ણ બનવા લાગે છે. પ્રભુ સાથે અનેક પ્રકારે મિલન શકય બને છે, અને વ્યકિતત્વ વિનાના સર્વવ્યાપક પ્રેમતત્ત્વની વિશાળ એકવિધ ભૂમિકા ઉપર અનેકવિધ જીવંત સંબંધોના અનેક રંગો અને સૌંદર્યની લીલા પ્રગટી રહે છે.

૯ જૂન ૧૯૨૯

'ધર્મનું યથાર્થ સ્વરૂપ શું છે? આધ્યાત્મિક જીવનના માર્ગમાં ધર્મ અંતરાય રૂપ નીવડે ખરો?'

માનવજાતિની ચેતનાની ઊર્ધ્વ મનોમય ભૂમિકામાં ધર્મનું ઉદ્‌ભવસ્થાન રહેલું છે. પોતાનાથી પર રહેલ કોઈ પરમ તત્ત્વની બની શકે તેટલા સમીપ જવાનો માનવજાતિના ઊર્ધ્વ મનનો પ્રયત્ન તે ધર્મ એમ આપણે કહી શકીએ. એ મનસાતીત તત્ત્વને માનવ 'ભગવાન', 'આત્મા', 'સત્ય', 'શ્રદ્ધા', 'જ્ઞાન', 'અનંત', એવાં જુદાં જુદાં નામ આપે છે, પરંતુ ખરું જોતાં તે એક પ્રકારની એવી નિરપેક્ષ સત્‌તા છે કે જેને માનવબુદ્ધિ પહોંચી શકતી નથી, છતાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. ધર્મનું આદિ મૂળ જોવા જઈએ તો તે પ્રભુપ્રેરિત હોય એ બનવા જોગ છે. પરંતુ તેના પ્રકટ સ્વરૂપમાં ધર્મ દિવ્ય નહિ પરંતુ માનુષી છે.

ખરું જોતાં આપણે ધર્મ શબ્દ વાપરવાને બદલે 'ધર્મો' કહેવું વધારે યોગ્ય ગણાય; કારણ કે માનવે ઉત્પન્ન કરેલા ધર્મો અનેક છે. આ બધા જુદા જુદા ધર્મોનું મૂળ એક નથી હોતું તોપણ તેમાંના ઘણાખરાનું અત્યારનું સ્વરૂપ એક જ પ્રકારે ઘડાયેલું માલૂમ પડે છે. ખ્રિસ્તી ધર્મ કેવી રીતે ઘડાયો તે આપણે જાણીએ છીએ. ખ્રિસ્તી ધર્મ તરીકે જે ધર્મ દુનિયામાં જાણીતો થયો છે તે જીસસ ક્રાઈસ્ટે તો રચેલો નથી જ. કેટલાક ઘણા વિદ્વાન અને હોશિયાર માણસોએ ભેગા મળીને આપણે અત્યારે જોઈએ છીએ તે ખ્રિસ્તી ધર્મનું બંધારણ રચ્યું છે. તે રીતે એ ધર્મનું બંધારણ રચવામાં આવેલું. તેમાં દિવ્ય કે આધ્યાત્મિક તત્ત્વ જેવું કાંઈ જ ન હતું, અને અત્યારે પણ જે રીતે કાર્ય કરે છે તેમાં પણ કશું દિવ્ય નથી. અને છતાં ચેતનાની કોઈ ઊર્ધ્વ ભૂમિકામાંથી આવેલી કોઈ દિવ્ય વ્યકિત જ્ઞાન અને સત્યની જે જ્યોતિ આ પૃથ્વીને માટે લઈ આવેલી તેનો લાભ લઈને, થા તો તેના બહાના તળે, એ ધર્મનું બંધારણ રચવામાં આવ્યું હતું એમાં શંકા નથી. એ દિવ્ય વ્યકિતએ પૃથ્વી ઉપર અવતરણ કર્યું, અને પોતાના સત્યને ખાતર તેણે સહન કર્યું. પરંતુ તેણે જે બોધ આપ્યો તે થોડા માણસો જ સમજી શકયા છે. તેણે જે સત્યને માટે સહન કર્યું તેને શોધવા માટે અને તેને પ્રાપ્ત કરવા માટે ભાગ્યે જ કોઈએ દરકાર કરી છે.

બુદ્ધ જગતથી દૂર એકાંતમાં ચાલ્યા ગયા, ધ્યાનમગ્ન થયા અને તેમણે પાર્થિવ દુ:ખો અને યાતનાઓમાંથી, — વ્યાધિ, મૃત્યુ, કામના, પાપ અને ક્ષુધામાંથી મુક્તિનો માર્ગ શોધી કાઢયો. એમણે પોતે એક સત્યનું દર્શન કર્યું, અને પોતાની આજુબાજુ ભેગા થયેલા શિષ્યોને અને અનુયાયીઓને તે સત્ય આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમણે દેહત્યાગ કર્યો તે પૂર્વે પણ એમના બોધમાં અવળા અર્થ અને વિકૃતિઓ દાખલ થઈ ગઈ હતી. એમના મરણ પછી જ એક સંપૂર્ણ વિકસિત 'ધર્મ' તરીકે બૌદ્ધ ધર્મે દેખા દીધી. બુદ્ધે જે બોધ આપ્યો કહેવાય છે તેના ઉપર અને બીજાઓએ તે બોધના માની લીધેલા અર્થ ઉપર એ ધર્મ રચાયેલો છે. પરંતુ ત્યાં પણ થોડા જ વખતમાં તેમના શિષ્યો તથા શિષ્યોના શિષ્યો, ગુરુએ શો બોધ આપ્યો હતો, તથા તેમના બોધનો શો અર્થ છે તે વિષે એકમત થઈ શકયા નહિ, અને મૂળ ધર્મમાંથી સંખ્યાબંધ મતમતાંતરોનાં જૂથ જામી ગયાં, જેવાં કે 'હીનયાન'—દક્ષિણનો માર્ગ. 'મહાયાન'—ઉત્તરનો માર્ગ તથા પૂર્વનો માર્ગ અને તેના અનેક ફાંટાઓ. તેમાંનો દરેક સંપ્રદાય બુદ્ધનાં મૂળ વિશુદ્ધ મંતવ્યોને માનનાર પોતે એકલો જ છે એમ જાહેર કરે છે.

ખ્રિસ્તી ધર્મની પણ એવી જ દશા થઈ છે. એમાં પણ મૂળ ધર્મમાંથી અસંખ્ય નાનાં ચર્ચો અને સંપ્રદાયો નીકળ્યાં. ઘણી વાર એમ કહેવામાં આવે છે કે જીસસ ક્રાઈસ્ટ જો પાછા પૃથ્વી પર આવે તો તેમના બોધ ઉપર ખ્રિસ્તી ધર્મનાં જે સ્વરૂપો ચડાવવામાં આવ્યાં છે તેમાં તે પોતાના જ બોધને નહિ ઓળખી શકે. વળી ગૌતમ બુદ્ધ પણ જો પાછા આવે અને તેમના બોધની જે દશા કરવામાં આવી છે તે જુએ તો પણ હતાશ થઈને તુરત જ પાછા નિર્વાણ ભણી ચાલ્યા જાય! આમ બધાય ધર્મની એક જ જાતની કથા છે. જગતમાં કોઈ મહાન ગુરુ વા પયગંબર પ્રગટે છે. તેની આસપાસ કોઈ ધર્મ રચાય છે. પેલી વ્યકિત આવે છે. તે પોતે કોઈ દિવ્ય સત્યનો અવતાર તો હોય છે જ અને તેનો તે પ્રકાશ કરી જાય છે. પરંતુ માણસો તે સત્યનો કબજો લઈ લે છે, તેનો વેપાર આદરે છે. અને તેમાંથી લગભગ રાજકીય કહેવાય એવું તંત્ર ઊભું કરી દે છે. માણસો ધર્મને નીતિ-નિયમો, સિદ્ધાંતો, મંતવ્યો, વિધિઓ, નિયમો અને ક્રિયાઓ વગેરેવાળી એક સરકારથી સજ્જ કરી છે, અને એ ધર્મના જે અનુયાયીઓ હોય તેમને માટે એ બધું બંધનકર્તા બની રહે છે. એની સામે કશો વિરોધ કરી શકાય તેમ રહેતું નથી. રાજ્યની પેઠે ધર્મ પણ પોતાના વફાદાર અનુયાયીઓને ઈનામ આપે છે, અને જેઓ આડે માર્ગે જાય છે, અથવા તો તેની સામે બળવો કરે છે, યા તો જેઓ તેના વાડામાંથી નાસી છૂટે છે, કે પ્રભુનિંદ હોય છે તેમને તે શિક્ષા પણ કરે છે.

આવા બાહ્ય અને સ્થાપિત ધર્મોનું પહેલું અને મુખ્ય મંતવ્ય હમેશાં આ પ્રમાણે હોય છે. 'મારા ધર્મમાં પરમ સત્ય રહેલું છે, તે કેવળ સત્ય છે, બીજા બધા ધર્મો અસત્ય છે, અથવા મારા ધર્મથી ઊતરતા છે.' પોતાના મૂળમાં આવા કોઈ મંતવ્ય સિવાય કેવળ માન્યતાઓ ઉપર રચાયેલા રૂઢિપ્રધાન ધર્મો ટકી જ ન શકે. 'અમારી પાસે જ એકમાત્ર, અથવા તો ઊંચામાં ઊંચું સત્ય છે,' એવું તમે માનતા ન હો અને જાહેર ન કરો તો તમે લોકોના ઉપર છાપ નહિ પાડી શકો, અને તમારી આજુબાજુ તેમનું ટોળું નહિ જમાવી શકો.

આ પ્રકારનું વલણ ધાર્મિક વૃત્તિવાળા માણસનો બુદ્ધિને માટે સ્વાભાવિક છે. પરંતુ એ વલણને લઈને જ આધ્યાત્મિક જીવનમાં ધર્મ અંતરાય રૂપ થઈ પડે છે. ધર્મનાં મંતવ્યો અને સિદ્ધાંતો માનવ મનનાં જ બનાવેલાં છે. તમે જો એ મંતવ્યોને જ વળગી રહેશો, તમારે માટે કોઈએ ઘડી આપેલી જીવન-પ્રણાલિકામાં જ પુરાઈ રહેશો તો એનો અર્થ એ છે કે આ સર્વ મંતવ્યો અને સિદ્ધાંતોથી પર આવેલું એક વિશાળ, મહાન અને નિર્બંધ આધ્યાત્મિક સત્ય તમે જાણતા નથી, અને જાણી શકવાના પણ નથી. જ્યારે કોઈ ધાર્મિક સંપ્રદાયનો કે મતનો સ્વીકાર કરીને તમે તેની જ અંદર પોતાને બાંધી રાખો છો, તથા દુનિયાભરમાં કેવળ તે જ સત્ય છે એમ માની લો છો, ત્યારે તમારા અંતરાત્માની પ્રગતિ તથા વિસ્તાર થતો તમે અટકાવો છો.

પરંતુ એક બીજા દૃષ્ટિબિંદુથી જોતાં ધર્મ સૌ કોઈને અંતરાય રૂપ જ નીવડવો જોઈએ એવું નથી. ધર્મને તમે માનવ જાતિની એક ઉચ્ચ પ્રવૃત્તિ ગણો અને મનુષ્યકૃત બધી વસ્તુઓમાં હોય છે તેવી અપૂર્ણતા તેમાં પણ હોઈ શકે એ ભૂલ્યા વિના તેમાં તમે માનવહૃદયની અભીપ્સાનું પ્રાકટય જોઈ શકો, તો આધ્યાત્મિક જીવનને પ્રાપ્ત કરવામાં એ ધર્મ પણ તમને એક પ્રકારે સહાયરૂપ થઈ શકે. ધર્મનું ગંભીર અને લાગણીપૂર્વક અનુસરણ કરીને તમે જોઈ શકશો કે એની પાછળ કઈ અભીપ્સા છુપાયેલી પડી છે, એના મૂળમાં કઈ દિવ્ય પ્રેરણા હતી કે જેને અહીં માનવબુદ્ધિએ તથા મનુષ્યની સંસ્થાઓએ આમ બદલી નાખી છે, વિકૃત કરી નાખી છે. અને એક સમુચિત માનસિક વલણ ધારણ કરીને તમે ધર્મ પાસેથી, તેના અત્યારના સ્વરૂપમાં પણ, તમારા માર્ગ માટે પ્રકાશ પ્રાપ્ત કરી શકો, તમારી આધ્યાત્મિક સાધનામાં કંઈક ટેકો મેળવી શકો.

સઘળા ધર્મોમાં એવા માણસો અચૂક મળી આવે છે જેમની પ્રકૃતિ ઘણી ભાવપ્રધાન હોય છે, અને જેમના અંતરમાં સાચી અને દર્દભરી અભીપ્સા હોય છે. પરંતુ તેમની બુદ્ધિ બહુ જ સરળ હોઈ જ્ઞાનમાર્ગે પ્રભુની સમીપ જવાની

જરૂર તેઓને જાણાતી નથી. એવી પ્રકૃતિવાળાઓને ધર્મ ઘણો ઉપયોગી થઈ પડે છે, અને તેમને માટે તે જરૂરી પણ હોય છે. મંદિરોમાં થતી વિધિઓ જેવા ધાર્મિક બાહ્યાચાર વડે તેમનામાં રહેલી આધ્યાત્મિક અભીપ્સાને એક પ્રકારનો ટેકો તથા પુષ્ટિ મળે છે.

દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યકિતઓ મળી આવે છે. પરંતુ તેમની આધ્યાત્મિકતા ધર્મને આભારી નથી હોતી. ઊલટું તેમણે પોતે જ પોતાની આધ્યાત્મિકતા ધર્મને ધીરેલી હોય છે. તેઓ બીજે કોઈ સ્થળે મુકાયા હોત કે બીજા કોઈ સંપ્રદાયમાં જન્મ્યા હોત તો ત્યાં પણ તેમને એની એ આધ્યાત્મિકતા મળી રહેત, અને ત્યાં પણ તેઓ એ જ આધ્યાત્મિક જીવન ગાળતા હોત. એટલે કે તેમણે જે ઉન્નતિ પ્રાપ્ત કરી છે તે તેમણે સ્વીકારેલા ધર્મના બળે નહિ, પરંતુ તેમની પોતાની શકિતને, તેમના પોતાના અંતરાત્માની શકિતને જ આભારી હોય છે. તેમના અંતરાત્મામાં રહેલી એ શકિત એવા પ્રકારની હોય છે કે તેમને માટે ધર્મનું અનુસરણ ગુલામી કે બંધનરૂપ થઈ શકતું નથી. ફકત, તેમના માનસિક બંધારણમાં બુદ્ધિનું તત્ત્વ બળવાન, સ્વચ્છ કે સક્રિય હોતું નથી. અને તેથી તેવા લોકો માટે કોઈ પણ એક ધર્મનો અનન્ય ભાવે સ્વીકાર કરી, કશી શંકા સેવ્યા વિના તેને આત્મસમર્પણ કરવું આવશ્યક બને છે, આવી પ્રકૃતિના લોકો મેં સર્વ ધર્મમાં જોયા છે. તેમની શ્રદ્ધામાંથી તેમને ચલિત કરવા એ એક અપરાધ જ ગણાય. એવાઓને માટે ધર્મ અંતરાય રૂપ નથી હોતો. જે વધારે આગળ જઈ શકે એવા હોય છે તેમને માટે જ ધર્મ અંતરાય રૂપ બને છે. પરંતુ જેઓ એ પ્રમાણે આગળ જવાને અશકત હોય, અને છતાં આધ્યાત્મિક જીવનના માર્ગમાં અમુક અંતર સુધી જવાની શકિત ધરાવતા હોય તેમને માટે ધર્મ ઘણી વાર મદદ રૂપ થઈ શકે છે.

જગતમાં ઉત્તમમાં ઉત્તમ અને અધમમાં અધમ કાર્યોની પાછળ પણ ધર્મની જ પ્રેરણા રહેલી છે. એને નામે ભયંકર ખૂનખાર યુદ્ધો થયાં છે. ક્રૂરમાં ક્રૂર અત્યાચારો ગુજરાયા છે. તો બીજી બાજુએ ધર્મે જ ભવ્યમાં ભવ્ય પરાક્રમોને અને આત્મબલિદાનોને જન્મ આપ્યો છે. તત્ત્વજ્ઞાન પેઠે ધર્મમાં પણ માનવ મનની ઉચ્ચમાં ઉચ્ચ પ્રવૃત્તિનું એક સીમાચિહ્ન જોવા મળે છે. જો તમે ધર્મના કેવળ બાહ્ય સ્વરૂપના જ ગુલામ બની રહેશો તો એ તમને અંતરાય રૂપ બંધન રૂપ નીવડશે. પરંતુ તમે તેના આંતરિક તત્ત્વનો કેવી રીતે ઉપયોગ કરવો તે જાણતા હશો તો આધ્યાત્મિક પ્રદેશમાં આરોહણ કરવા માટે એ ઘણો મોટો સહાયક પણ બની શકશે.

જે માણસ કોઈ અમુક ધર્મમાં માનતો હોય છે, અથવા તો જેણે કોઈક સત્યની શોધ કરી છે તે 'મને જ સંપૂર્ણ અને સમગ્ર સત્ય પ્રાપ્ત થયું છે.' એમ માની બેસે એવો સંભવ છે. માનવ-સ્વભાવ જ એવો છે! માનવ-જીવનના નિર્વહણ માટે જાણે કે તેના વ્યવહારમાં કંઈક અસત્યનું મિશ્રણ અનિવાર્ય હોય એવું લાગે છે. મનુષ્યને જો એકાએક જ સમગ્ર સત્યનું દર્શન કરાવવામાં આવે તો તેના ભાર હેઠળ તે કચડાઈ જ જાય.

જ્યારે જ્યારે દિવ્ય સત્યનો તથા દિવ્ય શક્તિનો કોઈ અંશ પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ કરવા માટે અવતર્યો છે ત્યારે ત્યારે દરેક વખતે પૃથ્વીના વાતાવરણમાં કાંઈ ને કાંઈ ફેરફાર થયેલો છે. એવું અવતરણ થાય છે ત્યારે જે લોકો તે જ્યોતિનો સ્વીકાર કરી શકે તેવા હોય છે તેઓને એ અવતરતી જ્યોતિ-માંથી પ્રેરણા મળે છે, તેમનામાં જ્ઞાનદૃષ્ટિનો ઉદય થાય છે. તેઓને જે સત્ય પ્રાપ્ત થયું હોય છે તેને યથાર્થ રૂપે ધારણ કરવાની અને પ્રગટ કરવાની શક્તિ તેમનામાં હોય છે તો તેઓ કહે છે, 'એક મહાન શક્તિનું અવતરણ થયું છે, મારે તેની સાથે સંબંધ થયો છે, અને તેના વિષે હું જે સમજું છું તે તમને હું જણાવીશ.' પરંતુ ઘણાખરા માણસોમાં એવી ધારણા શક્તિ હોતી નથી, કારણ કે તેમનાં મન સંકુચિત હોય છે તેઓ એ જ્યોતિથી અંજાઈ જાય છે, જાણે કે તેને વશ થઈ જાય છે, અને બોલી ઊઠે છે. 'આ રહ્યું દિવ્ય સત્ય. મને એ મળ્યું છે. એ જ પૂર્ણ સત્ય છે. એથી વિશેષે હવે કંઈ નથી.' આ પૃથ્વી ઉપર અત્યારે ઓછામાં ઓછા બે ડઝન 'ઈસુખ્રિસ્ત' વિદ્યમાન છે. કદાચ 'બુદ્ધ' પણ એટલા જ હશે. એક હિંદમાં જ, નાની નાની વિભૂતિઓને બાજુ પર રાખીએ તોપણ થોકડેબંધ અવતારો મળી આવશે. આ રીતે આખી વસ્તુ વિચિત્ર અને હાસ્યાસ્પદ બની જાય છે. પરંતુ આની પાછળ જે વસ્તુ આવી રહેલી છે તે જો તમે જોશો તો પહેલી નજરે તે જેટલી મૂર્ખાઈભરેલી દેખાય છે તેટલી નહિ લાગે. ખરી વાત એ છે કે માનવ વ્યકિત કોઈ મનસાતીત ભૂમિકાની સત્તા કે શક્તિ સાથે સંપર્કમાં આવેલી હોય છે, અને પોતાના સંસ્કાર તથા કેળવણી પ્રમાણે તે તેને બુદ્ધ કે ખ્રિસ્ત કે એવું બીજું કોઈ પરિચિત નામ આપે છે. એમનો સંબંધ સાચા બુદ્ધ સાથે થયો હતો, યા તો ખ્રિસ્ત તરીકે જેણે એક વાર અવ-તાર લીધો હતો તે જ વ્યકિત સાથે તેને સંપર્ક થયો હતો એની ખાતરી કરવી મુશ્કેલ છે. પરંતુ બુદ્ધને યા તો ખ્રિસ્તને જે મૂળમાંથી પ્રેરણા મળી હતી તેમાંથી જ તે વ્યકિતઓને પ્રેરણા નહોતી મળી એમ પણ ખાતરીથી નહિ કહી શકાય. એવા કોઈ ઉચ્ચ મૂળ જોડે આ માનવ રૂપી કરણોનો સંબંધ થયો હોય એ તદ્દન શકય છે. જો એ વ્યકિતઓ નમ્ર અને સરળ હશે તો પોતાને જેટલું સત્ય

મળ્યું હશે તેટલાનો જ ઉલ્લેખ કરીને સંતોષ માનશે, એથી કાંઈ પણ વધારે નહિ કહે. તે કહેશે, 'અમુક અમુક મહાન આત્મા તરફથી મને આ પ્રેરણા મળી છે.' પરંતુ એમ કહેવાને બદલે તેઓ એમ જ જાહેર કરવા માંડે છે કે, 'હું પોતે જ તે મહાન દિવ્ય આત્મા છું.' પોતે બુદ્ધ અને ખ્રિસ્ત બંને છે એવો પણ દાવો કરનાર એક માણસ મને મળ્યો હતો. નિઃસંશય, તેણે કોઈક સત્ય તો પ્રાપ્ત કર્યું જ હતું. તેને જે અનુભૂતિ થઈ હતી, તે સાચી હતી. તેણે પોતાનામાં અને બીજાઓમાં ભગવાનની હાજરી અનુભવી હતી. પરંતુ એ અનુભૂતિ તેને માટે અતિશય ભારે નીવડી. તે સત્ય તેનાથી જીરવાયું નહિ. એનું મગજ ખસી ગયું અને બીજે દિવસે રસ્તામાં નીકળી પડીને પોતાનામાં બુદ્ધ તથા ખ્રિસ્ત બન્ને એક થઈ ગયા છે એમ તે જાહેર કરવા લાગ્યો.

આ સઘળી ભિન્ન ભિન્ન વ્યકિતઓમાં પેલી એક દિવ્ય ચેતના જ કાર્ય કરી રહી છે. આ વિવિધ આવિર્ભાવો દ્વારા એ પોતાનો માર્ગ તૈયાર કરી રહી છે. આજે પૃથ્વી ઉપર એનું કાર્ય, ભૂતકાળમાં થતું હતું તેના કરતાં ઘણી વધારે પ્રબળ રીતે થઈ રહ્યું છે. અમુક અમુક માણસો અમુક રીતે અમુક પ્રમાણમાં તેનો સ્પર્શ પામે છે. પરંતુ તેઓને જે કંઈ મળે છે તેને તેઓ વિકૃત કરી નાખે છે, તેની અંદરથી કોઈ પોતાની જ જુદ્દી વસ્તુ બનાવી મૂકે છે. વળી બીજા કેટલાક તેનો સ્પર્શ પામે છે ખરા, પરંતુ તેઓ તેની શકિતને ધારણ કરી શકતા નથી, અને તેના દબાણના પરિણામે ગાંડા થઈ જાય છે. પરંતુ કેટલાકમાં તે દિવ્ય ચેતનાને પોતાનામાં ઝીલવાની તથા ધારણ કરવાની શકિત પણ હોય છે. એવી વ્યકિતઓ જ પૂર્ણ જ્ઞાનનાં અધિષ્ઠાન, પ્રભુએ સ્વીકારેલાં કરણો અને પ્રભુનાં સંદેશવાહક બની શકશે.

જે ધર્મમાં તમે જન્મ્યા હો યા ઊછર્યા હો તેનું સાચું મૂલ્ય તમારે આંકવું હોય, અથવા તો જે દેશ કે સમાજમાં તમારો જન્મ થયો હોય તેનું યથાર્થ સ્વરૂપ સમજવું હોય, અર્થાત્, જે અમુક પરિસ્થિતિમાં તમે બંધાઈ રહ્યા છો કે પછી મુકાયા છો તે કેટલી તો સાપેક્ષ છે તેની ખાતરી કરવી હોય, તો તમે ફકત એક જ વાર પૃથ્વીનું પર્યટણ કરી આવો. તમને જણાશે કે તમે જેને 'સારું' કહો છો તેને બીજે ઠેકાણે 'નઠારું' ગણવામાં આવે છે, અને કેટલાક લોકો જે વસ્તુને 'ખરાબ' કહે છે, તેને બીજે કોઈ સ્થળે 'સારી' તરીકે પણ આવકાર મળે છે. સર્વ રાષ્ટ્રો અને સઘળા ધર્મોની પ્રતિષ્ઠા પરાપૂર્વથી ચાલી આવતી અમુક રૂઢ માન્યતાઓ ઉપર જ બંધાયેલી છે. સર્વ ધર્મોમાં તમને સંતો, વીર પુરુષો, મહાન અને સમર્થ વ્યકિતઓ તથા સાથે સાથે સંકુચિત હૃદયના અને દુષ્ટ પુરુષો

પણ મળી આવશે. એ જાણ્યા પછી, 'અમુક ધર્મમાં હું ઊછર્યો છું તેટલા માટે ફકત તે જ સાચો છે,' યા તો 'હું અમુક દેશમાં જન્મ્યો છું માટે તે બીજા સર્વે દેશો કરતાં ચઢિયાતો છે,' એ પ્રમાણે કહેવું કેટલું હાસ્યાસ્પદ છે તેનું તમને જ્ઞાન થશે. એ પ્રમાણે તો પોતાના કુટુંબ માટે પણ ઉત્કૃષ્ટતાનો દાવો કરી શકાય કે, 'આટલાં બધાં વર્ષોથી યા તો આટલી બધી સદીઓથી અમુક સ્થળે રહેનાર કુટુંબમાં હું જન્મ્યો છું, તેટલા માટે તેની પ્રણાલી પાળવાને હું બંધાયેલો છું, કારણ કે એ પ્રણાલી જ આદર્શ છે.'

જ્યારે તમે અમુક વસ્તુનો તમારી પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકાર કરો, ત્યારે જ તેમાં આધ્યાત્મિક મૂલ્ય પ્રગટે છે, તે તમારે માટે વાસ્તવિક બને છે, તમારા પર એ વસ્તુ લાદવામાં આવેલી હોય ત્યારે નહિ. તમારે માટે ખરેખર કયો ધર્મ નિર્માયો છે, કયો દેશ નિર્માયો છે, અરે, તમારું ખરેખરું કુટુંબ પણ કયું છે તે તમારે પોતે જ પસંદ કરીને શોધી લેવાનું છે. કેવળ પ્રારબ્ધવશાત્ તમને જે કાંઈ મળ્યું હોય તેનો કશી શંકા કર્યા વિના તમે સ્વીકાર જ કર્યે જશો તો તે વસ્તુઓ તમારા હિતની છે કે નહિ, તમારા જીવનમાં અને સાચું સ્થાન છે કે નહિ તે તમે કદી નિશ્ચયપૂર્વક જાણી નહિ શકો.

પ્રકૃતિના અંધ યાંત્રિક વ્યાપાર દ્વારા સર્જાયેલી અને તમારા પર લદાયેલી તમારી પરિસ્થિતિમાંથી, તમને વારસામાંથી મળેલા સંજોગોમાંથી તમે અલગ થઈ જાઓ, તમારી આંતર ચેતનામાં પ્રવેશ કરો અને બધા પદાર્થો તરફ શાંત ભાવે રાગદ્વેષથી મુકત બની દૃષ્ટિ કરો, તેમનું મૂલ્ય આંકો, સ્વતંત્ર રહીને તેમની પસંદગી કરો. એ રીતે વસ્તુઓનું આંતરિક સત્ય જાણ્યા પછી તમે કહી શકશો કે 'આ મારું કુટુંબ છે, આ મારો દેશ છે, આ મારો ધર્મ છે.'

જો આપણે આપણા અંતરમાં થોડા પણ ઊંડા ઊતરીશું તો જણાશે કે આપણા દરેકની અંદર એવી એક ચેતના છે જે સર્વ કાળમાં વિદ્યમાન રહેલી છે, અને અસંખ્ય રૂપોમાં પોતાનો આવિર્ભાવ કરતી રહી છે. આપણે દરેકે કેટલાયે જુદા જુદા દેશોમાં જન્મ લીધો છે, જુદી જુદી પ્રજા તરીકે જીવ્યા છીએ. જુદા જુદા ધર્મોનું અનુસરણ કર્યું છે. તો પછી તે બધામાંથી સૌથી છેવટનાને જ આપણે શા માટે સૌથી ઉત્તમ તરીકે ગણવો જોઈએ વારુ ? આ અનેક જન્મોમાં, જુદા જુદા દેશોમાં, ભિન્ન ભિન્ન ધર્મોમાં આપણને થયેલા અનુભવો, આપણા બધા જન્મોમાં પોતાનું સાતત્ય જાળવી રાખતી આપણી આંતર ચેતનામાં સચવાઈ રહેલા હોય છે. એ ભૂતકાળના આપણા અનુભવોને પરિણામે આપણામાં

જુદાં જુદાં અનેક વ્યકિત સ્વરૂપો ઉત્પન્ન થયેલાં હોય છે; અને જ્યારે આપણી અંદર આવી રહેલ આ અસંખ્ય વ્યકિત-સ્વરૂપોનું આપણને જ્ઞાન થાય છે, ત્યાર પછી સત્યના કોઈ એક જ વિશિષ્ટ સ્વરૂપને એકમાત્ર સત્ય તરીકે જાહેર કરવાનું, યા તો કોઈ એક દેશને જ આપણા પોતાના દેશ તરીકે, યા તો કોઈ એક ધર્મને જ સત્ય ધર્મ તરીકે ગણવાનું અસંભવિત બની જાય છે.

એવા લોકો પણ હોય છે જેમનો જન્મ અમુક એક દેશમાં થયેલો હોવા છતાં તેમની ચેતનાનાં આગળ પડતાં તત્ત્વો સ્પષ્ટ રીતે કોઈ બીજા દેશને વધારે બંધબેસતાં હોય છે. યુરોપમાં જન્મેલા અને છતાં સ્પષ્ટપણે જેઓ અંતરે અને સ્વભાવે હિંદી હતા એવા માણસો મને મળ્યા છે, અને હિંદી શરીરમાં જન્મેલા એવા પણ કેટલાક મેં જોયા છે કે જેઓ એટલી જ સ્પષ્ટ રીતે યુરોપિયન હતા. જાપાનમાં મને કેટલાક એવા મળ્યા કે જેઓ હિંદી હતા, અને એવા પણ બીજા હતા કે જેઓ અંતરમાં યુરોપિયન હતા. એવી વ્યકિતઓમાંની કોઈ પોતાના અંતરનું સામ્ય જે દેશની સાથે હોય ત્યાં જાય, યા તો તેની સંસ્કૃતિમાં પ્રવેશ કરે તો તેને પોતાની જ હોય એમ તેમાંનું બધું તદ્દન સ્વાભાવિક જ લાગે છે.

જો તમારો હેતુ આધ્યાત્મિક મુકિતના અર્થમાં મુકિત મેળવવાનો હોય તો તમારા અંતરાત્માને માટે જે સંબંધો સાચા નથી, પરંતુ જે ફકત અવચેતનના અભ્યાસને પરિણામે જ ઉત્પન્ન થયેલા હોય છે તે સર્વનો તમારે ત્યાગ કરવો જોઈએ. જો તમારી જાતને સંપૂર્ણપણે, નિરપેક્ષ ભાવે, અનન્ય વૃત્તિથી પ્રભુને જ સમર્પણ કરી દેવા ચાહતા હો, તો એ સંબંધોનો ત્યાગ પરિપૂર્ણપણે અને સાચા દિલથી કરવો જોઈએ. તમારી જાતનો એક ટુકડો અહીં, અને બીજો બીજે ઠેકાણે બંધાયેલો હોવો ન જોઈએ. પણ તમે કહેશો કે આ સંબંધોની જાળને સમૂળગી કાપી નાખવાનું કામ કાંઈ સહેલું નથી ! પરંતુ ભૂતકાળ તરફ પાછી નજર ફેરવીને થોડાંક વર્ષોના ગાળમાં તમારી પોતાની અંદર થયેલા ફેરફારોને તમે કદી જોયા છે ખરા ? એ રીતે જોતાં તમને જરૂર પ્રશ્ન થશે કે અમુક અમુક સંજોગોમાં તમને જે લાગણી થયેલી, તમે અમુક રીતે વર્તેલા તે કેવી રીતે થઈ શકયું. કેટલીક વાર તો તમે તમારું દસ વર્ષ ઉપરનું સ્વરૂપ પણ ઓળખી નહિ શકો. તો પછી તમે એક વાર જે 'હતું' યા તો અત્યારે જે 'છે' તેની સાથે કઈ રીતે તમારી જાતને બાંધી રાખી શકો, અને ભવિષ્યમાં પણ શું બનશે યા નહિ બને તે વિષે પણ શી રીતે આગળથી નિર્ણય કરી શકો ?

તમારા બધા સંબંધોને તમારે અંતરાત્માના સ્વતંત્ર નિર્ણય પ્રમાણે નવેસરથી રચવાના છે. જે રૂઢ પ્રણાલિઓમાં તમે અત્યારે જીવન ગાળી રહ્યા છો, યા તો

જેમાં તમે મોટા થયા છો તે પ્રણાલિઓ કાં તો પરિસ્થિતિના દબાણને લીધે યા તો સામાજિક માન્યતાઓ કે બીજી વ્યકિતઓને લીધે તમારા ઉપર બહારથી લદાયેલી છે. તમે અત્યારે તેને જે અનુભૂતિ આપી રહ્યા છો તેમાં ફરજિયાતપણાનું તત્ત્વ રહેલું છે. ધર્મ પોતે પણ એ પ્રમાણે માણસોના ઉપર ફરજિયાતપણે લદાયેલી વસ્તુ છે. એ ધર્મની સત્તા ટકાવવા માટે કોઈ ને કોઈ ધાર્મિક ભય અથવા આધ્યાત્મિક કે બીજી કોઈ ધમકીનો ઘણી વાર આશ્રય લેવાય છે. પ્રભુ સાથેના તમારા સંબંધમાં એવી કોઈ પણ જાતની બીકને યા તો ધમકીને જરા પણ સ્થાન હોઈ શકે નહિ. એ સંબંધો તો તદ્દન સ્વતંત્ર રીતે, તમારા પોતાના મનની તથા હૃદયની પસંદગીમાંથી જ રચાવો જોઈએ. તેનો સ્વીકાર ઉત્સાહ તથા આનંદપૂર્વક થવો જોઈએ. જે સંબંધમાં વ્યકિત ભયથી ધ્રૂજતાં ધ્રૂજતાં કહે કે, 'મને ફરજ પડે છે, હું બીજું કાંઈ કરી શકું તેમ નથી,' એવા સંબંધમાં તે કઈ રીતની એકતા આવી શકે?

સત્ય તો સ્વયંપ્રકાશ છે. જગત ઉપર તેને લાદવાનું નથી. સત્યને એવું કદી થતું નથી કે માણસો મારો સ્વીકાર કરી લે કારણ કે એ પોતે જ સ્વયંભૂ, સ્વયંસિદ્ધ છે. સત્ય કાંઈ લોકોની માન્યતા ઉપર કે તેમના અનુસરણ ઉપર જીવતું નથી. પરંતુ જ્યારે માણસ પોતે થઈને કોઈ ધર્મ સ્થાપવા નીકળે છે ત્યારે તેણે અનેક અનુયાયીઓ મેળવવાના હોય છે. માણસો ધર્મની મહત્તાનું અને શકિતનું માપ તેના અનુયાયીઓની સંખ્યા પરથી કાઢે છે, જોકે સાચી મહત્તા એવી સંખ્યામાં નથી જ રહેલી. કોઈ પણ આધ્યાત્મિક સત્યની મહત્તા એવી સંખ્યા ઉપર આધાર રાખતી નથી. મારે એક નવા ધર્મના આચાર્યને મળવાનું થયું હતું. એના સ્થાપકનો તે પુત્ર હતો. તે મને કહેવા લાગ્યો કે અમુક ધર્મને સ્થાપન થતાં આટલી સદીઓ થઈ. અને અમુકને બંધાતાં આટલી સદીઓ થઈ. અને એના પોતાના ધર્મને તો ૫૦ વર્ષની અંદર જ ૪૦ લાખ અનુયાયીઓ મળી ગયા. 'જુઓ, આમારો ધર્મ કેટલો મહાન છે!' તેણે ઉમેર્યું. ધર્મની મહત્તા ભલે તેના અનુયાયીઓની સંખ્યા ઉપરથી મપાય. પરંતુ એક પણ અનુયાયી ન હોય, છતાં સત્ય તો સત્ય જ રહેવાનું છે. સાધારણ પ્રાકૃત માનવ તો મહાન આડંબર કરનારાઓ પ્રત્યે જ આકર્ષાય છે. જ્યાં સત્ય, શાન્તિથી પોતાનો આવિર્ભાવ કરતું હોય છે ત્યાં તે જતો નથી. જેમને મોટો આડંબર આચરવાનો હોય છે તેમને જોરથી શોરબકોર કરીને ઢંઢેરા પીટવા પડે છે તથા જાહેરાત કરવાની જરૂર પડે છે. કારણ કે એમ ન કરે તો લોકોનાં ટોળેટોળાંને તેઓ કેવી રીતે આકર્ષી શકે? લોકોના અભિપ્રાયની પરવા રાખ્યા વિના થઈ રહેલું કાર્ય એટલું બધું જાણીતું થઈ શકતું નથી. લોકોનાં ટોળાં તેનાથી આકર્ષાતાં નથી. પરંતુ સત્યને જાહેરાતની જરૂર નથી. તે

પોતાની જાતને છુપાવતું નથી, તો તે પોતાની જાહેરાત પણ કરતું નથી. તે કેવળ પોતાનો આવિર્ભાવ કરીને સંતોષ માને છે. તેને પરિણામની અપેક્ષા નથી. તે લોકોની અનુમતિ માગતું નથી, લોકોની નિંદાથી દૂર ભાગતું નથી. જગત તેનો સ્વીકાર કરે તેથી તે રાજી થઈ જતું નથી, તેના અસ્વીકારથી તે નારાજ થતું નથી.

જ્યારે તમે યોગસાધના કરવા તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા ઘાટોના તથા પ્રાણના રચેલા આધારોના ટુકડેટુકડા થઈ જાય તેને માટે તમારે તૈયાર રહેવું જોઈએ. સાધના કરવી હોય તો ફક્ત તમારા અંતરાત્માની શ્રદ્ધા સિવાય બીજા કશા પણ આધાર વગર હવામાં અધ્ધર લટકવાની તમારે તૈયારી રાખવી જોઈએ. તમારે તમારા ભૂતકાળનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ભૂલી જવું પડશે, તેની સર્વે આસક્તિઓ સમૂળગી છોડી દેવી જોઈશે. તમારી ચેતનામાંથી તેને ઉખેડીને દૂર ફેંકી દેવી પડશે તથા સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત થઈને એક નવો જન્મ લેવો પડશે. તમે જે 'હતા' તેનો વિચાર ન કરો, પરંતુ તમે જે થવાની અભીપ્સા રાખો છો તેમાં મનને પરોવો. તમે જેનો સાક્ષાત્કાર કરવા માગતા હો તેમાં જ સર્વ રીતે લીન થઈ જાઓ. તમારા ગરી ચૂકેલ ભૂતકાળ પ્રત્યેથી પાછા ફરી જાઓ અને ભવિષ્ય પ્રત્યે સીધી દૃષ્ટિ કરો. તમારો ધર્મ, તમારો દેશ, તમારું કુટુંબ ત્યાં છે, પ્રભુમાં.

૧૬ જુન ૧૯૨૯

'બધી શારીરિક માંદગીના છેવટના કારણ તરીકે કોઈ ને કોઈ માનસિક અવ્યવસ્થા હોય છે એમ કહી શકાય ખરું ? જો એમ હોય તો 'અળાઈઓ' અથવા 'ઘાંટાનું બેસી જવું' એવા રોગ કયા માનસિક કારણને આભારી હશે ?'

એક જ માંદગીનાં માણસે માણસે જુદાં જુદાં કારણો હોઈ શકે છે. દરેક માંદગીનો ખુલાસો કંઈક જુદો જ હોય છે. તમે મને પૂછો કે, 'આ અમુક માંદગી મને શા કારણથી આવી છે ?' તો હું તમારી અંદર જોઈને તેનું કારણ કહી શકું, પણ એનો કોઈ સર્વસામાન્ય નિયમ નથી.

શારીરિક વ્યાધિઓ કાંઈ હમેશાં માનસિક અવ્યવસ્થા, વિસંવાદ કે અશુદ્ધ ગતિને આભારી હોતા નથી, વ્યાધિનું મૂળ મનની અંદર હોઈ શકે, અથવા તો તે પ્રાણમાં પણ હોય, અથવા ઓછે કે વધારે અંશે કેવળ શારીરિક કારણ પણ હોય. જેમ બહારના ચેપથી આવતા વ્યાધિઓની બાબતમાં બને છે. વળી સાધનાની કોઈ ક્રિયાને પરિણામે પણ શારીરિક વ્યાધિ આવી શકે, અને એવું હોય ત્યારે પણ શકય કારણો સંખ્યાબંધ હોઈ શકે છે.

સાધનાને પરિણામે આવતા વ્યાધિનો આપણે વિચાર કરીએ, કારણ કે આપણે સીધેસીધો અને વધારે ગાઢ સંબંધ તે કારણો સાથે છે. એમાં કોઈ અમુક વ્યાધિ માટે ખાસ એક કારણ આપણે આપી શકીએ નહિ, તોપણ તે વ્યાધિને ઉત્પન્ન કરનારાં કારણો અનુસાર આપણે તેમને જુદા જુદા વર્ગમાં મૂકી શકીએ ખરા.

સાધકની ચેતનામાં અવતરણ કરનાર તથા તેની પ્રકૃતિનું રૂપાંતર કરવામાં સહાય કરનાર યોગશકિત જુદી જુદી ઘણી દિશાઓમાં કાર્ય કરે છે, અને એ શકિતને પોતાનામાં ઝીલનાર સાધકની પ્રકૃતિ પ્રમાણે, તથા જે પ્રકારનું કાર્ય કરવાનું હોય છે તે પ્રમાણે એ યોગશકિતના કાર્યનાં પરિણામો જુદાં જુદાં આવે છે. સૌથી પ્રથમ તો, સાધકની પ્રકૃતિનાં જે તત્ત્વો રૂપાંતર પામવા માટે તૈયાર હોય છે તેમનું રૂપાંતર એ શકિત વેગપૂર્વક કરે છે. જો સાધકની મનોમય ભૂમિકા યોગશકિત પ્રત્યે ખુલ્લી તથા તેને ગ્રહણ કરવાને તત્પર હોય તો યોગશકિતનો

સ્પર્શ થતાં તેના મનનું રૂપાંતર થવા માંડે છે, અને તે વેગપૂર્વક પ્રગતિ કરવા માંડે છે. જો પ્રાણશક્તિ એ પ્રમાણે તૈયાર હોય તો તેમાં પણ એ જ પ્રકારનો રૂપાંતરનો વેગ આવે છે, યા તો સ્થૂળ શરીરમાં પણ એ પ્રમાણે બની શકે છે પરંતુ સ્થૂળ દેહમાં યોગશક્તિ રૂપાંતરનું કાર્ય અંશતઃ જ કરી શકે છે, કારણ કે યોગશક્તિનો સ્વીકાર કરવાની સ્થૂળ શરીરની શક્તિ મર્યાદિત હોય છે. વિશ્વની અંદર સૌથી વધારે જડતત્ત્વની બનેલી જે ભૂમિકા છે તેમાં એટલે કે પાર્થિવ સ્તરમાં, હજી સુધી યોગશક્તિનો સ્વીકાર કરવાની ક્ષમતાની સાથે સાથે ઘણા મોટા પ્રમાણમાં વિરોધ કરવાની વૃત્તિ પણ ભળેલી છે. પરંતુ પ્રકૃતિના એક ભાગની ત્વરિત પ્રગતિની જોડે જોડે તેના બીજા ભાગમાં એટલી જ ત્વરિત પ્રગતિ થાય નહિ તો પ્રકૃતિમાં એક પ્રકારનો વિસંવાદ પેદા થાય છે. પ્રકૃતિમાં કયાંક અવ્યવસ્થા ઊભી થાય છે, જ્યાં જ્યાં અથવા જ્યારે જ્યારે આ જાતનો વિસંવાદ થાય છે ત્યાં ત્યાં અથવા ત્યારે ત્યારે તે વ્યાધિનું રૂપ લઈ શકે છે. કઈ જાતનો વ્યાધિ થાય છે તેનો આધાર કેવા પ્રકારની અવ્યવસ્થા છે તેના પર હોય છે. એક પ્રકારનો વિસંવાદ મન ઉપર અસર કરે છે અને તેને પરિણામે આવતો વ્યાધિ છેક ગાંડપણ સુધી પણ જઈ શકે. એક બીજી જાતનો વિસંવાદ સ્થૂળ શરીર પર અસર કરે છે અને તાવ યા તો અળાઈઓ કે બીજા નાનામોટા શારીરિક વ્યાધિ રૂપે પ્રકટ થાય છે.

પોતાના ઉપર કાર્ય કરનાર યોગશક્તિને સ્વીકારવાને, અને તેને યોગ્ય પ્રત્યુત્તર આપવાને અંતઃકરણના જે ભાગો તૈયાર હોય છે તેઓમાં યોગશક્તિના કાર્યને પરિણામે રૂપાંતરની ક્રિયાને વેગ મળે છે. આ રીતે યોગ સમય બચાવે છે. એમ તો આખું જગત ક્રમે ક્રમે આગળ વધતા રૂપાંતરની ક્રિયાને માર્ગે ગતિ કરી રહ્યું છે. તમે યોગસાધનાનો માર્ગ લો છો ત્યારે તમારામાં થતી વિરાટની એ ક્રિયાના વેગને તમે વધારો છો. સામાન્ય ગતિએ જે કાર્યને ઘણાં વર્ષો લાગે તે કાર્ય યોગસાધનાને પરિણામે થોડા દિવસોમાં યા તો થોડા કલાકોમાં પણ સાધી શકાય છે. પરંતુ એ વેગની વૃદ્ધિના આવેગને માનવની આંતર ચેતના પ્રથમ વધાવી લે છે. કારણ કે ચેતનાના ઉપરના ભાગો યોગશક્તિની ત્વરિત અને એકાગ્ર ક્રિયાઓને તરત જ અનુસરી શકે છે, તથા યોગની ક્રિયાને પરિણામે અંતરની જે સતત પુનર્વ્યવસ્થા કરવી પડે છે, તથા તે ક્રિયાઓને અનુકૂળ વૃત્તિ ધારણ કરવી પડે છે તે એ સૂક્ષ્મ ભાગો સહેલાઈથી કરી શકે છે.

પરંતુ સામાન્યતઃ માનવનું સ્થૂળ શરીર જડતાવાળું, તમોગુણી હોઈ એને નિષ્ક્રિયતા પ્રિય હોય છે. સ્થૂળ શરીરમાં જો એવું કોઈ તત્ત્વ હોય જે યોગશક્તિના કાર્યને પ્રત્યુત્તર ન આપતું હોય, અથવા શરીરમાં જો કોઈ પ્રકારનો વિરોધ હોય

તો તેનું કારણ એ હોય છે કે અંતરના બીજા સૂક્ષ્મ ભાગોના જેટલી ઝડપથી સ્થૂળ શરીર ગતિ કરી શકતું નથી. સ્વાભાવિક રીતે જ એને વધારે વખત લાગે છે. સામાન્ય જીવનની પેઠે યોગમાં પણ તે પોતાની ધીમી ગતિએ ચાલે એ સ્વાભાવિક છે. મોટી ઉંમરના લોકો પોતાની સાથે નાનાં છોકરાં હોય અને લાંબી ફલાંગે ચાલે તેના જેવું સાધનામાં પણ બને છે. વચ્ચે વચ્ચે એ લોકોને ઊભા રહેવું પડે છે, અને પાછળ પડી ગયેલું બાળક આવી પહોંચે અને જોડે થઈ જાય ત્યાં સુધી વાટ પણ જોવી પડે છે. આ પ્રમાણે અંતરની પ્રગતિ અને સ્થૂળ શરીરની જડતા એ બે વચ્ચે જે વિસંવાદ હોય છે. તેને લીધે ઘણી વાર શરીરમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે અને એ અવ્યવસ્થા વ્યાધિ રૂપે પ્રકટ થાય છે. ઘણા લોકો યોગસાધનાની શરૂઆત કરે છે કે તુરત જ શારીરિક વ્યાધિ કે દુઃખથી પીડાય છે તેનું કારણ પણ એ જ હોય છે. જો સાધક પોતે કાળજી રાખે અને સાવધાન રહે તો એ પ્રમાણે બનવું જ જોઈએ એવું કાંઈ નથી. અથવા તો શરીરમાં યોગશક્તિ પ્રત્યે અસાધારણ અને મહાન ગ્રાહકશક્તિ હોય ત્યારે પણ સાધક એ મુશ્કેલીથી બચી જાય છે. પણ ભૂતકાળમાં જો યોગશક્તિના કાર્યને માટે શરીર તૈયાર ન થયું હોય તો અંતરની પ્રગતિની સાથે રહી શકે એટલી શુદ્ધ ગ્રાહકશક્તિ શરીરમાં ભાગ્યે જ હોય છે.

માનવના સામાન્ય જીવનમાં તો સ્થૂળ અને સૂક્ષ્મ એ બન્ને વચ્ચેનો વિસંવાદ ક્રમે ક્રમે વધતો જાય એવો જ નિયમ હોય છે. માનવની માનસિક અને પ્રાણમય ચેતના વિશ્વ-શક્તિઓની ક્રિયાને પોતાનાથી બને તેટલી સારી રીતે અનુસરે છે, તથા જગતમાં જે આંતર ચેતનાનું રૂપાંતર અને સમુત્ક્રાન્તિ થઈ રહેલાં હોય છે તેમનો પ્રવાહ તેમને થોડે રસ્તે આગળ પણ લઈ જાય છે. પરંતુ નરી પાર્થિવતાના જડ નિયમોને વશ એવો માનવદેહ બહુ જ ધીમે ધીમે ગતિ કરે છે. થોડાં વર્ષો પછી, સિત્તેર કે એંસી કે પછી એક સો કે બહુ બહુ તો બસો વર્ષ પછી એ બે વચ્ચેનો વિચ્છેદ એટલો તો ગંભીર પ્રકારનો બની જાય છે કે બાહ્ય કરણનો વિનાશ થઈ જાય છે. વિરાટ પ્રકૃતિની માગણી અને તેના પ્રત્યે માનવના દેહનો પ્રત્યુત્તર એ બે વચ્ચેના ભેદને લઈને તથા આંતર ચેતનાની પ્રગતિને અનુસરવાની શરીરની વધતી જતી અશક્તિને લીધે મૃત્યુ નીપજે છે.

સૃષ્ટિમાં આંતર ચેતનાના રૂપાંતરનું જે કાર્ય ઉત્ક્રાન્તિ વાટે ધીમું અને સતત ચાલુ હોય છે તે યોગસાધનાને પરિણામે વધારે ત્વરિત અને તીવ્ર બને છે એ ખરું, પણ બાહ્ય પ્રકૃતિના રૂપાંતરની ગતિ તો સામાન્ય માનવજીવનમાં હોય છે તેટલી જ લગભગ રહે છે. પરિણામે, યોગસાધના કરનારના જીવનમાં આંતર

અને બાહ્ય ચેતના વચ્ચેનો વિસંવાદ ઊલટો વધારે દેખાઈ આવે તેવો બને એ સંભવિત છે, સિવાય કે તેને અટકાવવાને માટે સાવચેતી રાખવામાં આવી હોય, અને આંતર ચેતનાની ગતિની જોડે જોડે દોડવાને શરીરને પણ મદદ કરે એવા પ્રકારનું રક્ષણ મેળવવામાં આવ્યું હોય; અને એમ હોય તોપણ દેહની તો એ પ્રકૃતિ છે કે તમને પ્રગતિ કરતાં અટકાવે. આ કારણને લીધે ઘણા સાધકોને અમારે કહેવાની ફરજ પડે છે કે 'તમે આધ્યાત્મિક શક્તિને બહુ ખેંચો નહિ. ઉતાવળ કરો નહિ. તમારા શરીરને તમારી પાછળ આવવાનો વખત આપો.' કેટલાકને વર્ષો સુધી પણ પાછળ રાખવા પડે છે, અને બહુ પ્રયત્ન કે બહુ પ્રગતિ કરવા દેવામાં આવતી નથી. કેટલીક વખત એ પ્રકારની સમતુલાનો ભંગ થતો અટકાવવો અશક્ય થઈ પડે છે. અને એવું થાય ત્યારે શારીરિક વ્યાધિ આવે છે અને તે કેવા પ્રકારનો હશે તેનો આધાર વિરોધ કેવા પ્રકારનો છે અને સાધકે કેવા પ્રકારની સંભાળ લીધી છે યા તો બેદરકારી રાખી છે, તેના ઉપર રહે છે.

વળી જ્યારે જ્યારે સાધનામાં ગંભીર પ્રગતિ કરવામાં આવે છે ત્યારે દરેક વખતે તેની પછીથી અક્રિયતાનો ગાળો લગભગ અનિવાર્યપણે આવે છે તેનું પણ આ જ કારણ હોય છે. જેઓ એ બાબત આગળથી જાણતા નથી હોતા તેમને એવો સમય કેવળ મંદતાનો, ગતિહીનતાનો, તથા નિરુત્સાહનો કાળ લાગે છે, અને સર્વ પ્રકારની પ્રગતિ અટકી ગયેલી જણાય છે. એવે વખતે તેઓ ચિંતાતુર થઈ વિચારે છે, 'અરે, આ શું થઈ ગયું ? હું શું વખત નકામો ગુમાવી રહ્યો છું ? કાંઈ જ થતું હોય એમ લાગતું નથી !' હકીકત એ હોય છે કે આહારને પચાવવા માટેના સમય પેઠે એ ગાળો પણ આવશ્યક હોય છે. સ્થૂળ શરીર વધારે ગ્રાહકશક્તિવાળું બને, અને અંતરની ચેતના જે ભૂમિકાને પહોંચી હોય તેને તે પ્રાપ્ત કરે એટલા માટે એ આરામનો સમય આપવામાં આવે છે. માબાપ ઘણી ઝડપથી આગળ ચાલી ગયાં છે. એટલે પાછળ રહી ગયેલું બાળક આવી પહોંચે અને તેમનો હાથ પકડે ત્યાં સુધી તેમણે અટકવું જ રહ્યું. ત્યાર પછી એ બન્ને પાછાં સાથે મુસાફરી કરી શકે.

સ્થૂળ દેહનો પ્રત્યેક અંશ આંતર ચેતનાની ક્રિયાના કોઈ પ્રતીક જેવો હોય છે. એ બેની વચ્ચે સૂક્ષ્મ સંવાદો અને સંબંધોની એક આખી દુનિયા આવેલી છે, પરંતુ એ વિષય લાંબો અને અટપટો છે, અને અહીં આપણે એની વિગતમાં ઊતરી શકીએ તેમ નથી. વ્યાધિની અસર શરીરના જે વિશિષ્ટ અવયવ ઉપર થઈ હોય તે ઉપરથી કેવા પ્રકારનો આંતરિક વિસંવાદ ઊભો થયો છે તે જાણી શકાય છે. એ અંગ વ્યાધિનું મૂળ દર્શાવી આપે છે, અને વ્યાધિના કારણનું એ એક

ચિહ્ન બની રહે છે. વળી સમગ્ર ચેતનાને એક જ સરખી ત્વરિત ગતિથી કૂચ કરતાં અટકાવી રહેલો એ વિરોધ કેવા પ્રકારનો છે તે પણ વ્યાધિ ઉપરથી જાણી શકાય છે. અને આ રીતે રોગનો ઉપાય અને ઉપચાર તે સૂચવે છે. કયાં આગળ ભૂલ થઈ છે એનું ચોક્કસ જ્ઞાન જો સાધકને થાય, અને કયો ભાગ ઊર્ધ્વ ચેતનાની મદદ ગ્રહણ કરવાને અશકિતમાન છે તે શોધી કાઢે, અને તેને ખુલ્લો કરીને ત્યાં જ્યોતિ અને શકિતને લાવી શકે, તો શારીરિક આરોગ્યની જે સમતુલાનો ભંગ થયો હતો તેને એક ક્ષણમાં પાછી સ્થાપન કરી શકાય છે અને પછી વ્યાધિ એકદમ દૂર થઈ જાય છે.

વ્યાધિનું મૂળ મનમાં પણ હોય, પ્રાણમાં પણ હોય, યા તો ચેતનાના અન્ય કોઈ ભાગમાં પણ તે હોય, એક જ પ્રકારનો વ્યાધિ જુદાંજુદાં કારણોને આભારી પણ હોય, જુદાંજુદાં માણસોની બાબતમાં એકના એક વ્યાધિનાં કારણો જુદાં જુદાં હોઈ શકે. વળી ખરેખરો વ્યાધિ ન હોય અને વ્યાધિનો માત્ર દેખાવ પણ હોઈ શકે. એમ હોય ત્યારે તમે ચેતનામાં ઠીકઠીક જાગ્રત હશો તો તમને જણાશે કે ચેતનામાં કોઈ જગ્યાએ ઘર્ષણ છે, કોઈ ઠેકાણે ગતિ રુંધાઈ ગયેલી છે, અને તે બરાબર મેળમાં ગોઠવવાથી તમે એકદમ સાજા થઈ જશો. આવી જાતના વ્યાધિમાં કાંઈ પણ વાસ્તવિકતા હોતી નથી, શરીરના ઉપર તેની અસર જણાય તોપણ; તેનો અર્ધોઅર્ધ ભાગ કલ્પનાનો બનેલો હોય છે, અને સાચા વ્યાધિની પેઠે શરીરના સ્થૂળ દ્રવ્ય ઉપર એની પકડ બિલકુલ હોતી નથી.

ટૂંકામાં, વ્યાધિનાં કારણો ઘણા પ્રકારનાં અને સંકુલ હોય છે, દરેક વ્યાધિનાં સંખ્યાબંધ કારણો હોઈ શકે છે; પરંતુ હંમેશાં સાધકની સત્-તામાં નિર્બળ ભાગ કયાં છે તે તે દર્શાવી આપે છે.

વ્યાધિનું કારણ માનસિક કે શારીરિક, આંતરિક કે બાહ્ય ગમે તે હોય, પરંતુ સ્થૂળ શરીરના ઉપર તે અસર કરી શકે તે પહેલાં તેની આજુબાજુ રહેલું અને તેનું રક્ષણ કરનાર એક બીજું પડ હોય છે તેના ઉપર તેણે પોતાની અસર પહોંચાડવી પડે છે. જુદી જુદી ભાષાઓમાં એ સૂક્ષ્મ કવચનાં જુદાં જુદાં નામો છે. કેટલાક તેને 'આકાશ - શરીર,' તો કોઈ તેને 'નાડી - કવચ' કહે છે. તે કવચ સૂક્ષ્મ છે છતાં લગભગ જોઈ શકાય તેવું સ્થૂળ હોય છે. એની ઘનતા ઘણી ગરમ વસ્તુની આજુબાજુ જે જાતનાં આંદોલનો જણાય છે તેના જેવી જ હોય છે. તે સ્થૂળ શરીરમાંથી બહાર પ્રસરતું હોય છે, અને તે સ્થૂળ શરીરની આસપાસ બહુ જ નિકટ રહીને વ્યાપેલું હોય છે. બહારના જગત સાથેના

સર્વે સંબંધો એ નાડી - કવચ મારફતે થાય છે, અને આ નાડી - કવચ ભેદાયા પછી જ સ્થૂળ શરીર ઉપર વ્યાધિનો હુમલો થાય છે. જો આ નાડી - કવચ મજબૂત અને અખંડ હોય તો ખરાબમાં ખરાબ વ્યાધિઓથી ભરેલા વાતાવરણમાં કોલેરા અને પ્લેગ જેવા ઝેરી અને ચેપી વાતાવરણમાં પણ, તમે જઈ શકો છો અને છતાં નીરોગી રહી શકો છો. જ્યાં સુધી એ કવચ સમગ્ર અને અખંડ હોય છે, અને એની રચના પૂરેપૂરી સુગઠિત હોય છે, અને તેનાં ઘટક તત્ત્વોમાં સંપૂર્ણ સમતોલપણું હોય છે ત્યાં સુધી વ્યાધિના હુમલા સામે એ કવચ સંપૂર્ણ સંરક્ષણ આપે છે.

એ નાડી - કવચ એક બાજુથી સ્થૂળ દ્રવ્યનાં તત્ત્વોનું, ખરું જોતાં દ્રવ્ય-તત્ત્વની અમુક સ્થિતિઓનું બનેલું હોય છે, અને બીજી બાજુએ આપણી માનસિક અવસ્થાનાં આંદોલનોનું બનેલું હોય છે. શાન્તિ અને સમતા, વિશ્વાસ, આરોગ્યમાં શ્રદ્ધા, ખલેલ વગરનો આરામ, પ્રફુલ્લતા અને પ્રસન્નતા વગેરે માનસિક અવસ્થાઓ એ નાડી - કવચને બળ અને પોષણ આપે છે. એ નાડી - કવચ ઘણું સૂક્ષ્મ સંસ્કારગ્રાહી હોય છે, અને ત્વરાથી તથા સહેલાઈથી તે પ્રતિકાર્યો કરે છે. એ સર્વ પ્રકારની સૂચનાઓ સ્વીકારી લે છે, અને એ સૂચનાઓ તેની સ્થિતિને એક ક્ષણમાં બદલી શકે છે, તેની સ્થિતિને લગભગ પલટાવી પણ નાખી શકે છે. ખરાબ સૂચના એના ઉપર ઘણું સબળ કાર્ય કરે છે, સારી સૂચના એનાથી વિરુદ્ધ દિશામાં એટલા જ બળપૂર્વક કાર્ય કરે છે. નિરાશા તથા નિરુત્સાહની એના ઉપર ઘણી જ ખરાબ અસર થાય છે. અને પરિણામે એમાં જાણે કાણાં પડી જાય છે, એ નબળું પડે છે, હુમલાનો સામનો કરવાની એની શકિત ઓછી થઈ જાય છે, તથા વિરોધી શકિતઓના હુમલાનો માર્ગ મોકળો થાય છે.

ઘણી વાર બે માણસો વચ્ચે જે સ્વાભાવિક અને વગર કારણનું અહૈતૂક આકર્ષણ યા તો પ્રત્યાકર્ષણ જોવામાં આવે છે તેની થોડીઘણી સમજૂતી એ નાડીમય કોશના કાર્યમાં આપણને મળે છે, એવાં કાર્યપ્રતિકાર્યનું પ્રથમ સ્થાન એ નાડી-કવચ છે. આપણા નાડી-કવચના બળમાં જે લોકો વધારો કરે છે તેમના પ્રત્યે આપણે સહેલાઈથી આકર્ષાઈએ છીએ; જેઓ તેમાં અવ્યવસ્થા લાવે છે, યા તો નુકસાન પહોંચાડે છે, તેમના પ્રત્યે આપણે પ્રત્યાકર્ષણ એટલે ઘૃણા અનુભવીએ છીએ. જેનાથી એ નાડી - કવચને વિશાળતાની, સંતોષની અને આરામની લાગણી થાય છે તેના પ્રત્યે આપણને એકદમ આકર્ષણ થાય છે. જ્યારે એનાથી ઊલટી અસર થાય ત્યારે સ્વરક્ષણ ખાતર ઘૃણારૂપે એ કવચ પ્રતિકાર્ય કરે છે. આવી ક્રિયા બે માણસો મળે છે ત્યારે પરસ્પર થાય છે. અલબત્ત, માણસ માણસ

વચ્ચે સમાન સખ્યનું આ એક જ કારણ નથી હોતું; પરંતુ એ એક કારણ છે અને ઘણીખરી વાર હાજર હોય છે.

આપણી સમગ્ર ચેતના એકીવખતે વિરાટની આંતર ગતિ સાથે કદમ મિલાવી પોતાના રૂપાંતરને માર્ગે કૂચ કરી શકે તો માંદગી આવે જ નહિ, મૃત્યુ થાય નહિ. પરંતુ તે ચેતના સમગ્ર હોવી જોઈએ, એટલે કે, ચેતનાના ઉચ્ચતમ સ્તરો જેઓ વધારે સંસ્કારગ્રાહી અને રૂપાંતર કરનારી શકિતઓને જરૂર પ્રમાણે પ્રત્યુત્તર આપી શકે એવા હોય છે ત્યાંથી આરંભીને છેક સ્થૂળતમ પાર્થિવ ભૂમિકા જે પ્રકૃતિથી જ અક્કડ, નિશ્ચલ, પોતાના રૂપમાં સર્વે ઝડપી ફેરફારોનો વિરોધ કરનારી હોય છે, ત્યાં સુધીની સમસ્ત નિઃશેષ ચેતના એમાં આવી જાય છે.

શરીરના કેટલાક અવયવો એવા છે જે યોગશકિતના કાર્યનો વધારે મજબૂત વિરોધ કરે છે, અને એવા ભાગોમાં થતા રોગ મટાડવા વધારે મુશ્કેલ હોય છે. એ અવયવો એટલે સૌથી વધારે બાહ્ય અને જડતત્ત્વવાળા ભાગો, અને તેમાં થતા વ્યાધિઓ એટલે કે ચામડીના રોગો અને ખરાબ દાંત વગેરે. શ્રી અરવિંદે એક એવા યોગીનો ઉલ્લેખ કર્યો હતો. તે બળવાન, તંદુરસ્ત અને પડછંદ શરીરના હતા અને નર્મદા નદીને કિનારે લગભગ એકસો વર્ષથી રહેતા હતા. એક વખત દાંતના દુખાવા માટે તેમના શિષ્યે તેમને દવા આપી ત્યારે તેમણે ના કહી, અને જણાવ્યું કે, 'એ એક દાંત છેલ્લાં બસો વર્ષથી મને દુઃખ દેતો આવ્યો છે.' એ યોગીએ પાર્થિવ પ્રકૃતિ ઉપર એટલો બધો કાબૂ મેળવ્યો હતો કે તે બસો વર્ષ જીવી શકયા અને છતાં એટલા બધા સમયમાં દાંતના દુખાવા ઉપર તે વિજય મેળવી શકયા ન હતા.

કેટલાક રોગ ભયંકર ગણાય છે, પણ તેમને મટાડવા સૌથી સહેલું હોય છે. કેટલાક એટલા બધા અગત્યના ગણાતા નથી. પણ તેઓ ઘણો આગ્રહી વિરોધ કરી શકે છે.

વ્યાધિમાં જોખમનો નવદશાંશ ભાગ ભયમાંથી આવે છે. ભયને લઈને રોગનાં દેખીતાં બધાં લક્ષણો માણસમાં દેખાય એ શકય છે. ભયથી વ્યાધિ પેદા પણ થાય છે, એટલી બધી તેની અસર હોય છે. થોડા વખત પર આશ્રમમાં આવજા કરનાર સાધકની પત્ની કે જે પોતે સાધના કરતી ન હતી, તેણે સાંભળ્યું કે દૂધવાળાના ઘરમાં કોલેરા થયો છે. એને બીક લાગી અને તુરત જ એનામાં રોગનાં લક્ષણો જણાવા લાગ્યાં. પણ એને જલદી મટી ગયું. કારણ કે રોગનાં દેખીતાં

લક્ષણોને સાચેસાચા રોગનું રૂપ ધારણ કરવા જેટલાં આગળ વધવા દેવામાં આવ્યાં નહિ.

યોગશક્તિના દબાણને પરિણામે સ્થૂળ દેહની અંદર એવી કેટલીક ક્રિયાઓ થાય છે જેને લઈને પાયા વગરની બીક ઊપજે છે, અને એનો ઇનકાર કરવામાં ન આવે તો તે નુકસાન પણ કરી બેસે છે. દાખલા તરીકે, માથાના ઉપર થતી એક પ્રકારના દબાણની લાગણી. એ વિષે આગળ કહેવામાં આવ્યું છે. એવું દબાણ ખાસ કરીને શરૂઆતની અવસ્થામાં પ્રકૃતિના કોઈ બંધ થઈ રહેલા ભાગને ખોલવાનો હોય છે ત્યારે ઘણા સાધકો અનુભવે છે. એ પ્રકારની બેચેનીનું પરિણામ ખાસ ખરાબ નથી આવતું, અને જો તમે જાણતા હો કે તમે જે શક્તિઓ પ્રત્યે ખુલ્લા થાઓ છો તેઓ શીઘ્ર પરિણામો લાવવા માટે તથા ઝપાટાબંધ રૂપાંતર કરવા માટે શરીરના ઉપર દબાણ કરે છે તેથી કરીને તમને એ લાગણી થાય છે, તો તમે તેનાથી જલદી મુકત થઈ શકશો. શાન્તિપૂર્વક એને સમજો તો એ લાગણી બદલાઈ પણ જાય, અને તે બેચેનીરૂપે પણ ન રહે એવું બને. પરંતુ જો તમે બીશો તો તમારું માથું દુખવા આવશે, અને તાવ પણ આવે. એ બેચેનીની લાગણી પ્રકૃતિના કોઈ વિરોધને આભારી હોય છે. એ વિરોધને કેમ દૂર કરવો એ જો તમે જાણો તો એ લાગણીથી તમે એકદમ મુકત થઈ જશો. પણ જો તમે બીશો તો એમાંથી વધારે ખરાબ પરિણામ પણ આવે. ગમે તે પ્રકારનો અનુભવ થાય, પરંતુ તમારે ભયને તો સ્થાન આપવું જ ન જોઈએ. તમારે અડગ વિશ્વાસ રાખવો જોઈએ, અને જે કાંઈ બને છે તે બનવું જરૂરી છે માટે બને છે એમ સમજવું જોઈએ. એક વાર રસ્તો પસંદ કર્યો એટલે એ પસંદગીનાં બધાં પરિણામો તમારે હિંમતભેર સ્વીકારવાં જોઈએ. પરંતુ એક વાર તમે પસંદ કરો અને પછી પાછાં ડગલાં ભરો, વળી પાછા આગળ આવો અને વળી પાછા હઠો, એમ હમેશાં ડગમગતા રહો, હમેશાં શંકા કર્યા કરો; હમેશાં ડરતા રહો તો તમારી અંદર તમે પોતે જ વિસંવાદ ઉત્પન્ન કરશો, અને પરિણામે તમારી પોતાની પ્રગતિમાં તો મંદતા આવશે એટલું જ નહિ, પરંતુ મનમાં તથા પ્રાણમાં પણ સર્વ પ્રકારના ક્ષોભ જન્મશે તથા શરીરમાં અસુખ અને વ્યાધિ પણ આવશે.

૨૩ જૂન ૧૯૨૯

'સર્વ બાબતો જાણી શકે, સર્વ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપી શકે,
ભૌતિકશાસ્ત્રના અટપટા કોયડાઓ, જેવા કે સાપેક્ષવાદના પ્રશ્નો,
ઉકેલી શકે એવી ચેતનાની સ્થિતિને યોગી પ્રાપ્ત કરી શકે ખરો ?'

સિદ્ધાંત તરીકે અને તાત્ત્વિક દૃષ્ટિએ સર્વ પ્રકારનું જ્ઞાન મેળવવું એ યોગીને માટે અશકય નથી. એનો આધાર યોગી કોણ છે તેના ઉપર છે.

વળી જ્ઞાનમાં પણ જુદા જુદા પ્રકાર હોય છે. યોગી જ્ઞાન મેળવે છે તે માનસિક રીતે નહિ. યોગી સઘળું જાણે છે પણ તે એ અર્થમાં નહિ કે તે સર્વ પ્રકારની શકય માહિતી મેળવી શકે તેમ હોય છે, યા તો વિશ્વની સઘળી હકીકતો તેના મનમાં સંચિત થયેલી હોય છે, યા તો તેની ચેતના એક પ્રકારનો ચમત્કારી જ્ઞાનકોષ હોય છે. યોગી જ્ઞાન પ્રાપ્ત કરે છે તે વસ્તુઓને, વ્યકિતઓને, શકિતઓને તથા પોતાની ચેતનામાં સમાવવાની તથા શકિતને પરિણામે યા તો તેમની જોડે સક્રિય તદ્રૂપતા સાધવાની શકિતને પરિણામે, અથવા તો સત્ય અને જ્ઞાન જેમાં હાજર હોય છે એવી ચેતનામાં યોગી પોતે રહેતો હોય છે યા તો એવી ચેતના જોડે તે સંબંધમાં હોય છે તેથી કરીને તે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવી શકે છે.

જો તમે સત્ય ચેતનામાં રહેતા હશો તો તમને જે જ્ઞાન મળશે તે પણ સત્યનું જ જ્ઞાન હશે. એ સ્થિતિમાં પણ જ્ઞેય પદાર્થ જોડે એકતા કરીને તમે સીધેસીધું જ્ઞાન મેળવી શકો છો. જો કોઈ કોયડો તમારી આગળ રજૂ કરવામાં આવે, અમુક સંજોગોમાં શું કરવું એમ તમને પૂછવામાં આવે તો તેના ઉપર પૂરતું ધ્યાન અને એકાગ્રતા કરીને તમે જરૂરી જ્ઞાન અને સાચો ઉત્તર આપોઆપ મેળવી શકશો. કોઈ એક વાદ કે વિચારસરણીને ઝીણવટથી લાગુ પાડવાથી યા તો કોઈ માનસિક પ્રક્રિયાને પરિણામે એવું જ્ઞાન મળતું નથી. ભૌતિકશાસ્ત્રને પોતાના નિર્ણયો દોરવા માટે એવી પદ્ધતિઓની જરૂર પડે છે. પરંતુ યોગીનું જ્ઞાન સદ્ય અને સીધેસીધું હોય છે. તે તર્કનાં પગલાંઓ સાંધીને મેળવેલું નથી હોતું. એક કમાન બનાવવા માટે એંજિનિયરને ચોક્કસ જગા, કમાનની વક્રતાની રેખા, તેની પહોળી બાજુનું કદ વગેરે નક્કી કરવું પડે છે. એ કાર્ય તે ગણિતની મદદથી તથા પોતાના જ્ઞાનની સામ્રગી તથા

માહિતી ભેગી કરીને અનુમાન દોરીને કરે છે. પરંતુ યોગીને એવું કાંઈ કરવાની જરૂર નથી પડતી. એ તો પ્રશ્નને જુએ છે, અને તુરત તેને જે કરવાનું હોય છે તેનું એટલે કે કમાનનું દર્શન થાય છે, તે કાર્ય આ પ્રમાણે જ થવું જોઈએ, બીજી રીતે નહિ, એમ દેખાય છે. એવું દર્શન એ જ એનું જ્ઞાન.

સર્વ સામાન્ય રીતે અને અમુક અર્થમાં, 'યોગી સઘળું જાણી શકે છે અને બધા પ્રશ્નોના ઉત્તર પોતાના દર્શન વડે, અને પોતાની ચેતનામાંથી આપી શકે છે' એમ કહેવું સાચું છે, તોપણ એનો અર્થ એવો નથી થતો કે યોગી જેના જવાબ આપે નહિ, અથવા આપી શકે નહિ એવા પ્રશ્નો હોઈ જ ન શકે. જે યોગીને સીધેસીધું પ્રત્યક્ષ અનુભવગત જ્ઞાન છે, જેને વસ્તુઓમાં રહેલ પરમ સત્યનું જ્ઞાન થયેલું હોય છે તે કેવળ માનવમને ઉપજાવેલા પ્રશ્નોના ઉત્તર આપવાની દરકાર ન પણ કરે યા તો એવા પ્રશ્નોના ઉત્તર આપવા તેને મુશ્કેલ પણ પડે. પદાર્થના મિથ્યા સ્વરૂપને તથા કેવળ તેના બાહ્ય સ્વરૂપને લગતા પ્રશ્નો અને મુશ્કેલીઓ તમે યોગીની આગળ રજૂ કરો તો તે તેમનો નિર્ણય ન કરી શકે યા તો કરવા ન પણ ઇચ્છે એ બનવા જોગ છે. યોગીના જ્ઞાનની ક્રિયા મનમાં ચાલતી નથી. તમે તેને કોઈ અર્થહીન માનસિક પ્રશ્ન કરો તો કદાચ તેનો ઉત્તર તે ન પણ આપે. યોગી એક ઊંચા પ્રકારનો મહેતાજી હોય એમ ગણીને આપણે ગમે તેવો અજ્ઞાનભર્યો પ્રશ્ન તેને પૂછી શકીએ, તથા ભૂત વર્તમાન કે ભવિષ્ય ગમે તે કાળ વિષે માહિતી માગી શકીએ, અને તે આપણને જવાબ આપવા બંધાયેલો છે એવો ખ્યાલ લોકોમાં પ્રચલિત છે, પણ તે અક્કલ વગરનો છે. આધ્યાત્મિક વ્યકિત અસંસ્કૃત બહિર્મુખ મનને સંતોષે તથા તેને આશ્ચર્યચકિત કરી મૂકે એવાં અસાધારણ પરાક્રમો કે ચમત્કારો કરી બતાવે એવી આશા રાખવા જેટલો જ એ વિચાર પણ અયુકત છે.

વળી 'યોગી' શબ્દ પણ ઘણો અસ્પષ્ટ અને વિશાળ અર્થવાળો છે. યોગી-ઓના પણ ઘણા પ્રકાર છે. આધ્યાત્મિક અથવા તો બીજી સૂક્ષ્મ સાધનાઓના પણ ઘણા પ્રકાર અને ઘણી શ્રેણીઓ છે, અને તેમાં જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમાં પણ ચઢતી ઊતરતી કક્ષાઓ હોય છે. કેટલાક એવા યોગીઓ હોય છે કે જેમની શકિત મનોમય ભૂમિકાથી ઉપરની નથી હોતી. કેટલાક એનાથી પર પણ ગયેલા હોય છે. તેમનું કાર્યક્ષેત્ર કયું છે. તેમની સાધના કેવા પ્રકારની છે તથા તેઓ કેટલે સુધી આગળ વધ્યા છે, કેવા પ્રકારની ચેતના જોડે એમનો સંબંધ થયો છે, યા તો કેવા પ્રકારની ચેતનામાં તેમણે પ્રવેશ કર્યો છે તેના ઉપર બધો આધાર રહે છે.

'કેટલીક વખતે ભૌતિકશાસ્ત્રીઓ પણ માનસિક ચેતનામાંથી પેલી પાર જતા નથી ? એમ કહેવાય છે કે આઈનસ્ટાઈને કોઈ તર્કની ક્રિયા વડે નહિ, પરંતુ ઓચિંતી થયેલી પ્રેરણાને પરિણામે સાપેક્ષવાદ ખોળી કાઢયો છે. એવી પ્રેરણા અને વિજ્ઞાનમય ચેતના વચ્ચે કોઈ પ્રકારનો સંબંધ હોય છે ખરો ?'

જે ભૌતિકશાસ્ત્રીને પ્રેરણાને પરિણામે નવીન સત્યનું દર્શન થાય છે તે સહજજ્ઞાનની માનસિક ભૂમિકામાંથી તેને મળે છે. એવું જ્ઞાન મનના ઊર્ધ્વ સ્તરોમાં સીધેસીધા પ્રત્યક્ષ જ્ઞાન તરીકે ઉદ્‌ભવે છે અને મનનો એ ઊર્ધ્વ સ્તર એનાથી પણ પર એવી જ્યોતિ વડે પ્રકાશિત થયેલો હોય છે. પરંતુ એવી ક્રિયાને વિજ્ઞાનની ચેતના જોડે કશો સંબંધ નથી. મનના એ ઊર્ધ્વ સ્તરો વિજ્ઞાનની ભૂમિકાથી તો ઘણા નીચે હોય છે. માણસો સામાન્ય ચેતનાથી જરાક જ પર થાય છે એટલામાં તો પોતે એકદમ દિવ્ય ચેતનાના પ્રદેશમાં પહોંચી ગયા છે એમ બહુ સહેલાઈથી માની લે છે. સામાન્ય માનવચેતના અને વિજ્ઞાનમય ચેતના એ બેની વચ્ચે તો ઘણી આંતરાળ દશાઓ, ચઢતીઊતરતી અવસ્થાઓ રહેલી છે. સામાન્ય માનવ જો એ વચલા સ્તરોમાંના પણ કોઈ એકાદ જોડે સંપર્કમાં આવે તો તેટલાથી પણ તેની આંખો ઝંખવાઈ જશે, આંધળી થઈ જશે. ત્યાંની અપરિમેયતાનો ભાર તેને કચડી નાખશે, યા તો તેનું મગજ સમતોલપણું ગુમાવી દેશે. અને છતાં એ કાંઈ વિજ્ઞાનમય ચેતના નથી હોતી.

'યોગી તો સઘળું જાણી શકે, સર્વ પ્રશ્નોના ઉત્તર આપી શકે,' એ પ્રકારની સર્વસામાન્ય માન્યતાની પાછળ વાસ્તવિક હકીકત આ છે. મનનો એક એવો સ્તર છે કે જેમાં પદાર્થ માત્રની સ્મૃતિ સંચિત થઈને હમેશાં જળવાઈ રહે છે. પૃથ્વી ઉપરના જીવનમાં બનતી બધી માનસિક ક્રિયાઓ એ સ્તરમાં નોંધાઈ જાય છે, ત્યાં તેની સ્મૃતિ અંકાઈ જાય છે. જે લોકો એ સ્તરમાં જઈ શકે તેમ હોય છે, અને જવાની તસ્દી લેવા તૈયાર હોય છે તેઓ ત્યાં જઈને જે કાંઈ જાણવું હોય તે જાણી શકે છે. પરંતુ આ પ્રદેશને વિજ્ઞાનમય ભૂમિકા માની લેવાની નથી. અને છતાં એ સ્તર સુધી પહોંચવા માટે પણ તમારે એવી શક્તિ મેળવવાની રહે છે કે જે વડે તમે સ્થૂળ મનની ક્રિયાઓને શાંત કરી શકો, તમારી ઇન્દ્રિયોનાં સંવેદનોથી પર થઈ શકો, તમારી સઘળી માનસિક ક્રિયાઓને અટકાવી શકો. વળી એ સ્તરમાં પહોંચવા માટે તમારે પ્રાણમાંથી મુકત થવાનું છે, શરીરની ગુલામી-માંથી પણ નીકળી જવાનું છે. એમ કરી શકો તો તમે તે પ્રદેશમાં પહોંચી શકો છો. આ વિષયમાં પ્રયત્ન કરવાનો તમને રસ હશે તો તમે એ પ્રદેશમાં જરૂર

જઈ શકશો અને પૃથ્વીની એ સ્મરણપોથીમાં જે નોંધાયેલું છે તે જાણી શકશો!

આ રીતે તમે જો શાંત નીરવતામાં ઊંડે ઊતરી શકો તો ચેતનાના એવા સ્તરને તમે પહોંચી શકશો કે જ્યાં તમારા સર્વ પ્રશ્નોના ઉત્તર મળવા સંભવિત છે. વળી વિજ્ઞાનના સમસ્ત સત્ય પ્રત્યે જ્ઞાનપૂર્વક અભિમુખ થયેલી અને તેની સાથે સતત સંપર્કમાં રહેનારી વ્યકિત પણ તમારા પ્રશ્નોના ઉત્તર, જો વિજ્ઞાનની દૃષ્ટિએ આપવા જેવા હશે તો આપી શકશે. પણ એ પ્રશ્નો જગતની પાછળ રહેલા સત્ય અને વાસ્તવિકતાના ભાનમાંથી પ્રગટેલા હોવા જોઈએ. માણસના ઘણાખરા પ્રશ્નો, કેટલીક અત્યંત વિવાદગ્રસ્ત બની ગયેલી બાબતો તો કેવળ માનવ મને જ રચી કાઢેલી તર્કજાળો હોય છે. એ પ્રશ્નો વસ્તુના સ્થૂલ આભાસાત્મક સ્વરૂપમાંથી જ ઊઠેલા હોય છે. તે પ્રશ્નો કંઈ વાસ્તવિક સત્યને લગતા પ્રશ્નો નથી હોતા. જ્ઞાનની વિકૃતિમાંથી તેમનો જન્મ થયેલો હોય છે. એમની રચના કેવળ અજ્ઞાનમાંથી થયેલી હોય છે.

વિજ્ઞાનમય ચેતના, મનના અજ્ઞાને રચેલા આવા પ્રશ્નોનો ઉત્તર પણ આપે ખરી પણ તે આલબત્ત તેની પોતાની દૃષ્ટિ પ્રમાણે જ. પરંતુ એવા ઉત્તર બિલકુલ સંતોષકારક ન નીવડે, અથવા તો ભૂમિકા ઉપરથી પૂછનાર એ ઉત્તરને સમજી પણ ન શકે એ બનતા જોગ છે, વિજ્ઞાનમય ચેતના મનની રીતે કામ કરે એવી આશા તમારે ન રાખવી જોઈએ. સત્યચેતનામાં પ્રાપ્ત થતું જ્ઞાન મનની અર્ધજ્ઞાનવાળી સ્થિતિ જોડે બંધબેસતું થવું જોઈએ એવી માગણી પણ તમારે ન કરવી જોઈએ. મનનું બંધારણ એક પ્રકારનું છે, વિજ્ઞાનનું તેનાથી જુદા જ પ્રકારનું છે. માનસિક ચેતનાની માગણીને વિજ્ઞાન પોતે અનુકૂળ થાય તો વિજ્ઞાનની વિજ્ઞાનમયતા જ જતી રહે. એ બંને વચ્ચે કોઈ સમાન માપ છે જ નહિ અને એ બેને એક સાથે મૂકી શકાય નહિ.

'જ્યાં ચેતના વિજ્ઞાનના આનંદને પ્રાપ્ત કરે છે, ત્યાર પછી તે મનની પ્રવૃત્તિઓમાં રસ લે છે ખરી ?'

માનવનું મન જે રીતે માનસિક વસ્તુઓમાં રસ લે છે તે રીતે વિજ્ઞાન તેમાં રસ લેતું નથી. વિશ્વ સમસ્તની સર્વ ક્રિયાઓમાં રસ લે છે, પરંતુ તે પોતાની રીતે જ, સાવ જુદા દૃષ્ટિબિંદુથી અને જુદા જ દર્શન સહિત જગતનું સ્વરૂપ વિજ્ઞાનને તદ્દન જુદું જ દેખાય છે. એમાં જોવાની દૃષ્ટિ સમૂળી પલટાઈ જાય છે. વિજ્ઞાનમાં સઘળી વસ્તુઓ મનને દેખાય છે તેનાથી તદ્દન જુદી, અને ઘણી વાર તો તદ્દન ઊલટી પણ દેખાય છે. વિજ્ઞાનમાં જગતનો અર્થ જુદો જ થાય છે. જગતનો

દેખાવ, તેની ગતિ અને ક્રિયાઓ જુદી જ દૃષ્ટિથી જોવામાં આવે છે. આ જગતમાં જે કાંઈ બને છે તે સર્વનું નિરીક્ષણ વિજ્ઞાન કરી રહેલું છે. મનની ક્રિયાઓમાં, પ્રાણની પ્રવૃત્તિઓમાં તથા સ્થૂળ પદાર્થોની ગતિમાં પણ, કહો કે સમસ્ત વિશ્વની લીલામાં, વિજ્ઞાન ઘણો ઊંડો રસ લે છે, પણ ત જુદી રીતે, પૂતળાંના ખેલ કરનારનો રસ અને એ ખેલને જોનારનો રસ એ બે વચ્ચે રહેલો ભેદ જેવો એ ભેદ છે. પૂતળાંના સૂત્રધારે પોતાના હાથમાં દોરી રાખેલી હોય છે. પૂતળાંએ શું કરવાનું છે, તેમને કોની ઇચ્છાશકિત પ્રેરી રહી છે. એ ઇચ્છાશકિતની પ્રેરણા પ્રમાણે જ તેમણે હલનચલન કરવાનું છે એ બધું તે જાણતો હોય છે. જ્યારે પ્રેક્ષક તો તેની સામે પ્રત્યેક ક્ષણે જે બનતું હોય છે તેટલું જ જાણે છે. એને બીજી કાંઈ ખબર હોતી નથી. નાટકના ભેદથી અજ્ઞાત રહીને બહાર રહ્યાં રહ્યાં જોઈ રહેલા પ્રેક્ષકને નાટકની ઘટનાઓમાં એક પ્રકારે વધારે આતુરતા રહે છે. એનો રસ વધારે તીવ્ર હોય છે, નાટકમાં બનતા અણધાર્યા બનાવોને, ઓચિંતી ઘટનાઓને તે રસપૂર્વક જુએ છે. પરંતુ પૂતળાંની દોરી હાથમાં રાખી તેમને ચલાવી રહેલો સૂત્રધાર એ પ્રમાણે ઉત્તેજિત નથી બનતો. એ શાંત જ હોય છે. રસની અમુક પ્રકારની આતુરતા અજ્ઞાનને લીધે જ જન્મે છે, એમાં ભ્રાંતિનું તત્ત્વ ભળેલું હોય છે. જ્યારે તમે અજ્ઞાનમાંથી નીકળી જાઓ ત્યારે એ આતુરતા પણ ચાલી જાય છે. માણસોને જગતમાં જે રસ છે તેના મૂળમાં આ ભ્રમ રહેલો છે.

એ ભ્રમને જો દૂર કરવામાં આવે તો માણસોને લીલામાં જરા પણ રસ ન રહે; તેમને એ લીલા શુષ્ક અને નીરસ જ લાગે. એટલા માટે આ બધું અજ્ઞાન રહેલું છે, આ બધો ભ્રમ આટલો વખત ટકી રહેલો છે. આ ભ્રમ ચાલતો રહેલો છે તેનું કારણ એ છે કે લોકોને તે ગમે છે, લોકો એને વળગી રહેતા હોય છે અને તેનું જે અમુક પ્રકારનું આકર્ષણ રહેલું છે તેને લીધે તે ટકી રહે છે.

'જે માણસને પોતાની શારીરિક સ્થિતિ બદલવી હોય, કોઈ વ્યાધિ મટાડવો હોય, યા તો દેહની કોઈ અપૂર્ણતા દૂર કરવી હોય તેણે શું કરવું જોઈએ? પોતે જે કરવા માગતો હોય તે હેતુ ઉપર તેણે એકાગ્રતા કરવી જોઈએ? અને પોતાની તપઃશકિત વાપરવી જોઈએ? કે પછી, એ બધું આપોઆપ જ થઈ રહેશે એવા વિશ્વાસમાં તેણે રહેવું જોઈએ? યા તો ભગવાનની શકિત તેને પોતાને યોગ્ય સમયે, તેની પોતાની રીતે, ઈષ્ટ પરિણામ લાવશે એમ માનીને તે શકિત ઉપર જ પૂરેપૂરો ભરોસો મૂકી દેવો જોઈએ?'

આ બધાં એક જ પરિણામ લાવવાના જુદા જુદા ઉપાયો છે અને જુદી જુદી પરિસ્થિતિમાં તેમાંનો દરેક ઉપાય અસરકારક નીવડી શકે. તમે તમારી અંદર જેવી ચેતનાનો વિકાસ સાધ્યો હશે, જે જાતનાં બળોને તમે ગતિ આપી શકતા હશો તેના ઉપર કયો ઉપાય સૌથી વધારે સફળ થશે તેનો આધાર છે.

તમે એક સંપૂર્ણ નીરોગીપણાથી ચેતનામાં રહીને તમારી આંતરિક આરોગ્યની શક્તિના બળે બહારની સ્થિતિમાં ધીરે ધીરે ફેરફાર લાવી શકો છો. અથવા તો ફેરફાર કરી શકે એવી આધ્યાત્મિક શક્તિનું જ્ઞાન તમને હોય, અને તમે એ શક્તિના પ્રયોગમાં કુશળતા મેળવી હોય તો તમે એ શક્તિને તમારામાં કાર્ય કરવાને બોલાવી શકો છો, તથા તમારા જે ભાગમાં એના કાર્યની જરૂર હોય ત્યાં તેને પ્રયોજી શકો છો, અને જે કંઈ ફેરફાર કરવાનો હશે તે એ શક્તિ કરી આપશે. અથવા તો ભગવાનની શક્તિમાં પૂરેપૂરો વિશ્વાસ રાખીને તમે તમારી મુશ્કેલી ભગવાનની આગળ રજૂ કરી શકો છો અને વ્યાધિ મટાડવાને માટે તેની મદદની યાચના કરી શકો છો.

પરંતુ તમે ગમે તે કરો, ગમે તે ઉપાય કે ગમે તે રીત અજમાવો, અને તેનો પ્રયોગ કરવામાં ભલે તમે ઘણી હોશિયારી અને શક્તિ મેળવી હોય છતાં છેવટનું પરિણામ તો તમારે ભગવાનના હાથમાં જ સોંપવું જોઈએ. પ્રયત્ન તો તમે હમેશાં કરી શકો છો. પરંતુ તમારા પ્રયત્નોનું ફળ આપવું કે ન આપવું એ તો ભગવાનના હાથમાં છે. તમારી પોતાની શક્તિ પ્રયત્ન આગળ જ અટકી જાય છે. જો પરિણામ આવે છે તો તે પ્રભુની શક્તિ લાવી આપે છે, નહિ કે તમારી શક્તિ.

તમે પૂછો છો કે શારીરિક તંદુરસ્તી જેવી વસ્તુઓ માટે ભગવાન પાસે માગણી કરવી એ યોગ્ય ગણાય કે નહિ. પરંતુ નૈતિક ખામીને દૂર કરવા માટે પ્રભુની પ્રાર્થના કરવામાં જેમ નુકસાન નથી તેમ શારીરિક વ્યાધિ દૂર કરવા માટે પણ પ્રભુનો આશ્રય લેવો એમાં પણ કંઈ ખોટું નથી. પરંતુ ચાહે તે વસ્તુ માટે તમે પ્રાર્થના કરો કે પુરુષાર્થ કરો, પણ એ પુરુષાર્થ કરતાં કરતાં, તમારી શક્તિનો કે જ્ઞાનનો સારામાં સારી રીતે પ્રયોગ કરતાં કરતાં, તમારામાં એ ભાન જાગ્રત રહેવું જોઈએ કે એ સઘળા પ્રયત્નનું પરિણામ કેવળ પ્રભુની કૃપા ઉપર જ અવલંબે છે. એક વાર તમે સાધના શરૂ કરો ત્યાર પછી તમે જે કાંઈ કરો તે સંપૂર્ણ સમર્પણના ભાવપૂર્વક જ કરવું જોઈએ. તમારી વૃત્તિ આવી હોવી જોઈએ: 'હું હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું. હું મારી અપૂર્ણતાઓ દૂર કરવા માટે પ્રયત્ન કરું છું, મારાથી બનતું સઘળું કરું છું. પરંતુ પરિણામ માટે તો હું મારી જાતને સંપૂર્ણપણે ભગવાનના જ હાથમાં સોંપું છું.'

'સાધક જો એમ કહે કે "મને પરિણામની ખાતરી છે. હું જાણું છું કે હું માગું છું તે ભગવાન મને આપશે જ," તો મદદ થાય ખરી ?'

તમે એ પ્રમાણે કરી શકો છો. તમારી શ્રદ્ધાની ઉત્કટતાનો અર્થ એવો થઈ શકે કે જે બાબતમાં તમારી શ્રદ્ધા જવલંત છે તે સાર્થક થવાની જ છે એમ પ્રભુએ નિર્માણ કર્યું છે. અડગ શ્રદ્ધા એ ભગવાનની તપઃશકિતની હાજરીની નિશાની છે, જે થનાર છે તેની આગાહી છે.

'જયારે કોઈ સાધક નીરવ ધ્યાનમાં ઊંડો ઊતરે છે ત્યારે તેનામાં કેવા પ્રકારની શકિતઓ કાર્ય કરે છે ?'

એનો આધાર જે વ્યકિત ધ્યાન કરે છે તેના ઉપર છે.

'પરંતુ નીરવ ધ્યાન વખતે સાધક પોતાની જાતને સંપૂર્ણપણે શૂન્યવત્ નથી કરતો ? તો પછી એના ઉપર કોઈ પણ વસ્તુનો આધાર કેવી રીતે હોઈ શકે ?'

તમે તમારી જાતને સંપૂર્ણપણે નિઃસ્પંદ કરો, તદ્દન શૂન્યવત્ કરો તેથી કાંઈ તમારી અભીપ્સાનું સ્વરૂપ કે તેનો પ્રદેશ બદલાતો નથી. કેટલાક સાધકોની અભીપ્સા મનોમય ભૂમિકા ઉપર, યા તો પ્રાણમય ચેતનામાં કાર્ય કરતી હોય છે; કેટલાકમાં આધ્યાત્મિક અભીપ્સા હોય છે. તમારામાં જે પ્રકારની અભીપ્સા હશે તે પ્રકારની શકિત તેનો પ્રત્યુત્તર આપશે; અને તે પ્રકારનું કાર્ય કરશે. ધ્યાનમાં પોતાની જાતને નિઃસ્પંદ, યા તો શૂન્યવત્ કરવાથી એક આંતરિક નીરવતા પ્રકટે છે. પણ એનો અર્થ એ નથી કે તમે પોતે શૂન્ય થઈ ગયા છો, યા તો તદ્દન જડ પદાર્થ બની ગયા છો. તમારી જાતને એક ખાલી પાત્ર જેવી કરીને તેમાં ભરાનાર વસ્તુને તમે આમંત્રણ આપો છો. એનો અર્થ એ છે કે તમારી આંતર ચેતનાના પ્રયત્નને શાંત કરીને તમે તેને સાક્ષાત્કાર પ્રત્યે દોરો છો. તમારી ચેતના જે પ્રકારની હશે અને તેના પ્રયત્નમાં જે કોટિનું બળ હશે તે પ્રમાણેનાં અનુકૂળ કે પ્રતિકૂળ, સહાયક અને કદી વિઘાતક પણ હોય તેવાં બળોને તમે ગતિમાં લાવશો.

અનેક સ્થિતિમાં માણસ ધ્યાન કરી શકે છે, અને એ પ્રત્યેક સ્થિતિ જે શકિતઓ ધ્યાનમાં પ્રકટે છે અને ચેતનામાં ઊતરે છે તેમના ઉપર તથા તેમના કાર્યની ઉપર પોતાની અસર નાખે છે; જો તમે એકલા જ ધ્યાન કરવા બેસો તો તમારી પોતાની આંતરિક તથા બહારની પરિસ્થિતિના ઉપર જ બધો આધાર રહે છે. જો તમે બીજા માણસો જોડે ધ્યાન કરવા બેસો તો

સામાન્ય વાતાવરણ મુખ્ય ભાગ ભજવશે. પરંતુ બંને પ્રસંગે પરિસ્થિતિ તો હંમેશાં બદલાયા કરશે જ, અને કોઈ પણ બે પ્રસંગે પ્રત્યુત્તર આપતી શક્તિઓ એકની એક નહિ જ રહે. સામુદાયિક ધ્યાન જો સાચી રીતે કરી શકાય તો તે એક પ્રબળ શક્તિ રૂપ બની શકે છે. એક જૂની કહેતી છે કે 'સાચા દિલના બાર માણસો ભેગા મળી પોતાની તપઃશક્તિ તથા અભીપ્સાને એકાગ્ર કરી ભગવાનને બોલાવે, તો ભગવાનને અવશ્ય પ્રગટ થવું જ પડે.' પરંતુ એ તપઃશક્તિ એકરૂપ અને એકાગ્ર તથા અભીપ્સા સાચા દિલની હોવી જોઈએ. કારણ કે એ રીતે ભેગા થયેલા માણસોનો તમોગુણ યા તો ખોટી કે વિકૃત વાસનાઓ પણ એકત્ર બનીને કાર્ય કરવા લાગી શકે, અને એનું પરિણામ તો ભારે વિનાશકારક પણ નીવડે.

ધ્યાન કરતી વખતે સૌથી પ્રથમ મહત્ત્વની વસ્તુ એ છે કે તમારી સમગ્ર ચેતનામાં એક સંપૂર્ણ અને અનન્ય સહૃદયતા છવાઈ જવી જોઈએ. કોઈ પણ રીતે તમારે પોતાની જાતને કે બીજાને છેતરવાના નથી, યા તો કોઈથી છેતરાવાનું નથી. પ્રભુને છેતરવાનો પ્રયત્ન કરવો એ કેવો નિષ્ફળ અને અર્થહીન પ્રયત્ન છે એ તો આપણે જોઈ ગયાં છીએ. ઘણી વખત માણસોના મનમાં કોઈક ઇચ્છા હોય છે, અમુક વસ્તુ પ્રત્યે માનસિક પસંદગી યા તો પ્રાણની કામના આવી રહી હોય છે. તેઓ પોતાને યોગના અનુભવો અમુક રીતે જ થાય એમ ઇચ્છતા હોય છે, યા તો પોતાના વિચારોને, કામનાઓને, કે પસંદગીઓને સંતોષે એવી રીતે સાક્ષાત્કાર મળે એમ તેઓ માગતા હોય છે. તેઓ પોતાની જાતને શૂન્યવત્ અને પૂર્વગ્રહોથી મુકત રાખીને ધ્યાનમાં જે બનતું હોય છે તેનું સરળ અને સહૃદય ભાવે અવલોકન નથી કરતા. ધ્યાનમાં બનતી વસ્તુ જો એમને રુચિકર નથી હોતી તો તેઓ સહેલાઈથી પોતાને છેતરી બેસે છે. તેઓ જુઓ છે એક વસ્તુ, પણ તેને સહેજ મચડીને કોઈ બીજી જ વસ્તુ બનાવી લે છે. કોઈ સરળ વસ્તુને ખૂબ ગૂંચવણવાળી કરી મૂકે છે, અથવા તો એને ખૂબ મોટું સ્વરૂપ આપી તેને કોઈ અસાધારણ અનુભૂતિ માની લે છે.

ધ્યાન કરવા બેસો ત્યારે તમારે બાળક જેવા ભોળા નિખાલસ અને સરળ થવું જોઈએ. તમારા બહિર્મુખ મન વડે ધ્યાનમાં દખલ કરવી જોઈએ નહિ, કશાની આશા રાખવી જોઈએ નહિ, કશાનો આગ્રહ રાખવો જોઈએ નહિ. એક વાર આવી સ્થિતિ આવે એટલે પછી બાકીનો બધો આધાર તમારા અંતરની ઊંડાણમાં રહેલી અભીપ્સા ઉપર છે. એ આંતરિક ગહનતામાંથી જો તમે શાંતિ માટે માગણી કરશો, તો તે આવશે; બળ, શક્તિ કે જ્ઞાન માગશો તો તે પણ આવશે. પરંતુ

તે બધાને ગ્રહણ કરવાની તમારામાં શકિત હશે તેટલા પ્રમાણમાં જ તે તમારી પાસે આવશે. તમે જો સાક્ષાત્ પ્રભુને સાદ કરશો, અને એમ સ્વીકારી લઈએ કે પ્રભુ હમેશાં તમારો સાદ સાંભળે છે, એટલે કે તમારો સાદ પ્રભુને પહોંચી શકે એટલો વિશુદ્ધ અને સમર્થ છે, તો તેનો પ્રત્યુત્તર પણ તમને મળશે જ.

૩૦ જૂન ૧૯૨૯

'સાપ અને વીંછી જેવાં કેટલાંક જંતુઓ તરફ માણસને જે સ્વાભાવિક ઘૃણા થાય છે તેનું શું કારણ હશે ?'

આ પ્રકારની કે બીજી કોઈ રીતની ઘૃણાની લાગણી થવી એ કાંઈ ખાસ જરૂરી નથી. યોગની મૂળભૂત સિદ્ધિ તો એ છે કે ઘૃણાની લાગણી બિલકુલ જ ન થાય.

તમે જે ઘૃણાની વાત કરો છો તે ભયમાંથી ઉત્પન્ન થાય છે. તમારામાં જો ભય નહિ હોય તો એ લાગણી પણ નહિ થાય. એ ભય કોઈ પણ પ્રકારના તર્ક કે કારણમાંથી જન્મતો નથી, એ અંધપ્રેરણામાંથી આવે છે. વળી એ ઘૃણાની લાગણી વ્યકિતગત કે અંગત નહિ પરંતુ સમસ્ત જાતિની છે. એ ભયની સૂચના સર્વસામાન્ય છે, અને સમસ્ત માનવજાતિની ચેતનામાં એ રહેલી છે. જ્યારે વ્યકિત માનવદેહ ધારણ કરે છે ત્યારે તેની સાથે સાથે એ બધી સંખ્યાબંધ સામાન્ય સૂચનાઓ, સમસ્ત જાતિના વિચારો, લાગણીઓ, સંસર્ગજનિત ખ્યાલો, આકર્ષણ, ઘૃણા, ભય વગેરે પણ તે આપોઆપ સ્વીકારી લે છે.

પણ એક બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, આવાં આકર્ષણ કે પ્રત્યાકર્ષણો કેવળ વ્યકિતગત જ હોય છે. કારણ કે બધા માણસોમાં એ ક્રિયાઓ એક જ પ્રકારની નથી હોતી. જુદાં જુદાં માણસોના પ્રાણમાં થતાં જુદાં જુદાં આંદોલનો ઉપર તેમનો આધાર હોય છે. કેટલાક માણસોને સાપ વગેરે પ્રાણીઓ પ્રત્યે બિલકુલ ઘૃણા નથી હોતી, એટલું જ નહિ પરંતુ તેમને માટે પ્રાણમાં એક પ્રકારનું આકર્ષણ અને પસંદગી પણ હોય છે.

આ જગતમાં અનેક ન ગમે તેવી અને બદસૂરત ચીજો આવેલી છે. પરંતુ એનો અર્થ એવો થતો નથી કે માણસે તેમના પ્રત્યે સતત ઘૃણાની લાગણી અનુભવવી જોઈએ. માનવમનને ક્ષોભ આપતી કે નિર્બળ કરતી ભય, ઘૃણા કે સંકોચની લાગણીઓને જીતી શકાય છે. યોગીએ તો એવી લાગણીઓનાં પ્રતિકારોથી પર થવું ખાસ જરૂરનું છે. સર્વે પ્રાણીઓ, સર્વે પદાર્થો તથા સર્વે ઘટનાઓ વચ્ચે તેણે સંપૂર્ણ સમતા સાચવવી એ તો યોગસાધનાનું લગભગ પહેલું જ

પગથિયું છે. હમેશાં તમારે સ્થિર, નિર્લિપ્ત, અનાસકત અને અવિચલિત રહેવું જોઈએ. યોગીની ખરી શકિત જ એમાં રહેલી છે. જો તમે સંપૂર્ણ શાંતિ અને અક્ષોભની સ્થિતિમાં રહી શકો તો તમારી સામે આવેલાં ભયાનક ઝનૂની પ્રાણીઓને પણ તમે જીતી શકો છો.

ઘૃણા એ અજ્ઞાનની ક્રિયા છે. આત્મરક્ષણની સાહજિક વૃત્તિનું એ પરિણામ છે. પરંતુ કોઈ પણ ભયની સામેનો ઉત્તમ ઉપાય આવી અકારણ ઘૃણામાં નહિ પણ સાચા જ્ઞાનમાં રહ્યો છે. ભયનું સ્વરૂપ જાણી લઈને તેને દૂર કરવાના યા તો નાબૂદ કરવાના ઈલાજો બુદ્ધિપૂર્વક લેવાવા જોઈએ. આ બધી ભય, ઘૃણા વગેરે પ્રક્રિયાઓને જન્મ આપતું અજ્ઞાન આખી માનવજાતિમાં રહેલું છે. પણ એના ઉપર વિજય મેળવી શકાય છે. આપણી બાહ્ય પ્રકૃતિને જન્મ આપનાર અને આપણી ચારેબાજુ સર્વત્ર પથરાયેલી સ્થૂળ જડ માનવ પ્રકૃતિમાં જ કંઈ આપણે હમેશ માટે પુરાઈ રહેવાનું નથી.

ચેતનાનો વિકાસ થતાં અજ્ઞાન દૂર થઈ જાય છે. તમારે ચેતનાની જરૂર છે, હમેશાં વધારે ને વધારે સચેતનતાની જરૂર છે. શુદ્ધ સરળ અને જ્યોતિર્મય ચેતનાની જરૂર છે. એવી પૂર્ણ ચેતનાની જ્ઞાનજ્યોતિમાં પદાર્થો પોતાના મૂળ સ્વરૂપે દેખાય છે, નહિ કે જેવા તેઓ દેખાવા માગે છે તેવા. એવી ચેતના એક ચિત્રપટ પેઠે પોતાની પાસેથી પસાર થતાં સર્વ પદાર્થોનું આબેહૂબ પ્રતિબિંબ ઝીલે છે. એવી ચેતનાના પટ ઉપર વસ્તુ જ્યોતિર્મય કે તમોગ્રસ્ત, સીધી કે વક્ર જેવી હોય તેવી દેખાય છે. જયારે તમે ધ્યાનની એકાગ્ર સ્થિતિમાં નિષ્ક્રિય સાક્ષી થઈ રહો છો ત્યારે તમારી ચેતના પડદાના જેવી કે દર્પણના જેવી હોય છે. જયારે તમે ક્રિયા કરવામાં પ્રવૃત્ત થાઓ છો ત્યારે એ જ ચેતના સર્ચલાઈટ રૂપ બની જાય છે. કોઈ પણ સ્થળે, કોઈ પણ પદાર્થમાં ઊંડા ઊતરીને તેને જ્ઞાનપૂર્વક ઝીણવટથી આરપાર જોવો હોય, તે તમારે ચેતનાની એ જ્યોતિને ફકત તેના તરફ વાળવાની જ રહે છે.

એ પૂર્ણ ચેતનાને પ્રાપ્ત કરવાનો ઉપાય છે તમારી અત્યારની ચેતનાનો વિકાસ, તમારે એને તેના અત્યારના ચીલામાંથી ને મર્યાદાઓમાંથી બહાર કાઢીને કેળવવાની છે, ભગવાનની દિવ્ય જ્યોતિ પ્રત્યે ખુલ્લી કરવાની છે, તથા દિવ્ય જ્યોતિને તેના પર છૂટથી અને પૂર્ણપણે કાર્ય કરવા દેવાનું છે. પરંતુ સર્વ પ્રકારની વાસનાઓને અને ભયને તમે તમારામાંથી જયારે દૂર કરી દેશો, તમને અંધકારમાં કે બંધનમાં પૂરી રાખનાર માનસિક પૂર્વગ્રહોમાંથી, પ્રાણની પસંદગીઓમાંથી, તથા

સ્થૂળ પ્રકારના ભય તથા આકર્ષણોમાંથી તમે જ્યારે મુકત બની જશો ત્યારે જ એ દિવ્ય શકિત નિર્બાધ અને પૂર્ણ રીતે પોતાનું કાર્ય કરી શકશે.

ઘૃણાની વૃત્તિ એ નિર્બળતાનું લક્ષણ છે. એ જન્મે છે કોઈક અશકિતમાંથી. તમે કોઈક વસ્તુના સંબંધમાં આવો છો, તે તમને આઘાત આપે છે, તમે તેનાથી નાસી જવા ઇચ્છો છો. કોઈ સત્ત્વનું, મનુષ્યનું કે પ્રાણીનું વાતાવરણ કે તેનાં આંદોલનો તમને હાનિકારક હોઈ શકે, જોકે એમની અસર બધા ઉપર એ પ્રમાણે જ થાય એવું કંઈ નથી. એવાં આંદોલનો તમને સ્પર્શ થતાં વેંત જ તમે તેનાથી દૂર જવાનું કરો છો. પરંતુ જો તમારામાં પૂરતું બળ હશે તો તમે એ ભય તમારી પાસે આવે અને તમને ઈજા કરી શકે તે પહેલાં જ તમે એને દૂરથી અટકાવી શકશો. તમને એકદમ જણાઈ આવશે કે અમુક હાનિકારક વસ્તુ તમારા ભણી આવી રહી છે અને તમે તરત જ તમારી આસપાસ રક્ષણની વાડ રચી લેશો. અને એ વસ્તુ તમારી પાસે આવશે તોપણ તે તમને અડી નહિ શકે, તમને તે કશી ઈજા નહિ કરી શકે, તેની હાજરીમાં પણ તમને કશો ક્ષોભ નહિ થાય.

'જો સૃષ્ટિનું આદિકારણ સર્વ પ્રેમસ્વરૂપ ભગવાન પોતે જ હોય તો પછી આ સૃષ્ટિ ઉપર જે અનિષ્ટો ઊભરાય છે તે બધાં કયાંથી આવ્યાં ?'

સર્વ કંઈ આવે છે તો ભગવાનમાંથી જ. પરંતુ એક, અદ્વિતીય, પરમ ભાગવત ચેતનાએ આ સૃષ્ટિને સીધેસીધી પોતાનામાંથી સરજાવી નથી. પરમ ભાગવત ચેતનામાંથી એક શકિત પ્રકટ થઈ બહાર પડી અને પોતાના કાર્યના અનેક સ્તરો રચતી રચતી તે નીચે ઊતરતી ગઈ, પોતે રચેલાં અનેક માધ્યમોના હાથમાં થઈને એ પસાર થતી ગઈ. આ જગતના નિર્માણમાં એવા ઘણા સ્રષ્ટાઓએ અથવા કહો કે 'રૂપ-વિધાયકો'એ ભાગ લીધો છે. પરંતુ એ બધાં વચલાં માધ્યમો જેવા છે. એમને હું 'સ્રષ્ટાઓ' નહિ પણ 'રૂપ-વિધાયકો' કહીશ, કારણ કે એમણે આ જડતત્ત્વમાં ફકત આકાર ગતિ કે ગુણોની જ રચના કરી આપી છે. એવા વિધાયકો ઘણા થઈ ગયા છે. કેટલાકોએ સંવાદપૂર્ણ અને કલ્યાણમય વસ્તુઓ રચી છે તો કેટલાકે અશુભ અને હાનિકારક વસ્તુઓ પણ રચી છે. અને કેટલાકે તો રચના કરવાને બદલે કેવળ વિકૃતિ જ ઊપજાવી છે. તેમણે બીજાઓએ કરેલા શુભ પ્રારંભોમાં વિઘ્નો નાખ્યાં છે અને વસ્તુઓને બગાડી મૂકી છે.

'આ આખી વિશ્વમાળામાં જે સૃષ્ટિઓ છે તેમાં આપણી પાર્થિવ સૃષ્ટિ બહુ જ નીચી પાયરીએ નથી ઊભી ?'

આપણી સૃષ્ટિ સૌથી વધારે પાર્થિવતાવાળી છે એ સાચું, પરંતુ એટલા માટે જ તે 'હલકી પાયરી'ની નથી થઈ જતી. એનામાં જો અધમતા હોય તો તે પણ પાર્થિવતાને કારણે નહિ પરંતુ તે પોતે અજ્ઞાનપૂર્ણ અને અંધકારથી આચ્છાદિત હોવાને કારણે છે. 'જડ તત્ત્વ' એટલે અજ્ઞાન અને તમોગ્રસ્ત દશા એવું માની લેવું એ ભૂલ છે. વળી, આપણે કેવળ આ જડ પાર્થિવ જગતમાં જ જીવીએ છીએ એવું નથી. ખરું જોતાં, આપણે એકીવખતે ઘણા લોકોમાં જીવીએ છીએ. આ પાર્થિવ લોક તેમાંનો એક છે, અને એક દૃષ્ટિએ જોતાં, આ બધા લોકમાં સૌથી વધારે મહત્ત્વનો છે. કારણ કે આ જડ તત્ત્વનો લોક બીજા સર્વ લોકોને એકત્ર થવાનું સ્થાન છે. બીજી સર્વ સૃષ્ટિઓ આ ક્ષેત્રમાં આવીને મૂર્ત થાય છે. આ લોકમાં આવીને જ બીજા બધા લોકોએ પોતાનો આવિર્ભાવ કરવાનો રહે છે.

અત્યારે તો એ જગત વિસંવાદમય અને અંધકારમય છે; પરંતુ તે તો માત્ર એક અકસ્માત છે, ખોટો આરંભ છે. એક દિવસ એ જગત સુંદર બની રહેશે, લયબદ્ધ બની રહેશે, પ્રકાશથી સભર બની રહેશે. કારણ કે એ જ પરિણામમાં પહોંચવા માટે એને બનાવવામાં આવ્યું હતું.

૨૮ જુલાઈ ૧૯૨૯

'યોગી કલાકાર થઈ શકે ખરો, યા તો કલાકાર યોગી બની શકે ? કલાનો યોગ સાથે શો સંબંધ છે ?'

એ બે વચ્ચે તમે ધારો છો તેટલો વિરોધ નથી. યોગીને કલાસર્જક થતાં યા તો કલાસર્જકને યોગી થતાં અટકાવે એવું કાંઈ જ નથી, પરંતુ જ્યારે તમે યોગસાધનાનો આરંભ કરો છો ત્યારે વસ્તુઓના મૂલ્યાંકનમાં ગંભીર પરિવર્તન થઈ જાય છે; અને બીજી વસ્તુઓની પેઠે કલાના મૂલ્યાંકનમાં પણ એમ જ બને છે. તમે કળાને એક તદ્દન જુદા દૃષ્ટિબિંદુથી જોવા લાગો છો. તમારે માટે કળા બીજી બધી વસ્તુઓને પોતામાં સમાવી લેતી એકમાત્ર ચરમ વસ્તુ, જીવનનું પરમ લક્ષ્ય નથી રહેતી. કળા અભિવ્યક્તિનું એક સાધન બની રહે છે, સાધ્ય નહિ. યોગસાધના કરતા કળાકારના મનમાંથી એ માન્યતા ચાલી જાય છે કે પોતાની કળાની આસપાસ જ આખું જગત ફરે છે, યા તો પોતાનું કાર્ય જ જગતમાં સૌથી અભૂતપૂર્વ કાર્ય છે. તેના પોતાના વ્યક્તિત્વનું હવે કંઈ મહત્ત્વ રહેતું નથી, તે એક માધ્યમ, વાહન બની જાય છે, એની કળા પ્રભુ સાથેના તેના સંબંધની અભિવ્યક્તિનું સાધન બની જાય છે. પોતાની પ્રકૃતિની બીજી શક્તિઓની પેઠે આ કલાશક્તિને પણ તે પ્રભુસંપર્ક સાધવાના કાર્યમાં પ્રયોજે છે.

'પરંતુ કલાકાર યોગસાધના શરૂ કરે ત્યાર પછી તેને કલાસર્જન કરવાની પ્રેરણા રહે ખરી ?'

શા માટે ન રહે? પ્રભુ સાથેનો પોતાનો સંબંધ તે જેમ કોઈ રીતે પ્રગટ કરે છે તેમ કલા દ્વારા પણ તે કરી શકે છે. જો તમે તમારી કલાને સાચામાં સાચી અને ઉચ્ચમાં ઉચ્ચ કરવા માગતા હો તો આ પાર્થિવ સૃષ્ટિમાં અવતારેલી કોઈ દિવ્ય સૃષ્ટિની અભિવ્યક્તિ રૂપ તે બનવી જોઈએ. કોઈ ઊર્ધ્વ જગત અને આ સ્થૂળ પાર્થિવ જગત એ બેની વચ્ચે પોતે સંબંધ સાધનારા છે એવી લાગણી કે એવું ભાન બધા સાચા કલાસર્જકોને હોય છે.

આ રીતે તમે જોશો તો કલાની સાધના તમને યોગની સાધનાથી ભિન્ન નહિ જણાય. પરંતુ મોટે ભાગે તો કલાસર્જકને થતી એ લાગણી અસ્પષ્ટ હોય

છે, તેને એ વિષયનું જ્ઞાન હોતું નથી. પણ એવા જ્ઞાનવાળા પણ કેટલાક કલાકારો મેં જોયા છે. તેઓ જ્ઞાનપૂર્વક પોતાની કલાનું સર્જન કરતા હતા. પોતાના સર્જનમાં તેઓ પોતાના વ્યકિતત્વને જ સૌથી અગત્યના તત્ત્વ તરીકે રજૂ નહોતા કરતા, તેઓ પોતાની કલાને ભગવાનને અર્પણ કરવાના હવિ તરીકે ગણતા. કલા દ્વારા તેઓ ભગવાન સાથેનો પોતાનો સંબંધ પ્રકટ કરવા પ્રયત્ન કરતા.

યુરોપના મધ્યયુગમાં કલાનો આ જ ઉદ્દેશ છે એમ સ્વીકારાયું હતું. જેમને આપણે પ્રાથમિક યુગનાં ગણીએ છીએ તે ચિત્રોના ચિત્રકારો, તથા મધ્યયુગના ખ્રિસ્તી દેવળોના સ્થપતિઓ પણ કલાનો ઉદ્દેશ આથી ભિન્ન જાણતા ન હતા. હિંદની શિલ્પકલા, મૂર્તિવિધાન, ચિત્રકલા એ જ મૂળમાંથી ઉદ્‌ભવેલ છે, અને એ આદર્શમાંથી પ્રેરણા પામેલાં છે. મીરાંબાઈનાં ભજનો તથા ત્યાગરાજનું સંગીત, અનેક ભકતો, સંતો અને ઋષિઓએ સર્જેલું મહાન કાવ્યસાહિત્ય, એ બધાની જગતની મહાનમાં મહાન કલાસંપત્તિમાં ગણના થાય છે.

'પરંતુ કલાકાર યોગસાધના કરે તો તેથી તેની કળામાં પ્રગતિ થાય ખરી ?'

યોગસાધના માટે જે આત્મનિયમની જરૂર પડે છે તે જ આત્મનિયમન કલાની સાધના માટે પણ જરૂરી છે. બંનેનો હેતુ વધારે ને વધારે સચેતન થવાનો છે. યોગ અને કલા બંનેમાં સામાન્ય દૃષ્ટિ અને સામાન્ય અનુભવોથી પર એવું દર્શન અને અનુભૂતિ પ્રાપ્ત કરતાં શીખવાનું છે. અંતરમાં ઊંડા ઊતરીને ત્યાંની ગહન વસ્તુઓને બહાર લાવવાની છે. ચિત્રકારોએ પોતાની આંખની શકિતનો વિકાસ કરવા માટે અમુક પ્રકારની તાલીમનું અનુસરણ કરવું પડે છે. એ આત્મનિયંત્રણ લગભગ યોગસાધના જેવું જ હોય છે. સાચા કલાકારો બાહ્ય સ્વરૂપની પેલે પાર જોવાનો પ્રયત્ન કરે છે. ઊર્ધ્વ જગત તરફ તે પોતાની દૃષ્ટિ ખુલ્લી રાખે છે કે જેથી કરીને કોઈ આંતર જગતનો આવિર્ભાવ કરવા માટે તેઓ પોતાની કલાનો ઉપયોગ કરી શકે. અને એવી એકાગ્રતાને પરિણામે તેમનામાં એક પ્રકારની એવી ચેતનાનો વિકાસ થાય છે જે યોગસાધનાને પરિણામે પ્રાપ્ત થતી ચેતના જેવી જ હોય છે. તો પછી યૌગિક ચેતના કલાસર્જનને સહાયરૂપ શા માટે ન થઈ શકે ?

મારી જાણમાં એવા કેટલાક કલાકારો છે. એમની કેળવણી અને શકિત ઘણી ઓછી હતી, પણ યોગને લીધે તેઓ ઘણા સારા લેખક અને ચિત્રકાર બની શકયા હતા. એમાંથી તમને બે દાખલા આપીશ : એક દાખલો એક યુવતીનો છે.

તેને કશી કેળવણી મળી ન હતી. તે નટી હતી, સારું નૃત્ય કરતી હતી. યોગસાધના શરૂ કર્યા પછી તેણે ફકત પોતાના મિત્રો આગળ જ નૃત્ય કરવાનું રાખ્યું, પણ એ પછી એના નૃત્યમાં એક નવું જ ઊંડાણ અને સૌન્દર્ય પ્રગટ થવા લાગ્યું. વળી એ તદ્દન અશિક્ષિત હતી તોપણ તેની કલમમાંથી અદ્‌ભુત લખાણો નીકળવા લાગ્યાં. તેને સૂક્ષ્મ દૃશ્યો દેખાતાં હતાં અને તે અત્યંત સુંદર ભાષામાં તેમનું વર્ણન કરતી. પણ એની સાધના એકધારી ચાલતી ન હતી. એની સાધના સારી ચાલતી હોય ત્યારે તેનાં લખાણો સુંદર બનતાં પણ તે સામાન્ય ચેતનામાં આવી પડતી ત્યારે તેનું લખાણ તદ્દન નીરસ, અર્થહીન અને કલાહીન બની જતું. બીજો દાખલો એક જુવાનનો છે. એણે ચિત્રકલાનો કંઈક અભ્યાસ કર્યો હતો, પણ તે બહુ થોડો. તેના મુત્સદ્દી પિતાએ તેને મુત્સદ્દીગીરી માટે તૈયાર કર્યો હતો. એ મોજશોખમાં પડયો રહેતો અને એનો અભ્યાસ આગળ વધી શકતો ન હતો. પણ એણે સાધનાનો આરંભ કર્યો કે તરત જ એને ચિત્રની પ્રેરણા થવા લાગી. એનાં ચિત્રોમાં કોઈ આંતર જ્ઞાન પ્રગટવા લાગ્યું. તે સંકેતાત્મક બનવા લાગ્યાં. આખરે તે એક મહાન કલાકાર બન્યો.

'કલાકારો સામાન્ય રીતે પોતાના વર્તનમાં અનિયંત્રિત અને ચારિત્ર્યમાં શિથિલ શા માટે હોય છે ?'

એવા કલાકારો સામાન્ય રીતે પ્રાણની ભૂમિકા ઉપર રહેતા હોય છે. તેમની ચેતનાનો પ્રાણમય અંશ પ્રાણના સૂક્ષ્મ જગતની શકિતઓ પ્રત્યે ઘણો સંસ્કાર-ગ્રાહી હોય છે. એ જગતમાંથી અનેક પ્રકારની અસરો, વૃત્તિઓ તેમનામાં ધસી આવે છે અને તેમના ઉપર તેઓ કશો કાબૂ રાખી શકતા નથી. વળી ઘણી વાર એવા કલાકારો ખૂબ સ્વતંત્ર વિચારના હોય છે અને સામાન્ય જીવનમાં પળાતા નીતિનિયમો કે ક્ષુદ્ર આચારવિચારને તેઓ સ્વીકારતા નથી. તેઓ વ્યવહારના રૂઢ નિયમોનું બંધન પોતાને માટે ફરજિયાત નથી માનતા અને એ નિયમોનું સ્થાન લઈ શકે એવો કોઈ આંતર જીવનનો આધ્યાત્મિક નિયમ તેમને જડયો નથી હોતો. આમ એમની કામનાઓની ગતિને રોકવા માટે તેમની પાસે કોઈ અંકુશ રહેતો નથી. અને તેથી તેઓ સહેલાઈથી સ્વચ્છંદી અને સ્વતંત્ર જીવનમાં સરી પડે છે. પરંતુ એવું કંઈ બધા જ કલાકારો વિષે બનતું નથી. કલાકારો સાથે મેં દસ વર્ષ ગાળ્યાં છે. એમાંના ઘણાખરા તો સંપૂર્ણ સજ્જન હતા. તેઓ ઘરબાર માંડી સારું ગૃહસ્થ જીવન ગાળતા હતા અને સામાજિક આચારવિચારોનું આગ્રહ-પૂર્વક પાલન કરતા હતા. પતિ તરીકે, પિતા તરીકે તેમનું વર્તન આદર્શ રૂપ હતું.

પણ એક પરિસ્થિતિ એવી છે ખરી કે જેમાં યોગસાધના કરવા જતાં

કલાકારની સર્જક પ્રેરણા બંધ થઈ જઈ શકે. જો કલાકારની પ્રેરણાનું મૂળ પ્રાણમય જગતમાં હશે તો યોગી થયા પછી તેની પ્રેરણા ઓસરી જશે, અથવા તો જે વસ્તુમાંથી તેને પ્રેરણા થતી ત્યાંથી તેને તે મળતી બંધ થઈ જશે. કારણ કે ત્યાર પછી પ્રાણની ભૂમિકાનું સાચું સ્વરૂપ તેની આગળ સ્પષ્ટ થાય છે, તેનું સાચું મૂલ્ય જણાય છે, અને એ મૂલ્ય ઘણું જ સાપેક્ષ હોય છે. જે લોકો પોતાને કલાકાર કહેવડાવતા હોય છે તેમાંના ઘણાખરા પ્રાણમય ભૂમિકામાંથી જ પોતાની પ્રેરણા મેળવતા હોય છે. અને એ પ્રેરણા એટલે કોઈ ઉચ્ચ કે મહાન વસ્તુ છે એમ સમજવાનું નથી.

પરંતુ પોતાના સર્જનની પ્રેરણા માટે કોઈ વધારે ઉચ્ચ ભૂમિકાને શોધી રહેલો સાચો કલાકાર જ્યારે યોગ તરફ વળે છે, ત્યારે તેને જણાય છે કે પાતાની પ્રેરણા હવે વધારે સીધેસીધી આવે છે. વધારે સમર્થ થતી જાય છે. તથા પોતાની અભિવ્યકિત વધારે વિશદ અને ગંભીર બને છે. જેમની પાસે કલાનું સાચું મૂલ્ય હશે તેમના મૂલ્યમાં યોગસાધના ઉમેરો કરશે; પરંતુ જેમની પાસે કલાનો ખોટો આભાસ માત્ર હશે તેમનો એ આભાસ ઊડી જશે, યા તો એનું આકર્ષણ જતું રહેશે.

જેનામાં સાધના કરવા માટે સાચી ધગશ હોય છે તેને સૌથી પ્રથમ સાદું સત્ય એ જણાય છે કે તે પોતે જે કાંઈ કરે છે તે વિશ્વના વિરાટ આવિર્ભાવોની સરખામણીમાં ઘણું જ ગૌણ છે. પરંતુ સામાન્ય રીતે કલાકાર ઘણો મિથ્યાભિમાની હોય છે. તે પોતાની જાતનું ઘણું જ મહત્ત્વ આંકે છે. આ માનવ-જગતમાં પોતાને લગભગ દેવ જેવો તે માની લે છે. ઘણા કલાકારો કહે છે કે પોતાના સર્જનને જો તેઓ અત્યંત મહત્ત્વનું ન ગણે તો તેમનાથી સર્જન જ ન થઈ શકે. પરંતુ મેં એવા કેટલાક કલાકારોને જોયા છે જેમના સર્જનની પ્રેરણા એક ઉચ્ચ ભૂમિકાથી આવતી હતી અને છતાં પોતે જે કલાસર્જન કરતા તે અત્યંત મહત્ત્વનું છે એમ માનતા ન હતા. સાચી કલાનો આત્મા એવા નમ્ર ભાવની વધારે સમીપ હોય છે. કોઈ માણસ કલા દ્વારા પોતાની અભિવ્યકિત કરવા પ્રેરાય તો તેનું કારણ ભગવાન તેની અંદર એ રીતે પ્રકટ થવા માગે છે એ હોય છે, અને એમ હોય તો, યોગસાધના કરવાથી તેની કલા ઉન્નત થશે, તેને હાનિ નહિ થાય.

પરંતુ એ જ મુખ્ય પ્રશ્ન છે : કલાકાર પ્રભુપ્રેરિત છે કે જાતે જ થઈ પડેલ છે ?

'યોગસાધના કરવાથી શેક્સપિયર કે શેલીના જેટલી ઊંચાઈએ કલાકાર પહોંચી શકે ખરો ? એવો કોઈ દાખલો જાણ્યામાં નથી.'

શા માટે નહિ? મહાભારત અને રામાયણ શેક્સપિયરની કે બીજા કોઈ પણ કવિની કૃતિઓ કરતાં કોઈ પણ રીતે ઊતરતાં નથી. અને એ મહાકાવ્યો જેમણે યોગની સાધના કરી હતી એવા ઋષિઓની કૃતિઓ ગણાય છે. જગતની મહાનમાં મહાન સાહિત્યકૃતિઓમાં તથા આધ્યાત્મિક ગ્રંથોમાં ગણના પામેલી ગીતા પણ, ઉપનિષદોની પેઠે, કોઈ યોગના અનુભવ વિનાના માણસે લખેલી નથી ! હિંદમાં કે ઈરાનમાં, કે અન્ય દેશોમાં સંતો, સૂફીઓ અને ભક્તો તરીકે પંકાયેલા માણસોએ જે કાવ્યો લખ્યાં છે તે તમારા મિલ્ટનના અને શેલીના કરતાં કઈ રીતે ઊતરતાં છે ?

વળી, બધા જ યોગીઓને તથા તેમની કૃતિઓને તમે જાણો છો ખરા ? કવિઓમાં અને સર્જકોમાં દિવ્ય ભાગવત ચેતના જોડે કોણ સંબંધમાં હતા અને કોણે ન હતા તે તમે કહી શકો છો ? કેટલાક લોકોના ઉપર 'યોગી'ની છાપ હોતી નથી, તેઓ 'ગુરુ' નથી હોતા અને ચેલાઓ કરતા નથી. તેઓ શું કરતા હોય છે તેની પણ દુનિયાને ખબર હોતી નથી. એવા લોકો કીર્તિની પાછળ ગાંડા હોતા નથી અને લોકોની નજર પોતાના તરફ ખેંચતા નથી. પરંતુ એમનામાં ઘણી ઊર્ધ્વ ચેતના હોય છે. તેઓ કોઈ દિવ્ય શક્તિ સાથે સંબંધમાં હોય છે, અને જ્યારે તેઓ કોઈ સર્જન રચે છે, ત્યારે તે દિવ્ય ભૂમિકામાં સર્જે છે. હિંદમાં સારામાં સારાં ચિત્રો તથા શિલ્પ અને મૂર્તિવિધાનોમાંનાં ઉત્તમોત્તમ સર્જનો બૌદ્ધ ભિક્ષુઓને હાથે તૈયાર થયાં હતાં. તેઓ પોતાનું જીવન આધ્યાત્મિક ચિંતનમાં અને સાધનામાં ગાળતા હતા. તેમણે ઉત્તમોત્તમ પ્રકારનું કલાસર્જન કર્યું, પરંતુ પાછળની પેઢીઓ માટે પોતાનાં નામ મૂકવાની પણ તેમણે દરકાર કરી નથી. સામાન્ય રીતે યોગીઓ પોતાના કલાસર્જનથી પ્રખ્યાત થતા નથી. તેનું મુખ્ય કારણ એ હોય છે કે તેઓ કલાસર્જનને પોતાના જીવનનો સૌથી અગત્યનો ભાગ ગણતા નથી, અને તેથી કેવળ કલાસર્જક પોતાની કલા પાછળ જે સમય અને અને શક્તિ ખર્ચે છે તેટલી એ યોગીઓ ખર્ચતા નથી. વળી તેઓ જે કાંઈ કરે છે તે હમેશાં જાહેર જગતને પહોંચતું પણ નથી. એવા કેટલાયે યોગીઓ છે જેમણે મહાન કૃતિઓ સર્જી છે પરંતુ તેની જગતને જાણ થવા દીધી નથી !

'શેક્સપિયરનાં નાટકો કરતાં વધારે મહાન નાટકો
યોગીઓએ રચ્યાં છે ખરાં ?'

કલાઓમાં નાટયકલા એ કાંઈ સૌથી શ્રેષ્ઠ નથી. કોઈકે તો એમ પણ કહ્યું છે કે બીજી કોઈ પણ કરતાં નાટયકલા ચડિયાતી છે અને જીવન કરતાં પણ કલા શ્રેષ્ઠ છે. પરંતુ એ બરાબર નથી.

કલાકારની ભૂલ એ થાય છે કે તે કલાસર્જનને પોતાના જ પગ ઉપર ઊભી રહેલી, પોતાને જ ખાતર જીતતી, જીવનનાં અન્ય ક્ષેત્રોથી સ્વતંત્ર એવી એક વસ્તુ માને છે. એવા કલાકારની સમજૂતી પ્રમાણે તો કલા એ જીવનના વિશાળ ક્ષેત્રમાં ઊગતી બિલાડીના ટોપના જેવી એક આગંતુક વસ્તુ બની જાય છે. એટલે કે તે જીવનની સાથે નિકટપણે વણાઈ ગયેલી વસ્તુ નથી રહેતી, પરંતુ આગંતુક અને બાહ્ય ચીજ બની રહે છે. એવી કલા ગંભીર અને સનાતન વાસ્તવિકતાઓને જાણી શકતી નથી, સ્પર્શી શકતી નથી. જીવનનું એ સ્વાભાવિક અને અવિભાજ્ય અંગ બની રહેતી નથી. સાચી કલાનો ઉદ્દેશ સુંદરનું પ્રકટીકરણ કરવાનો છે. પરંતુ એ કાર્ય તેણે વિશ્વની ગતિધારા જોડે નિકટ સંબંધ સાધીને કરવાનું છે. મોટામાં મોટી પ્રજાઓ અને સૌથી વધારે સંસ્કૃત થયેલી જાતિઓ કલાને હમેશાં જીવનનું અંગ ગણે છે અને તેને જીવનની સેવામાં યોજે છે. જાપાનની પ્રજાના સર્વશ્રેષ્ઠ યુગોમાં કલા એ પ્રકારની હતી. કલાના ઇતિહાસના ઉચ્ચોચ્ચ જમાનાઓમાં કલાનું સ્વરૂપ એવું જ હતું. પરંતુ ઘણાખરા કલાસર્જકો જીવનના કિનારા પર બાઝેલા પરોપજીવી જંતુઓ જેવા હોય છે. તેઓ જાણતા નથી કે કલા જીવનમાં અને જીવન દ્વારા ભગવાનનું પ્રકટીકરણ કરવા માટે છે. પ્રત્યેક પદાર્થમાં, પ્રત્યેક સ્થળે, સર્વ સંબંધોમાં સર્વ સાધક સંવાદ રૂપે સત્યનું પ્રાકટય કરવાનું છે, તથા જીવનની એકેએક ગતિને સુંદરતાની અને સંવાદિતાની અભિવ્યકિત બનાવવાની છે. હસ્તકૌશલ એ કલા નથી, બુદ્ધિચાતુર્ય એ પણ કલા નથી. કલા તો જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં પ્રકટ કરવાની જીવંત સંવાદિતા અને સુંદરતા છે. સૌન્દર્ય અને સંવાદિતાનો આ આવિર્ભાવ પૃથ્વી ઉપર પ્રકટ થનાર દિવ્ય સાક્ષાત્કારનુ એક અંગ છે, કદાચ તેનું સૌથી શ્રેષ્ઠ અંગ છે.

વિજ્ઞાનમય સત્યની દૃષ્ટિએ તો સૌન્દર્ય અને સંવાદિતા એ બેની અભિવ્યકિત પ્રભુનાં અન્ય ઐશ્વર્ય તત્ત્વોના પ્રાકટય જેટલી જ આગત્યની છે પરંતુ એ બેને સમગ્ર દિવ્ય તત્ત્વોમાંથી અલગ પાડી દેવાં ન જોઈએ, અન્ય સંબંધોથી અતડાં તરીકે સ્થાપન કરવાં ન જોઈએ, એમને જીવનની સમગ્રતામાંથી બહાર કાઢી લેવાં ન જોઈએ. એ તત્ત્વો જીવનના સમગ્ર આવિર્ભાવ જોડે એક થઈ તેની સાથે વણાઈ ગયેલાં હોવાં જોઈએ. લોકોને કહેવાની ટેવ હોય છે, 'ઓહ, એ તો કલાકાર છે!' જાણે કે કલાકાર બીજા માણસો જેવો માણસ નહિ પરંતુ કો જુદા જ પ્રકારનું પ્રાણી ન હોય, અને એની કલા પણ જગતની સામાન્ય વસ્તુઓથી તદ્દન અલગ એવી અતડી અને અસાધારણ વસ્તુ હોય નહિ! 'કલાને ખાતર કલા' એ સૂત્ર પણ એ ખોટી માન્યતાને સાચી ઠરાવવા પ્રયત્ન કરે છે અને તેના પર ઓક મૂકે છે. લોકો પોતાના દીવાનખાનામાં આજુબાજુનાં

ઉચ્ચ કક્ષા, અસાધારણ પૂર્ણતા પ્રાપ્ત કરી હતી. જાપાનમાં હજી પણ નૃત્યની પરંપરા ધાર્મિક જીવનના એક ભાગ તરીકે જળવાઈ રહી છે. જાપાનીઓના સ્વભાવમાં જ સૌન્દર્ય અને કળાની એક તીક્ષ્ણ દૃષ્ટિ રહેલી છે અને એ દૃષ્ટિને બળે જ તેઓ નૃત્યને નિમ્ન કોટિએ સરી જતું, ક્ષુદ્ર હેતુઓને વશ થતું અટકાવી શકયા છે. હિંદમાં પણ એવી જ પરિસ્થિતિ છે. આજે હવે પ્રાચીન ગ્રીક અને બીજી નૃત્ય કળાઓનો પુનરુદ્ધાર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ તેમાં ધાર્મિક તત્ત્વનો સર્વથા અભાવ દેખાય છે. એ નૃત્ય નહિ પણ તાલબદ્ધ કસરત જેવાં વધારે લાગે છે.

આજે રશિયન નૃત્યો ઘણાં પ્રસિદ્ધ થયાં છે. પરંતુ તેમાં પ્રાણની સૃષ્ટિનું, અને તેમાંય પ્રાણના કેટલાક ભયાનક અંશોનું જ પ્રકટીકરણ છે. પ્રાણમય જગતની સઘળી વસ્તુઓ પેઠે એ નૃત્યો પણ અત્યંત આકર્ષક કે ઘૃણાજનક બની શકે છે. પરંતુ એ નૃત્યો કેવળ આત્મપર્યવસાયી જ હોય છે. તેમના લક્ષ્ય રૂપે કોઈ ઉચ્ચતર જીવનનું પ્રાકટય નથી હોતું. રશિયાનો રહસ્યવાદ પણ પ્રાણની કોટિનો છે. રશિયન નૃત્યોનું કલાવિધાન અદ્‌ભુત છે. પણ કલાવિધાન— ટેક્‌નિક એ તો એક હથિયાર છે. તમારું કરણ જેટલું વધારે ઉત્તમ તેટલું વધારે સારું. પરંતુ જ્યાં સુધી તે પ્રભુને સમર્પિત થયું નથી ત્યાં સુધી તે ગમે તેવું અસાધારણ અને સુંદર હોય તોપણ તે એક ઉચ્ચતમ તત્ત્વથી વંચિત રહેલું હોય છે અને પ્રભુનો હેતુ સાધવામાં તે ઉપયોગી થઈ શકતું નથી. મુશ્કેલી એ છે કે ઘણાખરા કલાકારો એમ માને છે કે અમે તો અમારી પાંખોને જોરે ઊડીએ છીએ, અમારે ભગવદ્‌અભિમુખ થવાની કશી જરૂર નથી. એ ઘણી શોકજનક હકીકત છે. કારણ કે ભગવાનના આવિર્ભાવમાં કલાકૌશલ એ બીજી વસ્તુઓના જેટલું જ અગત્યનું તત્ત્વ છે. કૌશલ એ દિવ્ય આવિર્ભાવનો એક અંશ છે. ફકત તેણે પોતાનાથી વધારે મહાન એવી વસ્તુ આગળ ગૌણ થઈ રહેતાં શીખવાનું છે.

માનસિક ચેતનાથી ઘણે ઊંચે ચેતનાનો એક એવો પ્રદેશ છે જેને આપણે 'સંવાદનું જગત' કહી શકીએ. અને જો તમે ત્યાં પહોંચી શકો તો પૃથ્વી ઉપર અનેક રૂપોમાં પ્રકટ થયેલા તમામ સંવાદોનું મૂળ પ્રાપ્ત કરી શકો. તમને એક દૃષ્ટાંત આપું. બે સંગીતકારો બાક[૮] અને બીથોવન[૯] એકબીજાના પછી થઈ ગયા

---

૮ બાક-જોન સીબાચ્યન : ઈ. સ. ૧૬૮૫—૧૭૫૦. પ્રખ્યાત સંગીતકાર કુટુંબનો પ્રથમ જાણીતો થયેલો પુરુષ. બસો વર્ષો સુધી યુરોપીય સંગીતના વિકાસમાં બાકના કુટુંબે—પુત્રો અને પ્રપૌત્રોએ—સંગીત ફાળો આપ્યો છે.

૯ બીથોવન : જુઓ ફૂટનોટ ૪.

છે. તેમણે રચેલા કૉન્સર્ટોની પાછળ પ્રેરણા રૂપ સંગીતની એક વિશિષ્ટ ગતિ કાર્ય કરી ગઈ હતી. એમાં થોડાક જ તાર સ્વરોનો પ્રયોગ થાય છે. એ બંને કૃતિઓ કાગળ ઉપર એકસરખી દેખાતી નથી, સ્થૂળ કર્ણેન્દ્રિયને પણ તે ભિન્ન લાગે તેવી છે, પરંતુ તેમનું આંતર તત્ત્વ એક જ છે. ચેતનાનું એક જ આંદોલન, કોઈ ગહન સંવાદિતાનું એક જ મોજું બંને કલાકારોને સ્પર્શી ગયું હતું, બીથોવને એ પ્રેરણાનો ઘણો મોટો ભાગ ઝીલ્યો પણ એના પોતાના ચિત્તે પણ એમાં પોતાના તરફથી ઘણા ઉમેરા અને સુધારાવધારા દાખલ કરી દીધા. બાકે ઝીલ્યું ઓછું, પણ જેટલું ઝીલ્યું તે વિશેષ શુદ્ધ રૂપમાં જ ઝીલ્યું. એ કલાકારોએ ઝીલેલા આંદોલનમાં ચેતનના વિજયી ઉત્થાનનું ગાન હતું. ચેતના અચેતનાના ગર્ભમાંથી પોતાને બળપૂર્વક છૂટી કરે છે, અને વિજયનો ઉદ્‌ઘોષ કરતી પોતાનો જન્મ સાધે છે.

જો યોગ દ્વારા તમે સર્વ કળાના આ આદિ મૂળને પહોંચી શકો તો પછી, તમારી ઇચ્છા થાય તો, તમે સર્વ કળાઓના સ્વામી થઈ શકો. અત્યારે પૂર્વે જે કોઈ લોકો એ ભૂમિકામાં ગયાં હશે તેમને કદાચ એ ભૂમિકામાં જ રહેવાનું ગમી ગયું હશે. એ ભૂમિકામાં રહેલા સૌન્દર્ય અને આનંદને અહીં પૃથ્વી ઉપર પ્રગટ કરવાનું, મૂર્ત કરવાનું કાર્ય કરવાને બદલે ત્યાં રહ્યાં રહ્યાં તેમનો આસ્વાદ લેવાનું જ તેમને વધારે સુખદ, વધારે આનંદદાયી કે વધારે સરળ લાગ્યું હશે. પરંતુ આ રીતની નિવૃત્તિમાં જ યોગનું બધું સત્ય નથી આવી જતું. એ એનું વાસ્તવિક સત્ય પણ નથી. એ તો સંન્યાસની અભાવાત્મક દૃષ્ટિએ કરેલી યોગની ક્રિયામય મુકત સ્થિતિની વિકૃતિ છે. હ્રાસ છે, પ્રભુની તપઃશકિત આવિર્ભાવની દિશામાં ગતિ કરે છે. અક્રિયતામાં કે અનન્ય નીરવતામાં નિવૃત્ત થઈને તે બેસી રહેવા ઇચ્છતી નથી. આવિર્ભાવથી વિમુખ એવા આનંદની અંદર એક અક્રિય સ્થિતિ એ જ જો પરમાત્માની ચેતનાનું ખરું સ્વરૂપ હોત તો તો આ સૃષ્ટિનું નિર્માણ થાત જ નહિ.

૪ ઑગસ્ટ ૧૯૨૯

'સમર્પણ અને આત્મબલિદાન એ બન્ને એક જ નથી ?'

આપણી યોગસાધનામાં આત્મબલિદાનને માટે સ્થાન જ નથી. પરંતુ એ શબ્દનો તમે શો અર્થ કરો છો તેના પર બધો આધાર રહે છે. બલિદાનનો અસલ શુદ્ધ અર્થ તો 'પવિત્ર કરવું,' 'પ્રભુને અર્પણ કરીને પવિત્ર કરવું' એવો થાય છે. પરંતુ હાલમાં બલિદાન શબ્દનો અર્થ પ્રચલિત છે તે પ્રમાણે તો બલિદાન વિનાશનો સમાનાર્થ શબ્દ બની ગયો છે. એ શબ્દની આજુબાજુ એક અભાવાત્મક નકારનું વાતાવરણ ઉત્પન્ન થયું છે. એવું બલિદાન ચરિતાર્થતા સૂચવતું નથી. એ તો આત્મહાનિ યાને આત્મવિનાશ છે. તમે તમારી સઘળી શકયતાઓનું બલિદાન આપો છો. તમારા વ્યકિતત્વની છેક, ભૌતિક તત્ત્વથી માંડી ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ચેતનાના શિખર સુધીની સઘળી શકયતાઓનું અને સાક્ષાત્કારનું બલિદાન આપો છો. એવા બલિદાનથી તમારા પોતાના સ્વરૂપમાં—સત્ત્વમાં ઘટાડો થાય છે. જો તમે તમારા જીવનનું, શરીરનું પણ બલિદાન આપો, તો આ પાર્થિવ ભૂમિકા ઉપર તમારા વિકાસની જે શકયતાઓ છે તેનો તમે ત્યાગ કરો છો, એટલે કે આ પૃથ્વી ઉપર વિકાસની જે શકયતાઓ તમારે માટે છે તેનો અંત આવે છે. એ જ પ્રમાણે નીતિની દૃષ્ટિએ તમે તમારા જીવનનું બલિદાન દઈ શકો છો. અને પરિણામે, તમારા આંતર જીવનની નિર્બંધ સાર્થકતાનો અને સમૃદ્ધ વિશાળતાનો ભોગ આપો છો. આત્મવિસર્જનના આ ખ્યાલમાં હમેશાં બળપૂર્વક અર્પણ કરવાની, બહારથી પોતાના ઉપર લાદેલા આત્મત્યાગની વૃત્તિ રહેલી હોય છે. આત્માની ઊંડી અને વિશાળ સ્વાભાવિક શકયતાઓ માટે એ આદર્શમાં સ્થાન નથી હોતું.

સમર્પણનો આપણે આ અર્થ નથી કરતા. આપણી દૃષ્ટિએ સમર્પણ એટલે અંતરમાંથી પ્રગટતું સ્વયંભૂ આત્મસમર્પણ, પ્રભુને—આપણાથી એક વધારે મહાન એવી ચેતના કે જેના આપણે અંશ છીએ તેને આપણા સર્વસ્વનું અર્પણ. સમર્પણ કરવાથી તમારા સત્ત્વમાં કશો ઘટાડો નહિ થાય, કેવળ વૃદ્ધિ જ થશે. સમર્પણ તમારા વ્યકિતત્વને નિર્બળ નહિ બનાવે, તેનો નાશ નહિ કરે. જો ઊલટું તમારા વ્યકિતત્વને તે સમૃદ્ધ અને સુદૃઢ બનાવશે. સમર્પણ એટલે મુકત-

પણે પોતાનું સર્વ કંઈ આપી દેવું, અર્પણ કરવાના આનંદ સાથે આપી દેવું. એમાં બલિદાનનો, ભોગ આપવાનો ભાવ હોતો નથી. જેમાં તમે બલિદાન આપી રહ્યા છો એવી સહેજ પણ લાગણી થાય તે સમર્પણ નહિ કહેવાય. કારણ કે એનો અર્થ એ થયો કે તમે તમારી જાતને સાચવી રાખો છો, અથવા તો અનિચ્છાથી આયાસપૂર્વક દુઃખપૂર્વક આપવાનો પ્રયત્ન કરો છો, એમાં વસ્તુને આપવાનો આનંદ તમે અનુભવતા નથી. તમે કંઈક આપી રહ્યા છો એવી લાગણી પણ તમને કદાચ નહિ થતી હોય. કોઈ પણ કાર્ય કરતી વેળા તમને તેમાં બળાત્કારનો અનુભવ થાય તો તમારે નિઃસંશય જાણવું કે તમારી કાર્યપદ્ધતિમાં કંઈક ભૂલ છે.

સાચું સમર્પણ તમારી ચેતનાનો વિસ્તાર કરી આપે છે, તમારી શક્તિને વધારી આપે છે, તમે આપમેળે કદી પ્રાપ્ત ન કરી શકો એવી વસ્તુઓ, ગુણ અને પ્રમાણમાં બંને રીતે, તમને મેળવી આપે છે. સમર્પણને પરિણામે પ્રાપ્ત થતી આ બૃહત્તર સમૃદ્ધિ તમે કોઈ અન્ય રીતે મેળવેલી સમૃદ્ધિ કરતાં જુદી જ વસ્તુ છે. તમે એક જુદી જ દુનિયામાં, એક વિશાળતામાં પ્રવેશ કરો છો. સમર્પણ કર્યા વિના તમે એમાં કદી પણ પ્રવેશ ન કરી શકયા હોત. પાણીનું એક ટીપું મહાસાગરમાં પડે એના જેવી એ સ્થિતિ છે. જો તે ટીપું પોતાનું જુદું વ્યકિતત્વ જાળવી રાખે તો તે કેવળ એક ટીપું આજુબાજુની અનંતતા, અપરિમેયતા વચ્ચે ચગદાઈ જતું માત્ર ટીપું જ રહેશે. કારણ કે તેણે સમર્પણ કર્યું નથી. પરંતુ સમર્પણ કરે એટલે એ જ ટીપું મહાસાગર જોડે એક થઈ જાય છે અને સમ્રગ મહાસાગરની પ્રકૃતિનું, તેની શકિતનું અને વિરાટતાનું તે સહભાગી બને છે.

સમર્પણની ક્રિયામાં સંદિગ્ધતા કે અસ્પષ્ટતા બિલકુલ નથી હોતી. એ સુસ્પષ્ટ, સમર્થ અને નિશ્ચયાત્મક હોય છે, ક્ષુદ્ર માનવમન વિરાટ મનની સામે ઊભું રહીને પોતાના છૂટાપણાને વળગી રહે તો તે પોતે જેવું છે તેવું જ, એક મર્યાદિત વસ્તુ જ રહેશે, અને ઉચ્ચતર વાસ્તવિકતાને જાણવાની યા તો તેની સાથે સંબંધમાં આવવાની શકિત તેનામાં કદી નહિ પ્રકટે. એ બંને, અલ્પ અને ભૂમા, એકબીજાથી છૂટાં રહેશે. એ બંનેનાં ગુણ અને પ્રમાણ એકબીજાથી તદ્દન ભિન્ન જ રહેશે. પરંતુ અલ્પ માનવમન જો આત્મસમર્પણ કરે તો તે દિવ્ય વિરાટ મન જોડે તદ્રૂપ થઈ જશે. તે વિરાટની સાથે ગુણમાં તેમ જ માત્રામાં એક થઈ જશે. તેણે પોતાની મર્યાદાઓ અને વિકૃતિઓ સિવાય બીજું કશું ગુમાવવાનું નહિ રહે. એટલું જ નહિ, પરંતુ વિરાટ પાસેથી વિરાટની વિશાળતા અને

જ્યોતિર્મય વિશદતા તો પ્રાપ્ત કરશે. અલ્પ માનવમનની પ્રકૃતિનું રૂપાંતર થઈ જશે, જે મહત્તાર વાસ્તવિકતાને તે સમર્પણ કરશે તેની પ્રકૃતિ તે ધારણ કરશે. પરંતુ જો એ અલ્પ માનવમન વિરોધ કરશે, યુદ્ધ કરશે, જો વિરાટ મનની સામે તે બળવો કરશે, તો એ બે વચ્ચે સંઘર્ષ જામ્યા વિના નહિ રહે. અને એમાં તો જે અલ્પ અને નિર્બળ હશે તેણે જ પેલા અમેય અને ભૂમાની શક્તિમાં ખેંચાઈ જવાનું રહેશે. જો તે સમર્પણ નહિ કરે તો તે પૂરેપૂરું ચુસાઈ જશે, સંપૂર્ણ વિલય પામશે. એ જ ભાવિ તેને માટે શક્ય રહેશે.

દિવ્ય વિરાટ મનની જોડે સંબંધમાં આવનાર અને તેને સમર્પણ કરનાર મનુષ્યને જણાશે કે તેના મનની આજુબાજુનાં તિમિરનાં આવરણો સરી જઈને તે વિશુદ્ધ થાય છે તથા વિરાટ મનનાં જ્ઞાન અને શક્તિમાં તે ભાગીદાર બને છે. જો વિરાટ મનની સમક્ષ ઊભો રહેવા છતાં મનુષ્ય તેનાથી છુટ્ટો જ રહે તો તે જેવો છે તેવો જ, અમાપ વિસ્તારમાં એક ઝીણા બિંદુ જેવો જ રહેશે. જો વિરાટની સામે તે બળવો કરશે તો તેના મનનો વિનાશ થશે, તેની શક્તિઓ ઓછી થઈ જશે અને અંતે પોતે વિલય પામશે.

માનવના મનની બાબતમાં આ વસ્તુ જેટલી સાચી છે તેટલી જ તેની પ્રકૃતિના બીજા ભાગો માટે પણ તે સાચી છે. તમારા કરતાં અનેક ગણી સમર્થ વ્યકિત સાથે લડવાની ઈચ્છા કરો તેના જેવો વિરાટની સામે અલ્પનો પ્રયત્ન હોય છે. માથું ભાગે એટલો જ તમને લાભ થવાનો. પોતાના કરતાં લાખોકરોડો ગણી વધારે બળવાન સત્તા સાથે લડવાનો વિચાર પણ શી રીતે કરી શકાય! તમે જયારે જયારે વિરોધ કરશો ત્યારે ત્યારે તમને ફટકો મળવાનો જ. એ પ્રત્યેક ફટકે તમારી શકિત ઓછી થવાની, પોતાના કરતાં અતિશય બળવાન હરીફ સાથે કોઈ મુક્કાબાજીમાં ઊતરે, તેને ફટકા ઉપર ફટકા પડે અને દરેક ફટકે તેનું બળ ઓછું થઈને આખરે તે જમીન પર પછડાઈ પડે તેના જેવી સ્થિતિ વિરાટની સામે થનાર વ્યકિતની થાય છે. વળી એ પરિણામ લાવવા માટે કોઈ ઈચ્છાપૂર્વક પ્રયત્ન કરવાની જરૂર નથી પડતી. એ પરિણામ આપોઆપ જ આવે છે. અનંત અપરિમેયની સામે બળવો કરીને તેની જોડે ભટકાઓ તેનું પરિણામ બીજું હોય જ નહિ.

જ્યાં સુધી તમે તમારા નાનકડા ખૂણામાં રહીને સામાન્ય જીવન ગાળતા હો ત્યાં સુધી તમને કશી હાનિ નહીં થાય. પરંતુ પ્રભુ સાથે તમારે એક વાર સામા માં આવવાનું થઈ જાય, પછી તમારે માટે ફકત બે જ રસ્તાઓ રહે છે.

કાં તો તમે તેને સમર્પણ કરો, તમે તેની જોડે અદ્વૈત પામો, અને તમારા સમર્પણને પરિણામે તમે પરિપુષ્ટ થાઓ અને સમૃદ્ધ બનો; યા તો તમે તેની સામે થાઓ એટલે તમારી સઘળી શકયતાઓનો અંત આવે, તમારી શકિતઓ ઓસરી જાય અને તમે જેનો વિરોધ કરતા હો તેનામાં તમારી બધી શકિતઓ ખેંચાઈ જાય.

સમર્પણ વિષે ઘણા ખોટા વિચારો પ્રચલિત છે. ઘણા લોકો સમર્પણ એટલે વ્યકિતત્વનો સ્વેચ્છાપૂર્વક ઈન્કાર એમ સમજે છે. પરંતુ એ ગંભીર ભૂલ છે, કારણ કે, પ્રત્યેક વ્યકિતનું નિર્માણ પ્રભુની દિવ્ય ચેતનાના અમુક સ્વરૂપનો આવિર્ભાવ કરવા માટે જ થયેલું છે. એ આવિર્ભાવની અમુક રીતિ, પોતાની પ્રકૃતિના કોઈ લાક્ષણિક તત્ત્વનું પ્રાકટય, એમાંથી હરેક વ્યકિતનું વ્યકિતત્વ રચાય છે. પ્રભુ પ્રત્યે સાચું વલણ લેવાથી માનવીની આ વ્યકિતતા તેને વિકૃત કરનાર અને હાનિ પહોંચાડનાર નિમ્ન પ્રકૃતિની અસરોમાંથી તદ્દન મુકત બની જાય છે. તેનું વ્યકિતત્વ વધારે સમર્થ વ્યકિતત્વવાળું, સ્વ-રૂપવાળું, વધારે સંપૂર્ણ બને છે. નિમ્ન પ્રકૃતિનું અજ્ઞાન અને તમસ, તેની અશુદ્ધિઓ અને મિશ્રણો સાથે ઓતપ્રોત થઈ ગયેલા મનુષ્યનું વ્યકિતત્વ અમુક રીતે જ પોતાનું સત્ય અને શકિત પ્રગટ કરી શકે છે. સમર્પણને પરિણામે વ્યકિતની શકિતઓ વધારે તેજસ્વી અને લાક્ષણિક રૂપે પ્રગટ થાય છે. તેના ચારિત્ર્યની રેખાઓ વધારે સ્પષ્ટ બને છે. સમર્પણને પરિણામે માનવનું વ્યકિતત્વ વૃદ્ધિ પામીને કોઈ અનેરી ઊંચાઈએ પહોંચે છે, તેજસ્વી બને છે, તેની શકિતમાં વધારો થાય છે, તે પોતાની શકયતાઓની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે.

પરંતુ એ વિશુદ્ધિકર પાવનકારી રૂપાંતર પામવા માટે પ્રથમ તો સાચી પ્રકૃતિને વિકૃત કરીને, મર્યાદિત કરીને, તથા અજ્ઞાનથી આચ્છાદિત કરીને માનવના સાચા વ્યકિતત્વને બંધનમાં નાખનારી અધોગામી અને વિરૂપ બનાવી દેનારી સઘળી વસ્તુઓનો તેણે ત્યાગ કરી દેવો જોઈએ. સામાન્ય મનુષ્યના અંધ, પંગુ અને પ્રાકૃત જીવનમાં પ્રવર્તતી સઘળી હલકી વૃત્તિઓને તેણે પોતાના જીવનમાંથી નિર્મૂળ કરી દેવી જોઈએ. સૌથી પ્રથમ તો તેણે પોતાની ઈચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે ઈચ્છા એ નિમ્ન પ્રકૃતિની સૌથી વધારે અજ્ઞાન અને અજ્ઞાન-પ્રેરક વૃત્તિ છે. ઈચ્છાઓ નિર્બળતા અને અજ્ઞાનની ક્રિયાઓ છે. તેઓ તમને તમારી અશકિત તથા તમારા અજ્ઞાન સાથે બાંધી રાખે છે. માણસ એમ માને છે કે ઈચ્છાઓ તેમની પોતાની અંદર જન્મે છે. તેઓને લાગે છે કે ઈચ્છાઓ તેમની અંદરથી ઊંચે ચઢે છે. પરંતુ એ વિચાર ખોટો છે. અંધકારમય નિમ્ન પ્રકૃતિના વિશાળ સાગરમાં જે મોજાં થાય છે તે ઈચ્છાઓ છે અને તેઓ એક

વ્યકિતમાંથી બીજીમાં પસાર થાય છે. માણસો પોતાની અંદર ઇચ્છાઓ ઉત્પન્ન નથી કરતા પરંતુ એ મોજાં તેમના ઉપર હુમલો કરી તેમનામાં પ્રવેશે છે. જે કોઈ વ્યકિત તેમના પ્રત્યે ખુલ્લી હોય, કશા બચાવ વગરની હોય તે એ મોજાંઓમાં સપડાય છે અને આમથી તેમ ધકેલાય છે. ઇચ્છા માણસને પૂરેપૂરો પોતાને વશ કરી લઈને તેને પૂરેપૂરો વિવેકહીન બનાવી દે છે અને તેને એવો ખ્યાલ આપે છે કે ઇચ્છાઓને વ્યકત કરવી એ તેની પોતાની પ્રકૃતિનો એક ધર્મ છે, ખરું જોતાં, માનવની વાસ્તવિક સત્ય પ્રકૃતિ જોડે ઇચ્છાને કશો જ સંબંધ નથી.

નિમ્ન પ્રકૃતિની બીજી વાસનાઓનું એટલે કે ઈર્ષા, દ્વેષ, તિરસ્કાર, ક્રૂરતા વગેરેનું પણ એ જ પ્રમાણે સમજવું. એ વાસનાઓ પણ તમને જકડી લેતી નિમ્ન પ્રકૃતિની ગતિઓ હોય છે. એ પણ બહારથી આવી તમારા ઉપર હુમલો કરનાર મોજાંઓ છે. તમારી શુદ્ધ પ્રકૃતિનાં કે તમારા સાચા શીલનાં તે અંગો નથી, ઊલટાં તેને વિકૃત કરનાર તે વિદેશી તત્ત્વો છે. તેઓ તમારી જાતનો અવિભાજ્ય કે મૂળ અંશ નથી, પરંતુ નિમ્ન પ્રકૃતિની શકિતઓ જેમાં ગતિ કરી રહી છે એવા તમારી ચોમેર વિસ્તરેલા તિમિરમય સમુદ્રમાંથી તેઓ તમારામાં આવે છે. આ કામનાઓમાં, આ આવેગોમાં કોઈ પ્રકારનું વ્યકિતત્વ હોતું નથી. તમારું પોતા વિશિષ્ટ કહી શકાય એવું કાંઈ પણ એમનામાં કે એમની ક્રિયામાં નથી હોતું, પ્રત્યેક માનવમાં એ વસ્તુઓ એકસરખી રીતે પ્રગટ થાય છે.

વળી મનની અજ્ઞાનપૂર્ણ ક્રિયાઓ, જેવી કે શંકાઓ, સ્ખલનો, વ્યકિતત્વનું આચ્છાદન કરી લેનારી તથા તેના વિકાસને અને તેની સાર્થકતાને રોકનારી મુશ્કેલીઓ પણ એ જ મૂળમાંથી આવે છે. એ બધાં ક્ષણિક મોજાંઓ જેવાં હોય છે અને જે કોઈ માણસ એના હુમલામાં સપડાવાને, તથા તેના અંધ કરણ તરીકે કાર્ય કરવાને તૈયાર હોય છે તેને તે પકડે છે. અને છતાં નવાઈ એ છે કે દરેક માણસ એમ માનતો હોય છે કે આ બધી પ્રકૃતિની ક્રિયાઓ તેના પોતાના વ્યકિતત્વનો જ એક ભાગ છે, અને પોતાના સ્વતંત્ર વ્યકિતત્વની અમૂલ્ય પેદાશ છે. એવા પણ લોકો મળે છે જેઓ એ વસ્તુઓને અને પોતાની નિર્બળતાઓને પોતાની કહેવાતી સ્વતંત્રતાના ચિહ્ન યા તો મૂળ તત્ત્વ રૂપે ગણીને તેમને વળગી રહે છે.

આ વસ્તુ જો તમે બરાબર સમજ્યા હશો તો આધ્યાત્મિકતા અને નીતિ વચ્ચે જે ભેદ, જે મહાન ભેદ છે તે તમે સમજી શકશો. એ બેને ઘણી વખત એકબીજા જોડે સેળભેળ કરી નાખવામાં આવે છે. આધ્યાત્મિક જીવનનો, એટલે કે

યૌગિક જીવનનો હેતુ દિવ્ય ચેતનામાં વિકાસ સાધવાનો છે, અને તેને પરિણામે તમારામાં જે કાંઈ હોય તે વિશુદ્ધ થાય છે, વધારે બળવાન, તેજસ્વી અને પરિપૂર્ણ બને છે. આધ્યાત્મિક જીવન તમને પ્રભુનો આવિર્ભાવ કરવા માટેની શકિત આપે છે. પ્રત્યેક વ્યકિતના ચારિત્ર્યને તે ઉન્નત કરીને તેની શકિતઓનો પૂરેપૂરો વિકાસ કરે છે, તેના દ્વારા થવાના આવિર્ભાવને તેની અંતિમ કોટિએ લઈ જાય છે. કારણ કે પ્રભુની દિવ્ય યોજનાનો જ એ એક ભાગ છે.

નીતિ પોતાનું કાર્ય માનસિક વિચારોથી આરંભે છે. સારું શું અને નઠારું શું એ વિષે થોડા વિચારો નક્કી કરી, સર્વે માણસોને એક જ આદર્શના બીબામાં ફરજિયાત ઢાળવાનો તે પ્રયત્ન કરે છે. આ નીતિનો આદર્શ, તેનાં તત્ત્વો તથા તેનું સમગ્ર સ્વરૂપ જુદાં જુદાં સ્થળકાળમાં બદલાતાં રહે છે અને છતાં તે આદર્શ પોતે અદ્વિતીય, નિશ્ચયાત્મક, નિરપેક્ષ હોવાનો દાવો કરે છે. પોતાનાથી ભિન્ન એવા બીજા કોઈ આદર્શનો તે સ્વીકાર કરતો નથી. વળી તેનાં પોતાનાં તત્ત્વોમાં પણ કોઈ વિકલ્પો હોઈ શકે એમ તે સ્વીકારતો નથી. તેને તો પોતાના એકમાત્ર આદર્શ અનુસાર સર્વ માણસોને એક જ બીબામાં ઢાળવાના હોય છે, બધા માણસોએ એક જ પ્રકારની ચોક્કસ સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે. નીતિનું સ્વરૂપ આ રીતે ઘણું જ જડ અને અવાસ્તવિક છે અને તેથી તેના સિદ્ધાંતો અને કાર્યપદ્ધતિ આધ્યાત્મિક જીવનથી વિરુદ્ધ પ્રકારનાં છે.

આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે એ સાચું છે, પરંતુ સાથે સાથે તે અનંત વિવિધતા—નાનાત્વનું દર્શન પણ આપે છે. એકતામાં સ્થિત રહીને તે વિવિધતા માટે કાર્ય કરે છે, એ વિવિધતામાં પૂર્ણતા પ્રકટાવવા પ્રયત્ન કરે છે. નીતિ જીવનના આ વૈવિધ્ય અને આત્માની સ્વાધીનતા એ બંનેથી વિરુદ્ધ એવું એક કૃત્રિમ ધોરણ ઊભું કરે છે. એક માનસિક પ્રકારનું મર્યાદિત અને જડ ધોરણ ઉત્પન્ન કરીને તે સઘળા માણસો પાસે તેનો સ્વીકાર કરવાની માગણી કરે છે. નીતિના આદર્શ પ્રમાણે તો સર્વ માનવોએ એક જ પ્રકારના ગુણો, એક જ જાતની આદર્શ પ્રકૃતિ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવો જોઈએ. નીતિ દૈવી નથી યા તો પ્રભુ તરફથી આવતી નથી. તે માનવકૃત અને માનવી છે. નીતિ પોતાના આધાર તરીકે વસ્તુઓમાં 'સારું' અને 'ખરાબ' એવો અવિચલ ભેદ સ્વીકારી લે છે, પરંતુ એ ભેદ સ્વચ્છંદી છે. નીતિ સાપેક્ષ વસ્તુઓને લઈને તેમને નિરપેક્ષ તરીકે ગણાવવાનો આગ્રહ કરે છે, પરંતુ એણે માની લીધેલું સારું અને નઠારું જુદા જુદા દેશકાળમાં જુદું જુદું હોય છે.

નીતિના ખ્યાલ પ્રમાણે તો સારી ઇચ્છાઓ અને ખરાબ ઇચ્છાઓ પણ હોય છે, અને સારીનો સ્વીકાર અને ખરાબનો ઇન્કાર કરવાને તે તમને આજ્ઞા કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવન તો ઇચ્છાઓનો સદંતર ઇન્કાર કરવાની તમારી પાસે માગણી કરે છે. એનો નિયમ એ હોય છે કે પ્રભુથી તમને દૂર ખેંચી જનારી સર્વે ક્રિયાઓ અને ગતિઓનો તમારે સદંતર ત્યાગ કરવાનો છે. પરંતુ એ ત્યાગ કરવાનું કારણ ઇચ્છાઓ પોતે જ ખરાબ છે એમ નથી. કારણ કે બીજા માણસ માટે, યા તો બીજા ક્ષેત્રમાં ઇચ્છાઓ હિતકારી પણ હોઈ શકે. પરંતુ ઇચ્છાઓ અંધકાર અને અજ્ઞાનથી ભરેલી શક્તિઓ તરફથી આવતી હોઈ પ્રભુની સમીપ જવાના તમારા માર્ગમાં બાધા રૂપ નીવડે છે. સઘળી ઇચ્છાઓ, સારી કે ખરાબ સર્વ, એ વ્યાખ્યામાં આવી જાય છે, કારણ કે અપ્રકાશિત અને અજ્ઞાન પ્રાણ-તત્ત્વમાંથી જ ઇચ્છાઓ ઉદ્‌ભવે છે. એથી ઊલટું, જે ક્રિયાઓ પ્રભુ સાથે તમારો સંબંધ કરાવે તે સર્વેનો તમારે સ્વીકાર કરવો જોઈએ. પરંતુ તે પોતે સારી છે તેથી નહિ, પણ તે તમને પ્રભુ પાસે લઈ જાય છે તેથી જ તમે તેનો સ્વીકાર કરશો.

એટલે પ્રભુ પાસે તમને લઈ જાય એવી સઘળી વસ્તુનો સ્વીકાર કરો, તેનાથી તમને દૂર લઈ જાય તે સૌનો ઇન્કાર કરો. પરંતુ આ સારું છે ને આ ખરાબ છે એમ ન કહો, યા તો તમારું દૃષ્ટિબિંદુ બીજાઓના ઉપર ઠસાવવાનો પ્રયત્ન ન કરો. કારણ કે તેના વિકાસનો માર્ગ તમારા માર્ગથી અત્યંત ભિન્ન પણ હોઈ શકે. તમે જેને 'ખરાબ' કહેતા હો તે જ દિવ્ય જીવન પ્રાપ્ત કરવાને પ્રયત્ન ન કરનાર તમારા પાડોશીને માટે 'સારી' પણ હોઈ શકે.

આધ્યાત્મિકતા અને નીતિના દૃષ્ટિબિંદુ વચ્ચેના ભેદનું એક ઉદાહરણ આપણે લઈએ. નીતિના સામાન્ય વિચાર પ્રમાણે માણસોના બે વર્ગ પાડવામાં આવે છે, એક ઉદાર અને બીજો લોભી. લોભી માણસને ધિક્કારવામાં આવે છે, તેને દોષપાત્ર ગણવામાં આવે છે; જ્યારે ઉદાર માણસ નિઃસ્વાર્થી તથા સમાજને ઉપયોગી ગણાય છે, તથા તેના સદ્‌ગુણ માટે તેની પ્રશંસા કરવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ એ બન્ને એક જ સમાન કક્ષા ઉપર રહેલા છે. એકની ઉદારતા અને બીજાની લોભવૃત્તિ એ બન્ને કોઈ ઉચ્ચતર સત્યની, કોઈ મહત્તર દિવ્ય શક્તિની વિકૃતિઓ છે. એક એવી શક્તિ છે, દિવ્ય ચેતનાની એક એવી ગતિ છે, જે પોતાને સર્વત્ર પ્રસરાવે છે, વ્યાપક કરે છે, પોતાની પાસે જે કંઈ શક્તિઓ અને વસ્તુઓ હોય છે તેમને પ્રકૃતિની છેક જડ ભૂમિકાથી માંડી ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિકતા સુધીની સર્વ ભૂમિકાઓ ઉપર છૂટથી વેરે છે. ઉદાર માણસ અને તેની ઉદારતાની પાછળ આ દિવ્ય ગતિનો આવિર્ભાવ કરનાર વિશિષ્ટ

કોટિનો આત્મા રહેલો છે. એ વિસ્તારની, મહાન પ્રદાનની શકિત છે. હવે એક બીજી પણ શકિત છે, દિવ્ય ચેતનાની એક એવી પણ ગતિ છે જે સંગ્રહ કરે છે, સંચય કરે છે. તે ઊંચી કે નીચી બધી ભૂમિકાઓ ઉપરથી શકિતઓનો, વસ્તુઓનો, હરકોઈ પ્રકારની સંપત્તિનો સંગ્રહ કરે છે. તમે જે માણસને લોભી કહીને નિંદો છો તે માણસ આ બીજી દિવ્ય ક્રિયાનું કરણ થવા નિર્માયેલો છે. બન્ને જરૂરના છે. વિશ્વની સમગ્ર યોજનામાં બન્નેની જરૂર છે. સંચય કરનારી, એકત્ર કરનારી ક્રિયા, ફેલાવનારી ક્રિયાના કરતાં લેશ પણ ઓછી જરૂરની નથી. અને સાચી રીતે પ્રભુને સમર્પણ કરવામાં આવે તો પ્રભુના દિવ્ય કાર્યમાં એ બંનેનો એકસરખા પ્રમાણમાં એકસરખા મૂલ્યવાળાં કરણો તરીકે ઉપયોગ થઈ શકે છે. પરંતુ જ્યારે તેઓ પ્રભુને સમર્પિત થયેલી નથી હોતી ત્યારે એ બન્ને વૃત્તિઓ અજ્ઞાનના આવેગોથી સંચાલિત થતી હોય છે. એક પોતાનું બધું ચારે તરફ ફેંકી દેવાને પ્રેરાય છે ત્યારે બીજું બધું જ પોતાની પાસે પકડી રાખવાને પ્રેરાય છે. પરંતુ એ બંને તેમની ચેતનાને અજ્ઞાત એવી શકિતઓ દ્વારા જ પ્રેરાતી હોય છે, અને એ બેમાંથી એકેને પસંદગી આપવા જેવી નથી. યોગના ઉચ્ચતર દૃષ્ટિબિંદુથી આપણે પેલા બહુ પ્રશંસા પામેલા ઉદાર માણસને કહી શકીએ, 'ઉદારતાના તારા સર્વ ભાવોનું મૂલ્ય આત્માની દૃષ્ટિએ શૂન્ય છે, કારણ કે તે ભાવો અહંમાંથી અને અજ્ઞાન કામના-માંથી ઉદ્‌ભવે છે.' બીજી બાજુએ, લોભી ગણાતા માણસોમાં પણ કોઈ વાર એવો માણસ મળી આવે છે જે પોતાની પ્રકૃતિથી પ્રેરાઈને એક શાંત અને એકાગ્ર નિશ્ચયપૂર્વક સંચય અને સંગ્રહ કર્યે જતો હોય છે. એક વાર જો તે જાગ્રત થઈ જાય તો તે પણ પ્રભુનું એક ઉત્તમ કરણ બની શકે. પરંતુ તેનાથી ઊલટી પ્રકૃતિના ઉદાર માણસ પેઠે લોભી પણ સામાન્ય રીતે અહંતા અને કામનાથી પ્રેરાઈને જ વર્તતો હોય છે. એક જ અજ્ઞાનનો એ બીજો છેડો છે. એ બંનેએ પોતાની પાછળ આવી રહેલા દિવ્ય તત્ત્વને પામવું હોય, અને પોતાની પ્રકૃતિ અનુસાર તેને પ્રકટ કરવું હોય તો તે માટે બંનેએ પોતપોતાની શુદ્ધિ તથા રૂપાંતર કરવાં પડશે.

એ જ પ્રમાણે તમે બીજા પ્રકારના સ્વભાવોને લઈને તેમનું મૂળ પ્રભુની કોક દિવ્ય શકિતના કાર્યમાં શોધી શકશો. પ્રત્યેક સ્વભાવ પ્રભુએ સર્જવા ધારેલી વસ્તુનું એક લઘુ રૂપ, વિકૃત રૂપ છે, એક વિશેષ આધ્યાત્મિક મૂલ્યવાળી વસ્તુનું મન અને પ્રાણ દ્વારા સધાયેલું વિકારી સ્વરૂપ છે. આ વિકાર ચૈતન્યની ક્રિયામાં આવી જતા કોઈ અજ્ઞાનમય સ્ખલનને લીધે જન્મે છે, એક વાર જો એ અજ્ઞાનને વશ કરવામાં આવે, સાચું વલણ લઈ શકાય અને સત્યનો સાચો માર્ગ

જડી આવે તો પછી આ બધા પદાર્થોની અંદર રહેલા દિવ્ય તત્ત્વનું દર્શન થાય છે. પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ તેની અંદર રહેલા સત્યને બળે સહેતુક બની રહે છે, પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં બધા પદાર્થો જુદી જુદી રીતે છતાં એકસરખા મહત્ત્વનાં, એકસરખા ઉપયોગનાં અનિવાર્ય કરણો બની રહે છે.

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૩૦-૩૧

સામાન્ય જીવન અને સાચો અંતરાત્મા

સામાન્ય જીવન અનેકવિધ ઇચ્છાઓ અને લાલચોના ચક્રાવામાં ફસાયેલું છે. જ્યાં લગી વ્યકિત તેમાં નિમગ્ન રહે છે ત્યાં લગી કોઈ ચિરસ્થાયી પ્રગતિ થઈ શકતી નથી. તો એમાંથી નીકળવાનો માર્ગ શોધવો રહ્યો. દાખલા તરીકે, સામાન્ય જીવનની અતિ સામાન્ય પ્રવૃત્તિ,—શું ખાવું, કયારે ખાવું, અને ખોરાકના પૂરતાપણાની લોકોની નિરંતર વિચારણા. ખોરાકની આ લિપ્સાને જીતવી હોય તો પોતાની સત્‌તામાં એક સમતાના વિકાસની જરૂર રહે છે અને તે એવી રીતે કે ખોરાક પ્રત્યે તમારે સંપૂર્ણ ઉદાસીન રહેવું જોઈએ. ખોરાક તમને આપવામાં આવે તો ખાઓ, જો આપવામાં ન આવે તો તમે જરાય વિક્ષિપ્ત ન થાઓ. અર્થાત્‌, ખોરાક વિષે મનમાં ભાંજગડ ન કરો. વળી, બીજી બાજુ આ મનની ભાંજગડ નકારાત્મક પણ ન હોવી જોઈએ. જેમ એક બાજુ સંન્યાસી ભોગમાંથી નિવૃત્તિ મેળવવા માટે તે વિષેની પદ્ધતિઓની અને સાધનોની યોજનામાં રચ્યોપચ્યો રહે છે, તેમ બીજી બાજુ ખોરાકની લિપ્સાના ચિંતનમાં લગભગ નિમગ્ન રહેવું, —એ બન્ને ક્રિયાઓ સરખી છે. ખોરાક પ્રત્યે ઉદાસીન મનોભાવ રાખવો એ જ ખરી વાત છે. તમારી ચેતનામાંથી ખોરાકનો વિચાર કાઢી નાખો, તેને જરાય મહત્ત્વ ન આપો.

તમારા અંતરના ઊંડાણમાં જે સાચો અંતરાત્મા, તમારો ચૈત્ય પુરુષ રહેલો છે તેના સંપર્કમાં એક વાર આવશો એટલે આ સહેલું થઈ જશે. પછી તમને તરત જ સમજાઈ જશે કે આ બધી વાતો કેવી ક્ષુલ્લક છે અને જેની સૌથી વધુ અગત્યતા છે તે તો ભગવાન છે. ચૈત્ય પુરુષમાં વાસો કરવો એટલે બધી લાલચોથી પર થવું. પછી તમારામાં કોઈ ઝંખના નહિ રહે, ચિંતા નહિ રહે, તીવ્ર ઇચ્છા નહિ રહે. અને તમને એ પણ સમજાશે કે જે કાંઈ બને છે, તે સારા માટે બને છે. પણ આનો અર્થ એમ નથી કરવાનો કે જે કાંઈ છે તે ઉત્તમને માટે છે. જ્યાં લગી તમે સર્વસામાન્ય ચેતનામાં રહો છો ત્યાં લગી બધું જ કાંઈ ઉત્તમને માટે નથી હોતું. તમે જો ચેતનાની સમ્યક્‌ અવસ્થામાં નહિ હો તો તમે

કેવળ ખોટા માર્ગે ચઢી જશો. પરંતુ એક વાર તમે ચૈત્ય અવસ્થિતિમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા, અને ભગવાનને તમે તમારી જાતને અર્પણ કરી દીધી, પછી જે કાંઈ બનશે તે સારું બનશે; પછી ભલે તમારી આગળ છતો ન થતો હોય તોય બધો જ ભગવાનનો એક નિશ્ચિત પ્રત્યુત્તર હશે.

ખરેખર, આત્માર્પણની માત્ર સાચી ક્રિયા જ તેનો તાત્કાલિક બદલો છે; તેની સાથે સાથે બીજા કશાથી ન મળે તેવું સુખ, તેવો વિશ્વાસ અને તેવી સહી-સલામતી તે આણે છે. પણ જ્યાં લગી આ આત્માર્પણ દૃઢ રીતે ચૈત્ય નહિ થયું હોય ત્યાં લગી વિક્ષોભ રહેવાના, ઊજળી અવસ્થાઓની વચ્ચે વચ્ચે અંધારી પળો આવવાની. માત્ર ચૈત્યમાં અવસ્થિતિ જ એકધારી પ્રગતિશીલ હોય છે, તેનું હલન-ચલન સતત આરોહણ હોય છે. બીજાં સઘળાં હલનચલન તૂટક હોય છે, સાતત્ય વગરનાં હોય છે. એટલું જ નહિ પણ જ્યાં લગી ચૈત્ય તત્ત્વ તમે છો એમ અનુભવો નહિ ત્યાં લગી તમે એક વ્યકિત પણ નહિ હોઈ શકો; કારણ કે, તમા-રામાં રહેલી એ જ સાચી જાત છે. સાચી જાત સમજાય નહિ ત્યાં લગી તમે એક ખુલ્લું મેદાન છો, કોઈ એક સત્‌તા નથી. તમારામાં કામ કરતી ઘણી ઝઘડતી શકિતઓ છે, એટલે, જો તમારે સાચી પ્રગતિ સાધવી હોય તો ભગવાનની સાથે નિરંતર એકાત્મભાવે રહેતી તમારી પોતાની સત્‌તાને પીછાનો. અને ત્યારે જ રૂપાંતર શકય બનશે. તમારી પ્રકૃતિના બધા ભાગો અજ્ઞાન છે: દાખલા તરીકે, પ્રત્યેક ઝળહળતો વિચાર એ પ્રકાશિત વિચાર પણ છે, એમ વિચારવાની ઘણી વાર મન ભૂલ કરતું હોય છે. અને એટલા જ જુસ્સાથી તે ભગવાનની તરફેણની તેમ જ વિરોધી દલીલો ઊપજાવી કાઢે છે. તેની પાસે સત્યનું કોઈ અભ્રાંત દર્શન હોતું નથી. અને પ્રાણ સત્તાના કોઈ પણ દેખાવથી સામાન્યત: અંજાઈ જાય છે, એમાં તેને ભગવાનનું કંઈક હોય એમ જોવાની ઇચ્છા સેવતું હોય છે. એક માત્ર ચૈત્ય સત્‌તા જ ન્યાયી વિવેકવાળી હોય છે. પરમ પ્રત્યક્ષતાને તે સીધેસીધી પીછાને છે. દિવ્ય અને અદિવ્યનો ભેદ તે સાચેસાચ પારખે છે. તમે જો એક પળ માટે પણ તેના સંપર્કમાં આવ્યા હશો, તો દિવ્ય-વિષેની તમારી પ્રતીતિ અક્ષુબ્ધ ભાવે રાખી શકશો.

તમે મને પૂછો છો કે તમારે તમારી ખરી જાતને શી રીતે પીછાનવી. તેની જિજ્ઞાસા રાખો, અભીપ્સા સેવો; બીજી કોઈ વસ્તુની માગણીના કરતાં તેને જ પ્રાધાન્ય આપો. તમારામાંના ઘણાખરા તેની અસર તળે રહો છો, પણ માત્ર અસરના કરતાં કંઈક વધારે હોવું જોઈએ. તમારે તેની સાથે એકાત્મતા અનુભવવી જોઈએ. પૂર્ણતાની સઘળી પ્રેરણા તેમાંથી આવે છે, પણ તમને મૂળની જાણકારી નથી.

તમે તેની સાથે સભાન સહકાર સાધતા નથી, તેના પ્રકાશની સાથે તમે એક થઈ જતા નથી. જ્યારે હું ચૈત્યની વાત કરું છું ત્યારે તમારા ઊર્મિગત ભાગનો ઉલ્લેખ કરું છું એમ રખે માનતા. ઊર્મિ (કે લાગણી) ઉચ્ચતર પ્રાણની સાથે સંબંધ ધરાવે છે, શુદ્ધ ચૈત્યની સાથે નહીં. ચૈત્ય તમારામાં બળી રહેલી એક સ્થિર જ્યોત છે, તે દિવ્ય તરફ ઝળહળી રહી છે; સઘળા પ્રકારના વિરોધોને ભસ્મસાત્ કરવાનું તેનામાં બળ હોય છે. તમે જ્યારે તેની સાથે એક થાઓ છો ત્યારે તમને દિવ્ય સત્યની અનુભૂતિ થાય છે; અને પછી તમને એમ લાગ્યા વિના પણ નહિ રહે કે આખી દુનિયા હવામાં પગ રાખીને માથા પર, અજ્ઞાનમાં ચાલી રહી છે !

તમે જેને તમારી વ્યકિતગત જાત કહો છો તેને તમારી સાચી ચૈત્ય વ્યકિતતાની સાથે યુકત કરવાનું શીખવવું જોઈએ. તમારું વર્તમાન વ્યકિતત્વ તે એક મિશ્ર પ્રકારનું હોય છે. તે એક પરિવર્તનની હારમાળા છે જે આમ હોવા છતાં અમુક પ્રકારનું સાતત્ય જાળવી રાખે છે; બધી બદલાની પરિસ્થિતિની વચ્ચે તે અમુક પ્રકારનુ સરખાપણું હોય છે અથવા આંદોલનની એકાત્મતા હોય છે. તે એક નદી જેવું હોય છે, જે કદાપિ એક નથી અને તેમ છતાં તેનું પોતાનું અમુક નિશ્ચિતપણું, સ્થિરતા જાળવી રાખે છે. તમારી પ્રકૃત જાત તમારા સાચા વ્યકિતત્વનો માત્ર પડછાયો છે. જ્યારે તમારી આ પ્રકૃત જાત, જે ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન સ્થિતિ ધારણ કરતી હોય છે, જે કોઈ વાર માનસિક, કોઈ વાર પ્રાણિક, તો કોઈ વાર શારીરિક સ્વરૂપે જણાય છે, — તે જ્યારે ચૈતષિકના સંપર્કમાં આવે છે, અને તેને પોતાના વાસ્તવિક સ્વરૂપ તરીકે પીછાને છે, ત્યારે જ તમને તેની ઉપલબ્ધિ થશે. પછી તમે એકાત્મ થઈ જશો, કશી વસ્તુ તમને ક્ષુબ્ધ કે વિક્ષિપ્ત નહિ કરી શકે. અને તમે એક સ્થિર તેમ જ ચિરસ્થાયી પ્રગતિ કરી શકશો; ખોરાકની લાલચ જેવી ક્ષુલ્લક વસ્તુઓથી તમે પર થઈ શકશો.

શરણાગતિ, આત્મનિવેદન અને સમર્પણ

શરણાગતિ એટલે ભગવાનને તમારા જીવનની જવાબદારી સોંપી દેવાનો નિર્ણય. આ નિર્ણય વગર કશું જ બિલકુલ શકય નથી. તમે જો શરણે ન જાઓ તો યોગનો કશો જ અર્થ રહેતો નથી. સ્વાભાવિક રીતે આના પછી બીજુ બધું આવે છે; કારણ કે યોગની આખી પ્રક્રિયાની શરૂઆત શરણાગતિથી થાય છે. તમે શરણાગતિ બે રીતે કરી શકો: કાં તો જ્ઞાન દ્વારા, કાં તો ભકિત દ્વારા. તમારામાં એવી પ્રબળ અંત:સ્ફુરણા હોવી જોઈએ કે ભગવાન જ એકમાત્ર સત્ય છે અને ભગવાન વગર તમે કાંઈ જ કરી શકો નહિ એવી પ્રકાશપૂર્ણ પ્રતીતિ હોવી જાઈએ. અથવા તો તમારામાં એક સાહજિક લાગણી હોવી જોઈએ કે આ એક માર્ગે જ સુખી થવાય તેમ છે, તમારી ચૈત્ર સત્તામાં એવી પ્રબળ ઈચ્છા હોવી જોઈએ કે તમે માત્ર ભગવાનને ખાતર જ છો. તમે કહો કે "હું મારી જાતનો નથી", અને એમ તમારા અસ્તિત્વની જવાબદારી સત્યને સોંપી દો. પછી આવે છે આત્મનિવેદન. "આ રહ્યો હું વિવિધ ગુણોનું એક સંતાન: સારા અને ખરાબ, તમોગ્રસ્ત અને પ્રકાશિત. હું જેવો છું તેવો મારું નિવેદન કરું છું. મારી બધી ચડતી પડતી સહિત, ઝઘડતા આવેગો અને વલણો સહિત, મારો સ્વીકાર કરો. મારા પ્રત્યે તમને ફાવે તેમ કરો." આમ તમારા આત્મનિવેદનના ક્રમમાં તમારા પ્રથમ નિર્ણયની આસપાસ તમારી સત્તાને એકસૂત્રે પરોવવાની શરૂઆત કરો છો અને આ એકસૂત્ર તે છે કેન્દ્રસ્થ ચૈતસિક તપસ્ શકિત. તમારી પ્રકૃતિમાંનાં સઘળાં વિદ્રોહી તત્ત્વોને સંવાદમાં આણવાં પડશે, તેમાંના પ્રત્યેકને એક પછી એક લઈને કેન્દ્રસ્થ સત્તાની સાથે સુગ્રથિત કરવું પડશે. એક સાહજિક સ્ફુરણ સાથે તમે ભગવાનને અર્પિત થઈ શકો છો; પરંતુ આ સુગ્રથન વગર અસરકારક રીતે તેમ થવું શકય નથી. જેમ જેમ તમે એકસૂત્રમાં સુગ્રથિત થતા જશો, તેમ તેમ તમારા સ્વાર્પણને ઉપલબ્ધ કરતા જશો. અને એક વાર આત્મનિવેદન પરિપૂર્ણ થયું કે તરત સમર્પણ ફલિત થશે. ઉપલબ્ધિની સમગ્ર પ્રક્રિયાનું એ શિરોમણિ છે, ક્રમિક પરંપરાનું એ છેલ્લું સોપાન છે. ત્યાર પછી કોઈ મુશ્કેલી નડશે નહીં, બધું જ સીધેસીધું ચાલશે. પરંતુ તમારે ભૂલવું ન જોઈએ કે તમે એકાએક પૂર્ણપણે સમર્પિત થઈ શકશો નહીં. એકાદ બે દિવસ માટે અમુક પ્રકારનું પ્રબળ સ્ફુરણ થઈ આવે, એટલે આ પ્રકારની માન્યતાથી તમે ભરમાઈ જાઓ છો. તમારામાં એવી આશા બંધાય છે કે આ પ્રકારની જાગૃતિ પછી બીજું

બધું આપોઆપ થઈ આવશે. પરંતુ હકીકતમાં તમે સહેજ પણ આત્મતુષ્ટ થયા કે તમારી પોતાની પ્રગતિ જોખમાશે. કારણ કે, તમારું અસ્તિત્વ એકબીજાની સાથે ઝઘડતી અસંખ્ય વૃત્તિઓનું બનેલું છે,—એને તમે ભિન્ન ભિન્ન વ્યક્તિત્વો પણ કૂહી શકો છો. એમાંની એક વૃત્તિ (કે વ્યક્તિત્વનું પાસું) જ્યારે ભગવાનને શરણે જાય છે, ત્યારે બીજી વૃત્તિઓ તરી આવે છે અને પોતાની વફાદારીને નકારે છે. તેમનો પોકાર ઊઠે છે, "અમે અમારી જાતને સમર્પિત કરી નથી"; અને પછી પોતાની સ્વતંત્રતાને માટે, અભિવ્યકિતને માટે શોરબકોર કરી મૂકે છે. પછી તમે તેમને શાંત થવાનું જણાવો છો, તેમને સત્યનો નિર્દેશ કરો છો. તમારી સમગ્ર સત્તાની આસપાસ તમારે ધીરજપૂર્વક ફરવું જોઈશે, ખૂણેખાંચરે શોધખોળ કરવી જોઈશે, સપાટી પર આવવાની મનોવૈજ્ઞાનિક પળની રાહ જોતાં તમારામાં રહેલાં અંધાધૂંધી ભરેલાં તત્ત્વોનો સામનો કરવો પડશે. અને પછી જ્યારે તમારી માનસિક, પ્રાણિક અને શારીરિક પ્રકૃતિની આસપાસ સમગ્રતયા જવાનું પૂરું કર્યું હશે, ભગવાનને શરણે જવાનું પ્રત્યેક તત્ત્વને આગ્રહપૂર્વક સમજાવ્યું હશે, અને આમ એક નિરપેક્ષ એકસૂત્ર સમર્પણ પ્રાપ્ત કર્યું હશે, — ત્યારે તમારી મુશ્કેલીઓનો અંત આવી ગયો હશે. પછી, ખરેખર, રૂપાંતર ભણી તમારું ભવ્ય પ્રસ્થાન થશે; હવે તમે અંધકારમાંથી જ્ઞાન ભણી નહિ, પણ જ્ઞાનમાંથી જ્ઞાન ભણી, પ્રકાશમાંથી પ્રકાશ ભણી, સુખમાંથી સુખ ભણી પ્રસ્થાન કરશો..... પરિપૂર્ણ સમર્પણ નિઃશંક કોઈ સહેલી વાત નથી. તમારે પોતાને તમારા સ્વતંત્ર પ્રયત્નથી તેમ બધું જ કરવાનું હોય તો લગભગ અચોક્કસ સમય લાગી જાય. પણ જ્યારે ભગવાનની કૃપા તમારી સાથે હોય ત્યારે તે પ્રમાણે નિશ્ચિતરૂપે ન બને. વારંવાર ભગવાન તરફથી થતા ધક્કાને લઈને, કોઈ વાર આ દિશામાં તો કોઈ વાર અન્ય દિશામાં ધકકેલાતાં કાર્ય પ્રમાણમાં ઘણાં સરળ થઈ જાય છે. અલબત્ત, સમયનો ગાળો વ્યકિતએ વ્યકિતએ આધાર રાખતો હોય છે, પણ તમે જો દૃઢ સંકલ્પ કરો તો તે ગાળો ઘણો ટૂંકાવી શકાય. ખાસ જરૂર છે સંકલ્પની, અને એ જ છે માસ્ટર કૂંચી.

ત્યાગ

પુસ્તકોમાં ત્યાગને વિષે ઘણું કહેવાયું છે,— તમારી માલિકીની વસ્તુઓને ત્યજવી જોઈએ, આસક્તિ ત્યજવી જોઈએ, ઇચ્છાઓ ત્યજવી જોઈએ. પરંતુ હું એવા નિર્ણય પર આવી છું કે જ્યાં લગી તમારે કશુંક ત્યજવું પડતું હોય ત્યાં લગી તમે આ માર્ગ પર નથી; કારણ કે, જ્યાં લગી બધી વસ્તુઓ જેવી છે તેવી તમારામાં સઘળી રીતે આણગમો ઉત્પન્ન ન કરે, તેમનો અસ્વીકાર કરવામાં તમારે પ્રયત્ન કરવો પડે, ત્યાં લગી તમે અતિ માનસિક ઉપલબ્ધિને માટે તૈયાર નથી. જો તમને અધિમનસની રચનાઓ — એટલે કે તેણે જે જગતને ઘડ્યું છે તે અને ચાલુ વ્યવસ્થા જેને તે ટેકો આપે છે તે — હજુ પણ સંતોષ આપતી હોય, તો તમે પેલી ઉપલબ્ધિના ભાગીદાર નહિ બની શકો. ખરેખર તમને જ્યારે આવું જગત કંટાળાજનક, અસત્ય અને અસ્વીકાર્ય જણાય, ત્યારે જ તમે ચેતનાના પરિવર્તનને લાયક થઈ શકો. એટલા માટે હું ત્યાગના વિચારને કાંઈ મહત્ત્વ આપતી નથી. ત્યજવું એટલે જેનું તમે મૂલ્ય આંકો છો તેને છોડી દેવું, તમને જે રાખવા જેવું લાગે તેને નકારી કાઢવું. આથી ઊલટી રીતે, તમને એમ લાગવું જોઈએ કે આ દુનિયા કઢંગી છે, મૂર્ખ છે, પાશવી છે, અસહ્ય યાતનાઓની ભરેલી છે; અને એક વાર તમને આમ જણાય કે પછી બધી ભૌતિક અને પાર્થિવ ચેતના, જેને આમ થવું ગમતું નથી હોતું, તેને તેમાં પરિવર્તન થાય તે ગમશે; અને પછી એ કહેશે : "મારે કાંઈક બીજું જોઈએ, કાંઈક સાચું જોઈએ, — સુંદર, આનંદસભર, જ્ઞાન અને ચેતનાવાળું જોઈએ !" અહીં તો બધું અંધારા અવચેતનાના સમુદ્રમાં તરતું છે. પરંતુ જ્યારે તમને તમારી પૂર્ણ ઇચ્છાથી, સર્વ સંકલ્પોથી, સઘળી અભીપ્સા અને ઉત્કટતાથી ભગવાન જોઈશે, ત્યારે તે જરૂર આવશે. પરંતુ આ માત્ર દુનિયાને સુધારવાની વાત નથી. એવા ઘણા છે જેઓ સરકાર બદલવા, સામાજિક સુધારા કરવા અને લોકોપયોગી કામો કરવા શોરબકોર મચાવે છે; તેઓ એમ માને છે કે તેમ કરવાથી દુનિયા છે તેથી સારી થઈ જશે. આપણે તો જોઈએ એક નવું જગત, એક સાચું જગત, જે ઋતચેતનાની અભિવ્યક્તિવાળું હોય. અને એમ થશે જ, થવું જ જોઈએ — અને જેટલું વહેલું તેટલું સારું !

પરંતુ આ માત્ર એક વ્યક્તિલક્ષી પરિવર્તન ન હોય. સમગ્ર ભૌતિક જીવન પરિવર્તનને પામવું જોઈએ. પાર્થિવ જગત આપણામાં માત્ર ચેતનાના

પરિવર્તનથી પર્યાપ્ત થતું નથી. તે વાસ્તવિક રીતે એમ જણાવે છે : "તમે આનંદમાં નિમગ્ન બનો છો, પ્રકાશમય થાઓ છો, તમને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. પણ એથી કાંઈ મારામાં ફેરફાર થતો નથી. હું એવું જ, એક નકારાગાર રહું છું!" પરિવર્તન પામેલી સમ્યક્ ચેતના તે હોય, જે દુનિયાની ભૌતિક પરિસ્થિતિને બદલે, તેને એક સંપૂર્ણ રીતની નવી સૃષ્ટિ બનાવે.

દૈહિક ચેતનામાં ભાગવત પ્રેમની અભીપ્સા

અહીં આ જે ફૂલ છે તેને આપણે "દૈહિક ચેતનામાં ભાગવત પ્રેમની અભીપ્સા" એ નામ આપ્યું છે. દૈહિકનો અર્થ દૈહિક ચેતના એમ કરવાનો છે. આ એક સામાન્ય બાહ્ય ચેતના છે, ઘણાખરા માનવીઓની સર્વસામાન્ય ચેતના છે. એ ચેતના કોઈ ઉચ્ચતર વસ્તુઓના કરતાં એશઆરામ, સારો ખોરાક, સારાં કપડાં, અનુકૂળ સંબંધો વગેરે માટે ઝંખતી હોય છે. ઉપરના મથાળાનો અર્થ એમ કરવાનો છે કે દૈહિક કે ભૌતિક ચેતના ભગવાન તેને કેવી રીતે ચાહે છે એ સિવાય અન્ય કોઈ લાગણી ધરાવતી નથી. તે એમ માને છે કે તેની રોજિંદી તૃપ્તિઓ બિલકુલ પૂરતી નથી. પણ આમાં કોઈ સમાધાન હોઈ શકે નહિ. જો ભૌતિક ચેતનાને ભગવાનનો પ્રેમ જોઈતો હોય તો તે જ એકમાત્ર હોઈ શકે. તેણે એમ નહિ કહેવું જોઈએ, "મારે ભગવાનનો પ્રેમ જોઈશે અને સાથે સાથે બીજી આસક્તિઓ, જરૂરિયાતો, ઉપભોગો ચાલુ રાખવા પડશે..."

અભીપ્સાનું ભૌતિક કેન્દ્ર જ્યાંથી તે સત્તાના એક ભાગમાં કે અન્ય ભાગમાં પ્રસરે છે કે પ્રગટે છે તે ચૈત્ય કેન્દ્ર છે. જ્યારે હું તમને ભૌતિક ચેતનામાં અભીપ્સાની વાત કરું છું ત્યારે હું તમને તમારામાં રહેલી તે જ એક ચેતનાની વાત કરું છું જે ભૌતિક સુખસગવડ અને ક્ષેમકુશળને ઝંખતી હોય છે; તો મારે એમ કહેવાનું છે કે તમારી પ્રકૃતિના ઉચ્ચતર ભાગોના આગ્રહ વગર તમારે ભગવાનના પ્રેમની જ એકમાત્ર માગણી કરવી જોઈએ. સામાન્યતઃ તમારા ઉચ્ચતર અંશો દ્વારા તમારે તેમને પ્રકાશ ચીંધવો જોઈએ. અલબત્ત, આમ તમારે કર્યાં જ કરવું જોઈશે, નહિ તો દૈહિક ચેતના તે શીખશે નહીં; પોતે પોતાની મેળે તેમ કરે તે માટે તેને પ્રકૃતિએ નિર્ણિત કરેલા યુગયુગના ચક્કાવાના ફેરા ફરવા પડશે. હા, પ્રકૃતિનો આ ચક્કાવો તેને બધી પ્રકારના શક્ય સંતોષોને સમજાવવા માટે યોજાયો હોય છે; અને એમ બધા અભાવો સંતૃપ્ત થતાં તેને ખાત્રી કરાવવાની હોય છે કે તેમાંનો એક પણ તેને સંતોષી શકે તેમ નથી અને પોતે ઊંડાણમાંથી જેને શોધી રહી છે તે ભગવાનની ઝંખના હોય છે. યોગમાં આપણે પ્રકૃતિની આ ધીરી પ્રક્રિયાને વેગ આપીએ છીએ, ભૌતિક ચેતના આ સત્યને પીછાને, ઓળખે અને ચાહે તેનો આગ્રહ રાખીએ છીએ. પરંતુ તેને એ સત્ય કેવી રીતે સમજાવવું ? જુઓ, આપણે જેમ અંધારા ઓરડામાં પ્રકાશ લાવીએ

છીએ તેમ. તમારા વધુ સંસ્કારી ભાગોની આંતરસૂઝ અને અભીપ્સા વડે તમારી ભૌતિક ચેતનાના અંધકારને ઉજાળો અને એમ કર્યા કરો. અને પછી એક વાર તેને સમજાઈ જશે કે હલકા પ્રકારની સામાન્ય વસ્તુઓ માટેની તેની ભૂખ કેટલી વ્યર્થ અને સંતોષી ન શકે તેવી હતી. અને પછી આપમેળે સત્યની ભણી તે વળશે. આમ થયું કે તમારું જીવન પરિવર્તનને પામશે અને એ અનુભૂતિ અચૂક હશે.

જ્યારે નાનપણમાં મારી બાની પાસે ખોરાક કે એવી કોઈ નાના બાબતની ફરિયાદ કરતી, ત્યારે તે હંમેશાં કહેતી કે "જા તારું કામ કર; નાની નાની વાતોમાં પડયા વગર તારો અભ્યાસ કર." હું સુખસગવડો માટે જન્મી છું કે શું એવી આત્મસંતુષ્ટિ તરફ આંગળી ચીંધીને જણાવતી : "ઊંચામાં ઊંચો આદર્શ ઉપલબ્ધ કરવા તું જન્મી છું" એમ કહીને મને વિદાય કરતી. તે સાચી હતી, — જોકે આપણાં અત્યારનાં ધોરણોની સરખામણીમાં તે પૂરતો ન હતો. આપણે સૌ સર્વોત્તમ આદર્શને માટે જન્મ્યાં છીએ; અને તેથી કરીને આપણા આક્રામમાં જ્યારે જ્યારે વધુ સુખસગવડ કે ભૌતિક સુખની નાની નાની માગણીઓને નકારવામાં આવે છે, ત્યારે ત્યારે તે તમારા હિતમાં હોય છે; તમે જે માટે અહીં છો તે તમે સાર્થક કરી શકો એ હેતુથી હોય છે. એ ખરેખર તો એક નક્કર અનુગ્રહ છે; કારણ કે, તમે એક સર્વોચ્ચ ધ્યેયની ખાતર ખડા રહી શકો અને તેને આધારે તમારું ઘડતર થાય, તેને લાયક ગણાઓ છો.

છોડમાં અભીપ્સા

તમે કદાપિ અરણ્યને તેનાં અસંખ્ય વૃક્ષો અને છોડવાઓની સાથે પ્રકાશની એકમાત્ર ઝંખના કરતું ઝઝૂમતું જોયું છે? સૂર્યના પ્રકાશને ઝીલવા માટે તે કેવું સેંકડો રીતે વળી વળીને પ્રયત્ન કરી રહ્યું હોય છે? સ્થૂળમાં અભીપ્સાની જે ઉત્કટતા હોય છે તે બરાબર આવી હોય છે, — પ્રકાશ માટેની ધગશ, ગતિવિધિ, જેસ્સો. માણસોના કરતાં છોડવાઓની સ્થૂળ સત્તામાં તે વધારે જણાઈ આવે છે. તેમનું સમગ્ર જીવન પ્રકાશની પૂજા બની રહે છે. અલબત્ત, પ્રકાશ દિવ્યનું સ્થૂળ પ્રતીક છે અને સૂર્ય આપણી ભૌતિક પરિસ્થિતિમાં પરમ ચેતનાનો પ્રતિનિધિ છે. છોડવાઓ પોતાની સીધીસાદી અંધ રીતે આને સ્પષ્ટ રીતે પામ્યા હોય છે. તમારામાં જો સૂઝ હશે તો તેમની આ ઉત્કટ અભીપ્સા અનુભવી શકશો. ભૌતિક સ્તરની દૃષ્ટિએ જોતાં તેઓ મારી હાજરી પ્રત્યે ખુલ્લા હોય છે. મનુષ્યના કરતાં ચેતનાની અવસ્થાનો સંચાર તેમનામાં હું વધુ સહેલાઈથી કરી શકું છું. તે એક ઝીલવાને ઉત્સુક સૃષ્ટિ છે. જોકે તેનામાં મનનો અભાવ હોવાને કારણે તે પોતાની અનુભૂતિની રચના કરી શકતી નથી. પરંતુ એક શુદ્ધ ચૈતસિક ચેતના તેને માટે સહજ હોય છે. એટલે, તમે જ્યારે મને ફૂલ અર્પણ કરો છો ત્યારે તેમની સ્થિતિ પ્રાયઃ તમારી સ્થિતિની સૂચક બની રહે છે. કેટલાક એવા માણસો હોય છે જેઓ મને તાજું પુષ્પ અર્પી શકવા કદાપિ સફળ થતા નથી; કદાચ એ ફૂલ તાજું ખીલેલું હોય તો તેમના હાથમાં તે ઢીલું થઈને લચી પડે છે. વળી કેટલાક હમેશાં તાજાં પુષ્પો આણે છે, કરમાઈ જતાંને પુનઃ તાજગી બક્ષે છે. જો તમારી અભીપ્સા પ્રબળ હશે તો તમારું પુષ્પાર્પણ તાજગીભરેલું હશે. અને જો તમે સ્વીકારક્ષમ હશો તો જે ફૂલો તમને હું આપું છું તેમાં મૂકેલો મારો સંદેશ તમે સહેલાઈથી આત્મસાત્ કરી શકશો. તમને જ્યારે હું ફૂલ આપું છું ત્યારે ચેતનાની ભૂમિકાઓ આપું છું, ફૂલ માત્ર તેમાં માધ્યમ બની રહે છે. એ અસરકારક બને છે કે નહીં એ તમારી સ્વીકારક્ષમતા પર નિર્ભર રહે છે.

દિવ્ય ચેતના અને તપસ્ સાથે ઐકય

જે શકિત અજ્ઞાનમાં એકાકાર થઈ ગઈ હતી તે જયારે પ્રાણમય કામનાઓનું સ્વરૂપ લે છે, ત્યારે તે એ જ શકિત છે, જે તેના શુદ્ધ સ્વરૂપમાં રૂપાન્તર ભણી પ્રેરે છે, પ્રગતિને પ્રોત્સાહિત કરે છે. એટલે તમારે સાથે સાથે મુકતપણે કામનાઓને તૃપ્ત કરતાં ચેતવું જોઈએ. એ કેટલીક જરૂરિયાતો છે જેમને સંતોષવી રહી એમ વિચારવું જોઈએ અને પ્રાણશકિતને એક સાચેસાચ અનિષ્ટ છે એમ માનીને એનો અસ્વીકાર કરવો જોઈએ. તમારે તમારાં બારીબારણાં દિવ્યતા પ્રત્યે ખોલી દેવાં જોઈએ, એ એક કર્તવ્ય થઈ પડે છે. જે ક્ષણે તમે કંઈક છુપાવ્યું તે વખતે સીધેસીધા તમે જૂઠાણામાં પગ મૂકો છો. તમે કરેલો નાનામાં નાનો વિરોધ તરત જ નીચે આવેલી અવચેતનામાં તમને ધકેલી દે છે. તમારે પૂરેપૂરા સચેતન રહેવું હોય તો સત્યને હમેશાં તમારી **સમક્ષ** રાખો, સંપૂર્ણ ખુલ્લા થઈ જાઓ, તમારા અંતરના ઊંડાણમાં તેની નજર જાય એને માટે બનતો સઘળો પ્રયાસ કરો, તમારી સત્તાના ખૂણેખાંચરે તેની દૃષ્ટિ જવા દો. આ એકમાત્ર વસ્તુ જ તમારામાં પ્રકાશ આણશે, ચેતના અર્પશે અને જે કંઈ સારામાં સારું હશે તે બનશે, સંપૂર્ણપણે વિનયી થાઓ; અર્થાત, તમે જે કાંઈ છો અને જે થવાનું છે તેના અંતરને જાણો. તમારામાં રહેલી સ્થૂળ ભૌતિક માન્યતા કે જયારે તે કંઈ જાણતી નથી ત્યારે જાણે છે એમ વિચારે છે, જયારે કોઈ ન્યાય કરે એમ માને છે ત્યારે તેમ કરી શકતી નથી,— તેને એમ વિચારવા ન દો. ભગવાનને હૃદયપૂર્વક પોતાને અર્પી દેવી એ વિનય સૂચવે છે; મદદ માટે પોકાર કરવો, પોતાનું નિવેદન કરીને મનને સંપૂર્ણ શાંતિ આપનારી જવાબદારીમાંથી મુકિત લઈને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાં. ભગવાનની ચેતના અને ભગવાનની ઇચ્છાશકિતની સાથે ઐકય પામવાની આશા અન્ય કોઈ રીતે શકય નથી. અલબત્ત, તમે કયે માર્ગે ભગવાન પ્રત્યે વળો છો એના પર આનો આધાર છે : તમારું ઐકય મુખ્યત્વે ચેતનાની સાથે છે કે ઇચ્છાશકિતની સાથે. અમે જો અંતરનાં ઊંડાણમાં ચાલ્યા જશો તો સ્વાભાવિક રીતે આગળ જણાવ્યો તે માર્ગ પ્રથમ આવશે, અને જો તમે વૈશ્વિક ગતિવિધિની રીતે દૃષ્ટિબિંદુ રાખશો, તો બીજો માર્ગ પ્રથમ ઉપલબ્ધ થશે. પરંતુ આ રીતે કોઈ ચોખ્ખેચોખ્ખું સામાન્યીકરણ કરવું શકય નથી; કારણ કે સાધના એક મુલાયમ અને પ્રવાહી વસ્તુ છે. અંને વળી દિવ્ય ચેતના અને ઇચ્છાશકિત એકબીજાની સાથે

નિકટ ભાવે સંકળાયેલાં છે. એ એક સત્‌તાનાં બે પાસાં છે. અને સાથે સાથે તમારે એ પણ નોંધવું જોઈએ કે તમારા વિચાર કે કર્મનું માત્ર બહારનું સરખાપણું આ ઐકય સધાયું છે એમ પુરવાર કરતું નથી. આવી બધી સાબિતીઓ ઉપરછલ્લી હોય છે. કારણ કે, સાચું ઐકય એટલે સમગ્ર પરિવર્તન, તમારી સામાન્ય ચેતનાની સર્વાંગીણ ઊલટાસૂલટી. તમારા મનમાં રહો આમ ન થઈ શકે, અથવા તો તમારી સૂઝની સામાન્ય અવસ્થામા તે શકય ન બને. તમારે તેમાંથી શુદ્ધ રીતે પાર પડી જવું જોઈએ, અને તો અને ત્યારે જ દિવ્ય ચેતનાની સાથેનું ઐકય પામી શકો. એક વાર સાચેસાચ આ ઐકય અનુભવાયું, પછી તમારા વિચાર કે કાર્યની સરખામણીથી મારી સાથે તેને પુરવાર કરવા વિચારવું એ હાસ્યાસ્પદ જણાશે. વર્ષો લગી એક જ ઘરમાં સાથે રહેતા અથવા તો રોજબરોજના સંપર્કને લઈને નિકટ આવતા લોકો એક પ્રકારનું સામાન્ય મન કેળવે છે; તેમનાં વિચાર અને કાર્ય સરખાં સરખાં હોય છે. પરંતુ માત્ર આવા માનસિક સંસર્ગને લઈને દિવ્ય હોવાનો ન કરી શકો, તમારી ચેતનાને સમૂળી પરિવર્તિત કરવામાં તમારી સંમતિ જોઈએ ! આ પ્રકારના ઐકયની અસલ નિશાની એ છે કે તમારી ચેતના એક જ પ્રકારની છે, દિવ્યની માફક જ એનું કાર્ય થઈ રહ્યું હોય છે; જ્ઞાનના એક જ અતિમાનસિક મૂળમાંથી તે ઉદ્‌ભવે છે. તમે બહારના ક્ષેત્રમાં કેટલીક વાર દિવ્યની માફક વર્તો છો એ એક આકસ્મિક મેળ સિવાય બીજું કાંઈ નથી હોતું; અને આવી સરખામણીઓથી ઐકયને પુરવાર કરી બતાવવું તે એક નાની અમથી વાતથી બહુ મોટી વાતને સાબિત કરવાના પ્રયત્ન જેવું છે ! સાચી કસોટી છે તમે જે કાંઈ કરો તેમાં દિવ્ય ચેતનાનો સીધેસીધો અનુભવ. તે કસોટી અભ્રાંત છે, કારણ કે તે તમારી સત્‌તાનું પૂરેપૂરું પરિવર્તન કરે છે. દેખીતી રીતે, તમે દિવ્ય ચેતનામાં એકાએક દૃઢમૂળ ન થઈ શકો; પરંતુ તે તમારામાં સ્થપાય તે પહેલાં પણ તમને કોઈ કોઈ વાર તેનો અનુભવ થઈ શકે. દિવ્ય ચેતના આવે ને જાય, પણ જ્યાં લગી તે ઐકય ટકે ત્યાં લગી તમે જાણે કે કંઈક બીજા જ લાગો ! આખું જગત એક નવીન આકાર ધારણ કરશે, તમે પોતે, તમારું વસ્તુઓ પ્રત્યેનું દૃષ્ટિબિંદુ અને તેનું દર્શન બિલકુલ બદલાઈ જશે. જ્યાં લગી આ અનુભવનો અભાવ હોય ત્યાં લગી સાબિતીઓ તરફ તમારું મન વળે : સાબિતીઓ અને પરિણામો ગૌણ હોય છે. આ ઐકયનો મુખ્યત્વે અર્થ એમ થાય કે તમારી ચેતનામાં એક માનવના કરતાં તમે વધુ જાણો છો. જો એક શાંત, શુદ્ધ અને ગ્રહણશીલ મનની પ્રાપ્તિને લઈને મારી ધારણાઓ મુજબ તમે વિચારી અને કાર્ય કરી શકતા હો તો તે એક સારી વાત ગણાય. પરંતુ અંતિમ લક્ષ્યને માટેના માર્ગે જવાના એક પગલાની બાબતમાં તમારી ગેરસમજ ન થાય તે જોવું જોઈએ. કારણ કે, એક ભાવાત્મક ઐકય અને માનસિક ગ્રહણ-

શીલતાની વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે તમારે શું કરવાનું છે એની મારી માગણીને મારે વ્યવસ્થિત રૂપ આપવું પડે છે, અને પછી એ સૂત્રને તમારા શુદ્ધ અને શાંત મનની અંદર મૂકવું પડે છે, જ્યારે ખરેખર ઐકયની બાબતમાં મારે એવી વ્યવસ્થિત રૂપ આપવાની બિલકુલ જરૂર નથી હોતી. તમારામાં આવશ્યક સત્ય-ચેતના સહેજ સંચારિત કરી દઉં છું અને બીજું બધું આપમેળે થઈ જાય છે; કારણ કે, પછી હું પોતે જ તમારામાં હોઉં છું..... હું ભારપૂર્વક કહું છું કે આ બધું સમજવામાં તમને ચોક્કસ મુશ્કેલી જણાશે; એ અનુભવ લગભગ અવર્ણનીય છે. તેમ છતાં દિવ્ય તપસ્‌ની સાથે કોઈની ઇચ્છાશકિતનું ઐકય કલ્પવામાં ઓછી મુશ્કેલી જણાશે, કારણ કે, કોઈ પણ સંઘર્ષ વગર એક ઇચ્છાશકિત અસરકારક રીતે સર્વત્ર વિજયી બનીને આવિર્ભાવ પામી શકે એ તમે કલ્પી શકો છો. અને તમારી ઇચ્છાશકિત જો, બધીય રીતે તેની સાથે એક થવા વળે, તો પછી ઐકયને મળતું કંઈક થઈ આવે. અર્થાત્‌, તમે તમારી અળગી ઇચ્છાશકિત ગુમાવો છો, તમારું અંત:સત્ત્વ સ્વાભાવિક રીતે દિવ્ય આદેશને ચરિતાર્થ કરવા ઝંખી રહ્યું છે, પરમ ઇચ્છાશકિત શી છે તે જાણ્યા વગર પણ દિવ્ય જે ઇચ્છે તેવું તમે બરાબર ઇચ્છો છો. પણ આનો અર્થ એ થાય કે ઉપરના ઉચ્ચતર માર્ગદર્શનના અસંદિગ્ધ સ્વીકાર. તમારામાં જે શકિત પ્રાણિક ઇચ્છામાં વિકૃતિને પામી છે, પરંતુ મૂળમાં જે સાક્ષાત્કાર પ્રત્યેની એક પ્રેરણા છે, તે દિવ્ય ઇચ્છાશકિતની સાથે મુકત થઈ જવી જોઈએ, જેથી કરીને સાગરની સાથે જેમ પાણીનું બિંદુ મળે તેમ તમારી સઘળી સંકલ્પશકિત તેની સાથે ભળી જાય. પછી તેની નિર્બળતાઓ, તેની ત્રુટિઓ રહેશે નહીં,— દિવ્ય તપસ્‌નો પરમ ગુણ, સર્વશકિતમત્તા, હમેશનો બની રહેશે.

તિતિક્ષા–પ્રશંસા માટે પ્રાણની ભૂખ–
રૂપાન્તર પામેલા પ્રાણની નિશાનીઓ

તિતિક્ષા તમારો ચેતવણી પ્રેરતો શબ્દ બનો. તમારામાં જે જીવનશક્તિ છે— એટલે કે તમારી પ્રાણમય સત્‌તા—, તેને ફરિયાદ કરતાં થોભવાનું જણાવો. એક મહાન સિદ્ધિને માટે જે કોઈ શરતો જરૂરી હોય તે સઘળી સહી લો. શરીર ખૂબ તિતિક્ષા કરનારો નોકર છે, એક ભાર વહન કરનારા પશુની જેમ બોલ્યાચાલ્યા વગર તે સંજોગોના દબાણને સહી લે છે. એ તો પ્રાણિક સત્ત્વ જ એવું છે કે જે કચવાટ કરે છે, બેચેન બને છે. તે ભૌતિક દેહને ગુલામ ગણીને જે ત્રાસ ગુજારે છે એનો હિસાબ નથી. બિચારા શરીરને પોતાનાં ધૂન અને તરંગને વશ વર્તવા તે કેવું મચડે છે, વિકૃત બનાવે છે ! પોતાના તરંગીપણા પ્રમાણે બધાને આકાર અપાવો જોઈએ એવી બુદ્ધિહીન માગણીઓ કરે છે ! પરંતુ તિતિક્ષાનું સારતત્ત્વ એ છે કે પ્રાણે પોતાની મનમોજી રુચિઓ અને અરુચિઓને ત્યજી દેતાં શીખવું જોઈએ, અને ભલભલી કસોટી કાળની પરિસ્થિતિની વચ્ચે સમતા જાળવી રાખવી જોઈએ. જ્યારે તમારી સામે કોઈ ગેરવર્તન કરે કે તમારી તકલીફમાંથી છુટકારો મળે એથી કોઈ વસ્તુનો તમારામાં અભાવ હોય, ત્યારે વિક્ષિપ્ત થવાને બદલે તમારે ખુશમિજાજ થતાં શીખવું જોઈએ. તમને કશું જ વિક્ષુબ્ધ કરો નહિ; અને જ્યારે જ્યારે પ્રાણ પોતાના નાના નાના કચવાટોને મોટું રૂપ આપીને વરાળ કાઢવા વળ ચઢાવે, ત્યારે ત્યારે થોભી જાઓ અને વિચારો કે આ દુનિયામાં ઘણાય દુ:ખી છે અને તેમની સરખામણીમાં તમે કેવા સુખી છો. ગયા વિશ્વયુદ્ધમાં સૈનિકોને જે યાતનાઓમાંથી પસાર થવું પડ્યું હતું તે વિષે પળભર ચિંતન કરો. એવી યાતનાઓ તમારે સહેવી પડી હોત તો તમારા અસંતોષોની મૂર્ખામી તમને સમજાઈ જાત. તેમ છતાં એવી મુશ્કેલીઓને તમારે ભેટવાનું થાય એમ હું ઇચ્છતી નથી. મારે કહેવાનું એટલું જ છે કે તમારા જીવનમાં નડતી નાની ક્ષુલ્લક વિપત્તિઓ સહન કરતાં શીખો.

સહન કર્યા વગર કોઈ જ મહાન કાર્ય સાંપડતું નથી. તમે જો મહાન પુરુષોનાં જીવનનો અભ્યાસ કરશો તો તમને જણાશે કે પ્રાણની નબળાઈઓની સામે એક ચકમકની માફક તેઓ કેવા કૂર બન્યા હતા. આજે પણ આપણી

સભ્યતાનો અર્થ પ્રાણની સહનશીલતા દ્વારા ભૌતિક પર પ્રભુત્વ મેળવવું એ છે. ખેલદિલીની ભાવના, પરાક્રમ અને વિપત્તિઓનો હિંમતથી સામનો કરવો, જે જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં જણાય છે, તે આ સહનશીલતાના આદર્શનો ભાગ છે. ખુદ વિજ્ઞાનમાં પણ સિદ્ધિ મળતા પહેલાં જે અસંખ્ય મુશ્કેલ કસોટીઓ અને પરીક્ષાઓમાંથી પસાર થવું પડે છે તેના પર પ્રગતિ નિર્ભર છે. ચોક્કસ, આપણા આશ્રામમાં જે મહાન કાર્ય આપણે હાથ ધર્યું છે તેમાં એથી ઓછી તિતિક્ષાની જરૂર નથી. તમારે કરવાનું એ છે કે જેવો પ્રાણ માથું ઊંચું કરે તેવી તમારે તેને શિક્ષા કરવાની છે; કારણ કે, દેહની બાબતમાં વિચાર કરવો સયુક્તિક છે, તેને માટે ચોકસાઈ પણ રાખવી જોઈએ. પણ પ્રાણને તિપે તો એક જ પદ્ધતિ છે અને તે છે બરાબર, "ઠેકાણે પાડી દેવો." જેવો ફરિયાદ કરે કે તરત લગાવી દો. કારણ કે, પ્રકાશ અને સત્યની માગણી કરવાને બદલે રોજગરોજની સગવડો અને સામાજિક સુવિધાઓ પ્રત્યે ઘણું બધું મહત્ત્વ દર્શાવતી નાનકડી ચેતનામાંથી તેને બહાર આણવાનો અન્ય કોઈ રસ્તો નથી.

પ્રાણની એક સૌથી સામાન્ય માગણી પ્રશંસાની છે. તેની ટીકા થાય અને જાણે કે તેનું કંઈ જ મહત્ત્વ નથી એમ તેના પ્રત્યે વર્તાવ થાય, તેને તે ધિક્કારે છે. પરંતુ તેણે ધૂત્કારની સામે તૈયાર રહેવું જોઈએ, ખૂબ શાંતિથી વેઠી લેવું પડશે. તેથી ઊલટું, શાબાશી પ્રત્યે એણે ધ્યાન આપવું ન જોઈએ; તેણે ભૂલવું ન જોઈએ કે આત્મસંતોષની પ્રત્યેક ક્ષણ જૂઠાણાના સ્વામીઓની વેદી પર અર્પણ થયેલી આહુતિ છે. જેની સાથે આપણો પ્રાણ સંકળાયેલો છે, એવાં જીવનશક્તિની અદૃષ્ટ દુનિયાનાં સત્ત્વો, તેમના ભક્તોની પૂજા પર તાગડધિન્ના કરે છે; અને તેથી કરીને તે બધાં નવા સંપ્રદાયો અને પંથોને હંમેશાં અનુપ્રાણિત કરે છે, જેથી કરીને તેમની મિજબાનીઓ અને ચાપલૂસીનો અંત ન આવે. એ જ રીતે તમારું પોતાનું પ્રાણસત્ત્વ અને તેની પાછળ રહેલી પ્રાણની શક્તિઓ બીજાઓએ આપેલી ખુશામદને પચાવીને ફૂલેફાલે છે, અર્થાત્ તેમના અજ્ઞાનને ચરબી ચઢાવે છે. પણ તમારે યાદ રાખવું જોઈએ કે તમારી માફકના અજ્ઞાનના સમાન સ્તર પરથી જેઓ શાબાશી આપે છે તેનું કશું જ મૂલ્ય હોતું નથી; એ બધાં પેલી ટીકાઓના જેટલાં જ નકામાં છે. પછી ભલેને એ બધું ગમે તે દંભી મૂળમાંથી પ્રગટતું હોય, આખરે તે નિરર્થક છે, પોલું છે. તેમ છતાં, દુર્ભાગ્યે, પ્રાણ અત્યંત સડી ગયેલા ખોરાકને માટે પણ ઝંખે છે અને તે એટલો લોભી બની જાય છે કે સાક્ષાત્ બિન-અધિકારીની પ્રશંસાને સ્વીકારતો થઈ જાય છે. પૅરિસમાં એક વાર કલાપ્રદર્શનનો વાર્ષિક સમારંભ થયેલો તે મને યાદ આવે છે. પ્રજાતંત્રના

પ્રમુખ ચિત્રોનું નિરીક્ષણ કરવા આવે છે, બહુ આલંકારિક ભાષામાં એકને પ્રાકૃતિક દૃશ્ય અને અન્યને છબિચિત્ર તરીકે ઓળખાવે છે; ચિત્રકળાના ખૂબ ઊંડાણવાળા અત્યંત નિકટના જ્ઞાનના દમામથી પિષ્ટપેષણયુકત વિવરણ કરે છે. ચિત્રકારો બરાબર જાણે છે કે તેમનું વિવરણ કેટલું અસંગત છે; અને તેમ છતાં તેમની પ્રતિભાના પ્રમાણ તરીકે એ પ્રમુખનો ઉલ્લેખ કરવાની એક પણ તક તેઓ જતી કરતા નથી ! અને માનવજાતિમાં રહેલો પ્રાણ ખરેખર આવો છે,— યશનો ભૂખડ લિપ્સુ !

અને આમ છતાંય યથાર્થ મૂલ્યવાન છે સત્યનો અભિપ્રાય. જ્યારે કોઈ એક વ્યકિત દિવ્ય સત્યના સંપર્કમાં હોય અને તે તેને અભિવ્યકત કરે, ત્યારે જે અભિપ્રાયો આપે એ માત્ર અભિનંદન કે વિવેચનના હોતા નથી, પણ દિવ્ય તમારે વિષે શું ધારે છે તે હોય છે,— તમારી ગુણવત્તાનું જે તે મૂલ્યાંકન, તમારા પ્રયાસો પર એક અમોઘ મહોર. સત્યના શબ્દ વગર કોઈ પણ વાતને તમારે આદર-પાત્ર ન ગણવી જોઈએ; અને આમ તમારા ધોરણને ઊંચું રાખવા તમારામાં બળતા અગ્નિને ચેતતો રાખવો જોઈએ,— એ અગ્નિ કે જે રૂપાંતર માટેની આત્માની જ્વાળા છે. એ નોંધપાત્ર છે કે જ્યારે અગ્નિ ભભૂકી ઊઠે છે ત્યારે તમને પહેલાં જે સોંઘી પ્રશંસા સંતુષ્ટ કરતી હતી તે તરફ તમને તરત જ નફરત થાય છે, અને પછી સ્પષ્ટ સમજાય છે કે પ્રશંસા પ્રત્યેનો તમારો પ્રેમ અપરિણત પ્રકૃતિની એક નિમ્નગામી હિલચાલ હતી. તમારી સમક્ષ શકય સુધારણાનો કેવો વિશાળ પ્રદેશ વિસ્તરેલો છે તે તરફ અગ્નિ તમારી દૃષ્ટિને દોરે છે, તમારામાં હાલ પૂરતી કેટલી ન્યૂનતા છે તેનું એક તીવ્ર સંવેદન તમારામાં ચેતવે છે. બીજાઓ તમારા પર જે શ્લાઘા છૂટથી કરતા એ તમને એવો કંટાળો આપે છે કે જેમને તમે એક વાર મિત્ર તરીકે માન્યા હતા તે હવે લગભગ કડવા લાગે છે; અને એથી ઊલટું બધી પ્રકારનું વિવેચન સત્ય તરફની તમારી નમ્ર અભીપ્સાના આવકાર-પાત્ર બળતણ તરીકે આવે છે. બીજાઓના વિરોધોથી હવે તમે તેને અવસન્ન થતા નથી, અપમાનિત થતા નથી. કંઈ નહિ તો સહેલાઈથી તમે તેને અવગણવા શકિતમાન થાઓ છો; સૌથી વધુ તો એ છે કે તમારી વર્તમાન અપરિપકવ દશાના એક વધુ પ્રમાણ તરીકે તેની કદર કરી શકો છો. દિવ્યને શરણે જવાથી તમારી જાતને ઓળંગી જઈ શકો છો એ પ્રકારની તમારામાં ઉત્તેજના જાગે છે.

અગ્નિની અસરને લઈને તમારા પ્રાણના પરિવર્તનની એક બીજી નોંધપાત્ર નિશાની એ છે કે તમે સ્મિતપૂર્વક મુશ્કેલીઓનો અને અંતરાયોનો સામનો કરી શકો છો. કારણ કે, તમે તે સમયે ખાસ ઉપયોગી નથી એમ માનીને રાખ લગાવીને

બિલકુલ હારી જઈને તમારી ભૂલોનાં રોદણાં રડતા નથી. પ્રસન્નતાપૂર્વક તમે અવસાદને હાંકી કાઢો છો. સેંકડો ભૂલો તમને સતાવતી નથી, સ્મિત સાથે તમે ચૂકયા છો એ સમજાઈ જાય છે અને એ જ રીતે ભવિષ્યમાં મૂર્ખામી નહિ કરવાની પ્રતિજ્ઞા કરો છો. પેલી વિરોધી શકિતઓને લઈને તમારામાં અવસાદ અને શોક ઉદ્‌ભવે છે, તમારા પર ખિન્ન ભાવદશાની છાયા પાથરતાં તેઓ અત્યંત ખુશ થાય છે. અલબત્ત, વિનમ્રતા એક વસ્તુ છે, વિષાદ બીજી વસ્તુ છે; પ્રથમ, એક દિવ્ય આંદોલન છે, બીજી તામસિક શકિતઓની એક ઘણી કઢંગી અભિવ્યકિત છે. એટલા માટે, મુશ્કેલીઓનો આનંદપૂર્વક સામનો કરો, રૂપાંતરને માર્ગે નડતી અટકાયતોનો એકધારી પ્રસન્નતાથી વિરોધ કરો. શત્રુને ભગાડવાનું ઉત્તમ સાધન તેને જોઈને હસવું એ છે ! દિવસો સુધી તમે તેની સામે ઝઘડો, તેને લપેટમાં લો, અને તેમ છતાંય તેનો જુસ્સો લગીરે ઓછો ન જણાય; પણ એક વાર તેની સામે હસો અને જુઓ કે તે કેવો પલાયન કરી જાય છે ! આત્મશ્રદ્ધાયુકત એક હાસ્ય અને ભગવાનમાં શ્રદ્ધા એક અત્યંત છિન્નભિન્ન કરનારું આવશ્યક બળ છે; શત્રુની આગળની હરોળમાં તે ભંગાણ પાડે છે, સૈન્યમાં હાહાકાર મચાવે છે અને તમને વિજયીની અદાથી આગળ ધપાવે છે.

પરિવર્તન પામેલો પ્રાણ ઉપલબ્ધિની પ્રક્રિયામાં આનંદ પણ અનુભવે છે. એ પ્રક્રિયામાં સૂચિત સઘળી મુશ્કેલીઓને તે મજાથી સ્વીકારે છે. સત્યની ઝાંખી કરવામાં તેમ જ જૂઠાણાની રમત તેની નિમ્ન પ્રકૃતિમાં ખુલ્લી થતાં તેને જે સુખ મળે છે એવું કદાપિ મળ્યું હોતું નથી, તે યોગનો ભાર વહન કરતો હોતો નથી, પણ જાણે કે તે એક ખૂબ ખુશપૂર્વકનો વ્યવસાય હોય તેમ તેને મ્હાણે છે. રૂપાંતરની ક્રિયાની જો એક પરિસ્થિતિ હોય તો હિંમતપૂર્વક વધુમાં વધુ સહન કરવા તે તત્પર હોય છે. નહિ ફરિયાદ, નહિ બડબડાટ,—દિવ્યને ખાતર સહેવાનું છે એમ માનીને તે સુખ અનુભવે છે. તેનામાં દૃઢ પ્રતીતિ હોય છે કે વિજય થવાનો છે. શ્રી અરવિંદે પરિવર્તનનું જે ભવ્ય કાર્ય ઉપાડયું છે તે સફળતામાં પરિણત થવાનું છે. તેવી માન્યતામાંથી તે પળ માટે પણ વિચલિત થતો નથી કારણ કે, તે એક ચોક્કસ હકીકત છે. આપણે જે કાર્ય હાથ ધર્યું છે તેના પરિણામ વિષે કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન નથી. એ માત્ર કોઈ એક પ્રયોગ નથી; પણ અતિમનસ-ચેતનાનું એક અનિવાર્ય પ્રકટીકરણ છે. રૂપાંતર પામેલા પ્રાણને વિજયનું ક્રાંતદર્શન હોય છે, પોતાની સંકલ્પશકિતને પ્રગતિ ભણી દોરી જાય છે, જે કદાપિ પીછેહઠ કરતી નથી. દિવ્યના વિજય વિષેની ખાત્રીમાંથી ઉદ્‌ભવતી શકિતનો તે પૂરેપૂરો અનુભવ કરે છે. તે હંમેશાં પોતામાં એ વિષે

સચેત હોય છે કે આવશ્યક બધું થઈ રહેશે. પોતાના શત્રુઓનો સામનો કરવાની અમોઘ તાકાત તેનામાં આવશે અને આખરે તેમના પર જીત મળશે, એની તેને ખાત્રી હોય છે. તેણે શા માટે નિરાશ થવું જોઈએ કે ફરિયાદ કરવી જોઈએ ? રૂપાંતર થઈને રહેવાનું છે, તેને કશું જ અટકાવી શકે તેમ નથી. સર્વજ્ઞનું ફરમાન કોઈ મિથ્યા કરી શકે તેમ નથી. માટે તમારાં અણવિશ્વાસ અને નબળાઈ ફેંકી દો, હિંમતપૂર્વક સહન કરવાનો હમણાં જ સંકલ્પ કરો. જ્યારે આ લાંબો લડત ચિરસ્થાયી વિજય તરફ વળાક લે, એવું એ મહાન દિવસનું આગમન હો.

જૂઠાણા પર વિજય

બિચારી માનવજાતિ પર અત્યારે જૂઠાણાના અધિપતિઓ પ્રાયઃ સંપૂર્ણ કાબૂ રાખી રહ્યા છે. માત્ર પ્રાણની નિમ્નતર તાકાત, તેનું નિમ્નતર પ્રાણમય સ્વરૂપ તો શું, પરંતુ માણસનું આખુંય મન તેમને સ્વીકારે છે. અસંખ્ય રીતે તેઓ પુજાય છે, કારણ કે તેમની લુચ્ચાઈમાં તેઓ ઘણા સૂક્ષ્મ હોય છે. તેઓ ભિન્ન ભિન્ન પ્રકારના પ્રલોભનકારી અંચળા હેઠળ પોતાનું લક્ષ્ય સાધે છે. પરિણામ એ આવે છે કે માણસો પોતાના જૂઠાણાને વળગી રહે છે, જાણે તે એક ખજાનો ન હોય ! જીવનની ઘણીખરી સુંદર વસ્તુઓના કરતાં પણ તેમના તરફ ઢળેલા રહે છે. તેની સહીસલામતી માટે સાશંક બનીને, પોતાના ઊંડાણમાં તેને જડી રાખવાની સંભાળ રાખે છે. પણ જ્યાં લગી તેને તેઓ બહાર આણીને ભગવાનને ચરણે નહિ ધરે ત્યાં લગી તેમને સાચું સુખ કદાપિ મળવાનું નથી.

ખરેખર, તેને માત્ર બહાર આણવાની ક્રિયા વડે પ્રકાશમાં ધરવાથી પોતે જ એક મહત્ત્વનું પરિવર્તન બની રહેશે અને અંતિમ વિજયનો માર્ગ મોકળો કરશે. કારણ કે, પ્રત્યેક જૂઠાણાને ખુલ્લું કરવું એ જ એક વિજય ગણાય; ભૂલની પ્રત્યેક કબૂલાત અંધકારના અધિપતિઓમાંના કોઈ એકનો વિધ્વંસ કરે છે. એ પ્રકારની કબૂલાત પોતાના પ્રત્યે પણ હોઈ શકે,—જો તે સંપૂર્ણપણે પ્રામાણિક હોય તો. થોડી વાર પછી ભુલાઈ જઈ શકે એવો તે સૂક્ષ્મ ખેદ ન હોવો જોઈએ. એવી ભૂલ ફરીથી થાય નહિ એવો અતૂટ સંકલ્પ કરવાની તાકાત વગરની એ ક્રિયા ન હોય. અથવા તો ગુરુમાં સદેહે વસેલા ભગવાનની સમક્ષ પણ એ કબૂલાત હોઈ શકે. ગુરુની સંનિધિમાં સીધેસીધી અંગત કબૂલાત હોવાને કારણે, તમારો સંકલ્પ તમારો પોતાનો રહેતો નથી; કારણ કે, તમે જો સહૃદય હો તો ભગવાનનો આદેશ તમારા પ્રત્યે વળે છે. હું તમને શું કહેવા માગું છું એ વિચારને સ્પષ્ટ કરવા પોંડીચેરીમાં જ્યારે હું શ્રી અરવિંદને પ્રથમ મળી ત્યારનો મારો અનુભવ જણાવું. હું ઊંડી એકાગ્રતામાં હતી. અતિમનસમાં વસ્તુઓને જોઈ રહી હતી. એ બધું થનાર હતું, પણ ગમે તે કારણે પ્રગટ થતું નહોતું. મેં જે જોયું તે શ્રી અરવિંદને જણાવ્યું અને એ પ્રગટ થશે કે નહિ તે

વિષે પૂછ્યું. તેમણે માત્ર કહ્યું : "હા." અને તરત જ મેં જોયું કે અતિમાનસિક સત્ય પૃથ્વીને સ્પર્શી રહ્યું છે અને એ ઉપલબ્ધ થવાની તૈયારીમાં હતું ! પહેલી જ વાર જે સાચું હોય તેને વાસ્તવિક કરવાની શક્તિનું મેં દર્શન કર્યું. અને એ જ શક્તિ એ સત્યને તમારામાં ઉપલબ્ધિ આણશે. અને પછી તમે હૃદયની પૂરી સચ્ચાઈથી કહેશો, "આ જૂઠાણાને મારે કાઢયે જ છૂટકો છે; અને તો જવાબ તમને "હા"માં મળી રહેશે."

યોગમાં મુશ્કેલીઓ

તમારી મુશ્કેલીનો પ્રકાર તમે જે વિજય મેળવવાના છો તેનું ઇંગિત કરે છે. એ વિજયને તમે યોગમાં દૃષ્ટાન્તરૂપ બનાવી શકશો. આમ ધારો કે તમારામાં નિરંતર સ્વાર્થીપણું હોય, તો ભાવિમાં વૈશ્વિક ઉપલબ્ધિ તમારી સૌથી વધુ આગળ પડતી પ્રાપ્તિ થશે તેનો નિર્દેશ કરે છે. અને જ્યારે સ્વાર્થીપણું હોય ત્યારે એ મુશ્કેલીને તેનાથી ઊલટા પ્રકારમાં પરિવર્તિત કરી શકવાની શક્તિ તમારામાં હોય છે; કેવળ વિશાળતાનો વિજય બની રહે છે.

જ્યારે તમારે કાંઈક ઉપલબ્ધ કરવાનું હોય છે, ત્યારે તમારામાં તે કાંઈકની વિરોધી વસ્તુની વિલક્ષણતા જોવામાં આવશે. એ ત્રુટિ, એ મુશ્કેલીનો સામનો કરતાં તમે કહેશો, "અરે, હું એના જેવો છું! કેવું ભયંકર છે!" પણ તમારે તે પરિસ્થિતિનું સત્ય જોવું જોઈશે. તમારી જાતને કહો: "મારી મુશ્કેલી સ્પષ્ટપણે જણાવે છે કે આખરે શાનું પ્રતિનિધિત્વ મારે કરવાનું છે. તેના સંપૂર્ણ નિષેધને પહોંચવું, બીજે છેડે આવેલા ગુણને પહોંચવું,— એ મારું લક્ષ્ય છે."

સામાન્ય જીવનમાં પણ આપણને કેટલીક વાર વિપરીતતાઓનો અનુભવ થાય છે. જે વ્યકિત ડરપોક હોય, સંજોગોની આગળ જેનામાં હિંમત ન હોય, તેનામાં સૌથી વધુ સહનશીલતા પુરવાર થાય છે!

જેનામાં ભગવાનની ખાતર અભીપ્સા હોય, તેનામાં જે મુશ્કેલી હમેશાં જણાય છે તે દ્વારા તેની વ્યકિતગત રીતે ભગવાનને પ્રાપ્ત કરશે. ભગવાનની ઉપલબ્ધિનો તેનો એક વિશિષ્ટ માર્ગ હોય છે.

વળી બીજી એક વાત પણ છે કે કોઈને સેંકડો મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હોય તો એનો એ અર્થ થાય કે તેને જબરદસ્ત ઉપલબ્ધિ થનાર છે; અલબત્ત, તેનામાં ધૈર્ય અને સહનશીલતા હોવાં જોઈએ. જો બધી ત્રુટિઓની વચ્ચે અગ્નિની અભીપ્સાભરી જ્યોત તેનામાં ચેતતી હોવી જોઈએ.

અને યાદ રાખો: સામાન્યતઃ તમારી મુશ્કેલીઓના પ્રમાણમાં ભગવાનનો અનુગ્રહ હોય છે.

પ્રાણનું રૂપાન્તર – પુનર્જન્મ અને વ્યક્તિગત પુનર્જીવન

પ્રાણ પરિવર્તન કરવામાં સંમતિ આપે એ ઘણું મહત્ત્વનું છે. તેણે રૂપાન્તરને સ્વીકારતાં શીખવું જોઈએ. પ્રાણને કોઈ પણ રીતે બદનામ કરવો ન જોઈએ; ખરું જોતાં, બધી શક્તિ, ગતિશીલતા અને ઉત્સાહ એને લઈને આવે છે. તેના વગર તમે શાંત હો, ડાહ્યા હો, અનાસક્ત હો, છતાં તમે કેવળ ગતિહીન અને સર્જનશક્તિવિહોણા રહેવાના. જ્યાં લગી પ્રાણ શક્તિને અનુપ્રાણિત કરે નહિ, ત્યાં લગી શરીર પથ્થરની માફક જડ રહેવાનું. પ્રાણને બાદ કરવામાં આવે તો તમે કંઈ જ ઉપલબ્ધ કરી શકો નહીં. પરંતુ એક પ્રાણવાન ઘોડાની માફક તે ઝાલ્યો ન રહે એ સંભવ છે; અને તેથી તેના પર સારું એવું નિયંત્રણ જરૂરી હોય છે. એ શક્તિશાળી પશુને રોકવા માટે તમારી લગામને તંગ રાખો, ચાબૂક તૈયાર રાખો. અલબત્ત, એક વાર પ્રાણ જો રૂપાંતર પામવા સંમત થાય, તો પછી તંગ લગામની કે તત્પર ચાબૂકની જરૂર નહિ રહે. પછી તમે તમારા લક્ષ્ય પ્રતિ સહેલાઈથી આગળ વધો, રસ્તે આવતી પ્રત્યેક મુશ્કેલીને હળવેથી ઓળંગી જાઓ. નહિ તો, કાં તો અટકાયતો પર તે ઠોક્કર ખાઈ જશે, કાં તો તેમને ઓળંગતાં મૂંઝાઈ જશે. માર્ગે જતાં આવી અટકાયતો ન હોત તો સારું થાત એમ વિચારવું નિરર્થક છે; એ બધું રમતનો એક ભાગ છે. તમે આ પૃથ્વી પરના જીવનમાં રહીને તેમનો સામનો ન કરી શકો, તેમને ઓળંગી જઈ ન શકો, તો અન્ય ભૂમિકાઓ પર અને બીજા જન્મોમાં તેના કરતાં સોગણી મોટી મુશ્કેલીઓને પાર કરવી પડે. ઉત્તમ માર્ગ એ છે કે તમારા મનને હમેશને માટે જાગ્રત કરો, આ શરીરમાં છો ત્યાં લગી તમારા પ્રાણને શરતમાં દોડતાં શીખવો; અને શક્ય બને તો જીતી જાઓ. જેમ કોઈ એક લૂંટારો પોતાના શિકારને જકડી રાખે અને એનો સાથીદાર એ શિકારની માલ-મિલકતને બળપૂર્વક દબાવી રાખે, એ પ્રકારનો ભાગ ભજવ્યા વગર જો તમારું ભૌતિક મન પોતાનું પુનર્ગઠન કરે અને પ્રાણને પરિવર્તન પામવામાં સહાયક થાય તો તમે જરૂર વિજય પામવાના.

મૃત્યુ પછીની તમારી સત્‌તાની ગતિનો આધાર અહીં પ્રાણનું રૂપાંતર થયું છે કે નહીં તેના પર છે. જો તમે માત્ર અવ્યવસ્થિત પ્રવૃત્તિઓનું એક મિશ્રાણ

હશો, તો, જ્યારે ચેતના દૂર ચાલી જતી હોય છે તેવા મૃત્યુને સમયે તમારામાં રહેલી ભિન્ન ભિન્ન વ્યકિતતાઓ છૂટી પડી જશે, પોતપોતાને યોગ્ય પરિસ્થિતિને શોધવા આમતેમ ધસારો કરશે. એકાદ ભાગ પોતાને હળતીમળતી કોઈ વ્યકિતમાં પ્રવેશશે, બીજો ભાગ કોઈ પ્રાણીમાં પણ પ્રવેશે, અને જે ભાગ દિવ્ય હાજરીમાં જીવંત રહ્યો હશે તે કેન્દ્રસ્થ ચૈત્ય પુરુષને વળગી રહેશે. પરંતુ જો તમે સુવ્યવસ્થિત હશો, એકમાત્ર વ્યકિતત્વમાં પરિવર્તન પામ્યા હશો, અને જો તમે ઉત્ક્રાન્તિના લક્ષ્ય ભણી જવા કટીબદ્ધ હશો, તો તમે મૃત્યુ પછી સચેત રહેશો, તમારું સાતત્ય જળવાઈ રહેશે.

પુનર્જન્મની બાબતમાં કહેવું જોઈએ કે બધા મુદ્દાઓમાં એક નિયમ લગાડી ન શકાય. કેટલાક લોકો ઘણેભાગે તરત જ પુનર્જન્મ લે છે,— માબાપની બાબતમાં ઘણી વાર એમ બને છે કે, જો બાળકો માબાપમાં ખૂબ આસકત હોય તો તેમનો એક ભાગ બાળકોમાં એકરૂપ બની જાય છે. અને વળી કેટલાક લોકોને સૈકાઓ, અગર તો હજારો વર્ષ પુનર્જન્મ લેતાં થાય છે. યોગ્ય વાતાવરણને ઉત્પન્ન થતાં લગી પરિપકવ થવાની જરૂરી પરિસ્થિતિની ઘણા લોકો રાહ જુએ છે. જો કોઈ વ્યકિત યોગની દૃષ્ટિએ જાગ્રત હોય તો પોતાના પછીના જન્મનું શરીર ખરેખર તૈયાર કરી શકે છે. શરીરનો જન્મ થતાં પહેલાં તે તેને આકાર આપે છે, તેને ઘડે છે. અને આને લઈને તે પોતાના શરીરનો ઘડવૈયો કહી શકાય, જ્યારે નવા બાળકનાં માબાપ માત્ર આકસ્મિક ભૌતિક કર્તા ગણાય.

અહીં મારે તમને પુનર્જન્મને વિષે એક સામાન્ય ગેરસમજને વિષે જણાવવું જોઈએ. લોકો એમ માને છે કે જેઓ પુનર્જન્મ પામે છે તે પોતે હોય છે, તેમ છતાં તે એક ચોખ્ખી ભૂલ છે; જો કે તેમની સત્તાના કેટલાક અંશો બીજાઓની સાથે સંમિશ્રિત થાય છે અને એ રીતે નવાં શરીરો દ્વારા કાર્ય કરે છે તે એક ખરી વાત છે. તેમની આખી સત્તા પુનર્જન્મ પામતી નથી હોતી, કારણ કે ખરી વાત એ છે કે જેને તેઓ "પોતાની જાત" (Self) તરીકે ઓળખાવે છે એ કોઈ ખરી વ્યકિતત્વ પામેલી સત્તા નથી હોતી. પરંતુ એ તેમની બાહ્ય વિશિષ્ટ વ્યકિત હોય છે. એ વ્યકિતત્વ બહારનાં નામ અને રૂપનું બનેલું હોય છે. એટલે અ, બ તરીકે જન્મ્યો છે એમ કહેવું ખોટું ગણાય. અ નામની વ્યકિત બ નામની વ્યકિતના કરતાં જૈવ ભાવે જુદી હોય છે અને તેથી બ તરીકે પુનર્જન્મ પામી છે તેમ કહી ન શકાય. તમે માત્ર એટલું જ સાચી રીતે કહી શકો કે ચેતનાની એક જ ધારા અ અને બને પોતાના પ્રગટીકરણનાં સાધનો તરીકે વાપરે છે. કારણ કે, જે નિરંતર રહે છે તે ચૈત્ય

સત્‌તા છે, અને એ બહારનું વ્યકિતત્વ ચોક્કસ નથી. એ એક અંદરના ઊંડાણની વસ્તુ હોય છે, બહારનાં નામ અને રૂપનું બનેલું હોતું નથી.

તમારે જાણવાની ઈચ્છા છે કે પોતાનાં શરીરનો વિલય થયા પછી સઘળા મનુષ્યો પોતપોતાની વિશિષ્ટ ઓળખ રાખે છે કે નહીં. વારુ, એને વિષે આમ કહી શકાય. સામાન્ય પ્રકારના માણસો પોતાનાં શરીરોની સાથે એટલું નિકટનું તાદાત્મ્ય રાખતા હોય છે કે જયારે તેમનો દેહ છૂટી જાય છે, ત્યારે તેમનું કશું જ પુનર્જીવન પામતું નથી. બિલકુલ રહેતું નથી એમ કહેતી નથી, — પ્રાણિક અને માનસિક પદાર્થ હમેશાં રહે છે, પણ એ કાંઈ દૈહિક વ્યકિતત્વની સાથે એક હોતાં નથી. જે કાંઈ રહે છે તેના પર બાહ્ય વ્યકિતત્વની સ્પષ્ટ છાપ નથી હોતી; કારણ કે, તેમનું બાહ્ય વ્યકિતત્વ વૃત્તિઓ અને ઈચ્છાઓનો ખીચડો હોવામાં સંતુષ્ટ જણાતું હતું. શરીરનાં કાર્યોનાં સંલગ્નતા અને સંયોજનને લઈને એક કામચલાઉ જૈવ એકતા સ્થપાય છે, અને જયારે આ કાર્યો બંધ થાય છે, ત્યારે તેમની છદ્મયુકત એકતા પણ સ્વાભાવિક રીતે સમાપ્ત થાય છે. એ તો જો જુદા જુદા અવયવો પર માનસિક નિયંત્રણ લાદવામાં આવ્યું હોય અને જો એક સમાન આદર્શનું અનુસેવન કરવાની ફરજ પાડવામાં આવી હોય, તો એક અસલી વ્યકિતત્વ જેવું કાંઈક બની શકે, જે પોતાના પાર્થિવ જીવનની સ્મૃતિ રાખતું હોય, અને આમ તે જાગ્રતભાવે પુનર્જીવિત થાય. કલાકાર, તત્ત્વ-જ્ઞાની અને બીજા વિકસિત મનુષ્યો જેમણે પોતાની પ્રાણિક સત્‌તાને સુવ્યવસ્થિત, વિશિષ્ટ વ્યકિતત્વસંપન્ન અને રૂપાંતરિત કરી હોય તેઓ પુનર્જીવિત થયા ગણી શકાય; કારણ કે, તેઓએ પોતાની બાહ્ય ચેતનામાં ચૈત્ય સત્તાની છાયા આણી હોય છે, અને તે પોતાના સ્વભાવે કરીને અમર હોય છે, અને જેનું લક્ષ્ય કેન્દ્રસ્થ દિવ્ય ઈચ્છાશકિતની આસપાસ સત્‌તાને પ્રગતિશીલ રીતે ઘડવાનું હોય છે.

પુનરુત્થાન

આપણે માટે પુનરુત્થાન એટલે જૂની ચેતનાનું ખરી પડવું; પરંતુ એ માત્ર પુનર્જન્મ નથી, એ એક એકાએક એનું પરિવર્તન નથી જે અતીતથી તદ્દન અલગ પડી જતું હોય. એમાં અમુક પ્રકારનું સાતત્ય હોય છે : તમારા અતીત જીવનમાંથી નવું જીવન પાંગરવું, તમારી નિમ્ન બાહ્ય પ્રકૃતિમાં પરિવર્તન આણવું, અને એક તદ્દન પુનઃ નવજીવન શરૂ કરવું, — એ બધાંયમાં થઈને સાતત્ય વહે છે. પુનરુત્થાનની અનુભૂતિમાં પુરાતન અસ્તિત્વને ત્યજવાની ગતિવિધિ તેમાંથી એક નવીન ચેતના, એક નવીન બળના ઉદય થવાની સાથે ઘનિષ્ઠ ભાવે સંકળાયેલી હોય છે. એટલે કે, જે કાંઈ ત્યજી દીધું હોય છે તે પછી આવનારી વસ્તુની સાથે એક નવીન સર્જનની પ્રક્રિયામાં ઉત્તમ રીતે હળીમળી શકે. પુનરુત્થાનનું સાચું મહત્ત્વ એ છે કે અજ્ઞાત ચેતનામાંથી ભાગવત ચેતના જાગ્રત થાય છે. જે અજ્ઞાત ચેતનામાં પોતે નીચે ઊતરી ગઈ હોય છે, ત્યાં ખોવાઈ ગઈ હોય છે, તેમાંથી ફરી એક વાર, મૃત્યુના જગતમાં તેનું અવતરણ, તેની રાત્રિ, તેની ગૂઢતા હોવા છતાંય પોતાને વિષે સચેત બને છે. આપણી ભૌતિક રાત્રિના કરતાં તમિસ્રાનો એ પ્રદેશ વધુ અંધકારવાળો હોય છે. તેમાં ડૂબકી માર્યા પછી તમે જ્યારે ઉપર આવો છો ત્યારે પ્રવેશી ન શકાય તેવી રાત્રિ સ્પષ્ટ થતી તમને સાચેસાચ જણાશે, — જેમ દિવ્ય ચેતનાના સાચા પ્રકાશમાંથી, કોઈ પણ પ્રકારની રહસ્યમયતા વગરના અતિમાનસિક પ્રકાશમાં પાછા ફરો ત્યારે ભૌતિક સૂર્ય કાળો જણાય તેમ. પરંતુ તે પરમ અંધકારના ઊંડાણમાંય પરમ પ્રકાશ છુપાયેલો પડ્યો હોય છે. તે પ્રકાશ અને તે ચેતના તમારામાં જાગો, એક મહાન પુનરુત્થાન થાઓ.

પુનરવતરણ – અતીત જિંદગીઓની સ્મૃતિ

જેને આપણે લોકભાષામાં ફરીથી જન્મ લેવો અથવા ફરીને અવતરવું કહીએ છીએ, તે પ્રશ્નને યથાર્થ સમજવામાં વિચાર માગી લેતાં બે દૃષ્ટિબિંદુઓ છે, જે તમારે જોવાં જોઈએ. પ્રથમ તો છે દિવ્ય ચેતનાની ધારા, જે ઉપરથી પ્રગટ થવા માગે છે; એ ધારા પોતાને પ્રગટ થવાના વિશ્વ રૂપી ક્ષેત્રમાં પોતાને માટે વિશિષ્ટ એવી કેટલીક રચનાઓની હારમાળાને ધારણ કરે છે. બીજી છે ચૈત્ય-ચેતના, જે નીચેથી ઉપર ચઢે છે, જ્યાં લગી ઉપરની શક્તિનો જોગ ખાય નહિ ત્યાં લગી કાળમાં વિકાસ પામતું દિવ્યનું બીજરૂપ છે. એના પર અતિમાનસ સત્યની છાપ હોય છે. આ જે ચૈત્ય-ચેતના તે માનવનું આંતરિક સ્વરૂપ છે. આ વસ્તુમાંથી તેનો સાચો આત્મા અથવા જીવ ઘડાય છે. જ્યારે તેની અભીપ્સાના પ્રત્યુત્તર રૂપે અતિમનસ-ચેતના નીચે ઊતરી આવે છે, ત્યારે તેનું એક સુસંબદ્ધ વ્યક્તિત્વ ઘડાય છે. મનુષ્યનું બાહ્ય સ્વરૂપ વૈશ્વિક પ્રકૃતિના પદાર્થમાંથી બંધાયેલું હોઈ વિનાશને પાત્ર છે. તેનાં માનસિક, પ્રાણિક અને શારીરિક પાસાં છે. બધી પ્રકારની શક્તિઓની સંકુલ ક્રિયા-પ્રતિક્રિયાને તે આભારી છે. ચૈત્ય-ચેતના જાણે કે પાછળ રહીને અનેકવિધ રચનાઓની અનુભૂતિઓનું સત્ત્વ આત્મસાત્ કરે છે; પરંતુ સૌની સાથેના નિરંતર સંપર્કને અભાવે સમગ્રતયા અતીત જિંદગીઓની સ્મૃતિ જરી રાખતી નથી, જો કે તે સૌને આધાર પૂરો પાડે છે. એટલે, માત્ર ચૈત્યના સંપર્કને પરિણામે અતીત જીવનોનું સ્મરણ સંભવે નહીં, આપણે સામાન્યપણે જેને આવી સ્મૃતિ વિષે સાંભળીએ છીએ તે ઘણું-ખરું કાં તો ઇરાદાપૂર્વકનો પાખંડ હોય છે, અથવા તો અંદરથી પ્રાપ્ત થતી થોડીઘણી આકસ્મિક સૂચનાઓની બનાવટ હોય છે. કેટલાક લોકો વળી પોતાના પ્રાણીજીવનને યાદ કરવાનો દાવો કરતા હોય છે. તેઓ જણાવે છે કે દુનિયાના કોઈ એક ભાગમાં રહેતા પોતે અમુક પ્રકારના વાનર હતા. પરંતુ એક વાત તદ્દન ચોક્કસ છે અને તે એ કે વાનરને ચૈત્ય-ચેતનાનો કોઈ પ્રકારનો સંપર્ક હોતો નથી અને તેથી કરીને પોતાની અનુભૂતિને લેશમાત્ર સંચારિત કરી શકતો નથી. તેના પ્રાણીના દેહના પડવાની સાથે સાથે તેની બાહ્ય વાનર-પ્રકૃતિની છાપો ભૂંસાઈ જાય છે. તેથી તેમની જાણકારીનો દંભ એટલે આપણે જે સમસ્યા વિચારી રહ્યા છીએ તેની ખરેખરી હકીકતોના નર્યા અજ્ઞાનને ખુલ્લું પાડવું. માનવ-

જીવનને વિષે વિચારતાં પણ એ તો જ્યારે ચૈત્યતત્ત્વ આગળ આવે ત્યારે નિશ્ચિત સંસ્મરણો વહન કરે છે, જાળવી રાખે છે; પરંતુ જીવનની બધી વિગતો-ની બાબતમાં નહીં જ,—સિવાય કે તે નિરંતર આગળ રહ્યું હોય અને બહારના અસ્તિત્વની સાથે એકરૂપ થયું હોય. કારણ કે, નિયમ એ છે કે માનવદેહના મૃત્યુની સાથે તેનું ભૌતિક મન અને ભૌતિક પ્રાણ વિલયને પામે છે. વિઘટન પામતાં બધાં વૈશ્વિક પ્રકૃતિમાં પાછાં ફરે છે, તેમની અનુભૂતિઓનું નામનિશાન રહેવા પામતું નથી. જ્યાં લગી ચૈત્ય-ચેતનાની સાથે યુકત થાય નહીં ત્યાં લગી તો નહીં જ. આમ જોવા જતાં બે અડધિયાં નથી, પણ એક જ ચેતના છે. આખી પ્રકૃતિ કેન્દ્રસ્થ દિવ્ય ઇચ્છાશકિતની આસપાસ સંકળાયેલી રહે, આ કેન્દ્રાભિમુખી સત્‌તા ઉપર રહેલી ચેતનાની દિવ્ય ધારાની સાથે યુકત થયેલી હોય,—આમ જ્યાં લગી ન થાય ત્યાં લગી તે ચેતનાની સાથે સંબંધિત જ્ઞાન પામી શકે નહિ, પોતાના ક્રમિક આત્મ-પ્રકટીકરણનાં એક પછી એક સાધનો વડે ધારણ કરી રાખેલી રૂપોની અને જિંદગીઓની આખી હારમાળાને વિષે જાણી શકે નહિ. આમ જ્યાં લગી થાય નહિ તે પહેલાં પોતાના અતીત જન્મો અને તેમની ઘટનાઓ વિષે બોલવું તે નિરર્થક છે. આ કિંમતી પોતીકું આત્મસ્વરૂપ એ જ વર્તમાન નશ્વર બહારની પ્રકૃતિ છે, જેને અનેક બીજાં સ્વરૂપોની સાથે કાંઈ જ લેવાદેવા નથી; જેમ તેના વર્તમાન સ્વરૂપની પાછળ તેમ તેમની પાછળ એક સાચી સત્‌તા ખડી હોય છે. એકમાત્ર અતિમાનસ ચેતના જ આ સઘળા જન્મોને ધારણ કરનારી ચેતના છે,—જાણે કે એક સૂત્રમાં બધા પરોવાયેલા હોય તેમ. આ બધાનું ખરું જ્ઞાન તે જ એક આપી શકે એમ છે.

ચૈત્ય-પ્રત્યક્ષતા અને ચૈત્ય-સત્તા -- જાતિની ઉત્કૃષ્ટતાનું ખરું મૂળ

ઉપરની દિશામાં થતી ઉત્ક્રાંતિની બાબતમાં ચૈત્ય-સત્તાના કરતાં ચૈત્ય-પ્રત્યક્ષતા કહેવું વધારે ખરું ગણાય. કારણ કે, ચૈત્ય-પ્રત્યક્ષતા જ ક્રમશ: ચૈત્ય-સત્તામાં પરિણમે છે. દરેક ઉત્ક્રાન્ત થતા રૂપમાં આ પ્રત્યક્ષતા જણાય છે, પણ તે કોઈ વૈશિષ્ટય પામી હોતી નથી. તે એવું કાંઈક છે જે વિકાસક્ષમ છે, અને તે ઉત્ક્રાન્તિની દશાને અનુસરે છે. ઉપરથી તિરોહિત થતું તે કોઈ અવતરણ નથી. દિવ્ય ચેતનાના સ્ફુલિંગની આસપાસ ક્રમશ: તે આકાર ધારણ કરતી રહે છે; વિકસતી જતી સત્તાના કેન્દ્ર તરીકે સાર્થકતાને પામે છે, અને જેવું તેનું વિશિષ્ટ પ્રકારનું વ્યક્તિત્વ ઘડાય છે કે તે ચૈત્ય-સત્તા બને છે. આ સ્ફુલિંગ એ જ નિત્ય છે; વિશિષ્ટ વ્યક્તિત્વની રચના માટેનાં બધાં તત્ત્વો તેની આસપાસ એકઠાં કરે છે. જ્યારે ચૈત્ય વ્યક્તિત્વ પૂર્ણરૂપે વિકસિત થઈને ઘડાયું હોય છે, ત્યારે જ માત્ર પેલા શાશ્વત દિવ્ય સ્ફુલિંગની આસપાસ ચૈત્ય સત્તા આકાર ધારણ કરે છે; ઉપરની સત્તા કે વ્યક્તિસ્વરૂપની સાથે જો અને જ્યારે તે જોડાય, તો અને ત્યારે તે તેની પરાકાષ્ઠાને, સમગ્રભાવી સાર્થકયને પામે છે.

સામાન્યત: માનવની નીચલા સ્તર પર કોઈ વિશિષ્ટ વ્યક્તિત્વનું નિર્માણ ભાગ્યે જ જણાય છે, — વધતેઓછે અંશે માત્ર આ પ્રત્યક્ષતા જ હોય છે. પરંતુ જ્યારે પેલા દિવ્ય ચેતનાના સ્ફુલિંગની આસપાસ દેહના વિકાસને લઈને આ પૃથ્વી પર માનવજાતિની શરૂઆત થઈ, ત્યારે એ વિકાસ પામતી પ્રગતિ દરમિયાન અમુક માનવી જીવો પૂરતા પ્રમાણમાં પૂર્ણતા પામ્યા અને પોતાના ખુલ્લાપણા તેમ જ સ્વીકારને લઈને ઉપરથી અવતરતા અમુક સત્ત્વોની સાથેનો સંગમ સાધ્યો. આમાંથી એક દિવ્ય માનવ જાતિનો, જેને આપણે એક વિશિષ્ટ વર્ગની જાતિ (ભદ્ર લોક) કહીએ છીએ તેનો ઊગમ થયો. જો તે જાતિ પોતામાં જ આકબંધ રહી હોત, તો તે એક અજોડ અને માનવાતીત જાતિ તરીકે ઊતરી આવી હોત. અલબત્ત, ઘણી જાતિઓએ એવા હોવાનો દાવો કર્યો છે : આર્ય-જાતિ, સેમિટિક જાતિ અને જાપાનની જાતિઓએ પોતપોતાને સમયે આવી પસંદગી પામેલી જાતિ તરીકે માની છે. પરંતુ ખરું જોતાં માનવજાતિનું એક

સમતલન થયું છે, ઘણી આપલે થઈ છે. કારણ કે, ઉચ્ચ જાતિના વિસ્તૃતીકરણની જરૂરિયાત ઊભી થઈ, અને એને લઈને માનવજાતિની અન્ય જાતિઓની સાથે, અર્થાત્ પાશવ માનવજાતિની સાથે આપલે કરવાની ફરજ પડી. આમ એનું મૂલ્ય ઘટયું, જેને લઈને દુનિયાનાં શાસ્ત્રોમાંથી જેને મહા પતનને નામે ઓળખાવવામાં આવે છે તે તરફ પ્રયાણ થયું. આ જ થયો સુવર્ણ યુગના સ્વર્ગનો પ્રારંભ. અલબત્ત, ચેતનાની દૃષ્ટિએ એ ખોટ ગઈ, પણ ભૌતિક તાકાતની દૃષ્ટિએ નહીં; કારણ કે સામાન્ય માનવજાતિને માટે તે એક ઘણો મોટો લાભ થયો. તે વખતે, નિઃશંક, એવાં કેટલાંક સત્ત્વો હતાં જેમનામાં નહિ હળવામળવાની પ્રબળ ઇચ્છાશક્તિ હતી, જેમને પોતાની ઉત્કૃષ્ટતા ગુમાવવાનો વિરોધ હતો. અને આ જ થયું પેલું જાતિના અભિમાનનું, જાતિના અલગપણાનું મૂળ. હિંદમાં બ્રાહ્મણોને પોતાની જ્ઞાતિની વિશિષ્ટતા તરફ ઝોક છે તે પણ આ છે. પરંતુ, અત્યારે, માનવજાતિનો કોઈ એક ભાગ કેવળ પશુ સમાન છે એમ ન કહી શકાય. બધી જાતિઓને ઉપરના અવતરણનો સ્પર્શ થયો છે; અને એક બહોળા અંદર અંદરના મિશ્રાણને લઈને નિવર્તન (Involution)નો વધુ ફેલાવો થયો.

અલબત્ત, પ્રત્યેક માનવમાં ચૈત્યપુરુષ છે એમ કોઈ કહી ન શકે, જેમ પ્રત્યેક પશુને તે મળ્યું છે તેનો નિષેધ પણ ન થઈ શકે. મનુષ્યની લગોલગ જીવનારાં ઘણાં પશુઓમાં તેની શરૂઆત જણાય છે; જ્યારે બીજી બાજુ ઘણી વાર એવા માણસો પણ મળી આવે છે જેઓ પશુ કરતાં અન્ય હોય એમ જણાતું નથી. આમાં પણ ઘણું ખરું સમતલન થયું છે. પરંતુ સમગ્ર ભાવે જોતાં સાચા અર્થમાં ચૈત્યની શરૂઆત માનવની ભૂમિકાથી થઈ ગણાય; અને એટલે જ કૅથોલિક સંપ્રદાય જણાવે છે કે માત્ર માણસમાં આત્મા છે. એકમાત્ર મનુષ્યમાં જ ચૈત્ય સત્તા પૂરી જાગી, એની શક્યતા ગણાય, અને તે એટલી હદે કે ઉપરના કોઈ દેવની સાથે, અવતરતા કોઈ સત્ત્વની સાથે આખરે તે જોડાય અને એકત્વ પામે.

શ્રદ્ધા

બાહ્ય ચેતનાનો બોધ ચૈત્ય બોધનો કદાચ અસ્વીકાર કરે. પરંતુ ચૈત્યને સાચું જ્ઞાન, અંતઃસ્ફુરણાનું સામાજિક જ્ઞાન હોય છે. તે જણાવે છે: "હું જાણું છું; હું કારણો આપી શકતો નથી, પણ હું જાણું છું." પરંતુ તેનું જ્ઞાન માનસિક, અનુભવ પર આધારિત કે સાચું પુરવાર થયેલું હોતું નથી. સાબિતીઓ આપ્યા પછી તેની માન્યતા બંધાતી નથી. શ્રદ્ધા આત્મામાંથી સ્ફુરે છે, તેનું જ્ઞાન સ્વતઃસ્ફૂર્ત, સીધેસીધું હોય છે. આખી દુનિયા ધારો કે તેથી વિરુદ્ધ હજારો સાબિતીઓ લઈને આવે, છતાંય તે આંતર જ્ઞાનથી જાણતી હોય છે. એ એક એવો સીધો બોધ હોય છે જે બધાંયની સામે ખડો રહી શકે છે, એ તાદાત્મ્યથી થયેલો બોધ હોય છે. ચૈત્યનું જ્ઞાન એ કાંઈક એવું હોય છે, જે નક્કર હોય છે, સ્પર્શક્ષમ હોય છે, એક સઘન પુંજ હોય છે. તમે તેને તમારા મનમાં, પ્રાણમાં, શરીરમાં આણી શકો. પછી તે એક પૂર્ણ શ્રદ્ધા બને છે, એ એક એવી શ્રદ્ધા છે જે પર્વતોને વિચલિત કરી શકે. પરંતુ તમારી સત્‌તામાં કંઈક આવીને કહે કે "તે આના જેવું નથી" તેમ ન ચાલે; અથવા તેની કસોટી થઈ શકે નહીં. અરધીપરધી માન્યતાથી તમે બધું બગાડો છો. જો શ્રદ્ધા પૂર્ણ અને અચલ ન હોય તો પરમનું પ્રકટીકરણ કેવી રીતે થઈ શકે? શ્રદ્ધા પોતે હંમેશાં અડગ છે, એ તેનો સ્વભાવ છે. કારણ, નહિ તો એ શ્રદ્ધા હોઈ જ ન શકે. પણ એમ બની શકે કે મન અથવા પ્રાણ, અથવા દેહ ચૈત્યની ગતિવિધિને અનુસરે નહિ. કોઈ માણસ કોઈક યોગીની પાસે જાય, તેનામાં એકાએક શ્રદ્ધા જાગે કે પેલો માણસ તેને તેના લક્ષ્ય લગી લઈ જશે. એને ખબર નથી કે એ યોગીને જ્ઞાન છે કે નહિ. તેનામાં એક પ્રકારનો સંક્ષોભ થઈ આવે છે, તેને એમ લાગે છે કે તેણે પોતાના ગુરુ મેળવ્યા. લાંબી માનસિક મથામણ કે ઘણા ચમત્કારોને લઈને તે માનતો થયો છે એમ નથી. અને આ પ્રકારની શ્રદ્ધા જ સમયોચિત હોય છે. તમે જો દલીલબાજી આરંભો તો તમારી નિયતિને ગુમાવશો. કેટલાક લોકો ચૈત્ય સંવેગ તર્કયુકત છે કે નહિ તે વિષે વિમર્શ કરતા હોય છે.

ખરી રીતે જોઈએ તો જેને બધા અંધશ્રદ્ધા કહે છે તેનાથી લોકો ગેરરસ્તે દોરવાતા નથી હોતા. તેમને બોલતા આપણે સાંભળીએ છીએ: "અરે, મેં

આ કે તે માણસમાં શ્રદ્ધા રાખી, અને તેણે મને છેતર્યો!" ખરું જોતાં અહીં દોષ પેલાનો નથી, પણ જે માને છે તેનો છે. તેનામાં કયાંય દુર્બળતા રહેલી હોય છે. જો તેણે પોતાની શ્રદ્ધા અક્ષુણ્ણ રાખી હોત, તો તે પેલા માણસને પરિવર્તિત કરી શકયો હોત. કારણ કે, તે એક જ પ્રકારની શ્રદ્ધાયુકત ચેતનામાં રહી ન શકયો, એટલે તેને પોતે છેતરાયો એમ લાગ્યું. પોતાને પેલા માણસને જેવો હોવો જોઈએ એમ લાગતું હતું તેવો તેને કરી ન શકયો. જો તેનામાં પૂર્ણ શ્રદ્ધા હોત તો પેલી વ્યકિતને પરિવર્તન આપવાની ફરજ પાડી શકયો હોત. જે બધા ચમત્કારો બને છે તે શ્રદ્ધાને લઈને બને છે. એક વ્યકિત બીજી વ્યકિતની પાસે જાય છે, ત્યાં એને ભગવાનની હાજરીનો સંસ્પર્શ થાય છે. હવે જો એ સંસ્પર્શ અણિશુદ્ધ અને જારી રાખી શકે, તો તેને પરિણામે દિવ્ય ચેતનાને અત્યંત ભૌતિક ચેતનામાં પ્રગટ થવાની ફરજ પડે. પણ આ બધું તમારું ધોરણ અને તમારી સચ્ચાઈ પર આધાર રાખે છે. તમે જેટલા ચૈત્ય દૃષ્ટિએ તત્પર તેટલે અંશે તમે ખરા મૂળ તરફ જઈ શકો, સાચા ગુરુને ('માસ્ટર') પામી શકો. ચૈત્ય સ્વરૂપ અને તેની શ્રદ્ધા હંમેશાં સાચાં હોય છે; પણ જો તમારી બહારની સત્‌તામાં છળ હશે અને તમે જો આધ્યાત્મિક જીવનને બદલે અંગત શકિતઓને શોધતા હશો, તો તમે આડે માર્ગે દોરવાઈ જવાના. આમ આડે માર્ગે લઈ જનારી તમારી શ્રદ્ધા નથી હોતી, પણ ઉપર જણાવ્યું તેમ હોય છે. પોતે અણિશુદ્ધ હોવા છતાં શ્રદ્ધા સત્‌તામાં નિમ્ન પ્રવૃત્તિની સાથે સેળભેળ થઈ જઈ શકે, અને ત્યારે જ તમે ખોટે માર્ગે દોરવાઈ જતા હો છો.

સાચા મનોવલણની શક્તિ

શું જે કાંઈ બને છે તે હંમેશાં ઉત્તમ જ બને છે?.....એ વાત તો સ્પષ્ટ છે કે જે કાંઈ બની ગયું છે તે તો બનવાનું હતું, એથી ઊલટું ન હોઈ શકે. વૈશ્વિક નિયતિને આધારે તેને બન્યે જ છૂટકો હતો. પરંતુ આપણે આમ તે બની ગયા પછી કહી શકીએ છીએ, પહેલેથી નહીં. કારણ કે, ઉત્તમમાં ઉત્તમ જે કાંઈ બને તે સમસ્યા એક વ્યકિતગત પ્રશ્ન છે; પછી તે વ્યકિત એક રાષ્ટ્ર હોય કે કોઈ એક માનવી હોય. એ બધું વ્યકિતગત મનોવલણ પર નિર્ભર છે. જે કોઈ સંજોગો ખડા થવાની તૈયારીમાં હોય એ પરિસ્થિતિની વચ્ચે રહીને તમે જો એક શકય સર્વોચ્ચ મનોભાવ ધારણ કરી શકો; અર્થાત્, તમારી મર્યાદામાં જે સર્વોચ્ચ ચેતના હોય તેની સાથેના સંપર્કમાં તમારી ચેતનાને મૂકી શકો, તો તમે નિરપેક્ષ ભાવે ચોક્કસ કહી શકો કે તે સંજોગોમાં જે કાંઈ તમારે માટે બને તે ઉત્તમ હોય. પરંતુ જેવા તમે તે ચેતનામાંથી નિમ્નતર ભૂમિકામાં ઊતરી ગયા, તો પછી દેખીતી રીતે ઉત્તમ થઈ શકે નહીં, અને એનું કારણ સ્પષ્ટ છે કે તમે તમારી સર્વોચ્ચ ચેતનામાં નથી હોતા. હું તો એટલી હદે જઈને ભારપૂર્વક જણાવી શકું કે દરેકની તાત્કાલિક અસરના વર્તુળમાં રહો એક સાચું મનોવલણ પ્રત્યેક સંજોગને પોતાના લાભમાં ફેરવવાને શકિતશાળી છે, એટલું જ નહીં, પણ સંજોગને પોતાને બદલવાની તાકાત ધરાવે છે. દાખલા તરીકે, ધારો કે એક માણસ તમારી હત્યા કરવા આવે છે, તો તે સમયે જો તમે તમારી સામાન્ય ચેતનામાં રહો, તમારી સાન ગુમાવીને બેબાકળા બની જાઓ, તો જે કામ માટે તે આવ્યો છે તે કામમાં તેને સફળતા મળવાનો સંભવ છે. હવે તમે જો તમારી ચેતનામાં સહેજ ઊંચે જઈ શકો અને ભયભીત સ્થિતિમાં પણ તમે ભગવાનની મદદનો પોકાર કરી શકો, તો તમને તે કંઈ વધુ ન કરી શકે, સહેજસાજ ઘા પહોંચાડી શકે. હવે ધારો કે તમે તમારી સાચી ચેતનામાં—મનોવલણમાં—હો, તમારી આસપાસ ભગવાનની હાજરાહજુરીવાળી ભરી ભરી ચેતનામાં હો, તો તમારી સામે તે એક આંગળી પણ નહિ ઉપાડી શકે.

રૂપાંતરની ક્રિયાના આખાય પ્રશ્નના સત્યની આ એકમાત્ર ચાવી છે. હંમેશાં ભગવાનની હાજરીનો સ્પર્શ અનુભવો, તેને નીચે આણવા ઉદ્યત થાઓ અને પછી જે કાંઈ થશે તે સર્વોત્તમ જ થશે. અલબત્ત, જગત કાંઈ એકદમ બદલાઈ

નહિ જાય, પણ શકય તેટલી ત્વરિત ગતિએ તે આગળ ધપશે. ભૂલશો નહીં કે તમે જો યોગને સીધે માર્ગે હશો તો જ આમ બનશે; અને જો તમે આમતેમ વિચલિત થશો, માર્ગને ભૂલી જશો અને જાણે કે કોઈ અક્ષુણ્ણ જંગલમાં મન ફાવે તેમ કે લાચારીભરી રીતે ચારે બાજુ અથડાયા કરશો, તો ઉપર કહ્યું તેમ નહિ બને.

તમારામાંની દરેક વ્યકિત જો સંપૂર્ણ શકિતથી વર્તશે, તો તેને લઈને એક સાચો સહયોગ થશે અને પછી જે પરિણામ આવશે તે વધુ ઝડપથી આવશે. આવા સાચા મનોવલણનાં મારી પાસે ઘણાં દૃષ્ટાન્તો છે. એક જ વ્યકિતના સાચા મનોવલણને લઈને મોટાં ટોળાં કટોકટીમાંથી ઊગરી ગયેલાં મેં જોયાં છે. પણ તે એક એવું મનોવલણ ન હોવું જોઈએ જે કયાંક ઉપર સ્થિત થયું હોય, અને શરીરને તેની સામાન્ય પ્રતિક્રિયા પર છોડી દેતું હોય. જો તમે એમ એક ઉચ્ચ સ્થિતિએ રહીને "ભગવાનનું ધાર્યું ભલે થાઓ" એમ કહો, તોય તમે કદાચ માર્યા જાઓ. કારણ કે, તમારું શરીર તો સાવ અદિવ્ય હશે, ભયથી કંપતું હશે. સાચી વાત એમ છે કે શરીરને પોતાને સાચી ચેતનાના સંપર્કમાં મૂકી દેવું જોઈશે, સહેજ પણ ભય કર્યે નહિ ચાલે, દિવ્ય શાંતિમાં સભર રહેવું જોઈશે. અને પછી કશો જ ભય નહિ રહે. માત્ર મનુષ્યોના તો શું પણ પ્રાણીઓના તેમ જ તત્ત્વોના હુમલાઓને રોકી શકશો, તેમના પર અસર કરી શકશો. એક નાનો પ્રસંગ જણાવું : તમને પેલા ભયંકર વાવાઝોડાની રાતનું સ્મરણ હશે. ત્યારે ભયંકર સૂસવાટા સાથે મૂશળધાર વરસાદ પડતો હતો. મેં વિચાર્યું કે શ્રી અરવિંદના કમરામાં જઈને બારીઓ બંધ કરવામાં સહાયભૂત થાઉં. મેં બારણું ખોલ્યું. તેમને મેં શાંત ચિત્તે મેજ પર કંઈક લખતા જોયા. ઓરડામાં એટલી ઘનીભૂત શાંતિ પથરાઈ ગઈ હતી કે બહાર તોફાન મચી રહ્યું છે તેનો ખ્યાલ સરખોય ન આવે. બધી બારીઓ ખુલ્લી હતી. વરસાદનું એક ફોરું અંદર પડતું નહોતું.

કલ્પનાશક્તિ

કલ્પના એક સાચે જ માનસિક રચનાની શક્તિ છે. જ્યારે આ શક્તિ ભગવાનની સેવામાં અર્પવામાં આવે છે ત્યારે તે માત્ર રચનાત્મક મટીને સર્જનાત્મક થાય છે. ખરું જોતાં કોઈ અવાસ્તવિક રચના જેવી ચીજ હોતી નથી; કારણ કે, માનસિક સ્તર પર પ્રત્યેક પ્રતિમા (image) એક વાસ્તવિકતા હોય છે. દાખલા તરીકે કોઈ એક નવલકથાનું વસ્તુ કોઈ ભૌતિક ચીજથી સ્વતંત્ર રીતે માનસિક સ્તર પર હયાતી ધરાવે છે. કેટલેક અંશે આપણામાંના પ્રત્યેક જણ નવલકથાકાર છે; તે સ્તર પર તે રૂપો ખડાં કરવાની શક્તિ ધરાવતો હોય છે. ખરું જોતાં, આપણા જીવનનો ઘણો ભાગ આપણી કલ્પનાની નીપજને સાકાર કરતો હોય છે. જ્યારે જ્યારે તમે તમારી કલ્પનાને અસ્વસ્થ રીતમાં પરોવતા હો છો, જ્યારે જ્યારે તમે તમારા ભયને રૂપ આપતા હો છો, અકસ્માતો અને દુર્ઘટનાઓની અટકળ કરતા હો છો, ત્યારે ત્યારે તમે તમારા ભાવિના ગૂળમાં ક્ષતિ પહોંચાડો છો. એથી ઊલટું, તમારી કલ્પના જેટલી આશાભરી, તેટલી તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવાની વધુ તક. મસ્યો કયૂએએ આ શક્તિશાળી સત્યને ઝડપી લીધું હતું અને તેમણે સેંકડો લોકોને પોતે દુ:ખમાંથી નીકળી ગયા છે એમ કલ્પના કરવાનું શીખવ્યું અને એ રીતે તેમને સાજા કર્યા. તેમણે એક પ્રસંગ જણાવ્યો હતો. એક બાઈના વાળ ખરી પડતા હતા. તે બાઈએ પોતાને સૂચન દ્વારા દરરોજ પોતે સુધરી રહી છે એમ માનતી થઈ ગઈ. તેના વાળ વધી રહ્યા છે એમ તેને લાગવા માંડયું. આમ નિરંતર કલ્પના કરવાથી તેના વાળ ખરેખર વધવા લાગ્યા; અને આત્મ-સૂચનને પરિણામે ઈર્ષ્યા ઊપજે એટલા બધા વધી ગયા. માનસિક રચનાની શક્તિ યોગમાં પણ ઘણી ઉપયોગી છે. જ્યારે મન દિવ્ય તપસ્ શક્તિની સાથે જોડાણ કરતું થઈ જાય છે, ત્યારે અતિમાનસિક સત્ય મન અને સર્વોચ્ચ પ્રકાશની વચ્ચે આવેલા વચગાળાના સ્તરોમાંથી નીચે ઊતરવાનું શરૂ કરે છે. અને મન લગી પહોંચતાં જો તેને રૂપો રચવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય છે, તો તે સાકાર બની જાય છે અને તમારામાં એક સર્જનાત્મક બળ તરીકે રહી જાય છે. એટલે જ હું તમને કહું છું કે કદાપિ વિષણ્ણ અને નિરાશ થાઓ નહિ; તમારી કલ્પના હંમેશાં ઉપરના ઉચ્ચતર સત્યના દબાણતળે આશાભરી રીતે આનંદપૂર્વક મુલાયમ બની રહો, જેથી કરીને તેના સર્જનાત્મક પ્રકાશને ધારણ કરી શકે એવી જરૂરી રચનાઓ

તમારી આગળ ધરી શકે.

કલ્પના એક છરી જેવી છે: તે સારા તેમ જ નરસા ઉપયોગમાં લઈ શકાય છે. જો તમે રૂપાંતર પામવાના છો એ જાતના વિચાર અને લાગણીમાં તમારા મનને પરોવી શકો, તો તમે યોગની પ્રક્રિયાને મદદરૂપ થઈ શકો. એથી ઊલટી રીતે, જો તમે વિષાદને વશ થઈ જાઓ અને તમે લાયક નથી એમ લાચારી અનુભવો અથવા તમે ઉપલબ્ધિને માટે અશકત છો એમ મનને માનતા થઈ જાઓ, તો તમે તમારી સત્‌તામાં જ લૂણો લગાડો છો. આ ઘણા મહત્ત્વના સત્યને ધ્યાનમાં લઈને જ હું તમને નિરંતર કહેતાં થાકતી નથી કે ભલે ગમે તે થાઓ, પણ મહેરબાની કરીને ભગવાનની ખાતર વ્યથિત ન થાઓ. ઊલટું, આપણે જે કાંઈ કરી રહ્યાં છીએ તે સફળ થશે એવી નિરંતર આશામાં અને પ્રતીતિમાં રહો. બીજા શબ્દોમાં કહીએ તો શ્રી અરવિંદમાં તમારી શ્રદ્ધાને આધારે તમારી કલ્પનાને ઘડો. શ્રી અરવિંદની તપસ્‌શકિત ફળવાની જ છે એ શ્રદ્ધાના પાયા પર તમારી આશા અને પ્રતીતિની માંડણી કરી શકો નહીં? તેમનું રૂપાંતરનું કાર્ય એક પરમ વિજયમાં જ પરિણમવાનું છે અને જેને તેઓ અતિમાનસિક જગત કહે છે તે આ પૃથ્વી પર અવતીર્ણ થશે અને આપણે અહીં તેમ જ અત્યારે તેને ઉપલબ્ધ કરીશું, એ પ્રકારની કલ્પનાશકિત આપણે ન કરી શકીએ?

નિઃસ્વાર્થ અહોભાવ

દિવ્યની જે કાંઈ અભિવ્યકિત હોય તેને માન્ય કરવા લોકો એટલા બધા અનિચ્છુક હોય છે કે તેઓ દોષ શોધી કાઢવા તલપાપડ થાય છે, દેખીતી ભૂલો બતાવી આપે છે અને આ રીતે જે કાંઈ ઊંચા સ્તરનું હોય તેને પોતાના સ્તરની નજરે જુએ છે. પોતાનાથી ઉચ્ચ કોટિનું જોઈને તેઓ ધૂંઆપૂંઆ થઈ જાય છે અને જ્યારે ઉપરછલ્લી "ત્રુટિઓ" શોધી કાઢવામાં સફળ થાય છે ત્યારે ખુશ થઈ જાય છે. પણ તેઓ ભૂલી જાય છે કે જો તેમને પૃથ્વી પર જેની હાજરી છે એવા દિવ્યનો પણ મુકાબલો કરવાનો હોય ત્યારે તેમના સ્થૂળ ભૌતિક મનથી જે કાંઈ સ્થૂળ હોય તે જ નજરે ચઢવાનું છે. જેને પોતે જોવાને અશકત હોય અથવા તો અનિચ્છુક હોય તે જોવાની આશા તેમણે રાખવી ન જોઈએ. જો દિવ્યના કર્મનાં ઉપરછલ્લાં પાસાં તેઓ વિચારે તો તેમને ચોક્કસ અન્યાય કરવાના; કારણ કે, તેમને કદાપિ નહિ સમજાય કે જે માનવી પ્રવૃત્તિના જેવું જણાય છે તે બિલકુલ અસમાન હોય છે, તે માનવી નહિ એવા એક મૂળમાંથી ઉદ્‌ભવતું હોય છે.

પૃથ્વી પર કર્મ કરવા પ્રગટ થયેલ દિવ્ય માણસોની માફક કામ કરતું જણાય છે; પણ ખરેખર તેમ નથી. આવાં બહારનાં દેખીતાં ધોરણોથી તેનું મૂલ્યાંકન કરવું શકય નથી. પરંતુ માણસો પોતાની લઘુતાને ચાહતા હોય છે અને કોઈ ઉચ્ચતર વાસ્તવિકતાની અધીનતાના સ્વીકારને સહન કરી શકતા નથી. આ ભૂલ કાઢવાની ઇચ્છા, આ ગુણદોષો વિવેચનની સંશયાત્મક દ્વેષમૂલક ધગશ, જે એક ઉચ્ચતર વાસ્તવિકતા છે એમ પોતાનામાં કંઈક કહે છે એ માનવજાતિનું એક ખાસ લક્ષણ છે. તે માત્ર માનુષીનો નિર્દેશ કરે છે. જ્યારે બીજી તરફ સાચાને માટે, સુંદરને માટે, ઉમદાને માટે સ્વતઃસ્ફૂર્ત અહોભાવ હોય છે, એને લઈને કંઈક દિવ્ય અભિવ્યકિત થાય છે. જ્યારે તમારું હૃદય ઊછળીને જે કાંઈ દિવ્યમૂલક છે એમ લાગતાં તમે તેને પૂજો છો, તેને માટે અહોભાવ પ્રગટ કરો છો, ત્યારે તમારે નિશ્ચિત જાણવું જોઈએ કે તમારામાં રહેલો ચૈત્ય પુરુષ, આત્મા, તમારી ભૌતિક ચેતનાની સાથે સંસ્પર્શમાં આવતો હોય છે. "હા, એ કંઈક મહાન છે, પણ જો મારે નસીબે એ આવી મળ્યું હોય તો તે અહોભાવને લાયક ગણાય, જો હું એ ગુણનો સુખી માલિક હોઉં તો, એ ઉચ્ચ આવિર્ભાવનું કરણ હોઉં તો,"— એમ જે વ્યકિત વિચારે છે તે હલકા પ્રકારની છે. જ્યારે દિવ્ય પોતાનો આવિર્ભાવ ગમે ત્યાં ગમે

ત્યારે ગમે તે રીતે કરવાનું પસંદ કરે, એ મુખ્ય હકીકત હોય, ત્યારે તમારા અહંકારને લઈને શા માટે ઊંચાનીચા થાઓ છો? આમ અભિવ્યકત થાય ત્યારે તમારે કૃતાર્થતા માણવી જોઈએ, તમારી વ્યથિત વ્યકિતતાનાં ટૂંકાં બંધનો તોડી નાખવાં જોઈએ અને એક અહેતુક આનંદમાં ઊંચે જવું જોઈએ. આ પ્રકારનો આનંદ એક સાચી નિશાની છે કે તમારો આત્મા જાગ્યો છે, તેણે સત્યની હાકલ સૂણી છે. અને ત્યાર પછી જ નીચે આવતા સત્યની અસર તળે તમે ખુલ્લા થઈ શકો, તેના દ્વારા ઘડાઈ શકો. મને એવા પ્રસંગો યાદ આવે છે કે નાનાં બાળકોને, નાનાં ભૂલકાંઓને કંઈક અત્યંત સુંદર, અત્યંત સરળ કરતાં જોતી ત્યારે મારી આંખોમાં આંસુ આવતાં. એ આનંદને અનુભવો, તમારી વચ્ચે ભગવાનની હાજરીથી તમે કંઈક મેળવવા શકિતમાન થશો.

હટી જવું

તમારામાંના ઘણાખરા તમારી સત્‌તાની ઉપરછલ્લી સપાટી પર રહો છો. ત્યાં તમે બહારની અસરોના સ્પર્શ પ્રત્યે ખુલ્લા થાઓ છો. તમે જાણે કે તમારા પોતાના શરીરની બહાર, લગભગ બહાર ફેંકાઈ જઈને જીવી રહ્યા હો છો. અને જ્યારે તમે તમારા જેવી બહાર ફેંકાઈ ગયેલી અરુચિકર વ્યકિતને મળો છો ત્યારે તમે વિક્ષુબ્ધ થઈ જાઓ છો. આ બધી મુશ્કેલીના મૂળમાં તમે હટી જવાને ટેવાઈ ગયેલા હોતા નથી એ હકીકત છે. તમારે હમેશાં તમારી જાતમાં હટી જવું જોઈએ, અંતરના ઊંડાણમાં જવાનું શીખી લેવું જોઈએ. આમ કરશો તો તમે સહીસલામત રહેશો. બહારની દુનિયામાં વિચરતી સપાટી પરની શકિતઓ તરફ ધ્યાન ન આપો. કંઈક કરવામાં તમે જ્યારે ઉતાવળા હો, ત્યારે જરા માટે હટી જાઓ અને પછી તમને આશ્ચર્ય સાથે સમજાશે કે તમે કેટલી ઝડપથી, કેટલી મોટી સફળતાપૂર્વક કામ પાર પાડી શકયા છો. જો કોઈ તમારા પર ગુસ્સો કરે તો તેનાં આંદોલનોમાં ફસાઈ ન જશો; માત્ર જરા ખસી જાઓ અને પછી તેના ગુસ્સાને કોઈ આધાર કે પ્રત્યુત્તર ન મળતાં તે ચાલ્યો જશે. તમારી શાંતિનું હમેશાં જતન કરો; તેને ગુમાવનારી બધી લાલચોનો સામનો કરો. આ હટી ગયા વિના કોઈ નિર્ણય લો નહીં, અંતરને પૂછયા વિના કંઈ બોલો નહીં, પીછે હટયા વિના કોઈ કામમાં ઝંપલાવો નહીં. સામાન્ય દુનિયાનું જે કાંઈ છે તે બધું ક્ષણસ્થાયી છે, ભ્રમણશીલ છે; એટલે એ વિષે વિક્ષુબ્ધ થવું પાલવે એમ નથી. જે કાંઈ ચિરસ્થાયી હોય, શાશ્વત હોય, અમર હોય, અનંત હોય, એ ખરેખર પ્રાપ્ત કરવા જેવું છે, જીતવા જેવું છે, પોતાનું કરવા જેવું છે. તે છે દિવ્ય પ્રકાશ, દિવ્ય પ્રેમ, દિવ્ય જીવન,—અને તે આ પૃથ્વી પર પરમ શાંતિ, પૂર્ણ આનંદ, સંપૂર્ણ પ્રભુત્વ પણ છે. અને એની ચરમ સીમાએ એક પરિપૂર્ણ પ્રગટીકરણ છે. જ્યારે તમને વસ્તુઓની સાપેક્ષતાની સૂઝ આવી જાય, ત્યારે જે કાંઈ બને ત્યારે તમે ઊંડા ચાલ્યા જઈ શકો છો અને ત્યાંથી જોઈ શકો છો, તમે નિઃસ્તબ્ધ રહી શકો છો, દિવ્ય શકિતને પોકારી શકો છો, ઉત્તરની રાહ જોઈ શકો છો. અને પછી તમને શું કરવું તે સમજાશે. ત્યારે, ધ્યાનમાં રાખો કે ખૂબ શાંત હો નહિ ત્યાં લગી ઉત્તર મેળવી શકશો નહિ. એ આંતરિક શાંતિને કેળવો, નાની એવી શરૂઆત કરી દો અને તમારી ટેવ ન બની જાય ત્યાં લગી તેનો અભ્યાસ જારી રાખો.

વૈજ્ઞાનિકનું અને યોગીનું જ્ઞાન

સામાન્ય ચેતનાની પરાકાષ્ઠા એટલે વિજ્ઞાન. વિજ્ઞાનની દૃષ્ટિએ આ પૃથ્વી પર જે કાંઈ છે તે સાચું છે, એનું કારણ એટલું જ કે તે ત્યાં છે. જેને તે પ્રકૃતિ તરીકે ઓળખે છે તે તેને માટે અંતિમ વાસ્તવિકતા છે. તેનું લક્ષ્ય તેની કામ કરવાની પ્રક્રિયા કઈ છે તે સમજાવવા કોઈ એક સિદ્ધાંતને સ્થાપિત કરવાનું છે. આથી કરીને ભૌતિક મન જ્યાં લગી જઈ શકે ત્યાં લગી ઊંચે ચઢવાનો તેનો પ્રયાસ હોય છે. પોતે જેને સાચું ગણે છે, વાસ્તવિક માને છે તેવા આ જગતનાં કારણો શોધવા પ્રયત્ન કરે છે. પરંતુ ખરું જોતાં તે "કારણો"ને "કાર્યો"ની સાથે બંધ બેસાડે છે; કારણ કે, જે કાંઈ છે તેને તે સાચું, વાસ્તવિક માને છે અને માત્ર માનસિક રીતે તેને સમજાવવાને મથે છે. પરંતુ યોગીની ચેતનાને, ખરું જોતાં, આ જગત કોઈ અંતિમ વાસ્તવિકતા નથી જણાતું. મનથી ઉપર અધિમનસ અને ત્યાંથી અતિમનસ પર જઈને તે પ્રાથમિક સત્યોની દિવ્ય સૃષ્ટિમાં પ્રવેશે છે; અને ત્યાંથી નીચે નજર કરતાં તે સત્યોનું અહીં શું થયું તે નિહાળે છે. એ કેવાં વિકૃત થઈ ગયાં છે, કેવાં કેવળ ભ્રામક થઈ ગયાં છે! આમ હકીકતનું બનેલું આ, જેને આપણે જગત કહીએ છીએ, તે યોગીને મન એક જૂઠાણું છે, અને માત્ર સાચી વાસ્તવિકતા તો નહીં જ. જેવું હોવું જોઈએ તેવું તે નથી, તે લગભગ તેથી ઊલટું છે. જ્યારે વૈજ્ઞાનિકને માટે તે નિરપેક્ષ ભાવે મહત્ત્વનું છે.

આપણું લક્ષ્ય વસ્તુઓમાં પરિવર્તન કરવાનું છે. વૈજ્ઞાનિક જણાવે છે કે જે છે તે સ્વાભાવિક છે, તે મૂળમાંથી બદલાઈ ન શકે. પણ, સાચી રીતે જોતાં, જે સિદ્ધાન્તોની તે વાત કરે છે તે પોતાના મનમાંથી ઊપજાવી કાઢેલા હોય છે; અને વળી તે પ્રકૃતિ, જેવી છે તેવીને, આધાર, પાયો માને છે, એટલે વસ્તુઓ તેમની દૃષ્ટિએ સંપૂર્ણ રીતે બદલાતી નથી, બદલી શકાતી નથી. પરંતુ, આપણી રીતે, આ બધું બદલી શકાય; કારણ કે, આપણને ખબર છે કે ઉપર કાંઈક છે, આવિર્ભાવ પામવા માગતું એક દિવ્ય સત્ય છે. અહીં કોઈ નિશ્ચિત સિદ્ધાંતો નથી; અને વિજ્ઞાન પણ એની પૂર્વગ્રહ વિનાની ક્ષણોમાં કબૂલ કરે છે કે બધા સિદ્ધાન્તો માત્ર માનસિક રચનાઓ હોય છે. આ તો માત્ર પ્રાસંગિક ઘટનાઓ (cases) હોય છે, અને જો મન બધા સંજોગો પ્રત્યે ધ્યાન આપી શકે તો તેને સમજાશે કે કોઈ બે પ્રાસંગિક ઘટનાઓ સરખી હોતી નથી. કાયદાઓ (કે સિદ્ધાન્તો)

મનની સુવિધા માટે હોય છે; પરંતુ અતિમાનસિક આવિર્ભાવની પ્રક્રિયા જુદી હોય છે. આપણે એમ પણ કહી શકીએ કે તે મનથી ઊલટી છે. અતિમાનસિક ઉપલબ્ધિમાં પ્રત્યેક વસ્તુ એક એવા સત્યને વહન કરશે જે, જે કાંઈ થઈ ગયું હોય કે થનાર હોય, તેનાથી બદ્ધ થયા વગર પ્રત્યેક પળે આવિર્ભાવ પામતું હશે. અતીતને વર્તમાનની સાથે સાંકળનારું વિસ્તૃત સંકલન જે પ્રકૃતિના રાજ્યમાં એક અપરિવર્તનશીલ નિયતિવાદનો દેખાવ કરે છે, તે સઘળી રીતે મનની રીતે વિચારનારી પ્રક્રિયા છે; અને એ કોઈ પ્રમાણ નથી કે જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તે અનિવાર્ય છે, અને તેથી બીજી રીતનું હોઈ શકે નહીં.

યોગી જે જ્ઞાન ધરાવે છે તે પણ જે કાંઈ બને છે તે બધી ભગવાનની સીધી કાર્યપ્રણાલી છે એ પ્રકારના ભયંકર સિદ્ધાંતનો પ્રત્યુત્તાર છે. કારણ કે, તમે એક વાર અતિમનસ લગી ગયા કે તરત જ સમજાઈ જાય છે કે જગત જૂઠું છે, વિકૃત છે. અતિમાનસિક સત્ય બિલકુલ આવિર્ભાવ પામ્યું નથી. તો પછી આ જગત દિવ્યની અસલો અભિવ્યકિત શી રીતે હોઈ શકે? એ તો જ્યારે અતિમનસ અહીં પ્રતિષ્ઠિત થઈને શાસન કરે, ત્યારે જ માત્ર એક પરમ તપસ્ પ્રમાણભૂત રીતે આવિર્ભૂત થયું છે એમ કહી શકાય. સાથે સાથે જગત એક જૂઠાણું છે એ ભાવની ભયંકર અતિશયોકિતમાંથી આપણે મનને સાવ મોકળું કરવું જોઈએ. આ જાતનો મનોભાવ જેઓ ઉચ્ચતર ચેતનામાં પહોંચે છે તેમનામાં જાગે છે. શંકર અને તેમના જેવા અન્ય આચાર્યોની બાબતમાં એમ બન્યું કે તેમને સાચી ચેતનાની ઝાંખી થઈ અને તેને લઈને આ જગતના મિથ્યાત્વને એવી ઉત્કટ વિષમતામાં મૂકી દીધું કે તેમણે આ જગતને માત્ર મિથ્યા તરીકે જણાવ્યું એટલું જ નહિ, પણ તે ખરેખર એક અસ્તિત્વ ન ધરાવતી ભ્રાંતિ છે અને તેનો સમગ્રપણે ત્યાગ કરવો જ રહ્યો એમ જણાવ્યું. બીજી બાજુ, આપણે પણ તેનું મિથ્યાત્વ જોઈએ છીએ, પણ સાથે સાથે ઉપલબ્ધિ કરીએ છીએ કે તેને ઠેકાણે બીજું ગોઠવવું જોઈએ અને એક ભ્રાંતિ ગણીને તેનો ત્યાગ કરવો ન જોઈએ. વાત એમ છે કે સત્ય ખોટી રીતે ઊતરી આવ્યું છે (mistranslated), દિવ્ય વાસ્ત-વિકતાને વિપર્યસ્ત કરનારું કાંઈક વચ્ચે ઘૂસી આવ્યું. હકીકતમાં, જગત તેને અભિવ્યકત કરવાના હેતુથી રચાયું છે. તેને ખરી રીતે આપણો યોગ અભિવ્યકત કરે છે.

આકસ્મિકતા

"ચાન્સ" એ શબ્દથી આપણે શું સમજવા માગીએ છીએ ? "ચાન્સ" (આકસ્મિકતા) માત્ર વ્યવસ્થા અને સંવાદનો વિરોધી ભાવ હોઈ શકે. સાચો સંવાદ માત્ર એક જ છે અને એ છે અતિમનસ્ — સત્યનું પ્રભુત્વ, દિવ્ય ઋત. આથી અતિમનસ્માં આકસ્મિકતાને સ્થાન નથી. પણ નિમ્નતર પ્રકૃતિમાં પરમ સત્ય તિરોહિત થઈ જાય છે; આને લઈને વ્યવસ્થાને નિર્માણ કરનાર જે એકમાત્ર હેતુ અને કાર્યની દિવ્ય એકતા હોય છે તેનો અભાવ જણાય છે. આ એકતા ન હોવાથી નિમ્ન પ્રકૃતિનો પ્રદેશ, આપણે જેને આકસ્મિકતા ('ચાન્સ') કહીએ છીએ,— તે શાસિત થાય છે. અર્થાત્, એ એક એવું ક્ષેત્ર છે જ્યાં અનેકવિધ ઝઘડતાં બળો એકબીજામાં ઘૂસી જાય છે. એમનામાં કોઈ એક નિશ્ચિત લક્ષ્ય હોતું નથી. આવાં ધસમસતાં પરિબળોમાંથી જે નિષ્પન્ન થાય છે તે અસ્તવ્યસ્તતા, બેસૂરાપણું, જૂઠાણું,— એનું પરિણામ છે. આ બધી થઈ આકસ્મિકતાની ઉત્પત્તિ. આકસ્મિકતા માત્ર કામ કરતાં કારણોના આપણા અજ્ઞાનને ઢાંકતી વિચારણા નથી; નિમ્ન પ્રકૃતિની અનિશ્ચિત અથડામણનું તે વર્ણન છે. એમાં દિવ્ય સત્યની શાંત એકાગ્રતાનો અભાવ હોય છે. જગત પોતાનું દિવ્ય મૂળ ભૂલી ગયું છે, અહંકારી શક્તિઓનો અખાડો બની ગયું છે. તેમ છતાં હજુ પણ તે સત્ય પ્રત્યે ખુલ્લું થઈ શકે છે, પોતાની અભીપ્સા દ્વારા તેને નીચે આણી શકે છે અને આકસ્મિકતાના તોફાનમાં પરિવર્તન લાવી શકે છે. માણસો જેને ઘટનાઓનું યાંત્રિક પરિણામ માને છે, એ તેમના માનસિક સંપર્કો, અનુભવો અને સામાન્યીકરણને લઈને હોય છે. આ બધું સૂક્ષ્મ ક્રિયાશક્તિઓ, જેમાંની પ્રત્યેક પોતાની ઇચ્છા પાર પાડવાને પ્રયત્નશીલ હોય છે,— એમનું કારસ્તાન હોય છે. જગત આ બધી અદિવ્ય ક્રિયાશક્તિઓને એટલું બધું વશ થઈ ગયું છે કે સંગ્રામ વગર સત્યનો વિજય થવો પ્રાયઃ અશક્ય જણાય છે. તે માટે તેનો હક નથી : જૂઠાણાને અને વિકૃતિને પદભ્રષ્ટ કરીને તે પ્રાપ્ત કરી શકાય છે. આનો એક મહત્ત્વનો ભાગ છે આપણી આસાન માન્યતા કે,— કારણ કે, બધું જ તેમના અંતિમ મૂળ દિવ્યને આભારી છે, માટે તેમની સઘળી તાત્કાલિક પ્રવૃત્તિઓ તેમાંથી જન્મે છે. ખરી વાત એ છે કે અહીં આ નિમ્ન પ્રકૃતિમાં દિવ્ય, વૈશ્વિક અજ્ઞાનથી આવૃત છે, અને જે કાંઈ બને છે તે દિવ્ય જ્ઞાનમાંથી સીધેસીધું ઉદ્ભવતું નથી.

વળી, સાથેસાથે બધું પ્રભુની ઇચ્છાશકિતને લઈને છે, તે વિરોધી અસરોને બહુ ગોઠી જતું સૂચન છે. આ, પોતે જેમાં પરિણમ્યું છે એવી અવ્યવસ્થા અને કઢંગાપણાને બને તેટલી સજ્જડતાથી વળગી રહે, એવા જગતને બહાલી આપે છે. તો, તમે પૂછશો, શું કરવું ? વારુ ત્યારે, પ્રકાશને માટે પોકાર કરો. રૂપાંતરની શકિત પ્રત્યે ખુલ્લા થાઓ. અસંખ્ય વાર તમને દિવ્ય શાંતિ આપવામાં આવી છે, અને તેટલી વાર તમે તેને ગુમાવી છે,— કારણ કે, તમારા ક્ષુલ્લક અહંકારી નિત્યક્રમને સમર્પિત કરવા તમારામાંનું કાંઈક નકારે છે. તમે જો સદાય જાગતા નહિ રહો, તો તમારી પુરાણી જડ ટેવો તરફ તમારી પ્રકૃતિ પાછી વળશે, પછી ભલે તે નીચે ઊતરેલા સત્યથી પરિપ્લાવિત થઈ ગઈ હોય. યોગનો જે સારાંશ, પુરાતન અને નૂતન વચ્ચેનો સંઘર્ષ છે, તે આ છે; અને જો તમારા આવિર્ભાવ પામતા પરમ ઋતુ અને આદેશને વફાદાર રહેવા કૃતનિશ્ચય હશો, તો ધીરેધીરે પણ આકસ્મિકતાના પ્રદેશના બનેલા તમારી સત્‌તાના અંશો રૂપાંતરિત થતા જશે, દિવ્ય બનતા જશે.

દિશા અને કાળના ભિન્ન પ્રકારો– પ્રાણમય ભૂમિકામાં નિર્ભયતા

માનસિક ચેતનાની સાથે દિશા અને કાળની શરૂઆત કે અંત નથી. અધિ-મનસમાં પણ તે હોય છે. આખાય વિશ્વના અસ્તિત્વનાં તે સ્વરૂપો છે. માત્ર સ્તરે સ્તરે તે ભિન્ન હોય છે. પ્રત્યેક જગતને પોતાનાં દિશા અને કાળ હોય છે.

આમ આ ભૌતિક સૃષ્ટિમાં આપણે જે જોઈએ છીએ તેની સાથે માનસિક દિશા અને કાળ બંધ બેસતાં નથી. મનોમય સૃષ્ટિમાં આપણે આપણી ઇચ્છા અને ખુશી પ્રમાણે આગળ અને પાછળ વિચરી શકીએ છીએ. કોઈ વ્યકિતનો તમે વિચાર કરો કે તરત જ તેની સાથે તમે હો છો. વળી તમે કોઈની સાથે ગમે તેટલા નિકટમાં હો, તોપણ જો તમારા વિચારો કોઈ અન્યમાં પરોવાયેલા હોય, તો તમે દૂર સુદૂર હોઈ શકો છો. ત્યાંની ગતિવિધિ તત્કાલ થાય છે; ત્યાંની દિશા અને કાળની પરિસ્થિતિ ઓટલી બધી સ્વતંત્ર હોય છે. પરંતુ પ્રાણમય જગતમાં તમારી ઇચ્છાશકિતનો ઉપયોગ કરવો પડે છે; અહીં પણ અંતર ઓછું દૃઢ હોય છે, પણ હલનચલન તત્કાલ નથી હોતું. અહીં ઇચ્છાશકિત અજમાવવી પડે છે.

યોગમાં ભિન્ન ભિન્ન દિશાકાળના જ્ઞાનનું ઘણું વ્યાવહારિક મૂલ્ય છે. જ્યારે તમે તમારા પ્રાણમય અને મનોમય દેહની ભૂમિકામાં હો છો, ત્યારે યોગ્ય રીતે વર્તવાની અશકિતને લઈને ઘણી ભૂલો થાય છે. દાખલા તરીકે, તમારે યાદ રાખવું જોઈએ કે સ્વપ્નોમાં તમે પ્રાણમય જગતનાં દિશા અને કાળમાં હો છો; તમે જાણે કે તમારા ભૌતિક દેહમાં છો એમ માનીને વર્તવું ન જોઈએ. ત્યાંની પરિસ્થિતિનું તમને જરૂર પૂરતું જ્ઞાન હોય તો જે પ્રાણિક સત્ત્વો તમને બીવડાવે છે અને તમને આવાં દુ:સ્વપ્નો આપે છે, તેમની સાથે અસરકારક રીતે વરતી શકો. પ્રાણમય દિશા અને કાળમાં થતી વિલક્ષણ પ્રવૃત્તિઓમાંની એક એ છે કે આ બધાં સત્ત્વો મોટી આકૃતિઓ પોતાની ઇચ્છાશકિત મુજબ ધારણ કરી શકે છે, તમારામાં ભયનાં આંદોલનો પ્રગટાવી શકે છે, અને આમ તમારા પર આક્રમણ કરીને વશ કરવાનાં તેમનાં ઘણાં શકિતશાળી સાધનો છે. વિકરાળ ભ્રાંતિ ખડી કરવાની તેમની શકિતને તમારે મનમાં રાખવી જોઈએ અને બધા ભય ટાળવા

જોઈએ. એક વાર તમે હિંમતપૂર્વક ડગ્યા વગર તેમનો સામનો કરો, તેમની આંખોમાં સીધી નજર પરોવો, તો તેમની ત્રણ ચતુર્થાંશ શક્તિ ચાલી જશે. અને જો તમે અમને મદદ માટે બોલાવો તો બાકીનો એક ચતુર્થાંશ ચાલ્યો જશે. પછી એ તત્ત્વો કાં તો ભાગી જશે, કાં તો વિલીન થઈ જશે. મારો એક મિત્ર હતો. તે પોતાના પ્રાણમય દેહમાં બહાર જવાને ટેવાઈ ગયેલો, તેણે મને એક વાર ફરિયાદ કરી કે એક રાક્ષસી વાઘનો તેને હંમેશાં સામનો કરવો પડતો, તેને લઈને તેની રાત્રિ મુશ્કેલ થઈ જતી. મેં તેને બધો ભય કાઢી નાખવા જણાવ્યું, તે પ્રાણીની સામે સીધેસીધા જઈને તેના સામે તાકવાનું કહ્યું,— જરૂર પડે તો અલબત્ત, મદદ માટે બોલાવવા કહ્યું. તેણે તેમ કર્યું અને આશ્ચર્ય સાથે તે વાઘ એકદમ નાનકડી બિલાડીમાં ફેરવાઈ ગયો!

પ્રાણમય સત્ત્વની સામે નિર્ભયપણે તાકીને જોવાની અત્યંત જાદુઈ અસર વિષે તમને ખ્યાલ નહિ આવે. પૃથ્વી પર પણ જેમને આપણે સામાન્ય રીતે પ્રાણીઓ કહીએ છીએ તે બધાં પ્રાણિક શક્તિનાં સ્વરૂપોની સામે તમે આમ વરતી શકો, તો સહેલાઈથી પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે તેમ છે. એક જીવતો-જાગતો વાઘ સહેજ પણ ગભરાયા વગર તેની આંખોમાં નજર પરોવી શકો તો કયાંય ભાગી જશે. સહેજ પણ ડર વગર તમે જો સાપની આંખોમાં આંખો પરોવી શકશો તો તમને કદાપિ ડંખ નહિ દઈ શકે. ધ્રૂજતા પગે તેની સામે આમ માત્ર જોયે નહિ પતે. તમારામાં કયાંય જરાય ક્ષોભ ન હોવો જોઈએ : તેની અત્યંત ડરામણીમાં તમને સપડાવવા પોતાનું માથું હલાવતો હોય ત્યારે તેની નજર સામે તમારે શાંત સંહત રહેવું જોઈએ. મનુષ્યની આંખોમાં રહેલા પ્રકાશની પ્રાણીઓને ખબર હોય છે. જો તેને યોગ્ય રીતે સંચાલિત કરવામાં આવે તો તેને તેઓ સહી શકતાં નથી. જો સ્થિર અને ભયહીન હોય તો મનુષ્યની નજરમાં રહેલી શક્તિ તેમને નાકામિયાબ બનાવી દે છે.

એટલે હવે સારાંશમાં બે વાતો યાદ રાખો : કદાપિ, કદાપિ બીતાં નહીં અને બધા સંજોગોમાં તમારા બળને સોગણું કરવા માટે સાચી મદદની માગણી કરો.

દિવ્યની સાથે ઐક્યને લઈને જ્ઞાન-જગતમાં દિવ્ય તપસ્ (ઇચ્છાશક્તિ)

કોઈ પણ વસ્તુની સાથે તાદાત્મ્ય દ્વારા તેની જાણકારી સાધનારી બુદ્ધિ-શક્તિ એટલે ચેતના. પરંતુ દિવ્ય ચેતના માત્ર જાણકારી નથી, પણ તે જાણે છે અને સિદ્ધ કરે છે. કારણ કે, માત્ર જાણકારી એ જ્ઞાન નથી. દાખલા તરીકે, કોઈ આંદોલનને જાણવું એનો અર્થ એ વિષે તમે બધું જાણો છો ન થાય. માત્ર જ્યારે દિવ્ય ચેતનામાં આપણી ચેતના સક્રિય ભાગ લે, ત્યારે પદાર્થની સાથેના તાદાત્મ્યને લઈને તેને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સામાન્યતઃ, તાદાત્મ્ય જ્ઞાનના કરતાં અજ્ઞાન તરફ લઈ જાય છે, કારણ કે, ચેતના પોતે જે થાય છે તેમાં ખોવાઈ જાય છે, અને પછી યોગ્ય કારણો, સંલગ્ન પદાર્થો અને પરિણામોનું તટસ્થ દર્શન કરી શકતી નથી. આમ ધારો કે તમે ક્રોધના આવેગ સાથે તાદાત્મ્ય સાધ્યું, તો પછી તમારું આખું સત્ત્વ એ ક્રોધસભર આંદોલન થઈ જાય છે,—અંધ, વ્યગ્ર, બધી વસ્તુઓથી અચેત. એ તો જ્યારે તમે પાછા હટીને જુઓ, આવેગોની અથડામણની વચ્ચે રહ્યા છતાં અળગા રહી શકો, ત્યારે જ્ઞાનચક્ષુ દ્વારા પ્રક્રિયાને જોઈ શકો. એટલે કે, અસ્તિત્વની સામાન્ય અવસ્થિતિમાં જ્ઞાન ઘટનામાંથી પાછા હટી જવાથી મળી શકે છે, પદાર્થની સાથે તાદાત્મ્ય પામ્યા વગર તેનું નિરીક્ષણ કરવાથી મળી શકે છે. પરંતુ દિવ્ય ચેતના પોતાના પદાર્થની સાથે તાદાત્મ્ય પામે છે અને તેને આરપાર જાણે છે; કારણ કે, પ્રત્યેક હકીકતની અંદર રહેલા નિયામક તત્ત્વની સાથે અથવા તેના મૌલિક સત્યની સાથે હમેશાં એક રહે છે. અને આમ તે માત્ર જાણે છે એટલું જ નથી, પણ જાણીને પોતે જે ઇચ્છે છે તે બહાર આણે છે. તેને માટે સચેતન થવું એટલે સિદ્ધ કરવું,—તેની પ્રત્યેક ક્રિયા સર્વજ્ઞતાની ઝલક હોય છે, અને પ્રકાશિત કરવા ઉપરાંત તેના સત્ય-સ્વભાવ દ્વારા જે લક્ષ્ય નિર્દિષ્ટ થયું હોય તે તરફ આખરે તેના પંથને ઉજાળે છે.

તમારી સામાન્ય ચેતના અવચેતનાની સાથે ખૂબ મિશ્રિત થઈ ગઈ હોય છે, તે આમતેમ ફાંફાં મારે છે, ખૂબ જોર કરે છે અને નિષ્ફળ જાય છે; જ્યારે પરમની સાથેના ઐક્યને લઈને તમે પરમ પ્રકૃતિના ભાગીદાર બનો છો, અને જ્યારે જ્યારે કોઈ પણ પદાર્થ તરફ તેનું નિરીક્ષણ કરવા, તેની સાથે તાદાત્મ્ય સાધવા વળો છો, ત્યારે ત્યારે તમને પૂરેપૂરું જ્ઞાન મળે છે. અલબત્ત,

દિવ્ય ચેતનામાં રહેલી બધી વસ્તુઓનો તમને ભેટો થાય છે એમ અનિવાર્યપણે બનતું નથી. તમારી ખોજ સાચી હોય છે, પણ દિવ્યની પ્રવૃત્તિની અનેકવિધ સમૃદ્ધિ તમે પામી શકતા નથી. છતાં, તમારી મર્યાદામાં રહ્યો રહ્યો વસ્તુઓના સત્ય પ્રમાણે સાચી રીતે તમે જોવાને શકિતમાન બનો છો. અને યોગની પરિભાષામાં જેને તાદાત્મ્ય દ્વારા જ્ઞાન કહેવામાં આવે છે, તેના કરતાં સાચે જ કાંઈક વધુ હોય છે. કારણ કે, યોગની ઘણીખરી સાધનાઓ દ્વારા જે પ્રકારનું તાદાત્મ્ય શિખવાય છે તે, પદાર્થના અંતરતમ હાર્દને વીંધ્યા વગર, તમારા પ્રત્યક્ષ ધ્યાનની ક્ષિતિજો વિસ્તૃત કરી આપે છે; તે જાણે કે અંદરથી જોતું જણાય છે, પણ તે હોય છે માત્ર તેનું પ્રાકૃતિક પાસું. દાખલા તરીકે, જો તમે તમારી જાતનું વૃક્ષની સાથે તાદાત્મ્ય સાધો, તો તે વૃક્ષ પોતાને વિષે જ સભાન છે તે રીતે પામી શકો છો, અને તેમ છતાં વૃક્ષને વિષે સઘળું જાણી શકતા નથી; અને તેનું સરળ કારણ એ છે કે તે વૃક્ષને પણ આવું ભાન હોતું નથી. તમે વૃક્ષની આંતરિક લાગણીના ભાગીદાર થઈ શકો છો, પણ જે સત્ય પર તે પ્રતિષ્ઠિત છે તે તમને ખરેખર નહિ સમજાય,— જેમ તમારી પ્રાકૃતિક જાતને વિષે સભાન હોવાને કારણે, અંદરમાં છૂપેલી તમે જ દિવ્ય વાસ્તવિકતા છો એ તમે તરત પ્રાપ્ત કરી શકો છે, એથી વધુ નહિ તેમ. જ્યારે, તમે જો દિવ્ય ચેતનાની સાથે એક થાઓ — વૃક્ષને શું લાગે છે તે ઉપરાંત—, તો તેની પાછળ રહેલા સત્યને તમે જાણો છો; ટૂંકમાં, કારણ કે દિવ્ય ચેતના બધું જાણે છે, એટલે તમે બધું જાણો છો.

અલબત્ત, આ ઐકયપ્રાપ્તિનાં ઘણાં સાધનો છે. અભીપ્સા કે શરણાગતિ કે અન્ય કોઈ રીતે તે મળી શકે. દરેકને ખંતથી અને સહૃદયતાથી અનુસરવામાં આવે તો ત્યાં લઈ જાય છે. દિવ્યને પહોંચવાના સંકલ્પની પાછળ રહેલી અભીપ્સા તમારી સમગ્ર પ્રકૃતિનો જીવંત અને સક્રિય જુસ્સો છે. બીજી બાજુ, તમારા અહંની હદોને ત્યજી દેવી એમ શરણાગતિની વ્યાખ્યા થઈ શકે. ભગવાનને શરણે જવું એટલે તમારી સાંકડી ક્ષિતિજોનો ત્યાગ, તેમને તમારા પર આક્રમણ કરવાની છૂટ આપવી અને તેને તેની રમતનું કેન્દ્ર બનાવવું. પણ તમારે યાદ રાખવું જોઈએ કે યોગીઓની અત્યંત પ્રિય વૈશ્વિક ચેતના એ દિવ્ય નથી : તમારી ઈચ્છા હોય તો તમારી ક્ષિતિજોને આડી રીતે તોડી શકો, પણ એમ કરતાં નીપજતી વિશાળતા અને વૈશ્વિક બહુવિધતાના ભાવને જો તમે દિવ્ય માની લો તો તમારી ભૂલ થશે. વૈશ્વિક ગતિવિધિ આખરે તો જૂઠાણા અને સત્યનું મિશ્રાણ છે, એટલેત્યાં થંભી જતાં તમે અપૂર્ણ રહેવાના; કારણ કે, પરાત્પર

સત્યને કદાપિ પામ્યા વગર પણ તમે વૈશ્વિક ચેતનાના ખુશીથી ભાગીદાર બની શકો છો. એથી બીજી તરફ, દિવ્ય પ્રત્યે જવું એટલે પણ વૈશ્વિક ઉપલબ્ધિ કરવી ગણાય, અને છતાં જૂઠાણાથી મુકત રહી શકાય.

વૈશ્વિક ચેતનાને કે પરાત્પર સત્યને તમારી શરણાગતિમાં નડતી બાધા વ્યકિતની મર્યાદાઓ પ્રત્યેનો પ્રેમ છે. આ પ્રેમ સ્વાભાવિક હોય છે, કારણ કે વ્યકિતની ખુદ રચનામાં મર્યાદાઓ પર એકાગ્ર થવાનું મનોવલણ હોય છે. તે વગર જુદાપણાનો ભાવ ન હોય,—બધું સેળભેળ થઈ જાય, જેમ ઘણીયે વાર ચેતનાની માનસિક અને પ્રાણિક ગતિવિધિમાં બને છે તેમ. દ્રવણશીલ ન હોવાને કારણે ખાસ કરીને દેહ પોતાનું ભિન્ન વ્યકિતત્વ જાળવે છે. પરંતુ એક વાર આ જુદાપણું સ્થપાય કે તેને ગુમાવવાની બીક ઘૂસે છે,—અને ઘણી રીતે આ એક તંદુરસ્ત સાહજિક વૃત્તિ છે, પણ દિવ્યની બાબતમાં તે ખોટી રીતે જોડવામાં આવેલી છે. કારણ કે, દિવ્યમાં તમે સાચે જ તમારું વ્યકિતત્વ ગુમાવતા નથી, માત્ર તમારો અહંકાર ત્યજવો પડે છે. તમે સાચી વ્યકિત થાઓ છે, દિવ્ય પુરુષ બનો છો, જેને તમારી "જાત" (self) સામાન્યપણે ગણવામાં આવે છે તે ભૌતિક ચેતનાની રચનાની માફક ક્ષણકાલીન નથી હોતા. દિવ્ય ચેતનાનો એક સ્પર્શ થવા દો અને તમને તરત જ લાગશે કે એમાં કાંઈ ગુમાવવાપણું નથી. ઊલટું, તમે એક સાચી વ્યકિતગત સ્થિરતા પ્રાપ્ત કરો છો, જે શરીરનાં સેંકડો મરણોમાંથી પ્રાણની અને મનની ઉત્ક્રાન્તિની ચઢતી-ઊતરતીમાંથી બચી જાય છે. આ રૂપાંતરકારી સ્પર્શ ન હોય તો તમે ભયમાં રહો છે; અને તે હોય તો તેનું વ્યકિતત્વ ગુમાવ્યા વિના તમે તમારી ભૌતિક સત્તાને ક્રમશ: નમનીય કરવાનું બળ વિકસાવો છો. અત્યારે પણ તે સાવ અક્કડ નથી, એક પ્રકારની આનુકંપાને લઈને બીજાઓની જીવંત ગતિવિધિને તે અનુભવી શકે છે: આને લઈને તેમનાં સુખ અને દુ:ખ પ્રત્યે સંવેદનયુકત પ્રતિક્રિયામાં પરિણમે છે. તમારી અંદરની ગતિવિધિને તે વ્યકત કરી શકે છે, અને સૌ જાણે છે તેમ ચહેરો મનનો સૂચક, એક આરસી, બને છે. પરંતુ માત્ર દિવ્ય ચેતના જ અતિ-માનસિક અમરતાની સઘળી ગતિવિધિને પ્રતિબિંબિત કરવા શરીરને પૂરતું સંવેદનશીલ બનાવે છે. અને આમ તે સાચા આત્માની અભિવ્યકિત બને છે, અને દિવ્યીકરણ થતાં એક પરમ વ્યકિતત્વની ટોચે પહોંચે છે, ભૌતિક રીતે પણ મૃત્યુ અને વિલયની આવશ્યકતાની પર થઈ શકે છે.

ઉપસંહારમાં, મારે એક મુદ્દા પર તમારું ધ્યાન દોરવું જોઈશે, કારણ કે સાચા ઐકયમાં તે વારંવાર રુકાવટ ઊભી કરે છે. દિવ્ય તપસ્ જગતમાં ખુલ્લી

રીતે કામ કરે છે એમ ધારવું એ એક મોટી ભૂલ છે. ખરું જોતાં, જે કાંઈ બને તે બધું દિવ્ય નથી હોતું; નિમ્નતર શક્તિઓના સંબંધને લઈને, એટલે તેમને ઉતારવા જતાં, પરમ ઈચ્છાશક્તિ પોતાના પ્રકટીકરણમાં વિકૃત થઈ જાય છે. એ માધ્યમ છે જે તેના સંવેગને જૂઠું બનાવે છે અને તેનું અદિવ્ય પરિણામ આણે છે. જે કાંઈ બન્યું છે તે જો તેનું ભૂલ વગરનું તાત્પર્ય હોય, તો પછી જગતની વિકૃતિઓની બાબતમાં તેમનો તમે કયે આધારે તાળો મેળવી શકશો ? કહેવાનું એમ નથી કે દિવ્ય તપસ્ વૈશ્વિક અભાનનું કારણ ન બની શક્યું હોત. એ સર્વશક્તિમાન છે અને તેનામાં બધી શક્યતાઓ અંતર્નિહિત છે : પોતાના મૂળ દર્શનમાં જેની ગુપ્ત આવશ્યકતા જુઓ એવું બધું તે ઉતારી શકે. અને આમ આ જગતનું પ્રથમ કારણ દિવ્ય છે, જો કે આપણાં નાનાં નૈતિક મૂલ્યોની સાથે બૌદ્ધિક રીતે તેનો સમાધાનપૂર્વકનો મેળ નહિ મેળવી શકીએ. પરંતુ એક વાર વિશ્વની પરિસ્થિતિઓ નિર્ણિત થઈ ગઈ અને બધાં દેખીતાં વિરોધી બળોમાંથી દિવ્યના પ્રગતિશીલ પ્રગટીકરણના પાયા તરીકે તેનો અવિદ્યામાં તિરોભાવ સ્વીકારાઈ ગયો, પછી નિમ્નતર અને ઉચ્ચતર એવું એક વિભાગીકરણ થયું. જગતનો ઈતિહાસ સત્ય અને જૂઠનું સમરાંગણ બની ગયું, જેમાં દિવ્યના ક્રમશઃ પ્રગતિશીલ કાર્યોનું સીધું પ્રતિનિધિત્વ સઘળાં પરિણામોમાં જણાતું નથી; પરંતુ નીચલી પ્રકૃતિ જે પ્રકારે તેનો સામટો પ્રતિકાર કરે છે તેને લઈને એ બધી વિકૃતિઓ દાખલ થઈ. જો આવો પ્રતિકાર ન હોત, તો જગતમાં કશા પર વિજય મેળવવાનું ન હોત; કારણ કે, તો, જગત સુસંવાદી હોત, એક પૂર્ણતામાંથી બીજી પૂર્ણતા પ્રત્યેનો નિરંતર પંથ હોત, અત્યારે જે અથડામણ જણાય છે, જેમાં દિવ્યને વાસ્તવિક સામનો કરવો પડે એવાં જોખમો અને અનેકવિધ શક્યતાઓની એક રમત, ખરી મુશ્કેલી, અંતિમ વિજયને માર્ગે ઘણી વાર જણાતો સાચો કામચલાઉ પરાજય — બની ગઈ હોત. આખા નાટકની આ જે નરી વાસ્તવિકતા છે, તે તેનો માત્ર ઉપહાસ બનાવતી નથી. અવિદ્યામાં રહેલી વિરોધી શક્તિઓના સ્પર્શ માત્રથી દિવ્ય તપસ્ સાચેસાચ વિકૃતિને પામે છે. એટલા માટે, જગતનું પરિવર્તન સાધવાના અને એક ભિન્ન પ્રકારનું બનાવવાના આપણા પ્રયત્નોને હળવા કરવા ન જોઈએ. દિવ્યની સાથે સહકાર કરવામાં આપણે ખડે પગે રહેવું જોઈશે, જે કાંઈ બને છે તે સારાને માટે બને છે એમ માનીને ધીરજ ધર્યે નહિ ચાલે. બધું જ વ્યક્તિગત મનોભાવ પર નિર્ભર છે. જે સંજોગો ઉપસ્થિત થવાની અણી પર છે તેવે સમયે તમે જો એક સર્વોચ્ચ મનોભાવ ધારણ કરી શકો — અર્થાત્, તમારી પહોંચમાં જે સૌથી ટોચ પર ચેતના છે તેના સંપર્કમાં તમારી ચેતનાને રાખી શકો — તો એ પરિસ્થિતિમાં તમારે ખાત્રી રાખવી

કે જે કાંઈ બનશે તે તમારે માટે ઉત્તમ હશે. પણ જેવા તમે આ ચેતનામાંથી ભ્રષ્ટ થયા, નીચેના સ્તર પર આવી ગયા, પછી જે બને તે ઉત્તમ હોઈ શકે નહીં એ દેખીતું છે; કારણ કે, તમે તમારી ઉત્તમ ચેતનામાં નથી હોતા. શ્રી અરવિંદે એક ઠેકાણે જણાવ્યું છે કે, "જે બન્યું તે બનવા માટે હતું, પણ તેથી વધુ સારું થઈ શકયું હોત". કારણ કે, જેને માટે તે બન્યું તે પોતે ઊંચામાં ઊંચી ચેતનામાં નહોતો, એટલે બીજો કોઈ ઉપાય હતો નહીં. પરંતુ જો તે દિવ્યનું અવતરણ આણી શકયો હોત, તો પછી આસપાસની પરિસ્થિતિ સામાન્ય રૂપે અનિવાર્ય હોત તોય કંઈ જુદું બન્યું હોત. આ બધાંનો આધાર તમે કેવી રીતે દિવ્યની ઈચ્છાશકિતની પ્રેરણાને ઝીલી શકો છો તેના પર છે.

આ ઈચ્છાશકિતને પોતાની સર્વાંગપૂર્ણ પ્રામાણિક સચ્ચાઈથી પામતાં પહેલાં તમારે ઘણે ઊંચે ચડવું જોઈએ; તમે જ્યાં લગી તમારી નિમ્ન પ્રકૃતિને તેના પ્રત્યે ખુલ્લી ન કરો, ત્યાં લગી તે પોતાના સત્યના મહિમામાં પ્રગટ થવાની શરૂઆત નહિ કરે. એટલે, અદિવ્યમાંથી દિવ્યનો ફરક જાણવા માટે કામ-ચલાઉ સફળતાનું માત્ર નિર્દેશનું ધોરણ લગાડવામાંથી મુકત રહેવું જોઈશે. કારણ કે, જીવન એક સંગ્રામનું ક્ષેત્ર છે; તેમાં દિવ્યનો સર્વાંગીણ વિજય માત્ર ત્યારે જ થાય જ્યારે નીચલી પ્રકૃતિ વિરોધી શકિતઓને સાથ આપવાને બદલે તેના પ્રોત્સા-હનને ઝીલવા સમર્થ બને. અને આમ છતાંય એ કસોટી બાહ્યના કરતાં વધુ આંત-રિક છે : કોઈ પણ દિવ્ય હલનચલનને બહારની નિશાનીઓ વડે મૂલવી શકાય નહીં — એ એક અમુક પ્રકારનું આંદોલન હોય છે, જે તેની હાજરીનો નિર્દેશ કરે છે. બહારની કસોટીઓ કામયાબ નીવડે નહીં. કારણ કે, બહારથી જણાતી નિષ્ફળતા પણ એક દિવ્ય પ્રાપ્તિ હોઈ શકે છે.... તમારે જે કાંઈ કરવાનું છે તે ભગવાનની કૃપાને તમારું સોંપી દેવાનું છે; કારણ કે, પ્રથમ તિરોભાવ સ્થપાયા પછી તેણે કૃપાને રૂપે, પ્રેમને રૂપે, જગતને ઉદ્ધરવાનું કબૂલ્યું છે. દિવ્યની દૃષ્ટિએ રૂપાંતરની ચરમ શકિત પ્રેમ છે. તેની પાસે આ શકિત છે; કારણ કે, તેણે રૂપાંતરની ખાતર પોતાની જાતને આમ સમર્પિત કરી છે, સર્વત્ર પ્રગટ કરી છે. માત્ર મનુષ્યમાં તેણે પોતાની જાતને ઓતપ્રોત કરી છે એમ નથી, પણ જગતને પોતાના અસલી સત્ય તરફ આણવા માટે તેણે જડ પદાર્થના અત્યંત અંધ બધા આણુઓમાં પણ સમા-વિષ્ટ કરી છે. ભારતીય ધર્મગ્રંથોમાં જેને પરમ યજ્ઞ કહેવામાં આવ્યો છે, તે આ છે. પરંતુ માત્ર માનવીય દૃષ્ટિબિંદુથી આ યજ્ઞ કહેવાય; માનવનું મન વિચારે છે કે જો તેણે આમ કરવું હોય તો તે એક પ્રચંડ યજ્ઞ થાય. પરંતુ દિવ્ય આમ કાંઈ ક્ષીણ થાય નહીં, તેનું અનંત સત્ત્વ ઊણું થાય નહીં,— પછી ભલેને ગમે

તેટલા "યજ્ઞો",—બલિદાનો અપાય.... જે ક્ષણે તમે દિવ્ય પ્રેમ પ્રત્યે છતા થાઓ છો, તે ક્ષણે તેની રૂપાંતરની શકિત તમારામાં ઊતરે છે. પણ તમે તેનું માપ જથ્થાની દૃષ્ટિએ નહિ કાઢી શકો; જે જરૂરી છે તે સાચો સંયોગ છે; કારણ કે, તમને જણાશે કે તેની સાથેનો એ સાચો સંયોગ તમારી સમગ્ર સત્‌તાને તરત જ સભર ભરી દેવા પૂરતો છે.

અતિમનસ્ અને અધિમનસ્

શ્રી અરવિંદનું કાર્ય એક અદ્વિતીય પાર્થિવ રૂપાંતરનું કાર્ય છે.

મનથી ઉપર જાગ્રત સત્‌તાના ઘણા સ્તરો છે. એ સૌમાં શ્રી અરવિંદ જેને અતિમનસ્ કહે છે તે સાચે જ દિવ્ય જગત છે, એ સત્યનું જગત છે. પરંતુ એની વચ્ચે તેમણે જેને અધિમનસ્ કહ્યું છે તે છે. એ વૈશ્વિક દેવોનું જગત છે. આપણા જગત પર અત્યાર લગી જેનું શાસન ચાલ્યું આવે છે, તે આ અધિમનસ્ છે. મનુષ્યે પોતાની પ્રકાશિત ચેતનામાં જે સિદ્ધ કર્યું છે તેમાં સૌથી ઊંચું આ છે. એને અત્યાર લગી પરમ દિવ્ય માનવામાં આવ્યું છે અને જેઓ ત્યાં પહોંચ્યા છે તેઓ એક પળ પણ શંકા ધરાવતા નથી કે સાચેસાચ તે પરમાત્મા છે. કારણ કે, સામાન્ય માનવીની ચેતનાને માટે એનું ગૌરવ એટલું મહાન છે કે તે ચોકકસ-પણે ચકિત થઈને માનતો થઈ જાય છે કે આ જ આખરે એક ઊંચામાં ઊંચી વાસ્તવિકતા છે. અને તેમ છતાં સાચી વાત એ છે કે અધિમનસ્ સાચી દિવ્યતા કરતાં ઘણી નીચી કક્ષાએ આવેલું છે. સત્યનું તે પ્રમાણભૂત રહેઠાણ નથી. ઈતિહાસની શરૂઆતથી મનુષ્યો જેમને નમતા આવ્યા છે તે સર્જક શકિતઓ અને દેવીઓનો અધિષ્ઠાત્રીઓનો જ માત્ર એ લોક છે. અને શા માટે સાચા દિવ્યે પ્રગટ થઈને આ પૃથ્વીની પ્રકૃતિનું રૂપાંતર કર્યું નથી તેનું ખરેખરું કારણ એ છે કે અધિમનસ્‌ને અતિમનસ્ માની લેવામાં આવ્યું છે. વૈશ્વિક દેવો સંપૂર્ણપણે ઋતચેતનામાં રહેતા નથી; તેઓ માત્ર તેમના સંપર્કમાં હોય છે. તેમાંનો પ્રત્યેક તેની ભવ્યતાઓનું એક પાસું પ્રદર્શિત કરતો હોય છે.

અલબત્ત, જગતના ઈતિહાસમાં અતિમનસે પણ પાઠ ભજવ્યો છે, પણ એ અધિમનસ્‌ની મારફત. અતિમાનસિક ચેતના અને શકિતમાંથી તે સીધેસીધું ઊતરી આવેલું છે. એ ચેતના જ એકમાત્ર પરમાત્માની યથાર્થતામાં જીવનને સમગ્રભાવે પુનર્નિર્મિત કરે છે, કારણ કે, અધિમનસ્‌માં શકયતાઓની રમત શરૂ થઈ જાય છે, જેને પરિણામે મન, પ્રાણ અને પદાર્થ (જડ તત્ત્વ)ની આ નિમ્નતર વિવિધ દુનિયાનો પ્રારંભ સૂચવે છે, જેમાં આપણું અસ્તિત્વ છે. જયારે જયારે આ રમત રમાય છે અને જયારે પરમાત્માના અંતર્ગત સત્યનો સ્વતઃસ્ફૂર્ત અને અમોઘ વ્યાપાર નથી હોતો, ત્યારે વિકૃતિ અને અજ્ઞાનનું બીજ જણાય છે. અધિ-

મનસ્ અજ્ઞાનનું ક્ષેત્ર છે એમ કહેવાનો અર્થ નથી; પણ તે ઉચ્ચતર અને નિમ્નતર વચ્ચેની સીમારેખા હોય છે; કારણ કે, આ જે શકયતાઓની લીલા, જે જુદી છતાં હજી વિભકત ન થયેલી વિકલ્પની ભૂમિકા હોય છે, — તે વસ્તુઓના સત્યમાંથી સ્ખલન ભણી દોરી જાય તે શકય બને છે.

આથી કરીને માનવજાતિનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર કરવાની શકિત અધિમનસ્ ધરાવતું નથી, તેમ જ તે શકય પણ નથી. એને માટે એકમાત્ર અતિમનસ્ જ અસરકારક કર્તા છે. અને જીવનને અધ્યાત્મમાં રૂપાંતરિત કરનારા ભૂતકાળમાં જે પ્રયાસો થયા છે તેમનાથી આપણો યોગ બરાબર આ રીતે જુદો પડે છે કે આપણે અધિમનસ્‌ની ભવ્યતા જાણીએ છીએ કે તે સર્વોચ્ચ વાસ્તવિકતા નથી, પણ મન અને સાચા દિવ્યની વચ્ચે આવેલુ આંતરિયાળ પગથિયું છે.

સાચી વિનમ્રતા–અતિમાનસક નમનીયતા— આધ્યાત્મિક પુનર્જન્મ

મને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તો સાચી વિનમ્રતા, અતિમાનસિક નમનીયતા અને આધ્યાત્મિક પુનર્જન્મના અર્થ પર સંક્ષેપમાં જણાવીશ. વિનમ્રતા ચેતનાની એક એવી અવસ્થા છે જેમાં, ગમે તેવી ઉપલબ્ધિ હોય, છતાં તમને ખબર હોય છે કે અનંત સતત તમારી સમક્ષ છે. નિ:સ્વાર્થ અહોભાવના એક વિરલ ગુણ વિષે મેં તમને આગળ જણાવ્યું છે, એ પણ સાચી વિનમ્રતાનું એક બીજું પાસું છે; કારણ કે, અહોભાવ પ્રગટ કરવાનું જે નકારે છે તે માત્ર એક ઘમંડ હોય છે. પોતાની ક્ષુલ્લક પ્રાપ્તિઓને વિષે તે આત્મસંતુષ્ટ હોય છે, તેનાથી સદાય આગળ રહેલા અનંતને તે ભૂલી જાય છે. અને છતાંય તમારી પાસે કશું જ સત્ત્વશીલ ન હોય, તમારામાં દિવ્ય ન હોય ત્યારે જ માત્ર વિનમ્ર થવાની આવશ્યકતા છે, એમ માનવાનું નથી; પણ તમે રૂપાંતરને માર્ગે હો ત્યારે પણ વિનમ્રતા હોવી જરૂરી છે. કદાચ વિરોધાભાસી જણાય છતાં ભગવાન જેઓ નિરપેક્ષભાવે પૂર્ણ છે, તેઓ સાથે સાથે પૂર્ણભાવે વિનમ્ર છે,—એટલા બધા વિનમ્ર કે કશું જ એવું હોઈ ન શકે. તેઓ પોતાને વિષે અહોભાવમાં રત નથી : જો કે તેઓ સર્વ છે, છતાંય પોતે જે નથી તેમાં પોતાને શોધવા નિરંતર મથે છે; અને તેથી કરીને આ જે પ્રાકૃતિક જગત, જે પ્રકાંડ ભાવે પોતે નથી તે જણાય છે, તેને તેમણે પોતાની સત્‌તામાં સર્જ્યું છે. તેઓ એક એવા આકારમાં આગળ વધી રહ્યા છે, જેમાં શાશ્વત ચેતનામાં પૂર્ણભાવે પોતાનું છે એ અનંત વિષયવસ્તુ કાળમાં પાર વગર તેમણે ખુલ્લું કરવું પડે છે.

ભગવાનની આ જે અવર્ણનીય વિનમ્રતા છે તેનો સૌથી મહાન વિજયોમાંનો એક હશે જડતત્ત્વનું રૂપાંતર, જે દેખીતી રીતે અદિવ્ય જણાય છે. જડતત્ત્વ જ્યારે અંતે રૂપાંતર પામશે ત્યારે તેનો એક ગુણ હશે અતિમાનસિક નમનીયતા. જે અતિમાનસિક દેહ અહીં સત્‌તા ધારણ કરતો કરવાનો છે તેનાં ચાર મુખ્ય લક્ષણો છે : હળવાપણું (લાઘવ), રૂપાંતરક્ષમતા, નમનીયતા અને પ્રકાશમયતા. જ્યારે ભૌતિક દેહ પૂર્ણપણે દિવ્યત્વને પામે છે, ત્યારે તેને લાગે છે કે જાણે તે સદાય હવામાં ચાલતો હોય. એમાં તમસ્‌ કે અચેતનતા નહિ

હોય. તેની રૂપાંતરક્ષમતાની શકિત પણ પાર વગરની હશે: તેને ગમે તે સ્થિતિમાં મૂકવામાં આવશે તોય તેની પાસે જે જે અપેક્ષાઓ રાખવામાં આવશે તેને તે પહોંચી વળશે; કારણ કે, તેની પૂર્ણ ચેતના બધી પ્રકારની જડતા અને અક્ષમતા, જે સામાન્યપણે જડતાની બાબતમાં આત્માને વિષે રુકાવટ ઊભી કરનારાં નીવડે છે, તેમને હાંકી કાઢશે. અતિમાનસિક નમનીયતા દરેક વિરોધી શકિત જે એને ભેદવા ઝઝૂમે છે, તેના આક્રમણની સામે ખડા રહેવાની તેને શકિત આપશે; આક્રમણની સામે તે મંદ આવરોધ નહિ બતાવે, પણ તેથી ઊલટું, એવી નમનીય બની જશે કે તેને જવાનો માર્ગ આપીને તેના બળને નિષ્ફળ બનાવશે. આમ તેનાં કોઈ માઠાં પરિણામ નહિ આવે અને ગમે તેવા મરણાંતક હુમલાઓ તેને અક્ષત રાખશે. અને આખરે તે પ્રકારથી સભર ભરાઈ જશે, તેનો પ્રત્યેક કોષ અતિમાનસિક ગૌરવને પ્રસારશે. જેમની સૂક્ષ્મ દૃષ્ટિ વિકાસ પામીને ખૂલી ગઈ હશે તેવાઓ જ માત્ર નહિ, પરંતુ સામાન્ય મનુષ્ય પણ આ દીપ્તિને નિહાળવા શકિતશાળી થશે. દરેકને માટે તે એક વાસ્તવિક ખુલ્લી હકીકત બની રહેશે, રૂપાંતરનું તે એક એવું હમેશનું પ્રમાણ થશે કે ખુદ સંશયવાદીને પણ તેની પ્રતીતિ કરાવશે.

શારીરિક રૂપાંતર એક પરમ આધ્યાત્મિક પુનર્જન્મ બની રહેશે, સામાન્ય અતીતનું બધું જ ખરી જશે. કારણ કે, આધ્યાત્મિક પુનર્જન્મ એટલે આપણા પહેલાંના સંબંધો અને સંજોગોને નિરંતર ઉતારી દેવા (સાપની જેમ), જાણે કે પ્રત્યેક અક્ષુણ્ણ પળે જીવન નવેસરથી શરૂ કરતા હોઈએ એમ જીવવું, જેને કર્મ કહેવામાં આવે છે, જે આપણા અતીતકાળનાં કાર્યોની એક ધારા છે, તેમાંથી મુકત થઈ જવું,— અર્થાત્ પ્રકૃતિની સામાન્ય કારણકાર્યની શૃંખલામાંથી છુટકારો.

ચેતનામાં જયારે અતીતકાળનો છેદ ઉડાડવાનું વિજયવિભોર બનીને સિદ્ધ થાય છે, ત્યારે પેલી બધી ભૂલો, ખામીઓ, ત્રુટિઓ અને મૂર્ખામીઓ, જે આપણી સ્મૃતિમાં જળોની માફક લોહી ચૂસતી વળગી રહી હોય છે, જાણે કે ભભૂકી રહી હોય,— તે બધું ખરી પડે છે, અને આપણે આનંદપૂર્ણ મુકિત મ્હાણી શકીએ છીએ. આ મુકિત માત્ર કલ્પનાની વાત નથી; તે એક અત્યંત નક્કર, વ્યવહારુ, વાસ્તવિક હકીકત છે. આપણે ખરેખર મુકત થઈ જઈએ છીએ, આપણને કશું જ બાંધતું નથી, કશું જ ભોળવતું નથી, જવાબદારીની કોઈ બાધા નડતી નથી. જો આપણે ભૂતકાળનો પ્રતિકાર કરવા માગતા હોઈએ, ઉખેડી નાખવા માગતા હોઈએ, કે તેને ઓળંગી જવા ઈચ્છતા હોઈએ, તો તે માત્ર પશ્ચાત્તાપ કે એવી કોઈ બીજી રીતે નહિ થઈ શકે; રૂપાંતરિત ન થયેલો ભૂતકાળ હમેશાં ચાલતો આવ્યો છે તે આપણે ભૂલી જવું જોઈશે. સઘળી પ્રકારનાં બંધનોમાંથી છૂટી જઈને ચેતનાની

એક પ્રબુદ્ધ અવસ્થિતિમાં પ્રવેશવું જોઈશે. પુનર્જન્મ પામવું એટલે પ્રથમ તો આપણી ચૈત્ય-ચેતનામાં પ્રવેશવું. ત્યાં આપણે દિવ્યની સાથે એક થઈએ છીએ અને કર્મની પ્રતિક્રિયાઓમાંથી શાશ્વત કાળને માટે મુકત થઈએ છીએ. ચૈત્યની જીવતી-જાગતી સૂઝ વગર આમ બની શકે નહિ; પરંતુ એક વાર આપણા સાચા આત્મા વિષે જેવા આપણે નિશ્ચિતપણે સચેત બન્યા — અને એ તો નિરંતર દિવ્યને શરણે જ હોય છે — કે તરત બધું બંધન ખરી પડે છે. પછી સતત ભાવે જીવન નવપલ્લવિત બનીને શરૂ થાય છે, અતીતકાળ આપણને વધુ સમય માટે વળગી રહેતો નથી. આ આધ્યાત્મિક પુનર્જન્મની પરાકાષ્ઠાનો ખ્યાલ આપવા માટે હું તમને કહી શકું કે, આખાય વિશ્વની પળેપળે અનુભૂતિ થતી રહે છે, — પ્રત્યેક પળે સાચેસાચ અદૃશ્ય થતી અને પ્રત્યેક પળે નવસર્જન પામતી !

અતિમાનસિક સિદ્ધિ

અતિમાનસિક સિદ્ધિ કેવી હશે તે જાણવા માટે સર્વ પ્રથમ પહેલી શરત એ છે કે અતિમાનસિક ચેતના શું છે તે જાણી લેવું. એક યા બીજી રીતે જેઓ તેના સંપર્કમાં રહ્યા છે તેમને થનાર સિદ્ધિનો કંઈક અણસારો મળી ગયો હોય છે. પરંતુ જેમને તેમ થયું નથી તેઓ હજી પણ તેની સિદ્ધિ માટે અભીપ્સા રાખી શકે છે, જેમ અતિમાનસિક જ્ઞાન માટે અભીપ્સા રાખી શકે તેવી રીતે. સાચું જ્ઞાન એટલે તાદાત્મ્ય દ્વારા થતી અભિજ્ઞતા. તમે જો એક વાર અતિમાનસિક જગતનો સ્પર્શ પામી શકો, તો તમે તેના અવતરણને વિષે કંઈક કહી શકો, પણ તે પહેલાં નહીં. તે પહેલાં તમારે કંઈક કહેવું હોય તો એટલું કહી શકો કે આ પૃથ્વી પર એક નવી સૃષ્ટિ જન્મશે. તમે આમ શ્રદ્ધા દ્વારા કહો છો; કારણ કે, તેનું ચોક્કસ સ્વરૂપ તમારી પાસેથી છટકી જતું હોય છે, અને તમને આ સિદ્ધિની વ્યાખ્યા કરવાનું જણાવવામાં આવે તો કહી શકો કે વ્યકિતગત રીતે જોતાં તેનો અર્થ તમારી સામાન્ય માનુષી ચેતનાનું દિવ્ય અને અતિમાનસિક રૂપાંતર થાય.

ચેતના એક નિસરણી જેવી છે. પ્રત્યેક મહાન યુગે એક મહાન વ્યકિત થઈ છે; તે આ નિસરણીને એક વધારે પગથિયું ઉમેરવાને શકિતશાળી બને છે. પહેલાં સામાન્ય ચેતના જ્યાં કદાપિ નહોતી ત્યાં તે પહોંચે છે. ભૌતિક ચેતનામાંથી તદ્દન બહાર નીકળીને એક ઉચ્ચ સ્તર પર જઈ શકાય છે; પણ પછી તે નિસરણીને કોઈ રાખતું નથી. જ્યારે ખરું જોતાં વિશ્વના મહાન યુગોની મહાન સિદ્ધિ તે નિસરણીમાં એક વધુ પગથિયું ઉમેરવાની શકિત ધરાવતી હોય છે અને છતાંય ભૌતિક જગતની સાથેનો પોતાનો સંપર્ક તે જતી નથી કરતી. તેનામાં એકી સાથે સર્વોચ્ચ ટોચે પહોંચવાની અને ટોચને તળિયાની સાથે યુકત કરવાની શકિત હોય છે,— કોઈ એક શૂન્યતાની ભિન્ન ભિન્ન ભૂમિકાઓની વચ્ચેના જોડાણને કાપી નાખ્યા વગર.

આ આખાય સાક્ષાત્કારનું રહસ્ય છે ઉપર જવું અને નીચે આવવું, ટોચને તળિયાની સાથે જોડવું. અને આ જ છે અવતારનું કાર્ય. દરેક વખતે તે નિસરણીમાં તે એક વધુ પગથિયું ઉમેરે છે અને એ રીતે પૃથ્વી પર એક નવી

સૃષ્ટિ જન્મે છે.... અત્યારે શ્રી અરવિંદે જે એક નવા પગથિયાની વાત કરી છે તેને તેમણે અતિમનસ્ કહ્યું છે. આને લઈને ચેતના અતિમાનસિક જગતમાં પ્રવેશી શકશે અને તેમ છતાંય તેનું વ્યક્તિગત સ્વરૂપ, તેનું વિશિષ્ટીકરણ રાખી શકશે. અને આમ અહીં એક નવીન સર્જનની સ્થાપના માટે ઊતરી આવશે. અલબત્ત, આ કંઈ અંતિમ વાત નથી, કારણ કે, સત્‌તાનાં દૂર દૂરનાં ક્ષિતિજો છે. પરંતુ હમણાં આપણે અતિમનસ્ ઉતારવાનું કાર્ય કરી રહ્યાં છીએ, દુનિયાનું અસરકારક પુનર્ગઠન થાય તેમ ઇચ્છીએ છીએ, દુનિયાને ફરી પાછી એક સાચી દિવ્ય વ્યવસ્થા તરફ લઈ જવા માગીએ છીએ. અને આ કાર્યમાં જે મુખ્ય શક્તિ કે ભાવના છે, જે શક્તિ સક્રિય છે તે મહાસરસ્વતી, પૂર્ણ વ્યવસ્થાની દેવી છે.

આ જે સાતત્યની સિદ્ધિનું કાર્ય, જેને લઈને કોઈ ઉપર જઈ શકે છે અને નીચે ઊતરી શકે છે, ઉપરની વસ્તુને આ પાર્થિવમાં આણે છે, તે ચેતનાની અંદર થતું હોય છે. તેને માટે નિમિત્ત બનેલ જે અવતાર હોય છે, તેને કારાગારમાં પૂરવામાં આવે, કોઈને મળી ન શકે, બહાર કદાપિ હરીફરી ન શકે, છતાંય તે કાર્ય કરશે; કારણ કે, તે ચેતનાની અંદરનું કાર્ય હોય છે, અતિમનસ્ અને ભૌતિક સત્‌તાની વચ્ચેના જોડાણનું કાર્ય હોય છે. તેને માટે અભિજ્ઞતાની જરૂર નથી હોતી. આ પ્રકારના જાગ્રત જોડાણની સ્થાપના થઈ શકે તે માટેની કોઈ બાહ્ય સત્તાની જરૂર નથી હોતી. આને પછી એક વાર તે જોડાણ થયું કે તેની બાહ્ય દુનિયા પર અસર વરતાવાની, એક નવીન સર્જનનું સ્વરૂપ પ્રગટવાનું, કોઈ એક આદર્શ નગરથી શરૂ કરીને એક પૂર્ણ દુનિયા લગી વિસ્તરવાનું.

અતિમાનસિક અવતરણ

જ્યારે તમને "સફળ ભાવિ"નું પ્રતીક ધરાવતું ફૂલ આપવામાં આવે છે ત્યારે તે શું સૂચવે છે તેની તમને ખબર છે? તે એક આશાનું — અરે, એક વચનનું — સૂચન કરે છે કે અતિમાનસિક દુનિયાના અવતરણમાં તમે સક્રિય ભાગ લેશો. એ અવતરણ આપણા કાર્યની સફળ સંસિદ્ધિ બની રહેશે; એ અવતરણની પૂર્ણ ભવ્યતા હજી પ્રગટી નથી, નહિ તો જીવનનું આખું વલણ બદલાઈ ગયું હોત. અતિમનસ્ તેની અસર ધીરેધીરે દાખવી રહ્યું છે. કોઈ વાર સત્‌તાનો એક ભાગ તેની દિવ્યતાનો કે આલિંગનનો સ્પર્શ અનુભવે છે, કોઈ વાર બીજો ભાગ. પરંતુ જ્યારે તે પોતાની સ્વયંભુ શકિતથી નીચે આવે છે, ત્યારે સમગ્ર પ્રકૃતિને એક સર્વોપરી આમૂલ પરિવર્તન ઝડપી લેશે. તેના પૂર્ણ વિજયના સમયની પાસે ને પાસે આપણે ધપી રહ્યાં છીએ. એક વાર જેવી દુનિયા-ની પરિસ્થિતિ તત્પર થશે કે તરત જ બધાંયને આવરી લઈને પૂર્ણ અવતરણ થઈ આવશે. તેની હાજરી અચૂક જણાશે, તેની શકિત કોઈ પણ સામનાને પહોંચી વળશે, શંકાઓ અને મુશ્કેલીઓ તમને પછીથી જરાય પીડિત નહિ કરે. કારણ કે, દિવ્ય પોતે જ પ્રગટ થયેલું હશે, — તેની સમગ્ર પૂર્ણતાની સાથે, અનાવૃત. આનો કહેવાનો અર્થ એમ નથી કે આખી દુનિયા એકાએક તેની હાજરી અનુભવશે અથવા તો તે રૂપાંતરિત થઈ જશે. પરંતુ મારે કહેવાનું એ છે કે માનવજાતિનો અમુક ભાગ તેના અવતરણને જાણશે અને તેમાં ભાગ લઈ શકશે,— ધારો કે આપણી આ અહીંની નાનકડી દુનિયા. ત્યાંથી પરિવર્તનકારી કૃપા ખૂબ અસર-કારક રીતે પ્રસારિત થશે. અને, સદ્‌ભાગ્યે અભીપ્સુઓને માટે તે સફળતાપૂર્વકનું ભાવિ, નવા રૂપાંતરને માટે અપરિપકવ એવા માનવ માનવસ્વભાવ તરફથી ગમે તેટલી મુશ્કેલીઓ ખડી કરવામાં આવશે, છતાંય તેમને માટે તે સ્થૂળ રીતે કામ કરતું થઈ જશે.

ધમ્મપદ

'ધમ્મપદ' બૌદ્ધ ધર્મનો
'ગીતા' જેવો ધર્મગ્રંથ છે.
'ધમ્મપદ' એટલે ધર્મનાં પદો;
અર્થાત્ શ્લોકો.

—અનુવાદક

યમકવર્ગ

દર શુક્રવારે ધમ્મપદના થોડા શ્લોકો તમારી સમક્ષ વાંચીશ. પછી આપણે તેના પણ ધ્યાન કરીશું. તમને માનસિક સંયમ શીખવવા આમ કરીશ. જરૂરી જણાશે તો તે વિષે જણાવીશ.

'ધમ્મપદ' ('ધર્મનાં પદો')ની શરૂઆત 'યમકવર્ગ' (બબ્બે શ્લોકો—'ગાથા'-નું જોડકું) થી થાય છે. પહેલી ગાથા આ પ્રમાણે છે:

મનોપુબ્બઙ્ગમા ધમ્મા મનોસેટ્ઠા મનોમયા ।
મનસા ચે પદુટ્ઠેન ભાસતિ વા કરોતિ વા ।
તતો નં દુક્ખમન્વેતિ ચક્કં વ વહતો પદં ।।

[બધી વસ્તુઓમાં મન મુખ્ય છે. મન શ્રેષ્ઠ છે. બધું મનમાંથી થાય છે. જો કોઈ માણસ દુષ્ટ મનથી બોલે કે ચાલે, તો, જેમ વાહનને જોડેલા પ્રાણીનાં પગલાં પાછળ પૈડું ચાલે છે, તેમ દુ:ખ ચાલે છે.]

અલબત્ત, આ ભૌતિક જીવનને ઉદ્દેશીને છે, વિશ્વનો આમાં પ્રશ્ન નથી. અર્થાત્, અત્યારના જગતમાં જેમ જણાય છે તેમ સામાન્ય માનવજીવન મનથી શાસિત થાય છે. એટલે મન પર કાબૂ મેળવવો એ સૌથી મહત્ત્વની વાત ગણાય. આ રીતે આપણે ધમ્મપદના ભાષ્યમાં એક ક્રમિક વા સંયુકત શિસ્ત પાળીશું, જેથી કરીને આપણે મનનો વિકાસ કરીને તેના પર કાબૂ મેળવી શકીએ.

ચાર પ્રવૃત્તિઓ છે, અને તે ક્રમબદ્ધ છે; પણ પાછળથી એકી સાથે થઈ શકે છે. સૌ પ્રથમ પોતાના વિચારોનું નિરીક્ષણ કરવું, બીજું વિચારો પર દેખરેખ રાખવી, ત્રીજું વિચારોને સંયમમાં આણવા, ચોથું વિચારો પર પ્રભુત્વ મેળવવું. એટલે કે, નિરીક્ષણ, દેખરેખ રાખવી, સંયમમાં આણવું અને પ્રભુત્વ મેળવવું, મનને દૂષિત થતાં બચાવવું, એટલા માટે જેમ માણસ દુષ્ટ મનથી બોલે કે ચાલે તેની પાછળ દુ:ખ આવે છે, જેમ ગાડાને ખેંચતા કે ખેડતા બળદની ખરીની પાછળ પૈડું આવે છે તેમ.

આ થયું આપણું પ્રથમ ધ્યાન.

— ઑગસ્ટ, ૩૦, ૧૯૫૭

મનોપુબ્બઙ્ગમા ધમ્મા મનોસેટ્ઠા મનોમયા ।
મનસા ચે પસન્નેન ભાસતિ વા કરોતિ વા ।
તતો નં સુખમન્વેતિ છાયા વ અનપાયિની ।।

[બધી વસ્તુઓમાં મન મુખ્ય છે. શ્રેષ્ઠ છે. બધું મનમાંથી થાય છે. જો કોઈ માણસ પ્રસન્ન મનથી બોલે કે ચાલે, તો, જેમ પડછાયો સાથ છોડયા વિના સાથે ને સાથે ચાલ્યા કરે છે, તેમ સુખ ચાલ્યા કરે છે.]

ગયે વખતે આપણે જે વાંચ્યું હતું તેનો આ બીજી બાજુનો ભાગ છે. ધમ્મપદ પવિત્ર મનની સાથે દુષ્ટ મનનો વિરોધ દર્શાવે છે. આપણે જોયું હતું કે મનની શુદ્ધિ માટે ચાર ક્રમિક અવસ્થાઓ છે. પવિત્ર મન એટલે સ્વાભાવિક રીતે એવું મન જેમાં કોઈ ખોટા વિચારને પ્રવેશ ન મળે. આપણે જોયું છે કે આ પરિણામ આણવા વિચાર પર જે સંપૂર્ણ પ્રભુત્વની જરૂર છે તે હું જણાવી ગઈ તે ચાર ભૂમિકાઓમાંની છેલ્લી સિદ્ધિ છે. પ્રથમ છે પોતાના મનનું નિરીક્ષણ કરવું.

તમે એમ ન માનશો કે આ પહેલી વાત છે; કારણ કે, તમારા વિચારનું નિરીક્ષણ કરવા તમારે તેમનાથી પ્રથમ તો અલગ થઈ જવું પડે. સામાન્ય અવસ્થામાં સામાન્ય માણસ પોતાના વિચારોથી પોતાને અલગ પારખી શકતો નથી. તે વિચારે છે તેની તેને ખબર હોતી નથી. ટેવને લઈને વિચારતો હોય છે. તેમ કદાચ એને એકાએક પૂછો, "તમે શું વિચારી રહ્યા છો ?" તો તે કંઈ જાણતો નથી. એટલે સેંકડે પંચાણું વાર તે ઉત્તર વાળશે, "મને ખબર નથી." વિચારની ગતિવિધિની વચ્ચે સત્‌તાની ચેતનાનું સંપૂર્ણ તાદાત્મ્ય છે.

ત્યારે વિચારનું નિરીક્ષણ કરવા પહેલું પગલું પાછા હટીને તે તરફ નજર કરવી તે છે; તમારા વિચારોથી તમારી જાતને એવી રીતે અલગ કરવી કે જેથી કરીને ચેતનાની અને વિચારની ગતિવિધિમાં ગરબડ ન થઈ જાય. આમ જ્યારે આપણે પોતાના વિચારોનું નિરીક્ષણ કરવાનું કહીએ છીએ, ત્યારે એમ ન માની લેતા કે તે એટલું સરળ છે. એ પહેલું પગલું છે. ત્યારે, વિચારની પાછળ ખડા રહીને તેને નિહાળવો, એ પહેલો પાઠ આપણા ધ્યાનને માટે આજે સાંજે લઈએ એ મારું સૂચન છે.

— સપ્ટેમ્બર, ૬, ૧૯૫૭

અક્કોચ્છિ મં અવધિ મં અજિનિ મં અહાસિ મે ।
યે તં ઉપનય્હન્તિ વેરં તેસં ન સમ્મતિ ।।

["અમુકે મને ગાળ દીધી, માર્યો, મને હલકો પાડયો, મને લૂંટી ગયો,"— જેઓ આવા વિચારોને પોષે છે તેમનું વેર શમતું નથી.]

ધમ્મપદ આપણને પ્રથમ તો જણાવે છે કે ખરાબ વિચારો દુ:ખ આણે છે, સારા વિચારો સુખ આણે છે. પછી તે આપણને ખરાબ વિચારો કોને કહેવાય તેના દાખલા આપે છે અને દુ:ખને કેમ ટાળવું તે જણાવે છે. પ્રથમ દૃષ્ટાંત આ છે, હું ફરીથી જણાવું છું: "તેણે મને ગાળ દીધી, માર્યો, મને હલકો પાડયો, મને લૂંટી ગયો," અને પછી ઉમેરે છે, "જેઓ આવા વિચારોને પોષે તેમનું વેર શમતું નથી."

માનસિક વિકાસના એક પછી એક તબક્કાઓના પાયા પર આપણે માનસિક નિયંત્રણથી શરૂ કર્યું. આપણે જોયું કે આ નિયંત્રણ (શિસ્ત) ક્રમશ: ચાર ગતિવિધિનું બનેલું છે. તમને ચોક્કસ યાદ હશે કે આપણે તે વિષે આમ વિચારેલું : નિરીક્ષણ કરવું, દેખરેખ રાખવી, સંયમન કરવું અને પ્રભુત્વ મેળવવું. ગયા પાઠમાં આપણે શીખ્યા—હું માનું છું—કે આપણા વિચારોથી આપણને અલગ કેમ કરવા, જેથી કરીને એક ધ્યાનથી જોતા દ્રષ્ટાની પેઠે તેમને નિરીક્ષી શકીએ.

આજે આપણે વિચારો પર દેખરેખ કેમ રાખવી તે શીખવાનું છે. પ્રથમ તમે તેમની તરફ નજર કરો છો અને પછી તેમના પર દેખરેખ રાખો છો. એક પ્રબુદ્ધ ન્યાયાધીશની માફક તમે તેમને જોતાં શીખો, જેથી સારા અને નરસાનો તફાવત સમજાય, ઉપયોગી અને નુકસાનકારક વિચારો, વિજય પ્રત્યે દોરી જનારા રચનાત્મક વિચારો અને તેના પાછા પાડતા પરાજય પ્રત્યે લઈ જનારા વિચારોથી પરખાય. હવે આપણે આ પ્રકારની વિવેકશક્તિ પ્રાપ્ત કરવાની છે. આજે રાતે એ આપણા ધ્યાનનો વિષય થશે.

મેં તમને જણાવ્યું તેમ ધમ્મપદ આપણને દૃષ્ટાંતો આપશે, પણ દૃષ્ટાંતો એ દૃષ્ટાંતો રહ્યાં. સારા અને ખરાબ વિચારોની વચ્ચેનો ભેદ આપણે પોતે સમજવાનો છે; અને તે માટે મેં તમને કહ્યું તેમ એક પ્રબુદ્ધ ન્યાયાધીશની માફક આપણે નિરીક્ષણ કરવું પડશે; અર્થાત્, શક્ય તેટલા તટસ્થ ભાવે. સૌથી અનિવાર્ય શરતોમાંની આ એક છે.

—૧૩, સપ્ટેમ્બર, ૧૯૫૭

અક્કોચ્છિ મં અવધિ મં અજિનિ મં અહાસિ મે ।
યે તં ન ઉપનય્હન્તિ વેરં તેસૂપસમ્મતિ ।।

[“અમુકે મને ગાળ દીધી, માર્યો, મને હલકો પાડ્યો, મને લૂંટી ગયો,”—એવા વિચારોને જેઓ પોષતા નથી તેમનું વેર શમી જાય છે.]

ગયે વખતે જે વાંચ્યું હતું તેની આ બીજી બાજુ છે. પરંતુ નોંધી રાખો કે જે વિચારો રોષ ઊપજાવે છે તે સંબંધી આ ગાથા (શ્લોક) છે. કારણ કે, અદેખાઈની સાથે સાથે વેર પણ માનવનાં દુ:ખોનું એક અત્યંત ફેલાવો પામેલું કારણ છે.

પણ આ વેરને શી રીતે ટાળવું ? અલબત્ત, એક વિશાળ અને ઉદાર હૃદય ઉત્તમ ઉપાય છે, પણ બધાને માટે એ પ્રાપ્ય નથી. પોતાના વિચારોનો સંયમ વધુ ઉપયોગી નીવડી શકે.

આપણા માનસ-નિયંત્રણ માટેનું ત્રીજું પગલું છે વિચાર પર સંયમ. એક વાર ઉપયોગી અને નુકસાનકારક વિચારોની વચ્ચેનો ભેદ આપણી ચેતનાનો પ્રબુદ્ધ ન્યાયાધીશ પામી ગયો એટલે અંદરનો સંરક્ષક આવશે અને અનિચ્છનીય તત્ત્વોના પ્રવેશનો કડક અમલ કરશે, માત્ર માન્ય કરેલા વિચારોને જ જવા દેવામાં આવશે.

આ સંરક્ષક એક દમામભરી અદાથી પ્રત્યેક ખરાબ વિચારનો પ્રવેશ મના કરશે અને તેને શકય એટલે દૂર દૂર હડસેલી દેશે.

આ પ્રકારે પ્રવેશ અને પ્રવેશબંધના હલનચલનને આપણે વિચારનિયમન કહીએ છીએ. આજે રાતે આ વિષય પર આપણે ધ્યાન કરીશું.

—૨૦, સપ્ટેમ્બર, ૧૯૫૭

ન હિ વેરેન વેરાનિ સમ્મન્તીધ કુદાચનં ।
અવેરેન ચ સમ્મન્તિ એસ ધમ્મો સનન્તનો ।।

[કારણ કે, આ જગતમાં વેરથી વેર કદાપિ શમતું નથી. પ્રેમથી જ વેર શમે છે. આ સનાતન ધર્મ છે.]

ધમ્મપદનો આ ઘણો જ પ્રખ્યાત શ્લોક છે, જેનો ઉલ્લેખ વારંવાર આવે છે. હું કદાચ આ વાતને એવી રીતે જણાવું કે “જગતમાં જેનું સૌથી વધુ પાલન કરવામાં આવે છે તેમાંનો એક”, પરંતુ દુર્ભાગ્યે એ સાચું ન ગણી શકાય. કારણ કે, લોકો આ ઉપદેશને ટાંકે છે, પણ તેને અનુસરતા નથી.

તેમ છતાં, આ પ્રશ્નની એક એવી બાજુ છે જે વિષે ઓછું બોલાયું છે, જે અત્યારે પણ વધુ આવશ્યક છે, જો તમારે જગતમાં બધું બદલવું હોય તો. એ એવી વાત છે જેના પર લોકો બહુ ઓછું ધ્યાન આપે છે. હું તમને જરા આશ્ચર્યમાં મૂકી દઈશ. વાત આમ છે : જગતને બદલવાના હેતુથી જો વેરના બદલામાં પ્રેમને અર્પવો જોઈએ, તો, પ્રેમના બદલામાં પ્રેમ અર્પવો જોઈએ એ વધુ સ્વાભાવિક નથી લાગતું ?

જો આપણે મનુષ્યનું જીવન, તેનું કર્મ અને તેનું હૃદય,— જેવાં છે તેવાં જોઈને વિચારીએ, તો, જે દિવ્ય કૃપા જગત પર અનહદ પ્રેમ વરસાવી રહી છે, તેના બદલામાં જે વેર, તિરસ્કાર અથવા તો સૌથી વધુ ઉદાસીનતા અર્પવામાં આવે છે, તે જોઈને આપણને આશ્ચર્ય પામ્યા વિના છૂટકો નથી થતો. દિવ્ય આનંદ પ્રત્યે દોરી જવા પ્રત્યેક પળે જે અનહદ પ્રેમ વરતી રહ્યો છે, પણ માનવહૃદયમાં તેનો એટલો ઓછો પડઘો પડે છે કે તે જોતાં આશ્ચર્ય થાય છે. પરંતુ લોકોને દુષ્ટ પ્રત્યે, ખામીવાળા પ્રત્યે, વિરૂપ પ્રત્યે, પરાજય પામેલાઓ પ્રત્યે, નિષ્ફળ ગયેલા પ્રત્યે જ માત્ર હમદર્દી હોય છે,— ખરું જુઓ તો એથી દુષ્ટતાને અને નિષ્ફળતાને ઉત્તેજન મળે છે.

જો આપણે આ પ્રશ્નના આ પાસા પર કંઈક વધુ વિચારીશું તો આપણને વેરના બદલામાં પ્રેમ આપવાની આવશ્યકતા પર આગ્રહ રાખવાની ઓછી જરૂરિયાત જણાશે; કારણ કે, જો માનવહૃદય તેના પર વરસી રહેલા પ્રેમનો સંપૂર્ણ સચ્ચાઈથી સાહજિક રીતે ઉદ્‌ભવતા પ્રેમની સમજપૂર્વકની અને કદરદાની ભરેલી કૃતજ્ઞતાપૂર્વક પ્રત્યુત્તર વાળે, તો જગતમાં ઝડપી પરિવર્તન થાય.

— ૨૭, સપ્ટેમ્બર, ૧૯૫૭

परे च न विजानन्ति मयमेत्थ यमामसे ।
ये च तत्थ विजानन्ति ततो सम्मन्ति मेधगा ।।

[ઘણાય એવા હશે જેમાંના કેટલાયને ખબર નહિ હોય કે એક દિવસ સૌ મરવાના છે. જેમને આ સમજાયું હોય છે તેઓ કલહ-કંકાસને શમાવે છે.]

જ્યારે તમે વિચારો કે ગમે તે ક્ષણે મૃત્યુ આવવાનું છે, ત્યારે તરત જ આપમેળે તમારામાં ભૌતિક પદાર્થોમાંથી અનાસક્તિ જાગશે; અને પછી એ સયુક્તિક છે કે જેનો કશો આધાર ભૌતિક પદાર્થ પર નથી તેનો તમે વિચાર કરવા લાગશો, આ શરીર છોડયા પછી તે એક જ વસ્તુ તમારી થઈને રહેવાની છે; અર્થાત્, એક

શાશ્વત અસ્તિત્વ. બુદ્ધે "દિવ્ય" શબ્દ વાપર્યો નથી, પણ યથાર્થતઃ તે એક જ છે. પહેલાના વખતમાં, પ્રાચીન ઉપક્રમે, ગમે તે પળે મૃત્યુ આવવાનું છે, એ વિચારને લઈને, મેં કહ્યું તે પ્રમાણે, અમુક સમય લગી એક પ્રકારનો સંયમ (નિયંત્રણ) પાળવો પડતો. એને લઈને મૃત્યુનો બધો ભય ચાલ્યો જતો અને તે દશાને માણસ ટેવાઈ જતો. એ યુગમાં જ્યારે બુદ્ધે ધમ્મપદ ઉપદેશ્યું, ત્યારે પાર્થિવ અમરતાની શક્યતાનો કદાપિ ઉલ્લેખ થયો નથી; કારણ કે, એ શક્યતા દૂર દૂરના ભાવિનો પ્રશ્ન હોવાથી તે વિષે કંઈ પણ બોલવું એ અનુચિત જણાતું.

આજે શ્રી અરવિંદ આપણને જણાવે છે કે એ શક્યતા પાસે આવી રહી છે, આપણે એને માટે તૈયાર થવાનું છે. પરંતુ તેને માટે તૈયાર થવાની અનિવાર્ય શરત મૃત્યુના સર્વ ભયનો સંપૂર્ણપણે નાશ થાય એ જ છે.

તમારે તેનાથી બીવું નહીં, તેમ તેને વાંછવું નહીં.

એથી પર થઈને ખડા રહો, સંપૂર્ણ પ્રશાંતિમાં,— તેનાથી બીવો નહીં, તેને વાંછો નહીં.

— ૪, ઑક્ટોબર, ૧૯૫૭

સુભાનુપસ્સિં વિહરન્તં ઇન્દ્રિયેસુ અસંવુતં ।
ભોજનમ્હિ અમત્તઞ્ઞું કુસીતં હીનવીરિયં ।।
તં વે પસહતિ મારો વાતો રુક્ખં વ દુબ્બલં ।।

[જેમ તોફાની પવન દુર્બળ વૃક્ષને ઉખેડી નાખે છે, તેમ જે માણસ માત્ર ભોગવિલાસની પાછળ પોતાનું જીવન ગુજારે છે, જે ઇન્દ્રિયોને કાબૂમાં રાખતો નથી, જે ખાનપાનની મર્યાદાને સમજતો નથી, જે આળસુ છે, અને પોતાની શક્તિઓને વેડફી નાખે છે, તેના પર માર (શયતાન) પ્રભુત્વ મેળવે છે.]

બૌદ્ધ સાહિત્યમાં માર એટલે આધ્યાત્મિક જીવનથી જે કાંઈ વિરુદ્ધ હોય કે વિપરીત હોય, તેનું પ્રતિનિધિત્વ ધરાવતું પાપનું સત્ત્વ (શયતાન). કેટલીક બાબતોમાં મૃત્યુનો — માત્ર ભૌતિક મૃત્યુનો નહીં પણ સત્યના મૃત્યુનો, આધ્યાત્મિક સત્તાના મૃત્યુનો — પ્રતિનિધિ હોય છે.

અહીં એ અર્થ કરવાનો છે કે જ્યાં લગી માણસ પોતાની ઇન્દ્રિયોને અને કામનાઓને કાબૂમાં લેતો નથી, બહારની ભૌતિક તુષ્ટિને અગત્યની વસ્તુ ગણીને તેની સાથે વ્યવહાર રાખે છે, ત્યાં લગી વિરોધી શક્તિઓના હુમલાનો સામનો કરવા

પૂરતી સંકલ્પશકિત ધરાવતો નથી; અને એ બધું આધ્યાત્મિક વાસ્તવિકતામાંથી દૂર લઈ જાય છે, આપણને નીચે ખેંચી લાવે છે.

ધમ્મપદ વિશેષે કરીને નૈતિક દૃષ્ટિબિંદુ પર પ્રતિષ્ઠિત નથી; માણસો પોતાના અંધ ન્યાય અને સારાનરસાની પોતાની મનમાની રીતે સમજે છે તેવા અર્થમાં પાપ નથી. આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી પાપ, ખરેખર, એ છે, જે લક્ષ્યમાંથી દૂર લઈ જાય છે; આપણા અસ્તિત્વના ગહનતમ હેતુમાંથી, આપણી સત્‌તાના સત્યમાંથી આપણને વિચ્છિન્ન કરે છે, તેની ઉપલબ્ધિ કરતાં અટકાવે છે.

આ રીતે એનો અર્થ કરવો જરૂરી છે.

— ૧૧, ઑક્ટોબર, ૧૯૫૭

અસુભાનુપસ્સિં વિહરન્તં ઇન્દ્રિયેસુ સુસંવુતં ।
ભોજનમ્હિ ચ મત્તઞ્ઞું સદ્ધં આરદ્ધવીરિયં ।
તં વે નપ્પસહતિ મારો વાતો સેલં વ પબ્બતં ।।

[જેમ તોફાની પવન પાષાણ પ્રચંડ ખડકને વિચલિત કરી શકતો નથી, તેમ, જે માણસ ભોગવિલાસની પાછળ ફાંફાં મારતો નથી, ઇન્દ્રિયો જેના કાબૂમાં છે, ખાણીપીણીની પરિમિતતાને જે જાણે છે, જેનામાં અચલ શ્રદ્ધા છે, જે પોતાની શકિતનો અપવ્યય કરતો નથી, તેને માર (શયતાન) કશું જ કરી શકતો નથી.]

ધમ્મપદ જ્યારે શ્રદ્ધાની વાત કરે છે, ત્યારે તે કોઈ સિદ્ધાંતની કે ધર્મની માન્યતાની વાત નથી, ગુરુના (બુદ્ધના) ઉપદેશમાં શ્રદ્ધા રાખવાની વાત પણ નથી; પોતાની શકયતાઓમાં શ્રદ્ધાની વાત છે, ગમે તેવી મુશ્કેલીઓમાં, ગમે તેવી રુકાવટોમાં, ગમે તેવી અપૂર્ણતાઓમાં, અરે, સત્‌તાના નિષેધોમાં પણ રહેલા દૃઢ વિશ્વાસની વાત છે. પોતે સાક્ષાત્‌ કરવા જન્મ્યો છે અને એમ કર્યે જ જંપશે.

સંકલ્પશકિત કદાપિ ડગુમગુ ન થાય, પ્રયત્ન સદાય ખંતીલો હોય, શ્રદ્ધા અવિચલિત હોય, તો પછી પોતાને જે ઉપલબ્ધ કરવું છે તેની ઉપલબ્ધિને માટે વર્ષો વીતાવ્યા કરતાં થોડા મહિનાઓમાં તે સિદ્ધ કરી શકે, કેટલીક વાર થોડા દિવસોમાં, અને જો ઉત્કટતાની માત્રા પૂરતી હોય તો થોડા કલાકોમાં થઈ શકે. એટલે કે, તમારી અંદર એક અવસ્થિતિ લઈ લો અને પછી ઉપલબ્ધિનો સામનો કરનારો કોઈ દુષ્ટ ભાવ તમારા પર સવાર નહિ થઈ શકે,— જેમ ઉપર જણાવ્યું તેમ પાષાણપ્રચંડ ખડકને તોફાની પવન ઉખાડી ન શકે તેમ.

આમ થાય પછી માર્ગ મુશ્કેલ નહિ રહે; અસામાન્ય રીતે રસપ્રદ થશે.

—૧૮, ઑક્ટોબર, ૧૯૫૭

અનિક્કસાવો કાસાવં યો વત્થં પરિદહેસ્સતિ ।
અપેતો દમસચ્ચેન ન સો કાસાવમરહતિ ।।

[જે અપવિત્ર છે, ઇન્દ્રિયસંયમનો જેનામાં અભાવ છે, જેનામાં સત્ય પ્રત્યેની વફાદારી નથી, તે ભલે ભગવો વેષ ધારણ કરે પણ એ તેને લાયક નથી.]

ભગવો વેષ તેના શબ્દાર્થ પ્રમાણે બૌદ્ધ ભિક્ષુઓનું વસ્ત્ર છે. પાછળથી તેઓ તપસ્વી થયા તે સૌને માટે તે વેષ યોગ્ય ગણાયો. ધમ્મપદ જે કહેવા માગે છે તે આ નથી; કારણ કે, ભગવાં ધારણ કરનારા ઘણાય હોય છે, પણ તેઓ પોતાના કલુષને પવિત્ર કરી શકતા નથી હોતા. ભગવો વેષ આધ્યાત્મિક જીવનને સમર્પિત થયેલાનું પ્રતીક છે; આધ્યાત્મિક જીવનને માટે એકાંતિક એકાગ્રતા જેમાં નથી તે સૌના ત્યાગની બાહ્ય નિશાની છે.

બુદ્ધધર્મ જ્યારે "અપવિત્રતાઓ"ની વાત કરે છે ત્યારે મુખ્યત્વે એ અહંકાર અને અજ્ઞાન હોય છે; કારણ કે, બૌદ્ધધર્મના દૃષ્ટિબિંદુથી સૌથી મોટામાં મોટું કલંક અજ્ઞાન છે,– બહારના પદાર્થોના, પ્રકૃતિના કાયદાઓનું અને તમે જે શાળામાં બધું જાણો છો તે વિષેના અજ્ઞાનની વાત નથી, પણ વસ્તુઓના ગહનતમ સત્યના, સત્‌તાના અસ્તિત્વના, ધર્મના અજ્ઞાનની વાત છે.

નોંધને પાત્ર એ છે કે જે બે ત્રુટિઓ પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે તે છે આત્મસંયમ અને સચ્ચાઈ(વફાદારી)નો અભાવ. વફાદારીને અહીં સચ્ચાઈ, પ્રામાણિકતાના અર્થમાં લેવાની છે; ધમ્મપદ જેને ખૂબ કડક રીતે વખોડે છે તે છે દંભ,– તમે આધ્યાત્મિક જીવન જીવવા માગો છો તેવો દેખાવ કરવો અને તેમ કરવું નહીં, તમે સત્યની શોધ કરવા માગો છો તેવો દેખાવ કરવો અને તેમ કરવું નહીં, ભાગવત જીવનને સમર્પિત થયાની બાહ્ય નિશાનીઓને પ્રદર્શિત કરવી – ભગવું વસ્ત્ર જેના પ્રતીક તરીકે ગણવામાં આવ્યું છે–; અંદરથી પોતાની જાતની આસપાસ રહેવું, પોતાનો સ્વાર્થ સાધવો, પોતાની જરૂરિયાતોને સંતોષવી.

ધમ્મપદનો આત્મસંયમ પરનો એક રસપ્રદ નોંધ માગી લે છે; કારણ કે, બૌદ્ધધર્મના ઉપદેશ પ્રમાણે બધી વસ્તુઓની અતિશયતા ખરાબ છે. બુદ્ધ હમેશાં મધ્યમ માર્ગનો આગ્રહ રાખતા. તમારે એક બાજુ પર વધુ પડતા ઢળવું નહિ તેમ જ બીજી બાજુ પર પણ નહીં, કોઈ વસ્તુને વધારે પડતી જણાવવી નહીં. તમારે માપસર રહેવું જોઈએ, બધી વસ્તુઓમાં સમતુલા જાળવવી જોઈએ, –પરિમિતતાની સમતુલા.

આથી આધ્યાત્મિક જીવન ગાળવા માટે તમારામાં જે ગુણો તમને લાયક બનાવે છે તે છે : આંતરિક સમતા, કાર્યમાં સમતા, પરિમિતતા, સચ્ચાઈ, પ્રામાણિકતા, વફાદારી.

આપણા ધ્યાનનો વિષય થશે : સમતા, પરિમિતતા, વફાદારી અને પ્રામાણિકતા.

—૮, નવેમ્બર, ૧૯૫૭

યો ચ વન્તકસાવસ્સ સીલેસુ સુસમાહિતો ।
ઉપેતો દમસચ્ચેન સ વે કાસાવમરહતિ ।।

[પરંતુ જેણે સઘળા કષાયો રદ કર્યા છે, જે સદાચારમાં દૃઢરત છે, જે ભૂખને કેમ પરિમિત કરવી તે જાણે છે, જે સત્યથી યુક્ત છે, તે ભગવો વેષ પહેરે તો તેને લાયક છે.]

આ પાઠને તમે એક નૈતિક પ્રશ્નોત્તરી તરીકે ન માનો એમ હું ઇચ્છું છું. તેમાં સાચે જ એક ઘણો ઊંડો અને સાચો અર્થ રહેલો છે; કારણ કે, સઘળા આધ્યાત્મિક ઉપદેશોની બાબતમાં નીતિ, જેવી રીતે મનથી ગણવામાં આવી છે,— તેનું સ્થાન નથી.

એવી જ રીતે 'અપવિત્રતા' (કષાય) શબ્દ લઈએ. નૈતિક દૃષ્ટિએ પવિત્રનો જે અર્થ કરવામાં આવે છે તે સાચી આધ્યાત્મિક વિચારણામાં બિલકુલ હોતો નથી. ખાસ કરીને, બૌદ્ધ દૃષ્ટિબિંદુથી મેં તમને આગળ જણાવ્યું છે તે પ્રમાણે પવિત્રતા એટલે અજ્ઞાનની ગેરહાજરી છે. અજ્ઞાન એટલે આંતરિક સત્યની, સત્‌તાના સત્યની અવગણના. અને વફાદારી (નિષ્ઠા) એટલે મિથ્યાને વાસ્તવિકતા ન ગણવી, સત્‌તાના આંતરિક અને ખરા નિત્યત્વને બદલાતા અને અસ્થિર દેખાવ તરીકે ન ગણવું.

તો આપણે એમ કહી શકીએ કે જેઓ આધ્યાત્મિક જીવન ગાળવા માગતા હોય તેમને માટે આત્મસંયમ, આત્મ-પ્રભુત્વ, સમતા, ઇચ્છાનો અભાવ, સત્‌તાના આંતરિક સત્યની અને તેને સ્વ-પ્રકટીકરણના ધર્મની શોધ, ખૂબ આવશ્યક અધ્યવસાયો છે.

આધ્યાત્મિકતાને માર્ગે આગળ વધવા માટે આત્મનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા, અવ્યવસ્થિત વૃત્તિઓથી ચલાયમાન ન થવું, અસલી વાસ્તવિકતાને બદલાતા જતા દેખાવો તરીકે ન લેવી, એ બધા સદ્‌ગુણો સાધકમાં હોવા જોઈએ.

—૧૫, નવેમ્બર, ૧૯૫૭

અસારે સારમતિનો સારે ચાસારદસ્સિનો ।
તે સારં નાધિગચ્છન્તિ મિચ્છાસઙ્કપ્પગોચરા ।।

[જે અસારને સાર સમજે છે, સારને અસાર સમજે છે, એવા મિથ્યા સંકલ્પવાળા સારને,— પરમ લક્ષ્યને — પામી શકતા નથી (કારણ કે, તેઓ નિરર્થક કામનાઓથી અને ખોટા વિચારોથી ગેરરસ્તે વહી જાય છે).]

આના પર થોડું વિવરણ કરીએ. જો કોઈ ભૂલચૂકને સત્ય અને સત્યને ગલતી માનીને સંતોષ પામે, તો તાર્કિક દૃષ્ટિએ પોતાની પસંદગી કરવાનું ઘણું સરળ થાય : કોઈ પણ એક યા બીજા કારણે અથવા કોઈ મદદ વડે, કોઈ માણસ ખરેખર શું સત્ય છે અને ખરેખર શું ખોટું છે તે જેવો જાણે તેવો તે સત્યને સ્વીકારે અને ભૂલચૂકનો અસ્વીકાર કરે. પરંતુ દુર્ભાગ્યે, માણસ પોતાની ભૂલને ચાહતો હોય છે, તેની સત્તાના કોઈક અંશમાં જે સત્ય હોય તેનો સ્વીકાર કરવાની એક પ્રકારની અનિચ્છા હોય છે.

મારો અનુભવ આવો છે : જ્યારે જ્યારે તમે સચ્ચાઈથી સત્ય જાણવા ઇચ્છો, ત્યારે ત્યારે તમે તે જાણતા જ હો છો. હમેશાં એવું કાંઈક છે જે ભૂલનો નિર્દેશ કરે છે, તમે સત્યને પરખો એમ ઇચ્છતું હોય છે. અને જો તમે તમારી જાતને ધ્યાનપૂર્વક તપાસો તો તમને જણાશે કે તમે ભૂલને પસંદ કરો છો એટલે સત્ય જડી આવતું નથી.

નાની નાની વિગતોમાં પણ, સૌથી નાનામાં નાની હોય તોય — જીવનની મોટી વાતો, માણસને મોટા નિર્ણયો લેવા પડે છે એને જવા દો —, જ્યારે જ્યારે સત્યને માટેની અભીપ્સા અને સાચા થવાનો સંકલ્પ પૂર્ણપણે સાચાં હોય છે, ત્યારે ત્યારે તેનો નિર્દેશ મળી આવે છે અને ખાસ કરીને બૌદ્ધ સાધના પ્રમાણે તમારી સત્તાની તરાહનાં કારણો તમારામાં અનુસરો, તો તમને જણાશે કે ભૂલનો વારંવાર આગ્રહ ઇચ્છામાંથી ઉદ્ભવે છે. કારણ કે, તમે અમુક રીતે કાર્ય કરવા, અનુભવવા, વિચારવા ઇચ્છો છો, તેને પસંદગી આપો છો, જેને લઈને ભૂલ થાય છે. શું સાચું છે એ તમે જાણતા નથી એ જ માત્ર એક કારણ હોતું નથી. તમે ચોક્કસ રીતે એ જાણતા નથી, કારણ કે, તમે અસ્પષ્ટ, સામાન્ય અચોક્કસ રીતે જણાવો છો : "અરે, મારે સત્ય જોઈએ." ખરું જોતાં તમે જે વિગતે વિચારો, પ્રત્યેક બાબત લો, અને તેનો આંગળીથી નિર્દેશ કરો, તો તમને જણાશે કે ખરું ન જણાય એ રીતની આત્મવંચનાની રમત રમતા હો છો. તમે કંઈક અનિશ્ચિત બડાનું કાઢો છો, કંઈક ધૂંધળું જણાવો છો, એક પડદો રાખો છો,—

જેથી કરીને એની ઓઠે શું છે એ જણાય નહીં.

જ્યારે જ્યારે સચ્ચાઈ હોય છે, ત્યારે ત્યારે સહાય, માર્ગદર્શન, કૃપા આવી જ મળે છે, સાચો ઉત્તર મળી જાય છે. અને પછી તમે લાંબો સમય ભૂલ કરતા નથી.

પ્રગતિની અભીપ્સામાં, સત્યની સંકલ્પશકિતમાં, ખરેખરા પવિત્ર થવાની જરૂરિયાતમાં જે સચ્ચાઈ છે — આધ્યાત્મિક જીવનમાં જેને પવિત્ર તરીકે ઓળખવામાં આવે છે તે — તે જ બધીયે પ્રગતિની ચાવી છે. તેના વડે તમે જાણો છો,—અને જાણી શકો છો.

સત્‌તામાં કયાંક હમેશાં એવું કાંઈક હોય છે જે પોતાને છેતરવાનું પસંદ કરતું હોય છે; નહિ તો પ્રકાશ સર્વત્ર છે — જ્યારે માગો ત્યારે માર્ગ ચીંધવા. પણ તમે જોવા માગતા નથી હોતા એ રીતે આંખો બંધ કરી દો છો.

—૨૨, નવેમ્બર, ૧૯૫૭

सारं च सारतो ञत्वा असारं च असारतो ।
ते सारं अधिगच्छन्ति सम्मासङ्कप्पगोचरा ।।

[જેઓ સાચાને સાચ તરીકે જાણે છે, ખોટાને ખોટા તરીકે જાણે છે, તેઓ પરમ લક્ષ્યને — સમ્યક્ સંકલ્પવાળા સારને — પામે છે. (કારણ કે, તેઓ સાચી ઈચ્છાઓને, ખરા વિચારોને અનુસરે છે.]

સાચું શું અને ખોટું શું એનો ભેદ પારખવાની શકિત માત્ર પૂરતું નથી તે વિષે આપણે જઈ ગયા. પહેલી નજરે આ ઘણી અઘરી વાત લાગે છે. એ દેખીતું છે કે જો દરેકને પોતાને માટે આ જાણવું હોત તો ઘણો લાંબો સમય લાગે, શું ખરું અને શું ખોટું તેના પર ધીરે ધીરે પ્રકાશ પાડતા અસંખ્ય અનુભવો-માંથી પસાર થતાં તમારી આખી જિંદગી ચાલી જાય.

એટલા માટે આ કાર્ય જેમણે કર્યું હોય તેમના પર આધાર રાખવો વધુ સરળ થઈ જાય, તમારે તેમને માત્ર એટલું જ પૂછવાનું: "આ શું સાચું છે ? પેલું ખોટું છે ?" દેખીતી રીતે, આથી ઘણો લાભ થાય છે, પણ દુર્ભાગ્યે હમેશાં એટલેથી બસ થતું નથી હોતું; કારણ કે વસ્તુઓ અમુક રીતની હોવી જોઈએ એવી તમારી ઈચ્છા હોય અને તમે જે પસંદ કરો તે સાચું હોવું જોઈએ, તો તમે સાચી શિખામણ સાંભળવા હમેશાં તૈયાર નથી (એમ થયું).

છેલ્લા ભાગમાં "તેઓ સાચી ઇચ્છાઓને અનુસરે છે," એ જે સામાન્ય વાત જેવું જણાય છે, તે આ પ્રશ્નનો કદાચ અઘરો ભાગ છે.

આ પુસ્તકમાં, તેના ઉપદેશમાં, ઘણાં નાનાં વાકયો આવે છે જે સરળ જણાય છે. પૂરતું મનન કર્યા વગર તમે વાંચી જાઓ તો તમે તમારી જાતને કહેશો, "પણ આ તો સાવ આપમેળે જ સ્પષ્ટ છે; જે સાચું છે તે સાચું અને ખોટું છે તે ખોટું એમ તમને ખબર છે. પછી એનું શું?" પહેલી વાત તો એ કે ખોટામાંથી સાચું તારવી કાઢવું એ સહેલું નથી; પછી આમુક સાચું છે તે જાણવું, અર્થાત્ કબૂલ કરવું, અને છેવટે આમુક ખોટું છે એ જાણવું તે કદાચ વધુ અઘરું છે.

વાસ્તવિક રીતે, સાચે જ શું ખોટું છે તે બરાબર સમજવા માટે આપણી અભીપ્સામાં એવી એક સચ્ચાઈ જોઈએ, સાચા થવા માટે સંકલ્પશકિતમાં એવો દૃઢ નિશ્ચય જોઈએ કે "સાચાને સાચા તરીકે, ખોટાને ખોટા તરીકે જાણવું" એવો એક નાનકડો વાકયખંડ ખૂબ પૂરતી ઉપલબ્ધિ બની જાય છે. અને છેવટે "તેઓ પરમ લક્ષ્યને પામે છે." એ મોટું વચન બની જાય છે.

કેટલાક ઉપદેશ એમ જણાવે છે કે માણસમાં કોઈ પણ પ્રકારની ઇચ્છા જ ન હોવી જોઈએ; તેઓનું લક્ષ્ય એવું હોય છે કે જીવનમાંથી સંપૂર્ણ રીતે પાછા હટી જવું (પ્રત્યાહાર), જેથી કરીને આત્માની અચલતામાં પ્રવેશી શકાય, બધી પ્રકારની પ્રવૃત્તિ, બધું હલનચલન, બધા આકાર, બધી બાહ્ય વાસ્તવિકતા,— એ સર્વનો જ્યાં અભાવ હોય. એ પ્રાપ્ત કરવા માટે ઇચ્છા બિલકુલ હોવી ન જોઈએ, એટલે કે, પ્રગતિની સર્વ ઇચ્છાશકિત પાછળ મૂકી દેવી જોઈએ. પ્રગતિ પોતે એવું કંઈક બને છે જે અવાસ્તવિક અને બાહ્ય લાગે છે. પરંતુ તમારા યોગની ધારણામાં જો પ્રગતિનો વિચાર રાખો, અને આખું વિશ્વ પ્રગતિનો એક ક્રમ અનુસરે છે એમ તમે કબૂલો, તો પછી તમારે ઇચ્છાના ઉદ્દિષ્ટ લક્ષ્યને બદલીને બીજે કયાંક ઠેરવવું પડશે; બહારની, કૃત્રિમ, ઉપરછલ્લી અને અહંકારી વસ્તુઓ પ્રત્યે વાળવાને બદલે સત્ય પ્રતિ સંચાલિત અભીપ્સાને કાજે ઉપલબ્ધિની એક શકિત તરીકે તેને યોજવું જોઈશે.

આ થોડાક શબ્દો કે "તેઓ સાચી ઇચ્છાઓને અનુસરે છે" એ સાબિતી છે કે તાત્ત્વિક દૃષ્ટિએ બુદ્ધનો ઉપદેશ પૃથ્વી પરની ઉપલબ્ધિમાંથી વળાંક લેતો નથી; માત્ર જગતની ધારણામાં તેમ જ જગતમાં થતી પ્રવૃત્તિઓમાં જે ખોટું જણાતું હોય તેમાંથી વળાંક લે છે. આમ જયારે તેઓ જણાવે છે કે જીવનમાંથી

છુટકારો મેળવવો જોઈએ, ત્યારે સત્યને અભિવ્યકત કરના જીવનમાંથી છૂટવાની નહિ પણ સામાન્યપણે જગતમાં જીવાતા મિથ્યા જીવનમાંથી છૂટવાની વાત કરે છે.

શ્રી અરવિંદ આપણને કહે છે કે સત્યને પહોંચવા ખાતર અને એ સત્યની ઉપલબ્ધિને પહોંચવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે આધ્યાત્મિક ચેતનાને એક પ્રગતિશીલ માનસિક ચેતનાની સાથે તમારે યુકત કરવી જોઈએ.

અને આ થોડાઘણા શબ્દો પુરવાર કરે છે કે બુદ્ધના ઉપદેશની મૂળ ધારણા આવી હતી.

—૬, ડિસેમ્બર, ૧૯૫૭

યથા અગારં દુચ્છન્નં વુટ્ઠિ સમતિવિજ્ઝતિ ।
એવં અભાવિતં ચિત્તં રાગો ન સમતિવિજ્ઝતિ ।।

[જેમ વરસાદ ચૂતી છતમાંથી સોંસરો નીકળી જાય છે, તેમ રાગ (વિકૃતિઓ) અવ્યવસ્થિત મનને સોંસરો વીંધી નાખે છે.]

ચીન, જાપાન, બ્રહ્મદેશ જેવા દેશોમાં બુદ્ધધર્મના અસંખ્ય નાના પંથો છે અને દરેક પોતપોતાની પદ્ધતિઓને અનુસરે છે; પરંતુ તે સૌમાં અત્યંત દૂર દૂર વિસ્તૃત એવી ઘણી છે જેમનો એકમાત્ર અભ્યાસ મનને શાંત કરવાનો છે.

દિવસમાં થોડા કલાક અને રાત્રે પણ તેઓ બેસે છે અને મનને શાંત કરે છે. તેમને માટે સઘળી ઉપલબ્ધિની આ એક ચાવી છે — એક શાંત ચિત્ત જે આમ-તેમ ભટકયા વગર કલાકો લગી શાંત કેમ રહેવું તે જાણે. પણ તમે એમ ન માનશો કે આ ઘણી સહેલી વાત છે, પણ તેમની પાસે બીજું કોઈ લક્ષ્ય નથી. તેઓ કોઈ એક વિચાર પર એકાગ્ર થતા નથી; તેઓ વધારે સારી રીતે સમજવા કે જાણવા પ્રયત્ન કરતા નથી,—એવું કંઈ જ નહીં. તેમને માટે મન શાંત રહે એ જ એક માર્ગ છે, અને કેટલીક વાર વર્ષો ને વર્ષો લગી જારી રાખેલા પ્રયત્નો પછી તેઓ આ પરિણામને પામે છે,— મનને શાંત કરવું, તેને નિરપેક્ષ ભાવે શાંત અને નીરવ રાખવું. કારણ કે જેમ અહીં ધમ્મપદમાં જણાવ્યું છે તેમ, જો મન અવ્યવસ્થિત હશે, તો પછી એક પછી એક એકબીજાને અનુસરતી વિચારોની આ નિરંતર પ્રવૃત્તિ, જેમાં કેટલીક વાર કોઈ વ્યવસ્થા ન હોય, એકબીજાની સાથે ટકરાતા-ઝઘડતા વિચારો, વસ્તુઓ વિષે તર્કવિતર્ક કરતા વિચારો, મગજમાં જે કાંઈ ધક્કંધક્કા કરતું હોય તે બધું,— છતમાં વરસાદનું પાણી જાણે કે ચૂતું હોય તેમ જણાય છે. તો, આ ચૂવાઓમાંથી (છિદ્રોમાંથી) બધી અનિચ્છનીય ગતિ-

વિધિ ચેતનામાં દાખલ થાય છે, જેમ ચૂતા છાપરાવાળા ઘરમાં પાણી પડે છે તેમ.

ઓ ગમે તેમ હોય, તોપણ દરેકને માટે એક અભ્યાસ પાડવાની ભલામણ છે : મનને શાંત, તદ્દન નીરવ કરવા માટે દરરોજ અમુક સમય નક્કી કરવો. અને એ એક અનિવાર્ય હકીકત છે કે, માણસ જેટલો માનસિક રીતે વિકાસ પામેલો હોય, તેટલો ઝડપી તે સફળતા પામે, અને મન જેટલે અંશે પ્રારંભિક દશાની અલ્પવિકસિત સ્થિતિમાં હોય તેટલે અંશે તેને વધારે મુશ્કેલી પડે.

જેઓ વિકાસના ક્રમની નીચેની પ્રાથમિક અવસ્થામાં હોય, જેમણે પોતાના મનને કેળવ્યું નથી હોતું, તેમને વિચાર કરવા માટે બોલવાની આવશ્યકતા રહે છે. એવું પણ બને છે કે તેમના અવાજનો ધ્વનિ વિચારોની સંગતિ સાધવાને શક્તિમાન થાય છે; જો તેઓ વિચારોને અભિવ્યકત ન કરે, તો વિચારી શકતા નથી. એથી ઉચ્ચતર સ્તર પર એવા લોકો હોય છે જેમને વિચાર કરવાને મગજમાં શબ્દોને આમતેમ ખોળવા પડે છે, જો કે તેઓ એમને તાણીને બોલતા નથી. જેઓ સાચે જ વિચારવાનું શરૂ કરે છે તેઓ શબ્દો વગર વિચારવાને શક્તિશાળી બને છે; અર્થાત્, વિચારના સંપર્કમાં રહેવું અને તેને શબ્દો તેમ જ પદસમૂહોની વિસ્તૃત વિવિધતામાંથી અભિવ્યકત કરવો. આથી ઉચ્ચતર કક્ષાઓ છે — વધુ ને વધુ ઉચ્ચતર —; પરંતુ, જેઓ શબ્દો વગર વિચારે છે તેઓ ખરેખર એક બૌદ્ધિક ભૂમિકાએ પહોંચે છે; તેમને માટે મનને શાંત કરવું ઘણું સહેલું થઈ પડે છે; અર્થાત્, કોઈ ચૌટામાં જેમ લોકો આવે છે ને જાય છે તેમ જે શબ્દો નિરંતર આવજા કરતા રહે છે તેમની સંગતિના હલન-ચલનને થોભાવી દેવું, શાંત મૌનમાં એક વિચારનું પ્રત્યાલોચન કરવું.

હું આ હકીકત પર ભાર મૂકું છું, કારણ કે, કેટલાક એવા પણ હોય છે, જ્યારે તેમના પર ગૂઢ સાધનો દ્વારા માનસિક શાંતિ સંક્રાન્ત કરવામાં આવે છે, કે તરત જેઓ વ્યાકુળ થઈ જાય છે અને પોતાની સામાન્ય બુદ્ધિ ગુમાવવાનો ભય સેવે છે. વધુ વખત વિચાર કરવાને અશકત થવાને કારણે તેઓ મૂઢ બની જવાની બીક રાખે છે ! પરંતુ વિચાર કરતા બંધ થઈ જવું એ, પાર વગરના વિચારોના ચક્રાવામાં પડવા કરતાં, એક વધુ ઉચ્ચ પ્રાપ્તિ છે. અને એ એક વધુ મહાન વિકાસ માગી લે છે.

આથી, માત્ર આધ્યાત્મિક દૃષ્ટિબિંદુના કરતાં કોઈ પણ રીતે થોડી પળો માટે, દિવસમાં ઓછામાં ઓછું બે વાર, શાંત મૌનનો અભ્યાસ કરવો એ હમેશાં

બહુ સારું છે. પરંતુ એ શાંત મૌન સાચું હોવું જોઈએ, માત્ર વાતોમાંથી પાછા ફરવું એ નહીં.

હવે આપણે થોડી મિનિટો પૂર્ણપણે શાંત રહેવાનો પ્રયત્ન કરીએ. (ધ્યાન)

—૧૩, ડિસેમ્બર, ૧૯૫૭

યથા અગારં સુચ્છન્નં વુટ્ઠિ ન સમતિવિજ્ઝતિ ।
એવં સુભાવિતં ચિત્તં રાગો ન સમતિવિજ્ઝતિ ।।

[જેમ વરસાદ સારી રીતે છાજેલા ઘરને સોંસરું વીંધી શકતો નથી, તેમ રાગ (વિકૃતિઓ) વ્યવસ્થિત મનને સોંસરો વીંધી શકતો નથી.]

(વરસાદ પડવો શરૂ થાય છે.) એમ છે. આકાશનું મન ચક્રાવે ચડ્યું લાગે છે. (હસાહસ) વરસાદ પડે છે.

એમ લાગે છે કે આકાશનું ઠેકાણું નથી, એટલે તમારે ઘેર જવું સારું છે. (વધારે વરસાદ) ભલે, કંઈ જ કરવાપણું નથી !

કંઈ ઠેકાણે પડવાનું હોય એમ લાગતું નથી. તમારે સૌએ ઘેર જઈને એક સમત્વવાળા મનની આવશ્યકતા પર ધ્યાન ધરવું. બસ.

—૨૦, ડિસેમ્બર, ૧૯૫૭

ઇધ સોચતિ પેચ્ચ સોચતિ પાપકારી ઉભયત્થ સોચતિ ।
સો સોચતિ સો વિહઞ્ઞતિ દિસ્વા કમ્મ કિલિટ્ઠમત્તનો ।।

[આ લોકમાં અને પરલોકમાં, ઉભય લોકમાં, પાપી માણસ શોક કરે છે. તે પોતાનાં દુષ્ટ કર્મોને જોઈને શોક કરે છે, વિનાશ વહોરે છે—યાતના ભોગવે છે.]

એ તો તદ્દન દેખીતું છે કે જ્યારે તમે કઢંગી અને હલકી રીતે વર્તો છો ત્યારે સ્વાભાવિકપણે તમને દુઃખ લાગે છે; પરંતુ તમારાં કાર્યોના બેહૂદાપણાની સજાગતા મને એક આગળ વધેલી અવસ્થા રૂપે જાણવું આવ્યું છે. કારણ કે, પોતે જે કંઈ દુષ્ટ આચરણ કરે તેની સમજને માટે ખૂબ જાગૃતિની જરૂર હોય છે. અને પોતે જે પાપાચરણ કરે તેની જાગૃતિ, તેવું ફરીથી નહિ કરે, તે પ્રત્યેનું પ્રથમ પગલું બની રહે છે.

સામાન્યપણે, પોતાનાં કઢંગાં આચરણની બાબતમાં લોકો પ્રાયઃ અંધ હોય છે. અજ્ઞાન, અજાગૃતિ, ટૂંકી બુદ્ધિ, અજાગૃતિ અને અજ્ઞાનને લઈને પોતા પ્રત્યે

કરાતી છળકપટની વૃત્તિ, પોતાના ભલાને માટે આખા જગતને તરછોડવા તત્પર થતી સ્વરક્ષણની ધૂંધળી સાહજિક વૃત્તિ,—આ બધાંને માણસ દુષ્કૃત્ય કહે છે. માણસ જેટલો ક્ષુલ્લક તેટલું પોતાની ક્ષુલ્લકતાને કાજે આપેલું બલિદાન તેને સ્વાભાવિક જણાય.

પોતે જે કંઈ કહે છે એ કેટલું કઢંગું છે એ જોવું, તે માણસની કક્ષાની ઉચ્ચતર સ્થિતિનું નિદર્શક છે. માણસના પોતાના અંતરના કેન્દ્રમાં કયાંક એવું પૂર્વજ્ઞાન હોય છે જેને લઈને સૌન્દર્ય, મહાનતા, ઉદારતા શું છે એનો આણસારો હોય છે, પોતાની અંદર તેનો અમલ નહિ કરવાને કારણે સહન કરવા તે શકિતમાન થાય છે.

મને લાગે છે કે ધમ્મપદ અહીં એવા લોકોને વિષે જણાવે છે જેઓ સુંદર શું છે, મહાન શું છે તે જાણતા હોય છે, છતાં ઈચ્છાપૂર્વક સમજી-બૂઝીને પાપાચરણ કરતા હોય છે. કરવા જેવું નથી એમ જાણ્યા છતાં વારંવાર તેમ કર્યા કરવું એ સઘળી શાંતિ, સઘળી શકય સ્થિરતા, અને સઘળું હિત પ્રાપ્ત થઈ શકે તેના ભોગે થાય છે. જે જૂઠ બોલે છે તેને નિરંતર બેચેની રહેતી હોય છે કે તેનું જૂઠ ખુલ્લું પડે; જે ખોટું આચરણ કરે છે તેને સતત એ વાતની ચિંતા રહેતી હોય છે કે તેને એનો દંડ ભોગવવો પડે; જે છેતરવાનો પ્રયાસ કરે છે તેને તે છેતરી રહ્યો છે એમ કદાચ શોધી કઢાય તેને લઈને શાંતિ રાખી શકતો નથી.

ખરું જોતાં, માત્ર અહંકારને કારણેય સારું કરવું, ન્યાયી થવું, સીધા અને પ્રામાણિક થવું, એ શાંત અને સુખી થવાનું, પોતાની ચિંતાને નહિવત્ કરવાનું એક ઉત્તમ સાધન છે. અને વળી જો કોઈ નિઃસ્વાર્થ થઈ શકે, અંગત હેતુઓ અને અહંકારથી મુકત થઈ શકે, તો સુખી થવાની ખરેખરી શકયતા ગણાય.

તમારાં કાર્યોને લઈને જે વાતાવરણ સર્જાયું હોય છે તે તમારી સાથે, તમારી આસપાસ, તમારામાં વહન કરો છો. તમે જો જે કાંઈ કરો તે સુંદર, સારું અને સુસંવાદી હોય, તો તમારું વાતાવરણ સુંદર, સારું અને સુસંવાદી હોય છે; એથી ઊલટું, તમે જો હીન સ્વાર્થમાં, વિવેક વગરના પોતાના હિતમાં, નિષ્ઠુર દુર્ભાવમાં રહેતા હશો, તો જીવનની પ્રત્યેક ક્ષણે તેનો જ શ્વાસ લેતા રહેશો,—અર્થાત્ દુઃખ, નિરંતર બેચેની. આનો અર્થ એ થયો કે કઢંગાપણું પોતાની કુરૂપતાથી વિકળ બને છે.

અને એમ ન માનશો કે શરીર છૂટી ગયા પછી તમે આ વાતાવરણમાંથી

મુકત થશો; ઊલટું, શરીર એ અચેતનતાનું એક આવરણ છે, જે યાતનાની પ્રગાઢતાને ઘટાડે છે. તમે જો અત્યંત પ્રાણિક જીવનમાં શરીરના રક્ષણ વગરના હશો, તો તે યાતના ઘણી વધારે તીવ્ર જણાશે; અને પછી જેને પરિવર્તિત કરવાની જરૂર હશે તેને પરિવર્તિત કરવાની તક તમે નહિ પામો, સુધારવાની જેની જરૂર હશે તે સુધારી નહિ શકો, કોઈ ઉચ્ચતર, વધુ સુખી અને વધુ તેજસ્વી જીવન અને ચેતના પ્રત્યે ખુલ્લા નહિ થઈ શકો.

અહીં જ તમારું કાર્ય પાર પાડવાની ત્વરા રાખો; કારણ કે, અહીં જ તમે તેને તેમ ખરેખર કરી શકો છો.

મૃત્યુમાંથી કોઈ અપેક્ષા ન રાખો. જીવન જ તમારો ઉદ્ધાર છે.

જીવનમાં જ તમારે તમારું રૂપાન્તર સાધવાનું છે. આ પૃથ્વી પર જ તમે પ્રગતિ કરી શકો છો અને અહીં જ તમારે સાક્ષાત્કાર કરવો રહ્યો. આ શરીરમાં જ તમે વિજયી થઈ શકો છો.

— ૨૭, ડિસેમ્બર, ૧૯૫૭

ઇધ મોદતિ પેચ્ચ મોદતિ કતપુઞ્ઞો ઉભયત્થ મોદતિ ।
સો મોદતિ સો પ્પમોદતિ દિસ્વા કમ્મ વિસુદ્ધમત્તનો ।।
ઇધ તપ્પતિ પેચ્ચ તપ્પતિ પાપકારી ઉભયત્થ તપ્પતિ ।
પાપં મે કતં તિ તપ્પતિ ભિય્યો તપ્પતિ દુગ્ગતિં ગતો ।।
ઇધ નન્દતિ પેચ્ચ નન્દતિ કતપુઞ્ઞો ઉભયત્થ નન્દતિ ।
પુઞ્ઞં મે કતં તિ નન્દતિ ભિય્યો નન્દતિ સુગ્ગતિં ગતો ।।

[જે સારું કરે છે તે બંને લોકોમાં — આ લોકમાં અને પરલોકમાં — પ્રમોદ કરે છે, પોતાનાં સત્કૃત્યોનું સ્મરણ કરતાં તે વધુ ને વધુ પ્રમોદને પામે છે.]

[જે બૂરું કરે છે તે આ લોકમાં તેમ જ પરલોકમાં, બંને લોકોમાં સંતપ્ત થાય છે. "મેં ખરાબ કર્યું છે" એવો વિચાર તેને ત્રાસ આપે છે. અને જેવો તે (પાપી) નરકના માર્ગને અનુસરે છે તેવો તેનો ત્રાસ વધુ તીવ્ર થતો જાય છે.]

[જે સારું કરે છે તે આ લોકમાં અને પરલોકમાં, બંને લોકોમાં, આનંદ પામે છે; અને વળી "મેં પુણ્ય કર્યાં છે" એમ જાણીને આનંદ પામે છે. અને જ્યારે તે સ્વર્ગના માર્ગને અનુસરે છે, ત્યારે તેનું સુખ વધતું જ ચાલે છે.]

બુદ્ધધર્મના આ ગ્રંથ પરથી લગભગ એમ લાગે કે તેઓ નર્ક અને સ્વર્ગના વિચારને સ્વીકારે છે, પણ તે સમજણ તદ્દન ઉપરછલ્લી છે; કારણ કે,

વધુ ઊંડા અર્થમાં બુદ્ધની તે ધારણા નથી. તેમણે જે વિચાર પર ભાર મૂકયો તે એ છે કે તમારા વર્તન અને તમારી ચેતનાના સ્તર પ્રમાણે તમે જેમાં જીવી રહ્યા છો એવા જગતનું નિર્માણ તમે કરો છો. પ્રત્યેક જણ પોતે જેમાં જીવી રહ્યો છે તેવું જગત પોતાનામાં વહન કરે છે અને જયારે તે પોતાનો દેહ છોડશે ત્યારે પણ તેમાં જ જીવવાનું ચાલુ રાખશે; કારણ કે, બુદ્ધના ઉપદેશ પ્રમાણે એમ કહી શકાય કે શરીરમાં જીવન અને શરીરની બહારનું જીવન, એમાં ફરક નથી.

કેટલાક લોકો એમ માને છે. કેટલીક પરંપરાઓ પણ ઉપદેશે છે કે શરીર છોડવું એક આશીર્વાદ છે; અને કેટલાક ધર્મોની બાબતમાં છે તેમ, તમે અમુક ધર્મકાર્યો પૂરાં કરો તો બધી મુશ્કેલીઓ ચાલી જાય છે. અને તેથી જ ધાર્મિક કાર્યોને આટલું મહત્ત્વ અપાય છે; તમે દેહ છોડો એટલે એ બધું જાણે કે કોઈ વધુ સુખી લોકમાં જવા માટેનું પ્રવેશપત્ર બની જાય છે. કેટલા એમ પણ ધારે છે કે જેવા તમે દેહ છોડો કે તરત જ તમારી મુશ્કેલીઓને પાછળ મૂકી જાઓ છો. પણ આમ હોવું સાચું જણાતું નથી. અને ધમ્મપદ અહીં જે જણાવે છે તે એ જ છે: જેને નર્ક તરીકે જણાવે છે તે માનસિક વિસ્તારનું બનેલું છે; તમે જયારે અપકૃત્ય કરો ત્યારે તમે ચેતનાની અમુક અવસ્થાઓમાં પ્રવેશો છો, એટલે કે, જે કાંઈ સુંદર હોય, શુદ્ધ હોય, સુખવાળું હોય તેમાંથી કુરૂપતામાં, દુષ્ટતામાં પથભ્રષ્ટ થાઓ છો. દુષ્ટતાના વાતાવરણમાં સબડવા જેવું બીજું કશું નિરાશાજનક નથી.

ધમ્મપદ અહીં જે પ્રાયઃ બાલોચિત ભાવે જણાવે છે તે તાત્ત્વિક રીતે સાચું છે. સ્વાભાવિક રીતે, જેઓ એમ વિચારે છે કે, "અરે, હું કેવો સારો છું, કેવો સરસ છું!" અને એ રીતે સુખ અનુભવે છે, તેમનો ઉલ્લેખ નથી કરતું. એ તો બાલિશતા ગણાય. પરંતુ જયારે તમે સારા હો છો, જયારે તમે ઉદાર, મહાન, નિઃસ્વાર્થ, માયાળુ હો છો, ત્યારે તમારામાં તમારી આસપાસ એક વાતાવરણ સર્જો છો અને આ વાતાવરણ એક રીતનો ઉજજવલ છુટકારો છે. તમે શ્વાસ લો છો, સૂર્યમાં ખીલતા ફૂલની જેમ તમે ખીલો છો, તમારા પર કોઈ દુઃખદ ઝાટકો લાગતો નથી; કોઈ કડવાશ, કોઈ વિદ્રોહ, કોઈ યાતનાઓ જણાતાં નથી. સાહજિક ભાવે અને આપમેળે વાતાવરણ પ્રકાશિત થાય છે અને જે હવામાં શ્વાસ લો છો તે સુખપૂર્ણ લાગે છે. અને તમે જે હવામાં શ્વાસ લો છો, તે આ જ છે,— તમારા શરીરમાં અને શરીરની બહાર, જાગ્રત અવસ્થામાં અને નિદ્રાવસ્થામાં, જીવનમાં અને જીવનથી પેલી પારના માર્ગમાં, પાર્થિવ જીવનની બહાર, — જયાં લગી નવું જીવન ન જણાય ત્યાં લગી.

દરેક ખોટું કૃત્ય ચેતના પર મ્લાન થતા પવનની, થીજી મૂકતા ઠારની અથવા ભરખી જતી ભડભડતી જ્વાળાઓની અસર ઊપજાવે છે.

દરેક સત્કૃત્ય, માયાળુ કાર્ય, પ્રકાશ, સ્થિરતા, આનંદ — જેમાં ફૂલ ખીલે એવો સૂર્યનો પ્રકાશ — આણે છે.

— ૩, જાન્યુઆરી, ૧૯૫૮

બહું પિ ચે સહિતં ભાસમાનો ન તક્કરો હોતિ નરો પમત્તો ।
ગોપો વ ગાવો ગણયં પરેસં ન ભાગવા સામઞ્ઞસ્સ હોતિ ।।
અપ્પં પિ ચે સહિતં ભાસમાનો ધમ્મસ્સા હોતિ અનુધમ્મચારી ।
રાગં ચ દોસં ચ પહાય મોહં સમ્મપ્પજાનો સુવિમુત્તચિત્તો ।
અનુપાદિયાનો ઇધ વા હુરં વા સ ભાગવા સામઞ્ઞસ્સ હોતિ ।।

[જે પ્રમાદી મનુષ્ય શાસ્ત્રગ્રંથોનાં વચનો ઉચ્ચારે પણ તે પ્રમાણે વર્તન ન કરે, તે, જેમ બીજાની ગાયોને કોઈ ગોવાળ ગણ્યા કરે, પણ તેમનો ભાગીદાર થઈ શકતો નથી, તેમ બુદ્ધના શિષ્યોના જીવનમાં ભાગીદારી કરી શકતો નથી.]

[જે જાગ્રત મનુષ્ય શાસ્ત્રગ્રંથોનું નાનકડું વચન ઉચ્ચારે, પણ તે પ્રમણે વર્તનનાં મૂકે, જેણે બધા વિકારોને નકાર્યા છે, જેનામાં કોઈ દુર્ભાવ નથી, કોઈ ભ્રાંતિ નથી, તેનામાં સાચું જ્ઞાન છે. સંપૂર્ણપણે મુકત થયેલું તેનું મન, કયાંય આસકિત રહિત થઈને, આ લોક કે પરલોકની તૃષ્ણા વગરનો થઈને શ્રામણ્યપણાનો ભાગીદાર બની શકે છે.]

એકની એક વાત વારંવાર પુનરુચ્ચારિત કરી છે અને તે વિષે વધુ આગ્રહ રાખવો બિનજરૂરી છે. છતાં સત્ય એ છે કે વાતોના ઢગેઢગના કરતાં એક કણનો અમલ અનેકગણો કીમતી છે. સાચેસાચ કોઈ સિદ્ધાંતને સમજાવવાની ખાતર જે શકિત ખર્ચવામાં આવે છે તેના કરતાં પોતામાં રહેલી નબળાઈ કે ત્રુટિને દૂર કરવામાં તે ખર્ચાય તો તેનો સદુપયોગ થયો ગણાય.

આથી તેમના ઉપદેશેલા જ્ઞાનને સુસંગત થવા આપણે બધા વિકાર, દુર્ભાવ અને ભ્રાંતિને દૂર કરવાનાં ઉત્તમ સાધનો વિષે વિચારીશું.

દેખીતી વસ્તુને વાસ્તવિક માની લેવી, અનિત્ય વસ્તુઓને એકમાત્ર અનુસરણીય ચિરકાલીન સત્ય તરીકે માની લેવી એ ભ્રાંતિ છે.

ધમ્મપદ સ્પષ્ટપણે દર્શાવે છે તે જાણીને તેની નોંધ લેતાં આનંદ થાય છે, કે માત્ર આ જગતનાં બંધનોમાંથી મુકત થવું પૂરતું નથી, બધાંય જગતોનાં

બંધનમાંથી મુકત થવું જોઈએ.

કારણ કે, સાચા અને અતિ ઉત્સુક બુદ્ધધર્મને માનનારા જણાવે છે કે જો તમે તેમના સિદ્ધાંતોને અમલમાં મૂકશો તો મૃત્યુ પછીના તેમના સ્વર્ગમાં જે ઝળહળતા લાભ થશે એવી ભોળવનારી વાતો દ્વારા સામાન્ય ધર્મો મનુષ્યોને ફસાવે છે. એથી ઊલટું, બૌદ્ધધર્મમાં નથી નર્ક, નથી સ્વર્ગ. એ તમને શાશ્વત શિક્ષાથી ભયત્રસ્ત કરતો નથી, કે, દિવ્ય આમોદ-પ્રમોદની લાલચથી રીઝવતો નથી.

તમારો સંતોષ અને તમારા સઘળા પ્રયત્નોનો બદલો વિશુદ્ધ સત્યમાં છે.

—૧૦, જાન્યુઆરી, ૧૯૫૮

જાગૃતિ (અપ્રમાદવર્ગ)

અપ્પમાદો અમતપદં પમાદો મચ્ચુનો પદં ।
અપ્પમત્તા ન મીયન્તિ યે પમત્તા યથા મતા ।। ૧

[જાગૃતિ અમરતાનો પંથ છે. પ્રમાદ મૃત્યુનો માર્ગ છે. જાગતા મરતા નથી. પ્રમાદી જીવતા છતાં મરેલા છે.]

આ ગ્રંથમાં નિર્વાણ શબ્દ વિનાશના અર્થમાં વપરાયો નથી એ તમે જોઈ શકશો; પરંતુ વર્તમાન પાર્થિવ અસ્તિત્વમાં જે રીતે જાણીએ છીએ તેમ જીવન અને મૃત્યુના વિરોધમાં શાશ્વત અસ્તિત્વના અર્થમાં વપરાયો છે. આ બંને શબ્દો એકબીજાના વિરોધી છે: જીવન મૃત્યુનું વિરોધી છે, મૃત્યુ જીવનનું વિરોધી છે. અહીં જે જીવન વિષે જણાવવામાં આવ્યું છે તે ઉપર જણાવેલા જીવનની વાત નથી, પણ જીવન અને મૃત્યુથી પર જે શાશ્વત અસ્તિત્વ છે — જે સાચું અસ્તિત્વ છે — તે વિષે કહેવામાં આવ્યું છે.

અપ્રમાદ એટલે જાગતા રહેવું, પોતાને વિષે ચેતતા રહેવું, સહૃદય હોવું,— એકાએક સફાળા થઈ જવું નહીં. જ્યારે તમે સાધના કરવા ઇચ્છો છો, ત્યારે તમારા જીવનની પ્રત્યેક ક્ષણે એક પસંદગી કરવી પડે છે: તમારા લક્ષ્ય ભણી દોરી જનારું એક ડગલું, અને નિદ્રામાં પડી જવું અથવા કોઈ કોઈ વાર પાછાં પગલાં માંડવાં અને કહેવું કે, "અરે, હમણાં નહિ, પછીથી" એમ કહીને રસ્તામાં બેસી જવું,— આ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

નીચે તાણતી વસ્તુનો માત્ર સામનો કરવો એ જાગૃતિ નથી; પરંતુ પ્રગતિની કોઈ પણ તક ગુમાવવી નહીં, નબળાઈને દૂર કરવાની કોઈ તક ગુમાવવી નહીં, કોઈ લાલચનો સામનો કરવો, કંઈક શીખવાની, કંઈક સુધારવાની, કશા પર પ્રભુત્વ મેળવવાની, તક ગુમાવવી નહીં. તમે જો સાવધ હશો, તો વર્ષોમાં જે થઈ શકે તેને થોડા દિવસમાં પાર પાડી શકશો; તમારા જીવનની દરેક પરિસ્થિતિને, પ્રત્યેક કાર્યને, પ્રત્યેક હલનચલનને તમારા લક્ષ્યની વધુ પાસે લઈ જનાર ઘટના તરીકે પરિવર્તિત કરી શકશો.

જાગૃતિ બે પ્રકારની છે : સક્રિય અને નિષ્ક્રિય. એક એ જાગૃતિ છે જે તમે ભૂલ કરવાના હો, કોઈ ખોટી પસંદગી કરવાના હો, કાં તો તમે નબળાઈનો ભોગ બનવાના હો કે કાં તો લાલચને વશ થઈ જવાના હો, ત્યારે તમને ચેતવણી આપે છે; અને બીજી સક્રિય જાગૃતિ છે, જે પ્રગતિની તક શોધતી રહે છે, પ્રત્યેક સંજોગને ઝડપી રીતે આગળ વધવામાં યોજતી રહેતી હોય છે. પતન થતાં અટકાવવું અને ત્વરિત ગતિએ આગળ ધપવું એ બે વચ્ચે ફરક છે.

અને એ બંનેય અત્યંત જરૂરી છે.

જે જાગ્રત નથી તે મરેલો જ છે. તેણે અસ્તિત્વના સાચા હેતુનો અને જીવનનો સંપર્ક ગુમાવ્યો હોય છે.

આથી સમય, સંજોગો અને જીવન વ્યર્થ પસાર થઈ જાય છે, કંઈ જ નીપજતું નથી; અને તમારી તન્દ્રાવસ્થામાંથી જાગો છો ત્યારે તમે ખાડામાં પડયા હો છો, જેમાંથી ઉપર આવવું ઘણું અઘરું થઈ પડે એમ હોય છે.

—૧૭, જાન્યુઆરી, ૧૯૫૮

એતં વિસેસતો ઞત્વા અપ્પમાદમ્હિ પણ્ડિતા ।
અપ્પમાદે પમોદન્તિ અરિયાનં ગોચરે રતા ।। ૨

[જાગૃતિની વિશિષ્ટતા સમજીને પંડિતો આનંદ પામે છે અને આર્યઋષિઓએ ચીંધેલે માર્ગે જવા તત્પર થાય છે. (૨)]

આ આખાય ઉપદેશમાં એક વસ્તુ પર ધ્યાન આપવા જેવું છે; અને તે આ છે : તમને એવું કદાપિ કહેવામાં આવ્યું નથી કે સારી રીતે જીવવું, સારી રીતે વિચારવું, એ કોઈ સંઘર્ષનું કે ત્યાગનું (બલિદાનનું) પરિણામ છે. ઊલટું, એ એક એવી આનંદપૂર્ણ અવસ્થા છે જે સઘળાં દુ:ખોને મટાડે છે. તે સમયે, એટલે કે બુદ્ધના સમયમાં, આધ્યાત્મિક જીવન જીવવું એક આનંદ હતો, એક પરમ ગતિ હતી, એક સૌથી સુખપૂર્ણ અવસ્થા હતી. એને લઈને દુનિયાની બધી મુશ્કેલીઓ, બધાં દુ:ખો, બધી ચિંતાઓમાંથી તમે મુકત થઈ જતા; અને તમે સુખ, સંતોષ અને તૃપ્તિ અનુભવતા.

એ તો આધુનિક સમયના ભૌતિકવાદે આધ્યાત્મિક પ્રયાસને એક કઠણ સંઘર્ષમાં, એક બલિદાનમાં જીવનના કહેવાતા બધા આનંદોના દુ:ખપૂર્ણ ત્યાગમાં પલટાવી દીધો છે.

ભૌતિક જગત, ભૌતિક આમોદપ્રમોદ, ભૌતિક આનંદ, ભૌતિક માલિકીની

એકાન્તિક વાસ્તવિકતા પરનો આ જે આગ્રહ (ઝોક), એ માનવ સભ્યતાની આખીયે પદાર્થવાદી મનોવૃત્તિનું પરિણામ છે. પ્રાચીન સમયમાં આનો વિચાર સરખોયે ન હતો. એથી ઊલટું, દુનિયાદારીની સઘળી ચિંતાઓમાંથી મુક્તિ, એકાગ્રતા, પ્રત્યાહાર, આધ્યાત્મિક આનંદ પ્રત્યેની સમર્પણ ભાવના,—એ બધું ખરેખરે સુખ હતું.

આ દૃષ્ટિએ જોતાં એ સ્પષ્ટ જણાય છે કે માનવજાતિ ખરેખરી પ્રગતિ કરી શકી નથી; અને જેઓ પદાર્થવાદી સભ્યતાનાં કેન્દ્રસ્થાનોની દુનિયામાં જન્મ્યા હતા તેમના અવચેતન મનમાં એક ભયંકર ખ્યાલ જોવામાં આવે છે કે માત્ર ભૌતિક વાસ્તવિકતાઓ જ સાચી જ છે અને જે ભૌતિક નથી તેવી બાબતોમાં ચિત્તને પરોવવું એ એક બલિદાનની આશ્ચર્યકારક ભાવનાનો નિર્દેશ કરે છે, એક પ્રાયઃ પરમ પ્રયાસ સૂચવે છે. સવારથી સાંજ લગી અને સાંજથી સવાર લગી ક્ષુલ્લક ભૌતિક સંતોષો, ભૌતિક આમોદપ્રમોદ, ભૌતિક સંવેદનો, ભૌતિક પૂર્વગ્રહોમાં તલ્લીન ન રહેવું એ એક નોંધપાત્ર ભાવનાનો નિર્દેશ કરે છે. આપણને ખબર નથી, પરંતુ આખીયે આધુનિક સભ્યતા આ પ્રકારની ધારણા પર મંડાયેલી છે : "અરે, તમે જેને સ્પર્શી શકો તે ખરેખર સાચું છે; તમે જેને જોઈ શકો છો તે ખરેખર સાચું છે; તમે જે ખાધું છે તેની સત્યતાની તમને ખાત્રી છે; પણ તે સિવાય બીજું બધું ઊંહ (જવા દોને) ! એવું તો નથી કે આ સિવાયનું બીજું બધું સ્વપ્ન કે મિથ્યા આભાસ હોય ! એ ઠાલું યે હોય ! આપણે વાસ્તવિકને બદલે અવાસ્તવિકને, પદાર્થને ઠેકાણે પડછાયાને પકડવા તો નથી દોડતાં ? છેવટે આ બધાથી તમને શો લાભ થવાનો છે ? માત્ર કેટલાંક સ્વપ્નાં ! એટલું જ ને ! પણ તમારા ખિસ્સામાં નગદ નાણું પડ્યું હશે તો તે પર નિર્ભર હોવાથી તમને નીરાંત થશે કે "હાશ ! કંઈક તો છે !"

અને બધે આમ જ છે, દરેક વાતની પાછળ આ જ વિચાર રહેલો હોય છે. બહારના પડને તમે જ્યાં સહેજ ખોતરશો કે તમારી ચેતનામાં આ જ રહેલું વરતાશે. એટલું જ નહિ, વારંવાર તમારા કાનમાં આ જ વાતની ફૂંક મારવામાં આવે છે : "જો જો, સપડાઈ ન જતા !" ખરેખર, આ ખૂબ જ દુઃખદ છે.

આપણે જાણીએ છીએ કે જગતમાં જે ઉત્ક્રાંતિ થઈ રહી છે એ ક્રમિક છે, વર્તુળાકારે આરોહણ કરતી તે એક પ્રગતિશીલ સીડી છે. જો માત્ર સગવડ અને સાધનોની દૃષ્ટિએ વિચારીએ તો ખરેખર એ સાચું છે કે ગુફાવાસી મનુષ્યના જીવન કરતાં સુવિધાઓની બાબતમાં અત્યારનાં નગરો ખૂબ વિકાસ પામ્યાં છે. પરંતુ પુરાણકથાઓમાં હમેશાં ભાવિ દર્શનની શક્તિનો, ક્રાન્તદ્રષ્ટા આત્માઓનો

ઉલ્લેખ કરવામાં આવતો, ભવિષ્યની ઘટનાઓનું દર્શન કરી તેને વિષે ચોક્કસ સ્વરૂપે કહેવાતું અને તે યુગના સાદાસીધા લોકમાં જીવનનો જે કાંઈક સૂક્ષ્મ સંસ્પર્શ જોવા મળતો એ તો વાસ્તવિક જગતના કરતાં ય તેમને માટે વધુ નક્કર હતો. અત્યારની સંસ્કૃતિમાં આનો સાવ અભાવ જણાય છે. અત્યારે તો હવે, આધુનિક સુખસગવડભર્યાં સુંદર નગરોમાં, કોઈ ને કોઈ વસ્તુને ઉતારી પાડવી હોય તો એમ કહેશે : "એ તો ખાલી સ્વપ્ન છે, માત્ર કલ્પના !"

ટૂંકમાં, જો કોઈ વ્યકિતને જીવનનો આવો આંતર સ્પર્શ હોય, જેમાં તે જીવતી હોય, તો લોકો કાંઈક કુતૂહલ અને વિસ્મયથી તેને જોશે અને કહેશે : "એનું ભેજું ગેપ તો નથી થઈ ગયું ને !" જે મનુષ્ય પૈસો એકઠો કરવા પાછળ કે પોતાની સુખસગવડને વધારવા પાછળ સમય કાઢતો ન હોય, કોઈક સારું સ્થાન મેળવીને મહત્ત્વની વ્યકિત થવા માગતો ન હોય, તો એવા પ્રત્યે લોકો શંકાની નજરે જુએ છે, તેમને આશ્ચર્ય થતું હોય છે કે તેનું માથું ઠેકાણે છે કે નહીં.

અને આ બધું ચારે બાજુના વાતાવરણમાં એટલું બધું જામી ગયું હોય છે, તમે જે શ્વાસ લો છો તેમાં એટલું બધું ઓતપ્રોત થઈ ગયું હોય છે, બીજાઓ પાસેથી લીધેલા વિચારોનાં એવાં જડ નખાઈ ગયાં હોય છે કે એ બધું તમને બિલકુલ સ્વાભાવિક જણાય છે. તમને એમ નથી લાગતું કે આ એક ભયંકર કદ્રૂપતા છે.

પોતાને વિષે જરા વધુ જાગ્રત થવું, દેખાવોની પાછળના જીવનની સાથે સંબંધની સ્થાપના કરવી, એ તમને સૌથી વધુ શ્રેયસ્કર જણાતું નથી. જ્યારે તમે સરસ મજાની ખુરશીમાં બેઠા હો, સામે ભોજનની રસપ્રદ વાનગીઓનો થાળ હોય, મનગમતી વાનગીઓથી તમારા જઠરને તમે ભરતા હો,— એ બધું તમને વધુ નક્કર, વધુ મનગમતું લાગે છે. અને પછી પસાર થઈ ગયેલા દિવસને અવલોકો, તેનો કયાસ કાઢો, તમને કંઈક ભૌતિક લાભ થયો હોય, કંઈક મોજમઝા માણી હોય, શારીરિક સંતોષ થયો હોય, તો તમને લાગશે કે દિવસ સારો ગયો; પણ તમને જીવનમાંથી કંઈક પાઠ ભણવાનું મળ્યું હોય, જો તમને એક થપ્પડ સાથે તમે કેટલા બધા મૂર્ખ છો એ જાણવાનું મળ્યું હોય, તો તમે પ્રભુની કૃપાનો આભાર માનીને એમ નહિ કહો, "અરે, જીવન હમેશાં એક મજાક નથી !"

જ્યારે જ્યારે હું આવાં પ્રાચીન પુસ્તકો વાંચું છું ત્યારે ત્યારે મને આંતરિક દૃષ્ટિબિંદુઓ, સાચા જીવનના દૃષ્ટિબિંદુઓ એવી છાપ પડે છે કે આપણે ભયંકર

રીતે પાછાં પડયાં છીએ; થોડીઘણી વિચક્ષણ યાંત્રિક પ્રક્રિયાઓને એકઠી કરવા માટે, શારીરિક તમસને પ્રોત્સાહન આપતી વસ્તુઓને માટે, જીવન જીવવાના પ્રયાસને ઓછાં કરનારાં સાધનો અને યંત્રસામગ્રીઓની પ્રાપ્તિને માટે, આપણે આંતરિક જીવનની વાસ્તવિકતાને ત્યજી દીધી છે. આ પ્રકારની સમજણ આપણે ગુમાવી છે. જીવનના અર્થ વિષેના શિક્ષણની વિચારણા માટે, તેના હેતુને માટે, આપણે જે લક્ષ્ય પ્રતિ આગળ ધપવું હોય, જેને કાજે સમગ્ર જીવન પ્રગતિશીલ હોય છે તેને માટે, આપણને ગમે કે નહિ, તોય પ્રયાસ આવશ્યક છે. લક્ષ્ય તરફનું એક ડગલું, અરે, એમાં તો કેટલા બધા પ્રયાસની જરૂર છે; અને જ્યારે બહારના સંજોગો રુચિકર ન હોય ત્યારે જ સામાન્યપણે આપણે એનો વિચાર કરીએ છીએ.

જ્યારે પેલો ભરવાડ નિશાળે જતો નહિ, રાત્રિ વેળાએ તારાજડિત આકાશતળે ઘેટાંના ટોળાને સાચવતો, ભાવિમાં બનનારને તારાઓમાં વાંચતો, કુદરતમાં જે કાંઈ અભિવ્યકત થઈ રહ્યું છે તેનું અનુસંધાન કરતો, એક સરળ જીવન જે ગભીર સૌન્દર્યને પારખે અને શાંતિનું પ્રદાન કરે તેને માણતો, — એ સમયથી આપણે કેટલા બધા છેટા પડી ગયા છીએ !

અન્ય ચીજને લેવા ખાતર આપણને એક ચીજ ગુમાવવી પડે છે — એ આપણું મોટું દુર્ભાગ્ય છે. જ્યારે હું અંદરના જીવનની વાત કરું છું ત્યારે આધુનિક યાંત્રિક શોધખોળનો વિરોધ કરું છું એમ નથી; એથી ઊલટું, મારે કહેવાનું એ છે કે, આ બધી શોધખોળોએ આપણને કેવા કૃત્રિમ, કેવા અબૂધ બનાવી દીધા છે ! સાચા સૌન્દર્યની પરખ આપણે કેટલી બધી ગુમાવી છે, નિરર્થક જરૂરિયાતોનો બોજો આપણે કેટલો બધો ઉપાડી રહ્યા છીએ !

કદાચ, આરોહણ કરતી એ વર્તુળાકારની સીડીના વળાંકથી ઉપર જવાનો સમય આવ્યો છે. અને આ બધી બાબતોનું જ્ઞાન આપણને જે આપી રહ્યું છે, એ બધાંને લઈને આપણી આધ્યાત્મિક પ્રગતિને એક વધુ નક્કર ભૂમિકા પર મૂકી શકીશું. ભૌતિક પ્રકૃતિનાં રહસ્યોનાં શિક્ષણથી સશકત થયેલા આપણે બન્ને છેડાઓને યુકત કરીશું અને આપણા ખુદ ગર્ભમાં જે પરમ વાસ્તવિકતા રહી છે તેને પુનઃ ખુલ્લી કરીશું.

—૨૪, જાન્યુઆરી, ૧૯૫૮

તે ઝાયિનો સાતતિકા નિચ્ચં દળહપરક્કમા ।
ફુસન્તિ ધીરા નિબ્બાનં યોગક્ખેમં અનુત્તરં ।। ૩

ઉટ્ઠાનવતો સતિમતો સુચિકમ્મસ્સ નિસમ્મકારિનો ।
સંયતસ્સ ચ ધમ્મજીવિનો અપ્પમત્તસ્સ યસોઽભિવડ્ઢતિ ।। ૪

[જેઓ ધ્યાનમાં તત્પર છે, સત્યપરાયણ છે, જેઓ પોતાની અંદર નિત્ય ઝઝૂમે છે, તેઓ પરમ આનંદદાયી નિર્વાણનો અનુભવ કરે છે. (૩)

જીવનની શુદ્ધિને માટે પ્રયત્ન કરનારા, સ્મૃતિને જાગ્રત રાખનારા, પવિત્ર પ્રવૃત્તિવાળા, વિચારીને કામ કરનારા, સંયમી, ધર્મમાર્ગે જીવનાર એવા પ્રમાદ-રહિત ધીર પુરુષનો યશ ચારે બાજુ વધે છે. (૪)]

સારી નામના માટેના વચનની આ વાત બૌદ્ધ ઉપદેશને માટે ઉચિત હોય એમ મને જણાતું નથી. કદાચ, તેનો અર્થ બીજો હોય. અને નીતિની દૃષ્ટિએ જીવવાનું હોય તો કયા પ્રકારની નીતિની વાત અભિપ્રેત છે તે જાણવું જોઈએ; કારણ કે, જો એ માન્ય થયેલી સામાન્ય સામાજિક નીતિ હોય તો તે કોઈ આકર્ષક વચન મને જણાતું નથી. જેમણે સઘળા પ્રકારની દુન્યવી દુર્બળતાઓનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો હોય છે, તેઓ ખરી રીતે સામાજિક નીતિને સંતુષ્ટ કરવાનું પસંદ કરતા નથી હોતા...અને યશપ્રાપ્તિને માટે તો નહિ જ !

પોતાના ઉત્સાહને સતત જારી રાખવો, એ એક અત્યંત સરસ વાત છે, પોતાનાં કર્મો પવિત્ર હોવાં પણ અનિવાર્ય છે, ડહાપણભરી રીતે કામ કરવું એ પણ સાવ બરાબર છે; કોઈ વારંવાર એમ કર્યા કરે એ શક્ય નથી; પોતાની કામનાઓ પર સંયમ રાખવો એ તો સાવ સાચું છે, એ બધી શરૂની વાત થઈ... પણ પેલો અંત, ઉપસંહાર ! !

તેમ છતાં મને લાગે છે કે "ધમ્મ" નો અર્થ અહીં "કાનૂન" (Law) અને "યશ" નો "ખ્યાતિ" (renown) એમ કરવામાં આવ્યો છે. એને બદલે "ધમ્મ" એટલે આંતરિક સત્ય અને "યશ" એટલે આધ્યાત્મિક ગૌરવ એમ હોવું જરૂરી છે. તો પછી પાઠને આપણે આમ ઘટાવીએ : "જે કોઈ પોતાના ઉત્સાહને જારી રાખી શકે, પોતાનાં કર્મોમાં પવિત્ર રહે, ડહાપણભરી રીતે વર્તે, કામનાઓને સંયત કરે, આંતરિક સત્યને આધારે જીવે, તે પોતાનું આધ્યાત્મિક ગૌરવ વધતું જતું જોશે."

આમ સમજવામાં આવે તો ગાથાઓનો અર્થ ઉત્તમ ગણાય. કોઈ પણ આના સિવાય બીજી રીતે વર્તી શકે નહીં.

—૩૧, જાન્યુઆરી અને ૭, ફેબ્રુઆરી, ૧૯૫૮

ઉટ્ઠાનેનપ્પમાદેન સંયમેન દમેન ચ ।
દીપં કયિરાથ મેધાવી યં ઓઘો નાભિકીરતિ ।। ૫

પમાદમનુયુઞ્જન્તિ બાલા દુમ્મેધિનો જના ।
અપ્પમાદં ચ મેધાવી ધનં સેટ્ઠં વ રક્ખતિ ।। ૬

મા પમાદમનુયુઞ્જેથ મા કામરતિસન્થવં ।
અપ્પમત્તો હિ ઝાયન્તો પપ્પોતિ વિપુલં સુખં ।। ૭

પમાદં અપ્પમાદેન યદા નુદતિ પણ્ડિતો ।
પઞ્ઞાપાસાદમારુય્હ અસોકો સોકિનિં પજં ।
પબ્બતટ્ઠો વ ભુમ્મટ્ઠે ધીરો બાલે અવેક્ખતિ ।। ૮

અપ્પમત્તો પમત્તેસુ સુત્તેસુ બહુજાગરો ।
અબલસ્સં વ સીઘસ્સો હિત્વા યાતિ સુમેધસો ।। ૯

અપ્પમાદેન મઘવા દેવાનં સેટ્ઠતં ગતો ।
અપ્પમાદં પસંસન્તિ પમાદો ગરહિતો સદા ।। ૧૦

અપ્પમાદરતો ભિક્ખુ પમાદે ભયદસ્સિવા ।
સંયોજનં અણું થૂલં ડહં અગ્ગી વ ગચ્છતિ ।। ૧૧

અપ્પમાદરતો ભિક્ખુ પમાદે ભયદસ્સિવા ।
અભબ્બો પરિહાનાય નિબ્બાનસ્સેવ સન્તિકે ।। ૧૨

[બુદ્ધિશાળી પુરુષે પોતાના પ્રયત્નથી, જાગૃતિથી, શિસ્તથી, આત્મપ્રભુત્વથી પોતાને માટે એક એવો ટાપુ સર્જવો જેને ગમે તેવું પૂર તાણી જઈ શકે નહિ. (૫) અજ્ઞાની જનો પોતાની જાતને પ્રમાદમાં જોતરી રાખે છે, ચતુર પુરુષો જાગૃતિને પોતાના કિંમતી ખજાનાની જેમ રક્ષે છે. (૬) પોતાની જાતને પ્રમાદમાં જોડો નહિ. કામવાસનાનો પરિચય રાખો નહિ. જાગ્રત અને ધ્યાનરત માનવ વિપુલ સુખને પામે છે. (૭) જ્ઞાની પુરુષ જ્યારે અપ્રમાદથી પ્રમાદને દૂર કરે છે, ત્યારે તે ધીર, પ્રજ્ઞારૂપી પ્રાસાદ પર ચઢીને શોકરહિત બનીને શોકાતુર માનવજાતિને, જેમ પર્વત પર ચઢેલો પુરુષ નીચે જમીન પર રહેલા અજ્ઞાનીને જુઓ છે તેમ જુએ છે. (૮) જ્ઞાની પ્રમાદીઓની વચ્ચે અપ્રમાદી રહે છે, સૂતેલાઓની વચ્ચે જાગતો રહે છે, જેમ વેગીલો ઘોડો દુર્બળ ઘોડાની આગળ નીકળી જાય છે, તેમ જ્ઞાની સૌથી આગળ નીકળી જાય છે. (૯) અપ્રમાદથી ઇન્દ્ર દેવોમાં શ્રેષ્ઠતા પામ્યા છે. અપ્રમાદ પ્રશંસનીય છે, પ્રમાદ નિંદનીય છે. (૧૦) અપ્રમાદરત ભિક્ષુ પ્રમાદમાં ભયસ્થાનને જોતાં નાનાં મોટાં તમામ બંધનોને અગ્નિની જેમ બાળી આગળ

ચાલ્યો જાય છે. (૧૧) અપ્રમાદરત ભિક્ષુ, પ્રમાદમાં ભયસ્થાન જોનાર ભિક્ષુ, હવે ફરી નીચે પડનાર નથી. એ નિર્વાણની પાસે જ છે. (૧૨)]

મેં તમારી સમક્ષ આખુંય પ્રકરણ વાંચ્યું છે; કારણ કે, મને લાગે છે કે ગાથાની સમગ્રતાને લઈને એક પ્રકારનું વાતાવરણ ઊભું થાય છે. અને બધાય શ્લોકો સાથે જ લેવાના છે, છૂટા છૂટા નહીં. પરંતુ હું તમને મક્કમપણે ભલામણ કરું છું કે અહીં યોજાયેલા શબ્દોને તમે તેમને જે રીતે ચાલુ અર્થમાં લેવાય છે એમ નહિ લો.

દાખલા તરીકે, મને ખાતરી થઈ છે કે મૂળની વિચારણામાં તમારી પ્રશંસા થાય એટલા માટે તમારે જાગ્રત રહેવું જોઈએ અને નિંદા ન થાય એટલા માટે પ્રમાદી ન થવું, એમ અર્થ ઠીક લાગતો નથી. તદુપરાંત જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે એને સાબિત કરે છે. હિંદુ પરંપરામાં આવેલા અધિમાનસિક દેવો-માંના મુખ્ય જે ઇન્દ્ર જાગૃતિ (અપ્રમાદ) નું આચરણ કરતા હતા તે તેમનાં વખાણ થાય કે માન મળે એટલા માટે નહિ. આમ કહેવું ઘણું બાલિશ ગણાય. અને તેમ છતાં આ બધાય શ્લોકોને સમગ્ર ભાવે વિચારો તો તેમની પુનરાવૃત્તિ અને આગ્રહને લઈને જ એક અભિવ્યકત થવા માગતી વસ્તુની આવાહન કરનારી શકિતને જગવે છે; તમને તે એક મનોવૈજ્ઞાનિક મનોભાવના સંબંધમાં મૂકી આપે છે, જે બહુ ઉપયોગી છે અને જો તમે તેની શિસ્તને અનુસરો તો ઘણું અસરકારક બને છે.

ખાસ કરીને છેલ્લા બે શ્લોકો ઘણા પ્રબોધક છે : ભિક્ષુ અભીપ્સાની ઝળહળતી જ્યોતની જેમ આગળ ધપે છે, પ્રમાદને તે દૂર કરે છે.

પ્રમાદ એટલે સંકલ્પશકિતની શિથિલતા, જેને લઈને માણસ પોતાનું લક્ષ્ય ભૂલી જવા પામે, અને એવી બધી પ્રવૃત્તિઓમાં સમય વીતાવે, જે પ્રાપ્ત કરવાના લક્ષ્ય પ્રત્યે પોતાનો ફાળો આપવાને બદલે માર્ગને અટકાવે અને ઘણી વાર તેમાંથી ચ્યુત કરે. એટલા માટે અભીપ્સાની જ્યોત ભિક્ષુને પ્રમાદને ત્યજવા પ્રેરે છે. પ્રત્યેક ક્ષણે તેને થયાં કરે છે કે સમય અપેક્ષાએ ટૂંકો છે; માર્ગે જતાં તેને વેડફી દેવો નહિ જોઈએ. ઝડપથી જવાનું છે, જેટલું ઝડપી થઈ શકે તેટલું, — એક પણ ક્ષણ ગુમાવ્યા વિના. અને જે જાગ્રત છે, જે પોતાનો સમય બગાડતો નથી, તે બધાં બંધનો ખરી પડતાં અનુભવે છે, — નાનાં અને મોટાં સઘળાં. આ જાગૃતિને લઈને તેની બધી મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જાય છે. અને આમ એનો મનોભાવ જારી રાખે, તેમાં પૂરો સંતોષ પામે, તો પછી વખત જતાં જાગૃતિ સેવવાને કારણે

તે જે સુખ અનુભવે છે તે એટલું બધું મજબૂત થાય છે કે તેની એ જાગૃતિ ગુમાવે એટલે તરત જ તે બેચેની અનુભવે છે.

એ એક હકીકત છે કે જ્યારે માર્ગે જતાં કોઈ મનુષ્ય સમય નકામો ન જાય તે માટે પ્રયત્નશીલ રહે છે, તો પછી ગુમાવેલો સમય તેને માટે દુઃખદ થઈ જાય છે, અને એમાં પછી તેને કશો આનંદ લાગતો નથી. અને એક વાર તમે એ અવસ્થામાં આવી ગયા, એક વાર તમારા જીવનમાં પ્રગતિ અને રૂપાંતરનો આ પ્રયાસ ખૂબ મહત્ત્વનો બની ગયો — અને તમે તેનું નિરંતર ચિંતન કરતા થઈ ગયા — પછી શાશ્વત અસ્તિત્વના માર્ગે તમે વળી ગયા એમ સમજજો, — અને એ જ તમારી સત્‌તાનું સત્ય હશે.

સાચે જ, આંતરિક વિકાસ કરતાં એવી એક પળ આવે છે કે જ્યારે એકાગ્ર થવામાં પ્રયાસ કરવાના કરતાં, ચિંતનમાં લીન થવાને પ્રયત્ન કરવાના કરતાં, સત્ય અને તેની ઉત્તમ અભિવ્યકિતની શોધ — જેને બુદ્ધ ધર્મને પાળનારા ધ્યાન કહે છે — કરવાના કરતાં, એથી ઊલટું, તમે એક પ્રકારની મુકિત, સાહજિકતા, આરામ, આનંદ, અનુભવો છો; અને જે મહત્ત્વની વસ્તુઓ ન હોય એની સાથેનો વ્યવહાર કરતાં એ સ્થિતિમાંથી બહાર આવવું પડે, જે એક નિરર્થક સમયનો બગાડ જણાય છે, — ત્યારે અત્યંત પીડાજનક બને છે. બહારની પ્રવૃત્તિઓ, જે અત્યંત અનિવાર્ય હોય, ભગવાનની સેવાને કાજે થતી હોય તેની સરખામણીમાં ઓછી થતી જાય છે. જે બધું નિરર્થક છે, નિરુપયોગી છે, ખાસ કરીને જેને લઈને સમયનો અને પ્રયત્નનો બગાડ થાય છે, એ સઘળું સહેજ પણ સંતોષ ન આપતાં એક પ્રકારની તકલીફ, એક પ્રકારનો થાક ઊભો કરે છે; તમારા લક્ષ્યમાં એકાગ્ર થયા હો ત્યારે જ તમે સુખ (ચેન) અનુભવો છો.

આમ થાય ત્યારે જ સાચી રીતે તમે માર્ગે છો એમ ગણાય.

—૧૪, ફેબ્રુઆરી, ૧૯૫૮

ચિત્ત (ચિત્તવર્ગ)

ફન્દનં ચપલં ચિત્તં દૂરક્ખં દુન્નિવારયં ।
ઉજું કરોતી મેધાવી ઉસુકારો વ તેજનં ॥ ૧

વારિજો વ થલે ખિત્તો ઓકમોકત ઉબ્ભતો ।
પરિફન્દતિ'દં ચિત્તં મારધેય્યં પહાતવે ॥ ૨

દુન્નિગ્ગહસ્સ લહુનો યત્થ કામનિપાતિનો ।
ચિત્તસ્સ દમથો સાધુ ચિત્તં દન્તં સુખાવહં ॥ ૩

સુદુદ્દસં સુનિપુણં યત્થ કામનિપાતિનં ।
ચિત્તં રક્ખેથ મેધાવી ચિત્તં ગુત્તં સુખાવહં ॥ ૪

દૂરઙ્ગમં એકચરં અસરીરં ગુહાસયં ।
યે ચિત્તં સંયમેસ્સન્તિ મોક્ખન્તિ મારબંધના ॥ ૫

અનવટ્ઠિતચિત્તસ્સ સદ્ધમ્મં અવિજાનતો ।
પરિપ્લવપસાદસ્સ પઞ્ઞા ન પરિપૂરતિ ॥ ૬

અનવસ્સુતચિત્તસ્સ અનન્વાહતચેતસો ।
પુઞ્ઞપાપપહીનસ્સ નત્થિ જાગરતો ભયં ॥ ૭

કુમ્ભૂપમં કાયમિમં વિદિત્વા નગરૂપમં ચિત્તમિદં ઠપેત્વા ।
યોધેથ મારં પઞ્ઞાયુધેન જિતં ચ રક્ખે અનિવેસનો સિયા ॥ ૮

અચિરં વત'યં કાયો પઠવિં અધિસેસ્સતિ ।
છુદ્ધો અપેતવિઞ્ઞાણો નિરત્થં વ કલિઙ્ગરં ॥ ૯

દિસો દિસં યં તં કયિરા વેરી વા પન વેરિનં ।
મિચ્છાપણિહિતં ચિત્તં પાપિયો નં તતો કરે ॥ ૧૦

ન તં માતા પિતા કયિરા અઞ્ઞે વાપિ ચ ઞાતકા ।
સમ્માપણિહિતં ચિત્તં સેય્યસો નં તતો કરે ॥ ૧૧

[જેમ બાણને ઘડનારો વળી ગયેલા બાણને સીધું કરે છે, તેમ બુદ્ધિશાળી પુરુષ વારંવાર અસ્થિર બનતા અને મુશ્કેલીથી રક્ષી શકાય, સીધું રાખવું મુશ્કેલ

અને પ્રભુત્વ મેળવવા માટે મુશ્કેલ એવા ચિત્તને (વિચારોને) સીધું કરે છે. (૧) જેમ પાણીમાંથી બહાર ફેંકાઈ ગયેલું માછલું તરફડે છે, તેમ કામના પ્રદેશમાંથી છૂટું પડેલું મન તરફડે છે, હાંફે છે. (૨) મનને વશ કરવું, તેના પર મેળવવું અઘરું છે. તે હમેશાં પ્રિયવૃત્તિ શોધે છે. તેના પર કાબૂ મેળવવો જ રહ્યો. સંયમમાં આણેલું મન સુખકર નીવડે છે. (૩) મેધાવીએ પોતાના વિચારો પર પ્રભુત્વ મેળવવું જરૂરી છે, કારણ કે તે નજરમાંથી છટકી જાય એવા હોય છે, પકડવા મુશ્કેલ છે અને હમેશાં પ્રિયવૃત્તિને સંતોષવા પ્રયત્નશીલ હોય છે. સુસંચાલિત મન સુખ આણે છે. (૪) દૂર દૂર ભટકતું, એકલું, અશરીરી અને હૃદયની ઊંડી ગુફામાં છુપાયેલું એવું મન છે. જે તેને નિયંત્રિત કરી શકે છે, તે મારની (કામની) શૃંખલામાંથી મુકત થઈ જાય છે. (૫) જેનું ચિત્ત અસ્થિર છે, જે સાચા ધર્મથી અજ્ઞાત છે, જે શ્રદ્ધા વગરનો (પ્રસન્નતા વિનાનો) છે, એવા સાધકની પ્રજ્ઞા વિકાસ પામતી નથી. (૬) જેના વિચારો અક્ષુબ્ધ છે, જેનું મન ઇચ્છાથી આઘાત પામતું નથી, જેને પાપ અને પુણ્યની પડી નથી, એવા ખુલ્લા જાગ્રત માનવને કશો જ ભય હોય નહીં. (૭) દેહ કુંભ જેવો ક્ષણભંગુર છે અને આક્રમણથી ઘેરાયેલું ચિત્ત નગર જેવું છે એમ જાણીને, જાગ્રત પુરુષે પ્રજ્ઞારૂપી શસ્ત્ર વડે મારની સામે ઝૂઝવાનું છે; અને જે જીતાયું છે તેને જાળવી રાખવાનું છે. (૮) થોડા સમયમાં આ કાયા જર્જરિત લાકડાની જેમ નિર્જીવ અને ત્યજાએલી થઈને જમીન ભેગી થઈ જવાની છે. તો કાયાના કરતાં ચિત્તની શુદ્ધિને ખાસ જાળવી રાખવી જોઈએ. (૯) એક શત્રુ બીજા શત્રુનું ભૂંડું કરે, એક વેરી બીજા વેરીનું ભૂંડું કરે, તેના કરતાં ગેરમાર્ગે દોરવાયેલું ચિત્ત વધુ ભૂંડું કરે છે. (૧૦) માતાપિતા કે અન્ય સગાંવહાલાં જેટલું હિત કરી શકે છે, તેના કરતાં વધારે હિત સન્માર્ગે દોરવાયેલું ચિત્ત કરે છે. (૧૧)]

જેમણે પોતાના મન પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું નથી તેવા સઘળા માટે આ શ્લોકો બધી જરૂરિયાતોનો મેળ સાધે છે. માણસને કંઈક થવાની, વિચારવાની અને પ્રતિક્રિયા કરવાની જે પોતપોતાની જૂની રીતભાતો હોય છે,—જો કે તેમાંથી દૂર થવાના તે પ્રયત્નો કરતો હોય છે—અને તે પ્રત્યે તેની જે આસકિત હોય છે, તેનો તે નિર્દેશ કરે છે. તમારા પ્રયત્ન વડે જેવા તમે તેમાંથી બહાર આવો છો, તેવા તમે પાણીમાંથી બહાર ફેંકાઈ ગયેલી માછલીના જેવા થઈ આવો છો; તમે શ્વાસ લેવા હાંફો છે, કારણ કે ધૂંધળી મનોકામનાઓની તમારી પ્રકૃતિમાં તમે હવે હોતા નથી.

તમે કોઈ નિર્ણય પર આવો તોય મન અસ્થિર રહે છે. તે મુશ્કેલીથી

પકડમાં આવે તેવું સૂક્ષ્મ હોય છે. બહાર નહિ જણાવા છતાંય તે વારંવાર પોતાની તુષ્ટિ શોધતું હોય છે; તેના હેતુઓ હૃદયના કેન્દ્રમાં છુપાયેલા હોય છે, જેથી કરીને તેમનો ખરો સ્વભાવ ખુલ્લો થતો નથી.

તમારા શરીરની નબળાઈ વિસર્યા વગર, તમારા મનની નબળાઈને બલિષ્ઠ કરવાને પ્રયત્નશીલ થવું જોઈએ. પ્રજ્ઞાની તલવાર વડે વિરોધી શક્તિઓની સામે ઝૂઝવું પડશે, તમે જે પ્રગતિ કરી હશે તેને સુરક્ષિત રાખવી પડશે, જેથી કરીને ભયંકર લૂંટારાઓની માફક તમારી પ્રગતિને તેઓ લૂંટી ન લે. (વંચિત ન કરે.)

પછી એક નાની કંડિકામાં જેઓ મૃત્યુથી બીએ છે તેમને માટે કહ્યું છે, જેથી કરીને એ બીકમાંથી તેઓ મુકત થઈ શકે. અને અંતમાં જેઓ પોતાના કુટુંબમાં આસકત છે તેમને વિષે કહ્યું છે, એ આસકિત, કેવી નિ:સાર છે તે દર્શાવ્યું છે.

અંતમાં એક ચેતવણી : એક ખોટી રીતે દોરવાયેલો, ખોટી રીતે નિયંત્રિત થયેલો વિચાર એક શત્રુ બીજા શત્રુને નુકસાન કરે કે એક વેરી બીજા વેરીને નુકસાન કરે તેના કરતાં વધુ નુકસાન કરે છે. અર્થાત્, જગતમાં જે મનુષ્યો ઉત્તમ હેતુઓવાળા હોય, પણ જેમનું પોતાના વિચારો પર વિવેકી નિયંત્રણ ન હોય, તેઓ પોતાને ખૂબ નુકસાનકર્તા નીવડે છે, અને શત્રુ શત્રુને કે વેરી વેરીને નુકસાન કરે તેના કરતાં જેમને તેઓ ચાહતા હોય છે, તેમનું વધુ નુકસાન કરે છે.

પોતાને વિષે મનમાં વંચના કરવાની હિસાબ વગરની શકિત હોય છે. ખૂબ આશ્ચર્ય ઊપજાવે એવા બધા પ્રકારના હેતુઓ વડે તે પોતાની ઈચ્છાઓ અને પસંદગીઓનો ઢાંકપિછોડો કરે છે; તેની યુકિત-પ્રયુકિતઓને, રોષને અને નિરાશાઓને અત્યંત અનુકૂળ દેખાવની નીચે તે છુપાવી રાખે છે.

આ બધામાંથી પસાર થવા માટે તમારી પાસે એક સાચા યોદ્ધાની નિર્ભયતા જોઈએ, કદાપિ નિષ્ફળ ન જાય તેવી પ્રામાણિકતા, ઋજુતા, સચ્ચાઈ જોઈએ.

—૨૮, ફેબ્રુઆરી, ૧૯૫૮

ફૂલો (પુપ્ફવગ્ગ)

કો ઇમં પઠવિં વિચેસ્સતિ યમલોકં ચ ઇમં સદેવકં ? ।
કો ધમ્મપદં સુદેસિતં કુસલો પુપ્ફમિવ પચેસ્સતિ ? ।। ૧

સેખો પઠવિં વિચેસ્સતિ યમલોકં ચ ઇમં સદેવકં ।
સેખો ધમ્મપદં સુદેસિતં કુસલો પુપ્ફમિવ પચેસ્સતિ ।। ૨

ફેણૂપમં કાયમિમં વિદિત્વા મરીચિધમ્મં અભિસમ્બુધાનો ।
છેત્વાન મારસ્સ પપુપ્ફકાનિ અદસ્સનં મચ્ચુરાજસ્સ ગચ્છે ।। ૩

પુપ્ફાનિ હેવ પચિનન્તં બ્યાસત્તમનસં નરં ।
સુત્તં ગામં મહોધો વ મચ્ચુ આદાય ગચ્છતિ ।। ૪

પુપ્ફાનિ હેવ પચિનન્તં બ્યાસત્તમનસં નરં ।
અતિત્તં યેવ કામેસુ અન્તકો કુરુતે વસં ।। ૫

યથા પિ ભમરો પુપ્ફં વણ્ણગન્ધં અહેઠયં ।
પલેતિ રસમાદાય એવં ગામે મુની ચરે ।। ૬

ન પરેસં વિલોમાનિ ન પરેસં કતાકતં ।
અત્તનો વ અવેક્ખેય્ય કતાનિ અકતાનિ ચ ।। ૭

યથા પિ રુચિરં પુપ્ફં વણ્ણવન્તં અગન્ધકં ।
એવં સુભાસિતા વાચા અફલા હોતિ અકુબ્બતો ।। ૮

યથા પિ રુચિરં પુપ્ફં વણ્ણવન્તં સગન્ધકં ।
એવં સુભાસિતા વાચા સફલા હોતિ પકુબ્બતો ।। ૯

યથા પિ પુપ્ફરાસિમ્હા કયિરા માલાગુણે બહૂ ।
એવં જાતેન મચ્ચેન કત્તબ્બં કુસલં બહું ।। ૧૦

ન પુપ્ફગન્ધો પટિવાતમેતિ ન ચન્દનં તગરં મલ્લિકા વા ।
સતં ચ ગન્ધો પટિવાતમેતિ સબ્બા દિસા સપ્પુરિસો પવાતિ ।। ૧૧

ચન્દનં તગરં વા પિ ઉપ્પલં અથ વસ્સિકી ।
એતેસં ગન્ધજાતાનં સીલગન્ધો અનુત્તરો ।। ૧૨

અપ્પમત્તો અયં ગન્ધો યા'યં તગરચન્દની ।
યો ચ સીલવતં ગન્ધો વાતિ દેવેસુ ઉત્તમો ।। ૧૩

તેસં સંપન્નસીલાનં અપ્પમાદવિહારિનં ।
સમ્મદઞ્ઞા વિમુત્તાનં મારો મગ્ગં ન વિન્દતિ ।। ૧૪

યથા સઙ્કારધાનસ્મિં ઉજ્ઝિતસ્મિં મહાપથે ।
પદુમં તત્થ જાયેથ સુચિગન્ધં મનોરમં ।। ૧૫

એવં સઙ્કારભૂતેસુ અન્ધભૂતે પુથુજ્જને ।
અતિરોચતિ પઞ્ઞાય સમ્માસમ્બુદ્ધસાવકો ।। ૧૬

[આ માયાવી જગતને, આ યમલોકને, દેવોની આ દુનિયાને કોણ જીતશે (અથવા જાણશે?) જેમ કોઈ કુશળ માળી વિરલ પુષ્પોને શોધી કાઢે છે, તેમ કયો કુશળ પુરુષ ધર્મના માર્ગને (ઋતને) શોધશે? (૧) આ માયાવી જગતને, આ યમલોકને, દેવોની આ દુનિયાને સમ્યક્ માર્ગે જનાર સાધક જીતશે. વિરલ પુષ્પોને શોધનાર કુશળ માળીની માફક કુશળ પુરુષ ધર્મનો માર્ગ શોધશે. (૨) આ કાયાને પાણીના ફીણ જેવી ક્ષણિક માનતો, ઝાંઝવાનાં જળ જેવી મિથ્યા માનતો સમ્યક્ માર્ગનો સાધક મારનાં પુષ્પોનાં બનેલાં શસ્ત્રો છેદીને મૃત્યુનો અધિપતિ પહોંચી ન શકે ત્યાં ચાલ્યો જશે. (૩) જે માણસ વિષયી વૃત્તિનાં ફૂલોનો સંઘરો કરતો હોય છે (નવી નવી તૃષ્ણાઓને સંતોષવા તૈયાર થાય છે), તેને, જેમ પાણીનું પૂર સૂતેલા ગામને તાણી જાય છે, તેમ મૃત્યુ ખેંચી જાય છે. (૪) જે માણસ આશાનાં પુષ્પ સંઘરતો હોય છે અને જેની તૃપ્તિ પૂરી થઈ નથી હોતી, તેને મૃત્યુ વશ કરી લે છે. (૫) જેમ ભમરો ફૂલોનાં રંગ અને સુગંધને હાનિ કર્યા વિના મધનો સંચય કરે છે, તેમ મુનિઓ ગામને બારણે બારણે સંચરવું ઘટે. (૬) બીજાઓ શું કરે છે અથવા તેમણે શું નથી કર્યું તે વિષે ભાંજગડ ન કરવી; પોતે શું કરે છે, શું નથી કર્યું એ વિષે સાવધ રહેવું. (૭) જેમ કોઈ સુંદર ફૂલ રંગની છટાવાળું હોય પણ જેમાં કોઈ સુગંધ ન હોય, તેમ અત્યંત મીઠી વાણી કાર્યમાં પરિણમતી ન હોય તો તે અફળ નીવડે છે. (૮) જેમ કોઈ સુંદર ફૂલ રંગની છટાની સાથે સુગંધીવાળું હોય, તેમ અત્યંત મીઠી વાણી કાર્યમાં પરિણમતી હોય તો તે સફળ નીવડે છે. (૯) જેમ માળી ફૂલના ઢગલામાંથી અનેક માળાઓ બનાવે છે, તેમ મર્ત્ય માનવ પુણ્ય કર્મો વડે ઘણાં કુશળ સંઘરી શકે છે. (૧૦) ચંદનની કે ધૂપની કે મલ્લિકાની સુવાસ પવનની ઊલટી દિશા તરફ પ્રસરતી નથી, પણ સત્પુરુષોની સુવાસ ઊલટી દિશામાં પણ પ્રસરે છે. સત્પુરુષની આસપાસ તેના પુણ્યનો

પમરાટ પ્રસરે છે. (૧૧) ચંદન, તગર, પોયણું અને જઈનાં ફૂલ, — એ બધાં સુગંધીદાર ફૂલોની સુગંધીના કરતાં ય સદાચારની સુગંધ ચઢિયાતી છે. (૧૨) ઉપર જણાવ્યાં તે સૌ ફૂલોની સુગંધી તો કંઈ નથી. (પણ) જેઓ શીલ સદાચાર-વાળા છે તેમની ઉત્તમ સુગંધ સર્વોચ્ચ દેવ-દેવીઓને સુવાસિત કરે છે. (૧૩) જેઓ સંપૂર્ણ પુણ્યશાળી અને પોતે સમગ્ર જ્ઞાનને લઈને મુકત જીવન ગાળે છે તેમના જીવનમાં માર પગપેસારો કરી શકતો નથી. (૧૪) જેમ મોટા માર્ગ પર એકઠા થયેલા ઉકરડામાં પવિત્ર ગંધવાળું મનોહર પદ્મ ઊગે છે, તેમ પોતાની સહજ ભાસ્વંત પ્રજ્ઞાવાળા સમ્યક્ સંબુદ્ધનો શ્રાવક (શિષ્ય) પોતાની ઉચ્ચ દશાએ ઝળહળી ઊઠે છે. (૧૫-૧૬)]

આ વર્ગમાં કેટલીક સુંદર ભલામણો છે. જેમ કે : બીજાઓ શું કરે છે કે શી ભૂલો કરે છે તે પ્રત્યે ધ્યાન ન આપવું, પોતાની ત્રુટિઓને, બેદરકારીને સુધારવી. બીજી ડાહી શિખામણ એ છે કે જેમનો અસરકારક અમલ ન થઈ શકે એવા મોટા મોટા વાક્પટુ શબ્દો ઉચ્ચારવા નહીં — થોડું બોલો, વધુ આચરો. કહેવામાં આવે છે માત્ર શબ્દો ખાતર ઉચ્ચારાતા સુંદર શબ્દો, સુગંધ વગરનાં ખુષ્પો જેવા છે.

અને છેલ્લે, તમારી ભૂલોને લઈને તમે નિરાશ ન થઈ જાઓ માટે ધમ્મપદ એક આશ્વાસક રૂપક આપે છે : રસ્તે પડેલા ઉકરડામાંથી પણ પવિત્ર પદ્મ ઊગી શકે છે. અર્થાત્, અતિ પવિત્ર ઉપલબ્ધિ જેમાંથી ઉત્પન્ન ન થઈ શકે એવી કોઈ પણ સડેલી બદબોભરેલી ચીજ નથી.

ભૂતકાળ ગમે તેવો હોય, ભૂલો ગમે તેટલી કરી હોય, ગમે તેવા અજ્ઞાનમાં જીવન ગુજાર્યું હોય, છતાંય મનુષ્ય પોતાના અંતરના ઊંડાણમાં પરમ પવિત્રતા વહન કરી રહ્યો છે, જે આશ્ચર્યકારક ઉપલબ્ધિમાં પરિણમી શકે છે.

ખરો મુદ્દો ઉપર કહ્યું તે પર વિચારવું એ છે; તેના પર એકાગ્ર થવું, બધી મુશ્કેલીઓ, અટકાયતો અને વિઘ્નો પર બહુ ભાર મૂકવો નહીં.

તમે શું થવા ઇચ્છો છો તેના પર આત્યંતિક એકાગ્રતા રાખો, તમે જેવા થવા ઇચ્છતા નથી તે શકય તેટલે અંશે બિલકુલ ભૂલી જવા પ્રયત્ન કરો.

—૭, માર્ચ, ૧૯૫૮

મૂર્ખ * (બાલવર્ગ)

દીઘા જાગરતો રત્તિ દીઘં સન્તસ્સ યોજનં ।
દીઘો બાલાનં સંસારો સદ્ધમ્મં અવિજાનતં ।। ૧

ચરં ચે નાધિગચ્છેય્ય સેય્યં સદિસમત્તનો ।
એકચરિયં દળહં કયિરા નત્થિ બાલે સહાયતા ।। ૨

પુત્તા મ'ત્થિ ધનં મ'ત્થિ ઇતિ બાલો વિહઞ્ઞતિ ।
અત્તા હિ અત્તનો નત્થિ કુતો પુત્તા કુતો ધનં ? ।। ૩

યો બાલો મઞ્ઞતિ બાલ્યં પણ્ડિતો વાપિ તેન સો ।
બાલો ચ પણ્ડિતમાની સ વે બાલો તિ વુચ્ચતિ ।। ૪

યાવજ્જીવં પિ ચે બાલો પણ્ડિતં પયિરુપાસતિ ।
ન સો ધમ્મં વિજાનાતિ દબ્બી સૂપરસં યથા ।। ૫

મુહુત્તમપિ ચે વિઞ્ઞૂ પણ્ડિતં પયિરુપાસતિ ।
ખિપ્પં ધમ્મં વિજાનાતિ જિહ્વા સૂપરસં યથા ।। ૬

ચરન્તિ બાલા દુમ્મેધા અમિત્તેનેવ અત્તના ।
કરોન્તા પાપકં કમ્મં યં હોતિ કટુકપ્ફલં ।। ૭

ન તં કમ્મં કતં સાધુ યં કત્વા અનુતપ્પતિ ।
યસ્સ અસ્સુમુખો રોદં વિપાકં પટિસેવતિ ।। ૮

તં ચ કમ્મં કતં સાધુ યં કત્વા નાનુતપ્પતિ ।
યસ્સ પતીતો સુમનો વિપાકં પટિસેવતિ ।। ૯

મધુ વા મઞ્ઞતી બાલો યાવ પાપં ન પચ્ચતિ ।
યદા ચ પચ્ચતી પાપં અથ બાલો દુક્ખં નિગચ્છતિ ।। ૧૦

માસે માસે કુસગ્ગેન બાલો ભુઞ્જેથ ભોજનં ।
ન સો સઙ્ખતધમ્માનં કલં અગ્ઘતિ સોળસિં ।। ૧૧

---

* 'બાલ' એટલે પૃથગ્‌જન' એટલે ધર્મથી વિમુખ; તેથી મૂર્ખ (કે મૂઢ) એમ લેવાનું છે. —અનુવાદક

ન હિ પાપં કતં કમ્મં સજ્જુખીરં વ મુચ્ચતિ ।
ડહન્તં બાલમન્વેતિ ભસ્મચ્છન્નો વ પાવકો ।। ૧૨

યાવદેવ અનત્થાય ઞત્તં બાલસ્સ જાયતિ ।
હન્તિ બાલસ્સ સુક્કંસં મુદ્ધમસ્સ વિપાતયં ।। ૧૩

અસતં ભાવનમિચ્છેય્ય પુરેક્ખારં ચ ભિક્ખુસુ ।
આવાસેસુ ચ ઇસ્સરિયં પૂજા પરકુલેસુ ચ ।। ૧૪

મમેવ કત મઞ્ઞન્તુ ગિહી પબ્બજિતા ઉભો ।
મમેવાતિવસા અસ્સુ કિચ્ચાકિચ્ચેસુ કિસ્મિચિ ।
ઇતિ બાલસ્સ સંઙ્કપ્પો ઇચ્છા માનો ચ વડ્ઢતિ ।। ૧૫

અઞ્ઞા હિ લાભૂપનિસા અઞ્ઞા નિબ્બાનગામિની ।
એવમેતં અભિઞ્ઞાય ભિક્ખુ બુદ્ધસ્સ સાવકો ।
સક્કારં નાભિનન્દેય્ય વિવેકમનુબ્રૂહયે ।। ૧૬

[નહિ ઊંઘનારાને રાત લાંબી લાગે છે, થાકેલાને જોજન જેટલું અંતર પણ લાંબું જણાય છે, સત્યધર્મને નહિ સમજનારને સંસાર લાંબો લાગે છે. (૧) સાધકને પોતા કરતાં ઉચ્ચ કોટિનો કે સમાન સાથી ન મળે તો તેણે દૃઢપણે એકલા જ જીવન વીતાવવું; કારણ કે મૂર્ખના સહવાસથી કંઈ જ સારું નીપજતું નથી. (૨) "આ મારો પુત્ર છે, આ મારું ધન છે" એમ વિચારીને મૂર્ખ હેરાન થાય છે, જે પોતે જ પોતાનો નથી, તેનું વળી ધન શું, પુત્ર શો ? (૩) જે મૂઢ માણસ પોતાની મૂઢતાને જાણે છે, તે કંઈ નહિ તો એટલા પૂરતો ડાહ્યો છે. પણ જે મૂઢ પોતાને પંડિત માને છે એ ખરેખર મૂર્ખ છે. (૪) મૂર્ખ માણસ બુદ્ધિમાનની જીવનપર્યંત સંગતિ કરે, છતાં, જેમ કડછી દાળના રસને જાણી શકતી નથી, તેમ તે ધર્મને જાણી શકતો નથી. (૫) જો બુદ્ધિશાળી માણસ પ્રજ્ઞ પુરુષનો સત્સંગ કરે તો, જેમ જીભ તરત જ દાળના રસને જાણે છે, તેમ ધર્મને સત્વર જાણી જાય છે. (૬) અજ્ઞાન એવા મૂર્ખને પોતાના કરતાં વધુ ખરાબ શત્રુ હોતો નથી. પોતાનાં દુષ્ટ કર્મોથી કડવાં ફળ ભોગવે છે. (૭) જે કર્મ કર્યે પાછળથી પસ્તાવો થાય અને જેનું પરિણામ રડતાં રડતાં ભોગવવું પડે, તે કર્મ કરવું સારું નથી. (૮) જે કર્મ કર્યે પાછળથી પસ્તાવું ન પડે અને જેનું પરિણામ પ્રસન્ન ચિત્તે ભોગવાય, તે કર્મ સારું છે. (૯) જ્યાં લગી દુષ્ટ કર્મનું ફળ પાક્યું નથી, ત્યાં લગી મૂર્ખ વિચારે છે કે તે મધ જેવું ગળ્યું છે. પણ જેવું ફળ પાક્યું કે પછી દુઃખ લણે છે. (૧૦) કોઈ મૂર્ખ માણસ દાભની અણી ઉપર આવે તેટલું ભોજન

માસે માસે લે, છતાં ધર્મને સમજનારના સોળમા ભાગને પણ તે લાયક થઈ શકતો નથી (ગમે તેવું ઘોર તપ તપનાર પણ ધર્મને સમજનારની તોલે આવી શકતો નથી). (૧૧) જેમ તાજું દૂધ ઝટ દઈને ખાટું થઈ જતું નથી, તેમ તાજું કરેલું દુષ્કૃત્ય ઝટ દઈને ફળ આપતું નથી. પરંતુ રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ તેને તે નિરંતર દાહ આપે છે. (૧૨) મૂર્ખ માણસ ગમે તેવા દેખીતા જ્ઞાનને પ્રાપ્ત કરવા શકિતમાન થયો જણાય, પણ અંતે એ તેનો વિનાશ નોતરે છે; કારણ કે, ઓની એ માથું ખાતી પંડિતાઈ તેના અંતરના વધુ લાયક સ્વભાવને હણે છે. (૧૩) મૂર્ખ ભિક્ષુ યશને માટે તલસે છે, અન્ય ભિક્ષુઓમાં ઊંચી ગણત્રીની અપેક્ષા રાખે છે, મઠમાં સત્તા અને અન્ય મનુષ્યો પાસેથી માનમરતબાની ઈચ્છા સેવે છે. (૧૪) "ગૃહસ્થો તેમ જ ભિક્ષુઓ હું કરું તેને જ માને, મારું જ કહ્યું કરે, મારી હાએ હા પાડે, કોઈ પણ વિધિ કે નિષેધનાં કાર્યોમાં કે નાનાં મોટાં અન્ય કાર્યોમાં મારે જ વશ રહે,"—એમ માનનાર મૂર્ખની તૃષ્ણાને લઈને તેનો અહંકાર વધ્યે જાય છે. (૧૫) એક માર્ગે પાર્થિવ લાભો મળે છે, અન્ય માર્ગે નિર્વાણ ભણી જવાય છે. આમ જાણતો સમ્યક્ સંબુદ્ધનો શિષ્ય (શ્રાવક) માનમરતબાને ઈચ્છતો નથી, પણ એકાંતમાં અલિપ્ત રહેવાની વૃત્તિને કેળવે છે. (૧૬)]

આ આખો પાઠ સીધેસીધો દંભીઓને ઉદ્દેશીને છે,—જેઓ ડહાપણનાં બહારનાં સ્વરૂપો અને દેખાવો ધારણ કરે છે, પણ જેમના હૃદયમાં સઘળી ઈચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, દેખાડાની આવશ્યકતા ભંડારેલાં હોય છે અને તેમને જ ચરિતાર્થ કરવા જેઓ જીવતા હોય છે. જે એક જ વસ્તુ પ્રાપ્ત કરવા જેવી છે : સત્યચેતનાની પ્રાપ્તિ, ભગવાનને પૂર્ણપણે સમર્પણ, સાચી પ્રજ્ઞા અને આત્મવિલોપનને લઈને નીપજતાં શાંતિ, પ્રકાશ અને આનંદ,—આને બદલે ઉપર કહી તે વાતને તેઓ ઝંખે છે.

આ આખા પાઠમાં 'મૂર્ખ' (કે મૂઢ) શબ્દને ઠેકાણે 'અહં' સહેલાઈથી મૂકી શકાય તેમ છે. જે માણસ પોતાના અહંમાં જીવે છે; અહંને માટે જીવે છે, અહંની તુષ્ટિને અર્થે જીવે છે તે મૂર્ખ છે. જ્યાં લગી અહંથી પર થવાય નહિ, જ્યાં અહંનું સ્થાન નથી એવી ચેતનાની ભૂમિકામાં પહોંચાય નહીં, ત્યાં લગી લક્ષ્યને પ્રાપ્ત કરવાની આશા નિરર્થક છે.

વ્યકિતની ચેતનાના સ્વરૂપના ઘડતરમાં એક વખતે અહં અનિવાર્ય ગણાતું હતું; પરંતુ અહંની સાથે બધી મુશ્કેલીઓ, દુઃખો, વિઘ્નો જન્મ્યાં, અત્યારે આપણને જે પ્રતિકૂળ અને દિવ્ય-વિરોધી શકિતઓ જણાય છે તે ઉદ્ભવ્યાં, પરંતુ

આ બધી શકિતઓ પોતે આંતરિક શુદ્ધિકરણ અને અહંમાંથી મુકિતને માટે આવશ્યક હતી. તે સૌના કાર્યનું પરિણામ અને તેમના વિસ્તારનું કારણ અહં છે. જ્યારે અહં ચાલ્યો જાય, તેની વિરોધી શકિતઓ અદૃશ્ય થઈ જાય; કારણ કે, પછી તેમને આ જગતમાં અસ્તિત્વનું કોઈ કારણ રહેતું હોતું નથી.

આંતરિક મુકિત, સમગ્રભાવી સચ્ચાઈ અને પૂર્ણ પવિત્રતાની સાથે સાથે બધાં દુ:ખ ચાલ્યાં જાય છે; કારણ કે, ચેતનાને પોતાના અંતિમ લક્ષ્ય ભણીની પ્રગતિને માટે તે વધુ આવશ્યક રહેતાં નથી.

એટલે કે, આંતરિક રૂપાંતરને માટે ઉત્કટ તાલાવેલીમાં પ્રજ્ઞા સમાયેલી છે; જેથી કરીને જેનાં ફળ મળ્યાં હોય એના સંઘર્ષમાંથી તમે વિજયી થઈને બહાર આવો, અને પછી જેના અસ્તિત્વની વધુ જરૂર નહિ રહે.

—૧૪, માર્ચ, ૧૯૫૮

સાધુપુરુષ (પંડિતવર્ગ)

નિધીનં ચ પવત્તારં યં પસ્સે વજ્જદસ્સિનં ।
નિગ્ગય્હવાદિં મેધાવિં તાદિસં પણ્ડિતં ભજે ।
તાદિસં ભજમાનસ્સ સેય્યો હોતિ ન પાપિયો ।। ૧

ઓવદેય્યાનુસાસેય્ય અસબ્ભા ચ નિવારયે ।
સતં હિ સો પિયો હોતિ અસતં હોતિ અપ્પિયો ।। ૨

ન ભજે પાપકે મિત્તે ન ભજે પુરિસાધમે ।
ભજેથ મિત્તે કલ્યાણે ભજેથ પુરિસુત્તમે ।। ૩

ધમ્મપીતિ સુખં સેતિ વિપ્પસન્નેન ચેતસા ।
અરિયપ્પવેદિતે ધમ્મે સદા રમતિ પણ્ડિતો ।। ૪

ઉદકં હિ નયન્તિ નેત્તિકા ઉસુકારા નમયન્તિ તેજનં ।
દારું નમયન્તિ તચ્છકા અત્તાનં દમયન્તિ પણ્ડિતા ।। ૫

સેલો યથા એકઘનો વાતેન ન સમીરતિ ।
એવં નિન્દાપસંસાસુ ન સમિઞ્જન્તિ પણ્ડિતા ।। ૬

યથાપિ રહદો ગંભીરો વિપ્પસન્નો અનાવિલો ।
એવં ધમ્માનિ સુત્વાન વિપ્પસીદન્તિ પણ્ડિતા ।। ૭

સબ્બત્થ વે સપ્પુરિસા ચજન્તિ ન કામકામા લપયન્તિ સન્તો ।
સુખેન ફુટ્ઠા અથવા દુખેન ન ઉચ્ચાવચં પણ્ડિતા દસ્સયન્તિ ।। ૮

ન અત્તહેતુ ન પરસ્સ હેતુ ન પુત્તમિચ્છે ન ધનં ન રટ્ઠં ।
ન ઇચ્છેય્ય અધમ્મેન સમિદ્ધિમત્તનો ।
સ સીલવા પઞ્ઞવા ધમ્મિકો સિયા ।। ૯

અપ્પકા તે મનુસ્સેસુ યે જના પારગામિનો ।
અથાયં ઇતરા પજા તીરમેવાનુધાવતિ ।। ૧૦

યે ચ ખો સમ્મદક્ખાતે ધમ્મે ધમ્માનુવત્તિનો ।
તે જના પારમેસ્સન્તિ મચ્ચુધેય્યં સુદુત્તરં ।। ૧૧

કણ્હં ધમ્મં વિપ્પહાય સુક્કં ભાવેથ પણ્ડિતો ।
ઓકા અનોકં આગમ્મ વિવેકે યત્થ દૂરમં ।। ૧૨

તત્રાભિરતિમિચ્છેય્ય હિત્વા કામે અકિઞ્ચનો ।
પરિયોદપેય્ય અત્તાનં ચિત્તક્લેસેહિ પણ્ડિતો ।। ૧૩

યેસં સમ્બોધિઅઙ્ગેસુ સમ્મા ચિત્તં સુભાવિતં ।
આદાનપટિનિસ્સગ્ગે અનુપાદાય યે રતા ।
ખીણાસવા જુતીમન્તો તે લોકે પરિનિબ્બુતા ।। ૧૪

[જે સાધુપુરુષ આપણા દોષો બતાવે છે, જાણે કે આપણને ગુપ્ત ખજાનો બતાવતો હોય તેમ,— તેનો સમાગમ રાખવો; આવા પુરુષની સાથે સંબંધ રાખવો, કારણ કે તે આપણું અહિત કરતો નથી. આપણને તે કલ્યાણ જ આર્પશે. (૧) જે આપણને સારા પ્રત્યે પ્રોત્સાહિત કરે છે અને પાપ કરતાં અટકાવે છે, એવાને સત્પુરુષો પ્રશંસે છે, અસત્પુરુષો ધિક્કારે છે. (૨) અધમ પુરુષોની સોબત કે મૈત્રી ઇચ્છવી નહિ; લાયક પુરુષોનો સંગ કરો, ઉત્તમ પુરુષોનો સમાગમ રાખો. (૩) ધર્મમાં પ્રીતિ રાખનાર પ્રસન્ન ચિત્તથી રહી શકે છે. બુદ્ધના આર્યભિક્ષુઓ જે ઉપદેશ આપે છે તેમાં સાધુપુરુષ હમેશાં રમમાણ રહે છે. (૪) જેઓ બંધ બાંધે છે, તેઓ પાણીને ઇચ્છા મુજબ વાળી શકે છે, જેઓ બાણને ઘડે છે તેઓ તેને સીધું કરે છે, સુથારો લાકડાને ઘડે છે,— (તેમ) સાધુપુરુષ પોતાનું નિયંત્રણ કરે છે. (૫) જેમ પવનથી મોટો ખડક કંપતો નથી, તેમ સાધુપુરુષ પ્રશંસાથી કે નિંદાથી વિચલિત થતો નથી. (૬) બુદ્ધના ઉપદેશમાં જે રચ્યોપચ્યો રહે છે તે ઊંડા સરોવર જેવો શાંત અને નિર્મળ થાય છે. (૭) સાધુપુરુષો સર્વથા તૃષ્ણાને ત્યજે છે, કામવાસનાની લોલુપતા રાખતા નથી. સુખ કે દુઃખ અનુભવતા છતાં ઊંચાનીચા થતા નથી. (૮) સાધુપુરુષ પોતાને માટે કે અન્યને માટે સંતાન, ધન કે પ્રદેશ ઇચ્છતો નથી. અધર્મથી પ્રવૃત્ત થઈને તે પોતાની સફળતાનું લક્ષ્ય સાધતો નથી. આવો પુરુષ શીલવાન, પ્રજ્ઞાવાન, ધર્મ-પરાયણ ગણાય. (૯) પાર પામનારા ઘણા થોડા હોય છે, મોટા ભાગના સૌ આ કાંઠે દોડાદોડ સિવાય કંઈ જ કરતા નથી. (અહીં જ ઠરીને ઠામ રહે છે.) (૧૦) પરંતુ જેઓ ધર્મનું સમજપૂર્વકનું વર્તન રાખે છે, તેઓ આ દુસ્તર મૃત્યુ માર્ગની પેલી પાર જઈ શકે છે. (૧૧) સાધુપુરુષ કૃષ્ણ ધર્મને ત્યજીને શુકલ માર્ગ (પ્રકાશના માર્ગ) તરફ ગતિ કરે છે. તે પોતાનું ઘર ત્યજીને ઘર વગરનું જીવન ('અનગાર') ગાળતો, એકાંત સેવતો, દુષ્પ્રાપ્ય એવો આનંદ શોધે છે. (૧૨) સાધુપુરુષ સઘળી કામનાઓ અને આસક્તિઓ ત્યજીને, અકિંચન થઈને, મનના

બધા ક્લેશો દૂર કરી આત્માને શુદ્ધ કરશે. (૧૩) જેનું ચિત્ત જ્ઞાનની બધી કક્ષાઓમાં સુસ્થિત થયેલું છે, જે સઘળી વસ્તુઓમાંથી અનાસકત થયો છે, તે પોતાના ત્યાગમાં આનંદ માણે છે અને આ સંસારમાં રહ્યો હોવા છતાં નિર્વાણને પામે છે. (૧૪)

અહીં એક વાકય ખાસ કરીને આનંદ આપનારું છે. સૌથી પ્રથમ વાકય આમ છે. "જે સાધુપુરુષ આપણા દોષો બતાવે છે, જાણે કે આપણને ગુપ્ત ખજાનો બતાવતો હોય તેમ,—તેનો સમાગમ રાખવો."

માનવજાતિની પ્રગતિમાં ઉપકારક થતાં બધાં શાસ્ત્રોમાં હમેશાં જણાવવામાં આવ્યું છે કે તમારી ભૂલો બતાવે તેવા સૌ પ્રત્યે તમારે ખૂબ કૃતજ્ઞ થવું જોઈએ, તેમનો સાથ સાધવો જોઈએ; પણ અહીં જે રૂપક આપવામાં આવ્યું છે તે સરસ છે : તમને તમારો દોષ બતાવવામાં આવે એ જાણે કે ખજાનો ખુલ્લો કર્યો એમ સમજવું. એટલે કે, જયારે જયારે તમારામાં રહેલાં દોષ, અશકિત, સમજનો અભાવ, દુર્બળતા, સચ્ચાઈનો અભાવ, તમારી પ્રગતિનો અવરોધ કરનારું જે હોય તે,—એમાંથી જે કાંઈ તમારી નજર પર તરી આવે, ત્યારે ત્યારે જાણે કે કોઈ આશ્ચર્યકારક ખજાનો ખૂલ્યો હોય એમ સમજવું, "અરે, વળી પાછી બીજી ત્રુટિ," એમ દિલગીરી સાથે કહેવાને બદલે, ઊલટું, તમારે ખુશ થવું જોઈએ : જાણે કે કોઈ આશ્ચર્યકારક વસ્તુ પ્રાપ્ત થઈ ! કારણ કે, તમારી પ્રગતિને રોકનારી ઘણી વસ્તુઓમાંની એક તમારી પકડમાં આવી ગઈ. અને જયારે પકડમાં આવી ગઈ, ત્યારે તેને બહાર ખેંચી લાવો ! કારણ કે, જેઓ યોગસાધના કરતા હોય છે તેમને કોઈ અનિષ્ટ વસ્તુ હોવી ન જોઈએ એમ જણાયું કે તરત જ તેને દૂર કરવાની, અમાન્ય કરવાની, વિનાશ કરવાની તમારામાં તાકાત આવે છે.

દોષ શોધી કાઢવો એ પણ એક પ્રાપ્તિ છે. જાણે કે કોઈ એક નાનકડું દૂર કરાયેલું તમસ્‌નું ટપકું અને તેની જગાએ ફેંકાયેલું પ્રકાશનું પૂર !

જયારે તમે યોગસાધના કરતા હો, ત્યારે તમારે આ દુર્બળતા, આ નિમ્નતા, આ ઇચ્છાશકિતનો અભાવ સ્વીકારવાં ન જોઈએ; અર્થાત્‌, જ્ઞાનને શકિત તરત જ ન અનુસરે એમ થવું ન જોઈએ. તમને એમ લાગે કે આમ થવું ન જોઈએ, અને છતાંય એમ થયાં કરે, તો એ એક એવી દુર્બળતાની નિશાની બની જાય છે કે કોઈ ગંભીર સાધનામાં તે સ્વીકાર્ય થઈ ન શકે. આનો અર્થ એ થાય કે તે એક બેવફાઈને આરે આવેલો ઇચ્છાશકિતનો અભાવ છે. તમે જાણતા હો કે આમ ન થવું જોઈએ, અને જે ક્ષણે તમે તેમ જાણો, ત્યારે એમ ન થવું જોઈએ એવો

નિર્ણય લેનાર તમે પોતે હો છો. કારણ કે, જ્ઞાન અને શક્તિ મૂળમાં એક જ છે,— એટલે કે, તમારી પ્રગતિને આગળ ધપાવનાર જે કેન્દ્રસ્થ મનોબળ છે તેનો વિરોધી તમારી સત્તાના કોઈ એક ભાગમાં રહેલો દુર્ભાવનો પડછાયો, જે તમને નિર્વીર્ય, હિંમત વગરના, જે પાપને તમારે હણવું જોઈએ એમ જાણતા છતાં બળના અભાવ-વાળા બનાવે છે,— તેમાંથી કોઈને પ્રવેશ નહિ આપવો જોઈએ.

અજ્ઞાનને લઈને થતું પાપાચરણ પાપ નથી; જગત જેવું છે તેમાં રહેલો તે સામાન્ય પાપનો એક ભાગ હોય છે. પણ જાણતા છતાં થયેલું પાપ ગંભીર બાબત બની જાય છે. એનો અર્થ એ થયો કે ફળમાં જેમ કીડો હોય છે તેમ તમારામાં કયાંક દુર્ભાવનો એક અંશ છૂપેલો છે,— એને તમારે કોઈ ભોગે પકડી પાડવો રહ્યો. કારણ કે, આવી બાબતની કોઈ દુર્બળતા મુશ્કેલીઓનું મૂળ બની રહે છે, જે પાછળથી કેટલીક વાર અસાધ્ય થઈ જાય છે.

ત્યારે હવે જયારે કોઈ વ્યકિત કે કોઈ સંજોગ તમે જેને નહોતા જાણતા એવી કોઈ ખામીની હાજરીમાં ખડા કરીને મૂકી આપે ત્યારે, સૌ પ્રથમ તમારે સંપૂર્ણ ખુશ થવું. બળાપો કરવાને બદલે તમારે પ્રસન્ન થવું; અને જે વસ્તુ ન હોવી જોઈએ એને કાઢી મૂકવાનું બળ એ પ્રસન્નતામાંથી મેળવી લેવું જોઈએ.

—૨૧, માર્ચ, ૧૯૫૮

અરહંત* (અરહંતવગ્ગ)

ગતદ્ધિનો વિસોકસ્સ વિપ્પમુત્તસ્સ સબ્બધિ ।
સબ્બગન્થપ્પહીનસ્સ પરિળાહો ન વિજ્જતિ ।। ૧

ઉય્યુઞ્જન્તિ સતીમન્તો ન નિકેતે રમન્તિ તે ।
હંસા વ પલ્લલં હિત્વા ઓકમોકં જહન્તિ તે ।। ૨

યેસં સંનિચયો નત્થિ યે પરિઞ્ઞાતભોજના ।
સુઞ્ઞતો અનિમિત્તો ચ વિમોક્ખો યેસં ગોચરો ।
આકાસે વ સકુન્તાનં ગતિ તેસં દુરન્નયા ।। ૩

યસ્સાસવા પરિક્ખીણા આહારે ચ અનિસ્સિતો ।
સુઞ્ઞતો અનિમિત્તો ચ વિમોક્ખો યસ્સ ગોચરો ।
આકાસે વ સકુન્તાનં પદં તસ્સ દુરન્નયં ।। ૪

યસ્સિન્દ્રિયાનિ સમથં ગતાનિ અસ્સા યથા સારથિના સુદન્તા ।।
પહીનમાનસ્સ અનાસવસ્સ દેવા પિ તસ્સ પિહયન્તિ તાદિનો ।। ૫

પઠવીસમો નો વિરુજ્ઝતિ ઈન્દખીલૂપમો તાદિ સુબ્બતો ।
રહદો બ અપેતકદ્દમો સંસારા ન ભવન્તિ તાદિનો ।। ૬

સન્તં તસ્સ મનં હોતિ સન્તા વાચા ચ કમ્મ ચ ।
સમ્મદઞ્ઞા વિમુત્તસ્સ ઉપસન્તસ્સ તાદિનો ।। ૭

અસ્સદ્ધો અકતઞ્ઞૂ ચ સન્ધિચ્છેદો ચ યો નરો ।
હતાવકાસો વન્તાસો સ વે ઉત્તમપોરિસો ।। ૮

ગામે વા યદિ વારઞ્ઞે નિન્ને વા યદિ વા થલે ।
યત્થારહન્તો વિહરન્તિ તં ભૂમિં રામણેય્યકં ।। ૯

રમણીયાનિ અરઞ્ઞાનિ યત્થ ન રમતી જનો ।
વીતરાગા રમિસ્સન્તિ ન તે કામગવેસિનો ।। ૧૦

---

* 'અરહંત' એટલે પૂજનીય, પૂજાને પાત્ર. શ્રી માતાજીએ અંગ્રેજીમાં 'Adept' શબ્દ મૂકયો છે.

[જેની સંસારયાત્રા પૂરી થઈ ગઈ છે, જેણે બધી ચિંતાઓ જતી કરી છે, જે સઘળા અવયવોમાં મુકત છે, જેણે પોતાનાં સઘળાં બંધનો ફેંકી દીધાં છે, એવા પુરુષને કશો જ સંતાપ થતો નથી. (૧) જેઓ જાગ્રત દશાવાળા છે તેઓ હમેશાં પ્રયત્નશીલ હોય છે. જેમ હંસો પોતાના સરોવરને તજી દે છે, તેમ સાધકો ઘરને તજી દે છે. (૨) જેઓ કોઈ પ્રકારનો સંગ્રહ કરતા નથી, ભોગોના પરિણામને સમજી ચૂકેલા છે, જેઓ નિર્વાણને પ્રત્યક્ષ અનુભવે છે, તેવા પુરુષોની ગતિ આકાશમાં ઊડતાં પંખીઓની ગતિની પેઠે કળી શકાતી નથી. (૩) જેમનામાંથી સઘળી કામનાઓ ચાલી ગઈ છે, જેમણે વસ્તુમાત્રનું ખાલીપણું જોઈ લીધું છે, જેમને ખોરાકની કંઈ પડી નથી, જેમણે સાચું નિર્વાણ પ્રાપ્ત કર્યું છે, તેમનો માર્ગ હવામાં ઊડતાં પંખીની માફક શોધવો મુશ્કેલ છે. (૪) સારથિએ પલોટેલા ઘોડાઓની જેમ જેમની ઈન્દ્રિયો સંયમિત છે, જેઓ નિરભિમાન છે, જેમનાં દોષોનાં ઝરણાં સુકાઈ ગયાં છે, તેવા અરહંતોની દેવો પણ સ્પૃહા કરે છે. (૫) જે પોતાનું કર્તવ્ય બજાવે છે તે પૃથ્વી જેવો અવિચલિત હોય છે, ઈન્દ્રખીલ સ્તંભની (નગરના દરવાજા ઉપર હાથી સીધો ધસારો કરી ન શકે માટે તેની પાસે મજબૂત ખોડેલો થાંભલો) જેમ દૃઢ હોય છે, કાદવ વગરના સરોવર જેવો નિર્મળ હોય છે, તેમને માટે જન્મોનો ચક્રાવો પૂરો થઈ ગયો હોય છે. (૬) સમ્યક્ જ્ઞાનથી જે મુકત થયો હોય અને પૂર્ણ શાંતિ જેણે સિદ્ધ કરી હોય, તેના વિચારો શાંત થઈ જાય છે, વાણી અને કર્મ પણ શાંત બને છે. (૭) જે કૃતકૃત્ય થઈ ગયેલ છે, જેણે નિર્વાણ અનુભવેલ છે, જેનાં બંધનો છેદાઈ ગયાં છે, જન્મજન્માંતર પામવાનું કારણ જેણે નિર્મળ કર્યું છે, એવો નર તે અરહંત, ઉત્તમ ગણાય. (૮) ગામમાં કે વનમાં, તળેટીમાં કે પર્વત પર, જ્યાં અરહંત વસે તે સ્થળ રમણીય હોય છે. (૯) સામાન્ય મનુષ્યો જેમને તજી દે છે એવાં અરણ્યો આનંદદાયક હોય છે. ત્યાં વિકાર રહિત અરહંત સુખ પામશે, કારણ કે તેને એશઆરામ ગમતા નથી. (૧૦)]

આ વર્ગમાં એક સરસ વાકય છે. "જે કૃતકૃત્ય થઈ ગયેલ છે (જે શ્રદ્ધાળુ નથી), જેણે નિર્વાણ અનુભવેલ છે (પણ જેનામાં અકૃતજ્ઞ*નો, ભાવ છે.)"

જે શ્રદ્ધાળુ નથી — આ શબ્દમાંથી ઘણા બધા ભાવ અભિપ્રેત થાય. પ્રથમ

---

* 'અકતજ્ઞ' (અકૃતજ્ઞ), અર્થાત્ હવે જેના ઉપર કોઈએ કશો ઉપકાર કરવાની જરૂર નથી રહી, માટે જેને કોઈનો ઉપકાર માનવાની, વાળવાની કે જાણવાની જરૂર નથી રહી, એટલે કૃતકૃત્ય, નિર્વાણનો અનુભવી,.

નજરે જોતાં એમ લાગે કે તેનો ઉલ્લેખ એવી વ્યકિત પ્રત્યેનો છે જે અદૃષ્ટ વસ્તુમાં તેનો અનુભવ થયા વગર શ્રદ્ધા ધરાવતો નથી; દાખલા તરીકે, જેમ સામાન્ય માણસો કોઈ એક સંપ્રદાયને અનુસરે, તેને ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધા હોય, અને એનું કારણ માત્ર એટલું જ હોય કે તેને એમ શિખવવામાં આવ્યું છે. પરંતુ તેનામાં "નિર્વાણનો અનુભવ" છે, એટલે કે, તે અદૃષ્ટ વસ્તુઓના સંપર્કમાં છે, અને તાદાત્મ્યને લઈને વસ્તુઓ જેવી છે તેવી જાણે છે. વાત એમ છે કે ધમ્મપદે આપણને જણાવ્યું છે કે શ્રેષ્ઠ પુરુષ એ કહેવાય જેને શિખવવામાં આવ્યું છે તેમાં શ્રદ્ધા નથી, પણ જે દૃષ્ટ નથી તેનો તેને પ્રત્યક્ષ અનુભવ હોય છે, જે સઘળી માન્યતામાંથી મુકત છે અને જેને પોતાને અદૃષ્ટ વસ્તુઓનો અનુભવ હોય છે.

આને બીજી રીતે પણ સમજી શકાય : જે શ્રદ્ધાળુ નથી તે એ છે કે જે દેખીતી વસ્તુઓની વાસ્તવિકતામાં માનતો નથી, આપણે જેવું જોઈએ છીએ તેને માનતો નથી, જે તેમને સત્ય તરીકે સ્વીકારી શકતો નથી; જેને ખબર છે કે આ તો માત્ર ગેરરસ્તે દોરી જનારી દેખીતી વસ્તુઓ છે; જેને ખબર છે કે એ સૌની પાછળ એક સત્ય રહેલું છે, જેને શોધવું રહ્યું, જે (સત્ય) તાદાત્મ્ય અને પ્રત્યક્ષ અનુભૂતિથી પામી શકાય છે.

અને આને લઈને આપણને અનેક વસ્તુઓનું અવલોકન કરવાનું મન થાય છે. પ્રત્યક્ષ અનુભવ વગર આપણે અસંખ્ય વસ્તુઓને માની લઈએ છીએ, કારણ કે, માત્ર એ તો એમ જ હોય એમ શિખવવામાં આવ્યું છે, અથવા તો વસ્તુઓ એમ છે એવું વિચારવા આપણે ટેવાઈ ગયા હોઈએ, અથવા તો એ બધું એમ જ હોય એમ માનનારાઓથી આપણે ઘેરાઈ ગયા હોઈએ. જો આપણે જેને વિષે માનીએ છીએ એ સઘળી વસ્તુઓ તરફ નજર કરીએ, માત્ર માનીએ છીએ એમ નહિ પણ એક સિદ્ધ પ્રમાણ તરીકે વિધાન કરીએ છીએ : "આ તો આમ જ છે." "પેલું કે, અલબત્ત એ એમ જ છે," "અને આ વસ્તુની વાત કરો છો ? હા, એ એમ જ છે" તો ! ...સાચું કહીએ તો આપણે તેને વિષે કંઈ જ જાણતા નથી હોતા, માત્ર બધું એમ છે એવા વિચારથી ટેવાઈ ગયેલા હોવાને કારણે તેમ બને છે. એવી કયી વસ્તુઓ છે જેનો તમને પ્રત્યક્ષ ભાવે (અંગત રીતે) અનુભવ થયો હોય, જેનો તમને સીધેસીધો સંપર્ક થયો હોય, જેને વિષે તમે કંઈ નહિ તો સચ્ચાઈથી કહી શકો, "એ એમ છે તેની મને પ્રતીતિ થઈ છે, કારણ કે, તેની મને અનુભૂતિ છે ?" એવી વસ્તુઓ બહુ નહિ હોય.

ખરેખરી રીતે, જો તમારે સાચેસાચ જ્ઞાન મેળવવું હોય, તો ખૂબ ચીવટથી અભ્યાસ કરવાની શરૂઆત કરવી જોઈએ; આપણને જે શિખવવામાં આવ્યું હોય તેના સત્યાસત્યની ખાતરી કરી લેવી જોઈએ,— સામાન્યમાં સામાન્યની અને ક્ષુલ્લકમાં ક્ષુલ્લકની. અને પછી તમને સમજાશે કે પાઠમાં (શ્લોકમાં) શાથી કહ્યું છે, "મનુષ્યોમાં શ્રેષ્ઠ;" કારણ કે મને લાગે છે કે આ પ્રયોગ ઘણાએ કર્યો હોતો નથી.

એ એક રસપ્રદ શોધ થાય જો આપણે જે માનતા હોઈએ અને જેનો આગ્રહ રાખતા હોઈએ તે વસ્તુઓને શોધી શકીએ, કારણ કે એમ માનવું અને આગ્રહ રાખવો એ એક રૂઢિ થઈ ગઈ છે.

ત્યારે હવે તમે જાઓ અને સાબિતી વગર જેને તમે દૃઢતાથી માનો છો તે વિષે તમારો વિચાર અને ચેતનાને અવલોકી જાઓ. તમને સમજાશે.

—૨૮, માર્ચ, ૧૯૫૮

સહસ્સ (સહસ્સવગ્ગ)

સહસ્સમપિ ચે વાચા અનત્થપદસંહિતા ।
એકં અત્થપદં સેય્યો યં સુત્વા ઉપસમ્મતિ ।। ૧

સહસ્સમપિ ચે ગાથા અનત્થપદસંહિતા ।
એકં ગાથાપદં સેય્યો યં સુત્વા ઉપસમ્મતિ ।। ૨

યો ચ ગાથાસતં ભાસે અનત્થપદસંહિતા ।
એકં ધમ્મપદં સેય્યો યં સુત્વા ઉપસમ્મતિ ।। ૩

યો સહસ્સં સહસ્સેન અઙ્ગામે માનુસે જિને ।
એકં ચ જેય્ય અત્તાનં સ વે સઙ્ગામજુત્તમો ।। ૪

અત્તા હવે જિતં સેય્યો યા ચાયં ઇતરા પજા ।
અત્તદન્તસ્સ પોસસ્સ નિચ્ચં સંયતચારિનો ।। ૫

નેવ દેવો ન ગન્ધબ્બો ન મારો સહ બ્રહ્મુના ।
જિતં અપજિતં કયિરા તથારૂપસ્સ જન્તુનો ।। ૬

માસે માસે સહસ્સેન યો યજેથ સતં સમં ।
એકં ચ ભાવિતત્તાનં મુહુત્તમપિ પૂજયે ।
સા એવ પૂજના સેય્યો યઞ્ચે વસ્સસતં હુતં ।। ૭

યો ચે વસ્સસતં જન્તુ અગ્ગિં પરિચરે વને ।
એકં ચ ભાવિતત્તાનં મુહુત્તમપિ પૂજયે ।
સા યેવ પૂજના સેય્યો યઞ્ચે વસ્સસતં હુતં ।। ૮

યં કિઞ્ચિ યિટ્ઠં વ હુતં વ લોકે સંવચ્છરં યજેથ પુઞ્ઞપેક્ખો ।
સબ્બં પિ તં ન ચતુભાગમેતિ અભિવાદના ઉજ્જુગતેસુ સેય્યો ।। ૯

અભિવાદનસીલિસ્સ નિચ્ચં વડ્ઢાપચાયિનો ।
ચત્તારો ધમ્મા વડ્ઢન્તિ આયુ વણ્ણો સુખં બલં ।। ૧૦

યો ચે વસ્સસતં જીવે દુસ્સીલો અસમાહિતો ।
એકાહં જીવિતં સેય્યો સીલવન્તસ્સ ઝાયિનો ।। ૧૧

યો ચે વસ્સસતં જીવે દુપ્પઞ્ઞો અસમાહિતો ।
એકાહં જીવિતં સેય્યો પઞ્ઞવન્તસ્સ ઝાયિનો ।। ૧૨

યો ચે વસ્સસતં જીવે કુસીતો હીનવીરિયો ।
એકાહં જીવિતં સેય્યો વિરિયમારભતો દળહં ।। ૧૩

યો ચે વસ્સસતં જીવે અપસ્સં ઉદયવ્યયં ।
એકાહં જીવિતં સેય્યો પસ્સતો ઉદયવ્યયં ।। ૧૪

યો ચે વસ્સસતં જીવે અપસ્સં અમતં પદં ।
એકાહં જીવિતં સેય્યો પસ્સતો અમતં પદં ।। ૧૫

યો ચે વસ્સસતં જીવે અપસ્સં ધમ્મમુત્તમં ।
એકાહં જીવિતં સેય્યો પસ્સતો ધમ્મમુત્તમં ।। ૧૬

[અર્થ વગરનાં હજારો વચનો બોલવા કરતાં જેને સાંભળીને શાંત થવાય એવું એક વચન શ્રેયસ્કર છે. (૧) અર્થ વગરની હજારો ગાથાઓ બોલવા કરતાં જેને સાંભળીને શાંતિ થાય એવું ગાથાનું એક પદ શ્રેયસ્કર છે. (૨) અર્થ વગરની હજારો ગાથાઓના કરતાં જેને સાંભળીને શાંતિ થાય એવું એક ધર્મવચન બોલવું શ્રેયસ્કર છે. (૩) સંગ્રામમાં દશ લાખ માણસોને જીતે તેના કરતાં એક પોતાના આત્માને જીતે તે ખરો વિજેતા છે. (૪) અન્ય લોકોના કરતાં પોતા પર જે વિજય મેળવે તે વધારે મૂલ્યવાન છે. એ વિજયને કોઈ દેવ, કોઈ ગાંધર્વ, કોઈ માર કે કોઈ બ્રહ્મા પણ હારમાં ફેરવી શકતું નથી (૫, ૬) જે મનુષ્ય મહિને મહિને હજારો રૂપિયા ખરચીને સો વરસ લગી યજ્ઞો કર્યા કરે અને જે મનુષ્ય એક પવિત્ર આત્માની માત્ર બે ઘડી પૂજા કરે, ઉપાસના કરે, તેમાં પ્રથમના કરતાં બીજી વાત શ્રેષ્ઠ છે. (૭) જે મનુષ્ય વનમાં રહીને સો વરસ અગ્નિની ઉપાસના કર્યા કરે તેના કરતાં જે એક પવિત્ર આત્માની માત્ર બે ઘડી ઉપાસના કરે તે શ્રેષ્ઠ છે. (૮) કોઈ માણસ પુણ્યની આશાએ આ લોકમાં એક વરસ લગી યજ્ન કરે કે હોમવહન કરે, તે બધું નિષ્કપટ એવા સંતપુરુષના અભિવાદનના ચોથા ભાગ જેટલું પણ કલ્યાણકારી નીવડતું નથી. (૯) જે મનુષ્ય પોતાના વડીલો પ્રત્યે આદર સેવે છે તેની ચાર વસ્તુઓ વધે છે : આયુષ્ય, સૌન્દર્ય, સુખ અને બળ. (૧૦) અનૈતિકતા અને છિન્નભિન્નતાવાળું તેમ જ મૂર્ખામીભરેલું જીવન માણસ સો વરસ જીવે તેના કરતાં સદાચારી અને ધ્યાનપરાયણ માણસનું એક દિવસનું જીવ્યું શ્રેયસ્કર છે. (૧૧, ૧૨) સુસ્ત અને ઉત્સાહ વગરનું સો વરસ જીવન જીવ્યા કરતાં ઉત્સાહપૂર્વક દૃઢપણે પુરુષાર્થ કરનારનું એક દિવસનું જીવ્યું શ્રેયસ્કર છે. (૧૩) વસ્તુઓ જણાય છે અને અદૃશ્ય થાય છે તે વિષેનું અજાણકારનું સો

વરસનું જીવ્યું એક દિવસના જાણકારની સરખામણીમાં નકામું છે. (૧૪) જે મર્ત્ય માર્ગના અજ્ઞાનમાં સો વર્ષ લગી જીવે તેના કરતાં અમરત્વના માર્ગના ધ્યાનમાં એક દિવસ જીવે તે વધુ શ્રેયસ્કર છે. (૧૫) પરમ ધર્મને નહિ જોનારો સો વરસ જીવે તેના કરતાં પરમ ધર્મને જોનારનું એક દિવસનું જીવ્યું શ્રેયસ્કર છે. (૧૬)]

અહીં એક જ મથાળા હેઠળ બધી વસ્તુ એકઠી કરવામાં આવી છે. વિચારોની સંગતિના કરતાં અહીં શબ્દોની સંગતિ જોવા મળે છે. પરંતુ કેન્દ્રસ્થ વિચાર આ પ્રમાણે છે : દેખાડાની ભક્તિના લાંબા જીવનના કરતાં સચ્ચાઈની એક પળ વધારે પસંદ કરવા જેવી છે અને બહારના સઘળા વિજયોના કરતાં એક મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક વિજય વધુ મહત્ત્વનો છે.

વળી અહીં એક સરસ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે પોતાની ઉપરનો વિજય એ જ ખરો વિજય છે; કારણ કે તે કોઈ પણ દેવ કે પ્રકૃતિની શક્તિ કે દુષ્ટતાના કરણની દખલગીરીમાંથી ખરેખર સહીસલામત છે. જો તમે એક જ મુદ્દા પર આત્મ-પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હોય, તો પછી ભલેને અધિમનસ્ના દેવો હોય કે જગતમાં રહેલી દિવ્ય વિરોધી શક્તિઓ હોય, એવી સર્વોચ્ચ શક્તિઓની દખલગીરી જ્યાં પહોંચી શકે નહિ એવી સ્થિતિમાં તમે પહોંચી જાઓ છો.

પાઠની શરૂઆતમાં જણાવ્યું છે કે નિરર્થક હજારો શબ્દોના કરતાં શાંતિ આપનારો એક શબ્દ વધુ બળવાન છે — અને આ તો સૌ સમજી શકે તેમ છે,— પરંતુ સાથે સાથે એ પણ જણાવ્યું છે કે શાંતિ બક્ષનારો એક શબ્દ માનસિક પ્રવૃત્તિને સંતોષ આપનારા હજારો શબ્દો હોય પણ જેની તમારા અસ્તિત્વ પર કોઈ મનોવૈજ્ઞાનિક અસર થતી ન હોય, તો તેના કરતાં વધુ ઇચ્છવા યોગ્ય છે.

ખરેખર, તમારી ચેતનતા કે તમારી જડતા પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે એવી જેનામાં શક્તિ હોય એવી કોઈ પણ વસ્તુ મળી આવે, તો તમારે આખરી પરિણામ આવે ત્યાં લગી તે શબ્દ કે શબ્દસમૂહની જે અસર થઈ હોય તે સિવાય કશા તરફ વળ્યા વગર તેને પૂરેપૂરો તપાસી લેવો જોઈએ.

એ વધુ મહત્ત્વનું છે કે ગમે તે રીતે પ્રાપ્ત થયેલ વિચારની અસરનો અભ્યાસ તેના આખરી પરિણામ લગી જારી રાખવો, અને એ ઘણા વિચારોની સંખ્યા મગજમાં એકઠી થાય તેના કરતાં શ્રેયસ્કર છે. એમના સમય પ્રમાણે વિચારો વધુ ઉપયોગી જણાઈ શકે, જો તેમને આણીને વખતે પ્રવેશ આપવામાં આવે તો; ખાસ કરીને તમને આંતરિક વિજય આપવામાં શક્તિશાળી હોય એવા

પ્રગતિશીલ વિચારોમાંથી એકાદને તેના અંત લગી ચકાસી જુઓ તો. અર્થાત્ માત્ર સૈદ્ધાન્તિક રહે એવા જ્ઞાનને પોતાનામાં સંઘરવું એના કરતાં પોતે જે કંઈ જાણે છે તેને અમલમાં મૂકવાનું માત્ર એક લક્ષ્ય ભલે ન હોય, તોય મહત્ત્વનું લક્ષ્ય હોવું જરૂરી છે.

ત્યારે સારાંશમાં આમ થાય: તમે જે કાંઈ જાણતા હો તેનો ચારે બાજુથી અમલ કરવા પ્રયત્નશીલ થાઓ, અને તો જ તમારું સૈદ્ધાન્તિક જ્ઞાન ઉપયોગી રીતે વધારી શકો.

—૧૧, એપ્રિલ, ૧૯૫૮

પાપ (પાપવગ્ગ)

અભિત્થરેથ કલ્યાણે પાપા ચિત્તં નિવારયે ।
દન્ધં હિ કરોતો પુઞ્ઞં પાપસ્મિં રમતી મનો ।। ૧

પાપં ચે પુરિસો કયિરા ન તં કયિરા પુનપ્પુનં ।
ન તમ્હિ છન્દં કયિરાથ દુક્ખો પાપસ્સ ઉચ્ચયો ।। ૨

પુઞ્ઞં ચે પુરિસો કયિરા કયિરાથેનં પુનપ્પુનં ।
તમ્હિ છન્દં કયિરાથ સુખો પુઞ્ઞસ્સ ઉચ્ચયો ।। ૩

પાપોઽપિ પસ્સતિ ભદ્રં યાવ પાપં ન પચ્ચતિ ।
યદા ચ પચ્ચતિ પાપં અથ પાપો પાપાનિ પસ્સતિ ।। ૪

ભદ્રોઽપિ પસ્સતિ પાપં યાવ ભદ્રં ન પચ્ચતિ ।
યદા ચ પચ્ચતિ ભદ્રં અથ ભદ્રો ભદ્રાનિ પસ્સતિ ।। ૫

માઽપ્પમઞ્ઞેથ પાપસ્સ ન મં તં આગમિસ્સતિ ।
ઉદબિન્દુનિપાતેન ઉદકુમ્ભોઽપિ પૂરતિ ।
પૂરતિ બાલો પાપસ્સ થોકથોકં પિ આચિનં ।। ૬

માઽપ્પમઞ્ઞેથ પુઞ્ઞસ્સ ન મં તં આગમિસ્સતિ ।
ઉદબિન્દુનિપાતેન ઉદકુમ્ભોઽપિ પૂરતિ ।
પૂરતિ ધીરો પુઞ્ઞસ્સ થોકથોકં પિ આચિનં ।। ૭

વાણિજો વ ભયં મગ્ગં અપ્પસત્થો મહદ્ધનો ।
વિસં જીવિતુકામો વ પાપાનિ પરિવજ્જયે ।। ૮

પાણિમ્હિ ચે વણો નાસ્સ હરેય્ય પાણિના વિસં ।
નાબ્બણં વિસમન્વેતિ નત્થિ પાપં અકુબ્બતો ।। ૯

યો અપ્પદુટ્ઠસ્સ નરસ્સ દુસ્સતિ સુદ્ધસ્સ પોસસ્સ અનઙ્ગણસ્સ ।
તમેવ બાલં પચ્ચતિ પાપં સુખુમો રજો પરિવાતં વ ખિત્તો ।। ૧૦

ગબ્ભમેકે ઉપ્પજ્જન્તિ નિરયં પાપકમ્મિનો ।
સગ્ગં સુગતિનો યન્તિ પરિનિબ્બન્તિ અનાસવા ।। ૧૧

ન અન્તલિક્‌ખે ન સમુદ્દમજ્ઝે ન પબ્બતાનં વિવરં પવિસ્સ ।
ન વિજ્જતી સો જગતિપ્પદેસો યત્રટ્ઠિતો મુઞ્ચેય્ય પાપકમ્મા ।। ૧૨

ન અન્તલિક્‌ખે ન સમુદ્દમજ્ઝે ન પબ્બતાનં વિવરં પવિસ્સ ।
ન વિજ્જતિ સો જગતિપ્પદેસો યત્રટ્ઠિતં નપ્પસહેથ મચ્ચુ ।। ૧૩

[સારા કાર્ય માટે ઉતાવળ કરો, દુષ્ટ વિચારો પાછળ મૂકો, કારણ કે, સુસ્ત મને કામ કરવું એટલે પાપમાં રમનાર મનનો સ્વીકાર. (૧) જો કોઈ માણસ દુષ્ટ કાર્ય કરે, તો તે તેણે ફરી ફરીને નહિ કરવું. પાપ કરવાનો છંદ લગાડવો નહિ. એકઠો થયેલો પાપનો પુંજ દુ:ખકારી નીવડે છે. (૨) જો માણસ પુણ્ય કરે તો ફરી ફરીને તે કર્યા કરવું, એનો છંદ લગાડવો. પુણ્યનો પુંજ સુખકારી નીવડે છે. (૩) પાપ કરનાર પાપનું ફળ જણાય નહિ ત્યાં લગી તેને ભલું સમજે છે. પણ જ્યારે તેનું ફળ જણાવા લાગે ત્યારે તેને પાપ તરીકે સમજે છે. (૪) ભલો માણસ જ્યાં લગી તેના કાર્યનાં ફળ જણાય નહિ ત્યાં લગી ભલાં કાર્યને ભૂંડાં સમજે છે. પરંતુ જેવાં તેનાં ફળ જણાવા લાગે છે તેવો તેને તે યથાર્થ સમજી જાય છે. (૫) "થોડું થોડું પાપ મને શું કરી શકવાનું હતું ?" એમ માનીને તેને હસી કાઢવું નહીં. ટીંપે ટીંપે ઘડો ભરાઈ જાય છે તેમ થોડું થોડું પાપ થઈને માણસ પાપથી ભરાઈ જાય. (૬) "થોડું થોડું પુણ્ય મને શું ફળ આપવાનું હતું ?" એમ માનીને પુણ્યને હસી કાઢવું નહિ. ટીંપે ટીંપે ઘડો ભરાઈ જાય તેમ થોડું થોડું પુણ્ય થઈને માણસ પુણ્યથી ભરાઈ જાય. (૭) પાસે વધુ ધન હોય અને સાથી-દારો ઓછા હોય તો વાણિયો જેમ બીકવાળા માર્ગને છોડી દે છે, તેમ જીવવાની ઇચ્છાવાળો માણસ જેમ ઝેર છોડી દે છે, તેમ સાધકે પાપોને અળગાં કરી દેવાં. (૮) હાથમાં ઘા ન પડયો હોય તો તેમાં ઝેર લઈને હરીફરી શકાય, કારણ કે ઘા વગર ઝેર અસર કરી શકતું નથી; તેમ પાપ નહિ કરનારને પાપ લાગતું નથી. (૯) તમે શુદ્ધ અને નિર્દોષ અને રક્ષિત નહિ એવાને માથે આળ ચઢાવો, તો તે આળ તમારા તરફ પાછી ફરશે — જેમ પવનની સામે નાખેલી ધૂળ પાછી ફરે તેમ. (૧૦) પૃથ્વી પર કેટલાક ફરી જન્મે છે, પાપકર્મી નિરયમાં જાય છે, પુણ્યકર્મી સ્વર્ગલોકમાં જાય છે; પણ જેઓ બધી કામનાઓથી મુકત થઈ જાય છે તેઓ નિર્વાણને પામે છે. (૧૧) માણસ પોતાનાં પાપી કર્મોથી કયાંય છટકી શકે એવું એક પણ સ્થળ પૃથ્વી પર નથી, — નથી આકાશમાં, નથી સમુદ્રના ઊંડાણમાં, નથી પર્વતની ગુફા-ઓમાં. (૧૨) માણસ મૃત્યુમાંથી છુપાઈ જઈ શકે એવું એક પણ સ્થળ પૃથ્વી પર નથી,— નથી આકાશમાં, નથી સમુદ્રના ઊંડાણમાં, નથી પર્વતની ગુફાઓમાં. (૧૩)]

આવતા વિચારોને હળવાશથી જોવાની લોકોને ટેવ હોય છે. વાતાવરણ પણ

બધી પ્રકારના વિચારોથી ભરેલું હોય છે. આ વિચારો ખરું જોતાં કોઈ ખાસ વ્યકિતના નથી હોતા, એ એક વ્યકિતથી બીજી વ્યકિત તરફ ખૂબ મુકત રીતે, ઘણી મોકળાશથી સતત સંચાલિત થતા હોય છે, કારણ કે, પોતાના વિચારોને કાબૂમાં રાખી શકે એવા બહુ થોડા લોકો હોય છે.

તમે જ્યારે વિચારોને સંયમમાં આણવાની બુદ્ધધર્મની સાધનાને સ્વીકારો, ત્યારે તમે ઘણી રસપ્રદ શોધો કરો છો. પ્રથમ તમે વિચારોનું નિરીક્ષણ કરવા પ્રયત્ન-શીલ થાઓ છો. તેમને મુકતપણે (છૂટથી) પસાર થવા દેવાને બદલે; અરે, કેટલીક વાર તમારા મગજમાં પ્રવેશ આપીને અને ત્યાં બિલકુલ કવખતે તેમને સ્થાપવા દઈને, તમે જો તેમને જોશો, તેમનું નિરીક્ષણ કરશો, તો તમે અવાક્ થઈ જાઓ એવી ઉપલબ્ધિ થશે કે થોડીઓક ક્ષણોના અવકાશમાં તમારા મગજમાં ઘણીબધી રીતે નુકસાનકારક એવા બિલકુલ અસંભવિત વિચારોની હારમાળા પસાર થતી હશે.

તમે માનો છો કે તમે કેટલા બધા સારા છો, માયાળુ છો, સન્મતિવાળા છો અને હમેશાં સારી લાગણીઓથી ભરેલા છો. તમે કોઈનું બૂરું ઈચ્છતા નથી, સૌનું ભલું ચાહો છો, અને આમ આત્મસંતુષ્ટ ભાવે તમારી જાતને કહો છો. પરંતુ વિચાર કરતાં કરતાં જો તમારી જાતને સચ્ચાઈથી નિહાળશો, તો તમને જણાશે કે તમારા મગજમાં એવા વિચારોનો સમુચ્ચય જામ્યો છે જે કેટલીક વાર ભીતિ ઉત્પન્ન કરે એવા છે, જેમની તમને ખબર પણ નહોતી પડી.

દાખલા તરીકે, તમને કંઈક ગમે નહિ તે વખતની તમારી પ્રતિક્રિયા તમે તમારા મિત્રોને, સગાંસંબંધીઓને, પરિચિતોને, દરેકને ભાંડવા કેટલા આકળવિકળ થઈ જાઓ છો! જાણ્યા વગર તમે તેમને કેટલી બધી ગાળો દઈ દો છો! અને તમે કહો છો: "હાં, હવે એને એવા થવાનો પાઠ મળશે!" અને જ્યારે તમે વિવેચન કરો છો ત્યારે કહો છો, "તેના દોષો તેને જણાવવા જ જોઈએ." અને કોઈ તમારા વિચારો પ્રમાણે ન વર્તે તો "એનો એને દંડ મળશે!" એમ કહો છો. અને આમ ચાલ્યા કરે છે.

તમને આ જણાતું નથી, કારણ કે વિચારની વેળાએ તમે તમારી જાતને જોતા નથી હોતા. કોઈક વાર જ્યારે તે ખૂબ પ્રબળ થઈ જાય છે, ત્યારે કોઈક વાર તમે જાણો છો. પણ જ્યારે વસ્તુ માત્ર પસાર થઈ જતી હોય છે, ત્યારે તમે ભાગ્યે જ તેને નોંધો છો, — તે આવે છે, પ્રવેશે છે, અને ચાલી જાય છે, પછી તમને જણાઈ આવે છે કે જો તમારે સાચે જ શુદ્ધ થવું હશે, સત્યની દિશામાં સમગ્રભાવે જવું હશે, તો જાગ્રતિ જોઈશે, સચ્ચાઈ જોઈશે, આત્મનિરીક્ષણ જોઈશે, આત્મ-

સંયમન જોઈશે, — અને આ સર્વસામાન્ય હોતું નથી. અને તમને સમજાતું જાય છે કે ખરેખર સહૃદયી થવું અઘરું છે.

તમે તમારી ખુશામત કરો છો કે તમારામાં માત્ર સારી લાગણીઓ, સારા ઇરાદાઓ જ છે; તમે જે કાંઈ કરો છો તે સારાને માટે કરો છો, — હા, જ્યાં લગી તમે સચેત હો છો, સંયત હો છો; પરંતુ જે ક્ષણે તમે ખૂબ સાવધાન નથી હોતા, ત્યારે તમારામાં ઘણી વસ્તુઓ બની આવે છે, જેની તમને ખબર નથી હોતી. અને ઓ બધું બહુ સરસ મઝાનું નથી હોતું!

જો તમારે તમારા ઘરને સંપૂર્ણ સ્વચ્છ કરવું હોય તો લાંબા વખત લગી, ઘણા લાંબા વખત લગી તમારે સાવધ રહ્યો છૂટકો છે; અને ખાસ કરીને તમે તમારે લક્ષ્યે એમ કરીને એક ટકોરે પહોંચી ગયા એમ ન માનવું; કારણ કે, એકાદ દિવસે તમે સાચી દિશામાં વર્તશો એમ નક્કી કરવાનું થઈ ગયું. સાચે જ આ એક ઘણો જરૂરી અને મહત્ત્વનો મુદ્દો છે; પણ એવા ઘણા દિવસનું અનુસરણ થવું જોઈએ, જ્યારે તમારે તમારો નિર્ણય ખોટો ન પડે તે ખાતર તમારી જાત પર સખ્ત જાપ્તો રાખવો જોઈએ.

—૪, એપ્રિલ, ૧૯૫૮

દંડ (દંડવર્ગ)

સબ્બે તસન્તિ દણ્ડસ્સ સબ્બે ભાયન્તિ મચ્ચુનો।
અત્તાનં ઉપમં કત્વા ન હનેય્ય ન ઘાતયે ।। ૧

સબ્બે તસન્તિ દણ્ડસ્સ સબ્બેસં જીવિતં પિયં ।
અત્તાનં ઉપમં કત્વા ન હનેય્ય ન ઘાતયે ।। ૨

સુખકામાનિ ભૂતાનિ યો દણ્ડેન વિહિંસતિ ।
અત્તનો સુખમેસાનો પેચ્ચ સો ન લભતે સુખં ।। ૩

સુખકામાનિ ભૂતાનિ યો દણ્ડેન ન હિંસતિ ।
અત્તનો સુખમેસાનો પેચ્ચ સો લભતે સુખં ।। ૪

મા'વોચ ફરુસં કઞ્-ચ વુત્તા પટિવદેય્યુ તં ।
દુક્ખા હિ સારમ્ભકથા પટિદણ્ડા ફુસેય્યુ તં ।। ૫

સ ચે નેરેસિ અત્તાનં કંસો ઉપહતો યથા ।
એસ પત્તોઽસિ નિબ્બાનં સારમ્ભો તે ન વિજ્જતિ ।। ૬

યથા દણ્ડેન ગોપાલો ગાવો પાચેતિ ગોચરં ।
એવં જરા ચ મચ્ચુ ચ આયું પાચેન્તિ પાણિનં ।। ૭

અથ પાપાનિ કમ્માનિ કરં બાલો ન બુજ્ઝતિ ।
સેહિ કમ્મેહિ દુમ્મેધો અગ્ગિદડ્ઢો વ તપ્પતિ ।। ૮

યો દણ્ડેન અદણ્ડેસુ અપ્પદુટ્ઠેસુ દુસ્સતિ ।
દસન્નમઞ્-ઞતરં ઠાનં ખિપ્પમેવ નિગચ્છતિ ।। ૯

વેદનં ફરુસં જાનિં સરીરસ્સ ચ ભેદનં ।
ગરુકં વા પિ આબાધં ચિત્તક્ખેપં વ પાપુણે ।। ૧૦

રાજતો વા ઉપસ્સગ્ગં અબ્ભક્ખાનં વ દારુણં ।
પરિક્ખયં વ ઞાતીનં ભોગાનં વ પભઙ્ગુરં ।। ૧૧

અથવડ્ઢસ્સ અગારાનિ અગ્ગિ ડહતિ પાવકો ।
કાયસ્સ ભેદા દુપ્પઞ-ઞો નિરયં સોપપજ્જતિ ।। ૧૨

ન નગ્ગચરિયા ન જટા ન પઙ્કા
નાઽનાસકા થણ્ડિલસાયિકા વા ।
રજો ચ જલ્લં ઉક્કટિકપ્પધાનં
સોધેન્તિ મચ્ચં અવિતિણ્ણકંખં ।। ૧૩

અલઙ્કતો ચે પિ સમં ચરેય્ય
સન્તો દન્તો નિયતો બ્રહ્મચારી ।
સબ્બેસુ ભૂતેસુ નિધાય દણ્ડં
સો બ્રાહ્મણો સો સમણો સ ભિક્ખૂ ।। ૧૪

હિરીનિસેધો પુરિસો કોચિ લોકસ્મિં વિજ્જતિ ।
યો નિન્દં અપ્પબોધતિ અસ્સો ભદ્રો કસામિવ ।। ૧૫

અસ્સો યથા ભદ્રો કસાનિવિટ્ઠો
આતાપિનો સંવેગિનો ભવાથ ।
સદ્ધાય સીલેન ચ વિરિયેન ચ
સમાધિના ધમ્મવિનિચ્છયેન ચ ।
સંપન્નવિજ્જાચરણા પટિસ્સતા
પહસ્સથ દુક્ખમિદં અનપ્પકં ।। ૧૬

ઉદકં હિ નયન્તિ નેતિકા ઉસુકારા નમયન્તિ તેજનં ।
દારું નમયન્તિ તચ્છકા અત્તાનં દમયન્તિ સુબ્બતા ।। ૧૭

[શિક્ષાનો સામનો કરવો પડે ત્યારે સૌ ધ્રૂજે છે. મૃત્યુથી સૌ ડરે છે. સૌ પ્રાણીઓને પોતાનાં જેવાં જ સમજીને કોઈને પ્રહાર ન કરો, બીજાને તેમ કરવા પ્રેરો નહીં. (૧) દંડથી સૌ કોઈ ત્રાસે છે. જીવવું સૌને વહાલું છે. સૌ પ્રાણીઓને પોતાનાં જેવાં જ સમજીને કોઈને પ્રહાર ન કરો, બીજાને તેમ કરવા પ્રેરો નહીં. (૨) સુખને માટે આતુર પ્રાણીઓને પોતાના સુખને ખાતર જે ઈજા કરે છે તેને તે મૃત્યુ પછી પામતો નથી. (૩) સુખને માટે પ્રાણીઓને પોતાના સુખને ખાતર જે ઈજા કરતો નથી તેને તે મૃત્યુ પછી પામે છે. (૪) કોઈને કઠોર વચન કહો નહિ, કારણ કે, તમને તે પાછાં મળશે. કઠોર વચન દુઃખકારક નીવડે છે, અને જે બોલે છે તેને તે પાછાં વેઠવાં પડે છે. (૫) ભાંગેલા કાંસાની માફક જો તમે અવાજ કરશો નહિ તો તમે નિર્વાણમાં પ્રવેશ્યા છો એમ સમજવું; હવે તમારામાં હિંસા-વૃત્તિ રહી નથી. (૬) જેમ ગોવાળ દંડ વડે ગાયોને ચારવા હાંકી જાય છે, તેમ જરા અને મૃત્યુ તમામ પ્રાણીના આયુષ્યને તેને છેડે પહોંચાડે છે. (૭) મૂઢ માણસ

જાણ્યા વગર પાપકર્મો કરે છે, અગ્નિની જેમ તેનાં કર્મો તેને દઝાડે છે, ત્રાસ આપે છે. (૮) જે પ્રાણીઓ દોષ વગરનાં છે અને દંડવા જેવાં નથી તેમને દંડ વડે જે હેરાન કરે છે, તે આ નીચે જણાવેલી દશામાંની કોઈ એક દુર્દશાને તરત પામે છે. (૯) ભયંકર વેદના પામે, શરીરનાં છેદન થાય, મહાપીડા પામે, ગાંડા થાય, સખત રાજદંડ પામે, ભયંકર આળ ચડે, સગાંવહાલાં મરી પરવારે, સર્વે ભોગ નાશ પામે, આગ લાગે, કુમતિવાળો થઈને મૃત્યુ પછી નરકે જાય છે. (૧૦, ૧૧, ૧૨) જેમની શંકાઓ દૂર થઈ નથી એવાઓને નગ્ન રહેવું, જટા રાખવી, શરીરે માટી ચોળવી, લાંઘણ કરવી, ખુલ્લામાં સૂઈ જવું, શરીરે ધૂળ લગાડવી, દેહને મેલો રાખવો, ઉભડક બેસવાનું વ્રત લેવું,—પવિત્ર કરતાં નથી. (૧૩) સુંદર વસ્ત્રો ધારણ કરતો હોવા છતાં જે સમભાવે આચરણ કરે, શાંત હોય, દાંત હોય, નિયમબદ્ધ હોય, બ્રહ્મચારી હોય, પ્રાણીઓ તરફના હિંસાભાવને તજી દેનારો હોય, તે બ્રાહ્મણ છે, શ્રમણ છે, ભિક્ખુ છે. (૧૪) એવો માણસ કોઈક જ હોય જે કેવળ શરમનો માર્યો પાપ કરતાં અટકે. જેમ ઉત્તમ ઘોડો ચાબુક પડતાં પહેલાં ચેતી જાય છે, તેમ એ આગળથી ચેતી જાય છે. (૧૫) ચેતતા ઘોડાની જેમ ઉત્સાહવાળા બનો, લક્ષ્ય પ્રત્યે આતુર થાઓ, વિશ્વાસ, સદાચાર, જોમ, ધ્યાન, સત્યની શોધ, જ્ઞાન અને વર્તનની પૂર્ણતા, શ્રદ્ધા, — વગેરે વડે દુઃખોથી મુકત થાઓ. (૧૬) ખેતરમાં પાણી વાળનારા જેવી રીતે જરૂર પ્રમાણે પાણીને વાળે છે, બાણને ઘડનારા જેમ બાણને સીધું કરે છે, સુથાર જેમ લાકડાને જરૂર પ્રમાણે ઘડે છે, તેમ જ્ઞાની પુરુષો પોતાનું નિયંત્રણ કરે છે. (૧૭)]

આ વાંચતાં કોઈના પર એવી છાપ પડે કે કદાચ આમ પહેલાંના માનવો માટે લખાયું હશે. તમે જો ઈજા કરો તો તમારા પર મુશ્કેલીઓનો ઢગ ખડકાઈ જશે એ એક ઠીક રમૂજી વાત લાગે.

બુદ્ધ જે બોલ્યા હોય તેની જો આ સાચે જ નોંધ હોય તો આપણને એમ જણાય કે શ્રોતાઓ પ્રમાણે તેઓ પોતાના વાર્તાલાપના મુદ્દાઓમાં ફેરફાર કરતા હશે; અને જો નિરક્ષર ગ્રામ્યજનોની સામે એમને કહેવાનું હોય તો તેઓ એવી પદાર્થલક્ષી ભાષા વાપરે, જેથી કરીને તેઓ સમજી શકે એવાં ખૂબ વ્યવહારુ અને સચોટ દૃષ્ટાંતો આપે. આ ગાથાઓમાં મોટા પ્રમાણમાં સ્તરનો ભેદ જણાય છે. કેટલાક શ્લોકો ખૂબ પ્રખ્યાત છે, જેવો કે છેલ્લો, — જ્યાં કારીગરનું દૃષ્ટાંત આપીને જણાવ્યું છે કે તેના મનમાં જે આકૃતિ છે તેને ઉતારી શકાય એવી રીતે તે પોતાના ઉપાદાનને ઘડે છે. અને એ પરથી બોધ : સાધુપુરુષ પોતા પર નિયંત્રણ રાખે છે.

સાચે જ છાપ એવી પડે છે કે મનુષ્યની મનોવૃત્તિ તે યુગ પછી વિકસી છે. વિચાર વધુ સંકુલ બન્યો છે, મનોવિજ્ઞાન વધુ ગંભીર થયું છે; અને તે એટલી હદ સુધી કે આ દલીલો લગભગ બાલિશ લાગે છે. પરંતુ જ્યારે આપણે તેનો અમલ કરવા પ્રયત્નશીલ થઈએ છીએ ત્યારે આપણને જણાય છે કે આપણે પ્રાયઃ એ જ ભૂમિકા પર રહ્યા છીએ; અને જોવિચારમાં પ્રગતિ થઈ હોય તો, આચાર વધુ સારો થવાને બદલે નીચલા સ્તર પર ઊતરી ગયો જણાય છે. અને અહીંયાં આપણને એક બાળકના જેવી સરળતા, કંઈક પ્રમાણમાં સ્વસ્થ જણાય છે,— દુર્ભાગ્યે માનવજાતિએ ગુમાવેલી એવી વિકૃતિની ગેરહાજરી જણાય છે.

એ સમયે એક પ્રકારની નૈતિક સ્વસ્થતા હતી, જે આત્યારે સાવ અદૃશ્ય થઈ ગઈ છે. આ દલીલો આપણામાં હાસ્ય સ્ફુરાવે છે, પણ અહીં જણાવેલા ઉપદેશનો અમલ તે સમયના કરતાં ઘણો બધો મુશ્કેલ છે. માનવનું મન એક પ્રકારના દંભથી, ઢોંગથી, સૂક્ષ્મ છળકપટથી ઘેરાઈ ગયું છે,— ખાસ કરીને તેના થવાની ક્રિયા. માણસો અત્યંત કઢંગી રીતે પોતાને છેતરવાનું શીખ્યા છે.

તે સમયે કહી શકાત : "કોઈને ઈજા કરો નહિ, તમને દંડ થશે." હૃદયો ભોળાં હતાં, મન ખુલ્લાં હતાં. કહેતા : "હા, ઈજા કરવી એ સારું નહિ, કારણ કે મને દંડ થશે." પણ અત્યારે કંઈક કટાક્ષભર્યું સ્મિત કરીને કહેશો : "અરે, દંડમાંથી છૂટવા હું કોઈક રસ્તો ચોક્કસ શોધી કાઢીશ."

મનની ગ્રહણશક્તિ વધી જણાય છે, મનની શક્તિનો વિકાસ થયો જણાય છે, માણસો વિચારોની સાથે રમત રમવામાં વધુ શક્તિશાળી થયા લાગે છે, બધા સિદ્ધાન્તો પર માનસિક કાબૂ ધરાવતા થયા છે; પરંતુ આની સાથે સાથે જેઓ પ્રકૃતિની વધુ નિકટમાં રહેતા હતા, અને વિચારોની સાથે ખેલવાનું ઓછું જાણતા હતા, એવા લોકોની સરળતા તેમ જ સ્વસ્થ સાલસતા ગુમાવ્યાં છે. આમ માનવ-જાતિ સમગ્રપણે એક વધુ ભયંકર વળાંક લેતા બિંદુ પર આવી પહોંચી છે. સર્વત્ર જોવામાં આવતા ભ્રષ્ટાચારનો ઉપાય શોધવા જેઓ મથામથ કરી રહ્યા છે તેઓ ભૂતકાળની સાદાઈ તરફ પાછા વળવા ઉપદેશે છે; પણ, ખરું જોતાં, એ તદ્દન અશક્ય છે: તમે પાછા જઈ શકો નહીં.

આપણે આગળ વધવું જોઈશે, પ્રગતિ કરવી પડશે, વધુ ઊંચાણો ચડવાં પડશે, આમોદપ્રમોદ અને અંગત ભલાની શુષ્ક શોધથી પર થવું જોઈશે,—અને તે દંડના ભયથી નહિ, મૃત્યુ પછીના દંડથી પણ નહિ; પરંતુ સૌંદર્યની એક નવીન

ભાવનાના વિકાસથી, સત્ય અને પ્રકાશની ઝંખનાથી. સાથે સાથે એ સમજ કેળવવી પડશે કે માત્ર પોતાને વિશાળ બનાવ્યાથી, પ્રકાશિત થવાથી, પ્રગતિનો જુસ્સો જ્વલંત રાખીને તમે પૂર્ણ શાંતિ અને શાશ્વત સુખ એમ બંને પામી શકશો.

આપણે જાગવું જોઈશે, વિશાળ થવું જોઈશે — ઊઠો...અને વિશાળ થાઓ.

—૧૮, એપ્રિલ, ૧૯૧૮

ઘડપણુ (જરાવર્ગ)

કો નુ હાસો કિમાનન્દો નિચ્ચં પજ્જલિતે સતિ ।
અન્ધકારેન ઓનદ્ધા પદીપં ન ગવેસથ ।। ૧

પસ્સ ચિત્તકતં બિમ્બં અરુકાયં સમુસ્સિતં ।
આતુરં બહુસઙ્કપ્પં યસ્સ નત્થિ ધુવં કિતિ ।। ૨

પરિજિણ્ણમિદં રૂપં રોગનિડ્ડં પભઙ્ગુરં ।
ભિજ્જતિ પૂતિસંદેહો મરણન્તં કિ જીવિતં ।। ૩

યાનિમાનિ અપત્થાનિ અલાપૂનેવ સારદે ।
કાપોતકાનિ અટ્ઠીનિ તાનિ દિસ્વાન કા રતિ ।। ૪

અટ્ઠીનં નગરં કતં માંસલોહિતલેપનં ।
યત્થ જરા ચ મચ્ચૂ ચ માનો મક્ખો ચ ઓહિતો ।। ૫

જીરન્તિ વે રાજરથા સુચિત્તા
અથો સરીરં પિ જરં ઉપેતિ ।
સતં ચ ધમ્મો ન જરં ઉપેતિ
સન્તો હવે સબ્ભિ પવેદયન્તિ ।। ૬

અપ્પપ્સુતાડયં પુરિસો બલિવદ્દો વ જીરતિ ।
મંસાનિ તસ્સ વડ્ઢન્તિ પઞ-ઞા તસ્સ ન વડ્ઢતિ ।। ૭

અનેકજાતિસંસારં સન્ધાવિસ્સં અનિબ્બિસં ।
ગહકારકં ગવેસન્તો દુક્ખા જાતિ પુનપ્પુનં ।। ૮

ગહકારક ! દિટ્ઠોઽસિ પુન ગેહં ન કાહસિ ।
સબ્બા તે ફાસુકા ભગ્ગા ગહકૂટં વિસંખતં ।।
વિસંખારગતં ચિત્તં તણ્હાનં ખયમજ્ઝગા ।। ૯

અચરિત્વા બ્રહ્મચરિયં અલદ્ધા યોબ્બને ધનં ।
જિણ્ણકોઞ-ચા વ ઝાયન્તિ ખીણમચ્છે પલ્લલે ।। ૧૦

અચરિત્વા બ્રહ્મચરિયં અલદ્ધા યોબ્બને ધનં ।
સેન્તિ ચાપાડતિખીણા વ પુરાણાનિ અનુત્થુનં ।। ૧૧

[જ્યારે આ સંસાર ભડકે બળી રહ્યો હોય, ત્યારે આ હાસ્ય, આ આનંદ શા ? અંધારામાં ઘેરાયેલા તમે શા માટે દીવો ખોળતા નથી ? (૧) જુઓ, આ શરીરનું ખોખું, જેમાં જખમો થયા છે, હાડકાંથી જે ઉપસાવેલું છે, જેમાં અનેક રોગો ભરેલા છે, મિથ્યા કામનાઓવાળું છે, જેમાં કશું જ સ્થિર નથી. (૨) આ રૂપાળું ક્ષણભંગુર શરીર રોગોનો માળો છે, દુર્ગંધનો ભંડાર છે, ભેદાઈ જવાનું છે; કારણ કે, મૃત્યુ જીવનને આરે ઊભેલું છે. (૩) ભૂરા રંગનાં આ જે હાડકાં છે જે શરદઋતુમાં વિસ્તરેલાં તુંબડાં જેવાં છે,— તેનો વિચાર કરવામાં લહેર શી ? (૪) શરીર હાડકાંનું નગર છે. માંસ અને રુધિરના લીંપણથી છાયેલું છે. એમાં અભિમાન, ઈર્ષ્યા, વિષય અને મૃત્યુ રહેલાં છે. (૫) રાજાના મોટા મોટા રથો પણ અંતે જીર્ણ થઈ જાય છે. તેમ આ કાયા પણ જરાથી જર્જરિત થઈ જનાર છે. પરંતુ એક સત્ય ધર્મ જીર્ણ થવાનો નથી, એમ સત્પુરુષો અન્ય સત્પુરુષોને તે પસાર કરે છે. (૬) અજ્ઞાની બળદની જેમ વધે છે; તેનું વજન વધે છે, પણ પ્રજ્ઞા નહીં. (૭) જન્મજન્માંતરના ફેરા ફરતાં આ કાયારૂપી ઘરના ઘડવૈયાની મિથ્યા શોધમાં આથડયો. જન્મોની આ ઘટમાળ કેવી દુ:ખદ છે! (૮) હે ઘડવૈયા ! મેં તને શોધી કાઢયો છે. પુન: આ દેહઘરનું નિર્માણ તું નહિ કરે. તારી પાટડીઓ (પાંસળીઓ) ભાંગી ગઈ છે, મોભ તૂટી રહ્યો છે. અકુશળ સંસ્કાર વગરના ચિત્તે તૃષ્ણાનો ક્ષય પ્રાપ્ત કર્યો છે. (૯) જેમણે જુવાનીમાં બ્રહ્મચર્ય પાળ્યું નથી, જેઓએ સાચું ધન ઉપાર્જન કર્યું નથી, તેઓ માછલાં વગરના ખાબોચિયામાં રહેતાં ઘરડાં બગલાંની પેઠે, ધ્યાન ધરે છે ! (૧૦) જુવાનીમાં જેમણે બ્રહ્મચર્ય પાળ્યું નથી અને ધન મેળવ્યું નથી, તેઓ, સડી ગયેલા ધનુષ્યની જેમ, જૂની પુરાણી વાતો વાગોળીને વ્યથિત જીવન ગુજારે છે. (૧૧)]

અહીં એક વસ્તુ સ્પષ્ટ રીતે જણાવી નથી એ ચોક્કસ છે, પણ બીજી બધી વસ્તુઓ જેટલી જ મહત્ત્વની છે. તે આ છે : વર્ષો એકઠાં થાય તેના કરતાં ઘડપણ ખૂબ જ ભયંકર છે અને વધુ વાસ્તવિક છે, જ્યારે વધવાની અને પ્રગતિ કરવાની અશક્તિ આવે છે.

જેવા તમે આગળ વધતા અટકો છો, પ્રગતિ કરતા થોભો છો, છો તેના કરતાં સારા થતા બંધ થાઓ છો, કંઈક મેળવતા અને વિકાસ પામતા અટકી પડો છો, રૂપાંતર પામતા અટકી પડો છો,— તેવા તમે ખરે જ ઘરડા થયા સમજવું; એટલે કે, વિઘટન પ્રત્યે નીચે ઊતરી રહ્યા છો.

કેટલાક જુવાન ઘરડા હોય છે, કેટલાક ઘરડા જુવાન હોય છે, જો તમે પ્રગતિની અને રૂપાંતરની જ્યોત જલતી રાખો, જો તમે એક જાગ્રત ડગ સાથે

આગળ ધપી શકવાના હેતુથી બધું જ પાછળ નાખી દેવા તત્પર હો, જો તમે નવી પ્રગતિ, નવા સુધારા, નવાં રૂપાંતર પ્રત્યે હમેશાં ખુલ્લા હો, તો તમે શાશ્વત કાળને માટે જુવાન છો. પરંતુ જો જે કંઈ પ્રાપ્ત થયું હોય તેથી સંતુષ્ટ થઈને તમે પાછા પડી જાઓ, તમને જો એમ લાગે કે તમારે લક્ષ્ય સ્થળે તમે પહોંચી ગયા છો, અને હવે તમારે કંઈ કરવાપણું નથી, માત્ર તમારા પ્રયત્નોનાં ફળ ભોગવવાનાં છે, તો પછી આડધું શરીર કબરમાં છે એમ સમજો: એ છે જર્જરતા અને ખરું મૃત્યુ.

હમેશાં જે કાંઈ થયું છે તે, જે કંઈ કરવાનું છે તેની સરખામણીમાં કંઈ જ નથી.

પાછળ જુઓ નહીં, આગળ જુઓ, હમેશાં આગળ અને ચરૈવેતિ ચરૈવેતિ (આગે બઢો, આગે બઢો).

—૨૫, એપ્રિલ, ૧૯૫૮

અહં* (આત્મવર્ગ)

અત્તાનં ચે પિયં જઞ-ઞા રક્ખેય્ય નં સુરક્ખિતં ।
તિણ્ણમઞ-ઞતરં યામં પરિજગ્ગેય્ય પણ્ડિતો ।। ૧

અત્તાનમેવ પઠમં પતિરૂપે નિવેસયે ।
અથઽઞ-ઞમનુસાસેય્ય ન કિલિસ્સેય્ય પણ્ડિતો ।। ૨

અત્તાનં ચે તથા કયિરા યથઽઞ-ઞમનુસાસતિ ।
સુદન્તો વત દમ્મેથ અત્તા હિ કિર દુદ્દમો ।। ૩

અત્તા હિ અત્તનો નાથો કો હિ નાથો પરો સિયા ।
અત્તના હિ સુદન્તેન નાથં લભતિ દુલ્લભં ।। ૪

અત્તના વ કતં પાપં અત્તજં અત્તસંભવં ।
અભિમન્થતિ દુમ્મેધં વજિરં વઽસ્મમયં મણિં ।। ૫

યસ્સ અચ્ચન્તદુસ્સીલ્યં માલુવા સાલમિવોત્થતં ।
કરોતિ સો તથઽત્તાનં યથા નં ઈચ્છતી દિસો ।। ૬

સુકરાનિ અસાધૂનિ અત્તનો અહિતાનિ ચ ।
યં વે હિતં ચ સાધુ ચ તં વે પરમદુક્કરં ।। ૭

યો સાસનં અરહતં અરિયાનં ધમ્મજીવિનં ।
પટિક્કોસતિ દુમ્મેધો દિટ્ઠિં નિસ્સાય પાપિકં ।
ફલાનિ કટ્ઠકસ્સેવ અત્તાઘઞ-ઞાય ફલ્લતિ ।। ૮

અત્તના વ કતં પાપં અત્તના સંકિલિસ્સતિ ।
અત્તના અકતં પાપં અત્તના વ વિસુજ્ઝતિ ।
સુદ્ધી અસુદ્ધી પચ્ચત્તં નાઽઞ-ઞો અઞ-ઞં વિસોધયે ।। ૯

અત્તદત્થં પરત્થેન બહુનાઽપિ ન હાપયે ।
અત્તદત્થમભિઞ-ઞાય સદત્થપસુતો સિયા ।। ૧૦

[માણસ જો પોતાની જાતને વહાલી ગણતો હોય તો તેનું સારી રીતે જતન

---

* શ્રી માતાજીએ આ વર્ગનું મથાળું "The Ego" રાખ્યું છે.

કરવું જોઈએ. પોતાના અસ્તિત્વના ત્રણ જાગૃતિના પ્રહારોમાંથી એક પર સાધુ-પુરુષે ધ્યાન રાખવું જોઈએ. (૧) સૌ પ્રથમ તેણે સાચા માર્ગે પોતાની જાતને મૂકવી જોઈએ. પછી જ બીજાઓને તે શિખામણ આપી શકે. આ રીતે સાધુપુરુષ નિંદાથી પર થાય. (૨) બીજાઓને જે શિખામણ આપે તે પ્રમાણે જો તે આચરે તો તે પોતાનો પ્રભુ થાય અને અન્યને માર્ગદર્શન આપી શકે, કારણ કે, સાચી રીતે, પોતા પર પ્રભુત્વ મેળવવું અઘરું છે. (૩) પોતે જ પોતાનો નાથ છે. બીજો નાથ કોણ થઈ શકે? પોતાના પર પ્રભુત્વને લઈને દુષ્પ્રાય કાબૂ તે મળવે છે. (૪) જેમ મણિને કઠણ વજ્ર કાપી નાખે છે, તેમ પોતામાંથી ઉદ્‌ભવેલું, પોતે આચરેલું પાપ મૂર્ખને પીસી નાખે છે. (૫) જેમ શાલ નામના ઝાડ પર પથરાઈ ગયેલો માલુવા વેલો તેના નાશની ગરજ સારે છે, તેમ પોતાનાં દુષ્કૃત્યોમાં ફસાઈ ગયેલો માણસ શત્રુઓ તેને વિષે જે ઈચ્છે તે ઈજા પહોંચાડે છે. (૬) પોતાને ખરાબ કરવો અને ઈજા કરવી એ ઘણું સહેલું છે. પણ પોતાનું સારું કરવું અને પોતાનું હિત કરવું કેટલું કપરું છે! (૭) પોતાની કુમતિને લઈને અરહંતોના ધર્મને, આર્ય સિદ્ધોના ઉપદેશને જે અવગણે છે, તે પોતાનો વિનાશ નોતરે છે,-- જેમ વાંસનું ફળ પોતાનું જ આત્મઘાતી બને છે તેમ. (૮) પાપાચરણ પોતાને જ નુકસાન કરે છે. પાપ ત્યજ્યે પોતે શુદ્ધ થાય છે. પવિત્રતા અને અશુદ્ધિ આપણા પર નિર્ભર છે, કોઈ બીજાને શુદ્ધ કરી શકે નહિ. (૯) બીજાને અનુસરવા જતાં,— પછી તે ગમે તેટલો મહાન હોય,— કોઈએ પોતાનું પરમ કલ્યાણ અવગણવું નહિ. પોતાએ વર્તવાનો ઉત્તમ માર્ગ કયો છે તે સ્પષ્ટ જાણીને તેમાંથી ચલાયમાન થવું નહીં. (૧૦)]

અહીં જે પ્રશ્ન ઉપસ્થિત છે તે અહંના કરતાં અહંકાર વિષે વિશેષ છે.

અહંકારને સુધારવો એ પ્રમાણમાં વધુ સહેલું છે, કારણ કે એ શું છે એ સૌ કોઈ જાણે છે. તેને શોધવો, તેને સુધારવો એ સહેલું છે,— જો ખરેખર તેમ કરવા કોઈ ઈચ્છે તો, એમ કરવા તત્પર હોય તો.

પરંતુ અહં પકડવામાં આવવો ઘણું અઘરું છે. કારણ કે, ખરી રીતે, અહં શું છે તેની ઉપલબ્ધિ કરવા માટે માણસે તેનામાંથી બહાર નીકળી જવું જોઈએ, નહિ તો કોઈ તેને શોધી શકે નહીં. તમે પગથી માથા લગી, બહારથી અંતરતમ લગી, ભૌતિકથી આધ્યાત્મિક લગી તેનાથી જ ઘડાયેલા છો, એમાં નિમજ્જિત છો. બધી વસ્તુની સાથે તે ઓતપ્રોત છે અને એ શું છે તેની તમને ખબર નથી. અહં શું છે તેની ઉપલબ્ધિ કરવા ખાતર તમારે તેના પર વિજય મેળવવો જરૂરી છે, તેમાંથી બહાર નીકળી આવવું જરૂરી છે, તેમાંથી મુકત થઈ જવું જરૂરી છે,— કંઈ નહિ તો તમારી સત્‌તાના કોઈક ખૂણામાંથી આંશિક ભાવે પણ.

આપણને જે વૈશિષ્ટય અર્પે અને દિવ્ય થવામાં અટકાવે તે અહં. એ પ્રમાણે છે. એને એકસાથે મૂકો અને તમે અહંને શોધી શકશો. જગતની જે પ્રકારની રચના છે તે મુજબ અહં વગર વ્યકિત ન હોઈ શકે અને અહં હોય ત્યાં લગી જગત દિવ્ય ન બની શકે.

આને તર્કયુકત મૂકવું હોય તો આમ કહેવાય : "વારુ, સૌ પ્રથમ આપણે જાગ્રત વ્યકિતઓ થઈને અને પછી આપણે અહંને દેશપાર કરીશું, અને દિવ્ય થઈશું." એ તો જયારે આપણે જાગ્રત વ્યકિતઓ થઈશું, ત્યારે આપણે અહંયુકત રહેવા એટલા બધા ટેવાઈ ગયા હોઈશું કે આપણને તેની હયાતીનો ખ્યાલ સરખોય નહિ આવે, તેની હાજરી વિષે સભાન થવા માટે ઘણો બધો પ્રયત્ન જોઈશે.

એથી બીજી બાજુએ અહંકાર શું છે એ સઘળા જાણે છે. જયારે તમે બધી વસ્તુઓને તમારી તરફ ખેંચવા ઈચ્છો અને અન્ય કોઈમાં તમને રસ ન હોય ત્યારે એ થયો અહંકાર, જયારે તમે તમારી જાતને વિશ્વના કેન્દ્રમાં મૂકો અને બધી વસ્તુઓ તમારી સંબંધાર્થે જ અસ્તિત્વ ધરાવે છે એમ માનો, એ થયો અહંકાર. પરંતુ આ ખૂબ સ્પષ્ટ હોય છે; પોતે અહંકારી છે એમ ન દેખાવું એ એક અંધ અવસ્થા થઈ. પ્રત્યેક જણ વત્તોઓછો અહંકારી હોય છે, અને સામાન્ય રીતે અમુક પ્રમાણનો અહંકાર સ્વીકાર્ય છે. પરંતુ સામાન્ય જીવનમાં પણ કોઈ વધુ પડતો અહંકારી થાય છે તો તેને તેનો પ્રહાર સહેવો પડે છે; કારણ કે, પ્રત્યેક જણ અહંકારી હોવાથી અન્યમાં તેની હયાતી તેને ગમતી હોતી નથી.

આને સ્વીકારી લેવામાં જ આવે છે, લોકનીતિનો તે એક ભાગ બની જાય છે. હા, દરેકે સહેજસાજ અહંકારી થવું જ જોઈશે, વધુ પડતા નહિ — અને તેથી જ તે જણાઈ આવતો નથી! બીજી બાજુ કોઈ અહંની વાત કહેતું નથી, કારણ કે તેને કોઈ જાણતું નથી. એ એટલો બધો નિકટનો સાથી થઈ ગયો છે કે એની હયાતીને જ કોઈ માન્ય રાખતું નથી, અને છતાં જયાં લગી એ છે ત્યાં લગી દિવ્ય ચેતનાને કદાપિ નહિ પામી શકાય.

બીજાઓથી પોતે ભિન્ન છે એ ખ્યાલ અહંને લઈને આવે છે. જો અહં ન હોત તો તમે અન્ય સઘળાથી જુદી વ્યકિત છો એ જાણી ન શકત. એક સમગ્રના તમે નાના સરખા અંશ છો એવી છાપ લાગે — એક ખૂબ વિશાળ અખિલાઈના તમે એક ખૂબ મર્યાદિત અંશ છો, એમ. બીજી બાજુએ, તમારામાંનો પ્રત્યેક એક જુદી વ્યકિત છો એ વિષે તમે ચોક્કસ સચેત છો. એટલે તમને આ પ્રકારની છાપ આપનાર પેલો અહં છે. આ રીતે જયાં લગી તમે સજાગ હો ત્યાં

લગી તમારામાં અહં છે એમ માનવું.

જ્યારે તમારામાં સૂઝ પ્રગટતી જાય કે પ્રત્યેક વસ્તુ તમે પોતે છો, અને એક જ વ્યક્તિનાં ઘણાં બિંદુઓ, એવાં હજારો બિંદુઓની વચ્ચેનું તમે એક ખૂબ નાનકડું બિંદુ છો, અને તમે સર્વત્ર છો, જ્યારે તમને લાગે કે પ્રત્યકે વસ્તુમાં તમે પોતે રહ્યા છો, અને જુદાપણું કયાંય નથી, ત્યારે તમારે સમજવું કે અહં વિનાને માર્ગે તમે જઈ રહ્યા છો.

એક એવો સમય પણ આવે છે કે જ્યારે, "તે હું નથી" એવી ધારણા કરવી અશકય થઈ જાય છે; કારણ કે આ પ્રકારે તેને અભિવ્યકત કરવું, કહેવું કે બધું જ તમે છો, કે તમે જ બધું છો, અથવા તો, તમે દિવ્ય છો કે દિવ્ય તમે છો,— એ પુરવાર કરે છે કે હજી કંઈક રહી ગયું છે.

એક એવી પળ આવે છે — જોતજોતાંમાં એનો ચમકારો થાય છે અને ભાગ્યે જ ટકે છે — જ્યારે એ બધું જ વિચારે છે, એ બધું જ જાણે છે, એ બધું જ અનુભવે છે, એ બધું જ જીવે છે. એવી કોઈક નહીં.....એવી કોઈક છાપ સરખીય નહીં.....તમે એવા બિંદુએ પહોંચી ગયા હો છો.

પછી એ બરાબર છે. પરંતુ ત્યાં લગી અહંનો કોઈ અવશેષ હોય છે,— કયાંક ઘણું ખરું તે જોનારો એક ભાગ હોય છે,— જોનાર સાક્ષી.

તો તમારામાં અહં નથી એમ વિધાન કરો નહીં. એ બરાબર નથી. એમ કહો કે અહં ન હોય એ માર્ગે તમે જઈ રહ્યા છો; એમ કહેવું એ જ એકમાત્ર સાચું છે.

તમને આમ થયું છે એમ મને જણાતું નથી,— ખરું ને ? હજી લગી નહીં જ ! અને છતાં તે અનિવાર્ય છે, જો તમારે સાચે જ અતિમનસ શું છે તે જાણવું હોય તો. તમે જો અતિમાનવત્વના એક ઉમેદવાર હો તો તમારે અહંને પતાવી નાખવા નિર્ણય કરી લેવો જોઈએ, તેનાથી પર થઈ જવું જોઈએ; કારણ કે, જ્યાં લગી તમે તેને તમારી સાથે રાખશો ત્યાં લગી તમારે માટે અતિમનસ્ કંઈક અજ્ઞાત અને અગમ્ય રહેશે.

પરંતુ જો તમે પ્રયાસ કરીને નિયંત્રણ દ્વારા ક્રમશ: પ્રગતિશીલ પ્રભુત્વ દ્વારા તમે તમારા અહંને તમારી સત્તાના એક નાનામાં નાના અંશમાં પણ પાર કરી જઈ શકો, તો તમારામાં કયાંક એક નાની બારી ખૂલી જશે. અને એમાંથી ધ્યાનપૂર્વક જોશો તો અતિમનસની કંઈક ઝાંખી થઈ શકશે. એ વિષે તમને ખાતરી આપું છું. તમને એની ઝાંખી થશે તો એ એટલું બધું સુંદર લાગશે કે બીજું બધું જતું કરવા તમે તરત તત્પર થઈ જશો... અહં વિષેનું સઘળું !

પણ એક બાબત ધ્યાનમાં રાખો. હું તમને એમ નથી કહેતી કે અતિ-માનસિકતાની ઝાંખીને માટે તમારે અહંમાંથી સંપૂર્ણ મુકત થઈ જવું જોઈશે; એ તો અશકય જ છે. ના, ના, તેમાંથી મુકત થવું એટલે કયાંકના અલ્પાંશમાંથી સહેજ-સાજ, તમારા સત્‌તાના કોઈ એક ખૂણામાંથી; જો મન અને પ્રાણની વાત હોય તો ઘણું સારું. પરંતુ જો આકસ્મિક રીતે — અરે, એમ નહિ,— વારંવાર પ્રયાસ દ્વારા તમે જો તમારા ચૈત્ય પુરુષના સંપર્કમાં આવી ગયા, તો પછી બારણું ખૂલી ગયું એમ સમજો. એ ચૈત્ય સત્‌તા દ્વારા તમે એકાએક ખૂબ સ્પષ્ટ અને સુંદર રીતે અતિમનસ્‌ શું છે તેનું દર્શન કરી શકશો; માત્ર દર્શન, સાક્ષાત્કાર નહીં. એ એક મોટું કામ થઈ ગયું. પરંતુ આ પ્રકારના ચૈત્ય સત્‌તાના સાક્ષાત્કાર, આ સુંદર સાક્ષાત્કાર લગી ન જઈએ અને ધારો કે તમારાં મન કે પ્રાણના કોઈ એક ભાગને પણ મુકત કરવામાં સફળ થયા, તો, એને લઈને બારણામાં એક બાકોરું થશે, એક ચાવી લગાવવાનું છિદ્ર. અને એ છિદ્ર દ્વારા તમને ઝાંખી મળે, એક નાની સરખી ઝાંખી. અને એ પણ એક ઘણી આકર્ષક, ઘણી રસપ્રદ વાત થઈ.

—૨, મે, ૧૯૫૮

હીનં ધમ્મં ન સેવેય્ય પમાદેન ન સંવસે ।
મિચ્છાદિટ્ઠિં ન સેવેય્ય ન સિયા લોકવડ્ઢનો ।। ૧

ઉત્તિટ્ઠે નપ્પમજ્જેય્ય ધમ્મં સુચરિતં ચરે ।
ધમ્મચારી સુખં સેતિ અસ્મિં લોકે પરમ્હિ ચ ।। ૨

ધમ્મં ચરે સુચરિતં ન નં દુચ્ચરિતં ચરે ।
ધમ્મચારી સુખં સેતિ અસ્મિં લોકે પરમ્હિ ચ ।। ૩

યથા બુબ્બુલકં પસ્સે યથા પસ્સે મરીચિકં ।
એવં લોકં અવેક્ખન્તં મચ્ચુરાજા ન પસ્સતિ ।। ૪

એથ પસ્સથિમં લોકં ચિત્તં રાજરથૂપમં ।
યત્થ બાલા વિસીદન્તિ નત્થિ સંગો વિજાનતં ।। ૫

યો ચ પુબ્બે પમજ્જિત્વા પચ્છા સો નપ્પમજ્જતિ ।
સોમં લોકં પભાસેતિ અબ્ભા મુત્તો વ ચન્દિમા ।। ૬

યસ્સ પાપં કતં કમ્મં કુસલેન પિથીયતિ ।
સોમં લોકં પભાસેતિ અબ્ભા મુત્તો વ ચન્દિમા ।। ૭

અન્ધભૂતો અયં લોકો તનુકેત્થ વિપસ્સતિ ।
સકુન્તો જાલમુત્તો વ અપ્પો સગ્ગાય ગચ્છતિ ।। ૮

હંસાદિચ્ચપથે યન્તિ આકાસે યન્તિ ઇદ્ધિયા ।
નીયન્તિ ધીરા લોકમ્હા જેત્વા મારં સવાહનં ।। ૯

એકં ધમ્મં અતીતસ્સ મુસાવાદિસ્સ જન્તુનો ।
વિતિણ્ણપરલોકસ્સ નત્થિ પાપં અકારિયં ।। ૧૦

ન વે કદરિયા દેવલોકં વજન્તિ
બાલા હવે નપ્પસંસન્તિ દાનં ।
ધીરો ચ દાનં અનુમોદમાનો
તેનેવ સો હોતિ સુખી પરત્થ ।। ૧૧

પથવ્યા એકરજ્જેન સગ્ગસ્સ ગમનેન વા ।
સબ્બલોકાધિપચ્ચેન સોતાપત્તિફલં વરં ।। ૧૨

[પાપવૃત્તિનો આશ્રય ન લેવો, પ્રમાદ ન સેવવો, મિથ્યાદૃષ્ટિ ન રાખવી, સંસાર-પ્રપંચ વધે તેવી પ્રવૃત્તિ ન આદરવી. (૧) ઊઠો. ઉદાસીનતા હટાવી દો. ધર્મને અનુસરો. ધર્મ આચરનાર આ લોકમાં અને પરલોકમાં સુખ પામે છે. (૨) ધર્મ આચરો, પાપ આચરો નહિ. ધર્મ આચરનાર આ લોકમાં અને પરલોકમાં સુખ પામે છે. (૩) જે મનુષ્ય આ સંસારને એક પરપોટા સમાન કે ઝાંઝવાનાં જળ સમાન જુએ છે તેને યમ કંઈ કરી શકતો નથી. (૪) આવો, સંસારને રાજાના એક ઝગમગતા રથ તરીકે જુઓ : એ મૂર્ખને આકર્ષે છે. ખરું જોતાં એમાં મુગ્ધ થવા જેવું કશું નથી. (૫) જે મનુષ્ય પ્રથમ પ્રમાદ કરીને પાછળથી જાગ્રત થઈ જાય છે તે, વાદળમાંથી છૂટા પડેલા ચંદ્રની માફક પોતાના તેજથી આ લોકને પ્રકાશિત કરે છે. (૬) જેનાં કુશળ કર્મો પાપ કર્મોને ભૂંસી નાખે છે તેવો મનુષ્ય, વાદળમાંથી છૂટા પડેલા ચંદ્રની માફક, પોતાના તેજથી આ લોકને પ્રકાશિત કરે છે. (૭) સંસાર અંધકારમાં સપડાયેલો છે. થોડાક જ જાળમાંથી છટકી ગયેલા પંખીની જેમ પોતાના સ્વર્ગીય માર્ગ પ્રત્યે ઊડી શકે છે. (૮) હંસો સૂર્યને માર્ગે જાય છે. પરમહંસ યોગીઓ પોતાની રિદ્ધિ-સિદ્ધિ વડે ગગનમાં ઊડે છે. ધીર પુરુષો માર અને તેની સેનાને હરાવીને નિર્વાણને પામે છે. (૯) જે પોતે સ્વીકારેલા એક સત્ય ધર્મને તજી દે છે એવા ખોટાબોલા તથા પરલોકની દરકાર નહીં રાખનારા મનુષ્યને એક પણ પાપ અસંભવિત નથી. (૧૦) કૃપણ લોકો સ્વર્ગે જતા નથી, મૂર્ખ લોકો દાનનો મહિમા જાણતા નથી. ધીર પુરુષ આપવાનું સમજે છે અને આ લોકમાં તેમ જ પરલોકમાં સુખી થાય છે. (૧૧) પૃથ્વી પર શાસન કરવાને બદલે, સ્વર્ગે જવાને બદલે, સર્વે લોકના સ્વામી થવાને બદલે, ઊર્ધ્વ પ્રવાહે જવું વધુ શ્રેયસ્કર છે. (૧૨)]

અહીં આપણને શિખામણની ચાર વાતો મળે છે, જે આપણા ધ્યાન માટે રાખું છું. "મનનો પ્રમાદ ન સેવો", "મિથ્યા દૃષ્ટિ ન રાખો"—દુર્ભાગ્યે દરેક વખતે મનુષ્ય આમ કરતો હોય છે. અને પછી, "ઊઠો. ઉદાસીનતા હટાવી દો."

સંસાર એવી રીતે રચાયો છે — કમસે કમ અત્યાર લગી તો ખરો, આપણે ઇચ્છીએ કે વધુ વખત માટે એવો ન રહે — કે, જે પ્રાકૃત માણસ છે તે જ્યારે વિચારોના સંપર્કમાં આવતો હોય છે ત્યારે આપમેળે હમેશાં ખોટા વિચારો પસંદ કરે છે.

અને જે બાળક ભણેલો નથી હોતો તે હમેશાં ખોટો સાથ પસંદ કરે છે. હું આ સતત અને નક્કર રીતે અનુભવું છું. જો તમે બાળકને કોઈ વિશિષ્ટ વાતાવરણમાં રાખો અને બહુ નાનપણથી તેનામાં તમે એ વિશિષ્ટ વાતાવરણ, એ વિશિષ્ટ પવિત્રતા, હળવે હળવે જામવા દો, તો ખોટી પસંદગી કરવાનું કદાચ ટાળી શકો. પરંતુ સંસાર જેવો છે તેવામાંથી બાળકને લઈ લો અને જ્યાં સારાં અને ખોટાં તત્ત્વો છે તેવા સમાજમાં મૂકો, તો તેને બગાડે, ખોટું શીખવાડે એવા તરફ વળી જશે, અર્થાત્ અકાળ સોબતમાં પડશે.

જે માણસમાં કોઈ બૌદ્ધિક સંસ્કાર નથી, તેને તમે જો આમતેમ મિશ્ર વિચારોમાંથી પસંદગી કરવાનું કહેશો તો તે કઢંગા વિચારો પસંદ કરશે; કારણ કે, શ્રી અરવિંદે આપણને જે જણાવ્યું છે તે મુજબ આ સંસાર જૂઠાણાનો, અજ્ઞાનનો, બનેલો છે. તેને માટે પ્રયાસની જરૂર છે, અભીપ્સા હોવી જરૂરી છે. જો આપણે નરસામાંથી સારાનો, ખરાબમાંથી સારા સંપર્કનો વિવેક કરવો હોય તો આપણી અંતરતમ સત્‌તાના સંપર્કમાં આવવું જોઈએ,—એ સંપર્ક જાગ્રત હોય, પ્રકાશિત હોય. તમે જો તમારી જાતને જવા દેશો તો તમે ખાડામાં પડશો.

બધું આમ છે; કારણ કે, સંસાર પર જે શાસન કરે છે — અરે ! આપણે ભૂતકાળનો પ્રયોગ કરીએ, જેથી કરીને તે સાચું ઠરે,— શાસન ચલાવતું હતું તે છે જૂઠ અને અજ્ઞાન.

ખરું જોતાં, આ પળ લગી તો એમ જ છે; એ વિષે ભ્રાંતિ રાખવાની જરૂર નથી. પરંતુ કદાચ એક મહાન તપસ્યા, એક મહાન જાગૃતિ વડે આપણે તેનું અન્યમાં ફેરવી શકીશું....જલદી (ફેરવી શકીશું) — એ "કદાચ" "જલદી"માં પરિણમે.

ચોક્કસ એક દિવસ એમ થશે, પણ આપણને જલદી જોઈએ છે; અને તેથી જ છેલ્લી બે ભલામણો મને ગમે છે : "ઊઠો. ઉદાસીનતાને ફેંકી દો."

—૯, મે, ૧૯૫૮

બુદ્ધ (બુદ્ધવર્ગ)

યસ્સ જિતં નાવજીયતિ જિતમસ્સ નો યાતિ કોચિ લોકે ।
તં બુદ્ધમનન્તગોચરં અપદં કેન પદેન નેસ્સથ ।। ૧

યસ્સ જાલિની વિભત્તિકા તણ્હા નત્થિ કુહિઞ્ચિ નેતવે ।
તં બુદ્ધમનન્તગોચરં અપદં કેન પદેન નેસ્સથ ।। ૨

યે ઝાનપસુતા ધીરા નેક્ખમ્મૂપસમે રતા ।
દેવા પિ તસં પિહયન્તિ સમ્બુદ્ધાનં સતીમતં ।। ૩

કિચ્છો મનુસ્સપટિલાભો કિચ્છં મચ્ચાન જીવિતં ।
કિચ્છં સદ્ધમ્મસવણં કિચ્છો બુદ્ધાનમુપ્પાદો ।। ૪

સબ્બપાપસ્સ અકરણં કુસલસ્સ ઉપસમ્પદા ।
સચિત્તપરિયોદપનં એતં બુદ્ધાન સાસનં ।। ૫

ખન્તી પરમં તપો તિતિક્ખા
નિબ્બાનં પરમં વદન્તિ બુદ્ધા ।
ન હિ પબ્બજિતો પરૂપઘાતી
સમણો હોતિ પરં વિહેઠયન્તો ।। ૬

અનૂપવાદો અનૂપઘાતો પાતિમોક્ખે ચ સંવરો ।
મત્તઞ્ઞુતા ચ ભત્તસ્મિં પન્તં ચ સયનાસનં ।
અધિચિત્તે ચ આયોગો એતં બુદ્ધાન સાસનં ।। ૭

ન કહાપણવસ્સેન તિત્તિ કામેસુ વિજ્જતિ ।
અપ્પસ્સાદા દુક્ખા કામા ઇતિ વિઞ્ઞાય પણ્ડિતો ।। ૮

અપિ દિબ્બેસુ કામેસુ રતિં સો નાધિગચ્છતિ ।
તણ્હક્ખયરતો હોતિ સમ્માસમ્બુદ્ધસાવકો ।। ૯

બહું વે સરણં યન્તિ પબ્બતાનિ વનાનિ ચ ।
આરામરુક્ખચેત્યાનિ મનુસ્સા ભયતજ્જિતા ।। ૧૦

નેતં ખો સરણં ખેમં નેતં સરણમુત્તમં ।
નેતં સરણમાગમ્મ સબ્બદુક્ખા પમુચ્ચતિ ।। ૧૧

યો ચ બુદ્ધં ચ ધમ્મં ચ સંઘં ચ સરણં ગતો ।
ચત્તારિ અરિયસચ્ચાનિ સમ્મપ્પઞ્ઞાય પસ્સતિ ।। ૧૨

દુક્ખં દુક્ખસમુપ્પાદં દુક્ખસ્સ ચ અતિક્કમં ।
અરિયં ચટ્ઠઙ્ગિકં મગ્ગં દુક્ખૂપસમગામિનં ।। ૧૩

એતં ખો સરણં ખેમં એતં સરણમુત્તમં ।
એતં સરણમાગમ્મ સબ્બદુક્ખા પમુચ્ચતિ ।। ૧૪

દુલ્લભો પુરિસાજઞ્ઞો ન સો સબ્બત્થ જાયતિ ।
યત્થ સો જાયતિ ધીરો તં કુલં સુખમેધતિ ।। ૧૫

સુખો બુદ્ધાનમુપ્પાદો સુખા સદ્ધમ્મદેસના ।
સુખા સંઘસ્સ સામગ્ગી સમગ્ગાનં તપો સુખો ।। ૧૬

પૂજારહે પૂજયતો બુદ્ધે યદિ વ સાવકે ।
પપઞ્ચસમતિક્કન્તે તિણ્ણસોકપરિદ્દવે ।। ૧૭

તે તાદિસે પૂજયતો નિબ્બુતે અકુતોભયે ।
ન સક્કા પુઞ્ઞં સઙ્ખાતું ઇમેત્તમિતિ કેનચિ ।। ૧૮

[જેમનો વિજય કદાપિ કોઈથી ઓળંગાયો નથી અથવા તો તેમની સરખામણીમાં મૂકી શકાય તેમ નથી, એવા અમર્યાદ જ્ઞાનવાળા, પ્રબુદ્ધ, જેઓ અનંતમાં નિવસે છે, તેમની તરફ કયો માર્ગ દોરી જાય ? (૧) જેમનામાં નથી લોભ, નથી કામના, એમને શું આડે રસ્તે લઈ જઈ શકે ? એવા અમર્યાદ જ્ઞાનવાળા, પ્રબુદ્ધ, જેઓ અનંતમાં નિવસે છે, તેમની તરફ કયો માર્ગ દોરી જાય? (૨) જેઓ ધ્યાનમગ્ન છે, ધીર છે, અને પ્રપંચમાંથી છૂટીને કર્મરહિત બનીને એકાંતમાં આનંદથી જીવે છે, તેવા જાગ્રતની દેવો પણ સ્પૃહા કરે છે. (૩) માનવ-જન્મ પામવો કઠિન છે, મરણને વશ રહેલાનું જીવવું કઠિન છે, સત્ ધર્મનું શ્રવણ કઠિન છે અને બુદ્ધ પુરુષોનું અવતરવું કઠિન છે. (૪) પાપથી દૂર રહો, કુશળ કર્મ કરો, મનને શુદ્ધ રાખો, એ બુદ્ધોની શિખામણ છે. (૫) બધી પ્રકારની તપસ્યાઓમાં ધીરજ ઉત્તમ તપ છે; સઘળી અવસ્થાઓમાં નિર્વાણ પૂર્ણ અવસ્થા છે,— એમ બુદ્ધો જણાવે છે. બીજાઓને આઘાત કરે તે ભિક્ષુ ન ગણાય, બીજાઓને ઉપદ્રવ કરે તે સાચો તપસ્વી ન ગણાય. (૬) કોઈ પ્રત્યે રોષ ન કરવો, કોઈનું બૂરું ન કરવું, ધર્મ પ્રમાણે આચરણ કરવું, ભોજનમાં મિત રહેવું, એકાંતમાં વસવું, ઉચ્ચતર ચેતનામાં નિમગ્ન રહેવું,— આ પ્રબુદ્ધોનો બોધ છે. (૧૭) સોનાનાં નાણાં વરસે તોય કામોપભોગ શમે નહિ, એ દુ:ખોનું મૂળ છે અને છીપે એવો નથી. એમ

સમજીને દિવ્ય કામભોગોમાં પણ પ્રબુદ્ધ પુરુષ રુચિ સેવતો નથી. બુદ્ધનો શિષ્ય —શ્રાવક—તૃષ્ણાના ક્ષયમાં રચોપચ્યો રહે છે. (૮, ૯) ભયત્રસ્ત મનુષ્યો પર્વતોમાં, વનોમાં, કુંજોમાં, મઠોમાં શરણ શોધે છે. પરંતુ એ બધાં આશ્રયસ્થાનો ક્ષેમકુશળ નથી, ત્યાં ગયે દુ:ખોમાંથી છુટાતું નથી. (૧૦, ૧૧) જે બુદ્ધને, સંઘને અને ધર્મને શરણે જાય છે, તે પોતાની સદ્‌બુદ્ધિ વડે ચાર આર્ય સત્યોને યથાર્થ જુએ છે. દુ:ખ, દુ:ખની ઉત્પત્તિનાં કારણો, દુ:ખને અટકાવવું અને તેનો માર્ગ — એવો તે માર્ગ આઠ અંગવાળો છે. (૧૨, ૧૩) ખરું જોતાં, આ જ એક આશ્રયસ્થાન છે, ઉત્તમ આશ્રયસ્થાન છે. એનો આશરો પસંદ કરવો એટલે બધાં દુ:ખોમાંથી મુક્તિ મેળવવી. (૧૪) આવો ધીર પ્રબુદ્ધ મળવો વિરલ છે. એ જ્યાંત્યાં જન્મતો નથી. તે જ્યાં જન્મે છે, તેની આસપાસનાં સુખે જીવે છે. (૧૫) બુદ્ધોનો જન્મ ધન્ય છે, ધર્મબોધને ધન્ય છે. સંઘની સંગતિને ધન્ય છે, સુસંવાદી શિસ્તને ધન્ય છે. (૧૬) જેઓ પ્રપંચોની પાર ગયેલા છે, શોક અને મહાશોકને પાર કરી ગયા છે, તેવા પૂજાને પાત્ર બુદ્ધ પુરુષો હોય કે તેમના શ્રાવકો હોય; અથવા જેઓ નિર્વાણને પામેલા છે, જેઓ સર્વત્ર નિર્ભય છે તેવા પૂજાને પાત્ર બુદ્ધ પુરુષો હોય કે તેમના શ્રાવકો હોય, તેમની જેઓ પૂજા કરે તેમનું પુણ્ય અમાપ હોય છે. (૧૭, ૧૮)]

આપણે અહીં ચાર સત્યો અને **અષ્ટાંગ માર્ગ*** જે દુ:ખનો નાશ કરનારાં છે તે વિષે બૌદ્ધ શાસ્ત્રો પ્રમાણે વિચારીએ :

ચાર આર્ય સત્યો આ પ્રમાણે છે :

(૧) જીવન, જે સામાન્યપણે અજ્ઞાન અને જૂઠ પર રચાયેલું છે, તે દુ:ખની સાથે હમેશને માટે સંકળાયેલું છે : દેહનું દુ:ખ અને મનનું દુ:ખ.

(૨) આ દુ:ખનું કારણ તૃષ્ણા છે. જીવનની ભિન્નતાને લઈને અજ્ઞાનને કારણે તે ઉત્પન્ન થાય છે.

(૩) આ દુ:ખને ટાળી શકાય એમ છે, તેનો અંત લાવી શકાય એમ છે.

(૪) આ પ્રકારની મુક્તિ (અથવા નિર્વાણ) અષ્ટાંગ માર્ગના અનુસરણથી મેળવી શકાય છે, જે ક્રમશ: મનને અજ્ઞાનમાંથી શુદ્ધ કરતા જાય છે. ચોથું સત્ય અષ્ટાંગ માર્ગની પ્રક્રિયા રૂપે ગણાય છે.

---

* આ આઠ અંગો આ પ્રમાણે છે : સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ, સમ્યક્ સમાધિ. (અનુવાદક)

આર્ય માર્ગ નીચેની આઠ ભૂમિકાઓના નિયંત્રણથી બનેલી છે :

(૧) સમ્યક્ દૃષ્ટિ : વસ્તુઓ જેવી છે તેવી જોવી, એટલે કે શુદ્ધ, સચોટ, ઉત્તમ દૃષ્ટિ.

અસ્તિત્વનાં ત્રણ લક્ષણો છે : દુ:ખ, અનિત્યતા, દૃઢ મૂળ અહંનો અભાવ. આમ ધમ્મપદ કહે છે. પરંતુ એ પ્રમાણે નથી. મનોવૈજ્ઞાનિક સંકલનમાં કોઈ દૃઢ, ચિરસ્થાયી અને ભિન્ન વ્યકિતત્વનો અભાવ, વૈયકિતક ચેતનામાં સાચા સાતત્યનો અભાવ,— એમ છે. દાખલા તરીકે, આને લઈને સામાન્ય અવસ્થામાં કોઈ પોતાના અતીત જન્મોનું સ્મરણ રાખી શકતો નથી, અથવા તો સમગ્ર જીવન સંકુલમાં સજાગ સાતત્યનું ભાન હોતું નથી.

આથી પ્રથમ વાત છે સાચી રીતે જોવું,— એટલે સામાન્યપણે જીવનની સાથે દુ:ખ જોડાયેલું હોય છે, બધી વસ્તુઓ અનિત્ય છે, અને વ્યકિતગત ચેતનામાં સાતત્ય નથી એમ શુદ્ધ રીતે જોવું તે.

(૨) **સમ્યક્ હેતુ વા ઇચ્છા** : પરંતુ "ઇચ્છા" (કે કામના) વપરાયો હોવો ન જોઈએ, કારણ કે આપણને જણાવવામાં આવ્યું છે કે આપણામાં ઇચ્છા નહીં હોવી જોઈએ. ખરું જોતાં એ "સાચી અભીપ્સા" હોવી જોઈએ. 'ઇચ્છા'ને બદલે 'અભીપ્સા' શબ્દ રાખવો જોઈએ.

"આસકિતઓમાંથી મુકત થવું અને અસ્તિત્વ ધરાવતી દરેક વસ્તુ તરફ ભલા વિચારો સેવવા." નિરંતર ભલાપણાની—સારાપણાની અવસ્થા જાળવી રાખવી. હમેશાં સૌને માટે સારામાં સારું ઇચ્છવું.

(૩) **સમ્યક્ વાણી** (કોઈને પીડા ન કરે તેવી): બિનજરૂરી કદાપિ બોલવું નહિ. દુ:ખ કે અપકારક વાણીને ધ્યાનપૂર્વક ટાળવી.

(૪) **સમ્યક્ વર્તન: શાંત, પ્રામાણિક**: બધી રીતે, માત્ર ભૌતિક રીતે નહિ, પણ નૈતિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ, માનસિક પ્રામાણિકતા પ્રાપ્ત કરવી એ એક ઘણી અઘરી વસ્તુ છે.

(૫) **સમ્યક્ આજીવ** (આજીવિકા ચલાવવી) : કોઈને, કોઈ પણ પ્રાણીને પીડા કે ભય ન થાય તેવું વર્તન. આ સમજવું પ્રમાણમાં સહેલું છે. કેટલાક એવા હોય છે, જેઓ આ મુદ્દાનો અતિરેક કરે છે, સામાન્ય બુદ્ધિથી વિરુદ્ધ જઈને : દાખલા તરીકે, જેઓ પોતાના મોં પર રૂમાલ ઢાંકે છે, જેથી કરીને જંતુઓ મોંમાં પેસી

ન જાય, જીવજંતુ ચગદાઈ ન જાય માટે જેઓ રસ્તે ચાલતાં રસ્તો વળાઈ જાય એવું સાધન રાખે છે. મને આ કંઈક વધારે પડતું લાગે છે; કારણ કે, અત્યારે જે પ્રકારનું જીવન છે તે આખુંય સંહારક છે. પરંતુ જો તમે પાઠને સમ્યક્ ભાવે સમજો તો એમ અર્થ નીકળે કે કંઈ પણ ઈજા ન થાય એવી શકયતાને ટાળવી જોઈએ, જાણીબૂજીને કોઈ પણ પ્રાણીને ભયમાં ન મૂકવું. અહીં સઘળાં જીવતાં પ્રાણીઓનો સમાવેશ કરવો જોઈએ; અને જો તમે વિશ્વનાં સઘળાં પ્રાણીઓ લગી તમારી સંભાળ અને માયાળુપણાને વિસ્તારી શકો, તો તમારા આંતરિક વિકાસમાં એ ઘણું અનુકૂળ થશે.

(૬) **સમ્યક્ પ્રયત્ન** (વ્યાયામ): નકામી વસ્તુઓને માટે નિરર્થક પ્રયત્ન કરો નહીં; ખરી રીતે, અજ્ઞાન પર વિજય મેળવવામાં તમારા સઘળા પ્રયાસની સઘળી શકિત જાળવી રાખો, જૂઠમાંથી તમારી જાતને મુકત કરો. એને તમારે વધારે પડતું કદાપિ નહીં કરી શકો.

(૭) **સમ્યક્ જાગૃતિ** (સ્મૃતિ): છઠ્ઠા અંગને આ વધુ દૃઢ બનાવે છે. તમારે સક્રિય અને જાગ્રત મન રાખવું જોઈએ. અડધી તન્દ્રાવસ્થામાં, અડધી અચેતન અવસ્થામાં રહેવું નહીં, જીવનમાં સામાન્યપણે તમે ગમે તે થાય એમ માનીને તમારી જાતને વહેતી મૂકો છો. પ્રત્યેક જણ આમ કરે છે. કોઈ કોઈ વાર સજાગ થઈ જાઓ ત્યારે તમને લાગે છે કે તમે તમારો સમય વેડફી નાખ્યો છે. પછી તમે ખૂબ પ્રયાસ કરવા મંડી પડો છો, અને વળી પાછા થોડા સમય પછી પાછા પડી જાઓ છો, સુસ્ત થઈ જાઓ છો. ભલે જે કાંઈ હોય તે ઉગ્ર ઓછું હોય, પણ તે નિરંતર હોય.

(૮) **સમ્યક્ સમાધિ**: વસ્તુઓના તત્ત્વ પર, અંતરતમ સત્ય પર અને પ્રાપ્તવ્ય ધ્યેય પર નિરહંકાર વિચારની એકાગ્રતા.

જીવનના વહેણમાં કેટલીયે વાર ખાલીપણું (રિકતતા) આવી જાય છે. પરોવાયા વગરની પળો, કેટલીક મિનિટો, કોઈ વાર વધારે, અને પછી તમે શું કરો છો? તરત જ તમે વિચલિત થઈ જાઓ છો અને વખત ગાળવા કંઈક મૂર્ખામી કે એવું કંઈક શોધી કાઢો છો. આ રોજની રામાયણ છે. નાનાંથી મોટાં બધાંય કંટાળામાંથી બહાર નીકળી જવા પોતાનો ઘણો વખત ગાળે છે. કંટાળો—કલાન્તિ એમની મનપસંદ વિરકિત છે અને એમાંથી છૂટવા માટે મૂર્ખ રીતે કામ કરવાનું થાય છે.

વારુ, એના કરતાં એક વધુ સારો રસ્તો છે,— સ્મૃતિનો.

તમને જ્યારે થોડો વખત મળે, પછી તે એક કલાક હોય કે થોડીઘણી મિનિટો હોય,

ત્યારે તમારી જાતને આમ કહો : "આખરે એકાગ્ર થવાનો, મારી જાતને એકઠી કરવાનો મારા જીવનના હેતુને ફરીથી જીવવાનો, સત્યને અને શાશ્વતને મારી જાતને અર્પવાનો થોડો સમય મળ્યો છે." બહારના સંજોગોથી ત્રાસી ન જતા હો તેવા સમયમાં તમે જો આમ કરવાનું જારી રાખશો, તો તમે આ માર્ગે ઝડપથી આગળ વધશો. ગમે તેમ બોલબોલ કરવામાં, નકામી વસ્તુઓ કરવામાં, ચેતનાને નીચે લઈ જાય એવું વાંચવામાં — માત્ર ઉત્તમની પસંદગી કરવી, એથી વધારે ગંભીર બેવકૂફીઓની વાત કરતી નથી,— સમય બરબાદ કરવાને બદલે, તમારી જાતને બેશુદ્ધિમાં લઈ જવાને બદલે, સમયને બચાવવા — અને એ તો ઘણો ટૂંકો છે — અને વળી તમને જીવનને અંતે સમજાય કે ત્રણ ચતુર્થાંશ તકો તમે જતી કરી છે. એ દૃષ્ટિએ એથીયે ટૂંકો,— આમ થાય એટલે સમયને બેવડો, પણ એથી કાંઈ વળે નહીં,— તેના કરતાં મિતાહારી થવું, સમતોલ બનવું, ધીરજ રાખવી, શાંત રહેવું, પણ તમને મળતી તકને કદાપિ જતી કરવી નહીં; એટલે કે તમારી સામે જે કામ વગરની પળ હોય તેને સાચા હેતુમાં યોજવી.

તમારે જ્યારે કશું જ કરવાનું નથી હોતું, ત્યારે તમે બેચેન બની જાઓ છો, આમતેમ ભટકો છો, મિત્રોને મળો છો, ચાલવાનું કરો છો, અને આ બધું તો ઘણું સારું છે, જે દેખીતી રીતે કરવા જેવું નથી એનો અહીં ઉલ્લેખ કરતો નથી. તેને બદલે આકાશની સમક્ષ બેસી જાઓ, દરિયા પાસે કે ઝાડ તળે બેસો, જે શકય હોય તે પ્રમાણે (અહીં તમારે એ બધુંય છે) અને આમાંની એકાદ વસ્તુને આત્મસાત્ કરવા પ્રયાસ કરો : તમે કેમ જીવી રહ્યા છો તે સમજવા, કેમ જીવવું જોઈએ તે જાણવા, તમારે શું કરવું છે અને શું કરવું જોઈએ તે વિષે વિચારણા કરવા, તમે જે અજ્ઞાનમાં, જૂઠમાં, દુ:ખમાં, જીવી રહ્યા છો તેમાંથી છૂટવાને માટે કયો ઉત્તમ માર્ગ છે.

—૧૬, મે, ૧૯૫૮

સુખ (સુખવર્ગ)

સુસુખં વત જીવામ વેરિનેસુ અવેરિનો ।
વેરિનેસુ મનુસ્સેસુ વિહરામ અવેરિનો ।। ૧

સુસુખં વત જીવામ આતુરેસુ અનાતુરા ।
આતુરેસુ મનુસ્સેસુ વિહરામ અનાતુરા ।। ૨

સુસુખં વત જીવામ ઉસ્સુકેસુ અનુસ્સુકા ।
ઉસ્સુકેસુ મનસ્સેસુ વિહરામ અનુસ્સુકા ।। ૩

સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિઞ્ચનં ।
પીતિભક્ખા ભવિસ્સામ દેવા આભસ્સરા યથા ।। ૪

જયં વેરં પસવતિ દુક્ખં સેતિ પરાજિતો ।
ઉપસન્તો સુખં સેતિ હિત્વા જયપરાજયં ।। ૫

નત્થિ રાગસમો અગ્ગિ નત્થિ દોસસમો કલી ।
નત્થિ ખન્ધસમા દુક્ખા નત્થિ સન્તિપરં સુખં ।। ૬

જિઘચ્છાપરમા રોગા સઙ્ખારા પરમા દુખા ।
એતં ઞત્વા યથાભૂતં નિબ્બાનં પરમં સુખં ।। ૭

આરોગ્યપરમા લાભા સન્તુટ્ઠી પરમં ધનં ।
વિસ્સાસપરમા ઞાતિ નિબ્બાનં પરમં સુખં ।। ૮

પવિવેકરસં પીત્વા રસં ઉપસમસ્સ ચ ।
નિદ્દરો હોતિ નિપ્પાપો ધમ્મીપીતિરસં પિબં ।। ૯

સાધુ દસ્સનમરિયાનં સન્તિવાસો સદા સુખો ।
અદસ્સનેન બાલાનં નિચ્ચમેવ સુખી સિયા ।। ૧૦

બાલસઙ્ગતચારી હિ દીઘમદ્ધાન સોચતિ ।
દુક્ખો બાલેહિ સંવાસો અમિત્તેનેવ સબ્બદા ।
ધીરો ચ સુખસંવાસો ઞાતીનં વ સમાગમો ।। ૧૧

તસ્મા હિ

ધીરં ચ પઞ્ઞં ચ બહુસ્સુતં ચ
ધોરય્હસીલં વતવન્તમરિયં ।
તં તાદિસં સપ્પુરિસં સુમેધં
ભજેથ નક્ખત્તપથં વ ચન્દિમા ।। ૧૨

[વિરીઓની વચ્ચે અમે અવેરી થઈને સુખે જીવીએ છીએ, અમે વેરમાંથી મુકત થઈએ; જેઓ દુ:ખ ભોગવે છે તેમની વચ્ચે અમે દુ:ખ વગર સુખે જીવીએ છીએ, દુ:ખમાંથી અમે મુકત થઈએ. જેઓ લોભી છે તેમની વચ્ચે અમે લોભ વગર સુખે જીવીએ છીએ. લોભીઓની વચ્ચે અમે લોભમાંથી મુકત થઈએ. (૧,૨,૩) જેમનું કશું જ માલિકીનું નથી એવા અમે સાચે જ સુખી છીએ. જ્યોતિર્મય દેવતાઓની પેઠે અમે આનંદ પર નિર્ભર રહીશું. (૪) વિજય શત્રુતાને ઉત્તેજે છે અને જે પરાજય પામ્યો છે તે દુ ખમાં જીવે છે. શાંત માનવ હર્ષથી જીવે છે — વિજય અને પરાજયને વેગળા કરીને. (૫) આ સંસારમાં રાગ સમાન અગ્નિ નથી, દ્વેષ સમાન દુર્ભાગ્ય નથી, અસ્તિત્વના કરતાં મોટું દુ:ખ નથી, પરમ શાંતિ કરતાં મોટું સુખ નથી. (૬) ભૂખ એ કારમો રોગ છે, હયાતી મહાન આફત છે. જે આમ સમજ્યો છે તે પરમ સુખને પામે છે. (૭) નિરોગીપણું મોટામાં મોટો લાભ છે, સંતોષ મોટામાં મોટો ખજાનો છે. જેનામાં આપણો શ્વાસ હોય તે આપણું મોટામાં મોટું સગું છે. નિર્વાણ પરમ સુખ છે. (૮) એકાંતવાસ અને શાંતિનો રસ પીને ધર્મના પ્રેમરસને પીતો પીતો મનુષ્ય ડર અને પાપ વગરનો બની જાય છે. (૯) આર્ય પુરુષોનું દર્શન ઉત્તમ છે, તેમનો સહકાર સદા સુખકર છે. અજ્ઞાની મૂઢ જીવોથી દૂર રહો હમેશનું સુખ છે. (૧૦) જે મનુષ્ય અજ્ઞાની જીવોની સંગતે ચાલે છે તેને લાંબા સમય લગી શોક કરવાપણું રહે છે. ધીર પુરુષોની સાથેનો સહવાસ સગાંવહાલાંના સમાગમ જેવો સુખકર નીવડે છે. (૧૧) તો, જેમ ચંદ્રમા તારાઓના માર્ગને અનુસરે છે, તેમ મનુષ્યે ધીર પુરુષની સંગતિ સેવવી, સીધા, વિદ્વાન, પ્રજ્ઞાશીલ, વ્રત-નિયમ પાળનાર અને સત્પુરુષને અનુસરવું. (૧૨)]

ઉપરના શ્લોકોમાંનો એક ઘણો સરસ છે. આપણે એનો અનુવાદ આમ કરી શકીએ. "જેની પાસે કંઈ જ નથી તે સુખી છે. એ ઉજજવલ દેવતાઓના આનંદનો ભાગીદાર થશે." કંઈ પણ નહિ હોવું એનો અર્થ એમ નથી કે કશાયનો ઉપયોગ ન કરવો, પોતાની પાસે કશું જ ન રાખવું. "જેની પાસે કંઈ જ નથી તે સુખી છે;" તે એવી વ્યકિત છે જેનામાં માલિકીની ભાવના નથી, વસ્તુઓ હોય તો તેનો

ઉપયોગ કરી જાણે છે; કારણ કે એને ખબર છે કે એ એની નથી; અને એ જ કારણે જ્યારે એ ચાલી જાય છે ત્યારે શોક કરતો નથી. તેને ખબર છે અને એ સ્વાભાવિક ગણે છે કે જે પ્રભુએ આપ્યું છે તે અન્યના ઉપભોગની ખાતર લઈ શકે છે. આવો માણસ વસ્તુઓના ઉપયોગમાં તેમ જ તેમની ગેરહાજરીમાં એકસરખો આનંદ મેળવે છે. જ્યારે તમારા ઉપયોગ માટે આપવામાં આવે છે, ત્યારે તમે કૃપા-બક્ષિસ તરીકે સ્વીકારો છો, જ્યારે તમારી પાસેથી લઈ લેવામાં આવે છે ત્યારે તેમના અભાવનો આનંદ માણો છો. કારણ કે માલિકીની ભાવના તમારામાં વસ્તુઓનો વળગાડ ખડો કરે છે, તેમના ગુલામ બનાવે છે; નહિ તો, માણસ નિરંતર આનંદમાં રહી શકે અને વસ્તુઓ આવે અને જાય અને પસાર થાય એની સતત ગતિવિધિમાં જીવી શકે : હોય ત્યારે ભર્યા ભર્યાનો ભાવ માણે છે, જાય ત્યારે અનાસક્તિનો આનંદ માણે છે.

આનંદ! આનંદ એટલે સત્યમાં જીવવું, શાશ્વતના સમાગમના, સાચા જીવનમાં, સદાય નિરંતર પ્રકાશમાં જીવવું. આનંદ એટલે મુક્તિ, — સાચા સ્વાતંત્ર્યની મુક્તિ, દિવ્ય ઇચ્છાશક્તિના નિરંતર અપરિવર્તનશીલ ઐક્યનું સ્વાતંત્ર્ય.

દેવો એટલે જેઓ અમર હોય છે, જેઓ ભૌતિક જીવનની ચઢતીપડતીમાં, તેની સંકીર્ણતામાં, ક્ષુદ્રતામાં, અવાસ્તવિકતામાં, જૂઠમાં આબદ્ધ નથી તે.

પ્રકાશ પ્રત્યે વળેલા તે દેવો, જેઓ શક્તિમાં, જ્ઞાનમાં જીવે છે, એવો બુદ્ધનો અર્થ છે. ધર્મમાં જણાવેલા દેવોની એ વાત નથી કરતા. એ એવાં સત્ત્વો છે જેમની પ્રકૃતિ દિવ્ય હોય છે, જેઓ માનવદેહમાં રહે છતાં અજ્ઞાન અને જૂઠથી મુકત હોય.

જ્યારે તમે કષાયના માલિક નથી રહેતા, ત્યારે તમે વિશ્વના જેટલા વિશાળ બની શકો છો.

— ૨૩, મે, ૧૯૫૮

પ્રિયવૃત્તિ (પ્રિયવર્ગ)

અયોગે યુગ-જમત્તાનં યોગસ્મિં ચ અયોજયં ।
અત્થં હિત્વા પિયગ્ગાહી પિહેતઽત્તાનુયોગિનં ।। ૧

મા પિયેહિ સમાગઞ્છિ અપ્પિયેહિ કુદાચનં ।
પિયાનં અદસ્સનં દુક્ખં અપ્પિયાનં ચ દસ્સનં ।। ૨

તસ્મા પિયં ન કયિરાથ પિયાપાયો હિ પાપકો ।
ગન્થા તેસં ન વિજ્જન્તિ યેસં નત્થિ પિયાપ્પિયં ।। ૩

પિયતો જાયતી સોકો પિયતો જાયતી ભયં ।
પિયતો વિપ્પમુત્તસ્સ નત્થિ સોકો કુતો ભયં ।। ૪

પેમતો જાયતી સોકો પેમતો જાયતી ભયં ।
પેમતો વિપ્પમુત્તસ્સ નત્થિ સોકો કુતો ભયં ।। ૫

રતિયા જાયતી સોકો રતિયા જાયતી ભયં ।
રતિયા વિપ્પમુત્તસ્સ નત્થિ સોકો કુતો ભયં ।। ૬

કામતો જાયતી સોકો કામતો જાયતી ભયં ।
કામતો વિપ્પમુત્તસ્સ નત્થિ સોકો કુતો ભયં ।। ૭

તણ્હાય જાયતી સોકો તણ્હાય જાયતી ભયં ।
તણ્હાય વિપ્પમુત્તસ્સ નત્થિ સોકો કુતો ભયં ।। ૮

સીલદસ્સનસમ્પન્નં ધમ્મટ્ઠં સચ્ચવેદિનં ।
અત્તનો કમ્મ કુબ્બાનં તં જનો કુરુતે પિયં ।। ૯

છન્દજાતો અનક્ખાતે મનસા ચ ફુટો સિયા ।
કામેસુ ચ અપ્પટિબદ્ધચિત્તો ઉદ્ધંસોતો તિ વુચ્ચતિ ।। ૧૦

ચિરપ્પવાસિં પુરિસં દૂરતો સોત્થિમાગતં ।
ઞાતિમિત્તા સુહજ્જા ચ અભિનન્દન્તિ આગતં ।। ૧૧

તથેવ કલ્યુઞ્ઞં પિ અસ્મા લોકા પરં ગતં ।
પુઞ્ઞાનિ પટિગણ્હન્તિ પિયં ઞાતિ વ આગતં ।। ૧૨

[જે અયોગ્ય પ્રવૃત્તિમાં પોતાને જોડે છે અને ઉચિત પ્રવૃત્તિમાં જોડતો નથી, જે માત્ર પ્રિયવૃત્તિની તુષ્ટિને ખાતર સાચા જ્ઞાનને (લક્ષ્યને) ત્યજે છે, તે, જેઓએ આત્મજ્ઞાનનો માર્ગ પસંદ કર્યો હોય છે, તેમના પ્રત્યે અદેખાઈ કરે છે. (૧) આથી પ્રિયવૃત્તિની પાછળ જાઓ નહીં, અને જે અરુચિકર છે તે પ્રત્યે તો નહીં જ. કારણ કે, પ્રિયનો અભાવ દુ:ખદ છે, અને અરુચિકર જોવાથી એટલું જ દુ:ખ થાય છે. (૨) તેથી કોઈ પર પ્રિયવૃત્તિ રાખો નહીં. પ્રિય માનેલી વસ્તુનો વિયોગ દુ:ખદ નીવડે છે. જેમને કંઈ પ્રિય નથી હોતું કે અપ્રિય નથી હોતું, તેમને બંધન રહેતું નથી. (૩) જે પ્રિય છે તે દુ:ખ ઊપજાવે છે, જે પ્રિય છે તે ભય ઊપજાવે છે. જેને નથી કંઈ પ્રિય, નથી કંઈ અપ્રિય, તેને ભય શાનો ? (૪) સ્નેહ દુ:ખ ઊપજાવે છે, સ્નેહમાંથી ભય જન્મે છે. જેનામાં નથી સ્નેહ, નથી દુ:ખ, તેને ભય શાનો ? (૫) આસક્તિ (કામનાની રતિ) શોક ઊપજાવે છે. આસક્તિમાંથી ભય જન્મે છે. જેનામાં નથી આસક્તિ, નથી શોક, તેને ભય શાનો ? (૬) કામના શોક ઊપજાવે છે, કામનામાંથી ભય જન્મે છે. જેનામાં નથી કામના, નથી શોક, તેને ભય શાનો ? (૭) તૃષ્ણાને લઈને શોક ઊપજે છે. તૃષ્ણામાંથી ભય જન્મે છે. જે તૃષ્ણાથી મુકત છે, જેને શોક નથી, તેને ભય શાનો ? (૯) જે શીલવાળો છે, જ્ઞાનવાન છે, ધર્મમાં નિષ્ઠ છે, સત્યવાદી છે, પોતાનું કર્તવ્ય બજાવે છે,— તે લોકોને વહાલો લાગે છે. (૧૦) જે અવર્ણનીય શાંતિનો અભીપ્સુ છે, જેનું મન પ્રબુદ્ધ છે, જેના વિચારો કામનાની જળમાં ગૂંથાઈ ગયેલા નથી, તેને "ઊર્ધ્વ સ્ત્રોત"* કહે છે. (૧૦) જેમ લાંબા પ્રવાસેથી, ઘણે દૂરથી ક્ષેમકુશળ પોતાને સ્થાને પાછા ફરેલા મનુષ્યને, તેનાં સગાંવહાલાં, મિત્રો સત્કારે છે, તેમ જે મનુષ્ય સદ્‌વર્તન કરીને આ લોકમાંથી પરલોકમાં જાય છે, તેનું, તેણે કરેલાં પુણ્યકર્મો સગાંવહાલાંની જેમ સ્વાગત કરે છે. (૧૧—૧૨)]

મને હમેશાં લાગે છે કે ડાહ્યા થવાને માટેનાં જે કારણો સામાન્યપણે આપવામાં આવે છે તે ફિક્કાં છે. "આમ ન કરો, નહિ તો દુ:ખી થશો. તેમ ન કરો, નહિ તો તમારામાં ભય જન્મશે."... આમ ચેતના વધુ ને વધુ શુષ્ક થતી જાય છે, કઠણ બની જાય છે; કારણ કે તેને દુ:ખનો ભય છે, વ્યથાનો ભય છે.

મને લાગે છે કે એમ કહેવું વધુ ઠીક જણાશે કે ચેતનાની એક એવી સ્થિતિ હોય છે — જેને મનુષ્ય અભીપ્સા તેમ જ સતત આંતર પ્રયત્નથી

---

* જેનો પ્રવાહ ઉપર તરફ વહે તે ઊર્ધ્વસ્રોત. તે પુન: દુનિયામાં પાછો ફરતો નથી. (અનુવાદક)

પ્રાપ્ત કરી શકે છે — જેમાં આનંદ સેળભેળ વગરનો છે, પ્રકાશ પડછાયા વગરનો હોય છે, જ્યાં ભયની સઘળી શકયતા અદૃશ્ય થઈ જાય છે, એ એવી સ્થિતિ હોય છે, જ્યાં માણસ પોતાને ખાતર જીવતો નથી હોતો, જ્યાં તે જે કંઈ કરે છે, જે કંઈ લાગણી અનુભવે છે, જ્યાં તે બધું, સઘળાં જ્યાં હલનચલન પરમને કરાયેલું અર્પણ બને છે,— નિરપેક્ષભાવે થયેલું. તેની સઘળી જવાબદારીમાંથી તે મુકત થાય છે, તેનો સઘળો ભાર તેમને ચરણે ધરી દે છે,— અને પછી એ ભાર પણ રહેતો નથી.

પોતાને શિરે કોઈ પણ જવાબદારી ન રાખવી, પોતાને વિષે કંઈ જ વિચારવું નહીં, એ એક અભિવ્યકત ન થઈ શકે તેવો આનંદ છે. પોતાને વિષે વિચાર્યા કરવું,— શું કરવું શું ન કરવું, તમારે માટે શું સારું, શું ખોટું, શાને છોડી દેવું, શાને અનુસરવું,— એ એટલું કંટાળાજનક, નીરસ અને લુખ્ખું હોય છે,— અરે, કેવું કષ્ટપ્રદ તે હોય છે! પરંતુ જ્યારે મનુષ્ય સાવ ખુલ્લો થઈને જીવે છે; પરમ ચેતના, પરમ પ્રજ્ઞા, પરમ પ્રકાશ, પરમ પ્રેમની સમક્ષ સૂર્યના પ્રકાશમાં ખીલતા પુષ્પની જેમ જીવે છે, — જે બધું જાણે છે, બધું કરી શકે છે, જે તમારો કબજો લઈ લે છે અને પછી તમારે કશી ફિકર ચિંતા રહેતી નથી, — આ એક આદર્શ અવસ્થા છે.

પણ એમ કેમ થતું નથી!

કોઈ એને વિષે વિચારતું નથી, તેમ કરવાનું ભૂલી જાય છે; જૂની ટેવો પાછી આવે છે. અને સૌથી વધારે તો, પાછળ, કયાંક અવચેતનામાં કે અર્ધચેતનામાં છૂપેલો પેલો ઠગારો સંશય હોય છે, જે તમારા કાનમાં કહે છે,-"અરે! તમે સાવધ નહિ રહો તો દુર્ભાગ્યમાં સપડાઈ જશો. તમારી જાત પર દેખરેખ નહીં રાખો, શું બનશે એ કોણ કહી શકે!"... અને તમે એવા મૂર્ખ, એવા તો મૂર્ખ, એવા ધૂંધળા, એવા બેવકૂફ થઈ જાઓ છો કે તમે તે સાંભળો છો, અને તમારી જાત પ્રત્યે ધ્યાન આપો છો. અને પછી બધું જ હતું — ન હતું થઈ જાય છે.

તમારે બધું પુનશ્ચ હરિ ઓમ્ કરવાનું રહે છે, તમારા કોષોમાં સહેજ ડહાપણ, સહેજ સહજ બુદ્ધિ ફૂંકવાનાં રહે છે, અને ફિકર-ચિંતા નહિ કરવાનો પાઠ ફરી ભણવાનો રહે છે.

—૩૦, મે, ૧૯૫૮

કોધ (કોધવર્ગ)

કોધં જહે વિપ્પજહેય્ય માનં સંયોજનં સબ્બમતિક્કમેય્ય ।
તં નામરૂપસ્મિં અસજ્જમાનં અકિઞ્ચનં નાનુપતન્તિ દુક્ખા ।। ૧

યો વે ઉપ્પતિતં કોધં રથં ભન્તં વ ધારયે ।
તમહં સારથિં બ્રૂમિ રસ્મિગ્ગાહો ઇતરો જનો ।। ૨

અક્કોધેન જિને કોધં અસાધું સાધુના જિને ।
જિને કદરિયં દાનેન સચ્ચેન અલીકવાદિનં ।। ૩

સચ્ચં ભણે ન કુજ્ઝેય્ય દજ્જાઽપ્પસ્મિં પિ યાચિતો ।
એતેહિ તીહિ ઠાનેહિ ગચ્છે દેવાન સન્તિકે ।। ૪

અહિંસકા યે મુનયો નિચ્ચં કાયેન સંવુતા ।
તે યન્તિ અચ્ચુતં ઠાનં યત્થ ગન્ત્વા ન સોચરે ।। ૫

સદા જાગરમાનાનં અહોરત્તાનુસિક્ખિનં ।
નિબ્બાનં અધિમુત્તાનં અત્થં ગચ્છન્તિ આસવા ।। ૬

પોરાણમેતં અતુલ નેતં અજ્જત્તાનામિવ ।
નિન્દન્તિ તુણ્હીમાસીનં નિન્દન્તિ બહુભાણિનં ।
મિતભાણિનં પિ નિન્દન્તિ નત્થિ લોકે અનિન્દિતો ।। ૭

ન ચાહુ ન ચ ભવિસ્સતિ ન ચેતરહિ વિજ્જતિ ।
એકન્તં નિન્દિતો પોસો એકન્તં વા પસંસિતો ।। ૮

યં ચે વિઞ્ઞૂ પસંસન્તિ અનુવિચ્ચ સુવે સુવે ।
અચ્છિદ્દવુત્તિં મેધાવિં પઞ્ઞાસીલસમાહિતં ।। ૯

નેક્ખં જમ્બોનદસ્સેવ કો તં નિન્દિતુમરહતિ ।
દેવા પિ નં પસંસન્તિ બ્રહ્મુના પિ પસંસિતો ।। ૧૦

કાયપ્પકોપં રક્ખેય્ય કાયેન સંવુતો સિયા ।
કાયદુચ્ચરિતં હિત્વા કાયેન સુચરિતં ચરે ।। ૧૧

વચીપકોપં રક્ખેય્ય વાચાય સંવુતો સિયા ।
વચીદુચ્ચરિતં હિત્વા વાચાય સુચરિતં ચરે ।। ૧૨

મનોપકોપં રક્ખેય્ય મનસા સંવુતો સિયા ।
મનોદુચ્ચરિતં હિત્વા મનસા સુચરિતં ચરે ।। ૧૩

કાયેન સંવુતા ધીરા અથો વાચાય સંવુતા ।
મનસા સંવુતા ધીરા તે વે સુપરિસંવુતા ।। ૧૪

[ક્રોધને છોડી દો. અહંકારને દૂર કરો. તમામ બંધનો તોડી નાખો. જે નામ ને રૂપમાં આસકત નથી, જેનું કશું જ નથી, તે દુ:ખોમાંથી ઊગરી જાય છે. (૧) તોફાને ચઢેલા રથની પેઠે ઉછાળા મારતા ક્રોધને કાબૂમાં રાખી શકે તે જ ખરો સારથિ છે. બાકીના બધા ખાલી રાશને પકડનારા ગણાય. (૨) અક્રોધ વડે ક્રોધને જીતવો, સાધુતા વડે અસાધુતાને જીતવી, દાન વડે કંજૂસાઈને જીતવી, સત્ય વડે અસત્યવાદીને જીતવો. (૩) સાચું બોલવું, ક્રોધ ન કરવો, કોઈ માગે તો થોડામાંથી પણ આપવું,—આ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ વડે દેવો પાસે પહોંચી શકાય છે. (૪) જે મુનિઓ અહિંસક હોય છે, શરીરને સદા સંયમમાં રાખે છે, તેઓ જ્યાં શોક નથી એવી અવિનાશી સ્થિતિને પામે છે. (૫) સદા જાગનારા, રાતદિવસ આત્મ-શુદ્ધિને માટે અભ્યાસી અને નિર્વાણમાં શ્રદ્ધા રાખનારા હમેશને માટે દોષોમાંથી મુકત થાય છે. (૬) હે અતુલ! આ વાત પુરાણ કાળની છે, આજકાલની નથી કે મૂંગા બેસી રહેનારાને, બહુ બોલનારાને અને ઓછું બોલનારાને પણ લોકો નિંદે છે. જગતમાં કોઈ અનિંદિત નથી. (૭) એવો કોઈ પુરુષ સંસારમાં થયો નથી, થનારો નથી, અને હમણાં છે પણ નહિ, જ લોકોમાં કેવળ નિંદાપાત્ર કે કેવળ પ્રશંસાપાત્ર બન્યો હોય. (૮) ડાહ્યા પુરુષો વિશેષ વિચારીને જેની દરરોજ પ્રશંસા કરે છે એવા દોષ વગરના મતિમંત અને પ્રજ્ઞા અને શીલથી યુકત એવા, ઉત્તમ પ્રકારના સોનામાંથી બનાવેલી સોનામહોર જેવા, એ પુરુષની નિંદા કોણ કરી શકે ? એવા ઉત્તમ પુરુષની તો દેવો અને ખુદ બ્રહ્મા પણ પ્રશંસા કરે છે. (૯, ૧૦) કાયાને દુષ્ટ પ્રવૃત્તિઓમાં જતી રોકો, સંયમમાં આણો—તેને ઠેકાણે સારાં આચરણોમાં પ્રેરો. (૧૧) દુષ્ટ પ્રવૃત્તિઓ તરફ જતી વાણીને રોકો, સંયમિત કરો—એને ઠેકાણે સારાં વચનો તરફ પ્રેરો. (૧૨) દુષ્ટ પ્રવૃત્તિઓ તરફ જતા મનને રોકો, સંયમમાં આણો—એને ઠેકાણે સારા સંકલ્પો પ્રત્યે પ્રેરો. (૧૩) જે ધીર પુરુષ શરીરને, વાણીને અને મનને સંયમમાં રાખે છે, તેજ બધી બાજુથી સંયમમાં રહેલો ગણાય. (૧૪)]

હું સૂચવું છું કે તમારામાંના દરેકે—ભલે આખો વખત નહિ, પણ દરરોજ માત્ર એક કલાક—અત્યંત અનિવાર્ય ન જણાય તેવું કંઈ જ બોલવું નહિ. શબ્દ વધારેનો નહિ, ઓછો પણ નહિ.

તમારા જીવનનો એક કલાક લો, તમને જે સૌથી સગવડભરેલો લાગે તે;

અને એ સમય દરમિયાન તમારી જાતનું નિકટતાથી નિરીક્ષણ કરો, અને માત્ર અત્યંત જરૂરી શબ્દો જ ઉચ્ચારો.

શરૂઆતમાં પ્રથમ તો તમને એક મુશ્કેલી એ જણાશે કે કયું અત્યંત જરૂરી ગણવું, કયું નહીં. આ એક અભ્યાસ જ બની રહેશે અને દરરોજ તમે કંઈક સારું કરતાં રહેશો.

પછીથી તમને જણાશે કે જ્યાં લગી તમે કંઈ જ ન બોલો, ત્યાં લગી અત્યંત મૌન રહેતાં મુશ્કેલી નહિ જણાય; પણ જેવું તમે બોલવાનું શરૂ કર્યું તો પછી હમેશાં, અથવા લગભગ દરરોજ, તમે એવા બે કે ત્રણ કે દશ કે વીસ નકામા શબ્દો બોલશો, જે બોલવાની જરૂર બિલકુલ નહીં જણાય.

આવતા શુક્રવાર લગી તમને આ પ્રયોગ કરી જોવાનું કહું છું. તમે કેવા સફળ થાઓ છો તે જોઈશું. અઠવાડિયાને અંતે, શુક્રવારે, તમે મને એક ટૂંકી નોંધ આપશો. અને એમાં તમે કેટલા સફળ થયા તે જણાવશો. અલબત્ત, જેઓએ પ્રયત્ન કર્યો હોય તેમને માટે આ છે. બસ ત્યારે.

—૬, જૂન, ૧૯૫૮

મળ (મલવર્ગ)

પણ્ડુપલાસો વ દાનિ'સિ યમપુરિસા પિ ચ તં ઉપટ્ઠિતા ।
ઉય્યોગમુખ ચ તિટ્ઠસિ પાથેય્યં પિ ચ તે ન વિજ્જતિ ।। ૧

સો કરોહિ દીપમત્તનો ખિપ્પં વાયમ પણ્ડિતો ભવ ।
નિદ્ધન્તમલો અનઙ્ગણો દિબ્બં અરિયભૂમિમેહિસિ ।। ૨

ઉપનીતવયો ચ દાનિ'સિ સંપયાતો સિ યમસ્સ સન્તિકે ।
વાસો પિ ચ તે નત્થિ અન્તરા પાથેય્યં પિ ચ તે ન વિજ્જતિ ।। ૩

સો કરોહિ દીપમત્તનો ખિપ્પં વાયમ પણ્ડિતો ભવ ।
નિદ્ધન્તમલો અનઙ્ગણો ન પુન જાતિજરં ઉપહિસિ ।। ૪

અનુપુબ્બેન મેધાવી થોકં થોકં ખણે ખણે ।
કમ્મારો રજતસ્સેવ નિદ્ધમે મલમત્તનો ।। ૫

અયસા વ મલં સમુટ્ઠિતં તદુટ્ઠાય તમેવ ખાદતિ ।
એવં અતિધોનચારિનં સાનિ કમ્માનિ નયન્તિ દુગ્ગતિં । ૬

અસજ્ઝાયમલા મન્તા અનુટ્ઠાનમલા ઘરા ।
મલં વણ્ણસ્સ કોસજ્જં પમાદો રક્ખતો મલં ।। ૭

મલિત્થિયા દુચ્ચરિતં મચ્છેરં દદતો મલં ।
મલા વે પાપકા ધમ્મા અસ્મિં લોકે પરમ્હિ ચ । ૮

તતો મલા મલતરં અવિજ્જા પરમં મલં ।
એતં મલં પહત્વાન નિમ્મલા હોથ ભિક્ખવો ।। ૯

સુજીવં અહિરિકેન કાકસૂરેન ધંસિના ।
પિક્ખન્દિના પગબ્ભેન સંકિલિટ્ઠેન જીવિતં ।। ૧૦

હિરીમતા ચ દુજ્જીવં નિચ્ચં સુચિગવેસિના ।
અલીનેનપ્પગબ્ભેન સુદ્ધાજીવેન પસ્સતા ।। ૧૧

યો પાણમતિપાતેતિ મુસાવાદં ચ ભાસતિ ।
લોકે અદિન્નં આદિયતિ પરદારં ચ ગચ્છતિ ।। ૧૨

સુરામેરયપાનં ચ યો નરો અનુયુઞ્જતિ ।
ઈધેવમેસો લોકસ્મિં મૂલં ખણતિ અત્તનો ।। ૧૩

એવં ભો પુરિસ જાનાહિ પાપધમ્મા અસઞ્ઞતા ।
મા તં લોભો અધમ્મો ચ ચિરં દુક્ખાય રન્ધયું ।। ૧૪

દદાતિ વે યથાસદ્ધં યથાપસાદનં જનો ।
તત્થ યો મંકુ ભવતિ પરેસં પાનભોજને ।।
ન સો દિવા વા રત્તિં વા સમાધિમધિગચ્છતિ ।। ૧૫

યસ્સ ચેતં સમુચ્છિન્નં મૂલઘચ્ચં સમૂહતં ।
સ વે દિવા વા રત્તિં વા સમાધિમધિગચ્છતિ ।। ૧૬

નત્થિ રાગસમો અગ્ગિ નત્થિ દોસસમો ગહો ।
નત્થિ મોહસમં જાલં નત્થિ તણ્હાસમા નદી ।। ૧૭

સુદસ્સં વજ્જમઞ્ઞેસં અત્તનો પન દુદ્દસં ।
પરેસં હિ સો વજ્જાનિ ઓપુનાતિ યથા ભુસં ।
અત્તનો પન છાદેતિ કલિં વ કિતવા સઠો ।। ૧૮

પરવજ્જાનુપસ્સિસ્સ નિચ્ચં ઉજ્ઝાનસઞ્ઞિનો ।
આસવા તસ્સ વડ્ઢન્તિ આરા સો આસવક્ખયા ।। ૧૯

આકાસે પદં નત્થિ સમણો નત્થિ બાહિરે ।
પપઞ્ચાભિરતા પજા નિપ્પપઞ્ચા તથાગતા ।। ૨૦

આકાસે પદં નત્થિ સમણો નત્થિ બાહિરે ।
સંખારા સસ્સતા નત્થિ નત્થિ બુદ્ધાનમિઞ્જિતં ।। ૨૧

[હમણાં તું ખાખરાનાં પીળાં પાંદડાં જેવો ફિક્કો પડી ગયો છે. યમના દૂતો પણ તને લઈ જવાને તારી પાસે આવીને ઊભા છે. તારી વિદાય વેળા આવી ચૂકી છે, પણ તારી પાસે ભાતુંબાતું કેમ નથી ? (૧) જલદીથી આત્માનો મજબૂત બેટ તૈયાર કર. સખત પ્રયાસ કર. વિવેકી થા. જ્યારે તું બધી મલિનતાઓમાંથી મુકત થઈશ ત્યારે તું દિવ્ય ધામમાં પ્રવેશ પામીશ. (૨) ગણ્યાગાંઠયા દિવસો છે, યમદેવની સમીપમાં છું. માર્ગે આરામનું સ્થળ નથી, મુસાફરીની ખર્ચી નથી. (૩) જલદીથી આત્માનો બેટ તૈયાર કર. સખત પ્રયાસ કર. વિવેકી થા. જ્યારે તું બધી મલિનતાઓમાંથી મુકત થઈશ, ત્યારે તારો પુનર્જન્મ નહિ થાય, તું જરાજીર્ણ નહિ થાય. (૪) જેમ સોની રૂપાને ધમીને તેની અંદરના મેલને કાઢી

નાખે છે, તેમ ક્રમે ક્રમે મેધાવી સાધક અંદરના મેલને કાઢી નાખે છે. (૫) લોઢામાંથી થયેલો કાટ લોઢામાં રહીને લોઢાને જ ખાઈ જાય છે; તેમ જે સાધક આત્માની શુદ્ધિને માર્ગે ચાલતો નથી તેને પોતાનાં દુષ્કર્મ ખાઈ જાય છે. (૬) વારંવાર આવર્તન ન કરવાથી મંત્રોની અસર ક્ષીણ થઈ જાય છે. ઘરની નક્કરતાને બેપરવાઈ હાનિ પહોંચાડે છે. શરીરના સૌન્દર્યને સુસ્તી ઝાંખું પાડે છે. ધ્યાનનો અભાવ સાધકનું પતન કરે છે. (૭) દુરાચરણ એ સ્ત્રીઓનું કલંક છે, અદેખાઈ દાનીનું કલંક છે, આ લોકમાં અને પરલોકમાં ખોટું વર્તન કલંક છે. સૌથી મોટું કલંક અજ્ઞાન (અવિદ્યા) છે. તો હે ભિક્ષુઓ, માત્ર આ કલંકને સાફ કરી નાખશો પછી બધાંયમાંથી મુકત થઈ જશો. (૮, ૯) જે નફટ છે, કાગડા જેવો નિર્લજજ છે, હલકો છે, ધૃષ્ટ છે, ધીટ છે, ભ્રષ્ટ છે, તેને માટે આ સંસારમાં જીવવું સહેલું છે. જે નમ્ર છે, પવિત્ર છે, અનાસકત છે, સરળ છે, ખરો ન્યાય આપનારો છે, તેને આ સંસારમાં જીવવું કઠિન છે. (૧૦, ૧૧) જે મનુષ્ય જીવોને મારે છે, ખોટું બોલે છે, ચોરી કરે છે, પરદારાગમન કરે છે, દારૂ પીએ છે, તે આ લોકમાં પોતાના આત્માનાં મૂળને ખોદે છે. (૧૨, ૧૩) પાપમય પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવો એ અઘરું જાણ. તૃષ્ણા અને દુષ્ટતા તને અનંત યાતનાઓનો દાસ ન બનાવે તે વિષે સાવધ થા. (૧૪) પ્રત્યેક જણ પોતાની શ્રદ્ધા કે રુચિ અનુસાર દાન કરે છે. બીજો માણસ અન્યને ખાવાપીવાનું આપે છે એ જોઈને દુ:ખી થાય, કોચવાય, તો રાતદિવસ એ અશાંત રહે છે. (૧૫) પરંતુ જે પોતામાં રહેલી આ પ્રકારની નારાજીનાં મૂળને નિર્મૂળ કરે છે, નષ્ટ કરે છે, તે રાતદિવસ શાંતિને પામે છે. (૧૬) તૃષ્ણાના અગ્નિ જેવો અગ્નિ નથી, દ્વેષ જેવી પનોતી નથી, મોહ સમી જાળ નથી, ઇચ્છા જેવો પ્રવાહ નથી. (૧૭) બીજાના દોષો જોવા એ સહેલું છે, પોતાની ત્રુટિઓ જોવી એ અઘરું છે. આપણે બીજાના દોષોને ભૂંસાની પેઠે ઊજાણી બનાવીએ છીએ, પણ આપણી ત્રુટિઓને, જેમ હારેલો જુગારી પોતાના અવળા દાવને ઢાંકી દે છે, તેમ ઢાંકીએ છીએ. (૧૮) જે અન્યના દોષોને બતાવી આપે છે અને તેનાથી ચીડાઈ જાય છે, પણ પોતાનામાંથી મુકત થતો નથી, તે પોતાનાં પાપ વધાર્યે જાય છે. (૧૯) આકાશમાં કોઈ ચીલો હોતો નથી, તેમ કોઈ શ્રમણ સાચા માર્ગની બહાર સાંપડતો નથી. મનુષ્ય પ્રપંચમાં રાચે છે. તથાગતો,* આવી બધી અટકાયતોને ઓળંગી ગયા હોય છે. કોઈ પ્રતિબદ્ધ વસ્તુઓ ટકતી નથી. બુદ્ધો હમેશાં અવિચલિત રહે છે. (૨૦, ૨૧)

---

* પરંપરા પ્રમાણે શાશ્વત સત્યને ખોલી બતાવવાને બુદ્ધોનું પૃથ્વી પર આગમન હોય છે.

વાણી પર સંયમ રાખવા વિષેની તમારી નોંધો વાંચી ગઈ છું. કેટલાકે ખૂબ ગંભીરતાથી પ્રયત્ન કર્યો છે. પરિણામથી ખુશ થઈ છું. મને લાગે છે કે આમ ચાલુ રાખશો તો દરેકને લાભ થશે.

કોઈએ મને લખ્યું છે તે સાચું છે : એક વાર શરૂ કર્યું પછી બંધ કરવાનું કોઈ કારણ હોતું નથી. શરૂશરૂમાં દરરોજ એક કલાક કામ આપે, પણ પછી તે એક પ્રકારની અનિવાર્યતા થઈ જાય, એક ટેવ થઈ જાય અને પછી સહજ ભાવે તે ચાલુ રહે.

તમારા પ્રયત્નનું આ પરિણામ હોય તો તે અત્યંત સરસ ગણાય.

આજે સાંજે મેં જે વાંચ્યું છે તેમાંથી આપણે પણ મુદ્દાઓ તારવી શકીએ. પહેલું તો એ કે તમારે પરિણામ જોઈતું હોય તો તમે જે કરતા હો તે ખંતથી ચાલુ રાખવું. દાખલા તરીકે, ધમ્મપદ આપણને જણાવે છે કે તમે જો મંત્ર કરતા હો અને તેને પૂરતા પ્રમાણમાં જપતા ન હો તો તેનો કંઈ અર્થ સરતો નથી. અને તમે જો પૂરતું ધ્યાન ન આપતા હો તો જાગૃતિનો લાભ ગુમાવો છો અને તમે જો પ્રાપ્ત કરેલા સારા અભ્યાસ મુજબ ચાલુ ન રાખો તો તે નિરર્થક બને છે; અર્થાત્, તમારે ખંતથી ચાલુ રાખવું જોઈએ. દાખલા તરીકે, ગયે વખતે મેં તમને મનોયત્ન કરવા આપેલું. મેં તમને એ વિચારથી કરવા કહેલું કે જો તમને તે કરવાના અભ્યાસની ટેવ પડશે તો તેને લઈને તમારી મુશ્કેલીઓને ઓળંગી જવામાં તે સહાયભૂત થશે.

મને કોઈકે કહ્યું પણ હતું અને તે બરાબર હતું કે આ પ્રકારે અર્ધમૌન પાળવામાં, અથવા તો વાણી પર સંયમ મૂકવાથી માણસ પોતાના વર્તનમાં ઘણી બધી મુશ્કેલીઓ પર પ્રભુત્વ સ્વાભાવિક રીતે પ્રાપ્ત કરે છે; અને વળી ઘણી તકરારો અને ગેરસમજો દૂર કરે છે. એ બરાબર છે.

આપણે જે વાંચ્યું તેમાં બીજો મુદ્દો છે મળને વિષેનો અને ધમ્મપદ એમાં દુર્ભાવ અને ખોટા વર્તનને વિષે જણાવે છે. એનો પાઠ જણાવે છે કે ખોટું વર્તન આ સંસારમાં તેમ જ અન્ય લોકોમાં એક દોષ છે. બીજા શ્લોકમાં જણાવે છે કે અજ્ઞાનના સિવાય બીજો મોટો કોઈ મળ નથી; એટલે કે અજ્ઞાન એક અતિ મૂળગામી મુખ્ય દોષ છે, એને બને તેટલો જલદી સુધારવાની જરૂર છે. જેને આપણે અજ્ઞાન કહીએ છીએ એ માત્ર વસ્તુઓને ન જાણવી એ નથી, અથવા તો વસ્તુઓની ઉપરછલ્લી માહિતી ન હોવી એ નથી; આપણા અસ્તિત્વનું મૂળ કારણ ભૂલી જવું, જે સત્યને શોધવાનું છે, એવો એનો અર્થ થાય.

અને ત્રીજું શું હતું ?... હા, તમારે જો સીધે માર્ગે જવું હોય, તમે જો વિનયી હો, તમારે જો પવિત્રતા જાળવવી હોય, તમને જો રસ ન હોય, તમારી ઈચ્છા એકાંત જીવન ગાળવાની હોય, સ્પષ્ટ ન્યાય તોળવાની હોય, — તો તમારે એવો ભ્રમ નહિ સેવવો કે બધું સહેલું છે. ... ખરી વાત એથી ઊલટી છે ! તમે જ્યારે આંતરિક તેમ જ આત્મ પૂર્ણતા તરફ જવા ગતિમાન થાઓ છો ત્યારે મુશ્કેલીઓ પણ સાથે સાથે શરૂ થશે.

મેં ઘણી વાર લોકોને કહેતા સાંભળ્યા છે : "અરે ! હવે જેવો હું સારો થવાનો પ્રયત્ન કરી રહ્યો છું, તેવું પ્રત્યેક જણ મને બૂરો જણાતો જાય છે." પરંતુ તમને ચોક્કસપણે પાઠ આપવાને આમ હોય છે કે માણસે કોઈ સ્વાર્થ-યુકત હેતુથી સારા થવાનું નથી, બીજા તમારા પ્રત્યે સારા થાય એ હેતુથી સારા થવાનું નથી — સારા થવાની ખાતર સારા બનવું જોઈએ.

આ એક જ બોધ છે: માણસે જેટલું સારું થઈ શકે તેટલું કરવું, થઈ શકે તેટલું ઉત્તમ કરવું, પણ ફળની અપેક્ષા ન રાખવી, ફળના દૃષ્ટિબિંદુથી કર્યા વિના. આ પ્રકારનો મનોભાવ, કે સારા કામનો સારો બદલો ઈચ્છવો — સારા થવું, કારણ કે તેમ કર્યે જીવન સહેલાઈથી પસાર થાય, — આ પ્રકારનો મનોભાવ સદ્‌કાર્યનું સઘળું મહત્ત્વ ગુમાવે છે.

તમારે સારા થવાના પ્રેમને કારણે સારા થવું જોઈએ, ન્યાયના પ્રેમને કારણે ન્યાયી થવું જોઈએ, પવિત્રતાના પ્રેમને કારણે પવિત્ર થવું જોઈએ, નિષ્કામ થવાના પ્રેમને કારણે નિષ્કામ થવું જોઈએ. એમ થશે તો તમે માર્ગે ચોકકસ આગળ વધી શકશો.

—૧૩, જૂન, ૧૯૫૮

ધમ્મટ્ઠ (ધર્મસ્થવર્ગ)

ન તેન હોતિ ધમટ્ઠો યેનડત્થં સહસા નયે ।
યો ચ અત્થં અનત્થં ચ ઉભો નિચ્છેય્ય પણ્ડિતો ।। ૧

અસાહસેન ધમ્મેન સમેન નયતી પરે ।
ધમ્મસ્સ ગુત્તો મેધાવી ધમ્મટ્ઠો તિ પવુચ્ચતિ ।। ૨

ન તેન પણ્ડિતો હોતિ યાવતા બહુ ભાસતિ ।
ખેમી અવેરી અભયો પણ્ડિતો તિ પવુચ્ચતિ ।। ૩

ન તાવતા ધમ્મધરો યાવતા બહુ ભાસતિ ।
યો ચ અપ્પં પિ સુત્વાન ધમ્મં કાયેન પસ્સતિ ।
સ વે ધમ્મધરો હોતિ યો ધમ્મં નપ્પમજ્જતિ ।। ૪

ન તેન થેરો સો હોતિ યેનડ્સ્સ ફલિતં સિરો ।
પરિપક્કો વયો તસ્સ મોઘજિણ્ણો તિ વુચ્ચતિ ।। ૫

યમ્હિ સચ્ચં ચ ધમ્મો ચ અહિંસા સંયમો દમો ।
સ વે વન્તમલો ધીરો સો થરો તિ પવુચ્ચતિ ।। ૬

ન વાક્કરણમત્તેન વણ્ણપોક્ખરતાય વા ।
સાધુરૂપો નરો હોતિ ઈસ્સુકી મચ્છરી સઠો ।। ૭

યસ્સ ચેતં સમુચ્છિન્નં મૂલઘચ્ચં સમૂહતં ।
સ વન્તદોસો મેધાવી સાધુરૂપો તિ વુચ્ચતિ ।। ૮

ન મુણ્ડકેન સમણો અબ્બતો અલિકં ભણં ।
ઇચ્છાલોભસમાપન્નો સમણો કિં ભવિસ્સતિ ।। ૯

યો ચ સમેતિ પાપાનિ અણું થૂલાનિ સબ્બસો ।
સમિતત્તા હિ પાપાનં સમણો તિ પવુચ્ચતિ ।। ૧૦

ન તેન ભિક્ખુ સો હોતિ યાવતા ભિક્ખતે પરે ।
વિસ્સં ધમ્મં સમાદાય ભિક્ખુ હોતિ ન તાવતા ।। ૧૧

યો'ધં પુઞ્ઞ-ઞ-ં ચ પાપં ચ બાહેત્વા બ્રહ્મચરિયવા ।
સંખાય લોકે ચરતિ સ વે ભિક્ખૂ તિ વુચ્ચતિ ।। ૧૨

ન મોનેન મુની હોતિ મૂળ્હરૂપો અવિદ્દસુ ।
યો ચ તુલં વ પગ્ગય્હ વરમાદાય પણ્ડિતો ।। ૧૩

પાપાનિ પરિવજ્જેતિ સ મુની તેન સો મુની ।
યો મુનાતિ ઉભો લોકે મુની તેન પવુચ્ચતિ ।। ૧૪

ન તેન અરિયો હોતિ યેન પાણાનિ હિંસતિ ।
અહિંસા સબ્બપાણાનં અરિયો તિ પવુચ્ચતિ ।। ૧૫

ન સીલબ્બતમત્તેન બાહુસચ્ચેન વા પુન ।
અથવા સમાધિલાભેન વિવિત્તસયનેન વા ।। ૧૬

ફુસામિ નેક્ખમ્મસુખં અપુથુજ્જનસેવિતં ।
ભિક્ખુ વિસ્સાસમાપાદિ અપ્પત્તો આસવક્ખયં ।। ૧૭

[જો કોઈ વગર વિચાર્યે ફેંસલો આપી દે તો તે મનુષ્ય ધર્મસ્થ–ન્યાયી ન કહેવાય. ધર્મસ્થ એ કહેવાય જે ન્યાયની સાથે સુસંગત છે કે વિસંગત એનો વિવેક કરી શકે, જે કાયદો અને ન્યાયની નીતિ મુજબ પૂર્ણ જ્ઞાન-પૂર્વક બીજાનો ન્યાય તોળી શકે. કાયદાનો આવો સંરક્ષક ધર્મસ્થ ગણાય. (૧, ૨) જે માણસ બોલ બોલ કર્યા કરે તેને પ્રાજ્ઞ ન કહી શકાય. જે માયાળુ હોય, મૈત્રીભાવ રાખતો હોય, નિર્ભય હોય, તેને પ્રાજ્ઞ કહેવાય. (૩) બહુ બોલ-વાથી ધર્મભાવ ટકાવી રાખી શકાય નહીં. જે માણસ થોડોઘણો પણ ધર્મ-સિદ્ધાંતનો અભ્યાસ કરે છે, અને માનસિક રીતે તેને આત્મસાત્ કર્યો હોય છે, તે જ તેને ટકાવી શકે છે. તેના વિષે તે પ્રમાદ કરતો નથી. (૪) માથે પળિયાં આવે એટલાથી માત્ર તેને સ્થવિર (ઠરેલો) ન કહી શકાય. એ ઉંમરમાં પાકટ ગણાય, પણ કૃતાર્થતા વિના તે વૃદ્ધત્વ પામ્યો છે એમ કહેવાય. (૫) સ્થવિર એટલે જેનામાં સત્ય હોય, સંયમગુણ હોય, અહિંસા હોય, આત્મપ્રભુત્વ હોય, સઘળા મળથી રહિત હોય, પ્રજ્ઞાવાન હોય. (૬) જે માણસ અદેખાઈ કરે, મત્સર સેવે, લુચ્ચાઈ કરે, બોલવામાં ચતુરાઈ બતાવે, મીઠાં વેણ બોલે, શરીરે વિશેષ રૂપાળો દેખાય, એટલા માત્રથી તે કાંઈ સારો ન ગણાય. જેનામાં — ઉપરના દોષો છેદાઈ ગયા હોય, મૂળથી ઊખડી ગયા હોય, તમામ દોષો જેણે કાઢી નાખ્યા છે, — તેવો સાધુપુરુષ સારો મનુષ્ય ગણાય. (૭, ૮) જે વ્રત-નિયમ રહિત હોય, અસત્યભાષી હોય, તે કાંઈ માથે મુંડન કરાવ્યે શ્રમણ ન થઈ શકે. લોભી અને લાલચુ શી રીતે શ્રમણ બની શકે ? (૯) નાનાં મોટાં સઘળાં પાપો જેણે ધોઈ નાખ્યાં છે તેને જ શ્રમણ કહી શકાય. (શ્રમણ, સમન-શમન) (૧૦) ભિક્ષા

માગવા માત્રથી માણસ ભિક્ષુ થઈ શકતો નથી. માત્ર ચિતાના જેવો દુર્ગંધી કે મેલા રહેવાના માર્ગને ગ્રહણ કરવાથી ('વિરસ' માર્ગ) ભિક્ષુ થઈ શકતો નથી. (૧૧) જેણે પુણ્ય અને પાપ બન્નેય વહેવડાવી નાખ્યાં હોય, જે શુદ્ધ હોય, જે સંસારમાં સમજ-પૂર્વક રહેતો હોય તેને જ ભિક્ષુ કહેવાય. (૧૨) જે માણસ પોતે મૂઢ હોય, અજ્ઞાની હોય, પણ માત્ર મૌન રાખતો હોય, તો એટલા માત્રથી તે મુનિ ન કહેવાય. પરંતુ પાપ અને પુણ્યને જે તોળી શકે — ત્રાજવામાં તોળવાની રીતે — અને પોતાની પસંદગી કરી શકે તેને 'મુનિ' કહી શકાય. (૧૩, ૧૪) જીવતાં પ્રાણીઓની હિંસા કરે તે 'આર્ય' નહીં. પ્રાણીમાત્ર પ્રત્યે અહિંસક રહે તે જ 'આર્ય' (૧૫) હે ભિક્ષુઓ! નીતિનિયમોનું પાલન કરવાથી, વિશાળ જ્ઞાનને લઈને, ધ્યાનનો અભ્યાસ કર્યે, એકાંત જીવન ગાળ્યે, અથવા તો "જગતમાં રહેનારાઓને અજ્ઞાત એવો નિર્વાણનો આનંદ હું પામ્યો છું," એમ કહો ભિક્ષુ થવાતું નથી. સર્વે ઇચ્છાઓ હોલવાઈ ન જાય ત્યાં લગી જાગતા રહો. (૧૬,૧૭)

આપણે છેલ્લો શ્લોક લઈએ. તે સરસ છે. એમાં "નીતિનિયમોનું પાલન કરવાથી, વિશાળ જ્ઞાનને લઈને, ધ્યાનનો અભ્યાસ કર્યે, એકાંત જીવન ગાળ્યે, અગર વિચાર કર્યે" સાચું સુખ મળતું નથી; એ તો ઇચ્છાઓને દૂર કર્યે પ્રાપ્ત થાય છે, — એમ કહ્યું જ છે. સાચે જ, બધી ઇચ્છાઓને દૂર કરવી એ સહેલું નથી, ઘણી વાર એમાં આખું જીવન ચાલ્યું જાય છે, પરંતુ સાચું કહીએ તો, તે એક ઘણો નકારાત્મક માર્ગ છે; જો કે વિકાસની અમુક અવસ્થાઓ એ પ્રકારનું નિયંત્રણ ઘણું જરૂરી હોય છે, અને જો પોતાની જાતને છેતરવી ન હોય તો આચરવાને અનિવાર્ય પણ છે. કારણ કે સૌ પ્રથમ આપણે મોટી મોટી ઇચ્છાઓને દૂર કરવાથી શરૂઆત કરીએ; એ બધી ખૂબ દેખીતી સ્પષ્ટ હોય છે, એ ઇચ્છાઓ તમને એટલી બધી સતાવતી હોય છે કે તમને તે વિષે કોઈ ભ્રાંતિ નથી હોતી. ત્યાર પછી આવે છે સૂક્ષ્મતર કામનાઓ, જે બધી કરવા જેવી વસ્તુઓનું સ્વરૂપ ધારણ કરીને રહેલી હોય છે. એ બધી આવશ્યક જણાય છે, કેટલીક વાર તો અંદરથી હુકમો કરતી હોય છે. એમને શોધી કાઢવી અને પરાભૂત કરવી એ સમય અને ઘણી સચ્ચાઈ માગી લે છે, અને આખરે તમને એમ લાગે કે આ પાર્થિવ જગતમાં, બહારની વસ્તુઓમાં, લાગણીની દુનિયામાં, ઊર્મિઓમાં અને ભાવનાઓમાં, વિચારો રૂપે રહેલા મનોમય જગતમાં રહેલી દુષ્ટ ઇચ્છાઓનું કામ જાણે કે પતી ગયું છે; અને આગળ જતાં અધ્યાત્મ-જગતમાં પાછી ફરી તેમને જુઓ છો. અહીં એ બધી ઘણી બધી ભયંકર બને છે, વધુ સૂક્ષ્મ બને છે, વધુ આરપાર ઊતરી ગયેલી હોય છે, વધુ અદૃશ્ય થઈ જાય છે,— અને સંતપણાનો બુરખો ઓઢીને એવી

આવે છે કે તમે એમને ઇચ્છાઓ કહેવાની ધૃષ્ટતા કરી શકો નહીં.

અને જ્યારે તમે એમને પરાભૂત કરવામાં સફળ નીવડવા; તેમને શોધી કાઢી, હાંકી કાઢીને, તેમનાથી છૂટયા, તોય આ કામની માત્ર નિષેધાત્મક બાજુ થઈ ગણાય.

બુદ્ધે કહ્યું હતું અથવા કહેતા હતા એમ જણાવ્યું છે કે જ્યારે કોઈ વ્યકિત સઘળી ઇચ્છાઓથી મુકત થઈ જાય, ત્યારે અનિવાર્યપણે તે અનંત આનંદમાં પ્રવેશે છે. આ આનંદ કદાચ થોડો શુષ્ક હોય; ગમે તેમ પણ મને તે ઝડપી માર્ગ લાગતો નથી.

શરૂથી ધારો કે કોઈ આ આખા પ્રશ્નને એક સામટો ઝડપી લે અને તેમાં હિંમતપૂર્વક અને નિર્ણય સાથે કૂદી પડે, અને ધારો કે ઇચ્છાઓનો એક લાંબો, કઠોર, દુ:ખદ અને નિરાશાજનક પીછો પકડવાનું બીડું ઝડપે, તેને બદલે, જો તે સરળતાથી, સમગ્રભાવે, બિનશરતીભાવે પરમ વાસ્તવિકતાને, પરમ તપ:-શકિતને, પરમ સત્‌તાને શરણે જાય, પોતાને પૂર્ણભાવે તેમને હસ્તક સોંપી દે — ગણતરી કર્યા વગર, પોતાની આખીય સત્‌તા અને એ સત્‌તાનાં તત્ત્વો સાથે ઉમંગભેર સોંપી દે,— તો એ રીતે અહંને દૂર કરવાનો ઝડપીમાં ઝડપી અને મૂળગામી માર્ગ બને. લોકો કહેશે કે એમ કરવું અઘરું થાય, પણ એમાં કંઈ નહિ તો એક ઉષ્મા રહી છે, એક ઉત્કટતા છે, એક ઉત્સાહ છે, એક પ્રકાશ છે, એક સૌન્દર્ય છે, એક પ્રચંડ સર્જનાત્મક જીવન છે.

એ વાત ખરી છે કે ઇચ્છા ન હોય તો અહંને ટકાવી રાખનારું વિશેષ કંઈ હોતું નથી; આપણને એમ લાગે છે કે ચેતના એટલી બધી કઠોર થઈ જાય છે કે જો અહં ધૂળભેળો થઈ ગયો, તો પછી પોતાની જાતનું પણ કંઈક ધૂળભેળું થઈ જાય છે, અને પછી વ્યકિત નિર્વાણમાં પ્રવેશવા તૈયાર થાય છે,— અને એ માત્ર સાવ સીધેસીધું ઉચ્છેદન ગણાય.

પરંતુ આપણે અહીં જે ખરા નિર્વાણને વિષે વિચારીએ છીએ એ અહંનું પરમના ગૌરવમાં અદૃશ્ય થવાપણું છે. અને આ માર્ગને હું ભાવાત્મક માર્ગ કહું છું. એમાં આત્માર્પણ પૂર્ણ, સમગ્ર, સુગઠિત, કંઈ રાખ્યા વગરનું, ગણતરી વિનાનું બને છે.

પોતાની જાતને વિષે વિચાર ન કરવો, પોતાનું નિરાળું અસ્તિત્વ ન હોવું, પોતાને ઉદ્‌દેશીને કશું જ ન હોવું, માત્ર જે પરમ ભાવે સુંદર હોય, પ્રકાશપૂર્ણ

હોય, આનંદસભર હોય, શકિતશાળી હોય, કરુણામય હોય, અનંત હોય, — એવી એક નક્કર સ્થિતિ માત્ર એટલી બધી ગભીર આનંદપૂર્ણ હોય છે કે તેની સાથે કશાને સરખાવી ન શકાય.

આ જ એક વસ્તુ કરવા જેવી છે..... પ્રયાસ માગી લે છે. બીજું બધું વખત પર નિર્ભર છે.

પર્વત પર ચઢવાની બે રીતો છે: એકમાં ગોળ ગોળ, ધીરે ધીરે, ક્રામિત થઈને, પા પગલી પા પગલી કરતાં સેંકડો વર્ષે પહોંચાય; અને બીજામાં અદૃષ્ટ પાંખો ફફડાવતાકને શિખર પર સીધા ઊડીને પહોંચવાની રીત !

—૨૦, જૂન, ૧૯૫૮

મગ્ગ (મગ્ગવગ્ગ)

મગ્ગાનટ્ઠઙ્ગિકો સેટ્ઠો સચ્ચાનં ચતુરો પદા ।
વિરાગો સેટ્ઠો ધમ્માનં દ્વિપદાનં ચ ચક્ખુમા ।। ૧

એસો વ મગ્ગો નત્થઞ્ઞ-ો દસ્સનસ્સ વિસુદ્ધિયા ।
એતં હિ તુમ્હે પટિપજ્જથ મારસ્સેતં પમોહનં ।। ૨

એતં હિ તુમ્હે પટિપન્ના દુક્ખસ્સન્તં કરિસ્સથ ।
અક્ખાતો વે મયા મગ્ગો અઞ્ઞ-ાય સલ્લકન્તનં ।। ૩

તુમ્હેહિ કિચ્ચં આતપ્પં અક્ખાતારો તથાગતા ।
પટિપન્ના પમોક્ખન્તિ ઝાયિનો મારબન્ધના ।। ૪

સબ્બે સંખારા અનિચ્ચા તિ યદા પઞ્ઞ-ાય પસ્સતિ ।
અથ નિબ્બિન્દતિ દુક્ખે એસ મગ્ગો વિસુદ્ધિયા ।। ૫

સબ્બે સંખારા દુક્ખા તિ યદા પઞ્ઞ-ાય પસ્સતિ ।
અથ નિબ્બિન્દતી દુક્ખે એસ મગ્ગો વિસુદ્ધિયા ।। ૬

સબ્બે ધમ્મા અનત્તા તિ યદા પઞ્ઞ-ાય પસ્સતિ ।
અથ નિબ્બિન્દતી દુક્ખે એસ મગ્ગો વિસુદ્ધિયા ।। ૭

ઉટ્ઠાનકાલમ્હિ અનુટ્ઠહાનો યુવા બલી આલસિયં ઉપેતો ।
સંસન્નસઙ્કપ્પમનો કુસીતો પઞ્ઞ-ાય મગ્ગં અલસો ન વિન્દતિ ।। ૮

વાચાનુરક્ખી મનસા સુસંવુતો કાયેન ચ અકુસલં ન કયિરા ।
એતે તયો કમ્મપથે વિસોધયે આરાધયે મગ્ગમિસિપ્પવેદિતં ।। ૯

યોગા વે જાયતી ભૂરિ અયોગા ભૂરિસઙ્ખયો ।
એતં દ્વેધાપથં ઞ-ત્વા ભવાય વિભવાય ચ ।।
તથઽત્તાનં નિવેસેય્ય યથા ભૂરિ પવડ્ઢતિ ।। ૧૦

વનં છિન્દથ મા રુક્ખં વનતો જાયતે ભયં ।
છેત્વા વનં ચ વનથં ચ નિબ્બના હોમ ભિક્ખવો ।। ૧૧

યાવ હિ વનથો ન છિજ્જતિ અણુમત્તો પિ નરસ્સ નારિસુ ।
પટિબદ્ધમનો વ તાવ સો વચ્છો ખીરપકો વ માતરિ ।। ૧૨

ઉચ્છિન્દ સિનેહમત્તનો કુમુદં સારદિકં વ પાણિના ।
સન્તિમગ્ગમેવ બ્રૂહય નિબ્બાનં સુગતેન દેસિતં ।। ૧૩

ઈધ વસ્સં વસિસ્સામિ ઈધ હેમન્તગિમ્હિસુ ।
ઈતિ બાલો વિચિન્તેતિ અન્તરાયં ન બુજ્ઝતિ ।। ૧૪

તં પુત્તપસુસમ્મતં વ્યાસત્તમનસં નરં ।
સુત્તં ગામં મહોઘો વ મચ્ચુ આદાય ગચ્છતિ ।। ૧૫

ન સન્તિ પુત્તા તાણાય ન પિતા ન પિ બન્ધવા ।
અન્તકેનાધિપન્નસ્સ નત્થિ ઞાતિસુ તાણતા ।। ૧૬

એતમત્થવસં ઞત્વા પણ્ડિતો સીલસંવુતો ।
નિબ્બાનગમનં મગ્ગં ખિપ્પમેવ વિસોધયે ।। ૧૭

[બધા માર્ગોમાં આઠ અંગવાળો માર્ગ (અષ્ટાંગ માર્ગ) ઉત્તમ છે. સઘળાં સત્યોમાં ચાર આર્યસત્યો ઉત્તમ છે. સઘળી અવસ્થાઓમાં આસકિત રહિત અવસ્થા ઉત્તમ છે. સૌ માનવીઓમાં તે એક દ્રષ્ટા, બુદ્ધ ઉત્તમ છે. (૧) સાચે, આ જ ખરો માર્ગ છે, દૃષ્ટિને વિશુદ્ધિ તરફ દોરી જનારો બીજો કોઈ નથી. આ માર્ગને અનુસરો અને માર ગભરાઈ જશે. (૨) આ માર્ગને અનુસરવાથી તમારાં દુ:ખ ચાલ્યાં જશે. આ માર્ગને મેં પ્રવર્તાવ્યો, કારણ કે, જીવના કાંટા કાઢવાનું હું શીખ્યો હતો. (૩) (એ માર્ગે) સાધના તો તમારે જ કરવાની છે. તથાગતો માત્ર માર્ગને ચીંધનારા છે. જેઓ ધ્યાન કરે છે અને આ માર્ગે જાય છે તેઓ મારનાં બંધનોમાંથી છૂટી જાય છે. (૪) "સઘળા સંસ્કારો* નાશવંત છે," એ જ્યારે પોતાની સમજથી ગળે ઊતરે છે ત્યારે દુ:ખોમાંથી મનુષ્ય મુકત થાય છે. આ વિશુદ્ધિનો માર્ગ છે. (૫) "સઘળા સંસ્કારો દુષ્ટરૂપ છે," એ જ્યારે પોતાની સમજથી ગળે ઊતરે છે. ત્યારે દુ:ખોથી નિર્વેદ પામે છે. આ વિશુદ્ધિનો ખરો માર્ગ છે. (૬) "સઘળા સંસ્કારો સત્ત્વહીન છે," (એટલે કામક્રોધાદિ ધર્મો, સ્વભાવો, અથવા તમામ દેખીતી વસ્તુઓ) એ જ્યારે પોતાની સમજથી ગળે ઊતરે છે ત્યારે દુ:ખોથી નિર્વેદ થાય છે. આ વિશુદ્ધિનો ખરો માર્ગ છે. (૭) જે સમર્થ યુવાન, પુરુષાર્થ કરવાને વખતે પુરુષાર્થ કરતો નથી અને આળસુ થઈને પડયો રહે છે, તથા પોતાના મનના સંસ્કારોમાં જ રચ્યોપચ્યો રહે છે, તે પ્રમાદી પોતાની બુદ્ધિથી માર્ગને પામી શકતો નથી. (૮) વાણીમાં સંયમ, મન પર કાબૂ અને સઘળાં દુષ્ટ

* અહીં 'સંસ્કાર' શબ્દ, કેટલીક વાર 'ધર્મ' શબ્દ, દુન્યવી તમામ પદાર્થોને સૂચવે છે. અંગ્રેજીમાં "Conditioned" કહી શકાય.

કર્મો ન કરવાં,—આ ત્રણ કાર્યના પ્રકારો પ્રથમ શુદ્ધ થાય અને ત્યાર પછી ઋષિઓએ ચીંધેલા માર્ગને મેળવી શકે. (૯) ધ્યાનમાંથી પ્રજ્ઞા જન્મે છે, ધ્યાન વગર પ્રજ્ઞાનો હ્રાસ થાય છે. પ્રગતિ અને અધોગતિ આ બંને માર્ગો જાણીને મનુષ્યે તેની પ્રજ્ઞા વધે—ખીલે એ માર્ગે જવું જોઈએ. (૧૦) માત્ર એક જ ઝાડને નહીં પણ આખા વનને (કામનાઓના, ઇચ્છાઓના) મૂળમાંથી છેદો, કારણ કે એ જ બધા ભયોનું મૂળ છે. આસપાસનાં ઘાસપાલો બધાં ઉખેડીને ફેંકી દો. હે ભિક્ષુઓ, એમાંથી મુકત થઈ જાઓ. (૧૧) જ્યાં લગી સ્ત્રી વિષેનો પુરુષનો આસકિતભાવ આણુ માત્ર પણ છેદાતો નથી, ત્યાં લગી જેમ વાછરડાનું મન માતામાં ચોંટયું રહે છે, તેમ એ કામનાવાળા પુરુષનું મન સ્ત્રીમાં જ રમ્યા કરે છે. (૧૨) શરદ ઋતુના કમળને જેમ પોતાને હાથે છેદી શકીએ તેમ આત્મ-રાગને છેદી નાખો. સુગતે (બુદ્ધે) જણાવેલા નિર્વાણની શાંતિના માર્ગનું જ જતન કરો. (૧૩) "હું અહીં ચોમાસામાં રહીશ, પણે શિયાળો કાઢીશ, અને બીજે કયાંક ઉનાળો ગાળીશ," એમ મૂઢ માન્યા કરે છે અને શું બનવાનું છે એ જાણતો નથી. (૧૪) આવા માણસો પોતાનાં બાળબચ્ચાંમાં ને પશુધનમાં રચ્યાપચ્યા રહેનારા, જેમ મોટું પૂર આવીને ઊંઘતા ગામ પર ફરી વળે છે, તેમ મૃત્યુથી ઘસડાઈ જાય છે. (૧૫) ન બાળકો, ન મા, ન બાપ, ન કુટુંબ બચાવી શકશે. મૃત્યુનો પંજો જોતજોતામાં ફરી વળશે. (૧૬) આમ સમજીને ડાહ્યા મનુષ્યે શીલ વડે પોતાને સંયમમાં રાખીને નિર્વાણને માર્ગે જવાની વિશુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ કરવી ઘટે. (૧૭)]

અહીં કેટલીક ઘણી ઉપયોગી ભલામણો કરવામાં આવી છે : વાણીમાં પરિમિતતા, મન પર કાબૂ, દુષ્ટ કર્મોમાંથી નિવૃત્તિ, આ બહુ સારું છે.

આ વળી કંઈક મહત્ત્વપૂર્ણ છે, પણ એ પણ સરસ છે : શ્લોક બારમા પ્રમાણે. અને છેલ્લે : આત્મરાગને છેદવાની વાત. આ બધા ધ્યાન માટે સારા વિષયો છે.

બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી જે લોકો માર્ગે જવાની શરૂઆત કરે છે તેમને માટે આ ભલામણો (સૂચનો) હોય એમ જણાય છે. આપણે સહેલાઈથી ગામડાના લોકોની સભા કલ્પી લઈએ. એ લોકોનાં મન ભોળાં હોય છે. તેમને આપણે આમ કહીએ : "ધ્યાનથી સાંભળો. યોજનાઓ કરવી નિરર્થક છે; કારણ કે, આવતી કાલે તમને શું થશે તે તમે જાણતા નથી. તમે ધન ભેગું કરો છો, તમારા કુટુંબમાં તમે લહેરથી રહો છો, આવતી કાલ માટે કે પછીના દિવસ માટે તમે યોજના (કાર્યક્રમ) ઘડો છો; તમને ખબર નથી કે મૃત્યુ ટપી રહ્યું છે, ગમે તે પળે તે આવી ચડે."

એ બધું હોવા છતાં, બૌદ્ધિક વિકાસની એવી એક કંઈક વધુ આગળ

વધેલી ભૂમિકા આવી લાગે છે, જેમાં આવી બધી વાતો કહેવાની જરૂર નથી જણાતી — એ પ્રમાણે જીવવું જોઈએ ! વિશ્વની પ્રગતિની સાથે તમારે પ્રગતિ કરવાની સ્વતંત્રતા જોઈતી હોય અને એક શાશ્વત લયની સાથે સાથે વિકસવું હોય, તો તમે એવી ચેતનામાં રહો. વસ્તુઓ સાવ અનિત્ય છે; કદાપિ આસકત થાઓ નહીં. આ સમજી શકાય એમ છે. પણ ખરી વાત એને આચરણમાં મૂકવાની છે. અહીં એવી છાપ ઊભી થાય છે કે પહેલાં તેમણે કદાપિ નહિ વિચારેલું એવું લોકોને કહેવામાં આવ્યું છે અને એથી એક સક્રિય શકિતની તેમનામાં પૂરી સત્તા હતી.

આખરે તો બધી દેખીતી વસ્તુઓ છતાં માનવજાતિ પ્રગતિ કરે છે; ખાસ કરીને મનને વિષે તેણે પ્રગતિ સાધી છે. એવી વસ્તુઓ છે જે વિષે કહેવાની હવે જરૂર રહી નથી..... અથવા તો કોઈએ ખૂબ આદિકાળની અવસ્થામાં આવેલા દેશોમાં જવું જોઈએ. અને છતાંય.....વિચારો સર્વત્ર પ્રસર્યા છે, મનનો પ્રકાશ જ્યાં ત્યાં પથરાયો છે અને ઘણી અણધારી જગ્યાઓમાં આપણને સ્વીકાર અને સમજનાં દૃષ્ટાંતો જોવા મળે છે.

આપણને એમ લાગે છે ગઈ સદી દરમિયાન એક પ્રકાશ આવ્યો, પૃથ્વી પર ફેલાયો. પરિણામ એ આવ્યું કે અમુક વિચારો જે એક વાર વિચારોની શકિત-રૂપ હતા, એવા નવા વિચારો કે જે માણસમાં ચેતનાને હલમલાવી મૂકવાની શકિત ધરાવતા હતા, તે બધાએ પોતાની પ્રાસંગિકતા ગુમાવી, એ બધા હવે જૂના થઈ ગયા છે. એક નવો પ્રકાશ કામ કરી રહ્યો છે.

અમલીકરણની દૃષ્ટિએ જોતાં પ્રગતિ ઘણી મોટી નથી, કેટલીક વાતોમાં કદાચ પીછેહઠ થઈ છે; પરંતુ મનની બાબતમાં, સમજની બાબતમાં, વસ્તુઓના બૌદ્ધિક દર્શનની બાબતમાં ખરેખર એક મોટો ફેરફાર થયો છે.

એમ લાગે છે કે ધ્રુવ ગતિથી આપણે આગેકૂચ કરી રહ્યા છીએ અને જે બધી વસ્તુઓ પહેલાં ખૂબ મહત્ત્વની ગણાતી એ બધી નવી શોધોના પ્રકાશમાં પ્રાયઃ સર્વસામાન્ય થતી જાય છે. જીવન જેવું છે તે ખરાબ, અવ્યવસ્થા સર્વત્ર છે, દુઃખ જ્યાં ત્યાં છે, અસ્તવ્યસ્તતા સર્વત્ર છે, અંધાધૂંધી છે, અજ્ઞાન છે,— આ બધાંની આપણને જાણ છે, કેમ નહીં? એથી સૌ ટેવાઈ ગયા છે.

પરંતુ આ બધું હોવા છતાં એક સમગ્ર ઉપલબ્ધિ, એક અખિલ રૂપાંતર દ્વારા આપણે તેમાંથી બહાર નીકળી જઈ શકીએ છીએ, એક નવો પ્રકાશ આવે જે વસ્તુઓમાં વ્યવસ્થા અને સુસંગતિ સ્થાપે,— એ પ્રકારનો આશાનો સંદેશો

આપવો જરૂરી છે. આ એક સાચો, એક જીવંત સંદેશો છે.

નવું જીવન રચવું જોઈશે.

અને પછી આ બધી મુશ્કેલીઓ, જે ઓળંગી ન શકાય તેવી જણાતી હતી,— અરે, એ બધી આપમેળે ખરી જશે.

જ્યારે તમે પ્રકાશમાં અને આનંદમાં જીવી શકો તેમ હો, તો પછી પડછાયાને અને દુઃખને શા માટે વળગી રહેવા માગો છો ?

— ૨૭, જૂન, ૧૯૫૮

મત્તાસુખપરિચ્ચાગા પસ્સે યે વિપુલં સુખં ।
ચજે મત્તાસુખં ધીરો સંપસ્સં વિપુલં સુખં ।। ૧

પરદુક્ખૂપધાનેન અત્તનો સુખમિચ્છતિ ।
વેરસંસગ્ગસંસટ્ઠો વેરા સો ન પરિમુચ્ચતિ ।। ૨

યં હિ કિચ્ચં અચવિદ્ધં અકિચ્ચં પન કયિરતિ ।
ઉન્નલાનં પમત્તાનં તેસં વડ્ઢન્તિ આસવા ।। ૩

યેસં ચ સુસમારદ્ધા નિચ્ચં કાયગતા સતિ ।
અકિચ્ચં તે ન સેવન્તિ કિચ્ચે સાતચ્ચકારિનો ।।
સતાનં સમ્પજાનાનં અત્થં ગચ્છન્તિ આસવા ।। ૪

માતરં પિતરં હન્ત્વા રાજાનો દ્વે ચ ખત્તિયે ।
રટ્ઠં સાનુચરં હન્ત્વા અનીઘો યાતિ બ્રાહ્મણો ।। ૫

માતરં પિતરં હન્ત્વા રાજાનો દ્વે ચ સોત્થિયે ।
વેય્યગ્ઘપઞ્ચમં હન્ત્વા અનીઘો યાતિ બ્રાહ્મણો ।। ૬

સુપ્પબુદ્ધં પબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ નિચ્ચં બુદ્ધગતા સતિ ।। ૭

સુપ્પબુદ્ધં પબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ નિચ્ચં ધમ્મગતા સતિ ।। ૮

સુપ્પબુદ્ધં પબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ નિચ્ચં સંઘગતા સતિ ।। ૯

સુપ્પબુદ્ધં પબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ નિચ્ચં કાયગતા સતિ ।। ૧૦

સુપ્પબુદ્ધં પબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ અહિંસાય રતો મનો ।। ૧૧

સુપ્પબુદ્ધં પ્રબુજ્ઝન્તિ સદા ગોતમસાવકા ।
યેસં દિવા ચ રત્તો ચ ભાવનાય રતો મનો ।। ૧૨

દુપ્પબ્બજજં દુરભિરમં દુરાવાસા ઘરા દુખા ।
દુક્ખોઽસમાનસંવાસો દુક્ખાનુપતિતઽદ્ધગૂ ।
તસ્મા ન ચઽદ્ધગૂ ન ચ દુક્ખાનુપતિતો સિયા ।। ૧૩

સદ્ધો સીલેન સંપન્નો યસોભોગસમપ્પિતો ।
યં યં પદેસં ભજતિ તત્થ તત્થેવ પૂજિતો ।। ૧૪

દૂરે સન્તો પકાસન્તિ હિમવન્તો વ પબ્બતો ।
અસન્તેત્થ ન દિસ્સન્તિ રત્તિખિત્તા યથા સરા ।। ૧૫

એકાસનં એકસેય્યં એકો ચરમતન્દિતો ।
એકો દમયમત્તાનં વનન્તે રમિતો સિયા ।। ૧૬

[થોડું સુખ મળતું હોય તો તેને તજીને વધુ સુખ મળતું હોય તે મેળવવા ધીર પુરુષે પ્રયત્ન કરવો. (૧) બીજાઓને દુ:ખ દઈને જો તે પોતાનું સુખ મેળવે તો દુશ્મનાવટ ઊભી થાય છે અને અંતે તે એવા સંબંધોનો દાસ થઈ રહે છે. (૨) જે પુરુષ કરવાની પ્રવૃત્તિને કરતો નથી અને નહિ કરવાની પ્રવૃત્તિ કરે છે, તે ઉદ્ધત અને પ્રમાદી પુરુષનાં દોષનાં ઝરણાં વધ્યે જાય છે. (૩) દેહની ખરી પ્રકૃતિને વિષે નિરંતર જાગ્રત રહીને જેઓ નહિ કરવાની પ્રવૃત્તિને વળગતા નથી અને કરવા જેવીમાં સદાય સાવધાન રહે છે, એવા સાવધ અને શુદ્ધ સમજવાળા પુરુષોનાં દોષનાં ઝરણ સુકાઈ જાય છે. (૪) તૃષ્ણારૂપી માને અને અહંકારરૂપી પિતાને અને બન્ને સૈનિક રાજાઓને (ખોટાં દૃષ્ટિબિંદુઓ,) હણીને, (ઇન્દ્રિયો)ના રાજ્યને નષ્ટ કરીને અને તેના બધા અમલદારોનાં ઉપરાષ્ટ્રોનો નાશ કરીને, બ્રાહ્મણ દોષોમાંથી મુકત બનીને રહે છે. (૫) ઉપરના ઉપરાંત પાંચમા સંશયરૂપ દોષને મૂળમાંથી છેદીને બ્રાહ્મણ મુકત વિહરે છે. (૬) ગૌતમના શિષ્યો રાતદિવસ સદાય જાગ્રત રહીને બુદ્ધ, ધર્મ અને સંઘ પ્રત્યે, તેમના સિદ્ધાન્તો પ્રત્યે, દેહની પ્રકૃતિ પ્રત્યે, ધ્યાન આપે છે. તેઓ અનુકંપામાં આનંદ માણે છે, ધ્યાનમાં રસ લે છે. (૭-૧૨) સંસારનો ત્યાગ કરવો કપરું છે અને તેનો ઉપભોગ કરવો એટલું જ અઘરું છે. ગૃહસ્થજીવન મુશ્કેલીભર્યું અને દુ:ખરૂપ છે. આપણા સમોવડિયા નથી તેવાઓની સાથે જીવન વ્યતીત કરવું દુ:ખદ છે. જન્મજન્માંતરની ઘટમાળમાં ભટકવું દુ:ખદ છે. એટલે, દુ:ખનું અનુસરણ કરો નહીં, લક્ષ્યહીન થઈને રખડો નહીં. (૧૩) જેનામાં શ્રદ્ધા, સદાચાર, યશ અને એવા વૈભવ ભર્યા છે, તે જ્યાં જાય ત્યાં આદરપાત્ર બને છે. (૧૪) સંતપુરુષો દૂર હોય તોયે હિમાલયની માફક ઝળહળે છે. રાતે ફેંકેલા બાણની માફક અસત્ પુરુષો ચમકતા નથી. (૧૫) જે પુરુષ એકાંતમાં એકલો રહે છે. (ખાય છે, ઊંઘે છે, હરેફરે છે) અને જરાય પ્રમાદ કરતો

નથી સદાય અશ્રાંત ભાવે પોતા પર પ્રભુત્વ મેળવે છે, તે ગમે ત્યાં હોય તોય વનમાં જ વિહરે છે. (૧૬)]

તમારે વિષે ગેરસમજ થવી ન જોઈએ. કારણ કે, મને લાગે છે આ બધું નક્કર હકીકતોના કરતાં આકૃતિઓના ઓળા છે. આપણે ચોક્કસ કહી શકીએ છીએ કે માત્ર ખાવું, માત્ર ઊંઘવું, એકલા થઈને અરણ્યમાં વસવું, એટલા માત્રથી આત્માનું સ્વાતંત્ર્ય મેળવવાને માટે પૂરતું નથી.

આપણે જાણીએ છીએ કે જે ઘણાખરા લોકો અરણ્યમાં એકલા રહે છે તેઓ આસપાસનાં પ્રાણીઓની સાથે, વનસ્પતિની સાથે મૈત્રી બાંધી શકે છે; પરંતુ માત્ર એકલા રહેવું એથી જ કંઈ આંતરિક પ્રત્યાલોચન અને પરમ સત્યના અનુસંધાન સાથે જીવવામાં પ્રવેશ કરવાની શકિત મળે છે એમ માનવું એ બરાબર નથી. કદાચ આ વધુ સહેલું હોય, કારણ કે સંજોગો પ્રમાણે તમે બીજું કશું જ કરી શકો તેમ ન હોય. પણ આથી મને કશી ખાતરી થતી નથી. કોઈ પણ વ્યકિત આવા જીવનવ્યવહારો રચી શકે છે, અને જીવનના મારા અનુભવ પ્રમાણે મને જણાય છે કે, જો કોઈ મુશ્કેલીઓની વચ્ચે રહ્યા છતાં પોતાના સ્વભાવને નિયંત્રિત કરી શકે, જો કોઈ શાશ્વત હાજરી સાથે પોતાના અંતરમાં એકલો રહેવાને પ્રયત્ન કરે, પછી ભલે પ્રભુકૃપાએ આપેલા એના એ જ સંજોગો ચાલુ રહે, તો તેમાં તેને જે અનુભૂતિ (કે સાક્ષાત્કાર) થાય તે અનેક ઘણી વધારે સાચી, વધારે ગંભીર અને વધારે ચિરસ્થાયી હોય છે.

મુશ્કેલીઓ પર વિજય મેળવવા તેમનાથી દૂર ભાગી જવું એ કંઈ ઉકેલ નથી. એ ઘણું આકર્ષક હોઈ શકે. જેઓ અધ્યાત્મજીવન ગાળવા માગે છે તેમનામાં એવું કંઈક હોય છે જે કહે છે : "અરે! ઝાડની નીચે એકલા બેસવું, ધ્યાનમાં મગ્ન થવું, કંઈક બોલવાની કે કરવાની લાલચ નહિ,— એ કેવું મઝાનું!" આમ લાગે છે, કારણ કે એ દિશામાં જબરદસ્ત મંડાણ થયું હોય છે. પણ એ ઘણું ભ્રામક છે.

ઉત્તમ ધ્યાન એ છે જે એકાએક થઈ આવે, કારણ કે, તે એક કર્યા વિના ચાલે જ નહિ એવી સ્થિતિમાં ઝડપાઈ જવાનું બને છે. એકાગ્ર થયા સિવાય, ધ્યાન ધર્યા સિવાય, દેખાવોથી પર થઈને નિરીક્ષણ કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ હોતો નથી. અને આમ તમે અરણ્યના એકાંતમાં હો ત્યારે જ બની જાય એ કંઈ આવશ્યક નથી; તમારામાં કંઈક તૈયાર થયું હોય, વખત પાકી ચૂકયો હોય, સાચી આવશ્યકતા આવી લાગી હોય, કૃપા તમારી સાથે હોય,— ત્યારે તેમ બને છે.

મને લાગે છે કે માનવજાતિએ કંઈક પ્રગતિ કરી છે અને સાચો વિજય જીવનમાં રહીને જ મેળવવો જોઈશે.

ગમે તે પ્રકારની પરિસ્થિતિની વચ્ચે હોવા છતાં શાશ્વતની સાથે, આનંત સાથે એકલા કેમ રહેવું એ તમારે જાણવું જોઈશે. એક પરમ જ તમારો સાથીદાર હોય, ગમે તે પ્રકારના વ્યવહારમાં તમે હો તોય મુકત કેવી રીતે થવું, એ તમારે જાણવું જોઈશે. અને ખરેખરો વિજય એ જ છે.

— ૧૪, જુલાઈ, ૧૯૫૮

નિરય (નરકવર્ગ)

અભૂતવાદી નિરયં ઉપેતિ યો ચાપિ કત્વા ન કરોમિ ચાહ ।
ઉભો પિ તે પેચ્ચ સમા ભવન્તિ નિહીનકમ્મા મનુજા પરત્થ ।। ૧

કાસાવકણ્ઠા બહવો પાપધમ્મા અસંયતા ।
પાપા પાપેહિ કમ્મેહિ નિરયં તે ઉપપજ્જરે ।। ૨

સેય્યો અયોગુળો ભુત્તો તત્તો અગ્ગિસિખૂપમો ।
યઞ્ચે ભુઞ્જેય્ય દુસ્સીલો રટ્ઠપિણ્ડં અસંયતો ।। ૩

ચત્તારિ ઠાનાનિ નરો પમત્તો આપજ્જતિ પરદારૂપસેવી ।
અપુઞ્ઞલાભં ન નિકામસેય્યં નિન્દં તતિયં નિરયં ચતુત્થં ।। ૪

અપુઞ્ઞલાભો ચ ગતી ચ પાપિકા ભીતસ્સ ભીતાય રતી ચ થોકિકા ।
રાજા ચ દણ્ડં ગરુકં પણેતિ તસ્મા નરો પરદારં ન સેવે ।। ૫

કુસો યથા દુગ્ગહિતો હત્થમેવાનુકન્તતિ ।
સામઞ્ઞં દુપ્પરામટ્ઠં નિરયાયુપકડ્ઢતિ ।। ૬

યં કિઞ્ચિ સિથિલં કમ્મં સંકિલિટ્ઠં ચ યં વતં ।
સઙ્કસ્સરં બ્રહ્મચરિયં ન તં હોતિ મહપ્ફલં ।। ૭

કયિરા ચે કયિરાથેનં દળહમેનં પરક્કમે ।
સિથિલો હિ પરિબ્બાજો ભિય્યો આકિરતે રજં ।। ૮

અકતં દુક્કતં સેય્યો પચ્છા તપતિ દુક્કતં ।
કતં ચ સુકતં સેય્યો યં કત્વા નાનુતપ્પતિ ।। ૯

નગરં યથા પચ્ચન્તં ગુત્તં સન્તરબાહિરં ।
એવં ગોપેથ અત્તાનં ખણો વે મા ઉપચ્ચગા ।।
ખણાતીતા હિ સોચન્તિ નિરયમ્હિ સમપ્પિતા ।। ૧૦

અલજ્જિતાયે લજ્જન્તિ લજ્જિતાયે ન લજ્જરે ।
મિચ્છાદિટ્ઠિસમાદાના સત્તા ગચ્છન્તિ દુગ્ગતિં ।। ૧૧

અભયે ભયદસ્સિનો ભયે ચાભયદસ્સિનો ।
મિચ્છાદિટ્ઠિસમાદાના સત્તા ગચ્છન્તિ દુગ્ગતિં ।। ૧૨

અવજ્જે વજ્જમતિનો વજ્જે ચાવજ્જદસ્સિનો ।
મિચ્છાદિટ્ઠિસમાદાના સત્તા ગચ્છન્તિ દુગ્ગતિં ।। ૧૩

વજ્જં ચ વજ્જતો ઞત્વા અવજ્જં ચ અવજ્જતો ।
સમ્માદિટ્ઠિસમાદાના સત્તા ગચ્છન્તિ સુગ્ગતિં ।। ૧૪

[જ્યારે કોઈ માણસ કંઈ કરે છે અને કહે છે કે "મેં તે કર્યું નહોતું" એની માફક જે માણસ અસત્યવાદી છે, તે બંને નરકમાં જાય છે. મૃત્યુ પછી બંનેની સરખી ગતિ થશે, કારણ કે બંને પાપી છે. (૧) જેઓ ભગવાં વસ્ત્રો પહેરીને પણ પાપમય પ્રવૃત્તિઓ આચરે છે, સંયમ રહિત થઈને વર્તે છે, આવા લોકો પોતાનાં પાપ કર્મો વડે નરકમાં પડે છે. (૨) દુરાચારી અને સંયમરહિત થઈને ભિક્ષા પર રહેવું એના કરતાં આગની ઝાળ જેવો લાલચોળ તપેલો લોઢાનો ગોળો ખાવો એ વધારે સારું. (૩) પરસ્ત્રી-સંગી અને પ્રમાદી માણસે આ ચાર શિક્ષાઓ સહેવી રહી: શરમ, વિક્ષિપ્ત ઊંઘ, વગોવણી, નરક. (૪) પરસ્ત્રી-સંગથી એક તો પાપ થાય છે, બીજું પાપી ગતિ મળે છે, ત્રીજું બંને ભયભીત રહે છે એટલે ઘણો થોડો આનંદ ભોગવી શકે છે, ચોથું રાજા ભારેમાં ભારે સજા કરે છે,—તો પરસ્ત્રી-સંગ ત્યજવો. (૫) જેમ દર્ભને ખોટી રીતે ધારણ કરાય તો તે હાથને ચીરે છે, તેમ સમજ વગરની દીક્ષા નરક ભણી લઈ જાય છે. (૬) બેકાળજીથી અદા કરેલી ફરજ, ખાસ રીતે પાળવામાં આવેલો નિયમ અને ભયના માર્યા ગાળેલું બ્રહ્મચર્ય — આ બધાનાં સારાં પરિણામ આવે નહીં. (૭) કંઈ કરવાનું હોય તો હોંશથી કરો; શિથિલ આદતોવાળો સંન્યાસી (ભિખ્ખુ) વિકારોની ધૂળ ઉડાડે છે. (૮) ખરાબ કામ ન કર્યું સારું, નહિ તો પાછળથી પસ્તાવું પડે છે, સારું કામ કર્યું જ સારું, નહિ તો પાછળથી પસ્તાવું પડે. (૯) જેમ રાજા સીમાડા પર આવેલા નગરને અંદરથી અને બહારથી સુરક્ષિત રાખે છે, તેમ સાધકે આત્માને સુરક્ષિત રાખવો જોઈએ. એને માટે લગારે ઢીલ ચલાવી ન લેવી. વખત જતાં અફસોસ કરવો પડે છે અને યમરાજાના હાથે નરકમાં ઢસડાવું પડે છે. (૧૦) લાજનું કારણ ન હોય છતાં જેઓ લજ્જા પામે છે, અને લાજનું કારણ હોય ત્યારે લજ્જા પામતા નથી,— એવા મિથ્યા દૃષ્ટિવાળા દુર્ગતિને પામે છે. (૧૧) ભય વગરની પ્રવૃત્તિમાં જેઓ ભય જુએ છે અને ભયવાળી પ્રવૃત્તિમાં ભય જોતા નથી,— એવા મિથ્યા દૃષ્ટિવાળા દુર્ગતિને પામે છે. (૧૨) દોષને જેઓ અદોષ સમજે છે, અને અદોષને દોષ સમજે છે,— એવા મિથ્યા દૃષ્ટિવાળા દુર્ગતિને પામે છે. (૧૩) જેઓ અદોષને અદોષ તરીકે જાણે છે અને દોષને દોષ તરીકે જાણે છે,-- એવા સમ્યગ્ દૃષ્ટિવાળા સદ્ગતિને પામે છે. (૧૪)]

આ બધા ઉપદેશોની માફક તેમને સમજવાના ઘણા પ્રકારો છે. બહારનો પ્રકાર તદ્દન સાધારણ રીતનો હોય છે. સઘળા નૈતિક સિદ્ધાન્તોમાં એક વાત હમેશાં કહેવામાં આવે છે. દાખલા તરીકે, નિરય. એને કેટલાક એક પ્રકારનું નર્ક ગણે છે, જ્યાં માણસને પોતાના પાપની શિક્ષા મળે છે. પણ તેનો બીજો અર્થ પણ છે. નિરયનો સાચો ભાવ એટલે જ્યારે માણસ વિરોધી રીતે વર્તે, એટલે કે બહારના નીતિનિયમો કે સામાજિક સિદ્ધાંતો વડે નહિ, પણ પોતાના સ્વભાવની રૂએ, અને ત્યારે જે પોતાનું અમુક વાતાવરણ સર્જાય તે,— પ્રત્યેકનું વિશિષ્ટ સત્ય જે તેની ચેતનાની સઘળી પ્રવૃત્તિઓ પર શાસન ચલાવે, શરીરની બધી ક્રિયાઓને સંચાલિત કરે. આ ધર્મ, અથવા આંતરિક સત્ય, સત્‌તાનું સત્ય, એ દરેક મનુષ્યની અંદર રહેતી દિવ્ય હાજરી છે, જે આપણો પ્રભુ અને માર્ગ-દર્શક થવું ઘટે.

જ્યારે તમે આ અંદરના ધર્મને સાંભળવાની ટેવ પ્રાપ્ત કરો, તેની આજ્ઞા-ને પાળો, અનુસરો, તમારા જીવનને વધુ ને વધુ માર્ગ દર્શાવે એવા પ્રયત્નશીલ બનો, ત્યારે તમારી આસપાસ સત્યનું, શાંતિનું અને સંવાદનું એવું એક વાતા-વરણ સર્જાય છે, જે સ્વાભાવિકપણે સંજોગો અને પ્રકારો પર પ્રતિક્રિયા કરે છે; એટલે કે એવું એક વાતાવરણ જેમાં તમે જીવો છો. જ્યારે તમે ન્યાય, સત્ય, સંવાદ, સમસંવેદન, સમજના સત્ત્વ હો છો, પૂર્ણ સદ્‌ભાવના સત્ત્વ હો છો, ત્યારે આ આંતરિક મનોવલણ જેટલું સહૃદય અને સમગ્રભાવી હોય, તેટલે અંશે બહારના સંજોગો પર પ્રતિક્રિયા કરે. એથી કરીને કંઈ તમારા જીવનની મુશ્કેલીઓ ઓછી થાય જ એમ નથી, પણ એ વલણ આ મુશ્કેલીઓને એક નવો અર્થ આપે છે અને એને લઈને તમે એક નવા બળપૂર્વક, એક નવી પ્રજ્ઞા સાથે તેમનો સામનો કરવા શક્તિમાન થાઓ છો. જ્યારે કોઈ એક સામાન્ય માનવી, જે પોતાના આવેગોને અનુસરે છે, પોતાની ઇચ્છાઓને વશ થઈને વર્તે છે, જેને કોઈ આમ કે તેમ નિર્ણય લેવાનો વખત નથી હોતો, જે પૂરા ઉદાસીન ભાવે જીવન વ્યતીત કરે છે, જેને પોતાના જીવનની બીજાઓ પર શી અસર પડે છે તેને વિષે તે સચિંત નથી, અથવા તો પોતાનાં કાર્યોની નુકસાનકારક અસરો થોડે ઘણે અંશે કેવી પડે છે તેની જેને પડી નથી,— એ પોતાની આસપાસ કટુતા, સ્વાર્થ-પરાયણતા, સંઘર્ષ અને દુર્ભાવનું એવું એક વાતાવરણ સર્જે છે જે તેની ચેતના પર વધુ ને વધુ નિશ્ચિત રૂપે કાર્ય કરે છે, તેના જીવનને એક પ્રકારની કડવાશવાળું બનાવે છે અને પરિણામે આખરે હમેશને માટે એક ત્રાસરૂપ થઈ પડે છે.

અલબત્ત, કહેવાનો અર્થ એવો નથી કે માણસ જે કોઈ જવાબદારી

ઉઠાવે તેમાં સફળતા ન મેળવે, તેની ઇચ્છાઓ મુજબ કંઈ પણ પોતાનું નહિ કરી શકે, આ બધા બહારના લાભો, જ્યારે તેના અંતરતમ સત્ત્વમાં સચ્ચાઈનો એક સ્ફુલિંગ હોય; જે ટકી રહે અને તેના આ દુર્ભાગ્યને લાયક બનાવે, ત્યારે જ અદૃશ્ય થઈ જાય.

જ્યારે તમે કોઈ ખરાબ માણસને દુર્ભાગી અને દુ:ખી જુઓ ત્યારે તમારે એને તરત આદર આપવો જોઈએ. એનો અર્થ એ કે આંતરિક સચ્ચાઈની જ્યોત સંપૂર્ણપણે હોલવાઈ ગઈ નથી, તેનાં ખરાબ કાર્યો પ્રત્યે કંઈક હજુ પણ પ્રતિક્રિયા કરી રહ્યું છે.

આખરે, આથી આપણે પુન: એવા નિરીક્ષણ પર પહોંચીએ છીએ કે તમારે બહારના દેખાવો પરથી કદાપિ નિર્ણય ન જ બાંધવા. બહારના સંજોગોને આધારે તમે જે કોઈ નિર્ણયો બાંધો એ બધા હમેશાં આવશ્યકપણે ખોટા જ હોવાના.

સત્યની ઝાંખી કરવા માટે પોતાની ચેતનામાં કંઈક ઊંડા ઊતરવું પડે છે, પોતાની સત્તાના ઊંડાણમાં પ્રવેશવું પડે છે, દેખાવોની પાછળ જે શક્તિઓની લીલા કામ કરતી હોય છે અને તેની પાછળ જે દિવ્ય હાજરી હોય છે તે સમજવાનો પ્રયત્ન કરવો પડે છે.

—૨૫, જુલાઈ, ૧૯૫૮

હાથી (નાગવર્ગ)

અહં નાગો વ સઙ્ગામે ચાપતો પતિતં સરં ।
અતિવાક્યં તિતિક્ખિસ્સં દુસ્સીલો હિ બહુજજનો ।। ૧

દન્તં નયન્તિ સમિતિં દન્તં રાજાઽભિરૂહતિ ।
દન્તો સેટ્ઠો મનુસ્સેસુ યોઽતિવાકયં તિતિક્ખતિ ।। ૨

વરમસ્સતરા દન્તા આજાનીયા ચ સિન્ધવા ।
કુઞ્જરા ચ મહાનાગા આત્તદન્તો તતો વરં ।। ૩

ન હિ એતેહિ યાનેહિ ગચ્છેય્ય અગતં દિસં ।
યથઽત્તના સુદન્તેન દન્તો દન્તેન ગચ્છતિ ।। ૪

ધનપાલકો નામ કુઞ્જરો કટુકપ્પભેદનો દુન્નિવારયો ।
બદ્ધો કવલં ન ભુઞ્જતિ સુમરતિ નાગવનસ્સ કુઞ્જરો ।। ૫

મિદ્ધી યદા હોતિ મહગ્ઘસો ચ નિદ્દાયિતા સમ્પરિવત્તસાયી ।
મહાવરાહો વ નિવાપપુટ્ઠો પુનાપ્પુનં ગબ્ભમુપેતિ મન્દો ।। ૬

ઈદં પૂરે ચિત્તમચારિ ચારિકં યેનિચ્છકં યત્થકામં યથાસુખં ।
તદજ્જ જઙહં નિગ્ગહેસ્સામિ યોનિસો હત્થિપ્પભિન્નં વિય અંકુસગ્ગહો ।। ૭

અપ્પમાદરતા હોથ સચિત્તમનુરક્ખથ ।
દુગ્ગા ઉદ્ધરથઽત્તાનં પઙ્કે સન્નો કુઞ્જરો ।। ૮

સચે લભેથ નિપકં સહાયં સદ્ધિંચરં સાધુવિહારિધીરં ।
અભિભુય્ય સબ્બાનિ પરિસ્સયાનિ ચરેય્ય તેનઽત્તમનો સતીમા ।। ૯

નો ચે લભેથ નિપકં સહાયં સદ્ધિંચરં સાધુવિહારિધીરં ।
રાજા વ રટ્ઠં વિજિતં પહાય એકો ચરે માતઙ્ગરઞ્ઞે વ નાગો ।। ૧૦

એકસ્સ ચરિતં સેય્યો નત્થિ બાલે સહાયતા ।
એકો ચરે ન ચ પાપાનિ કયિરા અપ્પોસ્સુક્કો માતઙ્ગરઞ્ઞે વ નાગો ।। ૧૧

અત્થમ્હિ જાતમ્હિ સુખા સહાયા તુટ્ઠી સુખા યા ઇતરીતરેન ।
પુઞ્ઞં સુખં જીવિતસંખયમ્હિ સબ્બસ્સ દુક્ખસ્સ સુખં પહાનં ।। ૧૨

સુખા મત્તેય્યતા લોકે અથો પેત્તેય્યતા સુખા ।
સુખા સામઞ્ઞતા લોકે અથો બ્રહ્મઞ્ઞતા સુખા ।। ૧૩

સુખં યાવ જરા સીલં સુખા સદ્ધા પતિટ્ઠિતા ।
સુખો પઞ્ઞાય પટિલાભો પાપાનં અકરણં સુખં ।। ૧૪

[જેમ રણસંગ્રામમાં હાથી ધનુષ્યમાંથી છૂટેલા બાણનો મારો સહન કરે છે, તેમ હું ધીરજથી અપમાન સહીશ; કારણ કે, સંસારમાં ઘણા માણસો દુષ્ટ બુદ્ધિના હોય છે. (૧) રણસંગ્રામમાં જનાર હાથી પલોટેલો હોય છે, જેના પર રાજા સવારી કરતો હોય છે. મનુષ્યોમાં ઉત્તમ એ જ છે, જે ધીરજ ધરીને અપમાન સહે છે. (૨) પલોટેલાં ખચ્ચર સારાં નીવડે છે. સિંધના એવા ઘોડા પણ જાનવંત હોય છે. પલોટેલા કુંજર પણ ઉત્તમ પ્રકારના હાથી બને છે. તેમ પલોટેલો આત્મા ઉત્તમ નીવડે છે. (૩) જે દિશા અજાણી છે, તે તરફ જવા માટે ઉપર જણાવેલાં વાહનો (પ્રાણીઓ) કામમાં આવતાં નથી. જે સાધકે પોતાના આત્માને બરાબર પલોટેલો છે (કસેલો છે) તે તે દ્વારા અજાણી દિશામાં જઈ શકે છે. (નિર્વાણ ભણી સુખપૂર્વક જઈ શકે છે.) (૪) જેમ મદથી છકી ગયેલો ધનપાલક* નામનો હાથી પલોટયો ન હોય વા માત્ર ખીલે બાંધી રાખવાથી તે શાંતિપૂર્વક પૂળા ખાતો નથી, પણ પોતાના અસલ સ્થાન, નાગવનને સંભારીને તે તરફ જવા તોફાન મચાવે છે, તેમ સાધક જ્યાં લગી પલોટાયો ન હોય (કસાયો ન હોય) ત્યાં લગી શાંતિથી રહી શકતો નથી, પોતાના અસલ પ્રપંચમય સંસાર પ્રતિ જવા ગાંડોતૂર બને છે. (૫) પ્રમાદી, અકશાંતિયો, પડખાં ફેરવી ફેરવીને ઘોરનાર ઊંઘણશી, ખાણ ખાઈ ખાઈને બહેકી ગયેલા ડુક્કરની જેમ, મંદબુદ્ધિ એવો વારંવાર જન્મ-મરણના ફેરામાં પડે છે. (૬) એક વાર આ મન પોતાની મરજી પ્રમાણે આમતેમ ભટકયાં કરતું હતું; પણ હવે મેં તેને માવતની માફક અંકુશમાં આણ્યું છે. (૭) અપ્રમાદી રહો, મનને સંભાળપૂર્વક અંકુશમાં રાખો. જેમ હાથી કાદવમાં ખૂંપી ગયો હોય તેમ તમે કાદવમાં ખૂંપી ગયા છો, તો તેમાંથી બહાર નીકળો. (૮) કોઈ એવો સદ્‌વર્તનશીલ ધીર પુરુષ મળી જાય તો પછી તમામ વિઘ્નોની સામે જઈને તેની સાથે પ્રમુદિત મન રાખીને હિંમતપૂર્વક આગળ વધો. (૯) ઉપર કહ્યો તેવો કોઈ પુરુષ સહચારી તરીકે ન મળે તો, જેમ હારેલો રાજા રાજ્ય છોડીને ચાલ્યો જાય છે, તેમ સમૂહને તજીને, જેમ મતંગજ હાથી એકલો વનમાં ફરે છે, તેમ એકલા રહો. (૧૦) મૂઢ અજ્ઞાનીની સાથે રહ્યા કરતાં એકલા રહેવું સારું છે. મતંગજની માફક એકલા રહેવું, પાપાચરણ ન કરવાં, મુકત રીતે હરવું-ફરવું.

---

* ખજાનાનો રક્ષક

(૧૧) જરૂરિયાત ઊભી થાય ત્યારે મિત્રો હોવા સુખરૂપ છે, ગમે તેમાંથી સંતોષ માનવો સુખરૂપ છે. મૃત્યુ આવે ત્યારે પુણ્ય કર્યાં હોય એ સુખરૂપ છે. તમામ દુ:ખોને પાછળ મૂકી દેવાં સુખરૂપ છે. (૧૨) આ જગતમાં માતાની સેવા કરવી, પિતાની સેવા કરવી, શ્રમણની સેવા કરવી, બ્રાહ્મણની સેવા કરવી સુખરૂપ છે. (૧૩) ઘડપણ લગી પાળેલો સદાચાર, સ્થિર શ્રદ્ધા, બુદ્ધિની પ્રાપ્તિ, પાપનું રજ-માત્ર પણ અનાચરણ — આ બધાં સુખરૂપ સમજવાં. (૧૪)]

પહેલો શ્લોક (ગાથા) એક સરસ શિખામણ આપે છે. રણહાથી પલોટાયેલો હોય તો બાણ વાગતાં પીછેહઠ કરતો નથી. પોતાના વીરોચિત સામનો કરવાના મનોભાવમાં લેશ પણ ફેરફાર વગર તે આગળ ધપ્યે જાય છે અને પીડા સહે છે. એ રીતે જેઓ સાચે માર્ગે જવા ઇચ્છતા હોય તેમણે પણ સ્વાભાવિક રીતે દુર્ભાવનાં બધાં લક્ષણોના હુમલાના ભોગ બનવું પડશે,— એવા લોકો માત્ર સમજતા નથી હોતા એટલું જ નથી, પણ જે સમજતા નથી તેને ધિક્કારે છે.

જે માણસો પોતાને વિષેની હલકી મનોવૃત્તિની મૂર્ખામીઓથી ચિંતિત થાય, દુ:ખી થાય કે નાહિંમત થઈ જાય તેઓ ઘણે આગળ જઈ શકતા નથી. અને આવું બને છે તેનું કારણ તમે દુર્ભાગી છો કે તમારા કપાળમાં સુખ લખ્યું નથી, એવું નથી હોતું. પરંતુ, એથી ઊલટું, દિવ્ય ચેતના અને દિવ્ય કૃપા તમારા સંકલ્પને ગંભીરતાથી જુએ છે, અને તમારે માર્ગે સંજોગો એક કસોટી રૂપ નીવડે એમ થવા દે છે; તમારો સંકલ્પ સચ્ચાઈયુકત છે કે નહીં, તમે મુશ્કેલીઓનો સામનો કરવા પૂરતા સશકત છો કે નહીં, એ નિહાળે છે.

એટલા માટે, જો કોઈ તમારી ઠેકડી ઉડાવે અથવા બહુ ઉદાર-ભાવ વગરનું તમને કહે, તો પ્રથમ તમારે તમારી અંદર જોવું; કયી દુર્બળતાને લઈને, અપૂર્ણતાને લઈને આમ બનવા પામ્યું છે તે વિચારવું,— ખિન્ન ન થવું, રોષે ન ભરાવું કે વ્યથિત ન થવું. કારણ કે, તમે જે તમારી કિંમત આંકો છો એ હિસાબે તમારી કદર કરતા નથી. એથી ઊલટું, તમને દિવ્ય કૃપાએ જે તમારી દુર્બળતાને, અપૂર્ણતાને, કે વિકૃતિને સુધારવા તરફ ધ્યાન દોર્યું તે માટે તેનો આભાર માનવો જોઈએ.

એટલા માટે, દુ:ખી થયા વગર તમે સંપૂર્ણ સંતુષ્ટ થઈ શકો છો, લાભ ઉઠાવી શકો છો, — તમારા પ્રત્યે જે ઈજાની વૃત્તિ સેવવામાં આવી હતી તેમાંથી મોટો લાભ ઉઠાવી શકો છો.

તદુપરાંત, તમારે જો સાચે જ યોગને માર્ગે જવું હોય, યોગાભ્યાસ

કરવો હોય, તો કોઈ કદરની ખાતર કે માનની ખાતર તેમ કરવું ન જોઈએ; તમારા અંતરાત્માની (સત્‌તાની) તે એક અનિવાર્ય જરૂરિયાત છે, તે સિવાય અન્ય કોઈ રીતે તમને ચેન પડી શકે એમ નથી, એમ હોય તો જ તેમ કરવું. લોકો તમારી કદર કરે છે કે નથી કરતા એ બિલકુલ મહત્ત્વનું નથી. પ્રથમથી જ તમારે માની લેવું જોઈએ કે સામાન્ય લોકોથી તમે જેટલા દૂર જાઓ, સામાન્ય પ્રકારની રહેણીકરણીથી જેટલા પરાયા રહો, તેટલા તદ્દન સ્વાભાવિકપણે લોકો તમને ઓછું સમજી જશે, એટલે તમારી કદર પણ ઓછી કરી શકશે. ફરીને કહું છું કે આનું કશું જ મહત્ત્વ નથી.

ખરી સચ્ચાઈ એ છે કે આપણે માર્ગે આગળ વધ્યે જવું, કારણ કે તે સિવાય કોઈ છૂટકો નથી; દિવ્ય જીવનની ખાતર સમર્પિત થતા જવું, કારણ કે તે સિવાય બીજો કોઈ આરો નથી; તમારી સત્‌તાના રૂપાંતરને સાધવા માટે પ્રકાશમાં ખુલ્લા થતા જવું, કારણ કે તે વિના કંઈ થઈ શકે એમ નથી,— કારણ કે તમારા જીવનનો એ જ એક હેતુ છે.

આમ જ્યારે બને ત્યારે ચોક્કસ જાણવું કે તમે સાચે માર્ગે છો.

— ૧, ઑગસ્ટ, ૧૯૫૮

તૃષ્ણા (તણ્હાવગ્ગ)

મનુજસ્સ પમત્તચારિનો તણ્હા વડ્ઢતિ માલુવા વિય ।
સો પ્લવતિ હુરાહુરં ફલમિચ્છં વ વનસ્મિં વાનરો ।। ૧

યં એસા સહતી જમ્મી તણ્હા લોકે વિસત્તિકા ।
સોકા તસ્સ પવડ્ઢન્તિ અભિવુટ્ઠં વ બીરણં ।। ૨

યો ચેતં સહતી જમ્મિં તણ્હં લોકે દુરચ્ચયં ।
સોકા તમ્હા પપતન્તિ ઉદબિન્દૂ વ પોક્ખરા ।। ૩

તં વો વદામિ ભદ્દં વો યાવન્તેત્થ સમાગતા ।
તણ્હાય મૂલ ખણથ ઉસીરત્થો વ બીરણં ।
મા વો નળં વ સોતો વ મારો ભિઞ્જ પુનપ્પુનં ।। ૪

યથાપિ મૂલે અનુપદ્દવે દળ્હે છિન્નોઽપિ રુક્ખો પુનરેવ રૂહતિ ।
એવં પિ તણ્હાનુસયે અનૂહતે નિબ્બત્તતી દુક્ખમિદં પુનપ્પુનં ।। ૫

યસ્સ છત્તિંસતી સોતા મનાપસ્સવના ભુસા ।
વાહા વહન્તિ દુદ્દિટ્ઠિં સઙ્કપ્પા રાગનિસ્સિતા ।। ૬

સવન્તિ સબ્બધી સોતા લતા ઉબ્ભિજ્જ તિટ્ઠતિ ।
તં ચ દિસ્વા લતં જાતં મૂલં પઞ્ઞાય છિન્દથ ।। ૭

સરિતાનિ સિનેહિતાની ચ સોમનસ્સાનિ ભવન્તિ જન્તુનો ।
તે સાતસિતા સુખેસિનો તે વે જાતિજરૂપગા નરા ।। ૮

તસિણાય પુરક્ખતા પજા પરિસપ્પન્તિ સસો વ બાધિતો ।
સંયોજનસઙ્ગસત્તા દુક્ખમુપેન્તિ પુનપ્પુનં ચિરાય ।। ૯

તસિણાય પુરક્ખતા પજા પરિસપ્પન્તિ સસો વ બાધિતો ।
તસ્મા તસિણં વિનોદયે ભિક્ખુ આકંખી વિરાગમત્તનો ।। ૧૦

યો નિબ્બનથો વનાધિમુત્તો વનમુત્તો વનમેવ ધાવતિ ।
તં પુગ્ગલમેથ પસ્સથ મુત્તો બન્ધનમેવ ધાવતિ ।। ૧૧

ન તં દળ્હં બન્ધનમાહુ ધીરા યદાયસં દારુજં બબ્બજં ચ ।
સારત્તરત્તા મણિકુણ્ડલેસુ પુત્તેસુ દારેસુ ચ યા અપેક્ખા ।। ૧૨

એતં દળ્હં બન્ધનમાહુ ધીરા ઓહારિનં સિથિલં દુપ્પમુઞ્ચં ।
એતં પિ છેત્વાન પરિબ્બજન્તિ અનપેક્ખિનો કામસુખં પહાય ।। ૧૩

યે રાગરત્તાઽનુપતન્તિ સોતં સયં કતં મક્કટકો વ જાલં ।
એતં પિ છેત્વાન વજન્તિ ધીરા અનપેક્ખિનો સબ્બદુક્ખં પહાય ।। ૧૪

મુઞ્ચ પુરે મુઞ્ચ પચ્છતો મજ્ઝે મુઞ્ચ ભવસ્સ પારગૂ ।
સબ્બત્થ વિમુત્તમાનસો ન પુન જાતિજરં ઉપેહિસિ ।। ૧૫

વિતક્કપમથિતસ્સ જન્તુનો તિબ્બરાગસ્સ સુભાનુપસ્સિનો ।
ભિય્યો તણ્હા પવડ્ઢતિ એસ ખો દળ્હં કરોતિ બંધનં ।। ૧૬

વિતક્કૂપસમે ચ યો રતો અસુભં ભાવયતિ સદા સતો ।
એસ ખો વ્યન્તિકાહિતિ એસ છેચ્છતિ મારબંધનં ।। ૧૭

નિટ્ઠંગતો અસન્તાસી વીતતણ્હો અનઙ્ગણો ।
અચ્છિન્દિ ભવસલ્લાનિ અન્તિમોયં સમુસ્સયો ।। ૧૮

વીતતણ્હો અનાદાનો નિરુત્તિપદકોવિદો ।
અક્ખરાનં સન્નિપાતં જઞ્ઞા પુબ્બાપરાનિ ચ ।
સ વે અન્તિમસારીરો મહાપઞ્ઞો (મહાપુરિસો) તિ વુચ્ચતિ ।। ૧૯

સબ્બાભિભૂ સબ્બવિદૂહમસ્મિ સબ્બેસુ ધમ્મેસુ અનૂપલિત્તો ।
સબ્બઞ્જહો તણ્હક્ખયે વિમુત્તો સયં અભિઞ્ઞાય કમુદ્દિસેય્યં ।। ૨૦

સબ્બદાનં ધમ્મદાનં જિનાતિ સબ્બં રસં ધમ્મરસો જિનાતિ ।
સબ્બં રતિં ધમ્મરતી જિનાતિ તણ્હક્ખયો સબ્બદુક્ખં જિનાતિ ।। ૨૧

હનન્તિ ભોગા દુમ્મેધં નો ચ પારગવેસિનો ।
ભોગતણ્હાય દુમ્મેધો હન્તિ અઞ્ઞે વ અત્તનં ।। ૨૨

તિણદોસાનિ ખેત્તાનિ રાગદોસા અયં પજા ।
તસ્મા હિ વીતરાગેસુ દિન્નં હોતિ મહપ્ફલં ।। ૨૩

તિણદોસાનિ ખેત્તાનિ દોસદોસા અયં પજા ।
તસ્મા હિ વીતદોસેસુ દિન્નં હોતિ મહપ્ફલં ।। ૨૪

તિણદોસાનિ ખેત્તાનિ મોહદોસા અયં પજા ।
તસ્મા હિ વીતમોહેસુ દિન્નં હોતિ મહપ્ફલં ।। ૨૫

તિણદોસાનિ ખેત્તાનિ ઇચ્છાદોસા અયં પજા ।
તસ્મા હિ વિગતિચ્છેસુ દિન્નં હોતિ મહપ્ફલં ।। ૨૬

[જે માણસ પ્રમાદી થઈને પ્રવૃત્તિ કરે છે, તેની તૃષ્ણા માલુવાના વેલાની માફક વધ્યે જાય છે. વનમાં ફળ મેળવતા જે વાંદરો એક ઝાડથી બીજે ઝાડ કૂદા-કૂદ કરે છે, તેમ એ તૃષ્ણા એક જન્મથી બીજે જન્મ એમ જન્મોજન્મ કૂદાકૂદ કર્યા કરે છે. (૧) વિશિષ્ટ આસક્તિભરી તૃષ્ણા જગતમાં ભારે લુચ્ચી છે. જેમ વરસાદથી છંટાયેલો સુગંધી વાળો ઝટપટ વધી જાય છે તેમ તેના શોક વધ્યે જાય છે. પરંતુ કળી ન શકાય એવી એ તૃષ્ણાને જે સાધક હંફાવી શકે છે તેના સર્વ શોક કમળપત્ર પરથી ખરી પડતાં ટીપાંની જેમ ખરી પડે છે. (૨, ૩) અહીં એકઠા થયેલા સૌને તેમના કલ્યાણ ખાતર કહું છું: સુગંધી વાળાને જેમ મૂળમાંથી જ ઉખેડી નાખવો પડે છે, તેમ તૃષ્ણાને મૂળમાંથી જ ઉખેડી નાખો. જેમ બરુની સળીને પાણીનું પૂર ભાંગી નાખે છે, તેમ માર (મૃત્યુ કે વાસનાઓ) તમને વારંવાર ન ભાંગો. (૪) જેમ ઝાડનું મૂળ સાજું રહી ગયું હોય તો તે ઝાડ ફરી ઊગે છે તેમ તૃષ્ણાનું મૂળ રહી ગયું હોય તો ફરી ફૂટી નીકળે છે અને વારંવાર દુઃખ જન્માવે છે. (૫) તૃષ્ણાના છત્રીશ* પ્રવાહોને જે ભ્રમિત મનુષ્ય રોકી શકતો નથી તે પોતાના રાગની આતુરતાના પૂરમાં ઘસડાઈ જાય છે. (૬) સામાન્ય માણસના આવા પ્રવાહો ચારેકોર વહ્યા કરે છે. તેમાંથી તૃષ્ણાની વેલ ફૂટે છે. તેને પ્રજ્ઞા વડે મૂળથી જ છેદો. (૭) તૃષ્ણામય સંબંધમાં આબદ્ધ અને પ્રાણના સંબંધને સંભારતો મનુષ્ય વારંવાર જન્મ અને જરા પામ્યા કરે છે. (૮) જળમાં પડેલું સસલું જેમ આમતેમ આથડે છે તેમ તૃષ્ણાસંચાલિત મનુષ્ય ભટક્યાં કરે છે. આસક્તિની શૃંખલામાં પડેલ તે વારંવાર શોકમાં સપડાય છે. તો વીતરાગ થઈને, હે ભિક્ષુ, તૃષ્ણાને દૂર કર. (૯, ૧૦) તૃષ્ણામાંથી છૂટો થયેલો મનુષ્ય વળી પાછો તે તરફ ધાય છે; અરેરે, મુકત માનવ ફરીથી બંધન પ્રત્યે દોડે તેવો છે. (૧૧) ધીર પુરુષો જેને દૃઢ બંધનકર્તા ગણે છે તે વસ્તુ લોઢાની કે લાકડાની કે દોરડાની નથી; પરંતુ રતન, ઘરેણાં, સ્ત્રી, પુત્ર વગેરેની તૃષ્ણાને વધુ દૃઢ બંધન ગણે છે. (૧૨) પ્રાજ્ઞ પુરુષો કહે છે કે એ બંધન તમને નીચે ખેંચી જાય છે, અને જો કે જણાવામાં શિથિલ છે, છતાં તેના વગર રહેવું કઠણ છે. ડાહ્યા માણસો એ પણ તોડી નાખે

---

* ચક્ષુ વ. પાંચ ઈન્દ્રિયો અને મન સંબંધી તૃષ્ણા — એ છ કામતૃષ્ણાના પ્રવાહ.
ચક્ષુ વ. પાંચ ઈન્દ્રિયો અને મન સંબંધી ભવતૃષ્ણા (સારા જન્મ લેવાની)ના છ.
ચક્ષુ વ. પાંચ ઈન્દ્રિયો અને મન સંબંધી વિભવ તૃષ્ણા (વિનાશ ઈચ્છનારી)ના છ.
રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ અને ધર્મ સંબંધી દુન્યવી પદાર્થોની કામતૃષ્ણાના છ.
રૂપ વ. પાંચ અને ધર્મ સંબંધી ભવ અને વિભવના ભવતૃષ્ણા અને વિભવ-તૃષ્ણાના છ છ પ્રવાહો મળીને કુલે છત્રીશ પ્રવાહો.

છે; ઇન્દ્રિયસુખને ત્યજીને, તૃષ્ણારહિત થઈને તેઓ અનિકેત થઈ રહે છે. કરોળિયો જેમ પોતાની જાળમાં બંધાય છે, તેમ તેઓ પોતાની આસક્તિના બંધનમાં પ્રવાહમાં પડે છે. પણ ડાહ્યા પુરુષો તેને તોડી નાખે છે, ઇન્દ્રિયસુખ ત્યજીને, તૃષ્ણારહિત થઈને અનિકેત થઈ રહે છે. (૧૩ ૧૪) અતીતમાંથી મુકત થાઓ, ભવિષ્યમાંથી મુકત થાઓ, વર્તમાનમાંથી મુકત થાઓ. અસ્તિત્વની બીજી પાર ઓળંગી જાઓ. મન જ્યારે પૂર્ણપણે મુકત થઈ જશે ત્યારે જન્મ-મૃત્યુનો ફેરો ચાલ્યો જશે. (૧૫) જે માણસ દુષ્ટ વિચારોથી પરેશાન થાય છે, વિકારોથી નિયંત્રિત છે, જે માત્ર પ્રિયને જ ઝંખે છે, તેની તૃષ્ણા ક્રમશઃ વધતી જ જાય છે. તેનાં બંધન, ખરેખર, દૃઢ બને છે. (૧૬) દુષ્ટ વિચારોને દબાવી દેવામાં જે આનંદ માણે છે, જે જાગ્રત છે, મલિનતાનો જે વિવેક કરી શકે છે, તે પોતાની તૃષ્ણાનો અંત આણે છે. મારનાં બંધનને તે તોડી નાખશે. (૧૭) જે પોતાને લક્ષ્યે પહોંચ્યો છે, જે નિર્ભય છે, તૃષ્ણા અને મલરહિત છે, તેણે અસ્તિત્વના કાંટા ઉખેડી દીધા જાણો. એ તેમનો છેલ્લો જન્મ સમજો. (૧૮) જે મનુષ્ય તૃષ્ણા વગરનો છે, બંધન વગરનો છે, શબ્દોની વ્યાખ્યા કરવામાં કુશળ છે, આગળપાછળના સંદર્ભને જાણીને મોટાં મોટાં વાકયોને સમજનારો છે, તે જ છેલ્લા દેહને ધારણ કરનાર મહાપ્રાજ્ઞ કહેવાય છે. (૧૯) મેં બધાયને હરાવ્યા છે, હું બધું જાણું છું, તમામ પ્રપંચોથી અલિપ્ત છું, તમામ બંધનો મેં તજી દીધાં છે, તૃષ્ણાનો ક્ષય થતાં આપમેળે નિર્વાણ પામ્યો છું. મારા ગુરુ તરીકે કોને ગણાવું? (૨૦) ધર્મનું દાન અન્ય દાનને જીતી જાય છે, ધર્મનો રસ અન્ય રસોને જીતી જાય છે, ધર્મનો પ્રેમ અન્ય પ્રેમને જીતી જાય છે, તૃષ્ણાનો ક્ષય સર્વ દુઃખો પર વિજય મેળવે છે. (૨૧) ભોગ મૂર્ખનો વિનાશ કરે છે, પણ સંસારની પાર શોધનારને નહીં. ભોગની તૃષ્ણાને લઈને મૂર્ખ પોતાને તેમ જ અન્ય સૌ પર વિનાશ નોતરે છે. (૨૨) ઘાસ ઊગી નીકળવું એ જમીનનો દોષ છે; રાગ, દ્વેષ અને મોહ અને તૃષ્ણા (કામના) માનવજાતિને માથે શાપ છે. એટલે આ વગરનાને દાન કરવાથી પુષ્કળ ફળ (મહાફળ) નીપજે છે. (૨૩, ૨૪, ૨૫, ૨૬)

છેલ્લા વિષે આપણે ધ્યાન ધરીશું.

— ૮, ઑગસ્ટ, ૧૯૫૮

ભિક્ખુ (ભિક્ષુવર્ગ)

ચક્ખુના સંવરો સાધુ સાધુ સોતેન સંવરો ।
ઘાનને સંવરો સાધુ સાધુ જિહ્વા સંવરો ।। ૧

કાયેન સંવરો સાધુ સાધુ વાચાય સંવરો ।
મનસા સંવરો સાધુ સાધુ સબ્બત્થ સંવરો ।
સબ્બત્થ સંવુતો ભિક્ખુ સબ્બદુક્ખા પમુચ્ચતિ ।। ૨

હત્થસંયતો પાદસંયતો વાચાય સંયતો સંયતુત્તમો ।
અજ્ઝત્તરતો સમાહિતો એકો સન્તુસિતો તમાહુ ભિક્ખું ।। ૩

યો મુખસંયતો ભિક્ખુ મન્તભાણી અનુદ્ધતો ।
અત્થં ધમ્મં ચ દીપેતિ મધુરં તસ્સ ભાષિતં ।। ૪

ધમ્મારામો ધમ્મરતો ધમ્મં અનુવિચિન્તયં ।
ધમ્મં અનુસ્સરં ભિક્ખુ સદ્ધમ્મા ન પરિહાયતિ ।। ૫

સલાભં નાતિમઞ્ઞેય્ય નાઞ્ઞેસં પિહયં ચરે ।
અઞ્ઞેસં પિહયં ભિક્ખુ સમાધિ નાધિગચ્છતિ ।। ૬

અપ્પલાભોઽપિ યો ભિક્ખુ સલાભં નાતિમઞ્ઞતિ ।
તં વે દેવા પસંસન્તિ સુદ્ધાજીવિં અતન્દિતં ।। ૭

સબ્બસો નામરૂપસ્મિં યસ્સ નત્થિ મમાયિતં ।
અસતા ચ ન સોચતિ સ વે ભિક્ખૂ તિ વુચ્ચતિ ।। ૮

મેત્તાવિહારી યો ભિક્ખુ પસન્નો બુદ્ધસાસને ।
અધિગચ્છે પદં સન્તં સંખારૂપસમં સુખં ।। ૯

સિઞ્ચ ભિક્ખુ ઇમં નાવં સિત્તા તે લહુમેસ્સતિ ।
છેત્વા રાગં ચ દોસં ચ તતો નિબ્બાનમેહિસિ ।। ૧૦

પઞ્ચ છિન્દે પઞ્ચ જહે પઞ્ચ ચુત્તરિ ભાવયે ।
પઞ્ચસઙ્ગાતિગો ભિક્ખુ ઓઘતિણ્ણો તિ વુચ્ચતિ ।। ૧૧

ઝાય ભિક્ખુ મા પમાદો મા તે કામગુણે ભમસ્સુ ચિત્તં ।
મા લોહગુળં ગિળી પમત્તો મા કન્દિ દુક્ખમિદં તિ ડય્હમાનો ।। ૧૨

નત્થિ ઝાનં અપઞ્ઞસ્સ પઞ્ઞા નત્થિ અઝાયતો ।
યમ્હિ ઝાનં ચ પઞ્ઞા ચ સ વે નિબ્બાનસન્તિકે ।। ૧૩

સુઞ્ઞાગારં પવિટ્ઠસ્સ સન્તચિત્તસ્સ ભિક્ખુનો ।
અમાનુસી રતી હોતિ સમ્મા ધમ્મં વિપસ્સતો ।। ૧૪

યતો યતો સમ્મસતિ ખન્ધાનં ઉદયબ્બયં ।
લભતી પીતિપામોજ્જં અમતં તં વિજાનતં ।। ૧૫

તત્રાયમાદિ ભવતિ ઇધ પઞ્ઞસ્સ ભિક્ખુનો ।
ઇન્દ્રિયગુત્તિ સન્તુટ્ઠિ પાતિમોક્ખે ચ સંવરો ।। ૧૬

મિત્તે ભજસ્સુ કલ્યાણે સુદ્ધાજીવે અતન્દિતે ।
પટિસન્થારવુત્યસ્સ આચારકુસલો સિયા ।
તતો પામોજ્જબહુલો દુક્ખસ્સન્તં કરિસ્સસિ ।। ૧૭

વસ્સિકા વિય પુપ્ફાનિ મદ્વાનિ પમુચ્ચતિ ।
એવં રાગં ચ દોસં ચ વિપ્પમુઞ્ચેથ ભિક્ખવો ।। ૧૮

સન્તકાયો સન્તવાચો સન્તમનો સુસમાહિતો ।
વન્તલોકામિસો ભિક્ખુ ઉપસન્તો તિ વુચ્ચતિ ।। ૧૯

અત્તના ચોદયત્તાનં પટિમાસે અત્તમત્તના ।
સો અત્તગુત્તો સતિમા સુખં ભિક્ખુ વિહાહિસિ ।। ૨૦

અત્તા હિ અત્તનો નાથો અત્તા હિ અત્તનો ગતિ ।
તસ્મા સંયમયેઽત્તાનં અસ્સં ભદ્રં વ વાણિજો ।। ૨૧

પામોજ્જબહુલો ભિક્ખુ પસન્નો બુદ્ધસાસને ।
અધિગચ્છે પદં સન્તં સંખારૂપસમં સુખં ।। ૨૨

યો હવે દહરો ભિક્ખુ યુઞ્જતિ બુદ્ધસાસને ।
સો'મં લોકં પભાસેતિ અબ્ભા મુત્તો વ ચન્દિમા ।। ૨૩

[આંખનો સંયમ સારો છે; તે પ્રમાણે કાન, નાક અને જીભ, એ પ્રત્યેકનો સંયમ સારો છે. (૧) પોતાના શરીરનો, વાણીનો, મનનો સંયમ સારો છે. સર્વત્ર સંયમ સારો છે. જે ભિક્ષુ સર્વત્ર સંયમયુકત થઈને વર્તે છે, તે બધાં દુ:ખોથી મુકત થઈ જાય છે. (૨) જેના હાથ, પગ, વાણી, સંયત છે, સંયમીઓમાં જે ઉત્તમ છે, જે અધ્યાત્મપરાયણ છે, સમાધિવાળો છે, એકલો રહીને સંતોષથી રહે છે, તેને 'ભિક્ષુ' કહેવાય. (૩) જીભને સંયત કરનારો, વિચારીને

બોલનારો, વિનયી, ધર્મ પર પ્રકાશ પાડનારો — એવા ભિક્ષુની વાણી મધ જેવી મીઠી હોય છે. (૪) જે ભિક્ષુ ધર્મ પ્રમાણે જીવે, તેને રસથી માણે, તેનું ધ્યાન ધરે, તેને બરાબર જાણે, તે કદાપિ ધર્મમાંથી ચલિત થતો નથી. (૫) ભિક્ષુએ પોતાને મળતી પ્રગતિને (પ્રજ્ઞા અને ભલમનસાઈ) ઓછી આંકવી નહિ, તેમ અન્યને મળતી પ્રગતિની અદેખાઈ કરવી નહિ; કારણ કે, અદેખો ભિક્ષુ સમાધિ પામી શકતો નથી. (૬) ભલે તેણે કરેલી પ્રગતિ નાની હોય, તોય ભિક્ષુએ તેને અવગણવી નહીં. તેનું જીવન પવિત્ર હશે, પ્રયાસ ખંતીલો હશે તો દેવો પણ તેને માટે તેની પ્રશંસા કરશે. (૭) નામ અને રૂપમાં જે આસકત નથી, "આ મારું છે" એમ જે વિચારતો નથી, જેનું અસ્તિત્વ નથી તે વિષે જે બળાપો કરતો નથી,—એ ખરો ભિક્ષુ કહેવાય. (૮) જે ભિક્ષુ વિશ્વવ્યાપી પ્રેમભાવમાં વિહરનારો છે, બુદ્ધના શાસનમાં પ્રસન્નપણે વર્તનારો છે, તે સંસ્કારોના ઉપશમ-રૂપ સુખના શાંતિમય પદને પામે છે. (૯) હે ભિક્ષુ! આ નાવનાં પાણીને (મન રૂપી નાવમાં દોષરૂપ પાણી) ઉલેચી નાખ. એ નાવ તને જલદી આગળ લઈ જશે. એમ કર્યે રાગ અને દ્વેષને છેદીને તું નિર્વાણ પામીશ. (૧૦) જે ભિક્ષુ પાંચ બંધનોને છેદે (અહં, શંકા, વૃથા આચારો અને ક્રિયાકાંડો, તૃષ્ણા અને દુર્ભાવ) અન્ય પાંચને ત્યજી દે (રૂપોની દુનિયામાં રહેવું, સૂક્ષ્મ જગતમાં રહેવું, અભિમાન, બેચેની અને અજ્ઞાન—એ સૌની કામના), આ પાંચને કેળવવાની ભાવના કરે (શ્રદ્ધા, સ્મૃતિ, વીર્ય, સમાધિ અને પ્રજ્ઞા),—આમ જે કરે તે ભિક્ષુ "પૂરને તરી ગયો છે" એમ કહેવાય છે. (૧૧) હે ભિક્ષુ! ધ્યાન કર, પ્રમાદ કર મા, તારું ચિત્ત ઇન્દ્રિયોના પ્રિય વિષયોમાં વળે નહીં, કારણ કે, બેદરકારીને લઈને જો તું લાલચોળ ધગધગતો લોઢાનો ગોળો ગળવા જાય અને દાઝી જતાં પુકાર કરે, "અરે કેટલું પીડાકારી છે!" (એમ ન બને) (૧૨) પ્રજ્ઞા વગરનું ધ્યાન હોઈ ન શકે, ધ્યાન વગર પ્રજ્ઞા સંભવે નહીં. જેનામાં ધ્યાન અને પ્રજ્ઞા એમ બન્નેનો સમાવેશ છે તે જ નિર્વાણની સમીપ છે. (૧૩) જે ભિક્ષુ શૂન્યનિકેતનમાં વસે છે, જે ગંભીર છે, જે મનસાતીત આનંદને પામે છે, તે ધર્મના સ્પષ્ટ દિવ્ય આનંદને પામે છે. (૧૪) જ્યારે જ્યારે તે સઘળી પ્રતિબદ્ધ વસ્તુઓની ઉત્પત્તિ અને નાશ (સ્કંધો) પર ચિત્તને એકાગ્ર કરે છે, ત્યારે ત્યારે જેમણે અમૃતત્વ પ્રાપ્ત કર્યું છે તેમના જેવાં સુખ અને આનંદને તે ભોગવે છે. (૧૫) પ્રાજ્ઞ ભિક્ષુની ધર્મચર્યાનો મુખ્ય પાયો આમ નખાય છે: ઇન્દ્રિયો પરનું પ્રભુત્વ, સંતોષ, બુદ્ધશાસન પ્રમાણેની આચારસંહિતામાં નિર્દેશેલું વર્તન, જેઓ નિરંતર શુદ્ધ જીવન ગાળી રહ્યા હોય તેવા ઉદારચરિતોનો સમાગમ. (૧૬) ભિક્ષુએ બીજાનું આદરપૂર્વક સ્વાગત કરવાની વૃત્તિવાળા થવું, માયાળુ થવું, વિનયી

થવું. આમ આનંદપૂર્ણ રહેણીથી તે દુ:ખનો અંત આણી શકશે. (૧૭) હે ભિક્ષુઓ! જેમ જૂઈની વેલ કરમાઈ ગયેલી પાંખડીઓને ખેરવી નાખે છે, તેમ તમે રાગ અને દ્વેષને ખેરવી નાખો. (૧૮) કર્મમાં શાંત, વાણીમાં શાંત, મનમાં શાંત,—ગંભીર, સઘળી પાર્થિવ ભૂખો વગરનો ભિક્ષુ "ઉપશાંત" કહેવાય છે. (૧૯) પોતે પોતાને જાગ્રત કરે, પોતાની પરીક્ષા કરે,—એવો આત્મસચેત અને અપ્રમત્ત ભિક્ષુ સુખથી જીવે. (૨૦) સાચું જોતાં, પોતે જ પોતાનો નાથ છે, પોતે જ પોતાનો આશ્રાય છે. તો, જેમ ઘોડા રાખનાર ઘોડાને તાબે રાખી શકે છે, તેમ ભિક્ષુએ પોતાને તાબે રાખતાં શીખવું. (૨૧) બુદ્ધના શાસન પ્રમાણે હર્ષસભર અને શ્રદ્ધાસભર ભિક્ષુ પૂર્ણ શાંતિની અવસ્થાને પામે છે, અનેકવિધયુકત અસ્તિત્વમાંથી નિર્વાણને પામે છે. (૨૨) જેમ વાદળોમાંથી બહાર પ્રગટ પામેલો ચંદ્રમા આ જગતને અજવાળે છે, તેમ જે યુવાન ભિક્ષુ બુદ્ધના બોધને સમર્પિત થયેલો છે, તે આ જગતને પ્રકાશિત કરે છે. (૨૩)]

અહીં જે એક ખાસ શિખામણ આપવામાં આવી છે તે એ છે કે દરેકે હમેશાં માયાળુ થવું. સામાન્યપણે લોકો જે શિખામણ આપે છે તેવા પ્રકારે આવી ગેરસમજ કરવી ન જોઈએ. તે એક સરસ વાત કરે છે, ખૂબ સરસ: હમેશાં માયાળુ થાઓ અને તમે દુ:ખમાંથી મુકત થશો, હમેશાં સંતોષી અને સુખી થાઓ. અને એમ કરશો તો તમારું શાંત સુખ ચારે દિશામાં પ્રકાશ પામશે. અહીં ખાસ નોંધપાત્ર એ છે કે બધી પાચનની ક્રિયાઓ ગુણદોષયુકત, કડવા, દુર્ભાવભર્યા ઉગ્ર વિધાનવાળા મનોવલણ પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે. એના જેવી પાચનની ક્રિયાનો વિક્ષેપ બીજો નથી હોતો. અને આ બધું એક વિષચક્ર છે; તમારી પાચનક્રિયા જેટલા પ્રમાણમાં વિક્ષિપ્ત થાય, તેટલા પ્રમાણમાં તમે અમાયાળુ થાઓ, વિવેચનપટુ થાઓ, જીવનથી અને વસ્તુઓથી અને લોકોથી અસંતુષ્ટ થાઓ, એટલે આમાંથી નીકળવાનો બીજો માર્ગ નથી. આનો એક જ ઉપાય છે; સમજપૂર્વક આ મનોવલણ જતું કરવું, તે પોતામાં હોવું જોઈએ એ વિષે બિલકુલ મના કરવી, અને નિરંતર આત્મસંયમપૂર્વક તમારે એક સર્વગ્રાહી માયાળુપણાનું મનોવલણ ધારણ કરવું. જરા પ્રયત્ન કરી જુઓ, અને તમને જણાશે કે તમે ઘણા સારા થઈ ગયા છો.

—૨૨, ઑગસ્ટ, ૧૯૫૮

છિન્દ સોતં પરક્કમ્મ કામે પનુદ બ્રાહ્મણ ।
સંખ્ખારાનં ખયં ઞત્વા અકતઞ્ઞૂ સિ બ્રાહ્મણ ।। ૧

યદાદ્વયેસુ ધમ્મેસુ પારગૂ હોતિ બ્રાહ્મણો ।
અથઽસ્સ સબ્બે સંયોગા અત્થં ગચ્છન્તિ જાનતો ।। ૨

યસ્સ પારં અપારં વા પારાપારં ન વિજ્જતિ ।
વીતદ્દરં વિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩

ઝાયિં વિરજમાસીનં કતકિચ્ચં અનાસવં ।
ઉત્તમત્થમનુપ્પત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૪

દિવા તપતિ આદિચ્ચો રત્તિં આભાતિ ચન્દિમા ।
સન્નદ્ધો ખત્તિયો તપતિ ઝાયી તપતિ બ્રાહ્મણો ।
અથ સબ્બમહોરત્તં બુદ્ધો તપતિ તેજસા ।। ૫

બાહિતપાપો તિ બ્રાહ્મણો સમચરિયા સમણો તિ વુચ્ચતિ ।
પબ્બાજયમત્તનો મલં તસ્મા પબ્બજિતો તિ વુચ્ચતિ ।। ૬

ન બ્રાહ્મણસ્સ પહરેય્ય નાસ્સ મુઞ્ચેથ બ્રાહ્મણો ।
ધી બ્રાહ્મણસ્સ હન્તારં તતો ધી યસ્સ મુઞ્ચતિ ।। ૭

ન બ્રાહ્મણસ્સેતદકિઞ્ચિ-ચ સેય્યો યદા નિસેધો મનસો પિયેહિ ।
યતો યતો હિંસમનો નિવત્તતિ તતો તતો સમ્મતિમેવ દુક્ખં ।। ૮

યસ્સ કાયેન વાચાય મનસા નત્થિ દુક્કતં ।
સંવુતં તીહિ ઠાનેહિ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૯

યમ્હા ધમ્મં વિજાનેય્ય સમ્માસંબુદ્ધદેસિતં ।
સક્કચ્ચં તં નમસ્સેય્ય અગ્ગિહુત્તં વ બ્રાહ્મણો ।। ૧૦

ન જટાહિ ન ગોત્તેન ન જચ્ચા હોતિ બ્રાહ્મણો ।
યમ્હિ સચ્ચં ચ ધમ્મો ચ સો સુચી સો ચ બ્રાહ્મણો ।। ૧૧

કિં તે જટાહિ દુમ્મેધ કિં તે અજિનસાટિયા ।
અબ્ભન્તરં તે ગહનં બાહિરં પરિમજ્જસિ ।। ૧૨

પંસુકૂલધરં જન્તું કિસં ધમનિસન્થતં ।
એકં વનસ્મિં ઝાયન્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૩

ન ચાહં બ્રાહ્મણં બ્રૂમિ યોનિજં મત્તિસંભવં ।
ભોવાદી નામ સો હોતિ સચે હોતિ સકિંચનો ।
અકિઞ્ચનં અનાદાનં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૪

સબ્બસંયોજનં છેત્વા યો વે ન પરિતસ્સતિ ।
સઙ્ગાતિગં વિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૫

છેત્વા નદ્ધિં વરત્તં ચ સન્દાનં સહનુક્કમં ।
ઉક્ખિત્તપલિઘં બુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૬

અક્કોસં વધબન્ધં ચ અદુટ્ઠો યો તિતિક્ખતિ ।
ખન્તીબલં બલાનીકં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૭

અક્કોધનં વતવન્તં સીલવન્તં અનુસ્સદં ।
દન્તં અન્તિમસારીરં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૮

વારિ પોક્ખરપત્તે વ આરગ્ગેરિવ સાસપો ।
યો ન લિમ્પતિ કામેસુ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૧૯

યો દુક્ખસ્સ પજાનાતિ ઇધેવ ખયમત્તનો ।
પન્નભારં વિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૦

ગમ્ભીરપઞ્ઞં મેધાવિં મગ્ગામગ્ગસ્સ કોવિદં ।
ઉત્તમત્થં અનુપ્પત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૧

અસંસટ્ઠં ગહટ્ઠેહિ અનાગારેહિ ચૂભયં ।
અનોકસારિં અપ્પિચ્છં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૨

નિધાય દણ્ડં ભૂતેસુ તસેસુ થાવરેસુ ચ ।
યો ન હન્તિ ન ઘાતેતિ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૩

અવિરુદ્ધં વિરુદ્ધેસુ અત્તદણ્ડેસુ નિબ્બુતં ।
સાદાનેસુ અનાદાનં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૪

યસ્સ રાગો ચ દોસો ચ માનો મક્ખો ચ પાતિતો ।
સાસપોરિવ આરગ્ગા તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૫

અકક્કસં વિઞ્ઞાપનિં ગિરં સચ્ચં ઉદીરયે ।
યાય નાભિસજ્જે કિઞ્ચિ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૬

યો'ધ દીધં વા રસ્સં વા આણું થૂલં સુભાસુભં ।
લોકે અદિન્નં નાદિયતિ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૭

આસા યસ્સ ન વિજ્જન્તિ અસ્મિં લોકે પરમ્હિ ચ ।
નિરાસયં વિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૮

યસ્સાલયા ન વિજ્જન્તિ અ૧-૧-ાય અકથંકથી ।
અમતોગધં અનુપ્પત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૨૯

યો'ધ પુ૧-૧-ં ચ પાપં ચ ઉભો સઙ્ગં ઉપચ્ચગા ।
અસોકં વિરજં સુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૦

ચન્દં વ વિમલં સુદ્ધં વિપ્પસન્નમનાવિલં ।
નન્દીભવપરિક્ખીણં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૧

યો'મં પળિપથં દુ૧૧ં સંસારં મોહમચ્ચગા ।
તિણ્ણો પારગતો ઝાયી અનેજો અકથંકથી ।
અનુપાદાય નિબ્બુતો તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૨

યો'ધ કામે પહત્વાન અનાગારો પરિબ્બજે ।
કામભવપરિક્ખીણં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૩

યો'ધ તણ્હં પહત્વાન અનાગારો પરિબ્બજે ।
તણ્હાભવપરિક્ખીણં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૪

હિત્વા માનુસકં યોગં દિબ્બં યોગં ઉપચ્ચગા ।
સબ્બયોગવિસંયુત્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૫

હિત્વા રતિં ચ અરતિં ચ સીતિભૂતં નિરૂપધિં ।
સબ્બલોકાભિભું વીરં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૬

ચુતિં યો વેદિ સત્તાનં ઉપપત્તિં ચ સબ્બસો ।
અસત્તં સુગતં બુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૭

યસ્સ ગતિં ન જાનન્તિ દેવા ગન્ધબ્બમાનુસા ।
ખીણાસવં અરહન્તં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૮

યસ્સ પુરે ચ પચ્છા ચ મજ્ઝે ચ નત્થિ કિ૧-ચનં ।
અકિ૧-ચનં અનાદાનં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૩૯

ઉસભં પવરં વીરં મહેસિં વિજિતાવિનં ।
અનેજં નહાતકં બુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૪૦

પુબ્બેનિવાસં યો વેદિ સગ્ગાપાયં ચ પસ્સતિ ।
અથો જાતિક્ખયં પત્તો અભિઞ્ઞા વોસિતો મુનિ ।
સબ્બવોસિતવોસાનં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ।। ૪૧

[હે બ્રાહ્મણ ! પરાક્રમી થા. તૃષ્ણાના પ્રવાહને બંધ કર. ઇન્દ્રિયોની બધી પ્રિયવૃત્તિઓને દૂર કર. અસ્તિત્વના સંસ્કારોને નિર્મૂળ કરીને તું, હે બ્રાહ્મણ, અજન્માને જાણી શકીશ. (૧) જ્યારે બ્રાહ્મણ બન્ને માર્ગોના શિખરોને (એકાગ્રતા અને અંતર્જ્ઞાન) પ્રાપ્ત કરશે ત્યારે તેનાં બંધનો ખરી પડશે અને તેને જ્ઞાન પ્રાપ્ત થશે. (૨) હું એને બ્રાહ્મણ કહું છું, જેને બાહ્ય કે અભ્યંતર નથી, આ બાજુનું કે બીજી બાજુનું નથી, જે ભય અને બંધનમાંથી મુકત છે. (૩) હું એને બ્રાહ્મણ કહું છું જે ધ્યાની છે, પાપ વિનાનો છે, સ્થિર છે, કૃતકૃત્ય છે, દોષો વિનાનો છે, ઉત્તમ અર્થને પામેલો છે. (૪) દિવસે સૂર્ય તપે છે, રાતે ચંદ્ર પ્રકાશે છે. બખ્તરથી સજ્જ ક્ષત્રિય દીપે છે, ધ્યાનમગ્ન બ્રાહ્મણ પ્રદીપ્ત છે. બુદ્ધ પોતાના તેજ વડે રાત અને દિવસ પ્રકાશિત હોય છે. (૫) જેણે પાપો વહેવડાવી દીધાં હોય તે બ્રાહ્મણ, સંયત ચરિતવાળો હોય તે શ્રમણ, જેણે બધાં પાપો ધોઈ નાખ્યાં હોય તે પ્રવ્રજિત. (૬) કોઈ બ્રાહ્મણ પર પ્રહાર ન કરવો, અને બ્રાહ્મણે પાછો પ્રહાર ન કરવો; બ્રાહ્મણ પર પ્રહાર કરનારને ધિક્કાર હો, પાછો પ્રહાર કરનાર બ્રાહ્મણને ધિક્કાર હો. (૭) જીવનની મોજમઝામાંથી મનને નિયંત્રિત કરવા કરતાં બ્રાહ્મણને માટે કશું વધુ સારું નથી. જેવો તે પોતાના દુષ્ટ ભાવોને દૂર કરે છે, તેવી તેવી યાતનાઓ શાંત પડી જાય છે. (૮) કર્મણા, વચસા, મનસા જે કંઈ જ દુષ્ટ આચરતો નથી, જે ત્રણેયને સંયમિત કરે છે, તેને બ્રાહ્મણ કહું છું. (૯) જેની પાસેથી સમ્યક્ સંબુદ્ધે ઉપદેશેલો ધર્મ જાણવાનો મળે, તેના પ્રત્યે, જેમ બ્રાહ્મણ પવિત્ર અગ્નિ પ્રત્યે વર્તે છે, તેમ આદરપૂર્વક વર્તીને તેના તરફ કૃતજ્ઞતા દર્શાવવી. (૧૦) જટા રાખવાથી, અમુક ગોત્રમાં જન્મનો કારણે, અમુક જાતિમાં પામવાને કારણે બ્રાહ્મણ થવાતું નથી. જેનામાં સત્ય છે, ધર્મ છે, તે પવિત્ર છે અને તે બ્રાહ્મણ છે. (૧૧) હે મૂઢ, તારી જટાથી શું થયું ? મૃગચર્મનાં કપડાં પહેર્યે શું વળવાનું છે ? તારી અંદર વિકારોનું જંગલ છે, માત્ર બહારથી તું પવિત્રતાનો ડોળ કરે છે! (૧૨) બ્રાહ્મણ તો તે છે, જે નાખી દીધેલાં ચીંથરાં પહેરતો હોય, જેનું શરીર તપથી કૃશ થઈ ગયું હોય, જેની નસો ઊપસી આવી હોય, અરણ્યમાં જે એકલો ધ્યાન ધરતો હોય. (૧૩) ભલે તે બ્રાહ્મણકુળમાં જન્મ્યો હોય, બ્રાહ્મણ માતા હોય, પૈસાવાળો હોય, દંભી હોય, તેને હું બ્રાહ્મણ કહેતો નથી. જે અકિંચન હોય, કશામાં આસકત ન હોય તેને હું બ્રાહ્મણ કહું. (૧૪) જેણે સઘળાં બંધનો છેદ્યાં હોય, જે કશાથી

બીતો નથી, જેણે બધી ગ્રંથિઓ છોડી દીધી હોય, મુકત હોય,— તેને હું બ્રાહ્મણ કહું. (૧૫) જેણે ક્રમશઃ (મનનો) ચામડાનો પટો તોડી નાખ્યો હોય, (આસકિતના) પટા છેદ્યા હોય, (શંકાની) સાંકળ (દુષ્ટ વૃત્તિઓની) કડીઓની સાથે કાપી નાખી હોય, (અવિદ્યાની) ધૂંસરી જેણે ફગાવી દીધી હોય, એવા પ્રબુદ્ધને હું બ્રાહ્મણ કહું. (૧૬) જેનામાં આક્રોશ નથી, ઠપકા, પ્રહારો અને બંધનોને જે સહી લે છે, ધીરજ એ જ જેનું ખરું બળ છે,— તેને હું બ્રાહ્મણ કહું. (૧૭) ક્રોધથી જે મુકત હોય, શીલસંપન્ન હોય, વ્રતપરાયણ હોય, તૃષ્ણારહિત હોય, સંયમી અને જેણે છેલ્લું શરીર ધારણ કર્યું હોય, તેને હું બ્રાહ્મણ કહું. (૧૮) કમળ પત્ર પર રહેલા ટીંપાની જેમ ઇન્દ્રિયોની પ્રિયવૃત્તિઓમાં જે આસકત નથી, આરની આણી પર સરસવ ચોટે નહિ તેમ જે કામોપભોગમાં લેપાતો નથી,— તેને હું બ્રાહ્મણ કહું. (૧૯) જે પોતાના દુઃખના ક્ષયને જાણે છે, જે તૃષ્ણાના ભાર વગરનો અને અનાસકત હોય તેને હું બ્રાહ્મણ કહું. (૨૦) જે બુદ્ધિશાળી માણસ ગંભીર પ્રજ્ઞાવાળો હોય, જેને સાચા અને ખોટા માર્ગની પરખ હોય, જેણે પરમ લક્ષ્ય સિદ્ધ કર્યું હોય,— તેને હું બ્રાહ્મણ ગણું. (૨૧) જે ગૃહસ્થીની કે યતિઓની સંગત વાંછતો ન હોય, જે ઘર વગરનો અને ઓછી જરૂરિયાતવાળો હોય,— તેને હું બ્રાહ્મણ ગણું. (૨૨) સબળા કે નબળા એવા કોઈ પ્રાણી પ્રત્યે જે હિંસાભાવથી વર્તતો નથી, જે નથી હણાતો, નથી હણાવતો, તેને હું બ્રાહ્મણ કહું (૨૩) અમિત્રોમાં જે મિત્ર થઈ વર્તે છે, હિંસા કરનારાઓમાં શાંત ભાવે વર્તે છે, સ્વાર્થીઓમાં જે નિઃસ્વાર્થી છે,— તેને હું બ્રાહ્મણ ગણું. (૨૪) જેમ આરની આણી પરથી સરસવનું બીજ ખરી જાય, તેમ જેનામાંથી વિકાર અને ધિક્કાર, અભિમાન અને દંભ ખરી પડયાં હોય,— તેને હું બ્રાહ્મણ ગણું. (૨૫) અકઠોર વાણીવાળો, વિજ્ઞાપન કરનારો, કોઈ પર આક્ષેપ નહિ કરનારો; આ જગતમાં જે કાંઈ મળે તે સિવાય બીજું કાંઈ લેતો નથી, પછી તે થોડું હોય કે વધારે હોય, નાનું હોય કે મોટું હોય, સારું હોય કે નરસું હોય; જેનામાં આ કે અન્ય જગતમાં કોઈ અપેક્ષા ન હોય, કોઈ તૃષ્ણા ન હોય, જે મુકત હોય; જેનામાં ઇચ્છા રહી ન હોય, જ્ઞાનની પૂર્ણતાને જે પામ્યો હોય, જેણે સઘળી શંકાઓ ફેંકી દીધી હોય, અમરતાની ગહનતા જેણે માપી હોય; જેણે સારા-નરસાની ગ્રંથિઓ છેદી હોય, દુઃખ, ડાઘ અને અપવિત્રતામાંથી જે મુકત થયો હોય; ચંદ્રની જેમ જે ડાઘ વગરનો, સ્વચ્છ, પવિત્ર, નિર્મળ હોય, જેનામાંથી પાર્થિવ ઇચ્છાઓની તરસ ચાલી ગઈ હોય; આ કાદવથી ભરેલા, કાંટાળા માર્ગના જન્મના ચક્રાવામાંથી જે છૂટી ગયો હોય, પેલો કિનારો જેણે પ્રાપ્ત કર્યો હોય, દયાપરાયણ હોય, ઇચ્છારહિત હોય, શંકા વગરનો હોય, અનાસકત અને શાંત હોય; જેનામાંથી સઘળા વિકારો નિર્મૂળ થઈ ગયા હોય, સંસારની મોજમજાહ તજીને ગૃહસ્થ જીવન

જેણે છોડયું હોય, ઘર વગરનો હોય; જેનામાંથી તૃષ્ણા નાશ પામી હોય, થવાની તૃષ્ણા જેણે છીપી હોય, સઘળાં બંધનો — પાર્થિવ, સ્વર્ગીય, વગેરે—જેણે અસ્વીકાર્યાં હોય; રુચિ અને અરુચિ જેણે છોડી દીધી હોય, જે ઉદાસીન હોય, બધી આસકિતઓ અને બંધનોમાંથી જે મુકત હોય, જેણ બધા લોકો પર વિજય મેળવ્યો હોય, જે વીર હોય; પ્રાણીઓનાં જન્મ અને મૃત્યુનું જેને પૂર્ણ જ્ઞાન હોય, જે પ્રબુદ્ધ હોય; જેનું ભાવિ દેવો, અર્ધદેવો અને મર્ત્યો જાણતા ન હોય, જેનામાં ઇચ્છા ન હોય, અપવિત્રતા ન હોય, જે દીક્ષિત હોય; જેને નથી ભૂત, વર્તમાન કે ભવિષ્ય, જેનું પોતાનું કંઈ જ ન હોય, કશી વસ્તુ તરફ જેનો વળગાડ ન હોય; જે ઉત્તમ હોય, પ્રવર હોય, વીર હોય, મહર્ષિ હોય, વિજેતા હોય, અકંપ હોય, સ્નાતક હોય, બુદ્ધ હોય, પોતાના પૂર્વ જન્મોને જાણતો હોય, સ્વર્ગ અને નરકની પરખ હોય; જેનો જન્મ ક્ષીણ થઈ ગયો હોય, જ્ઞાનપૂર્ણ, મુનિ, સર્વ ધ્યેયોના ધ્યેય, —નિર્વાણને પામ્યો હોય,—આવો બ્રાહ્મણ હોય. (૨૬ થી ૪૧)]

આ રીતે ધમ્મપદનો ઉપસંહાર છે, અને તેના રૂપક પ્રમાણે આપણે જે કંઈ કહેવામાં આવ્યું છે તેમાંનો એક દાણા જેટલો અંશ અમલમાં મૂકી શકયા હોઈએ તો આપણો સમય વ્યર્થ નહિ ગયો હોય એમ માનીશું.

ધમ્મપદમાં એક વાત કહેવામાં નથી આવી : આત્મપરિપૂર્ણતાના અને પ્રગતિની આગેકૂચના નિયંત્રણના પરિણામ રૂપે એક પરમ નિ:સ્વાર્થતા, એક પરમ મુકિત ફલિત થાય છે; પણ તે અહીં જણાવેલા નિશ્ચિત લક્ષ્યબિંદુ, નિર્વાણની મુકિત તરીકે નહીં; પરંતુ આ પ્રગતિની આગેકૂચ પાર્થિવ જીવનનો અને વૈશ્વિક અસ્તિત્વનો હેતુ તેમ જ ગંભીર ધર્મ છે અને ગમે તે ભોગે આપમેળે તમે તમારી જાતને તેના સંવાદમાં મૂકો છો એ કારણે.

દિવ્ય કૃપામાં એક ઊંડો વિશ્વાસ હોય છે, દિવ્ય સંકલ્પ પ્રત્યે એક સમગ્ર શરણાગતિ હોય છે, દિવ્ય યોજના પ્રત્યે પૂર્ણરૂપે વળગી રહેવાપણું હોય છે,—જેને લઈને પરિણામની પરવા કર્યા વગર જે કરવાનું હોય છે તે વ્યકિત કરે છે. આ થઈ પૂર્ણ મુકિત.

ખરેખર દુ:ખનો નાશ તે આ જ. ચેતના એક અફર આનંદથી સભર થઈ જાય છે અને ડગલે ને પગલે ગૌરવના અચંબાની અભિવ્યકિત તમે જોઈ શકો છો.

માનવજાતિને માટે બુદ્ધ જે કરી ગયા તે માટે આપણે તેમના કૃતજ્ઞી છીએ; અને શરૂમાં મેં જે કહ્યું હતું તેમ તેમણે જે સુંદર વસ્તુઓ આપણને

શીખવી છે તેને આત્મસાત્ કરવા આપણે પ્રયત્ન કરીશું; પરંતુ આપણા પ્રયાસનું લક્ષ્ય અને તેનું પરિણામ સઘળી સમજથી પર એવી પરમ પ્રજ્ઞા પર આપણે છોડી દઈશું.

—૫, સપ્ટેમ્બર, ૧૯૫૮

પ્રશ્નો અને ઉત્તરો
૧૯૨૯
નું
પરિશિષ્ટ

કેટલાક શબ્દપ્રયોગો
અને વાક્યખંડોની
શ્રી અરવિંદે
આપેલી સમજૂતી

પરિશિષ્ટ : શ્રી અરવિંદ

શ્રી માતાજી પૂછે છે : "તમે યોગ શા માટે કરવા માગો છો ? શકિત પ્રાપ્ત કરવા માટે ?" અહીં 'શકિત' શબ્દ પોતાની અનુભૂતિઓ અન્યમાં સંચારિત કરવાની શકિતના અર્થમાં વપરાયો છે ? એનો ખરેખરો અર્થ શો ?

શકિત (Power) એ એક સામાન્ય શબ્દ છે. માત્ર — અન્યને સંચારિત કરવી એમાં જ એનો અર્થ સમાપ્ત થતો નથી. પ્રભુત્વ અથવા શકિતનો ઘણો પ્રચલિત અર્થ પદાર્થો, વ્યકિતઓ, ઘટનાઓ, શકિતઓ પર કાબૂ હોવો એ થાય છે.

માતાજી કહે છે: "એને માટે એકાગ્રતાની જરૂર છે — ભગવાનના ઉપર એકાગ્રતાની જરૂર, જેથી કરીને ભગવાનની તપ:શકિતને તથા હેતુને સંપૂર્ણ અને અનન્યરૂપે આત્મસમર્પણ થાય," તેમની તપ:શકિત તેમના હેતુથી ભિન્ન છે ?

બન્ને શબ્દોનો એક જ અર્થ નથી. અંગ્રેજીમાં 'Purpose'નો અર્થ હેતુ થાય છે, ભગવાન જે હેતુથી કાર્ય પ્રતિ જઈ રહ્યા છે. ઈચ્છાશકિત કે સંકલ્પ (Will) : એના કરતાં વધુ વિશાળ શબ્દ છે.

"હૃદયમાં એકાગ્ર થાઓ." એકાગ્રતા શું છે ? ધ્યાન શું છે ?

એકાગ્રતા એટલે ચેતનાને એક કેન્દ્રમાં એકત્રિત કરવી, અને તેને કોઈ એક પદાર્થમાં કે કોઈ એક વિચારમાં કે કોઈ અવસ્થામાં દૃઢમૂળ કરવી. ધ્યાન એ એક સામાન્ય શબ્દ છે, જેમાં ઘણા પ્રકારની આંતરિક ક્રિયાઓનો સમાવેશ થાય છે.

"ત્યાં એક અગ્નિ ચેતે છે... એ તમારા અંતરમાં રહેલો ભગવાનનો દિવ્ય અંશ છે, તમારી સાચી સત્‌તા છે. તેનો અવાજ સાંભળો, તેના આદેશને અનુસરો."

મેં મારામાં કદાપિ એ અગ્નિને જોયો નથી. છતાંય મને લાગે છે કે મારા એ દિવ્ય અંશને જાણું છું. તેના અવાજને હું સાંભળું છું એમ મને લાગે છે અને તેના આદેશને અનુસરવા હું બધું જ કરી છૂટું છું. મારી આ લાગણીને વિષે શંકા રાખવી ?

ના, તમે જે અનુભવી રહ્યા છો તે મન દ્વારા ચૈત્ય પુરુષનો ઘણે ભાગે અણસાર છે. ચૈત્ય અગ્નિની સીધેસીધી જાગૃતિ થવા માટે સૂક્ષ્મ દર્શન જરૂરી છે, અથવા તો સૂક્ષ્મ ભાવ સક્રિય હોવો જોઈએ, અથવા તો ચેતનામાં વ્યકત શકિતની ચૈત્ય ક્રિયાનું સીધેસીધું ચલણ હોવું જોઈએ.

"આપણે સઘળા પૂર્વે અનેક જન્મોમાં એકઠા મળ્યા છીએ." આ "આપણે" એટલે ખરેખર કોણ ? તમે બન્ને મને સ્મૃતિમાં રાખ્યો છો ? ભૂત-કાળમાં આ કાર્યને માટે મેં વારંવાર તમારી સેવા કરી હતી ?

આ કાર્યને માટે જેઓને બોલાવવામાં આવ્યા છે તેમને આવરી લેતા સામાન્ય સિદ્ધાંતની આમાં રજુઆત છે. તે સમયે શ્રી માતાજી જેમની સાથે વાત કરી રહ્યાં હતાં તેમના ભૂતકાળને (કે તેના એક ખંડને) જોતાં અને તેને લઈને તેમણે આમ કહ્યું છે. હાલમાં અમે ભૌતિક ચેતનામાં રહેલા એક નિર્ણાયક કાર્યમાં એટલાં બધાં પરોવાઈ ગયાં છીએ કે આ બધી બાબતો વિષે કંઈ કરતાં નથી. તદુપરાંત, એને લઈને સાધકોને એક પ્રકારની પ્રાણસંબંધી કૌતુકપ્રિયતાને પ્રોત્સાહન મળતું, અને સાધનાના કઠણ કાર્યના કરતાં તેને વધુ પડતું મહત્ત્વ અપાતું; એટલે અમે ભૂત-કાળના જીવનને અને વ્યકિતઓને વિષે બોલવાનું બંધ કર્યું છે.

"યોગસાધના કરવાના બે માર્ગ છે : એક તપસ્યાનો અને બીજો આત્મ-સમર્પણનો."

અક વાર તમે મારા દર્શનને અગ્નિ — સત્યના સૂર્યને પ્રગટાવતો શુદ્ધીકરણનો અને તપસ્યાનો અગ્નિ — એમ ઘટાવ્યું હતું ? હું કયો માર્ગ અનુસરી રહ્યો છું ? આત્મસમર્પણને માર્ગે તપસ્યાનું સ્થાન કયાં ? એ માર્ગે તપસ્યા વગર નિર-પેક્ષ ભાવે જઈ શકાય ?

શરણાગતિને લઈને આપોઆપ થતી તપસ્યાનો એક પ્રકાર છે; અને પોતાના પગ પર રહીને કોઈની મદદ વગર જે એક સાધના કરવામાં આવે તે બીજો પ્રકાર છે — "યોગના બે માર્ગો"માં બીજા પ્રકારની વાત છે. પરંતુ તપસ્યાની ઉત્કટતા તરીકે અગ્નિ બન્નેમાં પ્રજ્વલિત હોઈ શકે.

માતાજી કહે છે કે "યોગસાધનાની પહેલી અસર એ થાય છે કે માનવમાં જે માનસિક સંયમ હોય છે તે દૂર થઈ જાય છે, એટલે કે જે ક્ષુધિત વાસનાઓ માનવના માનસમાં સુપ્ત દશામાં પડેલી હોય છે, તે એકદમ જાગ્રત અને મુકત થઈ જાય છે અને મુશ્કેલીઓ ઊભી કરે છે."

એ બધાં આગળ પડતાં નહોતાં, કારણ કે તેમને કાંઈક સંતોષ મળતો હતો અથવા કંઈ નહીં તો સામાન્ય રીતે પ્રાણ એક યા બીજી રીતે સંકળાયેલો રહેતો. જ્યારે એ પરોવાયેલા હોતા નથી ત્યારે તે દુર્દાન્ત બની જાય છે. પરંતુ યોગે સર્જેલી એ નવી શક્તિઓ નથી, એ ત્યાં બધો વખત હતી જ.

માનસિક સંયમ દૂર કરવાનો અર્થ એ છે કે માનસિક તેમને કાબૂમાં માત્ર રાખતો, પણ તેમને દૂર કરી શકતો નહીં. એટલે યોગમાં માનસિકને ઠેકાણે ચૈત્ય કે આધ્યાત્મિક આત્મ-સંયમ મૂકવો પડે છે; પ્રાણ ન કરી શકે તે એ કરે છે, માત્ર એટલું કે સાધકો યોગ્ય સમયે આ ફેરફાર કરી શકતા નથી, માત્ર માનસિક સંયમને પાછો ખેંચી લે છે.

"કામવાસના અને એવી બીજી વાસનાઓનું બળ ઘણું ખરું, લોકો તેમને જોઈએ તે કરતાં વધારે અગત્ય આપે છે, તેમાં રહેલું છે. આમાં બીજા કયા આવેગોનો ઉલ્લેખ છે ?

પ્રબળ પ્રાણમય આવેગોનો આમાં ઉલ્લેખ છે.

"આખું જગત એ ઝેરથી ભરેલું છે. તમારા એકેએક શ્વાસ સાથે તમે એ ઝેર તમારી અંદર લઈ રહ્યા છો."

આમ ચેપ લાગવાનો ભય સાધકે કયાં લગી રાખવો ? મને લાગે છે કે હવે મને એ ચેપ નહીં લાગે ? મારી એ લાગણી વિશ્વાસપાત્ર છે ?

એવું હોય એમ મને લાગતું નથી. એ માર્ગે ઘણે દૂર જવું જરૂરી છે. અને પછી જ એવી સલામતી મળે.

માતાજી કહે છે : "જે માણસ નાચે કૂદે છે અને બૂમો પાડે છે તે, 'મારો ભાવોન્માદ કાંઈક અસાધારણ છે' એમ માનતો હોય છે, અને તેની પ્રાણમય પ્રકૃતિ એ માન્યતામાં ઘણો આનંદ લે છે."

આધ્યાત્મિક અનુભૂતિ દરમિયાન પોતાના આવેશમાં માણસે અસામાન્યના કરતાં સામાન્ય હોવું જોઈએ, એમ શું માતાજી કહેવા માગે છે ?

પોતાની ઉત્તેજનામાં સામાન્ય હોવું જોઈએ એવું શ્રી માતાજીએ બિલકુલ કહ્યું નથી; એમનો કહેવાનો અર્થ એ હતો માણસ માત્ર ઉત્તેજિત થાય છે એટલું જ નહીં, પણ તેના આવેશમાં કંઈક અસામાન્ય થવા ઇચ્છે છે. આ પ્રકારનો આવેશ (કે ઉત્તેજના) પોતે ખરાબ છે, અને અસામાન્ય જણાવાની ઇચ્છા એથી યે વધુ ખરાબ છે.

"પરંતુ જે સાધકોમાં એ જરૂરી પાયો તૈયાર હોય છે, તેમને અમે ઊલટું કહીએ છીએ કે 'અભીપ્સા કરો, ખેંચો.'

આમ અભીપ્સા કરવાની અને ખેંચવાની શક્તિ એક મહાન પગલું ભરાઈ ગયું છે એવો નિર્દેશ કરે છે ?

ના, પ્રમાણમાં એ પ્રાથમિક અવસ્થા છે.

એક વધુ ઊંડાણવાળા સ્વપ્નનો અને દર્શનનો ભેદ કેવી રીતે કળવો ?

એવો કોઈ પરખનો સિદ્ધાંત નથી. પણ જો કોઈ આંતરિક અવસ્થામાં હોય — ઊંઘમાં નહીં —,જેમાં ઘણાંખરાં દર્શનો થાય છે, તો તેની છાપના પ્રકાર પરથી તે ભેદ કળી શકાય. ઊંઘમાં થયેલું દર્શન સ્પષ્ટ સ્વપ્નાનુભૂતિમાંથી તારવી કાઢવું વધુ મુશ્કેલ છે; પણ એ ભેદ કળાઈ જાય છે.

કેટલીક વાર સ્વપ્નો યાદ રહે છે, કેટલીક વાર નથી રહેતાં. એમ કેમ ?

તેનો આધાર જાગ્રત સમયે ચેતનાની બે અવસ્થાઓના સંબંધ પર છે. સામાન્યપણે ચેતનાનો વળાંક ઊલટ થઈ જાય છે, જેમાં સ્વપ્નાવસ્થા ઘણે-ખરે અંશે એકાએક અદૃશ્ય થઈ જાય છે; ભૌતિક કોશ પર સ્વપ્નની ઘટના-ઓએ પાડેલી ક્ષણિક છાપોને (અથવા કદાચ તેમની પ્રતિલિપિ) ભૂંસી નાખે છે. જો જાગૃતિ વધુ સુમેળવાળી હોય (ઓછી એકાએક બનેલી), અથવા, છાપ જો વધુ પ્રબળ હોય, તો છેલ્લા સ્વપ્નની સ્મૃતિનું કંઈક રહે. છેલ્લા કિસ્સામાં સ્વપ્ન લાંબા સમય લગી યાદ રહી શકે; પરંતુ સામાન્યપણે ઊઠયા પછી સ્વપ્નની સ્મૃતિઓ ઝાંખી થઈ જાય. જેમને પોતાનાં સ્વપ્નો યાદ રાખવાની ઇચ્છા હોય છે, તેઓ કેટલીક વાર શાંત પડયા રહીને, પાછળ ગતિ કરીને, એક પછી એક સ્વપ્નો પુનઃ ખુલ્લાં કરવાનો અભ્યાસ કરે છે. જ્યારે સ્વપ્નાવસ્થા ખૂબ હળવી હોય છે, ત્યારે, જ્યારે તે ભારે હોય તેના કરતાં વધુ સ્વપ્નો યાદ રાખી શકે છે.

"આધ્યાત્મિક સાક્ષાત્કાર એટલે પોતાની અંદર (અથવા બહાર, પરંતુ એ પ્રદેશમાં એનો અર્થ એક જ થાય છે) ભગવાનના ચૈતન્યનો સ્પર્શ."

"બહાર"ના દિવ્યનો શો અર્થ થાય ? શું તેનો અર્થ વૈશ્વિક દિવ્ય કે ભાવાતીત દિવ્ય કે બન્ને હોય છે ?

એનો અર્થ બહારની વસ્તુઓમાં, સત્ત્વોમાં, ઘટનાઓ વ. માં ભગવાનનું દર્શન.

અધિમનસ્‌નાં બે સત્ત્વો, જેને રોમન કેથોલિક લોકો સંતોની સૃષ્ટિ કહે છે, એવા બે મુખ્ય દેવદૂતોના સંબંધને કારણે જોન ઓફ્‌ આર્કની પ્રકૃતિ લગીરેય રૂપાંતરિત થઈ હતી?

આમાં રૂપાંતરનો પ્રશ્ન કયાંથી આવે છે એ હું જોઈ શકતો નથી. જોન ઑફ્‌ આર્ક યોગનો અભ્યાસ કરતી નહોતી અથવા રૂપાંતરની શોધમાં નહોતી.

"'મારું' કહી શકો એવું કશું પણ તમારે માટે હોવું ન જોઈએ. સઘળું ભગવાન પાસેથી આવે છે એવો અનુભવ તમને થવો જોઈએ. આને એ રીતે તમને જે મળેલું હોય તે તેના મૂળ માલિકને જ અર્પણ કરવું જોઈએ. જ્યારે આ સત્યને તમે સમજી શકશો તથા તેનો સાક્ષાત્કાર કરી શકશો, ત્યારે જે જે વસ્તુ તમે સામાન્ય રીતે નજીવી યાને અગત્ય વગરની ગણી કાઢતા હતા એ નજીવી બાબત પણ નજીવી અને અર્થ વગરની નહીં લાગે. એ સઘળી તમને અર્થપૂર્ણ જણાશે. એ નજીવી વસ્તુ પણ તમારી દૃષ્ટિ આગળ અજ્ઞાતના વિશાળ પ્રદેશોને ખોલી આપશે."

"અભીપ્સા રાખો અને ખેંચો"ની ભૂમિકાના જેવી આ પણ એક પ્રાથમિક ભૂમિકા છે ?

એટલી પ્રાથમિક નહીં.

નીચેના વાકયથી માતાજી શું કહેવા માગે છે : "જ્યારે ખાઓ ત્યારે પણ ભગવાન તમારા દ્વારા ખાય છે એવો ભાવ રાખો."

એનો અર્થ એમ છે કે એ ખોરાકનું અહંને કે ઇચ્છાને અર્પણ નથી, પણ ભગવાનને છે, જેઓ આપણાં સઘળાં કર્મોની પાછળ રહેલા છે.

"અને સમગ્ર જીવનમાં જો આપણે ભગવાનનું જ સામ્રાજ્ય વાંછતા હોઈએ તો આપણી પાસે જે કાંઈ હોય, આપણી પોતાની સમગ્ર જાત, અને આપણે જે જે કરતા હોઈએ તે સઘળું આપણે ભગવાનને સમર્પણ કરવું જોઈએ."

જો કોઈ આ પ્રમાણે સંપૂર્ણતયા કરે તો પછી તેને કંઈ કરવાપણું રહે ?

ના. પણ સંપૂર્ણતયા કરવું એ સહેલું નથી.

માતાજી કહે છે : "વળી જેઓ સંસારમાંથી દૂર જતા રહેવાની ઇચ્છા રાખે છે તેમને પણ જ્યારે તેઓ પેલી પાર જાય છે ત્યારે માલૂમ પડે છે કે

સંસારમાંથી દૂર નાસી જવાથી તેમને આખરે કાંઈ બહુ લાભ થયો નથી.”

આ વાકયમાં “પેલી પાર જાય છે” એનો શો અર્થ ? શું એનો અર્થ એવો થાય છે કે “જયારે તેઓ આ સંસારમાં આવે છે” અથવા “જયારે તેઓ શાંતિના લોકમાં જાય છે, જે તેમણે અનુભવી હોય છે ?”

ના. એનો અર્થ માત્ર એટલો થાય છે “જયારે તેઓ મરણ પામે.” માતાજીનો આશય એ હતો કે જયારે સાચેસાચ તેઓ નિર્વાણને પામે છે, ત્યારે તેમને જણાય છે કે એ કોઈ આખરી ઉપાય નથી, અથવા પરમનો સર્વોચ્ચ સાક્ષાત્કાર નથી; અને પરિણામે તેમને પાછા આવવું પડશે અને એ સુવિશાળ સાક્ષાત્કારને પહોંચવા માટે જગતના કાર્યના એક ભાગીદાર થવાનું રહેશે.

જે વ્યકિત પોતાનું જે કાંઈ હોય, પોતે જે કાંઈ હોય અને જે કાંઈ કરતી હોય તે ભગવાનને અર્પણ કરતી હોય તે આપણને કેવી રીતે પરખાય ?

તમને જયાં લગી આંતરિક દર્શન ન હોય ત્યાં લગી નહીં જ.

“કારણ કે એ અનુભવ પછી ભગવાન તમારા પ્રાણનો પણ પ્રાણ, તમારું સમગ્ર જીવન, તમારું એક અને અનન્ય શરણ, તમારો એક અને સંપૂર્ણ આશ્રય બની રહે છે.”

અનુભૂતિપૂર્વક આને સંપૂર્ણપણે જાણવું એટલે એક ઘણી મોટી ઉપલબ્ધિ ગણાય, કદાચ એક આખરી ઉપલબ્ધિ; ખરું છે ?

હા.

“એ તો દેખીતું જ છે કે જે કાંઈ બન્યું તે બનવાનું હતું. જો તે નિર્માણ ન હોત તો બની આવત નહીં.”

તો પછી માનવજીવનમાં પશ્ચાત્તાપનું શું સ્થાન ? સાધકના જીવનમાં તેનું કંઈ સ્થાન ખરું ?

પશ્ચાત્તાપનું સ્થાન તેની અસરની દૃષ્ટિએ જોતાં ભાવિને માટે છે,— જે જે પરિસ્થિતિને લઈને ઘટના બની આવી હોય તેમાંથી સ્વભાવને અભિપ્રેરિત કરે. પરંતુ સાધકને માટે તો પશ્ચાત્તાપની નહિ, પણ જે ખોટી ગતિવિધિ થઈ હોય તેની સમજની જરૂર છે, અને ફરીથી તેમ ન બને તેની અનિવાર્યતા જરૂરી છે.

“(તમે એ ભૂમિકામાં) કર્મની સાંકળથી જકડાયેલા છો. એ કર્મની સાંકળમાં તો જે કાંઈ બને છે તે આગળ કરેલાં કર્મોના અચૂક અને અપરિહાર્ય પરિપાક રૂપે હોય છે.”

આમાં "આગળ" એટલે બધાય પૂર્વજન્મો, તદ્દન શરૂથી માંડીને અત્યાર લગીના, એમ સમજવાનું છે ?

આ તો સમગ્રતયા સમજવાની વાત છે. આધિભૌતિક દૃષ્ટિએ જે કાંઈ બને છે તે કર્મની ગતિવિધિની પળ લગી જે કાંઈ બન્યું હતું તેના પરિણામ રૂપે હોય છે. વ્યવહારની દૃષ્ટિએ, વિશિષ્ટ રીતનાં પરિણામો ભૂતકાળનાં વિશિષ્ટ પૂર્વ વૃત્તોનાં પરિણામ રૂપે હોય છે; અને તેનો નિર્ણય કરનારાં પણ આ જ હોય છે.

શ્રી માતાજીએ કહ્યું છે : "પૃથ્વી ઉપર જીવન માત્રની જોડે મૃત્યુ એક હકીકત તરીકે સંકળાયેલું છે." "એક હકીકત તરીકે" અને "સંકળાયેલું છે" એ શબ્દો એવી છાપ ઊપજાવે છે કે આખરે તો મૃત્યુ અનિવાર્ય છે. પરંતુ પહેલાનું વાકય "જો આ માન્યતાને પ્રથમ અચેતન મનોમય ભૂમિકામાંથી, (ત્યાર પછી પ્રાણની ભૂમિકામાંથી અને છેવટે સ્થૂળ દેહના અવચેતન સ્તરોમાંથી) દૂર કરવામાં આવે તો પછી મૃત્યુ અનિવાર્ય નહિ રહે."— પ્રકારની સંદિગ્ધતા આણે છે, કારણ કે તેને લઈને મૃત્યુ આ રીતે અનિવાર્ય છે એમ બની આવતું નથી; તેઓ શરત મૂકે છે —"જો"— જેને લઈને તે ટાળી શકાય. પરંતુ ઉપરના વાકયમાં આવેલા "એક હકીકત તરીકે"ના શબ્દસમૂહની નિરપેક્ષતા,— સુનિશ્ચિતતા — ભૌતિક અમરત્વની અપેક્ષાને મોળી બનાવે છે. તદુપરાંત, બીજા વાકયનું "જો" એટલું બધું દુર્જેય છે કે તે સંતોષી શકાય નહીં.

મને આમાં કોઈ સંદિગ્ધતા જણાતી નથી. "એક હકીકત" અને "સંકળાયેલું છે" કોઈ અનિવાર્યતાનો ભાવ નિર્દેશતો નથી. "એક હકીકત" એટલે માત્ર ખરું જોતાં, વાસ્તવિક રીતે, જે રીતે બધી વસ્તુઓ અત્યારે છે, તે રીતે સઘળું જીવન (પૃથ્વી પર) તેના અંત રૂપે મૃત્યુની સાથે સંકળાયેલું છે; પરંતુ એથી કરીને સહેજ પણ એમ ન માની શકાય કે તે અન્ય રીતનું ન હોઈ શકે, અથવા તો અસ્તિત્વનો એ એક ન ફેરવી શકાય એવો નિયમ (law) છે. જે કેટલાંક કારણો દર્શાવ્યાં છે તેને લઈને અત્યારે તે એક હકીકત છે — અમુક માનસિક તેમ જ ભૌતિક સંજોગોને લઈને,— અને જો એમાં પરિવર્તન થાય તો પછી મૃત્યુ અનિવાર્ય રૂપે હોઈ ન શકે. દેખીતી રીતે, "જો" અમુક શરતો સંતોષાય તો જ તે જાતનો ફેરફાર આણી શકાય — ઉત્ક્રાંતિની રીતે બધી પ્રગતિ અને પરિવર્તન "જો"ના સંતોષવા પર આધારિત છે. જો પાશવ મનને વાણી અને બુદ્ધિના વિકાસ પ્રત્યે ધકેલવામાં આવ્યું ન હોત, તો માનસ-માનવ અસ્તિત્વમાં આવ્યો

ન હોત,— પણ પેલો "જો" એક અદ્‌ભુત અને દુર્જેય શબ્દભાવ સંતાપાયો. એ રીતે જ આગળની પ્રગતિની શરત તરીકે "જો" ને જોવા—ગણવા—રહ્યા.

"પુનર્જન્મના વિષે જરાતરા પણ ખબર પડે છે કે તરત જ તેની આસપાસ તે સુંદર વાર્તાઓ રચી કાઢવા ઈચ્છે છે. આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ ? ભાવિમાં તે કઈ દિશામાં ગતિ કરશે ? ભૂતકાળમાં તમે ક્યાં અને કેવી રીતે જન્મ લીધો હતો ? હવે પછી તમે શું થશો ? તમારા ભૂતકાળના જન્મો અને ભાવિમાં થનારા જન્મો વગેરે વગેરે વિષે તમને માહિતી આપનારા ઘણા લોકો આવી મળશે. આ બધાને આધ્યાત્મિક જીવન સાથે કંઈ પણ લેવાદેવા નથી."

આવા માણસો આમ કહે છે એ શું બિલકુલ ધોકાબાજી હશે ? શું આધ્યાત્મિક સિવાય અન્ય કોઈ એવી પ્રાકિયા નથી જેના વડે આ બધું જાણી શકાય ? ઘણી વાર તેમ છે; પણ ધારો કે એ ખરું હોય, તોય તેમાં આધ્યાત્મિક કશું નથી હોતું. ઘણાં માધ્યમો, પરોક્ષદર્શીઓ અથવા તો કોઈ એક ખાસ શકિત ધરાવતી વ્યકિતઓ આ બધું કહી શકે છે. પુલ બાંધવાની શકિત અથવા સુંદર વાનગી બનાવવાની હોશિયારી કે કોઈ ગણિતશાસ્ત્રની ગૂંચ ઉકેલવાની ક્ષમતા એ બધી ભિન્ન ભિન્ન શકિતઓ છે. એને આધ્યાત્મિકતા સાથે કાંઈ જ લાગનું-વળગતું નથી. કેટલીક બૌદ્ધિક શકિતઓ હોય છે, કેટલીક ગુહ્ય જ્ઞાન ધરાવતી શકિતઓ હોય છે — બસ એ જ.

"એવાં માણસો (પ્રાણમય સત્ત્વો— Vampires) મનુષ્ય નથી હોતાં : તેઓનો ફકત દેખાવ અથવા શરીર જ માત્ર માણસોનું હોય છે... એમની કાર્યપદ્ધતિ એવી છે કે પ્રથમ તો તેઓ માણસ ઉપર પોતાનો પ્રભાવ પ્રસારવાનો પ્રયત્ન કરે છે. ત્યાર પછી ધીમે ધીમે તેઓ તેના વાતાવરણમાં દાખલ થાય છે અને અંતે તેનામાં જે વાસ્તવિક માનવ-આત્મા કે વ્યકિત રહેલાં હોય છે તેને હાંકી કાઢીને તેના ઉપર સંપૂર્ણ કાબૂ જમાવી દે છે."

'ક્ષ' એક છોકરીને પરણ્યો છે. શ્રી માતાજી તેને વિષે કહે છે કે તે કેટલેક અંશે પ્રાણસત્ત્વ જેવી છે. શું ત્યારે આવાં જોખમોની વચ્ચે સપડાઈ ગયેલો હશે? તેણે કયા ઉપાયો શોધવા જોઈએ ? હું તેને ચેતવું ?

પહેલી વાત સમજવાની એ છે કે પેલું પ્રાણસત્ત્વ માનવદેહને વળગેલું હોવા છતાં એક અન્ય માનવસત્‌તા પર કાબૂ ધરાવવા પ્રયત્ન કરે છે. એ બધું વર્ણન એ જણાવવા માટે છે કે કેવી રીતે, અશરીરી (વેતાલ—Vampire)

પ્રાણસત્ત્વ સામાન્ય પ્રકારે ઓમાં જન્મ પામ્યા વગર માનવદેહનો કબજો લઈ લે છે — કારણ કે તેમની એવી ઇચ્છા હોય છે : જન્મની પ્રક્રિયા સિવાય માનવદેહ કબજે કરવો. આમ જેવા એક વાર તેઓ માનવ બને છે, પછી બીજાઓને માટે એક એવો ભય ઊભો કરે છે કે તેમની સાથે જેઓ સંપર્કમાં હોય છે તેમની પ્રાણશકિત પર તેઓ નિર્ભર રહે છે. આટલી વાત છે.

બીજી વાત આ પ્રસંગને વિષે. માતાજીએ કેટલેક અંશે પ્રાણસત્ત્વ જેવું એટલું જ માત્ર કહ્યું છે. આનો અર્થ એવો નથી થતો કે તેણી આ બધાં સત્ત્વો-માંની એક છે, પરંતુ અન્યની પ્રાણશકિત પર નભે એવી ટેવ તેને કેટલેક અંશે છે. ક્ષને કંઈ કહેવાની જરૂર નથી. એને લઈને એ વિક્ષિપ્ત થશે, સહેજ પણ મદદ-કર્તા નહિ થાય.

શ્રી માતાજી વિચારોના બળની વાત કરે છે. તેઓ એક દૃષ્ટાંત આપે છે. કહે છે કે "ધારો કે અમુક માણસ તમને મળવા આવે એવી એક તીવ્ર ઇચ્છા તમારા મનમાં છે. અને પ્રાણની એ વૃત્તિની સાથે સાથે એક પ્રબળ કલ્પના-શકિત પણ તમે ઉત્પન્ન કરેલા વિચારના રૂપમાં ઉમેરાય છે... તમે ઉત્પન્ન કરેલ એ વિચાર — રૂપ બરાબર ઘડાયેલું હશે અને તેનામાં પૂરતું મનોબળ હશે તો તે વ્યવહારમાં સિદ્ધ થશે."

ઉપર આપેલા દૃષ્ટાંતમાં, ધારો કે પ્રાણમાં કોઈ તીવ્ર ઇચ્છા ન હોય, પણ મનનાં માત્ર વિચારો કે ધૂંધળી કલ્પનાઓ હોય, તો એથી કરીને તે વ્યકિત-ને પહોંચે, તેને આવવા અભિપ્રેરિત કરે ?

કદાચ કરે; ખાસ કરીને જો તે વ્યકિત પોતે આવવાની ઇચ્છા રાખતી હોય, તો તેને તે નિર્ણાયક વેગ આપી શકે. પરંતુ ઘણાખરા કિસ્સાઓમાં વિચાર-શકિતની પાછળ ઇચ્છા કે સંકલ્પશકિત હોવી જરૂરી છે.

શ્રી માતાજી કહે છે કે નિરાશા અને નિરુત્સાહ નાડી-કવચમાં કાણાં પાડે છે અને વિરોધી વ્યકિતઓના હુમલાને વધુ સહેલા બનાવે છે. એક રીતે જોવા જઈએ તો એનો અર્થ એ થાય કે સદ્‌ભાવવાળા મનુષ્યે કોઈના ખોટા વિચારો, આવેગો કે ગતિવિધિને નિરુત્સાહિત નહીં કરવાં જોઈએ. પરંતુ આ હકીકત સામાન્ય જીવનમાં અને સાધનામાં પણ સિદ્ધાંતોની વિરુદ્ધમાં જતી નથી ? આવા માણસોની સાથે કામ લેતી વેળા શાંત રહેવાનો એક માર્ગ છે. પરંતુ સીધેસીધા નિરુત્સાહના કરતાં પણ આથી તેઓ વધુ પીડા પામે છે.

શું સામાન્ય જીવનમાં શ્રી માતાજીએ નિર્દેશેલી નિરાશા અને નિરુત્સાહની ખરાબ અસરો થઈ આવે નહીં ?

નિરાશાઓની અનિષ્ટ અસરનું જ્ઞાન સાધકને માટે આ વસ્તુઓને દૂર કરતાં શીખવું એ અર્થમાં સમજવાનું છે. લોકોની પાસેથી તેની નિષ્ફળતાઓ કે ભૂલોની ખુશામતની અપેક્ષા તે નહિ રાખી શકે અથવા તો તેની ન્યૂનતાઓને નભાવી લેવાનું નહિ ઇચ્છે,— અને તે માત્ર એ કારણે કે તેને નિરાશામાં સંતોષ માનવાની અને એમ થાય તો તેના નાડી-કવચને ઈજા પહોંચાડવાની આત્મરતિ છે. નિરાશામાંથી પોતાને મુકત રાખવો એ તેનું કામ છે, બીજાઓનું નહીં. દાખલા તરીકે, માતાજી તેમની ઇચ્છાઓને માન્ય ન રાખે તો નિરાશામાં સપડાઈ જવાની કેટલાકને ટેવ છે; તેમને ખુશમિજાજ રાખવા માટે માતાજીએ તેમની ઇચ્છાઓને માન્ય રાખવી એવો અર્થ નથી થતો. એમણે મનની આ ટેવને છોડી દેતાં શીખવું રહ્યું. આ જ રીતે પોતે જે કાંઈ કરે તેને માટે પ્રોત્સાહન કે વખાણની લોકોની ઇચ્છાને વિષે સમજી લેવું. માણસ શાંત અથવા દખલ ન કરે તેવો હોઈ શકે છે; પરંતુ તેમ છતાંય જો તેમને નિરાશા સાંપડે, તો તે તેમનો પોતાનો દોષ થયો, બીજા કોઈનો નહીં.

અલબત્ત, સામાન્ય જીવનમાં પણ એમ જ છે : નિરાશા હમેશાં પીડાકારી હોય છે. પરંતુ સાધનામાં તે વધુ ગંભીર બને છે; કારણ કે, લક્ષ્ય તરફની આસાન અને ત્વરિત પ્રગતિમાં તે પ્રબળ રુકાવટ કરનાર બને છે.

સૂચિ

શતાબ્દી ગ્રંથ–૩



અ

અજ્ઞાન, ૨૦૫, ૨૮૬
અતિમનસ્ ૧૮૭, ૧૯૩,
અદ્વૈત, અનુભવ ૨૬૩, ૨૩
અદ્વૈતાત્મક ચેતના, ૬૫
અધિમનસ્, ૧૭૯, ૧૮૭
અનિષ્ટ, ૧૧૨
અનુભવ, શ્રી માતાજીનો, ૨૦૬
અપવિત્રતાઓ, ૨૦૪
અપ્રમાદ, ૨૧૭
અભિવ્યકિત, ૧૭૬
અભીપ્સા, ૩૭, નું સ્વરૂપ, ૧૦૭, ૧૪૪, છોડમાં, ૧૪૬ ૨૦૮
અભ્યાસ, ૨૮૧
અમલીકરણ, ૨૯૬
અરણ્યવાસ, ૩૦૦
અરહંત, ૨૪૦
અવચેતના, ૧૮૧, ૨૭૯
અવતરણ, અતિમાનસિક, ૧૯૪
અવતાર, નું કાર્ય, ૧૯૨
અવતારો, કે વિભૂતિઓની હાજરી, ૮૭
અવ્યવસ્થા, માનસિક, ૯૩
અષ્ટાંગ માર્ગ, ૨૭૦
અસ્તિત્વ, નાં ત્રણ લક્ષણો, ૨૭૧
અહં ૨૬૦, અને અહંકાર, ૨૬૧, દૂર કરવાનો માર્ગ, ૨૯૧
અહંકાર, ૨૧૨, ૨૬૧
અહેતુક આનંદ, ૧૭૩
અહોભાવ, ૧૭૨, ૧૮૯
અળાઈઓ, કે ઘાંટો બેસવો, ૯૩
અંતરતર, સત્તા ૨૬૭
અંધપ્રેરણા, ૧૧૦
આઈન્સ્ટાઈન ૧૦૩
આકસ્મિકતા, ૧૭૭
'આકાશ-શરીર', ૯૭
આજીવ, સમ્યક્, ૨૭૧
આડંબર, ધર્મમાં, ૯૨
આત્મનિયમન, યોગસાધના તેમજ કલાસાધના માટે, ૧૧૫
આત્મનિવેદન, ૧૪૦
આત્મબલિદાન, ૧૨૬, પ્રચલિત અને ખોટો અર્થ, ૧૨૬
આત્મરાગ, ૨૯૫
આત્મવંચના, ૨૦૬
આત્મસમર્પણ, ૨૫
આત્મસંતોષ, ૧૫૧
આત્માર્પણ, ૧૩૮
આદર્શ, અવસ્થા, ૨૭૯
આધ્યાત્મિકતા, ૫૮, જીવન, પૂર્વ-પાશ્ચિમમાં ભેદ, ૧૪, મૂલ્ય, ૮૯, ૧૩૧ અને નીતિના દૃષ્ટિ બિંદુ ૫૨
ઉદાહરણ, ૧૩૨, ૨૦૫
આનંદ, અને મુકિત, ૧૦૬
આવિર્ભાવો, ૮૮
આવેગ, પ્રાણમય, ૩૨૯
આવેશ, ૩૨૯
આરાધના, ૧૨૦

આંતરચેતના, ૧૨૧
આંતરસૂઝ, ૨૬૩
આંતરિક જીવન, અને કલાકાર, બહારની સુખ સગવડો, તુલના, ૨૧૯-૨૨૧-૧૩
આંદોલન, હાનિકારક, ૧૧૨

ઈ

ઈચ્છા, સમ્યક્ ૨૭૧
ઇચ્છાઓ, ૨૯૦
ઈચ્છાશકિત, ૧૮૫, ૩૨૭
ઈતિહાસ, ૧૮૪
ઈન્દ્ર, ૨૨૪
ઈરાન, ૧૧૮
ઈસ્યુલ્ટ, ૧૨૩
ઈગ્લેન્ડ, ૧૨૦

ઉ

ઉત્ક્રાન્તિ, ૧૬૪, ૨૧૯
ઉત્તમ ધ્યાન, ૩૦૦
ઉદાહરણ, નટનું ૩૨
ઉપનિષદ્, ૧૧૮
ઋતચેતના, ૧૪૨
એકાગ્રતા, ૩૨૭
ચેતવાની, ૨
એમિલકૂ, ૩૯
ઐકય પ્રાપ્તિ ૧૮૨
ભાવાત્મક, ૧૪૮
ઓપેરા ૧૨૧

ક

કરણ, નિષ્ક્રિય, ૩૩
કરવાનું, ખરું અને ખોટું, ૨૭૩
કર્મ, સાચું, ૭૪
કલા, ૧૧૪, ઉચ્ચમાં ઉચ્ચ, ૧૧૪. ના સ્વામી, ૧૨૫ કલાની ખાતર, ૧૧૯, માં પુનરુદ્ધાર, ૧૨૦
માં પુનર્જીવન, ૧૨૦, પ્રદર્શન ૧૫૧. -સંપત્તિ, ૧૧૫, કલાકાર, નું વર્તન ૧૧૬, નાં બે દૃષ્ટાન્તો, ૧૧૬—માટે એક પ્રશ્ન, ૧૧૭
કલ્પના, છરી જેવી, ૧૭૧,
શકિત, ૧૭૦
કામતૃષ્ણા, ૩૧૨, વાસના ૬-૭
કૃપા, પ્રભુની, ૧૦૬
કૅથોલિક, ૧૬૫
કૉન્સર્ટ, ૧૨૫
કયૂએ, ૧૭૦
ક્રાઈરટ, ૭૫, ૮૩
ક્રોધ, ૨૮૦

ખ

ખરી સચ્ચાઈ, ૩૦૯
ખેલાક, ૧૩૭, ૧૪૫
ખ્રિસ્ત, નું છેલ્લું ખાણું, ૧૨૧
દેવળો, ૧૧૫, ધર્મ, ૮૩

ગ

ગાથા, ૧૯૭
ગીતા ૧૧૮
ગુણો, આધ્યાત્મિક જીવનને લાયક, ૨૦૫
ગુહ્યજ્ઞાન, ૩૩૪
ગ્રીસ, પ્રાચીન, ૧૨૦

ઘ

ઘડપણ, ૨૫૭
ઘરડા થવું, ૨૫૮
ઘૃણા, ૧૧૦, ૧૧૧, ૧૧૨
ઘોડો, પ્રતીક, ૧૬

ચ

ચમત્કાર, ૩૪
ચરૈવેતિ, ૨૫૯
ચાર સત્યો, ૨૭૦
ચિત્ત, ૨૨૬
ચિત્રકાર, ૧૧૫
ચીન, ૨૦૯
ચેતના, નો સ્પર્શ, ૨૦
સ્પર્શવામાં ભેદ, ૨૦
— ભાગવત, ૩૧, ૩૨
— ની ભમિકાઓ, ૩૨, ૬૩
— ગતિનાં બે રૂપ, ૩૩, ૩૪
— ની શુદ્ધિ, ૪૪
— ની સમગ્રતા, ૯૯
— માનવનું મન, ૧૦૪
— વિજ્ઞાનમય, ૧૦૪
— સમસ્ત માનવજાતિની, ૧૧૦
— પરમ ભાગવત, ૧૧૨
— નું આંદોલન, ૧૨૫
— દૈહિક, ૧૪૪, ૧૪૭
— અતિમનસ્ ૧૫૩, ૧૬૩
— યોગીની અને વૈજ્ઞાનિકની, ૧૭૫
— સક્રિય, ૧૮૧
— વૈશ્વિક, ૧૮૩
નિસરણી જેવી, ૧૯૨
ચેતવણી, ૨૫૬, ૨૬૭
ચૈત્ય પુરુષ, નું કેન્દ્, ૨, ૯, ૨૪, ૬૭, ૧૩૭, ૩૨૮
— ચેતના, ૧૬૨
— પ્રત્યક્ષના, ૧૬૪
— લોક, ૬૭

જ

જગત, ૧૭૫
જડતત્ત્વ, ૯૪, ૧૧૩
જાગૃતિ, ૨૧૭,
— બે પ્રકારની, ૨૧૮
— સક્રિય, ૨૧૮
— નિષ્ક્રિય, ૨૧૮
— સમ્યક્, ૨૭૨
જાગ્રત, ૨૧૫
જાતિ, આર્ય, સેમિટિક, જપાનની ૧૬૪
જાપાન, ૧૧૯, ૧૨૦, ૧૨૪, ૨૦૯,
જીવન, જેવું છે તેવું, ૨૯૬
— અને મૃત્યુ, ૨૧૭
— આધ્યાત્મિક, ૨૦૫
— માં સ્થૂળ, સૂક્ષ્મ, વિસંવાદ, ૯૫
— ખુલ્લું, ૨૭૯
જુવાન, અને ઘરડા. ૨૫૮
જૂઠ, અને અજ્ઞાન, ૨૬૭
જૂઠાણું, ૧૫૫
જૂની ટેવો, ૨૭૯
જોન ઓફ આર્ક, ૨૦ ૩૩૧
ઝાંખી, ૨૬૪
ટ્રિસ્ટન, ૧૨૩
ડાહ્યા થવાની શિખામણ, ૨૭૮

ત

તપ: શકિત, ૮ ની જાગરૂકતા, ૧૭
તાદાત્મ્ય ૧૮૧, તપસ્, ૧૪૭
તિતિક્ષા, ૧૫૦
તૃષ્ણા, ૩૧૦, ના છત્રીશ પ્રવાહો ૩૧૨
તંત્ર, ચેતનાની ભૂમિકાનું, ૬૪
ત્યાગ, ૧૪૨
ત્યાગરાજનું, સંગીત, ૧૧૫
થવામાં પ્રેમ, ૨૮૭

દ

દર્શન, સાચાં અને ખોટાં, ૧૯
દંડ, ૨૫૨
દંભ, ૨૦૪
દંભી, ૨૩૪
દિવ્ય જીવન, અભીપ્સા, ૨૯
દિવ્ય પ્રેમ શકિત, ૭૮
દિવ્યીકરણ, ૧૮૩
દુનિયા, ૨૬૫
દુ:સ્વપ્ન, ૧૭૯
દુષ્કૃત્ય, ૨૧૨,—ની અસર, ૨૧૫
દૃષ્ટાંત, યોગીની મહત્વાકાંક્ષાનું, ૯
દૃષ્ટિ, વિજ્ઞાનમય સત્યની, ૧૧૯
—નૈતિક અને આધ્યાત્મિક, ૨૦૫
—સમ્યક્, ૨૭૧
—અધિભૌતિક વ્યવહારિક, ૩૩૩
દૃશ્યો, મનોમય અને પ્રાણમય, ૧૫
દેવો, વૈશ્વિક, ૧૮૭, ૨૭૬
દેહ, અતિમાનસિક, ચાર લક્ષણો, ૧૮૯
દોષ, ૨૩૮
દ્વૈત, ભાવના, ૬૪
દ્વૈતાતીક વિશ્વચેતના, ૬૯

ધ

ધમ્મ, નો અર્થ ૨૨૨
—પદ, ૧૯૫
ધર્મ,નું ઉદ્ભવસ્થાન, ૮૩
—નું સાચું સ્વરૂપ, ૮૩
—નો બોધ, ૮૩
—નું ભિન્ન ભિન્ન બંધારણ, ૮૪
—નું મુખ્ય મંતવ્ય, ૮૫
—થી પર આધ્યાત્મિક સત્ય ૮૫
માં, માનવહૃદયની અભીપ્સાનું પ્રાકટય ૮૫
—ની પ્રેરણા ૮૬
—નું બાહ્ય તેમજ આંતરિકતત્ત્વ, ૮૬
—નું માપ, ૯૧
—સ્થ, ૨૮૮
ધારણા શકિત, ૮૭
ધ્યાન, ૨૨, ૨૩, ૧૦૮, ૧૧૧

ન

નમનીયતા, અતિમાનસિક, ૧૮૯,
નરક, ૩૦૨,—અને સ્વર્ગ, ૨૧૩,
નવલકથા, ૧૭૦
નવા જીવનની રચના, ૨૯૭
નાડીકવચ, ૯૭,—નું બંધારણ, ૯૮ ૩૩૫
નાટયકલા, ૧૧૮
નિટ્શે, ૧૮૫
નિદ્રા, માં સ્વપ્નનો વિવેક ૧૮

નિયતિ, —વાદ, ૧૭૬,-વૈશ્વિક, ૧૬૮
નિરય, સાચો અર્થ, ૩૦૪
નિરાશા, ૩૩૬
નિર્ભયતા, સાચા યોદ્ધાની, ૨૨૮
નિર્વાણ, ૨૧૭, ૨૯૧
નીતિ, ૧૩૧, —અને આધ્યાત્મિકતા, ૧૩૧
નૃત્ય, ૧૨૪,—રશિયન, ૧૨૪

પ

પદ્ધતિઓ, મનને શાંત કરનારી, ૨૦૯
પરમ ઋત, ૧૭૮,—પ્રજ્ઞા, ૩૨૪, —યજ્ઞ, ૧૮૫
પરિસ્થિતિ, નો વિવેક, ૮
પર્વતારોહણ, ની બે રીતો, ૨૯૨
પશ્ચાત્તાપ, ૩૩૨
પાપ, ૨૦૩, ૨૪૮
પાપી, ૨૧૧
પાર્થિવ ચેતના,નું પરિવર્તનકાર્ય, ૪૨
પાર્સિફાલ, ૧૨૩
પુનરવતરણ, ૧૬૨
પુનનરુત્થાન, ૧૬૧
પુનર્જન્મ,નું સ્મરણ, ૪૪, ૧૫૯,— આધ્યાત્મિક, ૧૮૯, ૧૯૧, ૧૩૪
પૂર્ણયોગ,ની સાધના, ૨૬ —મુક્તિ, ૩૨૩
પૃથ્વી,નું પર્યટણ, ૮૮
પુરાણ, કથાઓ, ૨૧૯
પુસ્તકો, નું વાચન, ૨૯—૩૦
પેરિસ, ૧૫૧
પોંડિચેરી, ૧૫૫
પ્રકાશમયતા, ૧૮૯ —અને આનંદ, ૨૯૭
પ્રક્રિયા, અતિ માનસિક, ૧૭૬
પ્રક્ષેય, ૨૦
પ્રતીક, સ્વપ્નમાં, ૧૬
પ્રત્યાલોચન, ૨૧૦
પ્રત્યાહાર, ૨૦૮
પ્રભુ,માં જીવવાનું જોડાણ, ૯૨
પ્રમાદ, ૨૨૪
પ્રમાદી, ૨૧૫
પ્રયત્ન, સમ્યક્ ૨૭૨
પ્રવૃત્તિઓ, ચાર, ૧૯૭
પ્રશંસા, પ્રાણની માંગણી, ૧૫૧
પ્રાણ, —મયલોક, ૪૬ —મયસત્ત્વો, ૪૭ —નું ધન પર પ્રભુત્વ, ૪૯ —ભૂમિકા, ૬૬
પરિવર્તિત, ૧૫૩ —પરિવર્તત, ૧૫૮ —મય સત્ત્વ, ૧૮૦
પ્રિયવૃત્તિ, ૨૭૭
પ્રેમ, ૭૫,—વિશ્વની શક્તિ, ૭૫ સનાતન તત્ત્વ, ૭૫ —નું માનુષી અને દિવ્ય રૂપ, ૭૫—૮૨ —દિવ્ય, ૭૯ —નું પાશવરૂપ, ૭૯, ૧૮૫ —સામર્થ્ય, ૭૭
પ્રેરણા, પ્રાણમય ભૂમિકામાંથી, ૧૧૭

ફ

ફરજિયાતપણાનું તત્ત્વ, ૯૧

ફ્રૂલો, ૨૨૯
ફ્રાંસ, ૧૨૦

બ

બહિર્મુખ, વ્યકિતત્વ, ૯
બાક, ૨૨૪
બાલિશતા, ૨૧૪
બીથોવન, ૧૨૨, ૧૨૪
બુદ્ધ, ૫૪, ૮૪, ૨૫૪, ૨૬૮, ૨૯૧, ૩૨૩
—કે ખ્રિસ્ત પોતે જ, ૮૮
—ના સમયની મનોવૃત્તિ, ૨૫૫, ધર્મ ૨૦૯
બુધ્ધિ, સાધક કે બાધક, ૩૬
—નું સાચું સ્વરૂપ, ૩૬
—ચાતુર્ય, ૧૧૯
બેલ્જિયમ, ૧૨૨
બૌધ્ધ, સર્જકો, ૧૧૮
બ્રહ્મદેશ, ૨૦૯
બ્રામણ,નાં લક્ષણો, ૩૧૮

ભ

ભકતિ, દેખાવની અને સાચી, ૧૪૬
ભકતો, ૧૧૮
ભગવાન, અંતિમ ઉપાય, ૧૦૬
ભગવો વેષ, ૨૦૪
ભવતૃષ્ણા, ૩૧૨
ભાવાત્મક માર્ગ, ૨૯૧
ભિક્ષુ, ખરો કોણ, ૩૧૫
ભૂમિકા, સૂક્ષ્મ, ૧૮, —ચેતનાની, ૩૧
—સંચાલિત અને સંચાલકની, ૩૩
ચૈત્ય અને આધ્યાત્મિક ૬૯
ભૌતિકવાદ, ૨૧૮
ભૌતિક શાસ્ત્ર, અને યોગી, ૧૦૧
ભ્રષ્ટાચાર, ૨૫૫
ભ્રાંતિ, ૨૧૫

મ

મધ્યમ, માર્ગ, ૨૦૪
મન, અને હૃદય, ૧૪
—ઊર્ધ્વ, ૨૦
—થી પર, ૪૫
—ની ક્રિયાઓ, ૫૬
—નું સ્વરૂપ, ગતિ,૬૬
—પવિત્ર, ૧૯૮
મનુષ્ય, અને પ્રકૃતિ, ૪૧, ૪૨
મનોવલણ, ૧૬, દૃષ્ટાંતો, ૧૬૯
મહત્વકાંક્ષા,—માનવજાતિની સેવા, ૧૧
—એષણા, ૯
મહાભારત, ૧૧૮
મહાયાન, ૮૪
મહાસરસ્વતી, ૧૯૩
મળ, ૨૮૩
મંદિરો, ૮૬
માધ્યમ, સક્રિય, ૩૩
માનવમન, ૧૨૮
માનુષીકરણ, ૭૬
માન્યતાઓ, ૮૮
માલિકીની ભાવના, ૨૭૬
માયાળુ, ૩૧૭
માર, ૨૦૨
માર્ગ ૨૯૩
માંદગી, શારીરિક, ૯૩

મિલ્ટન, ૧૧૮
મિસર, ૧૨૦
મીરાંબાઈ,ના ભજનો, ૧૧૫
મુશ્કેલીઓ,ની વચ્ચે, ૩૦૦
મૂર્ખ, ૨૩૨
મૃત્યુ, ૪૦, અને જીવન,—ની પછી ૧૫૮
મોનાલીસા, ૧૨૧
મૌન, અને બોલવું, ૭૩
—શાંત, ૨૧૦

ય

યમકવર્ગ, ૧૯૭
યુરોપ, માં જન્મેલા, ૯૦
—નો મધ્યયુગ, ૧૧૫
યોગ, વ્યાખ્યા, ૨૫
—નો હેતુ, ૧, ૩૩
—માં અભીપ્સા, ૧
—સાધનાનું લક્ષ્ય, ૩,૫
—સાધનાનું સમગ્ર લક્ષ્ય, ૮
—ના અધિકારી, ૧
—અધિકારીનાં લક્ષણો ૨—૩
—સાધનામાં જોખમ, ૬
—સાધનામાં સચ્ચાઈ, ૬
—અને મહત્વકાંક્ષા, ૫
—બે રસ્તા, ૫
—પશ્ચિમના લોકો માટે, ૬
—સાધનામાં દંભ, ૭
—ની શરત, ૯૨
—શકિતનો ક્રમશ : સ્વીકાર, ૯૪
—માં દુર્બળતા, ૨૩૮
—માં મુશ્કેલીઓ, ૧૫૭
યોગી, સર્વજ્ઞ (?) ૧૦૧
—પ્રકાર, ૧૦૨
—અને કલાકાર, ૧૧૪
યૌગિક વલણ, ૧૧

ર

રણહાથી, ૩૦૮
રસવૃત્તિ, વિકૃત, ૧૨૦
રાજયોગ, ૨૩
રામકૃષ્ણ, ૬, ૧૩, ૭૫
રામાયણ, ૧૧૮
રૂપ, વિદ્યાયકો, ૧૧૨
રૂપાંતર,નું કાર્ય ૯૫
—ની ક્રિયા, ૧૬૮
—જડતત્ત્વનું, ૧૮૯
—ક્ષમતા, ૧૮૯
—જીવતાં જ, ૨૧૩
—શારીરિક, ૧૯૦

લ

લઘુતા,ની ચાહના, ૧૭૨
લીઓનાર્દો—દા—વીંચી, ૧૨૧

વ

વર્તન, ખોટું, ૨૮૬—સાચું, ૨૭૧
વસ્તુઓ, ૮૯, ૨૭૬
વિકટોરિયા, ૧૧૦
વિઘટન, ૧૬૩
વિચારો, ની શકિત, ૫૪, ૩૩૫

૧૯૭, — નું
નિરીક્ષણ, ૧૯૮
— સારા અને ખરાબ, ૧૯૯
— પર દેખરેખ, ૧૯૯
— પર સંયમ, ૨૦૦
— અને શબ્દ, ૨૧૦
— માં પ્રગતિ, ૨૯૬
વિજય, ખરેખરો, ૩૦૧
વિજ્ઞાન, ૧૭૫
વિનમ્રતા, ૧૮૯
વિભવતૃષ્ણા, ૩૧૨
વિરાટ, ૬૩
વિવેક બુદ્ધિ, ૩૮, ૨૦૭
વિવેકાનંદ, ૭૫
વિશુદ્ધ, વિચારો, ૭૦
— સત્ય; ૨૧૬
વિશ્વ, ચિત્ર જેવું, ૩૫
— લીલા, ૬૫
વિષાદ, ૧૭૧
વિસંવાદ, ૯૪
— નાં સ્વરૂપો, ૧૦૦
વાગ્નર, ૧૨૩
વાણી, સમ્યક્, ૨૭૧
વેતાલ, ૩૩૪
વેર, ૨૦૦
વ્યકિત, સ્વરૂપો, ૯૦
— નું સર્જન, ૬૩
વ્યાધિ, માં જોખમ, ૯૯
— નાં કારણો, ૯૭
— નું મૂળ, ૯૭
— ની શકયતા, ૬૦

શ

શકિત, નો ઉપયોગ, ૧૦
— ભગવાનની ૧૦
— વિરોધીની, સાધનામાં જરૂરી ૩૨૭, ૩૭
શરણાગતિ, ૧૪૦, શરણે જવું, ૧૮૨
શરીર, છોડવું, ૨૧૪
શાશ્વત, અસ્તિત્વ, ૨૦૨, ૨૧૭
શ્રદ્ધા, ૩૯,— અંગ, ૧૦૭, ૧૬૬, ૨૦૩
શ્રદ્ધાળુ, ૨૪૧
શ્રમણપણું, ૧૧૫
શ્રી અરવિંદ, ૯૯, ૧૫૫, ૧૬૯, ૧૭૧, ૧૮૫, ૧૮૭, ૧૯૩, ૨૦૨, ૨૦૯, ૨૬૭
શેક્સ્પિયર, ૧૧૮
શેલાં, ૧૧૮

સ

સચેતન, ૧૮૧, —તા, ૨૨
સત્કૃત્ય, ૨૧૩, ૨૧૫
સત્તા, સાચી, ૨ — બહિર્મુખ, ૧૩, — પ્રાણમય, ૧૫૦
સત્ય, ૯૧,— પરાત્પર, ૧૮૩
સત્ત્વો, અધિમનસ્નાં, ૩૩૧
— પ્રાણમય, ૩૩૪
સમતા, ૩૭,— અંતરાત્માની, ૧૨
સમતુલા, પરિમિતતાની, ૨૦૪
સમર્પણ, ૫, ૭, — નિષ્ક્રિય, ૨૧
— સક્રિય અને નિષ્ક્રિય, ૨૧

—ની ક્રિયા, ૨૫
—અને સ્મરણ, ૨૮, ૧૪૦
—૧૨૬ અને પછી
સમાધિ, સમ્યક્ ૨૭૨,
સર્વધર્મ, શંકાહીન અનુષ્ટણ, ૮૬
સહજ જ્ઞાન, ની ભૂમિકા, ૧૦૩
સહન કરવું, ૧૫૦
સહસ્ત્ર, ૨૪૪
સંખ્યાનું પ્રતીક, ૧૬
સંઘર્ષ, પુરાતન અને નૂતન વચ્ચે, ૧૭૮
સંગીત, ૧૨૧
સંગીતનાટક, ૧૨૩
સંતો, ૧૧૮
સંબંધો, નું મૂલ્ય, ૯૦, ૧૯,
સંયમ, વાણી પર, ૨૮૬
સંવાદનું જગત, ૧૨૪
સંસાર, ની રચના, ૨૬૬
સંસ્કાર, ૨૯૪
સાક્ષાત્કાર, આધ્યાત્મિક, ૧૯,
૨૬૪, ૩૩૦
સાક્ષી, ૨૬૩
સાચી, કલા, ૧૧૯, ૧૨૦
સાચું, જ્ઞાન, ૧૯૨
સાધના, કલાની તેમજ યોગની
૧૧૪, ૧૪૭
સારું, અને ખરાબ, ૧૩૨
સારાપણું, ૨૫૦, ૨૮૭
સાધુ પુરુષ, ૨૩૬
સિદ્ધિ, વિવેક, ૧૦,— અતિમાનસિક,
૧૯૨
સિમ્ફની, નવમી, ૧૨૨
સીઝર ફ્રેન્ક, ૧૨૨
સુખ, ૨૭૪
સૂફીઓ, ૧૧૮
સ્થૂળ દેહ,— અને પ્રાણમય જગત,
૫૨—૫૩
સ્પર્શ, રૂપાંતરકારી, ૧૮૩
—વિરોધી શક્તિઓનો, ૧૮૪
સ્મૃતિ, નું સાતત્ય, ૨૯
— અતીત જીવનની, ૧૬૨
સ્વપ્ન, ૧૬,—૫૨ વિચારણા, ૧૭,
—માં, ૧૭૯. ૩૩૦
સ્વરૂપો, મૂળ વાર્તા ધર્મભેદે ભિન્ન,
૨૦
સ્વાતંત્ર્ય, ૨૭૬

હ

હટી જવું, ૧૩૪
હઠયોગ, ૨૩
હસ્તકૌશલ, ૧૧૯
હળવા પણું, ૧૮૯
હિંદ, ૧૧૮,—માં જન્મેલા, ૯૦
—ની શિલ્પ, મૂર્તિ અને ચિત્ર
કળાઓ, ૧૧૫
હીનયાન, ૮૪
હોસ્પિટલ, જંતુઘ્ન દવાઓ, ૬૧

જ્ઞ

જ્ઞાન, બહિર્લક્ષી અને આત્મલક્ષી,
૪૪,— તાદાત્મ્ય દ્વારા, ૧૮૨